


પ્રસંગમ્

પ્રમુખસ્વામી મહારાજના પ્રેરક પ્રસંગોનું હૃદયંગમ સ્મરણ

(સને ૨૦૧૦)



અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ

'સત્પુરુષના સંગથી
ભગવાનનું દૃઢપણે માહાત્મ્ય જાણવામાં આવે છે.
અને ત્યારે જ સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્ય સહિત
ભક્તિનો ઉદય થાય છે.
ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ત્રણે અંગ સહિત ભગવાનની ભક્તિ
ઉદય થવાનું કારણ સત્પુરુષ છે.
એ ત્રણ અંગસહિત એવી ભક્તિ વિના
કાળ-માયાના ભયથી રહિત એવું અક્ષરબ્રહ્મધામ
કોઈથી પમાતું નથી.'

- ભગવાન શ્રી સ્વામિનારાયણ

(હરિચરિત્રામૃતસાગર, ૧-૫૩-૩૧, ૩૩)

પ્રસંગમ્

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના
દિવ્ય જીવનપ્રસંગો, સને ૨૦૧૦



॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

પ્રસંગમ્

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના
દિવ્ય જીવનપ્રસંગો, સને ૨૦૧૦

લેખક

સાધુ પ્રિયદર્શનદાસ

પ્રકાશક

સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

PRASANGAM - 2010 (Gujarati)

(Memories and Messages of Pramukh Swami Maharaj
from the diaries written by Sadhu Priyadarshandas)

Publishers:

SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad - 380 004. India.

1st Edition:

August 2011. Copies: 10,000

ISBN:

978-81-7526-510-3

પ્રથમ આવૃત્તિ :

ઑગષ્ટ ૨૦૧૧

પ્રત :

૧૦,૦૦૦

કિંમત :

રૂા. ૮૦-૦૦

(સ્વામિનારાયણ અક્ષરપીઠના અનુદાનથી મૂળ કિંમત **રૂા. ૧૧૦-૦૦**માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

પ્રાસ્તાવિક

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને અક્ષરબ્રહ્મ-સ્વરૂપ સંત દ્વારા શાશ્વત સમય સુધી અસંખ્ય જીવોનાં આત્યંતિક કલ્યાણનો માર્ગ ખુલ્લો કર્યો. છેલ્લાં ૨૦૦ વર્ષોથી વહેતી રહેલી સ્વામિનારાયણીય સંપ્રદાયની અક્ષુણ્ણ ધારામાં આ બ્રહ્મસ્વરૂપ સંત, માત્ર સ્વામિનારાયણ સંપ્રદાય કે હિંદુ ધર્મ જ નહીં, પરંતુ આ સમગ્ર વસુંધરાનું એક વિરલ સદ્‌ભાગ્ય બની રહ્યા છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની અનુગામી એ ગુણાતીત ગુરુપરંપરામાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને વર્તમાન સમયે પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અસંખ્ય લોકોનાં જીવતરને સાર્થક બનાવી રહ્યા છે. તેઓના સાંનિધ્ય, સત્સંગ અને પ્રસંગથી અસંખ્ય લોકોએ જીવનને કૃતાર્થતાથી છલકાતું અનુભવ્યું છે.

આ પુસ્તક, કોઈ પણ મુમુક્ષુ માટે પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય સાંનિધ્ય, સત્સંગ કે પ્રસંગનો એક અદ્‌ભુત અવસર બની રહે તેવી ભૂમિકા પૂરી પાડે છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ આધ્યાત્મિક પ્રગતિ માટે આવા ગુણાતીત સત્પુરુષના પ્રસંગ પર ખૂબ ભાર મૂકે છે. પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો એવો સહજ પ્રસંગ પામવા ઇચ્છતા લાખો મુમુક્ષુઓ માટે આ 'પ્રસંગમ્' પ્રકાશન આધ્યાત્મિક ઉન્નતિનું એક માધ્યમ બની રહેશે એવી શ્રદ્ધા છે.

સને ૧૯૭૧થી પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનું દિવ્ય વિચરણ અને દૈનંદિની નોંધાઈ રહ્યાં છે. ભારતના સાંસ્કૃતિક અને ઐતિહાસિક દૃષ્ટિકોણથી એ પૃષ્ઠો, એ મહાપુરુષનાં વિરાટ કાર્ય અને દિવ્ય વ્યક્તિત્વનું અદ્વિતીય બયાન બની રહ્યાં છે, એક અદ્‌ભુત ભાવ-પુષ્પાંજલિ બની રહ્યાં છે. હજારો પૃષ્ઠોમાં સંગ્રહાયેલી પરમ પૂજ્ય સ્વામીશ્રીની એ દૈનંદિની-વિચરણગાથા લખવામાં જુદા જુદા સંતોએ મહત્ત્વપૂર્ણ પ્રદાન આપ્યું છે. મુખ્યત્વે પૂજ્ય વિવેકસાગર સ્વામી અને ત્યારબાદ પૂજ્ય પ્રિયદર્શન સ્વામીએ વર્ષો સુધી આ મહાન સેવા કરવામાં ખૂબ મોટું પ્રદાન આપ્યું છે. પરમ પૂજ્ય સ્વામીશ્રીની આ દિવ્ય નિત્યનોંધોમાં એક વિરાટ ઇતિહાસનું દર્શન તો છે જ, પરંતુ તેથીય વિશેષ, તેઓના અદ્વિતીય આધ્યાત્મિક સદ્‌ગુણોની સુવાસ પણ મઘમઘે છે. રોજ બનતા અસંખ્ય પ્રસંગોની નોંધમાં પરમ પૂજ્ય સ્વામીશ્રીની પવિત્રતા અને સ્વામિનારાયણીય સાધુતાનો મઘમઘાટ અનુભવાય છે. આ 'પ્રસંગમ્' પુસ્તક શ્રેણીનું ચતુર્થ પુષ્પ સને ૨૦૧૦ની સ્વામીશ્રીની રોજનીશીમાંથી એવા પ્રસંગો લઈને આપની સમક્ષ આવે છે. આ ચતુર્થ ગ્રંથના પ્રદાન બદલ પ્રિયદર્શન સ્વામીના અમે અંતઃકરણપૂર્વક આભારી છીએ.

હાલતાં ચાલતાં પરમ પૂજ્ય સ્વામીશ્રીના મુખમાંથી સહજતાથી વહેતાં અનુભવ-સૂત્રોથી માંડીને વિવિધ અવસરની સ્મૃતિઓ હૃદયંગમ્ છે. અહીં રોજનીશીના સરળ પ્રવાહમાં, હજારો ભક્તોની સમસ્યાઓમાં સ્વામીશ્રીએ તેમને આપેલા શાશ્વત, સરળ અને અનુભવપૂર્ણ સમાધાન પણ જીવનની દીવાદાંડીરૂપ બની જાય તેવા અદ્‌ભુત છે. એ પ્રસંગોની વચ્ચે વચ્ચે દર મહિનાના પ્રારંભે, 'પ્રસંગમ્' શ્રેણીની નિશ્ચિત્ શૈલી મુજબ એ જ મહિનામાં મળેલી સ્વામીશ્રીની છબિ મૂકી છે, જે સળંગ ચાલતા રોજનીશીના પ્રવાહમાં સ્વામીશ્રીની મનભાવન છબિ અને તે મહિનાના વિશિષ્ટ અવસરની સ્મૃતિ કરાવે છે. આ ઉપરાંત, છેલ્લે ફોટોગ્રાફ્સ સાથે ફોટોસ્ટોરીના પણ કેટલાક પૃષ્ઠો ઉમેર્યાં છે. નાના નાના પ્રસંગોમાં ફોટોગ્રાફ ઉમેરાવાથી દૃશ્ય વધુ સ્પષ્ટ બને છે. આ છબિઓ માટે છબિકારોના હૃદયપૂર્વક આભારી છીએ.

આશા છે, આ 'પ્રસંગમ્' ગ્રંથ આપણી આધ્યાત્મિક યાત્રાનું એક વિશેષ પરિબળ બની રહેશે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ

કરુણાનો દસ્તાવેજ

અનેક વરસો સુધી પોતાના દેહની પરવા કર્યા વગર કેવળ અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના પ્રવર્તન માટે સ્વામીશ્રીએ આદિવાસીથી માંડીને અમેરિકા સુધીનાં હજારો નાનાં-મોટાં ગામડાંઓ, નગરો, શહેરો કે દેશોમાં વિચરણ કર્યું છે, પલાંઠી વાળીને બેઠા નથી. સૌના હિતને માટે કરેલો આવો પુરુષાર્થ એ સ્વામીશ્રીની કરુણાનો દસ્તાવેજ છે. સ્વામીશ્રીની આવી અનવરત ચાલતી કલ્યાણ-યાત્રાનો સાક્ષી છે : સમગ્ર વિશ્વ. સમગ્ર વિશ્વમાં સ્વામીશ્રીએ કરેલા વિચરણની આબેહૂબ છબિ ઝીલાય છે. ઝાલાવાડના વિચરણમાં તેઓશ્રીનું આ ખેડાણ એ તો હકીકતે આપણા સૌનાં હૈયાંની ઉસરભૂમિમાં કરેલું ખેડાણ છે. ઝાલાવાડના વિચરણના અંશને વાગોળીને સ્વામીશ્રીએ આપણા માટે કરેલા અથાગ પુરુષાર્થને જાણીએ અને તેઓની કરુણાને આત્મસાત્ કરીએ.

એ લીંબડી હોય કે અચારડા, ઊંટડી, પાંદરી, મોજીદડ, ચોકી, અડવાળ, કંથારિયા, જાળિયા, સેજકપર, ચૂડા, ચચાણા, બલદાણા, ખારવા, ભલગામડા, થાનગઢ, વઢવાણ, રતનપર, ગોમટા, તાવી, આણંદપર, દેવપરા, ભૃગુપુર, જોબાળા, ખાંડિયા, ચોટીલા, નાની ટીંબલા, ભેંસજાળ, ભડકવા, કરમળ, બોરણા, મેમકા, માળોદ, રામપરા, નાગનેશ, વાગડ, રાયકા, છલાળા, નાના કાંધાસર, લાલિયાદ, સાયલા, હડાળા, બળોલ, ભોયકા, ઝાંઝરકા, શિયાણી, પરનાળા, છતરિયાળા, ખેરવા, હળવદ, ખોડુ, કારોલ, ખંભલાવ, પાણસિણા, પાટડી, લીમલી વગેરે ગામોના વડીલ હરિભક્તો હજી આજે પણ સ્વામીશ્રીની અનવરત વરસતી કૃપાને યાદ કરતાં ગળગળા થઈ જાય છે. સ્વામીશ્રીની એ નિત્ય યુવાન મૂર્તિ ઉનાળાના ભરતાપમાં પણ ઘરોઘરમાં પધરામણી કરતી હોય, વળી, તેઓના મુખમાં નાના-મોટા કોઈનેય 'ના' તો હોય જ નહીં, ગારો ખૂંદતાં પણ સ્વામીશ્રી પ્રત્યેકના ઘરે પધારીને પ્રત્યેકની ભાવના પૂરી કરતા હોય; અધરાતે-મધરાતે સાવ સામાન્ય કહી શકાય એવાં મકાનોમાં લાઈટ વગર પણ ઉતારો કર્યો હોય, તો ક્યારેક જાહેર સ્થળોના ઓટલે પણ સૂતા હોય; ગામના ડહોળાં પાણીવાળા સાર્વજનિક તળાવમાં ઢોર ભેગાં સ્નાન કરવા પધારતા હોય, તો ક્યારેક શૌચાલયના અભાવે ગામની સીમોમાં લોટો લઈને શૌચ માટે જઈ રહ્યા હોય કે પછી મૂંઢિયા ગૂમડા જેવાં પીડાદાયક ગૂમડાં પગમાં થયાં હોવા છતાં ગામોગામ ફરીને સૌના મનોરથ પૂરા કરતા હોય; માથું તપી જાય એવા ભાદરવાના ઓતરા-ચિતરાના તાપમાં ઊડતી ધૂળની ડમરીઓમાં પણ હરિભક્તોની ભાવના પૂરી કરવા માટે બળદગાડામાં સામૈયા માટે બેઠા હોય કે પછી એક ગામથી બીજે ગામ ટ્રેક્ટરની ટ્રોલીમાં બેસીને જતા હોય; ઘણી વખત ટ્રેક્ટર ફસાય તો જાતે માર્ગદર્શન આપવા ગારામાં નીચે ઊતર્યા હોય; વિકટ અને પ્રતિકૂળ કહી શકાય એવી પ્રત્યેક પરિસ્થિતિમાં પોતાની પરવા કર્યા વગર હરિભક્તોના ભાવને પૂરા કરવા સ્વામીશ્રી અનવરત ભીડો વેઠી રહ્યા હોય; આ બધું ગ્રામવાસીઓ આજે પણ સંભારે છે.

અને ૯૦ વર્ષની ઉંમરે આજે પણ આ ગામનાં નામ બોલો ને સ્વામીશ્રી આ પ્રત્યેક ગામમાં વસતા હરિભક્તોનાં નામ, ઠામ અને કામથી પરિચિત હોય છે. જે તે ગામોની ભાગોળ અને ભૂગોળ અત્યારે પણ તેઓને યાદ છે. જે તે ગામોમાં આવેલાં મંદિરોના કયા ખૂણે શું શું છે એનું વર્ણન આટલાં વરસો પછી પણ સ્વામીશ્રી અદ્દલ કરી જાણે છે ! શું હશે એનું રહસ્ય ? બીજા બધાની વાત જવા દઈએ, ફક્ત ઉદાહરણ તરીકે લીંબડીની વાત કરીએ તો ૧૯૫૭થી નોંધાયેલા દસ્તાવેજ પ્રમાણે સ્વામીશ્રી ફક્ત લીંબડીમાં જ ૧૦૯ વખત પધાર્યા છે અને દિવસની રીતે ગણતરી કરીએ તો ૨૦૦ દિવસ સુધી સ્વામીશ્રી લીંબડીમાં રોકાયા છે. ઝાલાવાડના એકેએક ગામની રજકણ સ્વામીશ્રીની પદરજથી પાવન બનેલી છે. અનેક સ્મૃતિઓ આ ગામની ગલીઓ સાથે અને ઘરો સાથે સંકળાયેલી પડી છે.

કેવા હશે એ દિવસો કે જ્યારે બીજા પહોંચી ન શકે એવી ગતિથી ચાલતાં ચાલતાં સ્વામીશ્રી ઝાલાવાડનાં આ ગામોને પોતાના દેહની પરવા કર્યા વગર ખૂંદી વળતા હશે ! અનેક પ્રકારે ભીડો વેઠીને સ્વામીશ્રીએ આ પંથકમાં

સત્સંગનું સિંચન કરીને જે વટવૃક્ષ ખડું કર્યું છે એના અનેક સંતો-હરિભક્તો સાક્ષી છે. ઝાલાવાડ પંથકના હરિભક્તોનો પ્રેમ ને સ્વામીશ્રીની ધગશ તથા સમર્પિત થવાની વૃત્તિની વચ્ચે ક્યારેય 'અપેક્ષા' કે 'અગવડ'નો પ્રવેશ થઈ શક્યો જ નથી.








ઉપરની ત્રણ છબિઓમાં દેખાતા ભોયકા ગામનાં નળિયાંવાળાં આ ઘર આજે પણ આ વાતની સાક્ષી પૂરી રહ્યાં છે. જેઓનાં આ ઘર છે એ હરિભક્ત નરેન્દ્રસિંહ સ્વામીશ્રીએ વેઠેલા ભીડાની વાત કરતાં આજેય ગળગળા થઈ જાય છે.


૧૯૮૨ની સાલનો એ સમય હતો. સ્વામીશ્રીએ લગભગ કાર્તિક મહિનામાં અચારડામાં ભગવતસિંહ બાપુના ઘરે પારાયણ કર્યું હતું. દિવસ દરમ્યાન પારાયણ ચાલે અને સાંજે-રાત્રે સ્વામીશ્રી આજુબાજુનાં એક એક ગામ કરતા હતા. એક દિવસ સ્વામીશ્રી ભોયકા પધાર્યા. ગ્રામજનોના સામૈયાનો સ્વીકાર કર્યા પછી ગામમાં પધરામણીનો દોર શરૂ થયો. પધરામણી પૂરી થતાં તો લગભગ રાતના ૧૧:૦૦ વાગી ગયા અને ત્યારપછી ગામના મુખીબાપુ મંગુભા ઝાલાના ઘરે સ્વામીશ્રીએ ઠાકોરજી જમાડ્યા.

ગામમાં જ રહેતા અજિતસિંહ તે વખતે અહીં આવ્યા અને નરેન્દ્રસિંહને વાત કરતાં કહ્યું કે 'મારો એક સંકલ્પ છે. વરસો પહેલાં પ્રમુખસ્વામી મહારાજ અહીં પધાર્યા ત્યારે ઘણાં ઘરોમાં પધરામણી કરી હતી, પરંતુ એ વખતે હું પધરામણી કરાવવાનું ચૂકી ગયો હતો. હવે પછી ભવિષ્યમાં ક્યારે વારો આવે એવા વિચાર સાથે મને એમ થાય છે કે આજે પધરામણી થઈ જાય તો સારું.' અને નરેન્દ્રસિંહે આ વાત હરિપ્રકાશ સ્વામીને કરી. તેઓએ જ્યારે સ્વામીશ્રીને વાત કરી ત્યારે સ્વામીશ્રી જમતા હતા. વાત સાંભળીને સ્વામીશ્રી કહે, 'ચાલો અત્યારે જ.' એમ કહીને ભોજન આટોપીને તરત ઊભા થયા. રાતના લગભગ ૧૧:૪૫ વાગ્યા હતા. તે દહાડે ગામમાં લાઈટ હતી નહીં. પેટ્રોમેક્ષના અજવાળે સ્વામીશ્રી ગામમાં નીકળ્યા. વચ્ચે આ ચિત્રમાં દેખાય છે એ નરેન્દ્રસિંહનું ઘર આવતું હતું. સ્વામીશ્રી સામેથી તેઓને કહે : 'ચાલો બાપુ ! તમારા ઘરે પણ જઈ આવીએ.' એમ કહીને એ ઘરમાં સ્વામીશ્રીએ પધરામણી કરી અને અહીંથી અજિતસિંહ બાપુના ઘરે ચાલતાં ચાલતાં પધાર્યા. વચ્ચે ગામની ગટરનું માંદણું આવતું હતું. પેટ્રોમેક્ષનું અજવાળું દૂર હતું. રાત્રિ અંધકારમાં આ માંદણું ન દેખાયું અને સ્વામીશ્રીનો પગ એ કાદવમાં પડ્યો. સ્વામીશ્રીએ પહેરેલી મોજડી અંદર ફસાઈ ગઈ. આવી પરિસ્થિતિમાં બીજો કોઈ વિચાર કર્યા વગર એક પગની મોજડીને કાદવમાં જ રહેવા દઈને સ્વામીશ્રી આગળ વધ્યા. એક પગે મોજડી અને બીજો પગ ખુલ્લો. આગળ જતાં ધૂળ-ઢેફામાં કાંટા-કાંકરા વાગશે એની પરવા કર્યા વગર સ્વામીશ્રી પેટ્રોમેક્ષના અજવાળે અજિતસિંહના ઘરે પધાર્યા. ઘરની ઓસરીમાં સ્વામીશ્રી એક પગમાં રહેલી મોજડી કાઢતા હતા ત્યારે હરિભક્તોનું ધ્યાન ગયું, પૂછ્યું : 'બીજી મોજડી ક્યાં છે ?'

'પાછળ ક્યાંક કાદવમાં પગ પડતાં ત્યાં ફસાઈ ગઈ હશે !' જાણે કે કાંઈ બન્યું જ ન હોય એવા ભાવથી સ્વામીશ્રીએ કહ્યું અને ઘરમાં પધરામણી માટે પધારી ગયા. નરેન્દ્રસિંહ અને અન્ય ચાર-પાંચ હરિભક્તો પેટ્રોમેક્ષ લઈને મોજડી શોધવા પાછા ગલીઓમાં ગયા. જ્યાં માંદણું હતું ત્યાં એ મોજડી ખૂંપી ગયેલી દેખાઈ, એટલે માંદણામાંથી મોજડી લઈને એને ધોઈને પાછી લઈ આવ્યા અને સ્વામીશ્રીને પહેરાવી.


સ્વામીશ્રી પધરામણીઓ કરતા હોય ત્યારે ગામની ગલીઓ અને રસ્તાઓ પણ ધૂળવાળાં હોવાથી ધૂળ ઊડતી જાય અને છતાં એ ધૂળને હરિભક્તોના પ્રેમનાં અબીર-ગુલાલ સમજીને સ્વામીશ્રીએ કંટાળ્યા વગર સતત પધરામણીઓ કરી છે.







અને વળી પધરામણીઓ પણ કેવી ! દિવસના બબ્બે ત્રણ-ત્રણ ગામ કરવાના હોવાથી તેજગતિથી પધરામણીઓ ચાલતી હોય અને હરિભક્તના ઘરે ગયા પછી પૂજન થતું હોય. ઘણી વખત તો પધરામણીઓ પૂરી થાય ત્યાં સુધીમાં કંકુથી અને ચોખાથી સ્વામીશ્રીનું કપાળ લાલચોળ થઈ ગયું હોય. આખું કપાળ ભરાઈ ચૂક્યું હોય અને કપાળમાંથી ખરેલા કંકુ વડે નાક લાલ લાલ થઈ ચૂક્યું હોય. પધરામણી દરમ્યાન બધી વિધિ પૂરી થતાં જ સ્વામીશ્રી ઊભા થઈને બીજા ઘરે ચાલવા માંડે ત્યારે વિવેકસાગર સ્વામી જેવા ચપળ કંઠી પહેરાવનારા સંતોને લગભગ પહોંચી વળવા માટે દોડવું પડે. વળી, આખા ગામમાં લગભગ ચાલતાં ચાલતાં જ પધરામણી થતી હોય અને ભાદરવાના તાપમાં સ્વામીશ્રી પરસેવે રેબઝેબ થઈ ગયા હોય. વળી, જે ઘરમાં જાય ત્યાં ઈલેક્ટ્રિક હોય એ નક્કી પણ ન હોય. એટલે પ્રેમી હરિભક્તો સ્વામીશ્રી પધારે ત્યારે વીંઝણા નાખે. ઘણી વખત તો હરિભક્તોના ઘરે પધારે કે તરત જ પરસેવાને લીધે ભીંજાઈ ગયેલું ગાતરિયું સ્વામીશ્રી કાઢી નાખે.


આવી પરિસ્થિતિમાં પણ સ્વામીશ્રી સમગ્ર પરિવારને ખૂબ પ્રેમથી મળે. આવી પરિસ્થિતિમાં પણ સ્વામીશ્રીના મુખ ઉપર ક્યારેય થાકની રેખા ન જોઈ શકાય. ઉમળકાથી સ્વામીશ્રી સૌના ભાવ પૂરા કરે અને બધાં ઘરોમાં પધરામણીઓ કરે. જુઓ આ પછીનાં પૃષ્ઠોમાં વિવિધ છબિઓમાં તેની એક ઝલક દેખાય છે.













૧૯૭૨-૭૩ના અરસામાં સ્વામીશ્રીના જમણા પગમાં લગભગ પિંડીની નજીક મૂઢિયું ગૂમડું થયું હતું. હજી પાકવાને વાર એવા ગૂમડાને લીધે પગમાં વેર પણ ઘાલી હતી. આ પરિસ્થિતિમાં ચાલતી વખતે પગમાં સણકા ઊપડે એ સ્વાભાવિક હતું. છતાં સ્વામીશ્રીએ પધરામણીઓ અટકાવી ન હતી. આ પ્રસંગને ભોયકાના દરબારો અને માળોદના લાલજીભાઈ આજે પણ યાદ કરે છે. લાલજીભાઈ કહે : 'એ વખતે સ્વામીશ્રીને પિંડીએ ગૂમડું થયું હતું. અમારા માળોદ ગામમાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે લગભગ એ ગૂમડું પાકી ચૂક્યું હતું. મંદિરની પાછળ કૂવો છે ત્યાં બેસીને ડૉક્ટર સ્વામીએ ગૂમડું દબાવીને રસી અને ગૂમડાનો પીયો કાઢી નાખ્યો હતો. એને લીધે મોટો ખાડો પડી ગયો હતો. ઈન્ફેક્શન ન થાય એના માટે એ વખતે મળતી ત્રણ ટીકડીઓનો પાઉડર એ ખાડામાં ભરી દેવામાં આવ્યો હતો ને પાટો બાંધી દેવામાં આવ્યો હતો. અમે જ્યારે આ જોયું ત્યારે અમને પણ પીડા થઈ આવી. અમે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આવું હોય તો અમને કહેવું જોઈએ ને ! તો પધરામણી ન કરાવત.'

ત્યારે સ્વામીશ્રી કહે : 'આપણે તો હરિભક્તો રાજી થાય તેમ કરવાનું છે.'

એ વખતે ભોયકા ગામમાં સ્વામીશ્રીનો ઉતારો મંદિરની બાજુમાં દીવાન સાહેબની હવેલીમાં હતો. પહેલે માળે સ્વામીશ્રી રહેતા હતા. ડૉક્ટર સ્વામી પણ વિચરણમાં સાથે હતા. એ અરસામાં સ્વામીશ્રીને પગમાં મૂઢિયું ગૂમડું થઈ ગયું હતું. મસમોટું ગૂમડું લાલચોળ થઈ ગયું હતું. પગની પિંડીમાં જ આ ગૂમડું હોવાથી પધરામણીથી માંડીને દરેક ક્રિયામાં નડતું હતું. એક વખત સવારે ૬:૦૦ વાગે શૌચવિધિ કરીને સ્વામીશ્રી બહાર પધાર્યા. સખત દુખાવો હતો. ગૂમડું પાકી ગયું હતું. ડૉક્ટર સ્વામીને બતાવ્યું, ડૉક્ટર સ્વામીને રસી કાઢવા માટે કહ્યું. ડૉક્ટર સ્વામીએ ડ્રેસિંગ કરી આપ્યું. દુખાવો ખૂબ હતો. ડ્રેસિંગ કર્યા પછી સ્વામીશ્રી સ્નાન કરવા પધાર્યા. સ્નાન કરીને કટકો પહેરીને બહાર આવ્યા ત્યારે દેવચરણ સ્વામીને સાહજિકતાથી સ્વામીશ્રી કહે : 'ગૂમડું બહુ દુઃખે છે.' જોકે પૂજા પૂરી થઈ અને ગૂમડાની વાતથી અજાણ હરિભક્તોએ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'પધરામણીએ પધારો.' ત્યારે કાંઈ પણ બોલ્યા વગર સ્વામીશ્રી વળી પાછા પધરામણી કરવા તૈયાર થઈ ગયા. એ દિવસે સ્વામીશ્રીએ ૬૦ પધરામણી કરી હતી. કેવળ હરિભક્તોને રાજી કરવા માટે સ્વામીશ્રીએ પોતાના પગનો દુખાવો પણ ગણકાર્યો ન હતો.

વળી, કેવી કેવી વિકટ પરિસ્થિતિમાં સ્વામીશ્રી થાક્યા વગર ગામોગામ ફર્યા છે, એની વાત યાદ કરતાં માળોદના લાલજીભાઈ નાનજીભાઈ પટેલ કહે છે કે ''લગભગ ૭૧-૭૨ની સાલમાં સમગ્ર ઝાલાવાડ પંથકમાં સખત વરસાદ વરસ્યો હતો. ભાદરવાનો એ સમય હતો. એ અરસામાં પ્રમુખસ્વામી મહારાજ ખારવા પધાર્યા હતા. અમે લોકો સ્વામીશ્રીને માળોદ પધારવાનું આમંત્રણ આપવા ગયા. સ્વામીશ્રીએ આમંત્રણ સહર્ષ સ્વીકાર્યું. ખારવામાં પારાયણ પૂરું થયા પછી હેમંત વીરા તથા ગંગારામ માવજીના ટ્રેક્ટરની ટ્રોલીમાં વિરાજીને સ્વામીશ્રી ખારવાથી નીકળ્યા. જોકે

વરસાદને લીધે રસ્તા સાવ બગડી ગયા હતા. રસ્તામાં ઠેર ઠેર ભૂવા પડી ગયા હતા. રસ્તા એ રીતે તૂટી ગયા હતા કે જાણે હવે ફરીથી સરખા જ ન થાય. ખારવાથી માળોદ પંદર કિલોમીટર થાય. ટ્રેક્ટર સાવ બળદગાડાની ગતિએ આગળ વધતું હતું અને પાછળ ટ્રોલીમાં બેઠેલા સ્વામીશ્રી પેટની પીચોટી ખસી જાય એ રીતે ઊછળતા હતા. ખેડૂતો પણ આવી પરિસ્થિતિમાં બેસવા તૈયાર ન થાય એવી પ્રતિકૂળતા હતી. છતાં હસતે મોઢે સ્વામીશ્રી ઠેઠ માળોદ પધાર્યા. અહીં ઉતારા કરીને તરત જ પંદર કિલોમીટર દૂર આવેલા રામપરા ગામમાં આ જ પરિસ્થિતિમાં પધરામણીએ પધાર્યા. વચ્ચે વચ્ચે ક્યાંક વરસાદ પણ વરસી જતો હતો. અહીં સભા કરીને પાછા પંદર કિલોમીટર માળોદ પધાર્યા. આવા રસ્તાઓમાં લગભગ ૪૫ કિલોમીટરની મુસાફરી સ્વામીશ્રીએ એક જ દિવસમાં કરી હતી. રાત્રે ૧૦:૦૦ વાગે પાછા માળોદ પધાર્યા ને સભા કરી, જમ્યા, થાક્યા-પાક્યા રાતના એકાદ વાગે સૂતા અને બીજે દિવસે તો પાછા પરવારીને ગામમાં પધરામણીએ નીકળી પડ્યા. વરસાદને લીધે ગામમાં ગારો પણ હતો, પરંતુ એને ગણકાર્યા વગર વીસેક ઘરોમાં ચાલતાં ચાલતાં જ સ્વામીશ્રીએ પધરામણી કરી. પધરામણીમાં કોઈ બે રૂપિયા તો કોઈ પાંચ રૂપિયા ભેટ મૂકતું. ચાર વ્યક્તિઓ એવા હતા કે જેણે વધારેમાં વધારે ૨૫ રૂપિયા મૂક્યા હતા. કેવળ સૌના મનોરથ પૂરા કરવા માટે સ્વામીશ્રી અપાર પરિશ્રમ કરી રહ્યા હતા. એ અરસામાં વઢવાણના ભગવાન ભગત અને પોપટ ભગત નામના બે પાર્ષદો અહીં રહેતા. સ્વામીશ્રીએ તેઓને ધોતિયાં માટે પધરામણીની ભેટ અપાવી દીધી.''

ચચાણા, અચારડા, બોરણા અને ભોયકા ગામના દરબારો પણ એ વાતને યાદ કરતાં કહે છે : 'એ વખતે ભયંકર વરસાદ. ચચાણાથી ટ્રેક્ટરમાં બેસીને સ્વામીશ્રી અચારડા ગયા. અહીંથી ભોયકા જવાનું હતું. રણુભા ટ્રેક્ટર ચલાવી રહ્યા હતા. વરસાદને લીધે જમીન રણવટ હતી અને ટ્રેક્ટર નાળા પાસે ફસાયું. સ્વામીશ્રી ટ્રોલીમાં બેઠા હતા, સાથે સંતો-હરિભક્તો પણ હતા. સૌ નીચે ઊતર્યા અને ભીની ગારાવાળી જમીનમાં ટાયર નીચે પથરા મૂક્યા, પણ ટ્રેક્ટર આગળ વધી ન શક્યું. ગામમાંથી બીજા બે ટ્રેક્ટર લાવવામાં આવ્યા. આ ટ્રેક્ટર સાથે દોરડું બાંધીને ખેંચવામાં આવ્યું તોપણ મેળ ન પડ્યો. છેલ્લે ભોયકા ગામના જીલુભા શેઠ ટ્રેક્ટર લઈને ગયા અને બળ કર્યું ને ટ્રેક્ટર બહાર નીકળી ગયું.' એ ગામમાં રાત્રે ૮:૦૦ વાગ્યે સ્વામીશ્રી પહોંચ્યા.

સંતસ્વરૂપ સ્વામી લીંબડીની એક વાતની સ્મૃતિ કરતાં કહે છે : ''૧૯૮૧માં લીંબડીથી નડિયાદ જવાનું હતું અને સ્વામીશ્રીની ગાડી બગડી. સ્વામીશ્રી એક દુકાનનું ઉદ્‌ઘાટન કરીને લીંબડી મંદિરમાં આવ્યા. ગાડી રિપૅર કરવા મોકલી. એક કલાકે ગાડી રિપૅર થઈને આવી. ચોમાસાનો સમય હતો. ધારણાં-પારણાંનો પહેલો ઉપવાસ હતો અને મુશળધાર વરસાદ પડતો હતો. લીંબડીથી નીકળ્યા. રસ્તો ન દેખાય એવો વરસાદ વરસતો હતો અને વળી પાછી ગાડી બગડી. સંતોએ ખૂબ ધક્કા માર્યા. છત્રી માથે રાખીને યોગીચરણ સ્વામીએ એન્જિન જોયું, પણ ચાલુ જ ન થાય. આવા પ્રસંગે સ્વામીશ્રી પણ વરસતા વરસાદમાં બહાર નીકળ્યા અને પલળતાં પલળતાં માર્ગદર્શન આપવા લાગ્યા. જોકે ધક્કા માર્યા સિવાય છૂટકો જ ન હતો. રસ્તામાં પસાર થતાં ટ્રકવાળાને ઊભા રાખવા માટે હાથ કરીએ, પણ આ પરિસ્થિતિમાં કોઈ ઊભો રહેતો ન હતો. છેવટે સંતોએ સ્વામીશ્રીને ગાડીમાં બેસી જવા વિનંતી કરી અને ગાડીને ધક્કા માર્યા. કોઝવેમાં એક એક ફૂટ વહેતું પાણી હતું. ધક્કા મારીને પાણીમાંથી ગાડી બહાર કાઢી ને સામે વળી ફાટક આવી. એનો ઢાળ ચડાવવાનો હતો. ફાટકવાળાએ આ પરિસ્થિતિ જોઈ એટલે પોતે પણ ધક્કા મારવા લાગ્યો. જેવો ઢાળ ચડ્યા ને ગાડી ચાલુ થઈ ગઈ. ચાલુ ગાડીમાં જ ઇન્દ્રવદન સીટ ઉપર બેસી ગયો. સ્વામીશ્રી કહે : 'પહેલાં સીધી ગૅરેજમાં લઈ લો.' ગાડી ગૅરેજમાં લીધી ત્યારે મિકેનિકે કહ્યું કે 'આમ ગાડીમાં કોઈ જ વાંધો નથી. ગાડી જોવાના પાંચ રૂપિયા આપો.' ગાડીમાં બેઠા પછી હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'મફતનો પાંચ રૂપિયા લઈ ગયો.' રાત્રે ઠેઠ ૧૧:૦૦ વાગે નડિયાદ પહોંચ્યા. અહીં નટુભાઈ શ્રોફને ઍક્સિડન્ટ થયો હતો, એમને હૉસ્પિટલમાં મળીને રાત્રે ૧૨:૦૦ વાગે જમનાદાસ અમીનના ઘરે આરામમાં પધાર્યા.

આવી વિકટ પરિસ્થિતિમાં પણ સ્વામીશ્રી નાના-મોટા સૌની ઇચ્છા પૂરી કરવામાં ક્યારેય થાક્યા નથી. લીંબડીમાં ભૂપેન્દ્રભાઈ શાહના ઘરે પધરામણી હતી. તેઓનો સુપુત્ર શશિકાન્ત એ વખતે બાળ અવસ્થામાં હતો. એણે ઘરમાં પોતાના ઠાકોરજી અને પોતાનું મંદિર રાખ્યું હતું. સ્વામીશ્રી સાથે એને અત્યંત હેત હતું. અહીં પધરામણી વખતે જ્યારે જ્યારે સ્વામીશ્રી આવે ત્યારે ભૂપેન્દ્રભાઈના ઘરમંદિરમાં આરતી થાય. એ જ રીતે ઉપરના માળે શશીના મંદિરમાં જઈને

પણ સ્વામીશ્રી બીજી વખત આરતી ઉતારતા અને પૂજન કરતા.


કેવળ હરિભક્તોને રાજી કરવા સ્વામીશ્રી તેઓની નાની-નાની ભાવનાઓને પણ પૂરી કરવામાં પ્રસન્નતા અનુભવતા હોય છે. આ પંથકમાં સત્સંગ એમ ને એમ કાંઈ વધ્યો નથી. સ્વામીશ્રીએ પ્રેમથી નાના-મોટા સૌ હરિભક્તોના મનોરથ પૂરા કર્યા છે. તેઓની સાથે આત્મીયતા સાધીને સૌને મહારાજમાં જોડ્યા છે.


૧૯૬૮ની સાલ હતી. સ્વામીશ્રી અને સંત સ્વામી મંદિરમાં સભામાં બેઠા હતા. હરિપ્રકાશ સ્વામી રસોડામાં રસોઈ બનાવતા હતા. હરિભક્તોની ઇચ્છા પ્રમાણે માલપૂડા બનાવવાના હતા. જોકે હરિપ્રકાશ સ્વામીથી ખીરું બરાબર થતું ન હતું. તેઓ માલપૂડા બનાવવા મથી રહ્યા હતા, પરંતુ સફળતા મળતી ન હતી. ત્યાં અચાનક સ્વામીશ્રી ચાલુ સભાએ રસોડામાં ગયા. હરિપ્રકાશ સ્વામીની મથામણને પામી ગયા, એટલે નજીક જઈને કહે : 'લાવો, હું શિખવાડું.' એમ કહીને સ્વામીશ્રીએ ખીરું બરાબર માપે કર્યું. વળી, માલપૂડા તળવા માટે ઘી માપસર લીધું અને ચૂલામાં તાપ પણ માપમાં કર્યો. ત્યારપછી હરિપ્રકાશ સ્વામીને શીખવતાં શીખવતાં માલપૂડા બનાવતા ગયા. અડધો કલાક સુધી સ્વામીશ્રીએ માલપૂડા બનાવ્યા અને ત્યારપછી સભામાં જઈને ધર્મલાભ આપ્યો ને પછી સૌને જમાડીને રાજી કર્યા.

કોઈ કહે : 'અમારા મકાનનું ખાતમુહૂર્ત કરી આપો.' અને સ્વામીશ્રી દસ ફૂટ ઊંડા ખાડામાં ઊતરીને પ્રેમથી ખાતમુહૂર્ત કરી આપે. સ્વામીશ્રીએ કેવી રીતે હરિભક્તોની લાગણીઓને સાચવી છે તેના આ દસ્તાવેજી પુરાવા છે. વળી, કોઈ કહે : 'અમારા મશીનને હાથ અડાડી આપો.' અને સ્વામીશ્રી પ્રેમથી હાથ પણ અડાડે. જુઓ, સાથેની છબિ તેમજ સામેની છબિઓ તેની સાક્ષી પૂરે છે.


કોઈ કહે : 'અમારે ત્યાં ભોજન કરવા








પધારો.' અને સ્વામીશ્રી થાક્યા-પાક્યા હોય, મોડું થયું હોય, છતાંય તેઓનો ભાવ અંગીકાર કરવા તેઓનાં સાંકડાં ઘરોમાં પધારે. નીચે જમવા વિરાજે અને સામે હરિભક્તોને તથા સંતોને બેસાડીને પોતે જમવા કરતાં તેઓને જમાડવામાં વધારે રસ દાખવે. ફોટામાં પણ જોઈ શકાય છે કે સૌના હાથમાં કોળિયો છે, ત્યારે સ્વામીશ્રી તો હજી તુંબડી વડે પત્તરમાં જળ નાખીને જમવાનો પ્રારંભ કરે છે.








ક્યારેક વળી, સમય કરતાં વહેલા આવી ગયા હોય તો જાતે જ ઠાકોરજીને થાળ ધરાવવા બેસી જાય. એ વખતે પધરામણીનો થાક પણ ભૂલી જાય.''

સંતસ્વરૂપ સ્વામી એક પ્રસંગ સંભારે છે : ''૭૨-૭૩ના અરસામાં સ્વામીશ્રી વાગડ ગામમાં હતા. મૂઢિયું ગૂમડું થયું હતું, છતાંય પધરામણીઓ ચાલુ હતી. જે હરિભક્તને ત્યાં ભોજન રાખ્યું હતું તેઓના ઘરમાં રસોઈ થઈ શકે એવી



કોઈ વ્યવસ્થા ન હતી. એટલે ગામના મંદિરમાં દેવચરણ સ્વામી રસોઈ કરવા ગયા અને એ રસોઈ હરિભક્તને ત્યાં પહોંચાડી અને ત્યારપછી રોટલી કરીને દેવચરણ સ્વામી અને સંતસ્વરૂપ સ્વામી એ હરિભક્તના ઘરે પહોંચ્યા ત્યારે પધરામણી કરીને સ્વામીશ્રી ત્યાં આવી ગયા હતા. જે ભાવિકને ત્યાં સ્વામીશ્રીનો ઉતારો હતો તેઓના મહેમાન ઉતાવળા થતા હોઈ એ બધાને એ હરિભક્તે જમાડવા બેસાડી દીધા હતા. ઠાકોરજીનો થાળ તો હજી બાકી જ હતો. સંતો પણ હજી મંદિરેથી આવ્યા ન હતા. દેવ સ્વામી જેવા મંદિરેથી અહીં આવ્યા ને સ્વામીશ્રી આગળ આવ્યા ને સ્વામીશ્રીએ પુણ્યપ્રકોપ ધારણ કર્યો : 'ઠાકોરજીનો થાળ કાઢી લેતાં શું થાય છે ?' વગેરે વગેરે ખૂબ શબ્દો કહ્યા. બીજા બધા સંતો તો દીવાલને અઢેલીને ઊભા જ રહી ગયા. સૌ થીજી ગયા હતા. એક બાજુ મૂઢિયા ગૂમડાનું નાનું ડ્રેસિંગ ડૉક્ટર સ્વામી કરતા હતા. ગૂમડું દબાય ત્યારે તો સખત દુખાવો થાય, પરંતુ એને ગણકાર્યા વગર ઠાકોરજીનો થાળ ન થયાનું દુઃખ સ્વામીશ્રીના આ પુણ્યપ્રકોપમાં વ્યક્ત થતું હતું. જોકે ઠાકોરજી પ્રત્યેના અપાર સ્નેહને કારણે જ આ પુણ્યપ્રકોપ હતો, બાકી સંતોની પરિસ્થિતિ સ્વામીશ્રી સમજતા હતા.

હરિભક્તને ત્યાં જમીને સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા. ઉતારો અહીં રાખવામાં આવ્યો હતો. મેડા ઉપર કાપડની કનાત બાંધીને ઉપર કાપડ ઢાંકીને અંધારા જેવું કરવામાં આવ્યું હતું. પંખા જેવું કાંઈ હતું નહીં. સ્વામીશ્રી દેવ સ્વામીને કહે : 'હવે આરામ કર.'

દેવચરણ સ્વામી કહે : 'ઊંઘ આવે એવું રહેવા જ ક્યાં દીધું છે ?' અને આ વાક્ય સાંભળતાં જ વળી પાછા સ્વામીશ્રીએ પુણ્યપ્રકોપ ઠાલવ્યો ને કહે : 'એવી એવી બાબતોમાં રિસાઈ શું જવાનું ?' એમ કહીને પંદર મિનિટ સુધી પ્રેમપૂર્વક તેઓને ટપાર્યા અને પછી આરામમાં ગયા. બપોરે ૩:૧૫ વાગે ઊઠીને વળી પાછી પધરામણી તો હતી જ.

અને એ વખતે દિવસનાં બે-ત્રણ ગામ કરવાના હોય અને ઉનાળો હોય છતાંય ગામોગામ સામૈયા નીકળે. ધૂળની ડમરીઓ ઊડતી હોય, માથે તાપ હોય અને છતાં સ્વામીશ્રી પ્રેમથી ગામના હરિભક્તોના ભાવ અંગીકાર કરે.

સામૈયું પત્યા પછી ત્રણ ગામની ત્રણ સભા તો હોય જ. એમાં પણ રાત્રે જ્યાં મુકામ હોય ત્યાં સાડા બાર વાગ્યા સુધી સભાઓ થતી. સ્વામીશ્રી પણ સહેજે થાક્યા વગર સભામાં પણ ધર્મલાભ આપતા. ગામોગામ વિચરતા સ્વામીશ્રીના ઉતારામાં કોઈ જ વિશેષ સગવડ હતી નહીં.''

ધૂલિમિશ્રિત સામૈયાઓમાં સ્વામીશ્રીની એ છબિ આજેય અનેકની સ્મૃતિઓમાં એવી ને એવી સચવાયેલી છે.








એ વખતે સાથે ફરતા અનુભવી સંતો વાત કરતાં કહે છે : ''એ વખતે ગામડાંઓમાં મોટે ભાગે કોઈ પાકાં મકાન હતાં નહીં. કાં તો નળિયાંવાળા કાં તો પતરાંવાળા ઘરમાં સ્વામીશ્રીનો ઉતારો રહેતો. ઉનાળામાં એ ઘરો બરાબર તપ્યાં હોય, લાઇટ હોય નહીં, તો પંખો કે ટ્યૂબલાઇટનો તો પ્રશ્ન જ ક્યાં છે ? પતરાં કે નળિયાંમાં પણ વચ્ચે વચ્ચે કાણું અથવા જગ્યા

રહી ગઈ હોવાથી સૂર્યનાં કિરણોના ઓળા પડતા હોય, જે ક્યારેક તો બરાબર મોઢા ઉપર જ આવે. વળી, સંતો પ્રેમથી ક્યારેક એ ઓરડામાં કે મંદિરના હૉલમાં કાપડ બાંધીને સ્વામીશ્રી માટે સૂવાની જગ્યા કરી આપે તોય સંતો અને હરિભક્તો તો સ્વામીશ્રીની બાજુમાં જ સૂતા હોય. સ્વામીશ્રી પણ પ્રેમથી તેઓને સૂવા દે. ભરબપોરે સ્વામીશ્રી ઉનાળાની ગરમીમાં સૂતા હોય એટલે સંતો પ્રેમથી પંખો નાખે, પરંતુ એ સૌ પણ થાક્યા હોય એટલે પંખો નાખતાં નાખતાં જ ક્યારેક અચાનક ઝોકું આવી જતાં સીધા સ્વામીશ્રી ઉપર જ પડે, તોય સ્વામીશ્રી સૌને પ્રેમથી સહન કરે.''









દેવચરણ સ્વામી કહે છે : ''એ દિવસો ગરમીના હતા. ભાદરવાનો દઝાડે એવો તાપ. વળી, ખેતરોમાં પાક લણાઈ ગયા હોવાથી મચ્છરોનો પણ એવો જ ત્રાસ. એમાં પણ ૧૯૭૩ના વરસે ચચાણામાં સ્વામીશ્રીનું વિચરણ ચાલુ હતું અને એ દિવસોમાં સ્વામીશ્રીનો ઉતારો જૂના મંદિરમાં હતો. આખો દિવસ પધરામણીઓ અને મોડી રાત્રે કથાવાર્તા પૂરી

થયા પછી સ્વામીશ્રી જ્યારે પોઢવા માટે પધારે ત્યારે રાતના લગભગ ૧૨:૩૦ વાગી ગયા હોય. પધરામણીનો થાક હોય અને એ દિવસોમાં વિશેષ સગવડની તો કોઈ વાત જ ન હતી. અને સ્વામીશ્રી પણ કોઈ જ પ્રકારની વિશેષ સગવડ કરવામાં માનતા ન હતા.

એક રાત્રે આવી પરિસ્થિતિમાં થાક્યા-પાક્યા સ્વામીશ્રી સૂતા હતા. ઉપર પંખો ન હતો. વળી, ભાદરવાના એ દિવસોમાં ઉકળાટ અને ગરમી અસહ્ય હતી. સ્વામીશ્રી મંદિરના ખંડમાં સૂતા ખરા, પરંતુ પવન પણ ન હતો અને મચ્છરોનો ત્રાસ પણ ખૂબ હતો. લગભગ રાતના ૨:૦૦ વાગે સ્વામીશ્રી ઊંઘ ન આવવાથી પડખાં ફરી રહ્યા હતા, લગભગ જાગતા જ હતા અને એ પરિસ્થિતિમાં પણ અમને કોઈને ઉઠાડ્યા વગર જાતે ગાદલું લઈને સ્વામીશ્રી મંદિરના ચોકમાં આવીને સૂતા. જોકે પવન જ હતો નહીં, એટલે અહીં પણ કોઈ ફરક ન પડ્યો. વળી, મચ્છરોનો ત્રાસ તો હતો જ, એટલે સ્વામીશ્રીની આંખો મીંચાતી ન હતી. થોડી વાર થઈ ત્યાં દેવચરણ સ્વામી જાગી ગયા ને પૂછ્યું કે 'કેમ આમ ?'

સ્વામીશ્રી કહે : 'મચ્છર બહુ છે અને ગરમી પણ બહુ છે.' આટલું કહીને કહે : 'ચાલ, તળાવની પાળે જઈને સૂઈ જઈએ.' ગુરુ-ચેલા ગાદલું લઈને તળાવની પાળે પહોંચ્યા. અઢી વાગે આ બધો ખેલ પડ્યો. રાત્રે તળાવની પાળે થોડી ઘણી ઠંડક હતી એટલે આંખ મળી ગઈ. સવારે રોજના સમયે સ્વામીશ્રી તો ઊઠી ગયા અને નિત્યકર્મથી પરવારીને પુનઃ પધરામણીઓમાં લાગી ગયા ત્યારે ગામના હરિભક્તોને અણસાર પણ ન હતો કે રાત્રે તળાવની પાળે જઈને સ્વામીશ્રી સૂતા હતા.

સ્વામીશ્રી એક વખત ખોલડિયાદમાં હતા. ગામમાં રાત્રે જાહેર સભા હતી. લાઈટ તો હતી નહીં, એટલે પેટ્રોમેક્સની લાઈટથી સભા કરવામાં આવી. રાત્રે ૧૨:૩૦ વાગ્યા પછી સ્વામીશ્રી જૂના મંદિરમાં ઉતારે પધાર્યા. જૂના મંદિરમાં નાનો ચોક હતો, એના ઓટા ઉપર સ્વામીશ્રીની પથારી કરી દેવામાં આવી હતી. પવન હતો નહીં. સ્વામીશ્રી માંડ સૂતા હશે ને ત્યાં કૂતરાંઓ ઝઘડતાં-ઝઘડતાં ભસતાં-ભસતાં મંદિરની આજુબાજુ જ આવ્યાં. કોઈ હિસાબે ઊંઘ આવે એવું હતું નહીં. કૃષ્ણવલ્લભ સ્વામી અને સંતસ્વરૂપ સ્વામીએ કૂતરાંને કાઢવાનો ઉપક્રમ કર્યો. આખી રાત કૂતરાંઓ કાઢ્યા ત્યારે માંડ બાપાને ઊંઘ આવી. આવી પરિસ્થિતિમાં સ્વામીશ્રીએ વિચરણ કરેલાં છે.

વળી, ગામોગામ શૌચાલય હોય એવું તો શક્ય જ ન હતું. એટલે ક્યારેક તો સવારે વહેલા ઊઠી સીમમાં લોટો લઈને જવું પડતું, ખેતરોમાં જવું પડતું. નૈસર્ગિક ક્રિયાઓને પણ રોકી રાખીને ક્યારેક અંધારું થાય ત્યારે શૌચ કરવા જવું પડતું.

સ્વામીશ્રી નવાગામ-સેજકપરમાં હતા. ૧૯૭૨ની સાલ હતી. જૂના મંદિરમાં ઉતારો હતો. એ દિવસોમાં શૌચવિધિ માટે જવું હોય તો ગામની ભાગોળે જવાનું થતું અને કૂવામાં નાહવાનું થતું. એક દિવસ સાંજના ૬:૦૦ વાગે સ્વામીશ્રીને શૌચવિધિ માટે જવાની ઇચ્છા થઈ. સ્વામીશ્રીએ પ્રગટ ભગતને આ વાત કરી. પ્રગટ ભગત કહે : 'અત્યારે ક્યાં જશો ?'

સ્વામીશ્રી કહે : 'આ સીમ આટલી મોટી પડી છે ને ! ખેતરોમાં બેસી જઈશું.' આટલું કહીને કટકો પહેરીને સ્વામીશ્રી તૈયાર થઈ ગયા. વિચરણમાં વરસો સુધી જે લોટો કાયમ સાથે રહ્યો હતો એ લોટામાં પાણી ભરીને લોટો લઈને સ્વામીશ્રી સીમમાં પધાર્યા. ખેતરમાં પાકની આડશ વચ્ચે શૌચવિધિ પતાવી. નદી તરફનો એ ભાગ હતો. શૌચવિધિ પતાવ્યા પછી ગામ પાસે કોઈનો કૂવો જોતાં સ્વામીશ્રી કહે : 'અહીં જ નાહી લઈએ.'

પ્રગટ ભગત કહે : 'શિયાળાનો સમય છે, ઠંડી લાગશે.'

સ્વામીશ્રી કહે : 'કાંઈ વાંધો નહીં આવે, ભગવાનને સંભારીને નાહી લઈએ.' એટલે પ્રગટ ભગતે કૂવામાંથી પાણી કાઢી આપ્યું ને સ્વામીશ્રીને સ્નાન કરાવ્યું. ઠંડીના દિવસોમાં ખુલ્લામાં કૂવાનાં પાણીથી સ્નાન કરીને પાછા સ્વામીશ્રી મંદિરે પહોંચ્યા ત્યારે લગભગ રાતના ૭:૦૦ વાગી ગયા હતા.

સ્નાન કરવા માટે એવી કોઈ વિશેષ સગવડ હતી નહીં. ઝાલાવાડનાં ગામોગામ આવેલાં તળાવોમાં સ્વામીશ્રી સ્નાન કરવા જતા. પાણી ખરેખરું ડહોળું હોય, સાથે ઢોર પણ નાહતાં હોય. સામે છેડે કપડાં પણ ધોવાતાં હોય અને એવી સ્થિતિમાં પ્રેમથી સ્વામીશ્રી સ્નાન કરતા. એટલું જ નહીં, પીવા માટે પણ આ જ પાણીનો ઉપયોગ થતો. પાણીને


સાંજે લાવવામાં આવતું. ઘડામાં ફટકડી નાખીને એને આખી રાત નિતારવામાં આવતું. ગાર બધો નીચે બેસી જાય પછી સવારે એને ગાળીને એ પાણી ઉપયોગમાં લેવામાં આવતું.






વળી, ક્યારેક તો કો'કના ખેતર કે ઘરની ડંકી નીચે પણ સ્વામીશ્રીને સ્નાન કરાવવામાં આવતું.

સવારે પરવાર્યા પછી પૂજામાં એવા કોઈ વિશેષ શણગાર કે સગવડ હોય નહીં. ઘરના પાછલા વંડામાં એક બાજુ ધોતિયાં સુકાતાં હોય તો બીજી બાજુ ક્યારેક ઢોર પણ બાંધેલાં હોય. એવી જગ્યાઓમાં પણ સ્વામીશ્રી પૂજામાં નિમગ્ન થઈ શકતા. કોઈ પણ પરિસ્થિતિને અનુકૂળ થવાની તેઓની આ પ્રકૃતિ હતી.







પૂજા પછી પ્રેમથી સ્વામીશ્રી હરિભક્તોને મળતા અને સૌને રાજી રાખતા.

આવી રીતે કઠણ પરિસ્થિતિઓમાં પણ હંમેશાં પ્રસન્નતા રાખીને કેવળ અક્ષરપુરુષોત્તમનો મહિમા સઘળે પ્રવર્તે એ માટે સ્વામીશ્રીએ પોતાની જાતને ઘસી નાખી છે અને ઝાલાવાડનો સત્સંગ વધાર્યો છે.''

ઝાલાવાડની ધરતી તો સ્વામીશ્રીએ વેઠેલા ભીડાનું દસ્તાવેજી પૃષ્ઠ છે. આ ધરતીમાં વવાયેલાં સત્સંગબીજમાં સ્વામીશ્રીએ કરેલા પુરુષાર્થનો પરસેવો સિંચાયેલો છે.

૧૯૭૨ની સાલ હતી. સ્વામીશ્રીનો ઉતારો મંદિરમાં જ હતો. બપોરના આરામનો સમય હતો. નીંગાળાના દેવાનંદ સ્વામીશ્રીને પંખો નાખી રહ્યા હતા. સ્વામીશ્રી હજી સૂતા જ હતા. એ દરમ્યાન દેવાનંદભાઈ સ્વામીશ્રીનાં ચરણોમાં સોળ ચિહ્‌ન જોવાનો પ્રયત્ન કરવા લાગ્યા. સ્વામીશ્રીની આંખ હજી મીંચાઈ ન હતી. સ્વામીશ્રીએ જોયું કે દેવાનંદ કશુંક કરી રહ્યા છે. એટલે પૂછ્યું કે 'શું કરે છે ?'

'સોળ ચિહ્‌ન જોઉં છું.'

સ્વામીશ્રી એકદમ સાહજિકતાથી કહે : 'એ તો પધરામણી કરી કરીને ઘસાઈ ગયા છે, માટે છાનોમાનો પંખો નાખવા માંડ.'

●

'પ્રસંગમ્'નું પાનેપાનું સ્વામીશ્રીની આ કરુણાનું પ્રતિબિંબ છે. ૯૦ વર્ષની ઉંમરે પણ તેઓની સૌનાં કલ્યાણ માટેની ધગશ, ઉત્સાહ, સ્ફૂર્તિથી રસાયેલા પ્રસંગોનું વાંચન આપણને તેઓશ્રીની કરુણાનો દસ્તાવેજ ઉકેલવામાં મદદરૂપ બની રહેશે.

પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી તથા પૂજ્ય વિવેકસાગર સ્વામીના માર્ગદર્શન તથા પૂજ્ય અક્ષરવત્સલ સ્વામી, પૂજ્ય નીલકંઠપ્રિય સ્વામી તથા પૂજ્ય હરિસ્વરૂપ સ્વામી વગેરેના સહકારના સ્મરણ સાથે....

– સાધુ પ્રિયદર્શનદાસના
જય સ્વામિનારાયણ

ક્રમિકા

જાન્યુઆરી ૨૦૧૦ ....૧

ફેબ્રુઆરી ૨૦૧૦ ....૧૧

માર્ચ ૨૦૧૦ ....૨૩

એપ્રિલ ૨૦૧૦ ....૩૫

મે ૨૦૧૦ ....૫૭

જૂન ૨૦૧૦ ....૭૩

જુલાઈ ૨૦૧૦ ....૮૭

ઑગષ્ટ ૨૦૧૦ ....૯૯

સપ્ટેમ્બર ૨૦૧૦ ....૧૧૧


ઑક્ટોબર ૨૦૧૦ ....૧૨૭

નવેમ્બર ૨૦૧૦ ....૧૩૭


ડિસેમ્બર ૨૦૧૦ ....૧૪૫

છબિ-પ્રસંગ ૧૬૫

પ્રસંગમ્



જાન્યુઆરી ૨૦૧૦



'આજે વિકાસ(પ્રયાસ)વનમાં આપણે બધા આવી ગયા છીએ.
વનમાં તો ઘણા સુખ-શાંતિ માટે જાય છે, પણ જ્યાં આવો સત્સંગ થતો હોય,
આવી વાતો થતી હોય એનાથી જે વિકાસ થાય છે એવો બીજે ન થાય.
આપણાં શાસ્ત્રમાત્રનો સાર છે.
દરેક શાસ્ત્રમાં ભગવાનના આશરાની વાત સૌથી મોટી લખી છે.
ભગવાનનો આશરો કરે એટલે આ લોકના ને પરલોકના બધા સંકલ્પો સિદ્ધ થાય.
પણ આજે વૈભવમાંથી માણસ ઊંચા આવતા નથી, એને લઈને અશાંતિ થાય છે.
પણ એ અશાંતિને ટાળનાર ભગવાન છે.
ગમે એટલી અશાંતિ હોય, પણ ભગવાનનો આશરો કરે
તો શાંતિ થઈ જાય છે, બધું સારું થઈ જાય છે.'
- પ્રમુખસ્વામી મહારાજ

તા. ૧-૧-૨૦૧૦, નડિયાદ

નવા વર્ષના પ્રારંભની પ્રથમ ક્ષણ ગુણાતીત પુરુષનાં દર્શનથી ઊગી, કારણ કે ગઈ કાલે મોડી રાત્રે ચંદ્રગ્રહણ હતું અને આ ચંદ્રગ્રહણ રાત્રિના અંધકારમાં પણ ગુણાતીત સૂર્ય સમા સ્વામીશ્રીનાં દર્શનનાં સૌભાગ્યને લઈને આવ્યું હતું. આ પણ એક વિરલ અને અનોખી સ્મૃતિ હતી. ગઈકાલના આવા ઉજાગરા પછી લગભગ રાત્રે ૨:૪૫ વાગ્યા પછી સ્વામીશ્રી આરામમાં પધાર્યા હોઈ સવારે નિરાંતે ઊઠવાનું હતું. આમ પણ ગઈકાલે જૂના વિચરણને યાદ કરાવે એવો ભીડો પડ્યો હતો. છતાં રોજ કરતાં બહુ મોડા નહીં એવી જ રીતે લગભગ ૮:૧૫ વાગે તો સ્વામીશ્રી જાગી ગયા અને સ્નાનાદિક વિધિથી પરવારીને ૯:૦૦ વાગે ઠાકોરજીનાં દર્શને આવી પહોંચ્યા.

સમૈયાનો લાભ લેવા આવનારા સંતો ઘુમ્મટમાં બેઠા હતા. સમૂહમાં બેઠેલા સૌ *'જે દુઃખ થાય તે થાજો રે'* એ કીર્તન ગાઈ રહ્યા હતા. દર્શન કરીને વ્હીલચૅરમાં બેસતાં બેસતાં સૌ તરફ અમીદૃષ્ટિ કરીને મંદ હાસ્ય સાથે સ્વામીશ્રી કહે : ''*જે દુઃખ થાય તે થાજો'* એ ગાઈએ છીએ એના કરતાં છાનામાના બેસીને ભજન કરવું. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે જેવું સહન કરેલું છે એવું આપણાથી થાય એવું નથી. આ તો જરાક મનનું મરડાયું એટલે થઈ રહ્યું, મૂકો પડતા – એવું થઈ જાય.''

સંતો બોલ્યા : *'ઊંચે બાંધી, નીચે અગ્નિ પ્રગટાવે.'* આ કડી સાંભળતાં જ સ્વામીશ્રી પણ પાછળ ડોકું નમાવીને ઊંચું જોવા લાગ્યા અને ઊંચું જોઈને કહે : 'આ બધું અત્યારે નથી. એમના વખતમાં થઈ ગયું. એ બધાએ સહન કર્યું. એમને તો બધું જ થયું. માન-અપમાન બધું જ થયું. માર પણ એમણે ખાધો છે. અત્યારે તો સહેજ થાય તોય પડતું મૂકે. જીવમાં દૃઢતા રાખવાની. કથાવાર્તા, ભજન-કીર્તન કરીએ છીએ, પણ સમય આવે ઓસાન ન ભૂલવું.'

આ રીતે સવારનો પ્રથમ દિવસનો પ્રથમ અમૃત-પાઠ સહનશક્તિનો આપ્યો.

•

તા. ૨-૧-૨૦૧૦, નડિયાદ

સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન કરીને હાઈડ્રોલિફ્ટ દ્વારા નીચે પધાર્યા. અહીં છાત્રાલયના છાત્રો બેઠા હતા. સ્વામીશ્રી નજીક આવ્યા ત્યારે એમાંના એક છાત્રે કહ્યું : 'આ એમ કહે છે કે આ આવે છે એ શ્રીજી-મહારાજ છે અને આ બીજો કહે છે પ્રમુખસ્વામી છે. આપ કોણ છો ?'

સ્વામીશ્રી કહે : 'સાધુ છું, શ્રીજીમહારાજનો દાસ છું.'

•

સ્વામીશ્રી ભૂમિભ્રમણ માટે મુલાકાત-કક્ષમાં પધાર્યા. પહેલો તબક્કો પૂરો થયા પછી સ્વામીશ્રી ખુરશી ઉપર વિરાજમાન થયા. રોજ ખુરશીના હાથાને વેલવેટના કાપડથી મઢી દેવામાં આવે છે, પરંતુ આજે એ કાપડ રહી ગયું હતું, એટલે પ્લાસ્ટિકના હાથા દેખાઈ રહ્યા હતા. બે નાના તકિયા બંને બાજુએ મૂકવામાં આવ્યા હતા, જેથી હાથ સારી રીતે ટેકવાય. થોડી વાર પછી સેવકોના ખ્યાલમાં આવ્યું કે ખુરશી ઉપરનું મખમલી આવરણ રહી ગયું છે, એટલે અંદરોઅંદર એ બાબતની વાત થઈ રહી હતી.

એ સાંભળી ગયેલા સ્વામીશ્રી કહે : 'ખુરશી ઉપરનું કવર રાખવાની જરૂર જ શું છે ? એવો

આટાટોપ કરવાની જરૂર નહીં.'

નારાયણચરણ સ્વામી કહે : 'આપને તો સોને મઢીએ તોય ઓછું છે. યોગીજી મહારાજે તો કહ્યું છે કે ફાસફૂસિયું કરવું જ નહીં, ધામધૂમથી ઊજવવું. આ તો યોગીજી મહારાજની આજ્ઞા છે.'

સ્વામીશ્રી કહે : 'એય (યોગીજી મહારાજ પણ) ભગવાનની આજ્ઞામાં રહ્યા છે. સોનું ને ઝવેરાત એ બધી ધામધૂમ શું કામની ?'

નારાયણચરણ સ્વામી કહે : 'યોગીજી મહારાજ કહેતા કે પ્રમુખસ્વામીમાં ને શાસ્ત્રીજી મહારાજમાં રોમનોય ફરક નથી. ને શાસ્ત્રીજી મહારાજની સુવર્ણ મૂર્તિ સોનાના સિંહાસનમાં પધરાવવાની વાત હોય તો આપનું પણ એવું થવું જોઈએ ને !'

સ્વામીશ્રી કહે : 'એ તો મહિમાની વાત છે. મહિમા સમજવાનો છે, પણ એમની આજ્ઞા પાળવી, એમની રુચિ પાળવી, એ કરવાનું કે નહીં ?'

ત્યાગરત્ન સ્વામી કહે : 'શાસ્ત્રીજી મહારાજની પસંદ કેવી હોય ? એમની પસંદગી ખોટી હોય જ નહીં. આપ એમની પસંદગી છો.'

સ્વામીશ્રી કહે : 'એ પણ સાધુરૂપમાં જ રહ્યા છે. એમણે સોનાના શણગાર સજ્યા નથી. એય નિયમમાં રહ્યા છે, એટલે આપણે પણ જરૂર વગરનું કાંઈ જ ન કરવું. ખોટો ખરચો ન કરવો. દેખાવનું ન કરવું. આ બધાની ક્યાં જરૂર છે ? આ કપડું ન હોય તો ન ચાલે ? આ (ભગવાં કપડાં બતાવીને) કપડાં પહેરીએ જ છીએ ને ! એમાં વળી, હીરા-ઝવેરાતની ક્યાં જરૂર ?'

સૌને પ્રતીતિ થઈ કે આ સાધુતા એ જ સ્વામીશ્રીના શણગાર છે.

•

તા. ૩-૧-૨૦૧૦, નડિયાદ

આજનું વાતાવરણ કંઈક જુદું હતું. ઠંડીની ઋતુમાં વળી વાદળાં ચઢી આવ્યાં હતાં. એને કારણે સવારના પહોરથી માવઠું વરસી રહ્યું હતું. એટલે ઠંડી થોડીક વધારે કાતિલ બની ગઈ હતી. સ્વામીશ્રીને પણ માવઠાની અસર ન થાય એ માટે શાલ-ટોપી ઓઢાડવામાં આવી હતી. આમ તો બહાર બંધાયેલો સભામંડપ થોડોક પલળી ચૂક્યો હતો. એટલે આજે તેઓ બહાર પૂજા કરે કે નહીં તેની અનિશ્ચિતતા હતી, પરંતુ સ્વામીશ્રીએ જ આગ્રહ કર્યો કે બહાર જ પૂજા કરવી છે. એને લીધે આજનાં સ્વામીશ્રીનાં દર્શન સૌને માટે શક્ય બન્યાં.

ઠાકોરજીનાં દર્શન કરીને સ્વામીશ્રી રોજના સ્થળે જ પૂજા કરવા માટે પધાર્યા, ત્યારે કારપેટ પણ ભીની થઈ ચૂકી હતી. સભામંડપની લોન અને બહારનાં પાથરણાં પણ ભીનાં હતાં. સ્વામીશ્રીના પધારતાં જ સૌ હરિભક્તો તાળી પાડી ઊઠ્યા. અત્યાર સુધી ઊભા રહેલા આ હરિભક્તો સ્વામીશ્રીના પધારતાં જ પોતાનાં કપડાં બગડવાની પરવા કર્યા વગર બેસવા માંડ્યા. બહાર ખુલ્લામાં પણ એ જ રીતે સૌ બેસવા લાગ્યા. વરસાદે પણ જાણે કે આ સૌની ભક્તિ અને સ્વામીશ્રીના સંકલ્પને જોયો અને સ્વામીશ્રીના પધારવાની પાંચ મિનિટ પહેલાં જ વરસવો બંધ થઈ ગયો.

•

આજે રવિસભા હતી. કિશોરોએ *'તમારા સ્નેહલ સથવારે'* એ મધ્યવર્તી વિચાર સાથે સ્વામીશ્રીની સંનિધિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્વામીશ્રીએ ગાંઠે બાંધવા જેવી સુંદર વાત કરતાં કહ્યું : 'ભગવાન પર વિશ્વાસ રાખીને ભગવાનનું ભજન કરીએ છીએ તો બધી રીતે સારું થાય છે. ભગવાનની ભક્તિ, સત્સંગ, કથાવાર્તાના આધ્યાત્મિક શબ્દો પડે તો જે ભ્રમણા થઈ હોય, વિચારવાયુ ચડ્યા હોય એ બધા દૂર થઈ જાય. ભગવાનમાં શ્રદ્ધા અને વિશ્વાસ સાથે જીવન જીવીએ તો સારું જ થાય છે.'

•

તા. ૬-૧-૨૦૧૦, નડિયાદ

સ્વામીશ્રીની એક એક ક્ષણ સત્સંગ માટે સમર્પિત છે. તેઓની અંગત ક્રિયાઓ વખતે પણ આધ્યાત્મિક ગ્રંથો કે સત્સંગ સંબંધી સાહિત્યનું શ્રવણ થતું રહે છે. ટ્રેડમીલ ઉપર ભ્રમણ કરતી વખતે પણ સ્વામીશ્રી સત્સંગ-પ્રવૃત્તિનો ચિતાર મેળવતા રહે છે. અથવા તો સત્સંગ-સંબંધી નવાં પ્રકાશનોનું શ્રવણ કરતા રહે છે. એક એક ક્ષણનો આ રીતે સ્વામીશ્રી સત્સંગ અર્થે ઉપયોગ કરી લે છે. આટલી વિરાટ સંસ્થાની જવાબદારી સંભાળતા તેઓ પ્રત્યેક ક્રિયામાં ક્યારેય ભારેખમ અનુભવાતા નથી, સદાય હળવા જ અનુભવાય છે.

આજે પણ ટ્રેડમીલ ઉપર ભ્રમણ ચાલી રહ્યું હતું.

વાર્તાલાપ દરમ્યાન અમિતયશ સ્વામીએ નડિયાદની ભૌગોલિક રચનાનો ચિતાર આપ્યો ત્યારે જૂનાં જોડકણાંને જોડતાં સ્વામીશ્રી બોલી ઊઠ્યા :

'નડિયાદ ગામની નવ ભાગોળ.
એક એક ભાગોળે નવ નવ વડ.
એક એક વડ ઉપર નવ નવ ડાળી.
એક એક ડાળી ઉપર નવ નવ શિકાં.
એક એક શિકામાં નવ નવ શેર ઘી.
બોલો ! એ ઘી કેટલું થયું ?'

અનેક વરસો સુધી અનેક ગામોમાં વિચરણ કર્યું હોવાથી જે તે ગામની તાસીર અને તસવીર તથા જે તે ગામની પ્રકૃતિનું સ્વામીશ્રીને તલસ્પર્શી જ્ઞાન છે.

•

તા. ૬-૧-૨૦૧૦, વિદ્યાનગર

સ્વામીશ્રી બહારગામથી વિચરણ કરીને પધાર્યા હતા. અંદરની રૂમમાં ઈ.ઈ.સી.પી. ટ્રીટમેન્ટ માટેની પૂર્વતૈયારી થઈ ચૂકી હતી. સ્વામીશ્રી ગુજરાતમાં હોય ત્યારે આ ટ્રીટમેન્ટ માટે ડૉ. બાજડિયા તથા ડૉ. અમૃતભાઈ અમદાવાદથી આવતા હોય છે. આજે પણ તેઓને અહીં આવેલા જોઈને સ્વામીશ્રીએ તરત જ પૂછ્યું : 'આ બધાને નાસ્તો કરાવ્યો કે નહીં ?'

વેદપુરુષ સ્વામી કહે : 'હા, થઈ ગયો છે.'

'નડિયાદથી અમે આવ્યા ત્યારે અમારી સાથે જે પોલીસો (એસ્કોર્ટ માટે) આવ્યા છે એમને પણ નાસ્તો કરાવી દેજો.' આટલી સૂચના વેદપુરુષ સ્વામીને આપીને સ્વામીશ્રી ટ્રીટમેન્ટ માટે રૂમમાં પધાર્યા.

સૌ જ્યારે સ્વામીશ્રીની ટ્રીટમેન્ટની ચિંતા કરતા હોય છે ત્યારે સ્વામીશ્રી સૌની ચિંતા કરતા રહે છે.

•

તા. ૬-૧-૨૦૧૦, મધુભાન રિસોર્ટ

મધુભાન રિસોર્ટના માંડવડી ગામમાં સ્વામીશ્રી થોડાક દિવસ રોકાવાના હતા. અહીંના સ્વામીશ્રીના રોકાણ નિમિત્તે અત્યારે આ ગામનું નામ 'દુર્ગપુર' રાખવામાં આવ્યું હતું અને ગામની ગલીઓનું નામ 'માણેકચોક' રાખવામાં આવ્યું હતું. સ્વામીશ્રીના નિવાસનું નામ 'અક્ષર કુટિર' તથા હરિકૃષ્ણ મહારાજના નિવાસનું નામ 'અક્ષર ઓરડી' રાખવામાં આવ્યું હતું.

સ્વામીશ્રીએ 'અક્ષર કુટિર'માં પ્રવેશ કર્યો ત્યારે અંધારું ઢળી ચૂક્યું હતું.

પ્રયાસવીનભાઈ કહે : 'આજે આપનાં પગલાં થયાં અને આ રિસોર્ટને આપનાં દિવ્ય કિરણો મળશે, એટલે અમારા સંકુલને ચાર ચાંદ લાગી જશે.'

'અક્ષર કુટિર'માં સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા વિરાજ્યા, સામે એક-બે સંત સિવાય કોઈ દર્શન માટે હતું નહીં. 'સ્વામીની વાતો'નું વાંચન થયું, જેમાં અચાનક ઉચાળા ભરવાની વાત આવતાં સ્વામીશ્રીએ એ સમજાવતાં કહ્યું : 'પહેલાંના જમાનામાં ખેડૂતોને જમીનનો હક્ક હતો નહીં. બધી જમીન રાજાની કહેવાતી. ખેડૂત બીચારો મહેનત કરે, પણ જો રાજાના વાંકમાં આવી જાય તો અડધી રાત્રે ગાડા-બળદ સહિત ઉચાળો ભરાવે. ખાટલા, વાસણ-કૂસણ જે હોય એ લઈને ઉચાળો ભરી જવો પડે. પેલો બીચારો રાત્રે સૂતો હોય ને સવારે ઉચાળો કરાવે. એમ આ સંસારનું પણ એવું છે.'

છેલ્લે સામે બેઠેલા ત્યાગરત્ન સ્વામીને કહે : 'કાંઈ મૂંઝવણ થાય તો આ (સ્વામીની વાતો) લઈને બેસી જવાનું.'

ત્યાગરત્ન સ્વામી કહે : 'અથવા તો અહીં આપની પાસે આવી જવાનું.'

સ્વામીશ્રી કહે : 'અવાય કે ન અવાય, પણ મૂંઝવણ ન થવી જોઈએ.'

•

તા. ૭-૧-૨૦૧૦, મધુભાન રિસોર્ટ

મધુભાન રિસોર્ટના માલિક પ્રયાસવીનભાઈ સ્વામીશ્રી સમક્ષ બેઠા હતા. પોતાના વ્યવસાય અંગે વાત કરતાં તેઓ સ્વામીશ્રીને કહે : 'એવી ઇચ્છા રહે છે કે જેમ અમે આગળ વધીએ છીએ એમ અમારા કર્મચારીઓ પણ આગળ વધે અને આપને જાણીને નવાઈ લાગશે કે કર્મચારીના યુનિયનનો લીડર જ હું છું. એ લોકો મને સામેથી કહે છે કે અમારા ધાર્યા કરતાં પણ તમે અમને વધારે આપો છો. અને હું પણ માનું છું કે આ મારા જ લોકો છે; પછી ભેદભાવ ક્યાં રહ્યો ? અને એ લોકો મારું રાખે છે પણ એટલું જ.'

સ્વામીશ્રી કહે : 'કાર્ય કરવાવાળા એ લોકો છે, એટલે ભાગીદારી જ છે એમ જ સમજવું જોઈએ ને ! અને તમે આટલું ધ્યાન રાખો તો એ લોકોને કંપની પણ પોતાની મનાય. ક્યારેક કહેવાનું થાય, પણ

ઉતારી પાડવા માટે નહિ, પણ હેતથી આગળ વધારવા માટે. આ બહુ સારી રીત છે.'

સ્વામીશ્રીએ માનવ-સંબંધોની જાણે એક શાશ્વત રીત દર્શાવી દીધી.

•

આજે સવારથી સ્વામીશ્રી સંસ્થાના એક કાર્ય માટે સતત મિટિંગમાં વ્યસ્ત હતા. સાંજે પણ એ જ રીતે સ્વામીશ્રીએ મિટિંગો કરી હતી. સાંજના ભ્રમણનો સમય થતાં સેવકો આવી ગયા. એટલે જાણે કે બધું જ પૂરું થયું હોય એટલી સહજતાથી આગળની મિટિંગોમાંથી વેગળા થઈને સ્વામીશ્રી ઊભા થયા. નવા આવનાર કોઈને ખબર પણ ન પડે કે આગળ કોઈ મિટિંગ પૂરી થઈ છે.

આ સંદર્ભમાં બ્રહ્મવિહારી સ્વામી કહે : 'આટલી પ્રવૃત્તિમાં તરત જ છૂટા કઈ રીતે પડી જાઓ છો ?'

સ્વામીશ્રી કહે : 'શ્રીજીમહારાજનું કામ છે, કર્તા-હર્તા એ છે, પછી આપણે માથાકૂટ શું કરવી ?'

પછી કહે : 'માથાકૂટ કરીએ ને કરવી પણ પડે, પણ આપણા મનમાં હાયવોય ન હોય, થાય તોય ભગવાનની ઇચ્છા અને ન થાય તોય ભગવાનની ઇચ્છા.'

સિદ્ધાર્થભાઈ (વડોદરા) કહે : 'આપનામાં શ્રીજી-મહારાજ સાક્ષાત્ રહ્યા છે, એટલે આપ જ શ્રીજી-મહારાજ છો ને ?'

સ્વામીશ્રી કહે : 'આપણે તો શ્રીજીમહારાજને કર્તા માન્યા છે, એટલે શ્રીજીમહારાજ જ બધું કરે છે. એ જ કરે છે એટલે આપણને નિરાંત રહે છે. જો એમ ન માનીએ તો ઉપાધિ રહે. બીજો કોઈ હોય, બે દાડામાં ઊપડી જાય, હાર્ટફેલ થઈ જાય.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'આટલી પ્રવૃત્તિ અને આટલો કાર્યભાર આપ સંભાળો છો, પણ આપનો ચહેરો ક્યારેય ઉદાસ જોયો નથી.'

સ્વામીશ્રી કહે : 'ઉદાસ થઈનેય કરવાનું શું ?'

સ્વામીશ્રીની સહજ સ્થિતપ્રજ્ઞતા અત્યારેય એમના હાવભાવ અને વાર્તાલાપમાં ઝળકી રહી હતી.

•

આજે સાંજે જ પ્રયાસવીનભાઈએ સ્વામીશ્રીને વિનંતી કરતાં કહ્યું હતું કે 'હું કેટલાંય વરસોથી જોઉં છું કે આપ આખી દુનિયાના ભલા માટે ખૂબ જ ફિકર કરો છો અને એટલે જ અમને એમ થાય છે કે અહીં આવીને આરામ કરો.'

વળી, રાત્રે આરામમાં જવા માટે સ્વામીશ્રી પલંગ ઉપર વિરાજ્યા ત્યારે ભગવતચરણ સ્વામીએ પણ કહ્યું : 'શાંતિથી ઊઠજો, કોઈ ઉતાવળ કરશો નહિ. અહીં આપને રોક્યા એ દરમ્યાન મિટિંગો પણ ગોઠવી નથી. એટલે શાંતિથી ઊઠજો.'

સ્વામીશ્રી તરત જ કહે : 'સાધુના ધરમમાં આવું લખ્યું છે ? સાધુએ તો સવારે વહેલા ઊઠવું, મંગળામાં જવું, એ રીત રાખવાની હોય. એટલે તમારે આવો ઉપદેશ જ ન આપવો. મને પણ નહિ ને બીજાને પણ નહિ, નહિ તો બધા આળસુ થઈ જાય.'

સ્વામીશ્રી હંમેશાં જાણપણારૂપ દરવાજે રહે છે અને આપણને પણ શિખવાડે છે.

•

તા. ૮-૧-૨૦૧૦, મધુભાન રિસોર્ટ

સાંજે સ્વામીશ્રી પત્રો વાંચી રહ્યા હતા. ત્યાં સમાચાર આવ્યા મૂળ ઠાસરાના સંનિષ્ઠ હરિભક્ત ડૉ. મધુભાઈ દેસાઈ અક્ષરનિવાસી થયા છે. સ્વામીશ્રીએ ફોન જોડાવ્યો અને મધુભાઈના પુત્ર કિશોરભાઈ અને પૌત્ર હેતલભાઈ દેસાઈ સાથે વાત કરતાં કહ્યું કે 'મધુભાઈએ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો ખૂબ લાભ લીધો છે અને ખૂબ સેવા કરી છે, એટલે તેઓ ધામમાં જ બેસી ગયા છે. આશીર્વાદ છે.'

બે દિવસ પહેલાં જ્યારે તેઓ સંપૂર્ણ પથારીવશ હતા, ત્યારે વડોદરામાં રહેતા તેઓના સુપુત્ર ધવલભાઈ સાથે ફોનમાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું હતું કે 'હવે મહારાજ ધામમાં લઈ જશે.' ત્યારે તેઓના પરિવારજનોને પ્રતીતિ આવી ગઈ કે 'હવે બાપુજી ધામમાં જ બેસવાના છે.' અને ડૉ. મધુભાઈએ પણ તેઓના પુત્રને કહ્યું કે 'હવે હું ધામમાં જઈશ, માટે કોઈ શોક કરશો નહીં. મારી પાછળ સાકર વહેંચજો. મારા દેહની અંતિમ ક્રિયા કરો ત્યારે ઢોલ વગાડજો અને અબીર-ગુલાલ ઉડાડજો.' અને એ જ રીતે સમગ્ર પરિવારે સ્વામીશ્રીના વચનની સંપૂર્ણ પ્રતીતિ સાથે નિષ્ઠાપૂર્વક અગ્નિસંસ્કાર પહેલાં સ્મશાન-યાત્રામાં સાકર વહેંચાવી અને અબીર-ગુલાલ ઉડાડીને ઢોલ વગડાવ્યા. સ્વામીશ્રીને આ સમાચાર પ્રાપ્ત થયા ત્યારે

સ્વામીશ્રી પણ રાજી થયા.

•

તા. ૯-૧-૨૦૧૦, મધુભાન રિસોર્ટ

સ્વામીશ્રી ને સંતોની વ્યવસ્થા માટે પ્રયાસવીનભાઈએ નિરંજનભાઈ મહારાણા નામની એક વ્યક્તિને નિયુક્ત કર્યા હતા. સ્વામિનારાયણ સંપ્રદાયના નામથી પણ તેઓ ભડકતા હતા, પરંતુ સ્વામીશ્રીની સાધુતા અને દિવ્યતાનો જાદુ તેમને અસર કરી ગયો, કારણ કે નામથી દૂર ભાગનારા નિરંજન મહારાણા અત્યારે સ્વામીશ્રીની આજુબાજુ જ ભમી રહ્યા હતા. શરૂઆતમાં જે અણગમો હતો એ પણ ઓગળી ગયો હતો. સવારે વહેલા આવીને મોડી રાત સુધી તેઓ ખડે પગે રહેતા હતા, એને કારણે એમનાં પત્ની કહે : 'તમે સાધુ તો નથી થઈ જવાના ને ?'

ત્યારે હસતાં હસતાં મોડી રાત્રે ગયેલા તેઓ રમૂજમાં કહે : 'કદાચ એવું પણ બને. એટલે બિહારમાં રહેતા તારા પિતાજીને ફોન કરી દેજે.'

અને પત્નીએ સાચેસાચ પોતાના પિતાને ફોન કર્યો ને એની થોડી ઘણી શીઘ્ર પ્રતિક્રિયાઓ પણ થવા લાગી, ત્યારે મહારાણાએ પોતાનાં ધર્મપત્નીને કહ્યું : 'તું પણ એક વખત પ્રમુખસ્વામી મહારાજની પૂજામાં દર્શને આવ.' અને એક દિવસ તેઓ પણ પૂજામાં આવ્યાં અને જાણે કે તેઓને પણ પારસ સ્પર્શી ગયો.

'એક ઘડી આધી ઘડી...'ની વિભાવના અહીં સત્ય ઠરતી હોય એવું અનુભવાતું હતું.

•

પ્રયાસવીનભાઈ તથા જાણીતા બિઝનેસમેન ચાર્લ્સ પટેલ સ્વામીશ્રીનાં દર્શન કરવા મુલાકાતકક્ષમાં બેઠા હતા. વાતમાંથી વાત કરતાં સ્વામીશ્રીએ કેટલીક વાત ગાંઠે બંધાવતાં કહ્યું : 'કુટુંબમાં સંપ સૌથી અગત્યનો છે. સંપ, સુહૃદભાવ અને એકતા, એકબીજાનો પ્રેમ રહે અને એકતા રહે એ જરૂરી છે. મતભેદ તો થાય, પણ એનાથી મનભેદ ન થાય તો દુઃખ ન થાય. યોગીજી મહારાજ કહેતા કે એવા ઘરમાં સંપત્તિની સાથે સાથે સુખ પણ આવે છે.' વળી, સ્વામીશ્રી કહે : 'દરેકનો આદર કરવો. દરેક ધર્મનો આદર કરવો. કોઈનો અનાદર ન કરવો, પણ અનુસરવું તો એકને જ.'

•

તા. ૧૦-૧-૨૦૧૦, મધુભાન રિસોર્ટ

પૂજા કર્યા પછી સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે ગઈકાલની જેમ જ આજે પણ પ્રયાસવીનભાઈ સાથે સ્વામીશ્રીએ પાંચ-દસ મિનિટ વાતો કરીને સુખ આપ્યું. વાર્તાલાપ દરમ્યાન સ્વામીશ્રી કહે : 'સૌની સાથે સંબંધો એ બહુ મોટી વાત છે. નાના માણસો સાથેનો સંબંધ વધારે અગત્યનો છે.'

પ્રયાસવીનભાઈ કહે : 'મારા પિતાશ્રી કહેતા, એમ મને પણ મનમાં એમ રહે છે કે આપણે તો કમાયા ઘણું છીએ, પણ આપણા કર્મચારીઓ પણ કમાય અને ભારત દેશ પણ આગળ આવે એવું કરવું છે.'

સ્વામીશ્રી કહે : 'હું એકલો જ બધું પોતાનું કરી લઉં, એવું નથી એ બહુ સારી ભાવના છે.'

•

રોજની જેમ ૧૧:૦૦ વાગે સ્વામીશ્રી સ્વિમિંગપૂલની ફરતે વિહાર કરવા પધાર્યા અને થોડી વાર આંબા નીચે વિશ્રામ કરવા માટે ખુરશી ઉપર વિરાજ્યા. એ દરમ્યાન જામનગરના પ્રખ્યાત ઑર્થોપેડિક સર્જન ડૉ. વી. એમ. શાહ દર્શન માટે આવ્યા. યોગાનુયોગ આજે આ રિસોર્ટમાં ગાયનેકોલોજિસ્ટ ડૉક્ટરોની એક કૉન્ફરન્સ હતી. એ કૉન્ફરન્સમાં આમંત્રિત મહેમાનરૂપે તેઓ અહીં આવ્યા હતા. તેઓને ખબર પડી કે પ્રમુખસ્વામી મહારાજ અહીં વિરાજે છે, એટલે ખાસ દર્શન કરવા આવ્યા.

સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા. ત્યારબાદ સામે બેઠેલા વિવેકસાગર સ્વામી તથા આત્મસ્વરૂપ સ્વામીએ તેમને દિલ્હીના અક્ષરધામ પરિસરની કેટલીક વિશેષતાઓની વાત કરી. મુખ્યત્વે સ્વામીશ્રી અદ્‌ભુત સર્જન તો કરે જ છે, પણ સાથે સાથે એ સંકુલ કાયમ સ્વચ્છ રહે એ માટે સ્વામીશ્રી ખૂબ ચોકસાઈ પણ રખાવે છે... વગેરે વાતો થઈ.

સ્વામીશ્રી થોડી વાર પછી પુનઃ વિહાર કરવા માટે ઊભા થયા. સ્વિમિંગપૂલ ફરતે એક રાઉન્ડ પૂરો કરીને સ્વામીશ્રી ડૉ. વી. એમ. શાહ જ્યાં બેઠા હતા એ જગ્યાએ જ પાછા આવ્યા. ચાલતાં ચાલતાં જ સ્વામીશ્રી તેઓને કહે : 'સાહેબ ! અહીંની સ્વચ્છતા પણ જોવા જેવી છે. બધી જ જગ્યાએ ખૂણે ખૂણે ખૂબ સ્વચ્છતા રાખી છે.'

અન્ય સંતો જ્યારે સ્વામીશ્રીના ગુણગાન ગાઈ રહ્યા હતા ત્યારે સ્વામીશ્રી બીજાના ગુણ ગાતા હતા. બીજાના ગુણને બિરદાવવા એ સ્વામીશ્રીની સહજ પ્રકૃતિ છે.

•

તા. ૧૧-૧-૨૦૧૦, મધુભાન રિસોર્ટ

પ્રયાસવીનભાઈ સવારે વાર્તાલાપ દરમ્યાન કહે : 'આપના હાથમાં તો જાદુ છે.'

સ્વામીશ્રી કહે : 'જાદુ કાંઈ નથી. બધું ભગવાન કરે છે. એ પ્રેરણા કરે છે. કર્તાહર્તા એ છે. બ્રહ્માંડોનું તંત્ર એ ચલાવે છે.'

•

આજે સ્વામીશ્રી વિદાય લઈને અટલાદરા પધારવાના હતા. સ્વામીશ્રી અહીં રહ્યા એ દરમ્યાન સ્વામીશ્રીના નિવાસસ્થાનની બાજુમાં હંગામી ધોરણે એક રસોડું ઊભું કરવામાં આવ્યું હતું અને અહીં આવનાર સંતો તથા આમંત્રિત હરિભક્તો અહીં જમતા હતા. આજે વિદાય લેવાની હતી ત્યારે ભોજન અંગીકાર કરતાં કરતાં સ્વામીશ્રીએ ઘનશ્યામપ્રસાદ સ્વામીને બોલાવ્યા અને કહ્યું : 'અમે તો અત્યારે જ જમીને નીકળી જઈએ છીએ, પણ તમે અહીં રોકાજો અને વાઇન્ડ-અપ કરીને બધું ચોખ્ખું કરીને સાફસૂફી કરાવીને પછી જ નીકળજો.'

સ્વામીશ્રીની આ સહજ પ્રકૃતિ છે. મહેમાન કઈ રીતે થવું એ પણ સ્વામીશ્રી પાસે શીખવા જેવું છે.

•

વિદાય વેળાએ સ્વામીશ્રી જ્યારે ગાડી આગળ પધાર્યા ત્યારે પ્રયાસવીનભાઈ કહે : 'બસ, મારી એટલી જ ઇચ્છા હતી કે અહીં આપને આરામ થાય ને આપ અહીંથી પધારો ત્યારે આપનું હસતું મોઢું મારે જોવું છે, મારી એ ઇચ્છા પૂરી થઈ.'

સ્વામીશ્રી કહે : 'અમે પણ માફી માગીએ છીએ કે સંતો-હરિભક્તો અહીં દર્શન માટે આવતા અને એ લોકો આવી શિસ્તથી ટેવાયેલા ન હોય અને એમનાથી કાંઈ થઈ ગયું હોય તો એમના વતી અમે માફી માગીએ છીએ.'

સ્વામીશ્રીનાં આવાં વિનમ્ર વચનો સાંભળીને પ્રયાસવીનભાઈ નતમસ્તક બની ગયા. સ્વામીશ્રીની મહાનતાનો તેમને વિશેષ પરિચય મળ્યો.

•

અટલાદરા (વડોદરા) જવા માટે સ્વામીશ્રી ગાડીમાં વિરાજ્યા. બહાર પ્રયાસવીનભાઈ વગેરે ઊભા હતા. એમના કર્મચારીઓ પણ ઊભા હતા. વિદાય વખતનું દૃશ્ય લાગણીસભર હતું. ચારે બાજુ સૌ દર્શન માટે ઊમટ્યા હતા. ગાડીમાં વિરાજીને સ્વામીશ્રીએ પ્રયાસવીનભાઈને નજીક બોલાવ્યા. ગાડીની બારીના કાચ આગળ તેઓ આવ્યા. સ્વામીશ્રીને એવા સમાચાર મળ્યા હતા કે પૂજામાં લાભ લેવા આવતા ભાવિકો ખોટી રીતે પાર્કિંગ કરીને લાભ લેવા આવી જતા હતા. એ વિભાગનો ચોકીદાર ગમે એટલું કહે પણ કોઈ સાંભળતું ન હતું, પરિણામે એક વખત રિસોર્ટના સંચાલક ત્યાંથી નીકળ્યા અને જોયું કે ગાડીઓ ખોટી જગ્યાએ પાર્ક થયેલી છે, એટલે ચોકીદારને બોલાવીને કહ્યું કે 'તું ધ્યાન કેમ નથી રાખતો ?' અને ચોકીદારે કહ્યું કે 'સાહેબ ! હું તો ઘણું કહું છું, પણ ભાવિકો માનતા નથી.' આ વાત સાંભળીને શિસ્તનો આગ્રહ હોવાથી સંચાલકે ચોકીદારને નોકરીમાંથી પાણીચું પકડાવી દીધું. સ્વામીશ્રીએ અત્યારે એ સંદર્ભ સાથે ધીમે રહીને માલિક પ્રયાસવીનભાઈને કહ્યું કે 'હરિભક્તોની ભૂલ હતી, એટલે પેલા ચોકીદારને જો શક્ય હોય તો પાછો લઈ લેજો.'

પ્રયાસવીનભાઈની કલ્પનામાં પણ આ વાત હતી નહીં. તેઓ તરત જ કહે : 'એ તો હું લઈ જ લઈશ.'

સ્વામીશ્રીની આવી વિનમ્રતા અને નેતૃત્વની મહાનતા તેઓના અંતરમાં સ્પર્શી ગઈ. સ્વામીશ્રી જેટલી અગત્યતા રિસોર્ટના માલિક પ્રયાસવીનભાઈને આપે છે એટલી જ કાળજી તેઓના રિસોર્ટમાં કામ કરતા એક સામાન્ય ચોકીદાર માટે પણ રાખે છે, એ વાત સૌનાં અંતરમાં સ્પર્શી ગઈ. સૌને નેતૃત્વની નવી રીત શીખવા મળી.

•

તા. ૧૩-૧-૨૦૧૦, વડોદરા

મૂળ પીપલગ ગામના અને અમેરિકા રહેતા એક હરિભક્ત દર્શને આવ્યા. તેઓને અમેરિકામાં મૉટલોનો અને અહીં હૉટલનો બહુ મોટો ધંધો છે. આજે તેઓ કહે : 'અમારી મૉટલમાં બે-ત્રણ માળ વધારવાના છે.

આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રીએ તેઓને કહ્યું : 'એવી રીતના સત્સંગમાં પણ બે-ત્રણ માળ વધારજો.'

સત્સંગમાં આગળ વધવાની સ્વામીશ્રીએ વિશિષ્ટ પ્રેરણા આપી.

•

એક યુવકનો ફોન આવ્યો. એની ફરિયાદ એ હતી કે પોતે બારમા ધોરણમાં અભ્યાસ કરી રહ્યો હતો, પરંતુ ઘરે માતા-પિતા દિવસમાં બે-ત્રણ વાર ઝઘડતા હતા. એને લીધે વાંચનમાં મન લાગતું ન હતું. વાંચી શકાતું ન હતું અને પેલા જ વિચારો આવતા હતા. માતા-પિતા સમજતાં નથી ને એનો અભ્યાસ બગડે છે અને માર્ચમાં જ પરીક્ષા છે.

સ્વામીશ્રીએ એની વાત સાંભળી અને ત્યારપછી કહ્યું : 'જો સાંભળ, માતા-પિતાના ઝઘડામાં તારો અભ્યાસ બગડે છે તો તું એક કામ કર. તારાં કોઈ સગાંવહાલાં હોય એને ઘરે વાંચવા જા અથવા તો ત્યાં આપણું મંદિર છે ત્યાં આવી જા અને શાંતિથી અભ્યાસ કર. હમણાં તું તારાં માતા-પિતાને ભૂલી જા. એ વિચાર કરીશ જ નહીં અને અભ્યાસ કર. જો માતા-પિતાના ઝઘડાનો વિચાર કરીશ તો ભણી નહીં શકે. અમે પ્રાર્થના કરીશું કે ઘરમાં શાંતિ થાય અને તારો અભ્યાસ સારો થાય અને પરીક્ષા સારી જાય.' અંગત કાર્ય ગૌણ કરીને સ્વામીશ્રીએ યુવાનની વ્યથા પહેલાં સાંભળી.

•

સાંજે સ્વામીશ્રી પત્રવાંચન કરી રહ્યા હતા એ દરમ્યાન અમેરિકા તથા કેનેડાના સંતો ગુણસાગર સ્વામી, અમૃતચરિત સ્વામી, અનુપમ સ્વામી, સ્નેહમુનિ સ્વામી અને પ્રિયેશમુનિ સ્વામી આવી પહોંચ્યા. સ્વામીશ્રી આ સૌને પ્રેમથી મળ્યા. અત્યારે અમેરિકા ને કેનેડામાં વિક્રમ સર્જક ઠંડી પડી રહી છે એ સમાચાર સંતોએ આપ્યા. એમાં અનુપમ સ્વામી કહે : 'કેનેડામાં તો બહુ ઠંડી છે.'

સ્વામીશ્રી તરત જ કહે : 'આત્માનું આવરણ ચડાવી દીધું હોય તો પછી ઠંડી પણ નહીં અને ગરમી પણ નહીં. દેહ માનીએ તો સુખદુઃખ આવે, પણ આત્મા માનીએ તો સુખ, સુખ ને સુખ.'

•

તા. ૧૪-૧-૨૦૧૦, વડોદરા

મંદિરે દર્શન કરીને સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના ખંડમાં દર્શન કરવા જઈ રહ્યા હતા. આજે ઉત્તરાયણ નિમિત્તે ઝોળીદાનનો માહોલ સર્વત્ર છવાયો હતો. લીંબડા આગળ ઊભેલા કાર્યકરોએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! ઝોળીમાં અમને શું ભેટ આપશો ?'

સ્વામીશ્રી કહે : 'બસ, તમે બધા ગામોગામ ફરીને સત્સંગ કરાવતા રહો એ આશીર્વાદ છે.'

•

ત્યાગરત્ન સ્વામી સ્વામીશ્રીને કહે : 'હકાબાપુ કહેતા કે આપમાં અને શાસ્ત્રીજી મહારાજમાં જરાય ફરક નથી. આપ શાસ્ત્રીજી મહારાજમય છો અને આપે શાસ્ત્રીજી મહારાજને યથાર્થ સેવ્યા છે, એટલે બધી ક્રિયાઓ શાસ્ત્રીજી મહારાજ જેવી થાય છે અને ક્યારેક તો શાસ્ત્રીજી મહારાજ જ હો એવું લાગે છે.'

સ્વામીશ્રી કહે : 'એમનામાં જે તેજ હતું એ જુદું જ હતું. આપણી વાત તો જુદી છે. એમના આશીર્વાદથી અત્યારે બધું ચાલે છે.'

•

સ્વામીશ્રી ભ્રમણ કરીને ખુરશી ઉપર વિરાજમાન હતા, સામે સંતો બેઠા હતા. ત્યાગરત્ન સ્વામીએ વિનંતી કરતાં સ્વામીશ્રીને કહ્યું : 'આપ જે દુઃખ સહન કરો છો, એ ૮૦૦ સંતોમાં વહેંચી દેવું જોઈએ.'

આ સાંભળીને મંદ સ્મિત કરતાં સ્વામીશ્રી કહે : 'એક દહાડોય ઊભું ન રહેવાય.'

યોગીચરણ સ્વામી કહે : 'ટ્રાય તો કરો ! આપ કહો છો એ બરાબર છે, એક દહાડો ઊભું ન રહેવાય, તો એક એક કલાક વહેંચી લઈશું.'

સ્વામીશ્રી કહે : 'સૌ સૌની રીતે ભોગવી લે એ સારું છે.'

સ્વામીશ્રી લાખો હરિભક્તોનાં કેટકેટલાં દુઃખ વણકહ્યે સહન કરતા હશે કે બોલી ઊઠ્યા કે એક દહાડોય ઊભું ન રહેવાય !

•

સ્વામીશ્રી પલંગ ઉપર વિરાજમાન થયા ત્યારે યોગીચરણ સ્વામી કહે : 'અત્યારે શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણ સ્વામી હયાત હોત અને યોગીજી મહારાજ હોત તો તો આપનું કાર્ય જોઈને કેટલા બધા રાજી થાત

કે પ્રમુખસ્વામીએ કેવું કાર્ય કર્યું !'

સ્વામીશ્રી તરત જ કહે : 'પ્રમુખસ્વામી છે જ ક્યાં ? જે કંઈ થયું છે એ એમના સંકલ્પથી જ થયું છે ને !'

•

તા. ૧૯-૧-૨૦૧૦, વડોદરા

સ્વામીશ્રી ખુરશી ઉપર વિરાજમાન હતા. અમેરિકાથી આવેલા ત્યાગરત્ન સ્વામીએ દેવવંદન સ્વામીની સેવાઓની વાત કરતાં કહ્યું : 'તેઓ આમ તો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે, છતાં શિકાગોમાં બગીચાની તથા મેઈન્ટેનન્સની સેવાઓ કરે છે. જે કોઈ દર્શને આવે છે એ બગીચો જોઈને ખૂબ રાજી થાય છે. વળી, પૂર્વાશ્રમમાં તેઓ મર્સીડીસ ફેરવતા હતા, છતાં આવી સેવા વિનમ્રભાવે ખૂબ મહેનત સાથે કરે છે.'

સ્વામીશ્રી દેવવંદન સ્વામીને કહે : 'આ તમારી મોટી સેવા થાય છે. બગીચો જોઈનેય બધાને સમાસ થાય.'

પછી તેઓ કહે : 'આપણે બધાએ પણ આ જ સમજવાનું છે. હોદ્દા હોય, અધિકાર હોય, પણ માન ન આવવું જોઈએ. જે સેવા મળે એ ઠાકોરજીની છે, એમ સમજીને મહિમાથી કરવી. હોદ્દાનું માન આવવું જ ન જોઈએ. દાસ થયા, સેવક થયા એ જ મોટો હોદ્દો ને !'

ત્યાગરત્ન સ્વામી કહે : 'આપે હંમેશાં એવું જ કર્યું છે ને ! આપના પગલે પગલે અમારે ચાલવાનું છે.'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'હું અહીં અને તમે ત્યાં (અમેરિકામાં) તો કઈ રીતે પગલે પગલે ચલાય ?' પછી કહે : 'આજ્ઞા પાળીએ એટલે પગલે પગલે ચાલ્યા કહેવાઈએ.'

•

તા. ૨૦-૧-૨૦૧૦, વડોદરા

સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા વિરાજ્યા. એ દરમ્યાન એક ગુણભાવીની વાત કરતાં વિવેકસાગર સ્વામી કહે : 'એ હંમેશાં એમ કહેતા કે આમ તો હું બધી જ રીતે સારો છું - ગરીબોને મદદ કરું છું, સમાજમાં પણ સેવા કરું છું, પણ એક દારૂ પીઉં છું, એમાં તો બધાએ મને લિસ્ટમાંથી કાઢી મૂક્યો.'

આ સાંભળીને હસતાં હસતાં સ્વામીશ્રી કહે : '૯૯ વસ્તુ સારી છે, પણ પેલું એક છે ને એટલે ૯૯ ખોટા થઈ જાય.' આટલું કહીને સ્વામીશ્રી કહે : 'આટલું જાણવા છતાં મૂકી કેમ નથી શકતા ?'

•

ન્યૂઝીલેન્ડથી એક યુવકનો ફોન આવ્યો. તેઓ કહે : 'ધંધો લેવા માટે પ્રયત્ન કરું છું, પણ મેળ પડતો નથી. જ્યોતિષને મળ્યા તો તે કહે છે કે તમને ગ્રહ નડે છે. શું કરવું ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન આગળ કોઈ ગ્રહ નડતા નથી. ભગવાનનો આશરો રાખવો ને ભગવાનને સંભારી પ્રયત્ન કરજો. સર્વકર્તા ભગવાન છે. ભગવાનની ઈચ્છાથી બધું થાય છે. ભગવાનમાં શ્રદ્ધા ને વિશ્વાસ રાખજો. ભગવાન બધું સારું કરશે.'

•

સ્વામીશ્રી પત્ર વાંચી રહ્યા હતા એ દરમ્યાન એક જાણીતા યુવકનો ફોન આવ્યો. એણે કહ્યું : 'ધંધામાં સરખાઈ નથી આવતી. જ્યોતિષને વાત કરી તો તે કહે...'

સ્વામીશ્રી કહે : 'અલ્યા, તું ક્યાં ભૂલો પડ્યો ? તારા દાદાના બાપુજીએ શાસ્ત્રીજી મહારાજને કેટલા રાજી કર્યા હતા ? તારે કહેવું કે મારા ગુરુ તો બળવાન છે. શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ જેવા ગુરુ મળ્યા છે, માટે બીજા ગુરુની જરૂર નથી. ભગવાનનો આશરો દૃઢ રાખજે, ભજન કરજે, બધું સારું થશે.'

•

તા. ૨૩-૧-૨૦૧૦, વડોદરા

સ્વામીશ્રી ઠાકોરજી જમાડતા હતા. એ દરમ્યાન પ્રબુદ્ધમુનિ સ્વામીએ તથા પૂજારી મંગલતીર્થ સ્વામીએ અત્યારે યુ.કે.માં, લંડનમાં ભણી રહેલા ભારતીય વિદ્યાર્થીઓની દુર્દશાની વાત કરી. ઈંગ્લેન્ડની સરકારી નીતિને કારણે અને નોકરી ન મળવાને કારણે ભારતથી દેવું કરીને ભણવા ગયેલા વિદ્યાર્થીઓ કાર-પાર્કિંગમાં ભરશિયાળામાં સૂઈ રહે છે. નોકરી ન મળવાને કારણે ભૂખમરો વેઠવાની દશા આવે ત્યારે માંગી-ભીખીને ખાવું પડે છે. આ સંદર્ભમાં કેટલાંક દૃષ્ટાંતો પણ કહ્યાં. સાથે સાથે એ પણ વાત કરી કે આપની પ્રેરણાથી મંદિરે દર શનિ-રવિ આપણે આ સૌને મફત જમાડીએ છીએ અને જે કોઈ આ રીતે દુઃખ-દર્દ લઈને આવે એ બધાને આશ્વાસન પણ આપીએ છીએ અને કાંઈક નોકરી મળે

એ માટે પ્રયત્ન પણ કરીએ છીએ.'

સ્વામીશ્રી પ્રસન્ન થતાં કહે : 'આશ્વાસન આપીને બધાને જમાડો છો એ મોટું કામ છે.'

•

તા. ૨૪-૧-૨૦૧૦, વડોદરા

એક હરિભક્તને પરિવારમાં થોડોક મતભેદ હતો. સ્વામીશ્રીએ એક જ વાક્યમાં મતભેદ નિવારવાનું સૂત્ર આપતાં કહ્યું : 'ગમે તે મતભેદ હોય એ બધું ભૂલીને બાંધછોડ કરીને રહેવું.'

•

તા. ૨૮-૧-૨૦૧૦, વડોદરા

ક્ષૌરકર્મ દરમ્યાન લતીપુરા ગામની વાત નીકળતાં સ્વામીશ્રી કહે : 'પહેલાં એક સોમભાઈ હતા. એ અત્યારે છે કે નહીં ?' આમ, જૂના હરિભક્તને સ્વામીશ્રીએ યાદ કર્યા. જોકે અત્યારે વિચરણ કરતા નવી પેઢીના સંતોને સોમભાઈનો કશો ખ્યાલ હતો નહીં; પરંતુ વર્ષો જૂના હરિભક્તોનાં નામ સ્વામીશ્રીની જીભના ટેરવે કેવા આદરપૂર્વક રમે છે, તેનો સૌને પરિચય થયો.

•

સાંજે એક પત્ર વાંચવા માટે હાથમાં લીધો ને વાંચતાં વાંચતાં જ કરુણાર્દ્ર થઈને સ્વગત બોલવા લાગ્યા : 'બીચારા બધા બહુ દુઃખી છે.'

•

દેવસ્વરૂપ સ્વામી દર્શન માટે બેઠા હતા. તેઓને જોતાં સ્વામીશ્રી કહે : 'દાસ ! તમારી વાત કરો. શું કરો છો ?' સામેથી જ સ્વામીશ્રીએ તેઓને આદેશ આપ્યો. એમાં સ્વામીશ્રીનો ઉમળકો જોઈ શકાતો હતો.

દેવસ્વરૂપ સ્વામી આત્મનિષ્ઠ સંત છે. શિયાળામાં પણ બહાર નાનકડી પાટ ઉપર સૂઈ રહે છે. જીવનમાં ક્યારેય રજાઈ ઓઢી નથી, ઓશીકું વાપર્યું નથી, મચ્છરદાની પણ વાપરી નથી. તેઓના કહેવા પ્રમાણે મચ્છરો તો મારી પાસે આવતા જ નથી. ૭૦ વર્ષની ઉંમર હોવા છતાં બધી જ ક્રિયાઓ જાતે કરે છે. તેઓની આવી આત્મનિષ્ઠ પ્રકૃતિથી સ્વામીશ્રી ખૂબ રાજી છે.

•

તા. ૨૯-૧-૨૦૧૦, વડોદરા

બહાર ચોકમાં પ્રહ્‌લાદભાઈ રાવ નામના વયોવૃદ્ધ સંનિષ્ઠ અને જૂના હરિભક્ત ખુરશી ઉપર બેઠા હતા. શાસ્ત્રીજી મહારાજના વખતના સત્સંગી અને સંસ્થા માટે સર્વસ્વ અર્પણ કરી દેનાર આ હરિભક્ત વડોદરા સત્સંગ મંડળના જૂના હરિભક્તો પૈકીના એક છે.

સ્વામીશ્રી નજીકથી તેઓને મળ્યા અને કહ્યું : 'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજનું ખૂબ ભજન કર્યું છે એટલે સુખિયા છો.'

પ્રહ્‌લાદજી કહે : 'બાપા ! હું તૈયાર છું, અક્ષરધામમાં લઈ જાવ.'

સ્વામીશ્રી કહે : 'બરાબર તૈયાર થાવ એટલે આવીને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ લઈ જશે.'

તેઓ કેફથી કહે : 'તૈયાર જ છું.'

સ્વામીશ્રી કહે : 'બસ, તો તેડી જશે.'

અને થોડા જ દિવસ પછી હસતાં હસતાં આ સંનિષ્ઠ સત્સંગી અક્ષરધામ સિધાવ્યા.

•

એક હરિભક્તના દેશકાળ બહુ ખરાબ થઈ ગયા હતા. તેઓ આર્થિક સંકડામણથી હારી જઈને આપઘાત કરવાનો વિચાર કરતા હતા. સ્વામીશ્રીએ પ્રેમથી એમને કહ્યું : 'આપઘાત તો ક્યારેય ન કરવો. મરી ગયા પછી શું ? જીવતો નર સો ભદ્રા પામે. જીવતા છીએ તો બધું સારું થશે.'

પેલા હરિભક્ત કહે : 'પણ બધી રીતે મુશ્કેલીઓમાં એવો ઘેરાઈ ગયો છું કે ધર્માદાના પૈસા પણ આપી શકતો નથી.'

સ્વામીશ્રી કહે : 'તમારી ભાવના સારી છે, પણ દેશકાળ સારા ન હોય તો એવો આગ્રહ ન રાખવો કે ધર્માદાના પૈસા આપવા. સેવા ઘણી રીતે થાય છે. અત્યારે દેહે કરીને પણ થશે. માટે એ કરજો અને મનમાં ઓછું લાવતા નહીં.'

•

તા. ૩૦-૧-૨૦૧૦, વડોદરા

ઠાકોરજીનાં દર્શન કરીને ગુરુશિખરમાં વિરાજિત ગુરુવર્યોનાં દર્શન કરીને સ્વામીશ્રી લિફ્ટ આગળ પધાર્યા ત્યારે એક સંતે ગાયું : 'આપણને જે મળ્યા છે એ રહે છે માયાપાર.'

આ સાંભળીને સ્વામીશ્રી કહે : 'તું થયો છે

માયાપાર ?'

'આપ દયા કરજો.'

સ્વામીશ્રી કહે : 'તૈયાર છું ?' આટલું કહીને હસતાં હસતાં કહે : 'હાડકાં-પાસળાં એક થઈ જશે !'

•

તા. ૩૧-૧-૨૦૧૦, વડોદરા

ઉતારેથી સ્વામીશ્રી પૂજામાં પહોંચે એ દરમ્યાન વચ્ચે વચ્ચે નાના-મોટા તમામ સ્વામીશ્રીની નજર મેળવવા પ્રયત્ન કરતા રહે છે. કેટલીક જગ્યાઓમાં બાળકો, યુવકો કે હરિભક્તો નાની-મોટી રજૂઆતો પણ કરતા રહે છે. રજૂઆતના આ સ્મૃતિવિરામો ક્યારેક પ્રેરણાકેન્દ્ર બની રહે છે. આજે સ્વામીશ્રી નીલકંઠ વર્ણી અભિષેક મંડપ તરફ જઈ રહ્યા હતા ત્યારે આજે અહીં ઊજવાનાર વાલીદિન નિમિત્તે બાળકોએ જુદી જુદી જગ્યાએ સ્મૃતિવિરામો રચ્યાં હતાં. આ સ્મૃતિવિરામોમાં બાપ-દીકરા વચ્ચે સર્જાતા વૈમનસ્ય અથવા તો પેઢીગત અવકાશની રજૂઆત થતી હતી.

આવા એક સ્મૃતિવિરામ પર એક બાપ સેલફોન પર મંડી પડ્યો હતો. બાપની બંને બાજુ ઊભેલા દીકરાઓ વિનંતી કરતા હતા કે 'બાપુજી ! અમારા માટે સમય ફાળવો.' અને પેલો બાપ ગુસ્સે થઈને આ બંનેને ધુત્કારીને દૂર ફંગોળતો હતો. સ્વામીશ્રી પધાર્યા ત્યારે આ દૃશ્ય ચાલુ હતું અને સાથે સાથે ઘણા બધા હરિભક્તો પણ આજુબાજુ ગોઠવાયેલા હતા. એમાંના એક હરિભક્તનો પરિચય જ્ઞાનવીર સ્વામી સ્વામીશ્રીને આપી રહ્યા હતા, પણ સ્વામીશ્રીએ સાંભળ્યું - ન સાંભળ્યું કરીને અભિનય કરતા બાળકો તરફ ફરીને કહ્યું : 'શું કહે છે તારો બાપ, ના પાડે છે ? તો પછી હવે એને મૂકીને ભગવાનને પકડ.'

સ્વામીશ્રી જ્યારે પસાર થતા હોય ત્યારે હજારો હરિભક્તો દર્શન માટે ઊમટતા હોય છે, એમાં પણ કેટલાકનો પરિચય પણ કરાવવાનો હોય છે. આ બધી વ્યસ્ત ક્ષણોની વચ્ચે પણ સ્વામીશ્રીએ બાળકની ભાવના સાંભળી અને સાથે સાથે બીજું કામ પડતું મૂકીને બાળક માટે સમય પણ આપ્યો.

પ્રવૃત્તિની અતિ વ્યસ્તતાઓની વચ્ચે પણ દરેક મા-બાપ પોતાના સંતાનનો અવાજ સાંભળતાં શીખે અને એના કાલાવાલાને સ્વીકારીને એને સાંભળતાં શીખે એ સંદેશો સ્વામીશ્રી આપતા હતા.

•


એક હાડવૈદ્ય દર્શને આવ્યા. તેઓ બધાનો રોગ મટાડતા હતા, પરંતુ તેઓને વ્યસન હતું. આ જાણીને તેમને વ્યસનમુક્ત થવાની પ્રેરણા આપતાં સ્વામીશ્રી કહે : 'તમારું વ્યસન તો જાય, પણ જે તમારે ત્યાં સારવાર માટે આવે એ દર્દીને પણ વ્યસન જાય એ રીતની વાતો કરજો.'

•

સ્વામીશ્રી સભા પછી ઉતારા તરફ આવી રહ્યા હતા. પૅસેજમાં કેટલાક યુવકો બેઠા હતા. એ યુવકો પૈકી પાર્થ ઘાસવાલાએ સ્વામીશ્રીને કહ્યું : 'અમે અમારું જીવન આપને અર્પણ કરી શકીએ છીએ, યદિ આપ ચાહે તો !'

સ્વામીશ્રીએ તરત જ પ્રત્યુત્તરમાં તેઓને કહ્યું : 'યદિ આપ ચાહે તો !'

પ્રસંગમ્



ફેબ્રુઆરી ૨૦૧૦



'ભગવાન સ્વામિનારાયણ આ પૃથ્વી ઉપર પધાર્યા એનું મુખ્ય કારણ એ જ હતું કે અનંત જીવનું કલ્યાણ થાય. એ માટે સંતો કર્યા, સંતો ગામોગામ વિચર્યા. ભગવાન અને સંત આપણને શાંતિ આપવા પધારે છે. એમને આપણી પાસેથી કંઈ લેવું નથી અને લે છે તો પણ આપણને જ પાછું આપે છે. આપણી પાસેથી લઈને આપણને સુખ થાય એ માટે આવાં મંદિરો, સંસ્કારધામ થાય એ કરે છે. ભારતીય સંસ્કૃતિમાં મંદિરો-શાસ્ત્રો-સંતોથી મહાન કાર્ય શાંતિનું થયેલું છે. અહીં વેદોક્ત શાસ્ત્રપ્રમાણે અક્ષરપુરુષોત્તમનું મંદિર થશે. હજારો લોકો લાભ લેશે અને એનાથી સુખ થશે.'

- પ્રમુખસ્વામી મહારાજ

તા. ૧-૨-૨૦૧૦, વડોદરા

દર સોમવારે સવારે ભ્રમણ કરતાં પહેલાં સ્વામીશ્રીનો ઇલેક્ટ્રોકાર્ડિયોગ્રામ લેવાતો હોય છે. પલંગ ઉપર સ્વામીશ્રીને સુવરાવવામાં આવે છે અને ત્યારપછી કાર્ડિયોગ્રામ લેવામાં આવે છે. આજે પણ ઇલેક્ટ્રો-કાર્ડિયોગ્રામ લેવાનો વિધિ પૂરો થયો. અહીં સ્વામીશ્રીનું ભ્રમણ બહારના ઓરડામાં હોય છે. એટલે કાર્ડિયોગ્રામ પૂરો થતાં જ સેવક પ્રદીપભાઈએ શયનકક્ષની બધી લાઇટ ચાલુ કરી દીધી.

આ વાતની નોંધ લેતાં સ્વામીશ્રી તરત જ કહે : 'પ્રદીપને કાંઈક કામ લાગે છે. આટલી બધી લાઇટો કરવાની જરૂર શું ?'

સ્વામીશ્રીનાં વચનો સાંભળીને પ્રદીપભાઈ કાંઈ બોલ્યા નહીં. એટલે વળી સ્વામીશ્રી કહે : 'આ તો કાંઈક વિચાર સાથે કદાચ કરી હોય એટલે પૂછું છું.'

જોકે ફક્ત સ્વામીશ્રીની સગવડ માટેના વિચાર સાથે જ તેઓએ કર્યું હતું, પરંતુ સ્વામીશ્રીને એ ન રુચ્યું એટલે સ્વામીશ્રીએ વધારાની લાઇટો બંધ કરાવી.

•

તા. ૨-૨-૨૦૧૦, વડોદરા

આજે સ્વામીશ્રીના ભોજન દરમ્યાન ઝોળી ઉત્સવની વાત નીકળી. વિવેકસાગર સ્વામી કહે : 'હું ઘણી વખત પ્રવચનમાં કહું છું કે શાસ્ત્રીજી મહારાજે ઝોળી માગીને મંદિરો કર્યાં એવી ઝોળીના છેલ્લા સાક્ષી એક પ્રમુખસ્વામી મહારાજ છે. બીજા બધા અત્યારે ઝોળી માગે છે, પણ એ વખતની જે પરિસ્થિતિ હતી અને જરૂરત હતી, એ સંદર્ભમાં અત્યારની ઝોળી તો ફક્ત માગવા પૂરતી માગીએ એવી છે.'

સ્વામીશ્રી કહે : 'અમારે દર ૧૫ દિવસે માગવા જવાનું થતું, અને અમારે તો મુઠ્ઠી મુઠ્ઠી દાળ અને ચોખા આવે.' આટલું કહીને સામે બેઠેલા ગુણસાગર સ્વામીને હસતાં હસતાં કહે : 'તમારે તો એય અમેરિકા ને લંડન બધે વિચરણ કરવાનું.'

ગુણસાગર સ્વામી કહે : 'એ બધું આપના પ્રતાપે જ છે ને ! અત્યારે પણ જે કાંઈ આવે છે એ આપના નામે આવે છે. બાકી અમને તો કોણ પૂછે ? આપના નામે દાન માગીએ ને લોકો આપે છે.'

સ્વામીશ્રી કહે : 'અમે માગીએ કે તમે માગો અને અહીં માગે કે ત્યાં માગે, બધું ભગવાન જ આપે છે. શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજનો પ્રતાપ છે એટલે એમના નામે આવે છે, બાકી આપણા નામે ક્યાં કંઈ આવે એમ છે ?' સ્વામીશ્રીએ બધો યશ પોતાના ગુરુઓનાં ચરણે ધરી દીધો.

વિવેકસાગર સ્વામી કહે : 'દિલ્હી અક્ષરધામની વાત કરીએ તો એ તો એક આપના પ્રતાપે જ થયું છે.'

સ્વામીશ્રી કહે : 'દિલ્હીનું તો ચમત્કાર જ લાગે. અક્ષરધામ કઈ રીતે થઈ ગયું એ જ ખબર પડતી નથી ! હરિભક્તોનું દાન એની જાતે આવી જાય, માલસામાન આવી જાય, પથ્થર ખાણમાંથી નીકળે અને એની ચેઇન થઈ જાય - ઘડાઈ પણ જાય. ભરાઈ પણ જાય, ત્યાં આવે એટલે ચોટકકામ પણ થઈ જાય. ખબર જ ન પડી કઈ રીતે થયું !' સ્વામીશ્રી સાવ અજાણ્યા બનીને આશ્ચર્યવત્ કહી રહ્યા હતા.

મેં કહ્યું : 'પરંતુ દાન લાવનાર એક આપ જ હતા.'

સ્વામીશ્રી કહે : 'આપ નહીં, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ હતા. એમનો પ્રતાપ. યોગી-બાપાનો સંકલ્પ એવો બળિયો કે પૈસા એની જાતે આવી જતા હતા. કામ પણ એવું ગોઠવાઈ ગયેલું કે

બધું એની જાતે થયા કરે અને થોડા સમયમાં થયું એ પણ એમનો પ્રતાપ.'

વિવેકસાગર સ્વામી કહે : ''આપ કામ ગોઠવાઈ ગયું એવી વાત કરો છો, પણ મૂળમાં આપ જ ન હોત તો ક્યાંથી ગોઠવાત ? આ તો દેવા ભગત જેવી વાત. દેવા ભગત એક વખત પ્લાન લઈને આવ્યા અને કહે, 'આ એક ચક્કરથી બીજું ચક્કર ચાલે અને બીજાથી ત્રીજું ચાલે અને ત્રીજાથી ચોથું ચાલે અને એ રીતે વીજળી ઊભી થાય.' ત્યારે મેં કહ્યું, 'એ તો બરાબર કે ચોથાથી ત્રીજું ચાલે ને ત્રીજાથી બીજું ચાલે, પણ પહેલું ચક્કર ક્યાંથી ચાલે ? કઈ રીતે ચાલે ?' તો દેવા ભગત કહે, 'એ તો હાલે.' એમ આપ કહો છો કે પથ્થર એની જાતે આવી જતા અને બધું જાતે ગોઠવાઈ જતું, પણ આપ ન હોત તો બીજાં ચક્કર ક્યાંથી ચાલવાનાં હતાં ?''

સ્વામીશ્રી કહે : 'એ બધું શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો પ્રતાપ છે.'

સ્વામીશ્રીએ આવા ભવ્ય કાર્યનો યશ પોતાના મસ્તકે ન લીધો, તે ન જ લીધો. ગુરુચરણે ધરી દીધો - સહજતાથી.

•

સ્વામીશ્રી ઉતારામાંથી લિફ્ટ દ્વારા નીચે પધારી રહ્યા હતા. એ દરમ્યાન ભંડારી આનંદવિજય સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! આપ અહીં રોકાયા એ દરમ્યાન સવા લાખ હરિભક્તોએ પ્રસાદનો લાભ લીધો.'

સ્વામીશ્રીએ ભંડારીને નજીક બોલાવીને આશીર્વાદ આપતાં કહ્યું : 'બસ, આ રીતે જ પ્રેમથી સૌને જમાડતા રહેજો. શાંતિથી, ધીરજ ગુમાવ્યા વગર કાર્યકરો સાથે પણ પ્રેમથી કામ લઈને એવું કામ કરવું કે જેથી બધા રાજી રહે અને ઉત્સાહથી સેવા કરે.'

•

સ્વામીશ્રી આજે અટલાદરાથી ગાંધીનગર પધારી રહ્યા હતા. સ્વામીશ્રી નીચે પધાર્યા ત્યારે મંદિરના પરિસરમાં હરિભક્તો ઊભરાતા હતા. નાના-મોટા તમામ કહી રહ્યા હતા કે 'બાપા ! દૃષ્ટિ રાખજો.' એમાં પણ મંદિરની પ્રદક્ષિણામાં બે સંતો બોર્ડ લઈને ઊભા હતા. બોર્ડમાં લખ્યું હતું કે 'બાપા ! વડોદરા તરફ દૃષ્ટિ રાખજો.'

સ્વામીશ્રી કહે : 'એક ભગવાન સામે દૃષ્ટિ છે, એટલે બીજા તરફ ક્યાંથી હોય ?'

•

આજે સ્વામીશ્રી અટલાદરાથી વિદાય લેવાના હતા. સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન કરવા માટે મંદિર ઉપર પધાર્યા. એ દરમ્યાન અક્ષરપ્રકાશ સ્વામી કીર્તન ગાઈ રહ્યા હતા : 'નહીં દઉં જાવા રે, નહીં દઉં જાવા.' આ સાંભળીને સ્વામીશ્રી કહે : 'રહેનાર કોઈ રોકી શકતું નથી અને જનાર જતા રહે છે. આ તો બધો ક્રમ છે. પણ આ ભગવાન અહીં (હૃદય તરફ નિર્દેશ કરીને) રાખ્યા છે એટલે અહીં જ છીએ એમ માની અને ભક્તિ-ભજન કરતા રહેજો.'

•

તા. ૩-૨-૨૦૧૦, ગાંધીનગર

સ્વામીશ્રી મંદિરે દર્શન કરવા માટે નીકળ્યા. મંદિરમાં જવા માટે લિફ્ટમાં પધાર્યા ત્યારે લાઇટો ચાલુ જોઈને સ્વામીશ્રી કહે : 'કેમ અત્યારે લાઇટ ચાલે છે ?'

વિમલજીવન સ્વામી કહે : 'આપ આવવાના હતા એની થોડીક ક્ષણો પહેલાં જ લાઇટ કરી છે.'

સ્વામીશ્રી કહે : 'કામ પતી જાય પછી તરત જ બંધ કરી દેજો.'

•

સવારે સ્વામીશ્રી ભૂમિભ્રમણ કરવા માટે રૂમમાંથી બહાર પધાર્યા. મુલાકાત-કક્ષમાં આ ભૂમિભ્રમણ રાખવામાં આવ્યું હતું. મુલાકાત-કક્ષ પ્રમાણમાં ઠંડો હતો, કારણ કે શિયાળાને લીધે આરસ પણ ઠરેલો હતો. એને કારણે કારપેટનો પટ્ટો હોવા છતાં ખુલ્લા પગે ચાલતાં સ્વામીશ્રીને છીંકો શરૂ થઈ ગઈ હતી.

ઉંમરને કારણે પ્રતિકારશક્તિ કેટલી નબળી થઈ જાય છે એ જોઈ શકાતું હતું, છતાં આ ઉંમરે પણ સ્વામીશ્રી વિચરણ ચાલુ રાખે છે.

•

લંડનથી એક સંતનો ફોન આવ્યો. તેઓ કહે : 'આજે જન્મદિવસ છે. કાંઈક માગવું છે. આપને ઇચ્છા હોય તે આપો.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન મળ્યા છે, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ મળ્યા છે. જે જોઈએ છે એ મળ્યું છે. હવે બીજી શી ઇચ્છા હોય ? જગતનું

કાંઈ જોઈતું નથી.'

•

સ્વામીશ્રી ભોજન અંગીકાર કરી રહ્યા હતા. એ દરમ્યાન જૂના અને સંનિષ્ઠ હરિભક્ત ઓધવજીભાઈની વાત નીકળી. તેઓએ પોતાની કીમતી જમીન સંસ્થાને ભેટ આપેલી છે અને અત્યારે સ્વામીશ્રીની આજ્ઞાથી ગાંધીનગરમાં જ રહે છે. આવા હરિભક્તોની સર્વ પ્રકારની સંભાળ સ્વામીશ્રી અવારનવાર રાખતા જ રહે છે. આજે પણ વાત નીકળતાં સ્વામીશ્રીએ વિગતે તેઓની સંભાળ કઈ કઈ રીતે લેવાય છે એની પૂછપરછ કરી. વિશ્વવિહારી સ્વામીએ બધી જ માહિતી આપી, એટલે સ્વામીશ્રી રાજી થયા. પછી સામાન્યતયા વૃદ્ધોની વાત નીકળતાં સ્વામીશ્રી કહે : 'વૃદ્ધ થાય એટલે બોલવાનું વધી જ જાય, પણ એ ગમે એ કરે, પણ પ્રેમથી સેવા કરવી.'

•

તા. ૪-૨-૨૦૧૦, ગાંધીનગર

સવારે ભૂમિભ્રમણ કરીને સ્વામીશ્રી આરામમાં જવા માટે પલંગ ઉપર વિરાજ્યા. પોઢતાં પહેલાં સ્વામીશ્રી કહે : 'પેલો યુવક ક્યાં છે ?' સૌ વિચારમાં પડ્યા. બધા પોતપોતાની રીતે નામ દેતા હતા. એમાં દિલીપનું નામ આવતાં સ્વામીશ્રી કહે : 'હા, એ જ.' આ રીતે સ્વામીશ્રીએ એને સામેથી યાદ કર્યો અને એના ગુણ પણ ગાયા. સ્વામીશ્રી કહે : 'અક્ષરધામ થયું ત્યારથી એ અહીં છે. બહુ શ્રદ્ધાવાળો છે.'

બીજે દિવસે મુલાકાત દરમ્યાન સ્વામીશ્રીએ જેને યાદ કર્યો હતો એ દિલીપ પણ આવ્યો. તેઓને જોતાં જ સ્વામીશ્રી વહાલપૂર્વક કહે : 'આયો, મને તો એમ કે દેખાતો નથી એટલે જતો રહ્યો કે શું ? પણ શ્રદ્ધાવાળો છે. (અક્ષરધામ) થયું છે ત્યારથી અહીં જ છે.'

દિલીપ કહે : 'અને અહીં જ પૂરું કરવું છે.'

આ સાંભળીને સ્વામીશ્રી રાજી થયા. (દિલીપ વર્ષોથી એન્જિનિયર તરીકે સંસ્થામાં ફરજ બજાવે છે.)

•

સ્વામીશ્રી રાત્રે ભોજન અંગીકાર કરી રહ્યા હતા. એ દરમ્યાન ગુણસાગર સ્વામીએ અમેરિકામાં ચાલતા સંયુક્ત સત્સંગમંડળનાં આગામી આયોજનોની વાત કરી. તેઓ કહે : 'અમે અમેરિકામાં જ્યાં જ્યાં જઈએ ત્યાં બધા એમ જ કહે છે કે '૭૭માં બાપા અહીં અમારા ઘરે પધાર્યા હતા. દૂર દૂરની મૉટલો હોય કે ઘર હોય, આપ ત્યાં પધાર્યા છો. આપે કેટલો બધો દાખડો કર્યો છે !!'

સ્વામીશ્રી કહે : 'જે થયું છે એને આગળ ધકેલવું એ કામ તમારું છે ને ! આ તમે બધાં આયોજન કરો છો, મિટિંગો થાય છે અને કામ પણ થાય છે એટલે આગળ વધે જ છે.'

ગુણસાગર સ્વામી કહે : 'અમને તો કાંઈ આવડતું નથી. કેવળ આપની દયા છે.'

સ્વામીશ્રી કહે : 'એ તો કામ કામને શીખવે.' એમ કહી સ્વામીશ્રીએ સત્સંગપ્રવૃત્તિના વિકાસની પ્રવૃત્તિઓને બિરદાવી.

•

તા. ૫-૨-૨૦૧૦, ગાંધીનગર

મુલાકાત દરમ્યાન એક વૃદ્ધ આવ્યા. રાત્રે તેઓ સૂઈ શકતા ન હતા. ૨૦-૨૫ વ્યક્તિઓ શોર-બકોર કરીને ઊંઘવા દેતી નથી, એવી ભ્રાંતિ તેમને રહ્યા કરે છે. જાણે કે કોઈનો પ્રવેશ ન થયો હોય !

આ સાંભળીને સ્વામીશ્રી કહે : 'આપણે તો એક સ્વામિનારાયણનો જ પ્રવેશ છે, બીજો કોઈ પ્રવેશ છે જ નહીં. સ્વામિનારાયણ જીવમાં બેઠા છે, માટે શાંતિથી ભજન કરજો, ઊંઘ આવી જશે.'

•

એક યુવક દર્શને આવ્યો. પરદેશ રહેતા આ યુવકને ઘરમાં પ્રશ્ન હતો. મા-બાપ અંદરોઅંદર ઝઘડતાં હતાં. વળી, માના સ્વભાવ પ્રમાણે વારે વારે ડિપ્રેશનમાં આવી જતી હતી અને છોકરાને થોડી થોડી વાતમાં સલાહ આપે રાખતી હતી. આ બધાને લીધે વ્યથિત એ યુવક ભણવામાં પૂરેપૂરું ધ્યાન આપી શકતો ન હતો અને એટલે છેલ્લાં ત્રણ વર્ષથી નપાસ થતો હતો. યુવકને શું કરવું એ સમજ પડતી ન હતી. ઘરમાં રહે તો મા-બાપ ઝઘડા અને સલાહનો મારો ચલાવે અને બહાર રહે તો આર્થિક રીતે વ્યવસ્થા કઈ રીતે ગોઠવવી, આ પ્રશ્ન હતો.

સ્વામીશ્રીએ એને કહ્યું : 'ગમે તે થાય, બોલનારા બોલે, મા પણ બોલે અને બાપ પણ બોલે, પણ મન સ્થિર રાખતા શીખ. મા-બાપનાં વચનોની વિપરીત અસર થવી જ ન જોઈએ અને મા-બાપ પ્રત્યે અરુચિ

પણ થવી ન જોઈએ. હમણાં થોડો ટાઈમ માટે જુદા રહીને તારે ભણવું હોય તો મંદિરમાં રહીને ભણજે, જેથી જુદાના જુદા કહેવાય અને મા-બાપને મળવું હોય ત્યારે મળી પણ શકે.' સ્વામીશ્રીએ તેને સુંદર ઉપાય દર્શાવ્યો.

•

સાંજે સ્વામીશ્રી પત્રવાંચન કરી રહ્યા હતા. એ દરમ્યાન એક હરિભક્તનો ફોન આવ્યો. સ્વામીશ્રીએ ફોન હાથમાં લીધો. એ હરિભક્તનો પ્રશ્ન સાંભળ્યો. ફોનમાં એ હરિભક્તને માર્ગદર્શન આપતાં આપતાં સ્વામીશ્રીએ બાજુની ટિપોઈ ઉપર પડેલી વંચાઈ ગયેલા પત્રની થપ્પી ઉપર પડેલું રબરબૅન્ડ ધર્મચરણ સ્વામીને પાછું આપ્યું. સ્વામીશ્રીમાં ચીવટ, ચોકસાઈ અને કરકસર જેવા ગુણો સહજપણે વર્તે છે.

•

ભોજન પછી સ્વામીશ્રી પત્રવાંચન કરી રહ્યા હતા. કેટલાક વંચાઈ ગયેલા અને લખાઈ ગયેલા પત્રો બાજુમાં પડ્યા હતા. સ્વામીશ્રી એ જોઈને કહે : 'આ કાગળ વાંચવાના છે ?'

'ના. એ તો લખાઈ ગયા છે.' ધર્મચરણ સ્વામીએ કહ્યું.

એક કાગળ છૂટો ટિપોઇ ઉપર પડ્યો હતો, એ બતાવીને કહે : 'આ વાંચવાનો છે ?'

'ના, એનો જવાબ પણ લખાઈ ગયો છે.'

સ્વામીશ્રી પાસે આવતો પ્રત્યેક પત્ર વંચાય એ માટે સ્વામીશ્રીની કેટલી ચોકસાઈ છે !!

•

તા. ૬-૨-૨૦૧૦, ગાંધીનગર

એક યુવક આવ્યો. સ્વામીશ્રીને પ્રાર્થના કરતાં કહે : 'અમેરિકા જઉં છું, પણ જેમ લોખંડને કાટ લાગે પછી પારસ અડે નહીં, એમ અમને પણ કાટ લાગે એ પહેલાં આપનો પારસ અડી જાય ને સોનું થઈ જઈએ એવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'સત્સંગ દૃઢ રાખજો. વ્યસન-દૂષણ થાય નહીં, પ્યોર વેજિટેરિયન રહેવાય, બીડી-તમાકુ કશું વળગે નહીં, એ ધ્યાન રાખજો અને પાંચ માળા નિયમિત કરજો.'

•

સ્વામીશ્રી ઠાકોરજી જમાડી રહ્યા હતા. એ દરમ્યાન 'સ્વામિનારાયણ પ્રકાશ'નું શ્રવણ કરી રહ્યા હતા. 'સ્વામિનારાયણ પ્રકાશ'માં લેખના વાંચન દરમ્યાન એક વાક્ય આવ્યું કે એક ખેડૂતના ખેતરની જમીનમાં સુવર્ણનિધિ દટાયો હતો, પણ ખેડૂતને ખબર જ ન હતી.

'તમારે સુવર્ણ કુંભ જોઈએ છે ?' સ્વામીશ્રીએ સામે ઊભેલા વિશ્વવિહારી સ્વામીને પૂછ્યું.

'અમારે તો આપ મળ્યા એ જ સુવર્ણ કુંભ.' તેઓએ જવાબ આપ્યો.

એટલે હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'પણ અહીં જ ક્યાંક દાટ્યો હોય તો ! જુઓ ક્યાંક દાટ્યો હશે, લઈ લો.'

તેઓની વાતમાં વળી શ્રીહરિ સ્વામીએ ઉમેર્યું કે 'કદાચ ધન મળે, પણ સાચવવું અઘરું. બેંગલોરમાં એક વ્યક્તિ પાસે મોટો મણિ છે, પણ વાપરી પણ શકતા નથી અને સાચવી પણ શકતા નથી, આવી પરિસ્થિતિમાં જીવે છે.'

સ્વામીશ્રીએ આ વાત પકડીને સાર કહેતાં કહ્યું : 'મણિનું એવું જ છે – મળે તોય દુઃખ ને ન મળે તોય દુઃખ.'

આટલું કહ્યા પછી થોડી વાર સ્વામીશ્રી મૌન રહ્યા અને પછી કહે : 'પણ ભગવાન રૂપી મણિ રાખ્યો હોય તો કોઈ દુઃખ નહીં, કોઈ ચિંતા નહીં.'

•

તા. ૭-૨-૨૦૧૦, ગાંધીનગર

એક મુમુક્ષુ તેઓના પુત્ર સાથે દર્શને આવ્યા. સ્વામીશ્રી સમક્ષ પ્રાર્થના કરતાં કહ્યું : 'અમારે એક જ ઈચ્છા છે, પ્રભુપ્રાપ્તિ, એ સિવાય કાંઈ જોઈતું નથી.'

'એમાં બધું જ આવી ગયું. રિદ્ધિ, સિદ્ધિ અને સમૃદ્ધિ પણ એમાં આવી જાય,' પ્રસન્ન થતાં સ્વામીશ્રીએ કહ્યું.

•

પરદેશ રહેતા એક યુવકે સ્વામીશ્રીના આશીર્વાદ મેળવ્યા. આ યુવકનાં બહેનને તેઓના ટાઉનમાં જ રહેતા એક ગોરા નાગરિક સાથે પ્રેમ થયો હતો અને સ્વામીશ્રીને આ વાતનો ખ્યાલ આવતાં સ્વામીશ્રીએ એ યુવકને કહ્યું : 'બહેનને સમજાવજે કે આપણે સત્સંગી છીએ. પેલા દારૂ-માંસ ખાતા હોય અને એમની સંસ્કૃતિ ને વિચારો આપણી સંસ્કૃતિ કરતાં સાવ જુદાં

હોય. આખી જિંદગી ન નભે. આપણે થાય જ નહીં.'

•

ગોહિલ સાહેબ નામના એક મુમુક્ષુ દર્શને આવ્યા. તેઓ દિવ્યજીવન સંઘના પૂર્વાધ્યક્ષ ચિદાનંદ સ્વામીના શિષ્ય છે. સ્વામીશ્રીને કહે : 'આપને અને ચિદાનંદ સ્વામીજીને પહેલી વાર સાથે બેસીને સાંભળ્યા ત્યારે સંતો શું છે એનો ખ્યાલ આવ્યો.'

•

નાનામાં નાના નિર્ણયોમાં પણ સ્વામીશ્રી સૌને ભેળવે છે. તેઓના નેતૃત્વની આ મહાનતા છે. આ વખતે સારંગપુરમાં ઊજવાનાર ફૂલદોલના ઉત્સવમાં સૌને ભોજનની જગ્યાએ વઘારેલી સ્વામિનારાયણ ખીચડી આપીને સાથે છાશનો ગ્લાસ આપવાનું આયોજન થયું હતું. આ આયોજનમાં બે વિકલ્પો હતા. એક વિચાર એવો હતો કે ખીચડીને બૉક્સમાં ભરીને બૉક્સ આપી દેવું અને બીજો વિચાર એ હતો કે ખીચડીને ડિસ્પોઝેબલ ડિશમાં પીરસવી. બંને વિકલ્પમાં કેટલાક પ્રશ્નો પણ હતા. કો'ક વળી એમ કહેતું હતું કે ખીચડીને બૉક્સમાં ભરી દઈને આપીએ ને કદાચ ખીચડી ઊતરી જાય તો ફૂડપોઇઝનિંગની શક્યતા રહે. જ્યારે બીજા દૃષ્ટિકોણથી આટલા વિશાળ સમુદાયને ખીચડી પીરસવામાં વ્યવસ્થાની દૃષ્ટિએ આ વાત વ્યવહારુ લાગતી ન હતી. આ સંદર્ભમાં અત્યાર સુધી ફોન ઉપર ચર્ચાઓ ચાલતી હતી, પરંતુ આજે સ્વામીશ્રીએ જ સૌ વ્યવસ્થાપકોને રૂબરૂ બોલાવ્યા અને બધાની ઇચ્છાઓ જાણી.

છેલ્લે સ્વામીશ્રીએ પોતાનો મત વ્યક્ત કરતાં કહ્યું : 'ખીચડી બને ત્યાં સુધી બપોરે જ બનાવવી અને ગરમ ગરમ ખીચડી બાઉલ જેવી ડિશમાં આપીને ઉપર ઢાંકણું ઢાંકી દેવું.'

સૌ સ્વામીશ્રીના આ નિર્ણયથી રાજી થયા.

આ મિટિંગના અંતે બ્રહ્મવિહારી સ્વામી કહે : 'ખીચડી જેવી બાબતમાં પણ જે રીતે ઊંડા ઊતરીને અને સૌને ભેળવીને કામ કરો છો, તો કાલે ઊઠીને ચંદ્રલોક ઉપર મંદિર થશે ત્યારે પણ જમાડવાની વ્યવસ્થાની ચિંતા આપ આ જ રીતે કરશો ?'

સ્વામીશ્રી કહે : 'એ ટેક્નિક પણ આવશે.'

આ શબ્દોમાં ૯૦ વર્ષની ઉંમરે પણ સ્વામીશ્રીના હૃદયમાં અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના પ્રવર્તન માટેની જે જીવંત આશા છે એનો રણકાર હતો અને આર્ષદૃષ્ટિ હતી.

•

દર અઠવાડિયે રવિવારીય સભામાં સ્વામીશ્રી પધારીને સૌને આશીર્વાદ આપે છે. રવિવારના દિવસે સત્સંગ સભા શરૂ થવાના સમયે જ પહોંચવા માટે સ્વામીશ્રી વ્યાકુળ થઈ જાય છે અને એટલે જ સાયંક્રમમાં આવતા ભ્રમણમાં પણ વારે વારે તેઓ ઘડિયાળની સામે જ જોતા હોય છે. આજે પણ એવું જ થયું. એટલે યોગીચરણ સ્વામી કહે : 'અત્યારથી જ ઘડિયાળની સામે જોશો તો મન એમાં રહેશે અને હજી તો ૫:૩૦ વાગ્યા છે.'

તેઓનું વાક્ય સાંભળ્યું - ન સાંભળ્યું કરીને સ્વામીશ્રી કહે : 'આપણે આજે વીસ મિનિટ જ કરવું છે, કારણ કે રવિસભા ચાલુ થઈ જશે. ૬:૩૦ વાગે ત્યાં પહોંચી જવું છે.'

સંતોએ સમજાવ્યું કે રોજની જેમ પૂરેપૂરું ભ્રમણ કરીશું તો પણ પહોંચી જવાશે, પરંતુ સ્વામીશ્રીને મનમાં બેઠું નહીં. તેઓ રવિસભાના આટલા આગ્રહી છે.

•

માનવતાના પાઠ ભણાવીને સ્વામીશ્રી કેવાં રત્નો પેદા કરે છે, એની જાહેરાત પ્રવક્તાએ કરી. રવિ નારાયણ પટેલ નામનો ગાંધીનગર ક્ષેત્રનો એક કિશોર ઑસ્ટ્રેલિયામાં રહીને ભણે છે. સિડનીમાં એક વખત રાત્રે જૉબ કરીને એ પાછો આવતો હતો અને વચ્ચે ૨૭,૦૦૦ ડૉલર અને પાંચ ક્રેડિટ કાર્ડ ભરેલું એક પાકીટ મળ્યું. આ પાકીટ કોઈ જહોન લી નામના ચાઇનીઝનું હતું. એ યુવકે પાકીટ ફંફોસીને ફોન નંબર મેળવ્યો અને ફોન કરીને ચાઇનીઝને બોલાવીને પાકીટ પાછું આપી દીધું. પેલા ચાઇનીઝને આશ્ચર્ય થયું અને બક્ષિસરૂપે ૧૫૦ ડૉલર આપવા લાગ્યા, ત્યારે રવિએ એ પણ સ્વીકાર્યા નહીં અને આ નિમિત્તે પ્રમુખસ્વામી મહારાજ અને બી.એ.પી.એસ. સંસ્થાનો પરિચય આપ્યો.

વૈભવ પટેલ નામના યુવકે લગભગ ૧૪ વર્ષથી નવરાત્રીનો ત્યાગ કર્યો છે, ટી.વી.-સિનેમાનો ત્યાગ કર્યો છે અને બહારની ખાણી-પીણીનો પણ ત્યાગ કર્યો છે.

સનત વિમલભાઈ ચટ્ટોપાધ્યાયને ભણ્યા-ગણ્યા પછી મહત્ત્વની નોકરી મળી. આ નોકરી ISOમાટે

ઉપયોગી એવા સર્ટિફિકેટ આપવાની હતી. તેઓને આ નિમિત્તે ઘણી કંપનીઓમાં ઇન્સ્પેક્શન માટે જવાનું થતું. એક કંપનીમાં આઘુંપાછું ચાલતું હતું. એટલે સનતભાઈએ કંપની વિરુદ્ધ રિપોર્ટ આપવાનું ઠેરવ્યું. માલિકને આ ખબર પડતાં એમને બોલાવીને ઑફર કરી અને કહ્યું : 'અમારી ઑફર સ્વીકારશો તો જિંદગીનું કામ થઈ જશે.' ત્યારે તેઓએ સ્પષ્ટ શબ્દમાં કહ્યું : 'મને મારું કામ મારી રીતે કરવા દો.' તેઓ ડગ્યા નહીં. આવું એક-બે કંપનીઓમાં થયું. આ કંપનીમાં પણ છ મહિના પછી તેઓ ફરીથી વિઝિટે ગયા, ત્યારે સરકારના ધારાધોરણ મુજબ કામ ચાલતું થઈ ગયું હતું. તેઓને જ્યારે પૂછવામાં આવ્યું કે 'તમારી આવી નીડરતાનું રહસ્ય શું ?' ત્યારે તેઓએ સંસ્થા અને સ્વામીશ્રીની વાતો કરી.

અશોકભાઈ રાવળ એસ.ટી.ના ચીફ એન્જિનિયર છે અને ખરીદી નિયામક તરીકે ફરજ બજાવે છે. વાર્ષિક ૩૫૦ કરોડની ખરીદી તેઓને કરવાની હોય છે. આટલી લોભામણી નોકરીમાં પણ તેઓ શુદ્ધ રહી શક્યા છે. એક વાર ખરીદી કરવામાં તો વેપારીએ શુભેચ્છા રૂપે એક ભેટ ટેબલ ઉપર મૂકી તો એ પણ તેઓએ સહર્ષ પાછી આપી દીધી.

ભરતભાઈ ઉપાધ્યાય પણ આવા જ પ્રામાણિક ઑડિટર છે. શિક્ષણ ખાતામાં માધ્યમિક શાળામાં ઑડિટ કરવામાં ઘણો ભ્રષ્ટાચાર થતો હોય છે પણ તેઓ પ્રામાણિક રહ્યા છે.

જિતેન્દ્રભાઈ લીલાણી ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા-નિયામક તરીકે ફરજ બજાવે છે. ૩૭૫ કૉલેજોની પરીક્ષાનું આયોજન તેઓને કરવાનું હોય છે. આવા મહત્ત્વના હોદ્દામાં કોઈ વિદ્યાર્થી એકાદ-બે માર્કથી નાપાસ થતો હોય ત્યારે તેઓના વાલીઓ તરફથી લાખો રૂપિયાની ઑફર થતી હોય છે, પરંતુ તેઓ પ્રામાણિકપણે પોતાની ફરજ નિભાવી રહ્યા છે.

આ પ્રત્યેક હરિભક્તને સભામાં ઊભા કરવામાં આવ્યા. સ્વામીશ્રીની અમીદૃષ્ટિ અને રાજીપો તેઓ ઉપર વરસ્યો.

•

સ્વામીશ્રીએ આજે રવિસભામાં અદ્ભુત આશીર્વાદ આપ્યા. સભા પછી ઉતારે પધારીને સ્વામીશ્રી ઠાકોરજી જમાડી રહ્યા હતા. એ દરમ્યાન બ્રહ્મવિહારી સ્વામી કહે : 'આપે આજે આશીર્વચનમાં માનવતાની ખૂબ સરસ વ્યાખ્યા કરી. આપે કહ્યું, 'ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ જેવા ગુણો આવે, કોઈનું અહિત ન થાય, દરેકનું ભલું થાય અને ભગવાન એક જ કર્તાહર્તા મનાય એ માનવતા.'

આ સાંભળતાં સ્વામીશ્રી તરત જ કહે : 'ભગવાનને કર્તાહર્તા માને એમાં બધા જ પ્રશ્નના જવાબ આવી જાય. જે કાંઈ કરે છે એ એ જ કરે છે ને ! ભગવાન કોઈ દ્વારા માર પણ ખવડાવે અને ફૂલહાર પણ કરાવે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને જુઓને, વગર વાંકે કેટલાં અપમાન સહન કરવાં પડ્યાં ! કેટલાક એમ કહે છે કે 'ભગવાને મારું ભૂંડું કર્યું. કેટલી ભક્તિ કરતો હતો !' પણ ભગવાન ચાહે સો કરે જ. તારી ભક્તિને શુદ્ધ કરવા માટે કરે છે.'

સ્વામીશ્રીએ અહીં પણ જીવન જીવવાની અદ્ભુત પ્રેરણા આપી, સુખી રહેવાનો સુંદર ઉપાય દર્શાવ્યો.

•

તા. ૮-૨-૨૦૧૦, ગાંધીનગર

દુબાઈથી રોહિતભાઈ પટેલ દર્શને આવ્યા હતા. તેઓનો આજે જન્મદિવસ હતો. તેઓ કહે : 'બસ, અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવી છે.'

સ્વામીશ્રી કહે : 'એમાં બધું આવી ગયું.'

રોહિતભાઈ કહે : 'ઊઠીને સૌથી પહેલાં निजात्मानं ब्रह्मरूपं... એ શ્લોક બોલું છું.'

સ્વામીશ્રી કહે : 'એ બરાબર પકડી રાખવું એટલે બધાં જ કામ થશે.'

•

એક યુવક દર્શનની હરોળમાં ઊભો હતો. એની આગળ બે-ચાર વ્યક્તિઓએ સ્વામીશ્રી પાસે એવા આશીર્વાદ માગ્યા કે અમારું અમેરિકા અને કેનેડાનું થઈ જાય. વારો આવતાં આ યુવકે સ્વામીશ્રીને કહ્યું : 'બાપા ! મારે પરદેશના કોઈ વિઝા જોઈતા નથી, અક્ષરધામના વિઝા આપો.'

સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : 'ભગવાનનો દૃઢ આશરો થયો એટલે અક્ષરધામના વિઝા મળી જ ગયા છે.' આટલું કહી એના કપાળ સામે જોયું ને કોરું કપાળ જોતાં કપાળ ઉપર અંગૂઠો અડાડતાં

સ્વામીશ્રી કહે : 'તિલક-ચાંદલો આજથી કરજે.'

સ્વામીશ્રી શરણાગતને અક્ષરધામના વિઝા આપે છે પણ શ્રીહરિની નાની-મોટી આજ્ઞાનું પાલન અવશ્ય કરાવે છે.

•

આજે સ્વામીશ્રી અક્ષરધામ દર્શન કરવા માટે પધારવાના હતા. સ્વામીશ્રીની વ્હીલચૅર ગોલ્ફકાર્ટમાં આવી જાય એ રીતની વ્યવસ્થા આયોજકોએ કરી હતી. એટલે જ 'સર્વસ્વ'ના ઉતારાની બહાર ગોલ્ફકાર્ટ સુધી પગથિયાં ઊતર્યા વગર સીધેસીધું જ પહોંચી જવાય એ માટે લાકડાનો એક બ્રિજ પગથિયાં અને ગોલ્ફકાર્ટની વચ્ચે કરવામાં આવ્યો હતો. સ્વામીશ્રી 'સર્વસ્વ'ના દાદરાના ઓટલા સુધી પહોંચી ગયા, પરંતુ હજી ગોલ્ફકાર્ટ આવી ન હતી. ગોલ્ફકાર્ટના ચાલક દેવેન્દ્રને સંતોએ બૂમ પાડી. તેઓ આમ તો આવી જ રહ્યા હતા, પરંતુ બૂમ પડતાં તેઓએ થોડીક સ્પીડ વધારી. રિવર્સ કરીને જ ગોલ્ફકાર્ટ લાકડાના બ્રિજની ધાર સુધી આવી શકે એમ હતું. એટલે સ્પીડ સાથે તેઓએ ગોલ્ફકાર્ડ થોડીક આગળ લીધી. એ જ જગ્યાએ અખંડદર્શન સ્વામી ઊભા હતા. દેવેન્દ્રનું ધ્યાન જતાં તેઓએ શોર્ટબ્રેક મારી અને ગોલ્ફકાર્ટ રિવર્સમાં લઈને બ્રિજની ધાર સુધી પાછા વળ્યા. બન્યું એવું કે એ જ અરસામાં સ્વામીશ્રી બ્રિજ ઉપર ઊભા રહીને રાહ જોઈ રહ્યા હતા. ગોલ્ફકાર્ટ લાકડાના બ્રિજ સુધી આવી એટલે સ્વામીશ્રીની વ્હીલચૅર પણ ગોલ્ફકાર્ટના છેડા સુધી આવી ગઈ ને ત્યાં જ લાકડાનો બ્રિજ ધડાકા સાથે વચ્ચેથી બેસી પડ્યો. સ્વામીશ્રી તો ગોલ્ફકાર્ટને છેડે પહોંચી ગયા હોવાથી બીજી કોઈ હાનિ થાય એમ હતું નહીં, પરંતુ અવાજ સાંભળીને એકદમ સહજભાવે હસતાં હસતાં સ્વામીશ્રીએ અખંડદર્શન સ્વામીને કહ્યું : 'આ (અકસ્માત) તમારે આવવાનું હતું એને બદલે અમારે આવ્યું.'

સ્વામીશ્રીના આ શબ્દોમાં શ્રીજીમહારાજે હરિભક્તો વતી માગેલા કરોડો વીંછીના દુઃખની કરુણા પડઘાતી હતી.

•

તા. ૯-૨-૨૦૧૦, ગાંધીનગર

સ્વામીશ્રી પૂજા કરીને ઉતારા તરફ પધારી રહ્યા હતા. એ દરમ્યાન એક કાર્યકરે સ્વામીશ્રીને કહ્યું : 'ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે મોટા લગાર પણ દૃષ્ટિ કરે તો કામાદિક દોષ પીડે નહીં, તો આપ અમારા ઉપર દૃષ્ટિ કરજો.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનનો આશરો છે અને શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજના થયા છીએ એટલે બેડો પાર થઈ જવાનો.'

•

રાત્રે સ્વામીશ્રીને એક ફોન આવ્યો. એક હરિભક્તના દીકરાની પત્નીથી એક ભૂલ થઈ ગઈ હતી. જોકે પત્નીએ ભૂલ કબૂલ કરી હતી, પરંતુ આ હરિભક્ત અને એમના દીકરાને મનમાંથી વાત નીકળતી ન હતી. સ્વામીશ્રીએ આખી વાત શાંતિથી સાંભળી અને પછી કહ્યું કે 'એ ભૂલ કબૂલ કરે છે, પસ્તાવો થયો છે, તો એક વાર માફી આપી દો. તમે મનમાંથી શંકા કાઢી જ નાખો. ભુલાઈ જશે. વાંધો નહીં આવે. લોકો પણ ભૂલી જતા હોય છે. મહિને, બે મહિને, પાંચ-દસ મહિને કે વરસે આ બધું ભુલાઈ જાય છે. માટે ચિંતા કરશો નહીં.'

ક્ષમાનું શસ્ત્ર આપીને સ્વામીશ્રીએ એક પરિવારને છિન્નભિન્ન થતો બચાવી લીધો.

•

તા. ૧૦-૨-૨૦૧૦, હિંમતનગર

આજે હિંમતનગરમાં શિખરબદ્ધ મંદિરનું ખાતમુહૂર્ત હતું. સ્વામીશ્રી ગાંધીનગરથી ખાસ આ પ્રસંગે અહીં પધાર્યા હતા અને પાછા ગાંધીનગર પધારવાના હતા. આજના આ ખાતમુહૂર્ત પ્રસંગે હજારો હરિભક્તો ઊમટ્યા હતા. સ્વામીશ્રીએ શિખરબદ્ધ મંદિરના ખાતમાં પધારીને શિલાઓનું પૂજન કર્યું અને શિલાન્યાસવિધિ પણ કર્યો.

આ પ્રસંગે અનેક સંતો પણ ઉપસ્થિત હતા અને દાન કરનારા સેંકડો હરિભક્તો પણ ઉપસ્થિત હતા. આ હરિભક્તો પૈકી મુખ્ય મુખ્ય હરિભક્તો ખાતમુહૂર્તમાં સહભાગી થવા માટે ખાત સમક્ષ આવીને શિલા ઉપર સિમેન્ટ પધરાવવાનો લાભ લઈ રહ્યા હતા. સ્વામીશ્રીએ આટલા હરિભક્તોની ઉપસ્થિતિની વચ્ચે આ વિસ્તારના પાયાના હરિભક્ત વીરચંદભાઈને સંભારીને બોલાવ્યા. એ જ રીતે આ ક્ષેત્રમાં પહેલાં વિચરણ કરી આદિવાસી વિસ્તારો તેમજ હિંમતનગર ક્ષેત્રમાં સત્સંગનો વ્યાપ

કરનારા શ્રીરંગ સ્વામીને પણ યાદ કર્યા. સ્વામીશ્રીએ જ તેઓને ખાસ મુંબઈથી આ પ્રસંગે બોલાવ્યા હતા. સ્વામીશ્રીના સ્મૃતિકોષમાં દરેકની સેવાને કેટલું ચિરંતન સ્થાન હોય છે ! તેનું સૌને દર્શન થયું.

•

તા. ૧૦-૨-૨૦૧૦, ગાંધીનગર

૯૦ વર્ષની ઉંમરે સ્વામીશ્રીએ નવાં શિખરબદ્ધ મંદિરનાં મંડાણ આદર્યાં હતાં. આ સંદર્ભમાં આજે રાત્રે સ્વામીશ્રી આરામમાં જવા માટે પલંગ ઉપર વિરાજ્યા ત્યારે મેં કહ્યું કે 'બધા એમ કહે છે કે ૯૦ વર્ષની ઉંમરે આપની છાતી જબરજસ્ત છે. આ ઉંમરે પણ નવાં શિખરબદ્ધ મંદિરનાં નિર્માણ આપ કરો છો, આપની હિંમત બહુ છે.'

સ્વામીશ્રી કહે : 'આપણે ક્યાં કંઈ છીએ ? જે કંઈ છે એ એમની કૃપા છે. મહારાજ-સ્વામીના પ્રતાપે થાય છે. શાસ્ત્રીજી મહારાજ - યોગીજી મહારાજના સંકલ્પે અને આશીર્વાદથી બધું થાય છે.'

•

તા. ૧૧-૨-૨૦૧૦, ગાંધીનગર

એક પોલીસ ઇન્સ્પેક્ટર દર્શને આવ્યા. તેઓ કહે : 'કામ તો કરું છું, પણ ખોટા વિચારો બહુ આવે છે.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનને સંભારીને કામ કરવું, એટલે ખોટા વિચારો નહીં આવે.'

•

એક મુમુક્ષુ દર્શને આવ્યા. તેઓના નજીકના સગાના અપમૃત્યુ પછી તેઓ ભૂતયોનિમાં રહીને પરિવારને હેરાન કરી રહ્યા છે એવું તેઓના મનમાં હતું. ૩૦ વર્ષથી ધંધામાં બરકત આવતી ન હતી અને છ મહિના પહેલાં એણે કહ્યું હતું કે 'તારા બાપુજીને છ મહિનામાં મારી નાખીશ.' અને બાપુજી છ મહિનામાં જ ધામમાં ગયા હતા. હવે એમ કહે છે કે 'બાપુજી જેવી જ તમારા બધાની દશા કરીશ.'

સ્વામીશ્રીએ તેઓની વાત સાંભળી અને પછી કહ્યું : 'બાપુજીનું તો ધામમાં જવાનું નિમિત્ત હશે એટલે ગયા હશે ! બાકી પેલાએ કહ્યું એટલે થયું છે એમ માનવાની જરાયે જરૂર નથી. પેલો બોલ્યો અને થયું એટલે મનમાં થઈ જાય ખરું, પણ શ્રીજીમહારાજનો આશરો છે એટલે બધી રીતે રક્ષા કરે છે. પેલું તો નિમિત્ત હતું, માટે મનમાંથી વહેમ કાઢી નાખજો.'

•

તા. ૧૨-૨-૨૦૧૦, ગાંધીનગર

'ગાંધીનગર સમાચાર' દૈનિકના માલિક ઝા સાહેબના સુપુત્રે સ્વામીશ્રીને પૂછ્યું : 'વ્યક્તિગત જીવનમાં શાંતિ કઈ રીતે થાય ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનની ભક્તિ કરવાથી, એમનો આશરો કરવાથી અને એમની આરાધના કરતા રહીએ એટલે શાંતિ થાય. શાસ્ત્રોમાં શાંતિ તો ભગવાનનાં ચરણોમાં જ કહી છે. એટલે એમનો દૃઢ આશરો કરીએ તો ભગવાન શાંતિનું ધામ છે, એટલે આપણને પણ શાંતિ આપે. રોજ પાંચ માળા કરીને પ્રાર્થના કરજો.'

•

ચેરિહીલથી આવેલા અમૃતભાઈ પટેલ આજે જઈ રહ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શને આવતાં તેઓએ હાથ લંબાવ્યા અને સ્વામીશ્રીએ તેઓનો હાથ પકડ્યો. આ દિવ્ય અનુભૂતિ તેઓને ઝણઝણાવી ગઈ. તેઓ કહે : 'બસ, આ રીતે અમારો હાથ પકડી રાખજો.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનને આપણે મૂકવા નહીં, તો ભગવાન આપણને નહીં મૂકે. ભૂત વળગ્યું છે એ છોડતું નથી, તો ભગવાન કઈ રીતે છોડશે ?'

•

અશોકભાઈ નામના એક હરિભક્તનો દીકરો દર્શને આવ્યો હતો. દર્શનવિધિ પછી એનું કોરું કપાળ જોતાં સ્વામીશ્રી કહે : 'તિલક-ચાંદલો કરજે.'

આ યુવાને સ્વામીશ્રીને કહ્યું કે 'આજે હું સંકલ્પ કરીને જ આવ્યો હતો કે જો બાપા સામેથી મને કહે તો તિલક-ચાંદલો કરવો અને આપે મારો સંકલ્પ પકડ્યો.'

આ સ્વામીશ્રીનું અંતર્યામીપણું છે.

•

તા. ૧૩-૨-૨૦૧૦, ગાંધીનગર

અત્યારના ભારતના રાજકારણમાં એક એવી ખરાબ રીત પ્રવર્તે છે કે શાસક પક્ષ સારાં આયોજન કરે તો પણ વિરોધપક્ષ એ બાબતનો વિરોધ કરીને કામને થવા ન દે. આને કારણે પ્રજાના પૈસા અને દેશનો વિકાસ બેય અટકે છે. આ સંદર્ભમાં વ્યથિત સ્વામીશ્રીએ આજે એક સંદર્ભમાં વાત કરતાં કહ્યું : 'વિરોધ હોય એ સારી

વાત છે. વિરોધ હોય તો માણસ જાગ્રત રહે, એટલે વિરોધ-પક્ષ જરૂરી છે, પણ બધી જ બાબતોમાં (અને સારી બાબતોમાં) વિરોધ જ કરવાનો ! પ્રજાનું સારું થતું હોય ત્યારે તો સાથ આપવો જોઈએ ને ! પણ એવું કોઈ સમજતું જ નથી.'

•

તા. ૧૫-૨-૨૦૧૦, ગાંધીનગર

ભોજન પછી સ્વામીશ્રી સંતો સાથે બેઠા હતા. નિખિલેશ સ્વામી કહે : 'આપે અહીં આટલો અદ્‌ભુત વૉટર શૉ કર્યો એ માટે આપનો આભાર. આપની પ્રેરણાથી અદ્‌ભુત શૉ થયો છે.'

સ્વામીશ્રી કહે : 'સંકલ્પ કરનાર મોટાપુરુષ બેઠા છે. એમણે પ્રેરણા કરી. યોગીજી મહારાજે પ્રેરણા કરી એટલે બધું થયું છે.'

વાતચીત દરમ્યાન સ્વામીશ્રીએ વિશ્વવિહારી સ્વામીને એમ પણ કહ્યું કે 'અહીં બેસનારાની જગ્યા નાની પડશે.'

•

તા. ૧૬-૨-૨૦૧૦, ગાંધીનગર

મધ્યપ્રદેશના એડિશનલ ચીફ સેક્રેટરી ઓ. પી. રાવત સાહેબ દર્શને આવ્યા. તેઓ નર્મદાવેલી ઓથોરિટીના મધ્ય પ્રદેશ ખાતેના વાઈસ ચૅરમૅન છે. એ નાતે નર્મદા ડેમની ચર્ચા કરવા માટે ગુજરાતમાં આવ્યા હતા. તેઓને વરસોથી સ્વામીશ્રીના આશીર્વાદ મેળવવાની ઇચ્છા હતી. ખાસ કરીને અક્ષરધામ ઉપર આતંકવાદી હુમલો થયો અને સ્વામીશ્રીએ જે સ્થિરતા રાખીને સમાજમાં શાંતિ જળવાય એવાં નિવેદનો કર્યાં ત્યારથી તેઓના મનમાં હતું કે પ્રમુખસ્વામી મહારાજને એક વખત મળવું છે. આજે સહજતાથી તેઓને આ દર્શનનો સુયોગ સાંપડ્યો.

નર્મદા અંગે સ્વામીશ્રીએ ટકોર કરતાં કહ્યું : 'નર્મદા દેશની યોજના છે. એટલે મધ્ય પ્રદેશ તથા ગુજરાત બધા સંપીને કામ કરે તો બધાને લાભ થઈ જશે.'

•

તા. ૧૭-૨-૨૦૧૦, ગાંધીનગર

સ્વામીશ્રી રાજ્યના ચીફ સેક્રેટરી એ. કે. જ્યોતિ સાહેબને મળ્યા. તેઓ સ્વામીશ્રીને કહે : 'હું જ્યારે ખેડામાં કલેક્ટર હતો એ વખતે મારા ઘરે આપે પધરામણી કરી હતી. એ વખતે આપે એક ભેટ આપી હતી. એ અત્યારે પણ મારી પાસે છે.'

સ્વામીશ્રી કહે : 'તમને ગુજરાતની સેવા મળી છે, તો દરેક કાર્યમાં ભગવાનની પ્રેરણા મળ્યા જ કરે અને યશ મળે એ આશીર્વાદ છે.'

તાજેતરમાં ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરાં થતાં હોઈ રાજ્ય સરકાર તરફથી સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીની જાહેરાત થઈ છે. આ સંદર્ભમાં ચીફ સેક્રેટરી જ્યોતિ સાહેબ કહે : 'સ્વર્ણિમ ગુજરાતમાં આપની સંસ્થાનો પણ સહકાર અમે ઇચ્છીએ છીએ. ૧લી મેએ ગુજરાતની સ્થાપનાનો દિન છે. એ વખતે અમે ઘણી યોજનાઓ પૈકીની એક યોજનામાં 'દરેક વ્યક્તિ એક કુટેવ છોડે' એનું અભિયાન કરવાના છીએ. તો એ બાબતમાં આપની સંસ્થાનો સહકાર હોય એમ અમે ઇચ્છીએ છીએ.'

સ્વામીશ્રી કહે : 'અમે તો પહેલેથી જ નિર્વ્યસની કરાવીએ છીએ, વેજિટેરિયન અને નીતિ-નિયમથી પોતાનું જીવન જીવે એ અમે કરાવીએ છીએ.'

આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે : 'ભગવાને શક્તિ આપી છે તો સારામાં સારું કામ થશે.'

•

તા. ૧૮-૨-૨૦૧૦, ગાંધીનગર

એટલાન્ટાના વીરેન્દ્રભાઈ દર્શને આવ્યા હતા. તેઓ સ્વામીશ્રીને કહે : 'મને જબરજસ્ત વ્યસનો અને દૂષણો હતાં, પણ આપના ફોટાનાં દર્શન કરીને વ્યસનમાત્ર છૂટી ગયાં.'

•

તા. ૧૯-૨-૨૦૧૦, ગાંધીનગર

એક હરિભક્ત દર્શને આવ્યા. તેઓ કહે : 'હું સત્સંગમંડળમાં આવું તો મારા પિતાજી ઉપવાસ કરે છે. ઘરે સંતોને બોલાવું તો પિતાજી બહારગામ ભાગી જાય છે.'

સ્વામીશ્રી આશ્ચર્યભાવે કહે : 'ભગવાનનું કામ કરીએ એ પણ ન ગમે !' આટલું કહેતાં તેઓને આશીર્વાદ આપતાં કહે : 'ધીરજ રાખજો, મહારાજ દયા કરશે અને પિતાજીનું હૃદય-પરિવર્તન થશે.'

•

એક બાપ પોતાના પુત્રને લઈને આવ્યા હતા. પુત્ર

હજી કૉલેજમાં ભણે છે, પરંતુ એને પોતાના જ મિત્રની બહેન સાથે નાતો જોડાઈ ગયો છે. આ બહેનને છૂટાછેડા થયેલા છે. વળી, એના આખા કુટુંબમાં સત્સંગ તો નથી જ, પરંતુ દારૂ અને માંસાહારની બદીઓ ઘર કરી ગયેલી છે. એના પિતા દારૂ વેચવાનો ધંધો પણ કરે છે. છોકરાને આ પરિસ્થિતિ જણાવ્યા પછી પણ એ યુવક ટસથી મસ થતો ન હતો.

સ્વામીશ્રીને જ્યારે આ વાત કરી ત્યારે સ્વામીશ્રીએ એ યુવકની સામે જોઈને કહ્યું : 'મા-બાપે તને જન્મ આપ્યો છે અને મા-બાપ તને સારા માટે કહે છે. પેલી બાજુ સંસ્કાર સારા છે નહીં. મોહ તો થોડો વખત રહે, પણ મોહ ઊતરી જશે પછી દુઃખી થઈશ. માટે આપણે કરવું નથી, તારાં મા-બાપને રાજી કરજે.'

પેલો યુવક કહે : 'તો પછી મારા બાપુજીને આપ કહી દેજો કે હું બીજે ક્યાંય લગ્ન કરીશ નહીં.'

સંતો કહે : 'આ અત્યારે આવેગમાં અને મોહમાં બોલે છે.'

સ્વામીશ્રી કહે : 'તું સમજ. આ તારા સારા માટેની વાત છે. જે મા-બાપે તને મોટો કર્યો છે એ તને તારા સારા માટે આ કહે છે, તું એમ માન. એમની ઇચ્છા નથી એમ અમારી પણ ઇચ્છા નથી. તું હેરાન થઈશ. તને બીજું સારું પાત્ર મળશે. અત્યારે થોડું ભણવાનું બાકી છે એ ભણી લે.'

સ્વામીશ્રીએ એ યુવકને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ એના મોઢા ઉપરથી અંદરથી સમજ્યો હોય એવું હજી લાગતું ન હતું. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

સ્વામીશ્રી ક્યારેય પોતાની શ્રદ્ધા ગુમાવતા નથી. તેઓ શ્રદ્ધાપૂર્વક સાચી સલાહ આપે છે, પૂરતા પ્રયત્ન કરે છે અને પછી ભગવાન ઉપર છોડી દે છે.

•

તા. ૨૧-૨-૨૦૧૦, ગાંધીનગર

રાત્રિભોજન દરમ્યાન અમેરિકાથી આવેલા સંતો સામે બેસીને દર્શન કરી રહ્યા હતા. આ સંતો પૈકીના વિવેકનિધિ સ્વામી તથા ચૈતન્યમૂર્તિ સ્વામીએ સ્વામીશ્રીએ દિવ્ય પ્રવેશ કરીને અશક્ય કાર્યો શક્ય કર્યાં હોય એવા પ્રસંગો કહ્યા. વિવેકનિધિ સ્વામી કહે : 'કામ ક્યારેક થઈ જાય અને ક્યારેક ન પણ થાય, એમાંય સત્પુરુષનો કાંઈક હેતુ હશે ને ? રાહ જોવડાવે છે એ બધામાં પણ કાંઈક તો હશે ને ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનને ત્યાં દેર છે, પણ અંધેર નથી. વહેલું-મોડું થાય છે એ પણ એમની ઇચ્છાથી થાય છે.'

ભક્તિકીર્તન સ્વામી કહે : 'અમારી ધીરજ ખૂટી જાય ત્યારે આપની શરૂ થાય છે.'

ચૈતન્યમૂર્તિ સ્વામી કહે : 'ચાણસદની સ્કૂલમાં આવા મૅનેજમેન્ટના ક્લાસ ચાલતા હતા ?'

સ્વામીશ્રી કહે : 'આ તો બધું શાસ્ત્રીજી મહારાજ કરી ગયા છે અને એ જ કરે છે. આપણે તો શું કરવાના ? એ કામ કરે છે. આપણે તો એમણે આજ્ઞા કરી અને સેવામાં જોડાઈ ગયા. યોગીજી મહારાજનો પણ સંકલ્પ ભળ્યો એટલે કામ થાય છે. શ્રીજી-મહારાજનું કર્તાપણું ને શાસ્ત્રીજી મહારાજની દયા અને આપણું જ્ઞાન સાચું છે એટલે કામ થાય છે.'

વિવેકનિધિ સ્વામી કહે : 'દસ વર્ષ પહેલાં કોઈ કહે કે દસ વર્ષ પછી સંસ્થાનો આટલો વિકાસ થશે, તો એ વાત મનાય જ નહીં. એવું આવતાં દસ વર્ષ માટે પણ વિચારી શકાય.'

સ્વામીશ્રીએ કહ્યું : 'આજે નાના-મોટા બધામાં એટલો ઉત્સાહ છે કે નાના-નાના સેન્ટરમાં કે જ્યાં બે-પાંચ હરિભક્તો ભેગા થતા હોય ત્યાંય સભા ચાલુ કરી નાખે. અને ઘણા એવા ઉત્સાહી છે કે મંદિર તો કરવું જ છે. અને મંદિર થઈ પણ જાય. ભગવાનની દયાથી ફંડ આવી જાય અને કામ પણ થઈ જાય છે.'

વિવેકનિધિ સ્વામી કહે : 'એ બધી આપની કૃપા અને આપનો સંકલ્પ.'

સ્વામીશ્રી કહે : 'જોગીબાપાના સંકલ્પે બધું થાય છે. યોગીજી મહારાજ કહેતા કે 'આખી દુનિયામાં સત્સંગ થાય, હજારો સાધુ થાય.' તો એ સંકલ્પે કામ થાય છે, સત્સંગ પણ થાય છે અને સાધુ થવા માટે તો અત્યારે સામેથી આવે છે, અમારે ના પાડવી પડે છે. આવી દયા છે. એમના સંકલ્પ છે એટલે સાધુ પણ વધે છે, મંદિરો પણ થાય છે.'

વિવેકનિધિ સ્વામી કહે : 'હરિભક્તો બધા સેવા પણ બહુ કરે છે. મન મૂકીને સેવા કરે છે આપના વચને.'

સ્વામીશ્રી કહે : 'જોગીબાપાનો સંકલ્પ છે એટલે ચાલ્યું અને તમારા જેવા સાધુ તૈયાર થયા એટલે બાળ

મંડળ, કિશોર મંડળ, યુવક મંડળ બધું જ થાય છે. હરિભક્તો પણ એવા તૈયાર થયા, મહિલાઓ પણ એવી તૈયાર થઈ.'

આ રીતે સ્વામીશ્રીએ સત્સંગ અને સંસ્થાના વિકાસનો સંપૂર્ણ યશ ગુરુનાં ચરણોમાં અર્પી દીધો. પોતે કંઈ જ નથી કરતા, એવો દાસભાવ સ્વામીશ્રીમાં અહોનિશ જોવા મળે છે.

•

તા. ૨૪-૨-૨૦૧૦, ગાંધીનગર

સંતો પરસ્પર ગુણોનું ગાન કરી રહ્યા હતા. પ્રશાંતમુનિ સ્વામીએ એક સંતનું નામ દઈને કહ્યું : 'એમનો એક ગુણ બહુ મોટો છે. કોઈ દિવસ એમને ગરમ થતા જોયા નથી.'

સ્વામીશ્રી કહે : 'બહુ સારું કહેવાય. એનાથી બધા રાજી રહે અને સત્સંગ પણ વધે. કામ કરાવવાની ઘણી રીતો હોય છે, એટલે ગુસ્સે થવાની જરૂર નહીં.'

•

તા. ૨૫-૨-૨૦૧૦, સારંગપુર

ન્યૂયોર્ક રહેતા ભરતભાઈ પટેલ(ભાવપુરા)નો ફોન આવ્યો. તેઓએ સ્વામીશ્રીને વાત કરતાં કહ્યું : '૧૯૯૮થી ગ્રીનકાર્ડનો પ્રોસેસ ચાલુ કર્યો હતો. વચ્ચે ૧૮ વખત આપના આશીર્વાદ લીધા હતા. દર વખતે આપ કહેતા હતા કે ધીરજ રાખજો, ભગવાન બધું સારું કરશે. અને બે દિવસ પહેલા જ ઘેરબેઠાં ગ્રીનકાર્ડ આવી ગયું.'

આ સમાચાર સાંભળીને રાજી થઈને સ્વામીશ્રી કહે : 'તમે ધીરજ રાખી એટલે તમને ધન્ય છે. ભગવાનમાં શ્રદ્ધા અને વિશ્વાસ હતાં તો કામ થયું છે.'

ફોન પૂરો થયા પછી વળી સ્વામીશ્રીએ તેઓનાં વખાણ કરતાં સંતોને કહ્યું : 'એની ધીરજને કેટલું ધન્ય છે ! અઢાર વખત આશીર્વાદ લીધા તોય મનમાં શંકા ન ગઈ અને ધીરજ ના ડગી. એના પરિવારની ધીરજ પણ ના ડગી, એટલે મહારાજે કામ કર્યું.'

•

તા. ૨૬-૨-૨૦૧૦, સારંગપુર

બ્રહ્મતીર્થ સ્વામી તથા ઘનશ્યામપ્રસાદ સ્વામી વગેરે રસોડા વિભાગના સંતોએ આ વખતના ફૂલદોલના સમૈયામાં થયેલા આયોજનની સંપૂર્ણ વિગતો આપી. છેલ્લે બ્રહ્મતીર્થ સ્વામી કહે : 'આ વખતે સમૈયામાં ઉપસ્થિત સૌને સ્વામિનારાયણ ખીચડી અને છાશ આપવાની છે. દાળ અને ચોખા આપના તરફથી આવે છે એ જ વાપરવાના છે.'

સ્વામીશ્રી કહે : 'અમારા તરફથી કાંઈ આવતું નથી. બધું હરિભક્તો તરફથી આવે છે. મહારાજની દયાથી આવે છે. એમ સમજો.'

નારાયણચરણ સ્વામી કહે : 'આ સંસ્થા આપની છે, હરિભક્તો પણ આપના છે, એટલે આપના તરફથી જ કહેવાય ને !'

સ્વામીશ્રી કહે : 'એ વાત સાચી છે, પણ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની સંસ્થા છે અને એમની કૃપા અને સંકલ્પે હરિભક્તો આપણને આપે છે.'

•

પુષ્પાબહેન દામજીભાઈ કોરિયા નામના એક મહિલા હરિભક્ત તરફથી આર્થિક સેવાનો ચૅક આવ્યો હતો. ચૅકની સાથે બીડેલા પત્રમાં તેઓએ પોતાની ભાવનાને દર્શાવતાં લખ્યું હતું કે 'સ્વામીશ્રીની શતાબ્દી ઊજવાય અને એમાં આ પૈસા વપરાય એના માટે આ ચૅક મોકલું છું. હું હોઉં કે ન હોઉં, પણ મારા તરફથી આ સેવા આપું છું, કારણ કે મારા દેહનો કોઈ નિર્ધાર નથી, પણ સ્વામીશ્રી તો અમર છે.'

પ્રસંગમ્



માર્ચ ૨૦૧૦



'ભગવાન શ્રીજીમહારાજે આ દુનિયામાં પધારીને અલૌકિક એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું છે,
પણ તેમણે વચનામૃતમાં વાત કરી કે પોતે એકલા નથી આવ્યા પણ પોતાનું ધામ મૂળ અક્ષરબ્રહ્મ જે
ગુણાતીતાનંદ સ્વામી અને ઐશ્વર્ય, પ્રતાપ ને અનેક મુક્તો લઈને આવ્યા છે.
શ્રીજીમહારાજે વચનામૃતમાં ગીતા, રામાયણ, મહાભારત, વેદ, ઉપનિષદ વગેરે સર્વ શાસ્ત્રોનો સાર આપ્યો કે
એવા બ્રહ્મસ્વરૂપ સંતનો આશરો થાય તો
એકાંતિક ધર્મ સિદ્ધ થાય અને આત્યંતિક કલ્યાણ થાય.
વચનામૃતમાં એવા અદ્ભુત જ્ઞાનની વાતો કરી તેમણે આજ્ઞા-ઉપાસના પર ખૂબ ભાર મૂક્યો.
આપણે બ્રહ્મરૂપ થવું હોય તો આજ્ઞા-ઉપાસના દૃઢ જોઈએ અને
જેને આજ્ઞા-ઉપાસના દૃઢ છે એવા સત્પુરુષ થકી મોક્ષ થાય છે.
આજ્ઞા-ઉપાસના પ્રમાણે સૌનું જીવન ધન્ય બને ને સુખિયા થઈને શ્રીજીમહારાજના ધામમાં બેસે ને
સર્વનું કલ્યાણ મહારાજ કરે એ આશીર્વાદ છે.'

- પ્રમુખસ્વામી મહારાજ

તા. ૧-૩-૨૦૧૦, સારંગપુર

આજે પુષ્પદોલનો ઉત્સવ હતો. સવારથી સ્વામીશ્રી વ્યસ્ત હતા. લગભગ ૧૭૫ હરિભક્તોને સ્વામીશ્રીએ આજના દિવસે વ્યક્તિગત મુલાકાત આપી હતી અને ઉત્સવનો લાભ લેવા માટે ૮૦,૦૦૦થી વધારે ભક્તો સવારથી આવવા માંડ્યા હતા. આવા પ્રસંગે સ્વામીશ્રીને પણ મનમાં એમ હતું કે ઉત્સવમાં જેટલા વહેલા પહોંચાય એટલું સારું.

અને એટલે જ સ્વામીશ્રી જ્યારે બપોરે આરામમાં જતા હતા ત્યારે ડૉ. કિરણભાઈ દોશીએ સ્વામીશ્રીને પૂછ્યું કે 'સાંજે ૬:૦૦ વાગ્યે સભામાં પહોંચવાનો સમય છે, તો સાંજે ભ્રમણ કરવું છે ?'

'જોઈશું.' આટલું કહીને સ્વામીશ્રીએ વાત તો ટૂંકાવી, પરંતુ પછી કહે : 'એક દિવસ ન કરીએ તો ચાલે ને !'

ડૉ. કિરણભાઈ કહે : 'વૉકિંગ કરતાં કરતાં પણ સભામાં જવાનું ટેન્શન હોય તો નકામું બ્લડપ્રેશર વધે, એના કરતાં આપ કહો છો એ બરાબર છે.'

સ્વામીશ્રીએ આગળ કંઈ વાત ન કરી, પરંતુ સાંજે ૪:૩૦ વાગ્યાથી સભામાં જવાની રઢ લઈને બેઠા. જો કે વાતાવરણમાં આ વખતે અચાનક પલટો આવ્યો હોવાથી સખત ગરમી પડી રહી હતી. એટલે સ્વામીશ્રી અત્યારે ન નીકળે એ જ હિતાવહ હતું. એમ છતાં સ્વામીશ્રી તો મક્કમ જ હતા. પત્રવાંચન કરી રહેલા સ્વામીશ્રી વારે વારે સભામાં જવાની વાત કરતા હતા. એટલે સ્વામીશ્રીના સ્વાસ્થ્યને લક્ષમાં લેતાં ડૉ. કિરણભાઈએ સ્વામીશ્રીને કહ્યું કે 'બહાર તાપ બહુ જ પડે છે.'

બારી સામે જોતાં સ્વામીશ્રી શાંતિથી કહે : 'મને પણ દેખાય છે.'

ડૉ. કિરણભાઈ દોશી કહે : 'ગરમી પણ બહાર એટલી જ લાગે છે.'

સ્વામીશ્રી ધીરે રહીને કહે : 'જે લોકો સભામાં બેઠા હશે એનું શું થતું હશે ?!'

ડૉ. કિરણભાઈ કહે : 'એ બધાને ગરમી તો લાગે જ છે, પણ આપ છો એટલે રક્ષા તો કરશો જ ને !'

સ્વામીશ્રી કહે : 'એ લોકોની રક્ષા હું કરીશ તો મારી નહીં કરું ?'

આ સાંભળી ડૉ. કિરણભાઈ કંઈ બોલી ન શક્યા, મૌન રહ્યા. એટલે વળી સ્વામીશ્રી કહે : 'જે લોકો સભામાં બેઠા છે એ બધાના દેહ પણ લોઢા-લાકડાના તો નથી જ ને ! એ લોકોનેય ગરમી લાગતી હશે ! એ બધા શ્રદ્ધાથી બેઠા છે તો આપણને પણ શું વાંધો આવવાનો છે ?'

છેવટે સ્વામીશ્રીની રુચિ જાણીને કોઈ કાંઈ બોલ્યું નહીં.

•

પુષ્પદોલના ઉત્સવમાં જવા માટે બહાર શણગારેલી ગાડી જોઈ સ્વામીશ્રી કહે : 'ગાડીને આવા શણગાર કરવાની કંઈ જ જરૂર નહીં, ડેકોરેશન વળી શું કરવાનું ? સાધુને એ શોભે જ નહીં, એટલે કરવાનું જ નહીં. આપણે સાધુને તો સાદું એટલું સારું. ડેકોરેશન કરવાની કાંઈ જરૂર નહીં.'

સ્વામીશ્રીની આ નિરંતરની રુચિ છે.

•

તા. ૨-૩-૨૦૧૦, સારંગપુર

ભોજન પછી સ્વામીશ્રીએ એક વિદ્યાર્થીને ફોનમાં આશીર્વાદ આપ્યા. દસમા ધોરણમાં ૯૩% લાવનાર આ

વિદ્યાર્થીને બારમા ધોરણમાં આવી રહેલી બોર્ડની પરીક્ષામાં એટલું ટેન્શન વધી ગયું હતું કે હોશિયાર હોવા છતાં વિશ્વાસ ગુમાવી બેઠો હતો અને અંદરની તાણને કારણે એને ફિટ આવી ગઈ હતી. હિંમત હારી ગયેલા એને બે જ દિવસ પછી આવતી બોર્ડની પરીક્ષામાં આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું : 'મહારાજને સંભારીને પરીક્ષા આપજે. મહારાજ દયા કરશે. પ્રાર્થના કરજે. અમે પણ પ્રાર્થના કરીશું. જે શીખ્યો છે એને બરાબર લખાશે અને સારા માર્કે પાસ થઈ જઈશ.'

સ્વામીશ્રીનાં આટલાં વાક્યોમાં એને હિંમત વધી ગઈ અને પરીક્ષા પણ આપી અને સાથે સાથે સારા ટકા પણ એ લાવી શક્યો.

•

તા. ૩-૩-૨૦૧૦, સારંગપુર

સ્વામીશ્રી રોજ યજ્ઞપુરુષ સ્મૃતિમંદિરમાં દર્શન કરવા પધારે છે. સ્મૃતિમંદિરની પ્રદક્ષિણાનું વાતાવરણ સ્વામીશ્રીના પધારતાં જ જીવંત બની જાય છે. અહીં તાલીમ લઈ રહેલા સંતો ઉપરાંત જે કોઈ આવ્યા હોય એ સૌ અહીં બેસીને તત્પરતાથી સ્વામીશ્રીના આગમનની રાહ જોતા હોય છે. નવા નવા પ્રસંગો પ્રયોજીને સ્વામીશ્રીની પ્રેરણા મેળવવા સૌ તત્પર થઈને બેઠા હોય છે. આજે પણ સ્વામીશ્રી સ્મૃતિમંદિરે પધાર્યા. એ દરમ્યાન સંતો *'યોગી આવો તે રંગ મુને શીદ લગાડ્યો'* એ કીર્તન ગાઈ રહ્યા હતા. આ કીર્તનના તાલે ભક્તિપ્રકાશ સ્વામી તથા હરિપ્રકાશ સ્વામી નૃત્ય કરવા લાગ્યા. નાચતાં નાચતાં હરિપ્રકાશ સ્વામીએ પોતાનું ગાતરિયું નીચે પાડી દીધું અને બોલ્યા : 'આ તો ઊતરી ગયો.' (રંગ)

આ સાંભળતાં સ્વામીશ્રી કેફમાં કહે : 'શેનું ઊતરે ? કયા સ્થાનમાં બેઠો છું ? કોણ પુરુષ છે ? એ તો જો. આ સ્થાનનો મહિમા છે. આ કોનું સ્થાન છે ? હવે રંગ ઊતરતો હશે ?'

સ્વામીશ્રીએ પ્રાપ્તિનો મહિમા દૃઢાવ્યો.

•

આજે સ્વામીશ્રી સંતોની વચ્ચે વિરાજમાન હતા. લગભગ પોણો કલાક સુધી સંતોને બળભરી વાતો કરીને સાંનિધ્યનું સુખ આપ્યું અને છેલ્લે સ્વામીશ્રી કહે : 'મહારાજને રાજી કરવા છે. જે કંઈ કથાઓ થાય છે એનો અર્થ એટલો જ છે કે આપણે કાંઈક સમજવાનું છે. એટલે સ્વભાવ મૂકવા અને હોય તો કાઢી નાખજો.'

કોઈક બોલ્યું : 'અમારે તો કાઢવા છે, પણ જતા જ નથી.'

આ સાંભળીને કેફમાં સ્વામીશ્રી કહે : 'ના શું જાય ? આપણે ધાર્યું હોય તો થાય. એટલે મનમાં આવા (મોળા) વિચારો આવવા દેવાના જ નથી.'

પ્રેરણાવચનો પૂરાં થયા પછી સ્વામીશ્રી પોતાના ઓરડામાં જઈ રહ્યા હતા. એ દરમ્યાન એક સંત બોલ્યા : 'દીકરીને વળાવવાની હોય ત્યારે મા જેવી રીતે ઉપદેશ આપે એવો ઉપદેશ આજે આપે બધાને આપ્યો.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી કહે : 'મા તો ઉપદેશ આપે, પણ દીકરીને વર્તવું તો પડશે ને ! સાસરે ઉપદેશ પ્રમાણે પાળે તો સુખ આવે. બીચારી માને પહેલાં જે વીતી હોય એટલે એવી વાત કરે ને ! પણ દીકરી વર્તે નહીં તો પછી દુ:ખ થાય.'

•

સાંજે સ્વામીશ્રીએ પોતાના વ્યક્તિગત બધાં જ કામ પડતાં મૂકીને એક કુટુંબની મિલકતના પ્રશ્નમાં બંને પરિવારના અગ્રણીને બેસાડીને એક કલાક સુધી તેઓને સમજાવીને શાંતિ કરી આપી.

•

તા. ૪-૩-૨૦૧૦, સારંગપુર

શ્રી છોટુભાઈ અજમેરાનાં અક્ષરનિવાસી ધર્મપત્ની નિમિત્તે અહીં પારાયણ ચાલી રહ્યું હતું. તેઓના દુબઈ સ્થિત ભાગીદાર શ્રી નાસર પણ આ પારાયણમાં ભાગ લેવા માટે આવ્યા હતા. નાસર આરબ છે, પરંતુ સ્વામીશ્રી પ્રત્યે અપાર આદર ધરાવે છે. વળી, પાંચ દિવસના પારાયણ દરમ્યાન અહીં જ રોકાવાના હતા.

તેઓને સામેથી ઇચ્છા થઈ કે 'સિગારેટ મૂકું,' એટલે આજે સ્વામીશ્રી સમક્ષ એની વાત કરી. તેઓ થોડું હિન્દી સમજી શકે છે, એટલે સ્વામીશ્રી કહે : 'बहुत अच्छा संकल्प किया। सारंगपुर स्थल भी अच्छा है। आपको सत्संग प्रति अनुराग है और ये पवित्र स्थान है और पारायण भी चलता है, तो आज संकल्प दृढ़ करके यहाँ सिगारेट छोड़ दो। धंधा करना लेकिन सिगारेट पीना मत।' તેઓ સ્વામીશ્રીના આશીર્વાદથી

કૃતાર્થ થઈ ગયા.

•

વિદ્યાનગરથી આત્મદર્શન સ્વામીએ એક વિશિષ્ટ ભેટ મોકલી હતી. એમાં છેલ્લે પ્રાર્થના કરી હતી કે જેમ યમરાજાએ નચિકેતાને બ્રહ્મવિદ્યા આપી, એમ અમે પણ આપની બ્રહ્મવિદ્યાની કૉલેજમાં છીએ, તો જરૂર પડે તો દંડ આપીને પણ આપની બ્રહ્મવિદ્યા ભણાવજો.'

આ પ્રાર્થના વાંચી રહેલા હરિપ્રકાશ સ્વામી કહે : 'જરૂર પડે તો દંડ પણ આપજો.'

સ્વામીશ્રી તરત જ કહે : 'આપવો જ ન પડે એવું કરો ને ! જીવનમાં સરળતા રાખવી. રુચિ પ્રમાણે અને આજ્ઞા પ્રમાણે જીવન થાય, ભજન-ભક્તિ થાય એવું કરવું.'

•

ગયા વખતના ઓછા વરસાદના કારણે અહીંનું યજ્ઞપુરુષ સરોવર ખાલી પડ્યું હતું, તળિયું દેખાઈ રહ્યું હતું. આ સંદર્ભમાં સંતોએ સ્વામીશ્રીને વિનંતી કરતાં કહ્યું : 'અહીંનો ડેમ ભરાય ત્યાં સુધી આપ અહીં રહો. ડેમ ભરાશે તો આ સંતોરૂપી ગુલાબ અને મોગરા ખીલી જશે અને લીલા રહેશે.'

સ્વામીશ્રીએ આ જ વાતને આધ્યાત્મિક વળાંક આપતાં કહ્યું : ''પાણી વગર પણ લીલા રહે એવું કરો ને ! માન-અપમાનમાં એકતા રાખતા શીખે, અખંડ આનંદમાં હોય, *'જ્યાં જુઓ ત્યાં રામજી, દૂસરો ન ભાસે રે...'* એવું રહે તો લીલું-સૂકું થાય જ નહીં.''

હરિપ્રકાશ સ્વામી કહે : 'આપ આશીર્વાદ આપજો તો આવી સ્થિતિ થાય.'

'આશીર્વાદ કેટલા આપવા ?'

'અમે તો જીવ છીએ, પણ આપની પાસે આવ્યા છીએ તો એવી સ્થિતિ કરી દેજો.'

સ્વામીશ્રી કહે : 'જીવનમાં ભક્તિ દૃઢ કરવી. માન-અપમાન, સુખ-દુઃખ બધાંમાં શાંતિ શાંતિ રહે. એવી સ્થિતિ થાય તો પછી કહેવું જ ન પડે. દરેકનો મહિમા સમજાય, કથાવાર્તા - ભજન-કીર્તન - સેવા થાય એ રીતે જીવન કરવું.'

•

તા. ૬-૩-૨૦૧૦, સારંગપુર

દર્શન કરતાં કરતાં સ્વામીશ્રી મંદિરની રૂપચોકીમાં પધાર્યા. અહીં એકત્રિત થયેલા સંત-પાર્ષદો સ્વામીશ્રીનાં દર્શન કરી રહ્યા હતા.

એ દરમ્યાન સ્વામીશ્રીને ઉધરસ આવી. રૂડા સ્વામી કહે : 'ઉધરસ અમને આપી દો.'

સ્વામીશ્રી કહે : 'હું તો આ ખુરશીમાં બેઠો છું ને બેઠો બેઠો ફરું છું. તમને ઉધરસ થાય એ સારું નહીં. તમને ઉધરસ ન થાય, તાવ ન આવે, મન માંદું ન થાય. સંતો ફરશે તો કામ થશે. અમે તો આ બેઠા છીએ.'

•

તા. ૮-૩-૨૦૧૦, સારંગપુર

સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા. હરિકૃષ્ણ મહારાજે આજે આદિવાસીનો પરિવેશ ધારણ કર્યો હતો. દાહોદના વરસીંગભાઈ પાસેથી પૂજારી યોગીમંગલ સ્વામીએ આદિવાસી શૈલીની પાઘડી શીખી હતી. એ પ્રકારની પાઘડી સાથે આદિવાસી પરિવેશમાં ઊભેલા હરિકૃષ્ણ મહારાજનાં દર્શન કર્યાં પછી સ્વામીશ્રીએ કહ્યું : 'આદિવાસી હોય એ હાથમાં ફરસી જેવું રાખે ?'

'ના, તેઓ તો તીરકામઠાં રાખે; પણ અહીં એ હતાં નહીં એટલે ફરસી મૂકી.' સંતોએ ખુલાસો કર્યો.

સ્વામીશ્રી પ્રત્યેકની લાક્ષણિકતાઓને જાણે છે. વળી, દર્શન કરવામાં તેઓની કેટલી સૂક્ષ્મ દૃષ્ટિ છે એનો પણ સૌને વધુ એક પરિચય થયો.

•

તા. ૯-૩-૨૦૧૦, સારંગપુર

સ્વામીશ્રી સભામંડપમાં પૂજામાં પધાર્યા. એ દરમ્યાન કમ્પાલાથી આવેલા રામજીભાઈએ રોજની જેમ છડીનું ગાન શરૂ કર્યું : 'સોનેકી છડી, ડાયમંડ કી મશાલ, બેસ્ટમાં બેસ્ટ.....'

આ સાંભળતાં જ સ્વામીશ્રી કહે : 'બેસ્ટમાં બેસ્ટ એવું બીજું કોણ બોલતું હતું ?'

મેં કહ્યું : 'ચત્રભૂજ દાલિયા.'

સ્વામીશ્રી કહે : 'હા, બરાબર છે. એ કાયમ આવું બોલતા.'

સ્વામીશ્રીએ આ રીતે પણ જૂના સંનિષ્ઠ હરિભક્તના કાલાવાલાની સ્મૃતિ કરી.

•

સ્વામીશ્રી ભોજન અંગીકાર કરી રહ્યા હતા. અમેરિકાથી આવેલા હરિદર્શન સ્વામી તથા અન્ય

સંતોએ ત્યાં કેવું વિચરણ ચાલે છે એનો ચિતાર આપ્યો અને હરિભક્તોનાં સમર્પણની વાતો પણ કરી.

આ સાંભળીને સ્વામીશ્રી કહે : 'હરિભક્તો રાજી થાય એ બહુ મોટી વાત છે. સત્સંગી આપણી ખેતીવાડી કહેવાય. એમાં જ ઠાકોરજીની સેવા થાય. હરિભક્તોને નિષ્ઠા, હેત થાય, પછી એને કાંઈ કહેવું ન પડે.'

હરિદર્શન સ્વામી કહે : 'આમ તો હરિભક્તોને બીજી અપેક્ષા હોતી નથી, બધા બહુ સમર્પિત છે.'

સ્વામીશ્રી કહે : 'હરિભક્તને અપેક્ષા ન હોય, પણ આપણે તો તેમની સેવાની ટેવ રાખવી જ. આપણે આ અંગ પાડવું. બધા સરખા ન હોય, એટલે ક્યારેક બોલાવા-ચલાવાનું ન થાય તો પાછો પડી જાય. એક વખત નિષ્ઠા થાય પછી વાંધો ન આવે. યોગીજી મહારાજ તો એટલું બધું રાખતા – હરિભક્તને બોલાવે-ચલાવે, રમાડે-જમાડે, ઠેઠ દરવાજેથી તેડાવે. એમનું અંગ જ એવું.

એ જ રીતે કથાવાર્તાનું અંગ પણ પાડવું. ડૉક્ટર સ્વામીને આવું છે. આટલી શારીરિક તકલીફો અને ઉંમર થઈ છે તોય કેટલી કથાવાર્તા કરે છે ? એક દહાડામાં દસ-દસ વાર કરે છે. મહંત સ્વામીની તબિયત પણ એવી છે. વિવેકસાગર સ્વામી, ત્યાગવલ્લભ સ્વામી, કોઠારી સ્વામી, ઈશ્વર સ્વામી આ બધા જ એવા છે. જીવમાં દૃઢ થઈ ગયું છે એટલે કથાવાર્તા વગર, સેવા વગર રહી ન શકાય.'

•

તા. ૧૦-૩-૨૦૧૦, સારંગપુર

આજે સ્વામીશ્રી સાધકોને દીક્ષા આપવાના હતા. આજના પ્રસંગે સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના ખંડમાં દર્શને પધાર્યા ત્યારે એક સંતે ગાયું : *'શ્યામ પિયા મોરી રંગ દે ચુનરિયા...'* આ સંતનો શરીરનો રંગ શ્યામ હતો. એ સંદર્ભમાં તેઓએ કહ્યું : 'મારા દેહનો રંગ તો પાકો જ છે, પણ મારું અંતર ભગવું થાય એવા આશીર્વાદ આપજો.'

'દેહનો રંગ તો ગમે તેવો હોય, એની કોઈ જરૂર નથી. જરૂર તો અંતરની ભક્તિની છે.' સ્વામીશ્રીએ અંતરની ભક્તિનો મહિમા જણાવ્યો.

•

દર્શન કરતાં કરતાં સ્વામીશ્રી મંદિર ઉપરની રૂપચોકીમાં પધાર્યા. પરદેશથી આવેલા અને પરદેશથી આવીને અહીં તાલીમકેન્દ્રમાં રહેલા સંતોની ભીડ અહીં જામી હતી. આ સૌ બોલ્યા : 'સાધુ થવું, સાધુતા શીખવી અને સ્વભાવ મૂકવા.'

સ્વામીશ્રી કહે : 'શું મૂકવા ?'

એક સંત કહે : 'સ્વભાવ.'

'છે ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

એ સંતે કહ્યું : 'કૃપા કરજો.'

સ્વામીશ્રી કહે : 'કૃપા તો કરી છે. કેટલી કરવી ? આ સાધુ બનાવ્યા.'

આટલું કહીને પસાર થતાં થતાં કહે : 'છૂટી જશે બધાના સ્વભાવ.'

•

આજે દીક્ષાપ્રસંગ નિમિત્તે હજારો હરિભક્તો ઊમટ્યા હતા. આ પ્રસંગનો લાભ લેવા માટે અમદાવાદથી કેટલાક કાર્યકરો વહેલી સવારે નીકળ્યા હતા. હીરાવાડી વિસ્તારના પાંચ કાર્યકરોમાં સહ-નિર્દેશક કરસનભાઈ આઈ. પટેલ, નીલકંઠભાઈ ડી. ઠુમર, અંબરીષભાઈ નાનજીભાઈ પટેલ, મૂકેશભાઈ વસાણી વગેરે વહેલી સવારે સારંગપુર આવી રહ્યા હતા અને તેઓની ગાડી ધંધૂકા નજીક ટ્રક સાથે અથડાતાં ચારે કાર્યકરો ત્યાં જ અક્ષરનિવાસી થયા હતા. પાંચમા કાર્યકર ઘનશ્યામભાઈ ઠુમર સખત ઘવાયા હતા. દીક્ષા-પ્રસંગ ચાલુ હતો એ જ દરમ્યાન સ્વામીશ્રીને આ વાત મળી, એટલે સંતો દ્વારા બધી જ વ્યવસ્થા કરાવી.

આવા અલૌકિક અને દિવ્ય પ્રસંગમાં પણ આશીર્વચનમાં તેઓને શ્રદ્ધાંજલિ અર્પવાનું સ્વામીશ્રી ન ચૂક્યા. સ્વામીશ્રીએ આશીર્વચનો દરમ્યાન આ વાત કરતાં કહ્યું : 'આજે એક એવો પ્રસંગ બન્યો છે કે આપણને દુઃખ થાય છે. મોટરમાં અહીં હરિભક્તો આવતા હતા ને ધંધૂકા પાસે અકસ્માત થયો ને ચાર ભાઈઓનો દેહ પડી ગયો. અહીં જ આવતા હતા, નિર્દેશક હતા, મહારાજની ઇચ્છાથી થયું છે. કર્તા ભગવાન છે, આવરદા રાખવી કે કાઢવી બધું ભગવાનની ઇચ્છાની વાત છે. એ જ્ઞાન છે તો રોદણાં નહીં. ભગવાને જે કર્યું એ સારું જ છે. તો એ પ્રસંગને માટે આજે આપણે ધૂન કરીએ. એમના આત્માને શાંતિ

મળે, ભગવાન એમને સુખિયા કરે, એમના કુટુંબમાં પણ શાંતિ રહે, એના માટે આપણે થોડીક ધૂન કરી લઈએ.' આટલું કહેતાં સ્વામીશ્રીએ પોતે જ 'સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ....' ધૂન ઉપાડી. લગભગ પાંચ મિનિટ સુધી સ્વામીશ્રીએ જાતે જ ધૂન કરાવી.

•

દીક્ષાવિધિ સંપન્ન થઈ ગયા પછી નવદીક્ષિત સંતો સ્વામીશ્રીને ધાણીનો હાર પહેરાવવા માટે ગયા. સ્વામીશ્રીએ હાર અંગીકાર કર્યો. સંતો સ્વામીશ્રીને કુંડાળું વળી ગયા. સ્વામીશ્રી સૌને કહે : 'આ સાધુ થયા તે બરાબર છે ને ?'

'હા, બાપા !'

'આ શાનો હાર છે ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

'ધાણીનો.'

સ્વામીશ્રી તરત જ કહે : 'બસ, આપણે એવું સાદું જ રાખવાનું. નાટારંગમાં પડવું જ નથી. એ આપણા માટે છે જ નહીં. સાદાઈ રાખવાની. રજોગુણ નહીં રાખવાનો. Do you understand ?'

સંતો કહે : 'Yes.'

સ્વામીશ્રી કહે : 'આપણે ખાવા-પીવા માટે સાધુ થયા નથી. જે મળે એ ખાઈ લેવું. રોટલો મળે તો રોટલો. આપણે તો સરળતા, સાધુતા અને સાદાઈ રાખવાની, બીજા કોઈની સામું જોવાનું જ નહીં. બીજો ગમે તે કરે. આપણે આપણું જોવાનું – સાધુ થવું છે, રજોગુણ નહીં.'

સ્વામીશ્રીને મોડું થતું હતું એટલે શ્રીજીપ્રકાશ સ્વામી બધા સંતોને કહે : 'બાપાને મોડું થાય છે, ટાઈમ નથી, માટે ફોટોગ્રાફ માટે બધા ગોઠવાઈ જાવ.'

સ્વામીશ્રી કહે : 'આમાં કાંઈ મોડું થતું નથી. આ તો રજોગુણ પેસી ન જાય એના માટે વાત કરીએ છીએ. આ પાયાની વાત છે. એટલે કહેવું પડે.'

આટલું કહીને વળી સંતોને કહે : 'આ પાયાની વાત છે. સમજવું જોઈએ. સાધુ થયા એટલે સાદાઈ રાખવાની, રજોગુણ નહીં. સાધુ થયા છો તો આ રાખજો...'

•

દીક્ષાવિધિ પછી પાર્ષદો પણ સ્વામીશ્રીને હાર પહેરાવવા માટે મંચ ઉપર આવ્યા. સ્વામીશ્રી પણ આનંદમાં હતા અને પાર્ષદોને પણ એવો જ આદેશ આપતાં કહ્યું : 'આજે આવો લાભ મળ્યો છે માટે બધા હસો.' આટલું કહીને સ્વામીશ્રીએ તેઓને હિતવચનો કહેતાં કહ્યું : 'યોગીબાપા કાયમ હસતા રહેતા. ગમે એટલો માર પડે, કોઈ બોલે, ગાળ બોલે કે લૂગડાં ખેંચે તોય આપણે સહન જ કરવું.'

નરહરિ ભગતે કહ્યું : 'કલંક રહિત સાધુતા આવે એવા આશીર્વાદ આપો.'

આ સાંભળીને સૌ પાર્ષદોના મસ્તકે હાથ મૂકીને સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : 'ભજનમાં તાંતણા તૂટવા ન જોઈએ, ખાવાપીવામાં નહીં.'

આ રીતે નવદીક્ષિત પાર્ષદોને સાધના-માર્ગની સ્વામીશ્રીએ પ્રેરણા આપી અને દૃઢતા કરાવી.

•

તા. ૧૧-૩-૨૦૧૦, સારંગપુર

સુરતના એક મુમુક્ષુ દર્શને આવ્યા હતા. અત્યાર સુધી વ્યસન પાછળ ૫૦ લાખ રૂપિયા તેઓએ ખર્ચી નાખ્યા હતા. આજે સ્વામીશ્રીના આશીર્વાદ પછી તમામ વ્યસનો મૂકવાની પ્રતિજ્ઞા માટે તેઓ આવ્યા હતા. સ્વામીશ્રી રાજી થયા.

સમાજમાં વ્યાપકપણે લોકોને એવી શ્રદ્ધા છે કે પ્રમુખસ્વામી મહારાજનો હાથ એક વખત માથા ઉપર પડી જાય એટલે વ્યસનોની ચુંગાલમાંથી છૂટી જ જવાય.

•

સંત તાલીમકેન્દ્રમાં તાલીમ લઈ રહેલા નીલકંઠસેવા સ્વામી સ્વામીશ્રીને કહે : ''આપને 'નોબલ શાંતિ પારિતોષિક' મળવું જોઈએ એવો એક પરિસંવાદ અમારા વર્ગે કર્યો હતો. જેમાં આપને 'નોબલ પીસ પ્રાઈસ' કેમ મળવું જોઈએ એની બધી જ છણાવટ કરી હતી. આજે આખી દુનિયામાં આતંકવાદને કઈ રીતે નાથવો એની ચર્ચાઓ ચાલી રહી છે. મોટે ભાગે દરેક જણનો પ્રતિભાવ એ જ છે કે 'આતંકવાદીઓ સાથે ક્રૂરતાથી જ વર્તવું જોઈએ;' પરંતુ અક્ષરધામમાં આતંકવાદી હુમલો થયો એ વખતે આપે જે પ્રતિભાવ આપ્યો એ દુનિયામાં અદ્વિતીય હતો અને બધાને અનુસરવા જેવો લાગ્યો હતો. આપના આવા એક કાર્યથી જ આપને 'નોબલ પીસ પ્રાઈસ' મળવું જ જોઈએ.''

નીલકંઠસેવા સ્વામીની વાતમાં અહીં બેઠેલા તમામ સંતો સૂર પુરાવતા હતા. સ્વામીશ્રી પણ બધાની

વાતો સાંભળી રહ્યા હતા. મેં કહ્યું : 'આપને 'નોબલ પીસ પ્રાઈસ' મળવું જોઈએ. ભલે આપની ઇચ્છા ન હોય તો આપે ના પાડી દેવી જોઈએ. તો એનાથી પણ લોકોને વિશેષ પ્રભાવ તો પડે જ ને ! સત્સંગ અનંત ગણો વધી જાય.'

સ્વામીશ્રી કહે : 'આવો વિચાર આવે ને બધા નોબલ પ્રાઈસ આપે એવો વિચાર આવે એય ખોટું છે. વિચાર જ ન આવવો જોઈએ. આવું બધા કરે એ ઇચ્છા જ નહીં રાખવાની. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના આશીર્વાદ મળ્યા એનાથી વધારે બીજું છે જ શું ? બીજા આવું કરે એવો જે વિચાર આવે છે, એ પણ ખોટ છે. આવી ઇચ્છા થઈ એ પણ ખોટ છે. આપણે કોઈને ભલામણ કરવા જતા નથી કે કહેવા જતા નથી, પણ મનમાં તો આવી ઇચ્છા થઈ ને ! એ ઇચ્છા જ શા માટે થવી જોઈએ ?'

મધુરવદન સ્વામી કહે : 'એ તો આપની ભાવના છે, પણ આપનો મહિમા વધે એવી ઇચ્છા અમારે તો રાખવી જ જોઈએ ને ?'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ મળ્યા એમાં બધું આવી ગયું. મહારાજે કહ્યું અને જોગીબાપા પણ કહે છે કે સાધુથી મોટી કોઈ પદવી નથી. હવે એનાથી વિશેષ શું છે ?'

સંતો વારાફરતી દલીલ કરતા રહ્યા. ભદ્રેશ સ્વામીએ પણ કહ્યું કે 'આપ ઇચ્છા ન કરો એ આપની મહાનતા છે, પણ શિષ્યો તો પ્રયત્ન કરે ને ?'

સ્વામીશ્રીએ કહ્યું : 'એવી ઇચ્છા જ કરવાની જરૂર નહીં.'

સંતો કહે : 'અમે પણ છેવટે એવો વિચાર કરીને જ એક પંક્તિ ગાઈ હતી. એ અત્યારે ગાઈએ છીએ.' એમ કહીને –

'જે લોક ભોગ ત્યજીને નીસરે,
તેને શું અર્પણ કરીએ જ અમે;
કોઈ વસ્તુ નથી જગમાં,
અલમસ્ત સદા હરિના રંગમાં.'

આ કડી સૌએ ગાઈ. સ્વામીશ્રી કેવળ હસ્યા.

નીલકંઠસેવા સ્વામી કહે : 'આપ એક વખત એવું બોલ્યા હતા કે મને તો નોબલ પ્રાઈસના પ્રાઈસના પ્રાઈસ શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ મળ્યા; એમ અમારા માટે પણ નોબલ પ્રાઈસ શું ? તો આપ અમારા પીસ પ્રાઈસના પ્રાઈસ મળી ગયા.'

સ્વામીશ્રી કહે : 'હા, હું તમને મળ્યો અને તમે અમને મળ્યા એ જ નોબલ પ્રાઈસ.'

•

દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર શ્રી તેજેન્દ્ર ખન્ના સાહેબની સુપુત્રીના ઘરે દીકરાનો જન્મ થયો હતો. તેઓનું નામ 'કેદાર' પાડ્યું હતું. એ માટે સ્વામીશ્રી પાસે આશીર્વાદ લેવાની તેઓની ઇચ્છા હતી.

સ્વામીશ્રીએ ફોનમાં તેઓને આશીર્વાદ આપતાં કહ્યું : 'आपकी पुत्री के घर बालक का जन्म हुआ है, तो वो अच्छे संस्कार प्राप्त करके संस्कारी बने, तंदुरस्त रहे અને સુખી થાય એ આશીર્વાદ છે.'

ખન્ના સાહેબ કહે : 'आपका आशीर्वाद मिला है, वो सबसे बडी बात है। मैं आपका बहुत आभारी हूँ।'

•

તા. ૧૨-૩-૨૦૧૦, સારંગપુર

રૂપચોકીમાં સ્વામીશ્રી જ્યારે પધાર્યા ત્યારે સૌ સંતો બોલી રહ્યા હતા : *'શાંતિ પમાડે તેને રે સંત કહીએ.'* આટલું કહીને ગઈકાલના સંદર્ભમાં નીલકંઠસેવા સ્વામી કહે : 'મોટામાં મોટું 'પીસ પ્રાઈસ' અહીં જ છે ને ! કારણ કે શાંતિ તો આપનાં ચરણમાં જ છે.'

સ્વામીશ્રી કહે : ''ભગવાનનાં ચરણમાં છે. યોગીજી મહારાજ અને શાસ્ત્રીજી મહારાજનાં ચરણમાં છે. એ મળ્યા એટલે સુખિયા રહેવાનું છે. એ શાંતિનું ધામ હતા, એટલે આપણને શાંતિ કરે છે. *'માન-અપમાન મેં એકતા, સુખદુઃખ મેં સમભાવ;'* આ સમજણ થાય તો શાંતિ થાય.'' આટલું કહીને પ્રશ્ન પૂછતાં કહે : 'Do you understand ?'

•

સાંજે ૬:૪૫ વાગે ભ્રમણમાં જતાં પહેલાં સ્વામીશ્રીનું બ્લડપ્રેશર માપવામાં આવ્યું. બ્લડપ્રેશર મપાવતાં મપાવતાં જ ટિપોઈ ઉપર પડેલો એક પત્ર સ્વામીશ્રી જોવા લાગ્યા. આ સમયમાં સ્વામીશ્રીને એ પત્ર વાંચી લેવાની ઇચ્છા હતી, જોકે એ વંચાઈ ગયો હતો.

•

તા. ૧૪-૩-૨૦૧૦, સારંગપુર

મંદિરની રૂપચોકીમાં દર્શન કરવા માટે સ્વામીશ્રી

પધાર્યા ત્યારે અહીં બેઠેલા સંતો ચોસઠપદીનું પદ ગાઈ રહ્યા હતા : *'માનો મળી છે મોટી વાત, હાથ આવી તે મા હારજો રે...'*

'મોટી વાત' એ શબ્દને ધ્યાનમાં રાખીને સ્વામીશ્રીએ બે હાથ પહોળા કરીને પૂછ્યું : 'કેટલી મોટી ?'

આ સાંભળીને સામે બેઠેલા વિરાટસ્વરૂપ સ્વામી કહે : 'હવે તો નાનું થઈ ગયું છે. (તેઓએ ડાયટિંગ કરીને શરીરને પાતળું કરી દીધું હતું, એ સંદર્ભમાં તેઓએ વાત કરી).

આ સાંભળીને સ્વામીશ્રી તરત જ કહે : 'શરીરની વધઘટ તો થાય. એ તો પાતળું કરવાનું છે, સારું છે, પણ મહારાજ-સ્વામી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મળ્યા, આ સત્સંગ મળ્યો, એ મોટી વાત છે. એને મૂકવા નહીં, બીજાને મૂકી દેવા.'

•

ભાવનગરથી એક યુવકનો પત્ર હતો. એને વ્યસન-મુક્તિ માટે ફોનમાં આશીર્વાદ લેવા હતા.

સ્વામીશ્રી કહે : 'તું તમાકુ, બીડી, દારૂ, માંસ – આ બધું જ છોડી દે. તારે એ જ કરવાનું છે. તું આ છોડીશ તો જ સુખી થઈશ.'

'છોડવા પ્રયત્ન કરું છું, પણ છૂટતું નથી.'

સ્વામીશ્રી કહે : 'ઝેર છે એમ માન. ઝેરને ઝેર જાણી લીધું પછી પીવે છે ?'

'ના.'

'એમ આ બધું ઝેર છે. છોડી જ દેજે.'

'કાલથી છોડી દઈશ.'

સ્વામીશ્રી કહે : 'અત્યારથી જ સંકલ્પ કર. મરણિયો ઉપાય કર.'

સ્વામીશ્રીએ ખૂબ બળની વાતો કરી. એટલે છેલ્લે એ કહે : 'કાલે આપનાં દર્શન કરવા આવું ?'

સ્વામીશ્રી કહે : 'અહીં આવીશ તો પણ આ જ વાત કરવાની છે. અત્યારે ફોનમાં બધી વાત કરી છે. અહીં આવે ત્યારે આટલી વાત ન થાય, એટલે આ બરાબર છે.'

•

તા. ૧૬-૩-૨૦૧૦, સારંગપુર

આજે ચૈત્રી પડવો હતો. આજના દિવસે લીંબડાનો રસ પીવાનો ખૂબ મહિમા હોય છે. સંતોએ રૂપચોકીમાં લીંબડાનો રસ તૈયાર રાખ્યો હતો. સંતોએ વિરાટસ્વરૂપ સ્વામીને આગ્રહ કર્યો, પરંતુ આ કડવો રસ જોતાં જ તેઓ પગે લાગીને ઊભા થવા જતા હતા, પરંતુ સ્વામીશ્રીએ જ તેઓને આજ્ઞા કરી : 'એક ઘૂંટડો પીઓ.' સ્વામીશ્રીની આજ્ઞાથી તેઓએ એક ઘૂંટડો રસ પીધો, એટલે તરત જ સ્વામીશ્રી કહે : 'હવે અહીં બેઠેલા બધા જ એક એક ઘૂંટડો પીજો.' સૌને કડવો રસ પીવાની આજ્ઞા કરી.

બહુધા મિષ્ટાન્ન આપીને સ્વામીશ્રી સ્મૃતિ આપતા હોય છે, પરંતુ ક્યારેક આવો કડવો લીંબડો આપીને પણ સ્વામીશ્રી સ્મૃતિનો અમર-રસ પિવડાવતા રહે છે.

•

આજે સ્મૃતિમંદિરની પ્રદક્ષિણામાં રોજીદના પુરુષોત્તમભાઈ નામના કુંભારને બોલાવવામાં આવ્યા હતા. તેઓ ચાકડો ફેરવીને કુંભ ઘડી રહ્યા હતા. તેઓ ઉપર સ્વામીશ્રીએ દૃષ્ટિ કરી. સ્વામીશ્રીને જ્યારે ખ્યાલ આવ્યો કે રોજીદથી આવ્યા છે, એટલે તરત જ સંતોને કહે : 'એને નાસ્તો કરાવી દેજો.'

•

સ્વામીશ્રી સવારે સ્મૃતિમંદિર તરફ જઈ રહ્યા હતા. એ દરમ્યાન એક હરિભક્તને જોતાં જ સ્વામીશ્રીએ તેઓને સામેથી જ કહ્યું હતું કે 'મુલાકાત વખતે આવી જજો.' તેઓ અત્યારે અહીં આવ્યા ત્યારે તેઓના દીકરા સાથેના અબોલાના સંદર્ભમાં સ્વામીશ્રીએ તેઓને સઘળી વિગત પૂછી અને માર્ગદર્શન આપ્યું.

•

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની આજ્ઞાથી ગોંડળમાં ખૂબ સેવા કરનાર ચુનીભાઈ ચાતુર્વેદીનો એક પત્ર હતો. સ્વામીશ્રીએ ઉત્તરમાં દર વખતની જેમ જાતે ઘણું લખ્યું. સામાન્ય સ્થિતિના ભગવદીય હરિભક્તની સ્વામીશ્રી દરેક રીતે સંભાળ રાખી રહ્યા છે.

•

તા. ૧૭-૩-૨૦૧૦, સારંગપુર

ઠાકોરજીનાં દર્શન કરીને સ્વામીશ્રી હનુમાનજી-ગણપતિજી આગળ પધાર્યા.

સેવાવત્સલ સ્વામી કહે : 'મહારાજે પ્રેમાનંદ સ્વામીને જેમ કહ્યું કે અખંડ મૂર્તિ રહે એનાં સાધન

જુદાં; તો એ સાધન કયાં ?'

સ્વામીશ્રી કહે : 'મહારાજ રાજી થાય એ રીતે જીવન કરવું, મનધાર્યું મૂકી દેવું, અવગુણ-અભાવ લેવા નહીં અને આપણે આપણા જ સ્વભાવ-દોષો જોવા, બીજાના જોવા નહીં, તો ભગવાન રાજી થાય.'

•

મુલાકાતના અંતે દેવેન્દ્ર જાદવ(સારથિ)નો નાનો શિશુ દિવ્ય સ્વામીશ્રીની નજીક આવ્યો. એક વર્ષના આ શિશુને સૌએ કહ્યું કે 'નીચો નમીને બાપાને પગે લાગ.' પણ એ તો બાળપણની રમતમાં હતો, એટલે આજુબાજુ જોઈ રહ્યો હતો. સૌએ ઘણું સમજાવ્યો, પણ એ માન્યો જ નહીં, એટલે સ્વામીશ્રી કહે : 'અત્યારથી ઊંચો ન રહીશ. ભગવાન અને સંત આગળ ફટ દઈને માથું બરાબર નમાવી દેવું.' સ્વામીશ્રીએ ગળથૂથીમાં એને સત્સંગના સંસ્કાર પાયા.

•

આજે સ્વામીશ્રી જ્યારે પૂજામાં પધાર્યા ત્યારે નારાયણમુનિ સ્વામી કથા કરી રહ્યા હતા. કથા પૂરી કરીને સ્વામીશ્રી પાસે તેઓ આવ્યા ત્યારે સ્વામીશ્રી કહે : 'વાહ ! હવે બરાબર.' એમ કહીને રાજીપો વ્યક્ત કર્યો. એના મૂળમાં હતી ગઈકાલની ગોઠવણ.

ગઈકાલે દારેસલામવાળા સુભાષભાઈના કલાત્મક હરિમંદિરને સ્વામીશ્રીની પાછળ મૂકવામાં આવ્યું હતું. જોકે સિંહાસન નીચું હોવાથી શ્રીજીમહારાજની મૂર્તિને સ્વામીશ્રીની પીઠ આવે એવું દેખાતું હતું. સ્વામીશ્રીએ ગઈકાલે પૂજા પછી તેઓને ટકોર કરી હતી કે ઠાકોરજીની મર્યાદા સચવાય એનું ધ્યાન રાખવું. સાંજે પણ નારાયણમુનિ સ્વામી વગેરે સંતોને મળતાં મળતાં આ જ વાતનો ઉલ્લેખ કરતાં સ્વામીશ્રીએ તેઓને કહ્યું હતું કે 'ગોઠવનારા તો બધા નવા હોય એ તો ઠીક છે, પણ આપણે સમજવું જોઈએ.' આટલું કહીને વળી કહે : 'પૂજા કરવા બેઠો ત્યારે તો મને થતું હતું કે શું થશે ? શું થશે ? એટલે ધ્યાન રાખવું.' એટલું કહીને આદેશ આપ્યો હતો કે 'ઠાકોરજીને માફીના પાંચ દંડવત્ કરી લેજો.'

આજે સ્વામીશ્રીની રુચિ અને સંસ્થાની પ્રણાલી પ્રમાણે શ્રીજીમહારાજની મૂર્તિ ઉચ્ચ સ્થાને રાખવામાં આવી હતી. એ જોઈને સ્વામીશ્રી ઉપરોક્ત શબ્દો બોલ્યા હતા અને સંતોષ વ્યક્ત કર્યો હતો.

•

હરિપ્રકાશ સ્વામીએ પણ પોતાનું વક્તવ્ય રજૂ કર્યું. અક્ષરચરણ સ્વામી કહે : 'આ હરિપ્રકાશદાસ છે.'

સ્વામીશ્રી કહે : 'દાસ છે ?'

હરિપ્રકાશ સ્વામી કહે : 'દાસ તો આપના, પણ બધાના દાસ થવાય એ અઘરું દેખાય છે.'

સ્વામીશ્રી કહે : 'કરવાનું એ જ છે. ભલે અઘરું પડે. દાસ થઈએ તો નિર્માની થવાય.'

•

દિલ્હીથી આત્મસ્વરૂપ સ્વામીનો ફોન આવ્યો. તેઓએ સમાચાર આપ્યા કે આજે દિલ્હી અક્ષરધામના દર્શનાર્થી મુલાકાતીઓનો આંકડો બે કરોડ થયો.

સ્વામીશ્રી કહે : 'ક્યારે ચાલુ થયેલું ?'

આત્મસ્વરૂપ સ્વામી કહે : 'રજાના દિવસ અને એ બધું કાઢી નાખીએ તો ૧૩૭૦ દિવસો થયા. આપે કહ્યું હતું કે લાખો આવશે, પણ આ તો કરોડો થયા.'

સ્વામીશ્રી કહે : 'હજી વધશે. સારી સગવડ છે ને બધાને સારાં દર્શન થાય છે તો બધાને સંસ્કાર થશે ને બધા સુખી થશે.'

•

સ્વામીશ્રી રાત્રે ભોજન અંગીકાર કરી રહ્યા હતા. એ દરમ્યાન અક્ષરાતીત સ્વામી કહે : 'આપને ફક્ત ખીચડી ખાતા જ જોઈએ તો થાય કે અમારા વતી આપ જમો, તો અમને પણ બળ મળે.'

સ્વામીશ્રી કહે : 'ખાવાથી કંઈ બહુ બળ મળતું નથી. ભગવાનના મહિમાની વાતોથી જ બળ મળે છે.'

•

ભોજન પછી પત્રવાંચન કરીને રાત્રે આરામમાં જવા માટે ઊભા થતાં સ્વામીશ્રી અચાનક બોલ્યા : 'આવો મહારાજ !' આટલું કહીને કહે : 'પહેલા તો ફટ દઈને ઊભા થવાતું. હવે તો કોઈ આવીને ઊભા કરે ત્યારે થવાય છે.'

•

તા. ૨૨-૩-૨૦૧૦, સારંગપુર

રૂપચોકીમાં બેઠેલા સંતો ગાઈ રહ્યા હતા : '*જે જે હરિએ કર્યું હેત, એવું કરે કોણ આપણે રે; માત તાત સગા સમેત, માન્યા સનેહી ભોળાપણે રે...*'

સ્વામીશ્રીએ ભોળાપણના અર્થને સ્પષ્ટ કરતાં કહ્યું : 'આપણાં જે હતાં નહીં એને પણ (સાંસારિક રીતે) માબાપ માની લીધા. નથી છતાં પણ મનાય, ન હોય છતાં પણ સમજાય એને ભોળપણ કહેવાય. (આધ્યાત્મિક રીતે ભગવાન અને સંત) સાચાં મા-બાપ મનાય એટલે પેલું બધું ભૂલી જવાનું.'

નીલકંઠસેવા સ્વામી કહે : 'પેલાં હતાં (સાંસારિક મા-બાપ) એ બધાંને સાચું હેત કરતાં આવડ્યું નહીં અને આપને આવડે છે એટલે બધા અહીં આવી ગયા.'

'એ સાચું છે.' સ્વામીશ્રીએ સૂર પુરાવ્યો.

•

હનુમાનજી-ગણપતિજીનાં દર્શન કરવા સ્વામીશ્રી રોજ પધારે છે. સ્વામીશ્રી દર્શન કરી રહ્યા હોય એ દરમ્યાન સંતો વિવિધ પ્રકારનાં પ્રેરણાવાક્યો બોલતા રહે છે. મોટે ભાગે બ્રહ્મસેતુ સ્વામી આવાં વાક્ય બોલતા હોય છે. આજે તેઓ પાછળ બેઠા હતા અને તેઓની આગળ બેઠેલા એક સંત વાક્ય બોલી રહ્યા હતા કે 'ભગવાન અને સંતમાં હેત રહેશે એને સૌ બોલાવશે.'

સ્વામીશ્રીએ વાક્ય તો સાંભળ્યું, પરંતુ પાછળ બેઠેલા બ્રહ્મસેતુ સ્વામીને જોઈને કહે : 'આજે કેમ પાછળ છે ?'

બ્રહ્મસેતુ સ્વામી કહે : 'આજે એમને બોલવાનું હતું, એટલે એમને આગળ બેસાડ્યા.'

'બહુ સારું. આવો વિવેક રાખવો.' સ્વામીશ્રીએ વિવેક શીખવ્યો.

•

તા. ૨૩-૩-૨૦૧૦, સારંગપુર

૭:૨૫ વાગ્યાથી ભૂમિભ્રમણ શરૂ કર્યું. વચ્ચે જ્યારે વિશ્રામ માટે સ્વામીશ્રી ખુરશી ઉપર બેઠા ત્યારે રોજના ક્રમ પ્રમાણે ડૉ. નિકુલે સ્વામીશ્રીનું બ્લડપ્રેશર માપ્યું. બ્લડપ્રેશર અત્યારે થોડું વધારે હતું. સ્વામીશ્રીએ જિજ્ઞાસા દર્શાવી, એટલે ડૉ. નિકુલ તથા યોગીચરણ સ્વામીએ બ્લડપ્રેશર શા માટે વધે છે એનાં કારણો કહ્યાં.

ડૉ. નિકુલ કહે : 'સ્ટ્રેસ હોય, ટેન્શન હોય, ગુસ્સો હોય તો બ્લડપ્રેશર વધે.'

યોગીચરણ સ્વામી કહે : 'એ તો બધું આપણા જેવાને હોય, સ્વામીશ્રીને એ ન હોય ! એમને તો આ બ્રહ્માંડનો બ્રહ્મા રિસાયો તો બીજા કેટલાય હોય !'

સ્વામીશ્રી કહે : 'આ જગત ભગવાને રચ્યું છે. *જેણે રચ્યું આ જગત.... ભાતભાતનું* રે.... આપણને થાય કે આમ કેમ કર્યું ? વિચાર થઈ જાય કે આ કેમ થશે ને શું થશે ? પણ જે થયું એ ! આપણે માળા ફેરવીએ. આપણને આવું આવડે. કથાવાર્તા છે એટલે વાંધો નહીં. ભગવાનની કૃપાથી કથાવાર્તા-ભજન કરીને સુખિયા રહેવું. આપણને મૂંઝવણ હોય તો બીજાને મૂંઝવણ થાય ને !' સ્વામીશ્રીએ સહજભાવે જ્ઞાનની સ્થિતિની વાત જણાવી.

•

તા. ૨૫-૩-૨૦૧૦, સારંગપુર

હનુમાનજી-ગણપતિજીનાં દર્શન સ્વામીશ્રી કરી રહ્યા હતા. આજે બ્રહ્મસેતુ સ્વામી હાથમાં બોર્ડ લઈને ઊભા હતા. બોર્ડમાં લખ્યું હતું : 'I am Aatma, I am Akshar, I am Pramukh Swami.'

આ વાંચતાં જ સ્વામીશ્રીએ તેઓને કહ્યું : 'હવે સાચું જ્ઞાન થયું.'

•

તા. ૨૭-૩-૨૦૧૦, સારંગપુર

મુંબઈથી ૧૫ વર્ષનો એક કિશોર દર્શને આવ્યો હતો. પંદર વર્ષની વયે જ ખરાબ સંગતને લીધે ગુંડાગીરી કરતો એ થઈ ગયો હતો. સાથે સાથે અફીણથી માંડીને ઘણાં પ્રકારનાં વ્યસન ઘૂસી ગયાં હતાં. માંડ દસમામાં આવેલા આ કિશોરને પોતે ખરાબ માર્ગે ઊંડો ને ઊંડો જતો રહે છે એની પ્રતીતિ થઈ હતી અને એટલે જ સ્વામીશ્રી પાસે પ્રાયશ્ચિત્ત લઈને સુધરવા આવ્યો હતો.

સ્વામીશ્રીને તે કહે : 'શરૂઆતમાં તો મિત્રો સાથે રોફ મારવાની બહુ મઝા આવતી, પરંતુ પછી તો પૈસા લાવીને વ્યસન કરવા અને કરાવવાનું થતું. અફીણ લાવનારાઓ સાથે સોદા કરવા પડતા અને એને કારણે ગભરાયો અને પાછો વળવાની કોશિશ કરવા માટે એવા મિત્રો સાથે જવાનું બંધ કરવા માંડ્યું, પણ હવે મિત્રો જ પરાણે દબાણ કરે છે, પૈસા માગે છે અને ન કરવું હોય તોય વ્યસન કરાવે છે. આપ દયા કરો તો આમાંથી છુટાય અને કાંઈક પ્રાયશ્ચિત્ત આપો.'

સ્વામીશ્રી આ સાંભળીને અવાક્ થઈ ગયા. આટલા નાના કિશોરને શું કહેવું ? પરંતુ સ્વામીશ્રીએ કહ્યું : 'ભગવાનને સંભારજે અને ભૂલેચૂકે પણ આવી

સોબતમાં પડતો નહીં, ભણવામાં ધ્યાન રાખ ને એવા મિત્રો સાથે જવાનું ટાળી દેજે.'

•

તા. ૨૮-૩-૨૦૧૦, સારંગપુર

ગોંડલ અક્ષર મંદિરમાં નર્મદાનાં જળ આવ્યાં હતાં. આ સંદર્ભમાં પુરુષોત્તમચરણ સ્વામીએ સ્વામીશ્રીને વાત કરતાં કહ્યું : 'મને તો એમ લાગે છે કે યોગીજી મહારાજ કાયમ ધૂન કરતા કે નર્મદા બંધ (ડૅમ) થઈ જાય, એ ગોંડલમાં પાણી આવે એ માટે જ હશે....'

સ્વામીશ્રી તેઓને આગળ વાત કરતાં અટકાવતાં કહે : 'જોગીબાપા એવા સ્વાર્થી ન હતા કે ગોંડલ માટે જ કરે. યોગીજી મહારાજની ધૂન તો બધે પાણી આવે ને આખું ગુજરાત સુખી થાય અને દેશ સમૃદ્ધ બને એના માટે હતી. જોગીબાપા તો હંમેશાં કહેતા ભગવાન સૌનું ભલું કરો. એમની તો વિશાળ દૃષ્ટિ હતી. એમાં સૌની પ્રાર્થના કરે, એમાં આપણે બધા ન આવી ગયા ?'

•

તા. ૨૯-૩-૨૦૧૦, સારંગપુર

લીંબડીમાં શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા અંગે ફોન દ્વારા થતી વાતમાં સંતસ્વરૂપ સ્વામી કહે : 'આપે કહ્યું હતું કે લીંબડી આવીશું, ત્યાં રોકાઈશું. તો પછી લીંબડી આવો ત્યારે રોકાજો, અહીંથી જવાનું નામ ન લેતા.'

સ્વામીશ્રી તરત જ કહે : 'અમે કોઈના બંધનમાં રહેતા નથી.'

•

તા. ૩૦-૩-૨૦૧૦, સારંગપુર

સ્વામીશ્રી જ્યારે ઠાકોરજીનાં દર્શન કરવા માટે મંદિર ઉપર પધાર્યા ત્યારે સિકંદરાબાદ રહેતા મૂળ ભાઈલીના ઘનશ્યામભાઈને જોયા હશે. ત્યારપછી તો સ્વામીશ્રીએ પૂજા કરી, પૂજા પછી સ્વામીશ્રી ઉતારે પધાર્યા. ભોજનનો થાળ આવતાં પહેલાં સ્વામીશ્રી મને બોલાવીને કહે : 'પેલા ભાઈલીવાળા આવ્યા છે ને ! એ જો જવાના હોય તો એમને પ્રસાદ આપી દેજો.'

જીવનભર સ્વામીશ્રીએ હરિભક્તોને સાચવ્યા છે. એમની દૃષ્ટિના દોરથી હરિભક્તોનાં હૃદય જકડાઈ રહે છે.

•

ભોજન દરમ્યાન જ્ઞાનાનંદ સ્વામીએ સ્વરચિત સંસ્કૃત શ્લોકોનું ગાન કર્યું. તેઓ ગાન કરતાં કહે : 'મારો રાગ સારો નથી, છતાં ગાઉં છું.'

સ્વામીશ્રી કહે : 'ભાવ સારો છે ને !'

'સખી ! ઉપરના રંગે રાચે નહિ...' એ નિષ્કુળાનંદ સ્વામીએ શ્રીહરિની સ્વાભાવિક પ્રકૃતિ વર્ણવી છે. એ જ દર્શન સ્વામીશ્રીમાં પણ થાય છે.

•

એક વાતચીતના સંદર્ભમાં સ્વામીશ્રી આજે કહે : 'પહેલાં તો એવું હતું કે બધે જ પહોંચી વળતા હતા. શરીર સારું હતું ત્યાં સુધી કોઈનેય ના પાડી નથી. નીકળ્યા હોય ને વચમાં બે ગામ આવે તો એ પણ કરી લઈએ, કારણ કે તે દહાડે શરીર સારું, હાથ-પગ ચાલે અને તબિયત પણ સારી, ફરીએ એટલે હરિભક્ત રાજી થાય. અત્યારે તો એક સવારે મળવાનું અને પછી આખો દી અંદર બેઠાં બેઠાં જ કામ કરવાનું. પેઠા એ પેઠા, બીજે દહાડે સવારે જ નીકળવાનું.'

જીવનભર હરિભક્તોના જીવન-ઉત્કર્ષ માટે, લોકસેવા માટે ગામડે ગામડે વિચરનાર સ્વામીશ્રીને, ઉંમર અને સ્વાસ્થ્યને લીધે તબીબોના આગ્રહથી વિચરણ હવે ઘટ્યું છે, છતાં એમનો ઉમંગ હજી એવો ને એવો તાજો છે !

•

હરિભક્તોની પદયાત્રાઓ-તપશ્ચર્યાઓની વાત નીકળતાં સ્વામીશ્રી કહે : 'બધા ચાલીને બહુ આવે છે.'

નારાયણચરણ સ્વામી કહે : 'એક જ કારણ છે કે આપનું સ્વાસ્થ્ય સારું રહે.'

યોગીચરણ સ્વામી હસતાં હસતાં કહે : 'બધાએ આપની તબિયતને સ્પોન્સર કરી છે.'

સ્વામીશ્રી કહે : 'એ તો બરાબર છે, પણ દૂર દૂરથી ચાલીને આવે તો થાકી જાય ને !'

મેં કહ્યું : 'હમણાં જ એક યુવક એકલો સુરતથી ચાલીને આવ્યો.'

આ સાંભળતાં સ્વામીશ્રીએ અહોભાવથી હાથને આશ્ચર્યની મુદ્રા સાથે વાળ્યો અને કહે : 'પદયાત્રાનું તો મહારાજના વખતથી ચાલે છે. પહેલાં પણ સંઘ આવતા.'

આ રીતે હરિભક્તોની ભાવનાને સ્વામીશ્રીએ સ્વીકારી.

•

તા. ૩૧-૩-૨૦૧૦, સારંગપુર

સ્વામીશ્રી આજે સારંગપુરથી વિદાય લેવાના હતા. એ સંદર્ભમાં જ્ઞાનવિજય સ્વામી કહે : 'આજે આપ પધારો છો, પણ અંતરમાં કાયમ રહેજો, જેથી દૂર ન મનાય.'

સ્વામીશ્રી કહે : 'અંતરમાં સંભાર્યા કરજો, અખંડ ભેગા જ છીએ, દૂર મનાય એ જ ભૂલ છે.'

હરિપ્રકાશ સ્વામી કહે : 'પણ પ્રત્યક્ષની તાણ તો રહે ને !'

સ્વામીશ્રી કહે : 'તાણ તો રહેવી જ જોઈએ, પણ જ્ઞાન પણ પાકું રાખવું.'

•

શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ આગળ ઊભાં ઊભાં સ્વામીશ્રી દર્શન કરી રહ્યા હતા. સામે બેઠેલા જનમંગલ સ્વામી કહે : 'કાલે તો ગાંધીનગર....'

સ્વામીશ્રી તરત જ કહે : 'એવું કેમ મનાય છે ? આવું મનાય એ અજ્ઞાન જ છે. સત્પુરુષ તો જતાય નથી ને આવતાય નથી. જ્ઞાની છો તોય કેમ આમ થાય છે ?'

જનમંગલ સ્વામી કહે : 'તમે બોલાવો-ચલાવો એવું સુખ તો પછી ક્યાંથી મળે ? દૃષ્ટિ કરો એ સુખ જુદું હોય ને !'

સ્વામીશ્રી કહે : 'આ બેઠા (શાસ્ત્રીજી મહારાજ) અને શ્રીજીમહારાજ જોતા નથી ? અંદર ભાવ હોય તો એ અનુભવ થાય. ऋते ज्ञानान्न मुक्तिः। ડુ યુ અંડરસ્ટેંડ ? આત્મા-પરમાત્માનું જ્ઞાન થાય એટલે દૂર ને નજીક રહે જ નહીં.'

થોડી વાર પછી જનમંગલ સ્વામી કહે : 'અમને ક્યારેક ઇચ્છા થાય અને લાભ લેવા માટે આવવાનું મન થાય તો તમે ના ન પાડતા.'

સ્વામીશ્રી કહે : 'આપણે ભગવાનની ઇચ્છા મુજબ વર્તવું. થાય તોય ભલે ને ન થાય તોય ભલે. હરખ-શોક જ નહીં. *હરખ-શોકની નદીઓ મોટી, એમાં જાય તણાણો.*'

જનમંગલ સ્વામી કહે : 'તમે નકરું જ્ઞાન જ આપો છો.'

સ્વામીશ્રી કહે : 'ગામડે જાવ તો તમે લોકોને શું આપો છો ?'

સ્વામીશ્રીએ એવી દલીલ કરી કે જે ધાર્યા બહારની હતી, એટલે સૌ હસી પડ્યા અને જનમંગલ સ્વામી શાંત થઈ ગયા.

•

આજે વિદાય લઈ રહેલા સ્વામીશ્રીને સંબોધીને પ્રવક્તા નારાયણમુનિ સ્વામી કહે : 'કાં તો અહીં અખંડ રહો અથવા કાં તો અખંડ મૂર્તિ દેખાય એવી વિનંતી છે.'

સ્વામીશ્રી કહે : 'અખંડ દેખાશે.' આટલું કહીને થોડી વાર મૌન રહ્યા પછી કહે : 'અંતરની ભક્તિ હોય તો અખંડ દેખાય.'

•

સ્વામીશ્રી વિદાય લેવાના હોવાથી આજે એક પણ મુલાકાત રાખવામાં આવી ન હતી, પરંતુ સ્વામીશ્રીને જ્યારે ખ્યાલ આવ્યો કે ધંધાની એક પેઢીના ત્રણ ભાગીદારો વચ્ચે થોડું મનદુઃખ છે, ત્યારે તેઓને સામેથી બોલાવીને સ્વામીશ્રી શાંતિથી મળ્યા. સ્વામીશ્રીએ સૌને બળની વાતો કરીને ભેગા રાખ્યા.

તેઓને વાત કરતાં સ્વામીશ્રી કહે : 'આપણે ધંધાનો વિકાસ કરવો હોય તો ઓછું-વત્તું બીજું-ત્રીજું જોવું જ નહીં. સંપથી, એક રુચિથી કામ કરશો તો આ છે એના કરતાં બમણું વધી જશે. જે પ્રેમથી પહેલાં કામ કરતા હતા એ જ પ્રેમથી હવે પણ કરવાનું.'

એ યુવક કહે : 'મનમાં વિચાર જ ન આવે એવું કરો.'

સ્વામીશ્રી કહે : 'વાત સાચી છે. ભેગા રહેવામાં કદાચ ક્યારેક કહેવું પડે, પણ મનમાં આંટી ન પડે એ જોવાનું. સંપ છે ત્યાં સુખ અને સંપત્તિ બેય છે. હવે એવું ને એવું ચલાવવું છે. ભગવાન બધું ચલાવે છે અને ચલાવશે, માટે 'હું જ કરું છું અને બીજો કરતો નથી' – એમ ન જોવું. વ્યવહાર તો ભગવાનનો જ છે – એમ માનીને કરીએ તો વાંધો ન આવે.'

•

મંદિરનાં પગથિયાં આગળ ગાડી ઊભી હતી. સંતો ખુલ્લા પગે જ હતા અને મંદિરની પ્રદક્ષિણાનો આરસ સખત તપેલો હતો. સ્વામીશ્રીએ સંતોના પગની હલનચલનની નોંધ પણ કરી હશે, એટલે ગાડી આગળ આવ્યા કે તરત જ કહે : 'સંતો બધા અહીં જ રોકાઈ જજો. (સ્મૃતિમંદિર સુધી આવવાની જરૂર નહીં). તડકો


બહુ છે, એટલે પાછળ આવતા નહીં.'

મેં કહ્યું : 'બધા ભોગાવાને યાદ કરે છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી હસી પડ્યા ને કાંઈ બોલ્યા નહીં અને સંતોને પાછળ આવવાની છૂટ મળી ગઈ.

શાસ્ત્રીજી મહારાજના સમયમાં સ્વામીશ્રી તેઓની સાથે વઢવાણ ગયા હતા. શાસ્ત્રીજી મહારાજ ઘોડાગાડીમાં બેસીને વઢવાણમાં આવેલા ભોગાવા નદીનો પુલ પસાર કરી રહ્યા હતા અને સ્વામીશ્રી તેઓનાં ક્ષણેક્ષણ દર્શન થાય એ માટે ઉનાળાની ગરમ લાય જેવી રેતીમાં અડવાણા પગે દોડતાં દોડતાં તેઓનાં દર્શન કરી રહ્યા હતા. પગમાં ફોલ્લા પડી જાય એવી ગરમીમાં પોતે ઓઢેલું ગાતરિયું નદીના પટ ઉપર નાખીને થોડી વાર ઊભા રહે ને વળી પાછા દોડીને વળી પાછા ગાતરિયું મૂકીને થોડી વાર ઊભા રહે. આવી પરમ ભક્તિ સાથે સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કર્યાં હતાં. આ સંદર્ભને યાદ કરાવ્યો હતો.

પ્રસંગમ્



એપ્રિલ ૨૦૧૦



'ભગવાન ને સંત મળ્યા છે એ બહુ મોટો માલ છે. એ મળ્યા પછી રાંક શા માટે રહેવું ?
આપણે પણ આવા ભગવાનના ભક્ત થયા.
સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ શ્રીજીમહારાજ મળ્યા. ગુણાતીતાનંદ સ્વામી, શાસ્ત્રીજી મહારાજ,
યોગીજી મહારાજ મળ્યા, પછી આપણે કહીએ કે 'મારું કેમ થશે ? શું થશે ?'
એવાં રોદણાં રડવાનાં જ ન હોય. આવો મહિમા સમજાય તો ભેટમ્ ભેટા, નહીંતર છેટમ્ છેટા.
કેફમાં રહેવું, આનંદમાં રહેવું, ભગવાનની વાતો કરવી.
સાચું ધન ભગવાન ને સંત છે, એ આપણને મળ્યું છે. એટલે એના આનંદમાં રહેવું.
નસીબમાં છે એ ભોગવી લેવાનું છે.
પણ ભગવાન ને સંત મળ્યા છે એટલે આપણું કલ્યાણ ચોક્કસ છે. એમાં કોઈ ફેરફાર થવાનો નથી.
આ લોકની સમૃદ્ધિ મળી કે ન મળી, પણ નિષ્ઠા-સમજણ પાકી છે તો ભગવાન સુખિયા કરશે ને
અનેકને કર્યા છે, એવા કેફમાં રહેવું.'

- પ્રમુખસ્વામી મહારાજ

તા. ૨-૪-૨૦૧૦, ગાંધીનગર

બી.એસ.એફ. સ્ક્વોડ્રન લીડર પ્રમોદજી ખાસ દર્શને આવ્યા હતા. અક્ષરધામમાં આતંકવાદી હુમલા વખતે તેઓ બી.એસ.એફ.ના લીડર હતા અને ત્યારપછી ઉત્તરોત્તર સ્વામીશ્રી પ્રત્યે તેઓનો અનુરાગ વધતો જતો હતો. હવે તેઓની જવાબદારી શ્રીનગરમાં આવી છે. સંવેદનશીલ વિસ્તારમાં જતાં પહેલાં સ્વામીશ્રીના આશીર્વાદ મેળવવાની ઇચ્છા સાથે તેઓ અહીં આવ્યા હતા. રાષ્ટ્રપતિ તરફથી તેઓના શૌર્ય બદલ ત્રણેક વખત તેઓને ચંદ્રકો મળ્યા છે.

આજે તેઓ કહે : 'રાષ્ટ્રપતિના હાથે તો ઘણા ઍવોર્ડ મળ્યા, પણ આજે આપના આશીર્વાદ સાથે સાચો ઍવોર્ડ મેળવવા માટે આવ્યો છું.' આટલું કહીને તેઓએ સ્વામીશ્રીના હસ્તે વર્તમાન ધરાવ્યાં.

•

દિલ્હીથી ધ્યેયનિષ્ઠ સ્વામી દર્શને આવ્યા હતા. દિલ્હી અક્ષરધામમાં ઘણા વિભાગો તેઓ સંભાળે છે. આ સંદર્ભમાં સ્વામીશ્રી કહે : 'આ ધ્યેયનિષ્ઠ બધું ચલાવે છે, કોઈ ટેન્શન લાગે જ નહીં.'

ધ્યેયનિષ્ઠ સ્વામી કહે : 'અમને પણ કંઈ ખબર જ પડતી નથી કે કઈ રીતે થાય છે ! બધું આપ જ કરો છો.'

સ્વામીશ્રી કહે : 'અમને તો ખબર જ ક્યાં પડે છે ? શ્રીજીમહારાજ જ બધું કરે છે.'

•

સાંજે તૈયાર થયા પછી પત્રવાંચન ચાલુ કર્યું, શરદી હતી એટલે નાસ પણ લેવાનો હતો. નાસનું મશીન ગોઠવાયું એટલે સ્વામીશ્રી ધર્મચરણ સ્વામીને કહે : 'તમે પત્ર વાંચો.'

તેઓ પત્ર વાંચવા લાગ્યા અને સ્વામીશ્રીએ ઉત્તરો આપ્યા. આ રીતે એક કાર્યમાં બીજું કાર્ય પણ સ્વામીશ્રીએ કર્યું.

•

એક હરિભક્તે ફોનમાં સ્વામીશ્રીને કહ્યું કે દીકરો સારું ભણે છે, પણ ડિપ્રેશન આવી જતાં તેને એમ થાય છે કે હું બરાબર નહીં ભણી શકું.

સ્વામીશ્રીએ એ કિશોરની સાથે ફોનમાં વાતચીત કરતાં કહ્યું : 'નહીં ભણી શકું, એવું મનમાં માનીશ જ નહીં. સફળતા મળવાની જ છે. ભગવાનને પ્રાર્થના કરવાની. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરવું.'

એ કિશોર કહે : 'હું સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... બોલું છું પણ મન ફર્યા કરે છે.'

સ્વામીશ્રી કહે : 'આપણે પ્રયત્ન કરવાનો, હિંમત હારવી નહીં. આટલું સરસ ભણ્યો છું, પણ તને ભ્રમણા થઈ ગઈ છે. એટલે શ્રદ્ધા રાખીને ભજન કરજે.'

લાંબા સમયથી ઘર કરી ગયેલી એ કિશોરની મનોવ્યથાને સ્વામીશ્રીએ થોડી જ ક્ષણોમાં ઉકેલી આપી અને તે કિશોરનું સઘળું ભારણ ટળી ગયું. પ્રત્યક્ષ બ્રહ્મના સાંનિધ્યનો આ જાદુ છે.

•

તા. ૩-૪-૨૦૧૦, ગાંધીનગર

મહારાષ્ટ્રમાં વિખ્યાત ટેકનોલોજી ઇન્સ્ટિટ્યૂટ MITના સ્થાપક તથા યુનેસ્કોના ચૅર હોલ્ડર ઈન હ્યુમન રાઇટ્સ ડેમોક્રેસી પીસ એન્ડ ટોલરન્સના શ્રી વિજય કરાડે આજે ખાસ સ્વામીશ્રીનાં દર્શન-આશીર્વાદ માટે આવ્યા હતા. તેમણે મુલાકાત વખતે કહ્યું : 'मैं वारकरी सम्प्रदाय से हूँ, वारकरी सम्प्रदाय की परम्परा १०० वर्ष से चलती है और विश्वशांति के लिए कार्य करती है, लेकिन

विश्वशांति का सब से बड़ा कार्य आपका ही है। पहली बार भारत को इतनी उँचाई पर आपने पहुँचाया है, आध्यात्मिक ज्ञान की प्रतिष्ठा की है। भारत ज्ञानभूमि है। स्वामिनारायण संप्रदाय के माध्यम से इतना बड़ा काम हुआ है, उनकी सब प्रशंसा करते हैं।'

•

આજે સ્વામિનારાયણ અક્ષરધામમાં વિશ્વના અજોડ અને ભારતના સર્વપ્રથમ સત્-ચિત્-આનંદ વૉટર શૉનો આ ઉદ્‌ઘાટન સમારોહ માણવા માટે ગુજરાત અને ભારતના મહાનુભાવો નિમંત્રણને માન આપીને ઊમટ્યા હતા.

મહાનુભાવોના સ્વાગત માટે અક્ષરધામના પ્રવેશ-દ્વારથી લઈને વૉટર શૉના પેવિલિયન સુધી સ્વયં-સેવકોની કડીબદ્ધ હારમાળા હતી. પેવિલિયનની બરાબર સામે મધ્યમાં વિશાળ જળકુંડને સ્પર્શીને નાનો એવો ખૂબ સુંદર મંચ શણગારાયો હતો. પુષ્પોથી આવૃત્ત સ્વામીશ્રીનું આસન સાદું છતાં ખૂબ સુંદર શોભતું હતું.

બરાબર ૬-૩૦ વાગે પરમ પૂજ્ય સ્વામીશ્રી અને મંચ પર બિરાજમાન થનારા મહાનુભાવોનો પ્રવેશ થયો. તે પૂર્વે દર્શકગણમાં મહાનુભાવો પોતપોતાના સ્થાન પર ગોઠવાઈ ગયા હતા. દર્શકગણમાં પણ અનેક નામાંકિત મહાનુભાવોમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી અશોકભાઈ ભટ્ટ, નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા, મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ, મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ, ભારતીય જનતા પાર્ટીના ઉપપ્રમુખ શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા વગેરે પણ શામેલ હતા. પ્રખ્યાત વિજ્ઞાની અને ભારતીય સુપર કોમ્પ્યૂટરના જનક ડૉ. વિજય ભટકર અને ઉજ્જૈન સ્થિત વિજ્ઞાની ઘનશ્યામ પાંડે પણ દર્શકગણમાં શામેલ હતા. આ ઉપરાંત અનેક આઈ.એ.એસ. અને આઈ.પી.એસ. અધિકારીઓ, જુદા જુદા નિગમોના અધ્યક્ષો અને સૂત્રધારો, આંતરરાષ્ટ્રીય ઉદ્યોગપતિઓ, જુદાં જુદાં વર્તમાનપત્રોના માલિકો અને તંત્રીઓ, સાહિત્યકારો, યુનિવર્સિટીઓના વાઇસ ચાન્સેલર્સ, જુદા જુદા ક્ષેત્રમાં રાષ્ટ્રીયકક્ષાએ નામાંકિત ડૉક્ટર્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને એડ્વોકેટ્સ, તેમજ મીડિયાના પ્રતિનિધિઓ અને અગ્રણી સત્સંગીઓ સહિત કુલ ૧૮૦૦ જેટલા મહાનુભાવો ઉપસ્થિત હતા.

મંચ પર સ્વામીશ્રીની સાથે કોઠારી ભક્તિપ્રિય સ્વામી, ઈશ્વરચરણ સ્વામી, વિવેકસાગર સ્વામી પણ ઉપસ્થિત હતા. બીજી તરફ ત્યારબાદ આજના સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, ભારતના પ્રખ્યાત અણુવિજ્ઞાની અને ભારત સરકારના ટેક્નિકલ કાઉન્સિલના સભ્ય ડૉ. આર. ચિદમ્બરમ્ અને આ વૉટર શૉના ક્રિએટિવ દિગ્દર્શક શ્રી ઇવ પીપા ઉપસ્થિત હતા.

વાતાવરણ દિવ્ય અને અવિસ્મરણીય હતું. સૌના તન-મન જુદાં જ પ્રકારનાં આંદોલનો અનુભવી રહ્યાં હતાં.

બરાબર સાંજે ૬-૩૦ વાગે બી.એ.પી.એસ. બાળમંડળના બાળકોના વૈદિક મંત્રોચ્ચાર સાથે આ માંગલિક કાર્યક્રમનો પ્રારંભ થયો. હજારો વર્ષો પહેલાં ઉપનિષદોમાં, કઠોપનિષદમાં, મહાન ઋષિઓએ જે પરમતત્ત્વનું ગાન કર્યું છે, મહર્ષિઓએ જે બ્રહ્મ ને પરબ્રહ્મનો મહિમા સમજાવ્યો છે તે પવિત્ર મંત્રનું ગાન કરીને બાળકોએ વાતાવરણને વૈદિક સ્પર્શ આપી દીધો.

ત્યારબાદ વૉટર શૉના દિગ્દર્શક શ્રી ઇવ પીપાએ સંબોધન કરતાં કહ્યું : 'સૌથી પહેલી વાત તો એ છે કે, હું આ પ્રૉજેક્ટમાં સહભાગી થવા માગતો હતો. કારણ કે, આજ સુધીમાં વિશ્વમાં વિવિધ દેશોમાં મેં જે કાંઈ શૉ કર્યા છે, તે બધા કરતાં આ પ્રૉજેક્ટ તદ્દન જુદો છે. મેં ખૂબ શૉ કર્યા છે, પરંતુ તે બધા લોકોના મનોરંજન માટે જ કરવામાં આવ્યા છે. પરંતુ આ શૉમાં એક સંદેશ છે. ભારતીય સંસ્કૃતિ અને ગહન અધ્યાત્મનો આ સંદેશ ઉપનિષદમાંથી લેવામાં આવ્યો છે. આધ્યાત્મિકતા ધરાવતી પ્રત્યેક વ્યક્તિ માટે આ સંદેશ છે. અને એટલા માટે જ હું આ પ્રૉજેક્ટનો ભાગ બનવા માગતો હતો. મારે ચોક્કસ કહેવું જોઈએ કે મારી સાથે કામ કરનાર બી.એ.પી.એસ.ના તમામ સ્વયંસેવકો, સંતો અને પ્રમુખસ્વામી મહારાજ સહિત સૌએ મારી સાથે એક પરિવારની જેમ કાર્ય કર્યું છે. એક સાચા કુટુંબ સાથે જ કામ કર્યાનો મને આનંદ મળ્યો છે. તેમની સાથેની આ પારિવારિક ભાવનાઓથી મને ખૂબ સારું લાગ્યું છે. આ મૂલ્યોમાં સહભાગી થવા, મેં આ પ્રૉજેક્ટમાં એક ખુમારી સાથે સમય આપ્યો છે. મારા માટે અને જે ટીમ સાથે મેં કામ કર્યું છે તેના માટે

અન્ય કોઈપણ પ્રવૃત્તિ કરતાં આ શૉ અત્યંત વિલક્ષણ છે. આધ્યાત્મિક સંદેશ આપવાનો આ એક માર્ગ છે અને એ માર્ગ સૌને લઈ જાય છે અક્ષરધામ ભણી...'

ત્યારબાદ ભારતના પ્રખર અણુવિજ્ઞાની અને એટોમિક કમિશનના પૂર્વાધ્યક્ષ ડૉ. આર. ચિદમ્બરમે જણાવ્યું કે 'અત્રે યોજાઈ રહેલા લેસર વૉટર શૉના ઉદ્‌ઘાટન સમારંભમાં મને આમંત્રણ આપીને પ્રમુખસ્વામી મહારાજે મારું બહુમાન કર્યું છે. હું છેલ્લાં ૧૫ વર્ષથી પ્રમુખસ્વામી મહારાજને મળતો રહ્યો છું અને મારી પ્રત્યેક મુલાકાત વખતે મને કંઈક નવી જ ઉન્નતિનો, ઊર્ધ્વગતિનો, અનુભવ થાય છે. આજ સવારે પણ મને તેમની સાથે એક કલાક ગાળવાનું સૌભાગ્ય મળ્યું. ઘણાં વર્ષો પહેલાં મેં અક્ષરધામની મુલાકાત લીધી છે અને દિલ્હીના અક્ષરધામના ઉદ્‌ઘાટન વખતે હું ઉપસ્થિત હતો. અહીં ઘણા લાંબા સમય બાદ આવ્યો છું. દિલ્હીમાં તમે ફક્ત આધ્યાત્મિક વાતાવરણ ઊભું નથી કર્યું, પરંતુ તમારી પાસે મહાન વિજ્ઞાનીઓ પણ છે : પ્રાચીન ભારતના સુવિખ્યાત વિજ્ઞાનીઓ ભાસ્કરાચાર્ય, આર્યભટ્ટ, સુશ્રુત અને આધુનિક વિજ્ઞાનીઓ સી. વી. રામન, જે. સી. બોઝ અને અન્ય. દિલ્હીના સ્વામિનારાયણ અક્ષરધામમાં અદ્‌ભુત નૌકાવિહાર પ્રદર્શનમાં આપણા પ્રાચીન વિજ્ઞાનનું દર્શન થાય છે.

અહીં લેસર વૉટર શૉનું જે નિર્માણ થયું છે તે ટેક્નોલોજી અને આધ્યાત્મિકતાના અદ્વિતીય સમન્વયનું પ્રતીક છે. જે અવ્યક્ત નથી તેને વિજ્ઞાન ક્યારેય સ્વીકારી શકતું નથી, વિજ્ઞાન દ્વારા ક્યારેય તેનો ઉત્તર મળી શકતો નથી. આ બધા સૂક્ષ્મ અને અગાધ વિચારો છે. તેને સમજવા એટલું સરળ નથી. મને વિશ્વાસ છે કે આપણે લેસર શૉમાં જે જોવા જઈ રહ્યા છીએ તેમાં સૌને તેનું અર્થઘટન મળી રહેશે.'

ત્યારબાદ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ, પ્રમુખસ્વામી મહારાજનાં દિવ્ય વ્યક્તિત્વ અને કાર્યોને અદ્‌ભુત ભાવાંજલિ અર્પણ કરી. ઉપસ્થિત મહાનુભાવોને સંબોધતાં તેમણે કહ્યું : 'આજે વિશ્વમાં, ગુજરાતમાં, ગાંધીનગરમાં અને અક્ષરધામમાં અધ્યાત્મ અને વિજ્ઞાનના સુભગ સમન્વય સાથે, અધ્યાત્મના રંગે રંગાયેલા પ્રથમ વૉટર-શૉનો પ્રારંભ થઈ રહ્યો છે. હું લગાતાર આ પ્રૉજેક્ટના સંપર્કમાં રહેતો હતો અને બધા સંત જે ઉત્સાહ અને ઉમંગથી તેના નિર્માણકાર્યમાં લાગેલા હતા, કલ્પનાને સાકાર કરવાનો જે આનંદ તેમની વાતોમાં છલકાતો હતો તે જોઈ મને લાગતું હતું કે, અહીં કોઈ એવું અદ્‌ભુત નિર્માણ થઈ રહ્યું છે જે અક્ષરધામમાં આવનારા લોકોને ભારતની હજારો વર્ષ પુરાણી સંસ્કૃતિ સાથે જોડવાની સમર્થતા ધરાવે છે.

મને ઘણી વખત થાય છે કે વિશ્વની જેટલી મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ છે તે તમામે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દ્વારા થયેલાં કાર્યોનો કેસ-સ્ટડી (અભ્યાસ) કરવો જોઈએ. તેમને તેમાં સંચાલનના ઉચ્ચકોટિના સિદ્ધાંતો અને ભારતીયતાની ઝલક મળી આવશે. માણસના કૌશલ્યનો સારામાં સારો ઉપયોગ, સદુપયોગ કેવી રીતે થાય, સ્રોતોને વધારેમાં વધારે ત્વરાથી કેવી રીતે ગતિશીલ બનાવી શકાય અને સ્રોત તથા માનવ કૌશલ્યનું સંયોજન નિર્ધારિત સમય માળખામાં કેવી રીતે થઈ શકે તે શીખવું હોય તો પ્રમુખસ્વામી મહારાજના નેતૃત્વમાં પરિપૂર્ણ થયેલાં કાર્યોનો ગહન અભ્યાસ કરવો જોઈએ. તેમનાં કાર્યો આપણને ભારતીયજીવનના મેનેજમેન્ટના સિદ્ધાંતોને સમજવાનો મહાન અવસર પૂરો પાડે છે. એ વાતનો આનંદ છે કે હિંદુસ્તાનમાં સંતો આધુનિકતમ મેનેજમેન્ટ કૌશલ્યથી કાર્ય કરી રહ્યા છે અને તે વિશ્વનો ભારત પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલવાની ક્ષમતા રાખે છે.

ઈન્ફર્મેશન ટેક્નોલોજીએ ભારત તરફ અલગ નજરથી જોવા વિશ્વને મજબૂર કર્યું છે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દ્વારા જે કાર્યો ચાલી રહ્યાં છે અને જે સ્વરૂપમાં ચાલી રહ્યાં છે તે વિશ્વને આપણી મહાન પરંપરાને નવી રીતથી જોવા, વિચારવા અને તેનો સ્વીકાર કરવા મજબૂર કરશે, એવો વિશ્વાસ છે.

અનુભવે એ સિદ્ધ થયું છે કે આપણા ઋષિ-મુનિઓએ જે પરંપરાઓ સ્થાપીને વિકાસ કર્યો છે, જીવવા માટે પ્રેરણા આપી છે અને આચાર-વિચારનો ઉપદેશ આપ્યો છે તે વિજ્ઞાનની કસોટીમાં પાર ઊતર્યા છે. આપણા જીવનદર્શનની એવી કોઈ વસ્તુ નથી જે વિજ્ઞાનના ત્રાજવે તોળાઈ ન હોય.

અહીં પૂર્વ અને પશ્ચિમનું કેવું અદ્‌ભુત મિલન છે ! પશ્ચિમનો કલાકાર પૂર્વના વારસાને વિજ્ઞાન સાથે જોડીને, આપણી જ સામે પ્રસ્તુત કરે છે. અને આવું કામ

પ્રમુખસ્વામી જ કરી શકે છે. શ્રીમાન્ ઈવ પીપા જ્યારે અહીં સર્વપ્રથમ પધાર્યા હશે ત્યારે નચિકેતા નામના ઉચ્ચારણમાં જ સમસ્યા શરૂ થઈ હશે. તેમ છતાં નચિકેતાના પાત્રને આત્મસાત્ કરવું અને પછી તેને સર્જનાત્મક સ્વરૂપ આપવું અને તેને ટેક્નોલોજી સાથે જોડવું, હું માનું છું કે આ બધું અદ્ભુત સાધનાનું પરિણામ છે. અને તેનો લાભ આપણી નવી પેઢીને મળશે. મનોરંજન અને વિજ્ઞાનના માધ્યમથી સહજતાથી હસતાં-રમતાં ઉપદેશનું અદ્ભુત કામ અહીંથી થવાનું છે. અક્ષરધામમાં આવીને વ્યક્તિની શ્રદ્ધા વધુ દૃઢ થશે. અક્ષરધામના પ્રદર્શનને જોઈને વ્યક્તિ જ્ઞાનના વિશાળ આકાશની અનુભૂતિ કરી શકશે.

જે વ્યક્તિ અહીં પધારશે તેને નવી રીતે જીવવાનું બળ મળશે, પ્રેરણા મળશે, અને નચિકેતાનું પાત્ર પસંદ કરવા માટે પ્રમુખસ્વામી મહારાજને હૃદયપૂર્વક પ્રણામ કરું છું.'

અંતે, આ સત્-ચિત્-આનંદ વૉટર શૉના પ્રેરણામૂર્તિ અને જેમની સતત હૂંફ અને પ્રેરણાથી આ વૉટર શૉ નિર્માણ પામ્યો છે, એવા સ્વામીશ્રીના આશીર્વચન સાંભળવા માટે સૌ ખૂબ ઉત્સુક હતા. સરળ અને શાંત શૈલીમાં સ્વામીશ્રીએ સૌને આશીર્વાદ આપતાં જણાવ્યું કે –

'ઈવ પીપાનું નામ જ એવું સાર્થક છે, પી અને પા. તમે પીઓ અને સામા પાછા પાઓ. નચિકેતાના આખ્યાનને બહુ સુંદર રીતે પાણીના શૉમાં બતાવ્યું. આવી આધ્યાત્મિક વાતો તમે પીઓ અને પાઓ. એવું સાર્થક નામ છે.

કઠોપનિષદમાં નચિકેતાની વાત આવે છે. એના બાપુજી ઉદ્દાલક ઋષિએ મોટો યજ્ઞ કર્યો ને હજારો ગાયો બ્રાહ્મણોને દાનમાં આપી. આપણને પ્રિય હોય, સારું હોય એવું જ દાન કરીએ, પણ ઉદ્દાલકે ગાયો દાનમાં આપી એ વસૂકી ગયેલી, મડદાલ જેવી હતી. નચિકેતાને થયું કે મારા પિતા આવું દાન કરે છે એ સારું ન કહેવાય. આપવું તો સારું દાન આપવું. નચિકેતાએ પિતાને સવાલ કર્યો, પિતાને ક્રોધ આવ્યો ને ઉગ્રતામાં કહી દીધું, જા, તને યમરાજને આપ્યો. નચિકેતા સંસ્કારી હતો, આજ્ઞાપાલક હતો. આજનો જમાનો એવો છે કે બાપને ક્યાંય જંગલોમાં મૂકી આવે, પણ નચિકેતા યમરાજાના દરબારમાં ગયો. યમ એની દૃઢતાથી પ્રસન્ન થયા. નચિકેતાએ વરદાન માંગ્યાં. દીકરો કેટલો સંસ્કારી છે! પિતા યમરાજાને ત્યાં મોકલે છે તોપણ પિતાની શાંતિ માટે વરદાન માગે છે. આપણા ભારતીય સંસ્કાર કેવા છે તે આવા પ્રસંગોમાં જોવા મળે છે. આજે ઘર ઘરમાં પ્રશ્નો છે, પણ આવી આધ્યાત્મિક વાતો સાંભળીએ, જાણીએ તો કુટુંબમાં, સમાજમાં ને દેશમાં શાંતિ થાય. એવી ઘણી વાતો ઉપનિષદોમાં છે, પરંતુ એ વાંચવા આપણે નવરા નથી, પણ જેણે વાંચ્યું છે, વિચાર્યું છે, તેઓ એ માર્ગે ચાલીને સુખિયા થયા છે.

નચિકેતા મૃત્યુનું રહસ્ય સમજાવવા વરદાન માગે છે ત્યારે યમરાજા એને દેવલોકનાં સુખ આપવાની વાત કરે છે ત્યારે નચિકેતા એની ના પાડીને આધ્યાત્મિક વાત, આત્માના કલ્યાણની વાત માગે છે. શાંતિ-સુખ થાય, બીજાનું ભલું થાય એવું એણે માંગ્યું. પછી યમે 'उत्तिष्ठत जाग्रत प्राप्त वरान् निबोधत...'ની વાત કરી. એવું આધ્યાત્મિક સુખ ભોગવતા હોય, જીવનમાં ઉતાર્યું હોય એવા મહાન પુરુષોના શરણે તું જા, તો તને એ સુખ મળશે. બ્રહ્મનિષ્ઠ પુરુષો પાસે જા, તો તને આ જ્ઞાન મળશે.

ગીતામાં કૃષ્ણ ભગવાને કહ્યું છે :

'ब्रह्मभूतः प्रसन्नात्मा, न शोचति न कांक्षति।
समः सर्वेषु भूतेषु, मद्भक्तिं लभते पराम्॥'

એ સંત કેવા હોય ? તો એની બ્રાહ્મીસ્થિતિ હોય, અખંડ ભગવાનનું સ્મરણ હોય, પરોપકાર હોય, કોઈને દુઃખ-ત્રાસ ન આપે એવા હોય, એવા બ્રહ્મસ્વરૂપ પુરુષ પાસેથી તને જ્ઞાન મળશે. જે બ્રહ્મસ્વરૂપ થયા હોય એની પરીક્ષા શું છે ? એને આનંદ-આનંદ-આનંદ જ હોય. બેસે, ઊઠે, વાત કરે પણ પ્રસન્નાત્મા. એને કોઈ શોક નહિ, અને બીજાને શોક થાય એવી વાત થાય નહિ. એને કોઈ પ્રકારનો શોક ન હોય કે મને આમ થયું, તેમ થયું, આ મળ્યું કે ન મળ્યું, એવો કોઈ શોક નહિ. મળ્યું તોય ભલે, અને ન મળ્યું તોય ભલે. કોઈ પ્રકારની ઇચ્છાઓ પણ નહિ. દરેક માણસ પ્રત્યે, દરેક જીવ પ્રત્યે એને અખંડ દયા હોય. કોઈ મારે, તાડન કરે, અપમાન કરે, તિરસ્કાર કરે, એના માટે 'એનું ખરાબ થાવ, ખોટું થાવ' એવું નહિ. એવા સંત સર્વનું

હિત ઇચ્છે, સર્વનું કલ્યાણ ઇચ્છે. આવા પુરુષો થકી જ આપણને આ જગતમાં સુખ અને શાંતિ પ્રાપ્ત થાય છે.

આપણા ભારતમાં સંતો-મહાત્માઓ અદ્ભુત થયા છે. સ્વામિનારાયણ ભગવાન પણ આ પૃથ્વી પર પધાર્યા. એમણે આવા પાંચસો સંતો કર્યા હતા. એમણે પણ આ જ્ઞાન બધાને આપ્યું છે. શાસ્ત્રીજી મહારાજ પણ અદ્ભુત પુરુષ હતા. યોગીજી મહારાજને તો તમે જ્યારે જુઓ ત્યારે હસતા હોય. કોઈ માન કરે, અપમાન કરે તોય હસે, 'એનું ભલું કરો, એનું સારું કરો' એ જ ભાવના. એ હંમેશા કહેતા, 'ભગવાન સૌનું ભલું કરો.' એમના વિરુદ્ધમાં કોઈએ લખ્યું હોય તો કહે, 'લાવો, વાંચીએ. બહુ સારું લખ્યું છે. આમાં આપણી ભૂલો થતી હશે તો સુધરશે.' આવું એમનું જ્ઞાન હતું, એવા અલમસ્ત હતા. એમના થકી આજે આપણને આ જ્ઞાન પ્રાપ્ત થાય છે. આપણી ભારતીય સંસ્કૃતિના સંસ્કાર – ઉપનિષદ, રામાયણ, મહાભારત, ગીતા, સ્વામિનારાયણ ભગવાને વચનામૃત આપ્યું છે, આ બધા ગ્રંથો વાંચવા જોઈએ, એટલે ઘરસભા કરવી. પહેલાં આપણા વડવાઓ રાત્રે ભેગા થઈ છોકરાઓને રામાયણ-મહાભારતની વાતો સમજાવતા એટલે સંસ્કાર મળતા હતા. એટલે જોગી મહારાજે કહ્યું છે, 'ઘરસભા કરો.' કુટુંબનાં બધાં ભેગાં બેસીને, ઘરસભા કરીને, રામાયણ-મહાભારતની વાતો કરે તો છોકરાઓ સંસ્કારી થાય. ઘર, સમાજ ને દેશમાં શાંતિ થાય, એવા એમના બહુ જ મોટા વિચારો હતા. યોગીજી મહારાજ એવા સંત હતા તો એમના થકી આપ બધાને ખૂબ સુખ-શાંતિ થાય એવી પ્રાર્થના છે.'

હવે સત્-ચિત્-આનંદ વૉટર શૉની પ્રથમ પ્રસ્તુતિ થવાની હતી. મુખ્યમંત્રીશ્રી અને સૌ મહાનુભાવો મંચ પરથી ઊતરી પેવિલિયનમાં દર્શકગણમાં બિરાજ્યા. સ્વામીશ્રી અને સંતો સૌની વિદાય લઈ ઉતારે પધાર્યા.

થોડી જ ક્ષણોમાં વૉટર શૉનો પ્રારંભ થયો. સતત ૪૫ મિનિટ સુધી સૌ કોઈ જાણે જુદા વિશ્વમાં વિહાર કરી આવ્યા હોય એવો અનુભવ થયો. સૌનાં મન-બુદ્ધિ-ચિત્ત અને આત્મા જાણે સત્-ચિત્-આનંદમય થઈ ગયાં હતાં. તમામ મહાનુભાવો એક જ અવાજે કહી રહ્યા હતા : 'અજોડ...., અદ્ભુત...., અકલ્પ્ય...., અનિર્વચનીય.... આવા અદ્ભુત શૉના સર્જક પ્રમુખસ્વામી મહારાજને કોટિ કોટિ વંદન... આધ્યાત્મિક સંદેશ આપવાનું આવું કાર્ય તેઓ જ કરી શકે.....'

સૌ મહાનુભાવો છુટા પડ્યા પછી સતત 'સત્ ચિત્ આનંદ'ની અનુભૂતિને જ વાગોળી રહ્યા હતા. ભોજન દરમ્યાન પણ સૌના મુખમાં આજના સમારોહની અને સત્-ચિત્-આનંદ વૉટર શૉની જ વાતો ગૂંજતી રહી. કેટલાક આખી રાત પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં યોજાયેલો આ સમારોહ અને વૉટર શૉના સંમોહનથી ભીંજાયેલા રહ્યા.

શૉ પૂરો થયો તે સાથે થોડી જ ક્ષણોમાં ટેલિવિઝન દ્વારા સમગ્ર ભારત અને વિશ્વમાં આ વૉટર શૉનાં આંદોલનો પ્રસરી ગયાં. બીજે દિવસે સવારે ભારતનાં અનેક શહેરોમાં લગભગ બધાં જ વર્તમાનપત્રોએ વૉટર શૉનો જય જયકાર કર્યો હતો અને ટી.વી. ચેનલોએ આખો દિવસ વૉટર શૉની ગાથાઓ ગાઈ. સર્વત્ર જય જયકાર છવાઈ ગયો.

•

એક તરફ વૉટર શૉની સમગ્ર રજૂઆતથી સૌ અતિ પ્રભાવિત હતા ત્યારે સ્વામીશ્રી કંઈક બીજું જ વિચારતા હતા. સમગ્ર કાર્યક્રમ પૂરો થયો ત્યારે લગભગ અડધો કલાક જેટલું મોડું થયું હતું. દરેક કાર્યમાં ચીવટ ધરાવતા સ્વામીશ્રીના ધ્યાનમાં આ વાત આવી હતી. એટલે જ શૉના ઉદ્ઘાટન પછી સ્વામીશ્રી ગાડીમાં બેઠાં બેઠાં બોલ્યા : 'નક્કી કર્યું એના કરતાં અડધો કલાક મોડું થયું, આવા મહેમાનો આવવાના હોય ત્યારે આ ન થવું જોઈએ.'

સ્વામીશ્રીની પૂર્ણતા (પરફેક્શન) જ આખી સંસ્થાના દરેક કાર્યમાં પૂર્ણતા લાવે છે.

•

તા. ૪-૪-૨૦૧૦, ગાંધીનગર

ગઈકાલના વૉટર શૉના ઉદ્ઘાટન-વિધિ પછી ઉપસ્થિત મહાનુભાવોએ અભિપ્રાયોનો ધોધ વરસાવ્યો હતો. આ અભિપ્રાયો સ્વામીશ્રીને સવારના ભોજન દરમ્યાન કહેવામાં આવ્યા. ઈશ્વરચરણ સ્વામી અને આ શૉના સંચાલક તમામ સંતો બેઠા હતા અને એક પછી એક અભિપ્રાયની છોળો ઊછળતી રહી. સૌના મુખ ઉપર આનંદ હતો. બ્રહ્મવિહારી સ્વામી તથા અક્ષરવત્સલ સ્વામીએ ગઈકાલે આવેલા મહાનુભાવોના અભિપ્રાયોનું

વર્ણન કર્યું.

વાર્તાલાપ દરમ્યાન બ્રહ્મવિહારી સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : ‘સૌથી પહેલાં તો આપનો આભાર, કારણ કે બે દિવસ પહેલાં જ્યારે ટેસ્ટિંગ ચાલી રહ્યું હતું ત્યારે પવન ફૂંકાઈ રહ્યો હતો અને એમ્ફિ-થિયેટરનાં પગથિયાં પલળી રહ્યાં હતાં ત્યારે બધાને એમ થઈ રહ્યું હતું કે ‘ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં શું થશે ?’ એટલે જ મારતે ઘોડે આપની પાસે આવ્યા હતા અને વિનંતી કરી હતી કે ‘પવન ન ફૂંકાય એવા આશીર્વાદ આપજો.’ બધા ચિંતિત હતા ત્યારે આપ એક જ સ્થિર હતા. આપે એટલું જ કહ્યું કે ‘શ્રીજીમહારાજ દર વખતે આપણી લાજ રાખે છે, આપણને અહં ન આવી જાય અને પૃથ્વી ઉપર રહીએ એટલે ભગવાન બધું કરે છે.’ ત્યારે હજી પણ અમને પ્રતીતિ આવતી ન હતી. વાત કર્યાના બીજે દિવસે પણ પવન હતો. વળી, આપે તો એમ કહ્યું હતું કે ‘એક પાંદડું પણ હાલશે નહીં, ભગવાન દયા કરશે;’ પણ ગઈકાલે સાંજે ૪:૦૦ વાગે પણ પવન હતો. એટલે ચિંતા વધતી જતી હતી. આજે આમંત્રિત મહાનુભાવોની નાનામાં નાની ચિંતા આપે કરી હતી. સાંજે ૫:૦૦ વાગે પણ ફોન કરીને આ બધા મહાનુભાવોની વ્યવસ્થા માટે પૂછ્યું હતું, નાનામાં નાની વિગત પૂછી હતી, પરંતુ દસ-પંદર મિનિટની વાતચીતમાં આપે પવન સંબંધી કશું જ પૂછ્યું નહીં, આપને શ્રીજીમહારાજ ઉપર કેટલો વિશ્વાસ ! એટલે અમે બધા માનીએ છીએ કે કેવળ આપની જ દયા છે. આપે પવનને રોકી ન રાખ્યો હોત તો શું થાત ? હકીકતમાં આપ ભગવાન જ છો. ભગવાન ન હો તો આ શક્ય જ નથી.’

સ્વામીશ્રી તરત જ કહે : ‘એ ક્યાં બોલ્યા ? આપણે ક્યાં ભગવાન છીએ ?’

‘ન હોય તો આટલું ઐશ્વર્ય કોણ બતાવી શકે ?’

સ્વામીશ્રી કહે : ‘ભગવાન બોલે છે, શાસ્ત્રીજી મહારાજ ને જોગીબાપા બોલે છે. બોલનારા એ છે. કર્તા પણ એ છે.’

‘બોલે છે, પણ આપનામાં રહીને ને ?’

સ્વામીશ્રી કાંઈ બોલ્યા નહીં. એટલે બ્રહ્મવિહારી સ્વામી કહે : ‘બધા જ ચિંતામાં હતા ત્યારે આપના મુખ ઉપર જબરજસ્ત સ્વસ્થતા હતી. આપે કહ્યું હતું કે મહારાજે અત્યાર સુધી લાજ જવા દીધી નથી. એક પાંદડું નહીં હાલે. આ બધી જ વાત ગઈકાલે સાર્થક દેખાતી હતી. એક પાંદડું હાલતું ન હતું. વીડિયો પણ લઈ લેવામાં આવી છે.’

અલબત્ત, આ બધા ગુણાનુવાદ સ્વામીશ્રીને લેશમાત્ર સ્પર્શ્યા નહીં, તેઓ ‘સ્વ’સ્થ જ રહ્યા, અલિપ્ત જ રહ્યા.

•

ત્યારબાદ ગઈકાલે વૉટર શૉ માણનારા અનેક મહાનુભાવોના ભરપૂર પ્રશંસાથી છલકાતા અભિપ્રાયોનો જાણે કે ધોધ વહ્યો. સૌનાં અંતરમાં ગૌરવની લાગણી હતી. સૌનો આનંદ સમાતો ન હતો. એક પછી એક સૌ કોઈ પોતે સાંભળેલા અભિપ્રાયોની વહેંચણી કરી રહ્યા હતા. સ્વામીશ્રીએ પણ આ અભિપ્રાયો સાંભળ્યા, પરંતુ સ્વામીશ્રી આ ગુણાનુવાદના ધોધમાં વહ્યા વગર ભોજન પછી તરત જ એક નાનકડા નગરના મંદિરની વ્યવસ્થા સંબંધી મિટિંગમાં વ્યસ્ત થઈ ગયા. જંબુસરના હરિભક્તોને સ્વામીશ્રીએ જ બોલાવ્યા હતા. તેઓની સાથે મિટિંગ પૂરી થયા પછી નિખિલેશ સ્વામીને સ્વામીશ્રીએ બોલાવીને કહ્યું : ‘પેલા જંબુસરના હરિભક્તો અહીં રોકાવાના છે, તો એ બધાને શૉ દેખાડવાની બધી વ્યવસ્થા કરાવી દેજો અને બપોરના ભોજનની પણ વ્યવસ્થા કરાવી દેજો.’

સ્વામીશ્રીની સૌ પ્રત્યેની સમતા અને આત્મીયતાનાં આ દર્શન હતાં.

•

બપોરે ૪:૦૦ વાગ્યાથી ઈ.સી.એ.-૨ના બિઝનેસ મૅનેજર જુલિયન સ્વામીશ્રીનાં દર્શનની રાહ જોઈને બેઠા હતા. આમ તો ગઈકાલે સ્વામીશ્રીનાં દર્શન તેઓને થઈ ચૂક્યાં હતાં, પરંતુ આજે જતાં પહેલાં તેઓને પ્રેરણા થઈ અને દર્શન કર્યાં વગર ન જવાની ઇચ્છા વ્યક્ત કરી. વળી, ઈવ પીપાના હાથે બંધાયેલી નાડાછડી જોઈને એમને પણ નાડાછડી બંધાવાનું મન થયું હતું. સ્વામીશ્રીને તેઓ કહે : ‘હું આપનો આભાર માનવા આવ્યો છું. આજે જઉં છું. હું અહીં બે દિવસ જ હતો, પણ આજે હૃદયમાં શાંતિ લઈને પાછો જઉં છું. આખી દુનિયામાં ફરું છું, મોટાં મોટાં કામ કરું છું, પણ આવો દિવ્ય આનંદ ક્યાંય નથી આવ્યો. તમારી સ્મૃતિ

રોજ કરીશ અને સંસ્થા સાથે જે કામ કર્યું છે એ યાદ કરીશ. મારી ઇચ્છા છે કે હું સિગારેટ મૂકી દઈશ અને પ્રાર્થના છે કે મારી જોડે જે કોઈ કામ કરે અને જે કોઈ હોય એ બધા સુખી થાય.'

સ્વામીશ્રી તેઓની ભાવના જોઈને રાજી થયા અને આશીર્વાદ આપ્યા.

•

લાર્સન એન્ડ ટુબ્રો(એલ. એન્ડ ટી.)ના સર્વેસર્વા એમ.ડી. તથા સી.ઈ.ઓ. અનિલભાઈ નાયક સ્વામીશ્રીના આશીર્વાદ મેળવવા આવ્યા હતા. છેલ્લા એક મહિનામાં તેઓને ત્રણ એવોર્ડ મળ્યા હતા. કેન્દ્ર સરકાર તરફથી 'પદ્મભૂષણ'નો એવોર્ડ પણ તેઓને મળ્યો હતો. સ્વામીશ્રીની દિવ્યતા અને સાધુતાથી આકર્ષાઈને સત્સંગ પ્રત્યે કેવળ અનુરાગી જ નથી રહ્યા, પરંતુ સત્સંગી જ બની ચૂક્યા છે. સ્વામીશ્રીએ બાંધેલી નાડાછડી તેઓ કાયમ હાથમાં બાંધી જ રાખે છે. અત્યારે પણ નાડાછડી બતાવીને તેઓ સ્વામીશ્રીને કહે : 'આ જુઓ, હું કાયમ એને સાથે જ રાખું છું. વર્ષમાં એક જ વખત કાઢું છું અને તરત બીજી બંધાવી દઉં છું.'

સ્વામીશ્રીએ આજે પણ તેઓને નવી નાડાછડી બાંધી આપી.

વળી, તેઓ કહે : 'મારી ઑફિસમાં કોઈપણ આવે તો મારી દીવાલ ઉપર ફક્ત એક જ ફોટો હોય છે ને એ પ્રમુખસ્વામી મહારાજનો.'

•

તા. ૬-૪-૨૦૧૦, ગાંધીનગર

આજની મુલાકાતમાં એક વિદેશથી આવેલો કિશોર પણ હતો. એને ભારતમાં રહીને અભ્યાસ કરવો હતો. વડોદરામાં એનું ઘર પણ હતું, પરંતુ તેઓનો પરિવાર પરદેશ રહેતો હોઈ ઘરમાં બીજું કોઈ જ હતું નહીં. બીજો વિકલ્પ છાત્રાલયમાં રહીને ભણવાનો પણ હતો. એટલે સ્વામીશ્રીને કહ્યું કે 'આપ જ્યાં કહો ત્યાં રહીને હું ભણું.'

સ્વામીશ્રી કહે : 'ઘરમાં કોઈ છે નહીં એટલે ખાવા-પીવાથી માંડીને બધા જ પ્રશ્નો થાય. એના કરતાં છાત્રાલયમાં રહેજે.'

આ સાંભળીને એની સાથે આવેલા એક સંત કહે : 'એને મૂળ પ્રશ્ન મોબાઈલનું વ્યસન છે. મોબાઈલ વગર એ રહી શકતો નથી અને છાત્રાલયમાં તો એનો નિયમ છે.'

સ્વામીશ્રી કહે : 'એની જરૂર જ નથી. પહેલાં તું અભ્યાસમાં ધ્યાન આપ, એમાં એકાગ્ર થા અને મોબાઈલ તો પછી છે જ. માટે ભણવાનું છે એ બરાબર ભણી લે.' સ્વામીશ્રીએ પોતાની રુચિ દર્શાવી.

•

એક યુવક મુલાકાતમાં આવ્યો અને કહે : 'મને બહુ બીક લાગે છે. વાંચવા બેસું ત્યારે જ મન આઘુંપાછું થઈ જાય છે અને એકાગ્રતા રહેતી નથી.'

સ્વામીશ્રી કહે : 'બીક શું લગાડવાની? સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરતો રહેજે. તને કશું છે જ નહીં, ભ્રમણા થઈ ગઈ છે, પણ હિંમત રાખજે, ભગવાનનનું નામ લેજે, તો હિંમત રહેશે.'

•

અમેરિકાથી એક હરિભક્તનો ફોન આવ્યો. સ્થાનિક મંદિરમાં સેવા કરવાની તેઓની ઇચ્છા હતી, પરંતુ તેઓ ખૂબ ઓછું કમાતા હતા.

સ્વામીશ્રી કહે : 'તમે વીસમો ભાગ કાઢજો. તમારી પરિસ્થિતિ સારી ન કહેવાય, એટલે એ પ્રમાણે સેવા કરજો.'

તેઓ કહે : 'દસ ટકા તો સેવા કરું છું.'

સ્વામીશ્રી કહે : 'તમે વીસમો ભાગ કાઢજો, એટલે તમારા વ્યવહારમાં પણ વાંધો ન આવે.'

સ્વામીશ્રી પ્રત્યેક હરિભક્તની સ્થિતિ પ્રમાણે તેઓને સેવા સોંપતા હોય છે.

•

અમદાવાદથી એક કાર્યકરનો ફોન આવ્યો. તેઓ સ્વામીશ્રીને કહે : 'બાપા ! મારા બાબાને આશીર્વાદ આપો.' એમ કહીને નાના શિશુને ફોન ધરી દીધો. પેલા છોકરાએ કાલીઘેલી ભાષામાં કહ્યું : 'બાપા ! હું તમારી પૂજા રોજ કરું છું.'

સ્વામીશ્રી કહે : 'પૂજા ભગવાનની હોય, એમાં બધા ભેગા જ છે.' આમ કહીને એને પ્રેરણા આપતાં કહે : 'આપણે સારું ભણવું. કાંઈ વ્યસન થવા દેવું નહીં. ટી.વી. જોવું નહીં, ભગવાનને સંભારવા અને ભજન કરવું.'

•

તા. ૭-૪-૨૦૧૦, ગાંધીનગર

ચારુતર વિદ્યામંડળના ચૅરમૅન સી. એલ. પટેલ દર્શને આવ્યા હતા. તેઓએ વિશેષે કરીને આધુનિક શિક્ષણ સંસ્થાઓ સ્થાપીને સમગ્ર એસ. પી. યુનિવર્સિટી(વિદ્યાનગર)ની બ્રાન્ડ ઈમેજ સુધારી દીધી હતી. સ્વામીશ્રીની આજ્ઞાથી જ તેઓ આ પદવી ઉપર બેઠા હતા. એટલે આજે પણ કૃતજ્ઞતા વ્યક્ત કરતાં તેઓ કહે : 'જેટલું છે એ આપના થકી જ છે. અત્યારે ૬૦૦ કરોડના પ્રોજેક્ટ ચાલે છે. આપના થકી જ શક્તિ મળે છે, બાકી એમ થઈ જાય કે આટલું ક્યાંથી થઈ શકે ? પણ આપના આશીર્વાદથી બધું પૂરું થતું રહ્યું છે. હું તો બી.એ.પી.એસ.ના સૈનિક તરીકે અહીં ફરજ બજાવું છું ને એ જ રીતે કાર્ય કરી શકીએ એવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'તમે નવી નવી કૉલેજો સ્થાપીને કામ કરી બતાવ્યું છે, એટલે લોકોને પણ તમારા માટે વિશ્વાસ છે, એટલે દાન આપે છે.'

સી. એલ. પટેલ કહે : 'આપની ઈચ્છા હોય ત્યાં સુધી સેવા કરી શકાય એવા આશીર્વાદ આપજો. હું તો ચોક્કસપણે માનું છું કે જે કંઈ છે એ આપને લઈને છે અને બી.એ.પી.એસ. સંસ્થાએ શિક્ષણ માટેનું જે કાર્ય ઉપાડ્યું છે એ કાર્યના સૈનિક તરીકે જ હું કામ કરું છું.'

•

આજે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીએ સ્વામીશ્રીને ફોન પર વાર્તાલાપ દરમ્યાન કહ્યું : 'અમે આપને યાદ કરીએ છીએ. પહેલાં પણ યાદ કર્યા હતા. શૉના ઉદ્‌ઘાટન વખતે આપ આવી શક્યા નહીં, હું તો ભગવાનને પ્રાર્થના કરું છું કે બીજા પચાસ વર્ષ આપ આ પૃથ્વી ઉપર રહો ને સૌને સુખ આપો ને શાંતિ આપો.'

સ્વામીશ્રી કહે : 'આપની ભાવના છે, આપે ખૂબ સેવા કરી છે તો શરીર સારું રહે ને સુખ-શાંતિ મળે એ પ્રાર્થના કરીએ છીએ.'

ફોનમાં સ્વામીશ્રી સાથે વાતચીત પૂરી થઈ. ત્યારપછી સંતો સાથેની વાતચીતમાં તેઓએ કહ્યું કે 'એક વખત હું પ્રમુખસ્વામી મહારાજ પાસે ગયો અને પંદર મિનિટ સુધી બેઠો. પ્રમુખસ્વામી મહારાજ એક વાક્ય બોલ્યા નહીં, પરંતુ એ વખતે જે દિવ્યતા અને શાંતિનો મને અનુભવ થયો એની આજે પણ સ્મૃતિ કરું છું.'

•

આજનું ભ્રમણ એક હાસ્યયોગ બની રહ્યો. તાજેતરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના 'આર્ષ' સંશોધન કેન્દ્ર અને 'સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી'ના સંયુક્ત ઉપક્રમે 'યોગ' વિષયક રાષ્ટ્રીય પરિષદ અમદાવાદમાં શાહીબાગ ખાતે બી.એ.પી.એસ. મંદિરમાં યોજાઈ ગઈ હતી. આ કૉન્ફરન્સની સંકલિત વીડિયો શ્રુતિપ્રકાશ સ્વામી બતાવી રહ્યા હતા. જોકે ટેક્‌નિકલ ક્ષતિને કારણે વારે વારે એ વીડિયો ચોંટી જતી હતી. દૃશ્યને ચોંટી ગયા પછી એને જ્યારે ફાસ્ટ ફોરવર્ડ કરવાનું થાય ત્યારે એ પહેલેથી જ શરૂ થતી હતી. એટલે એ દૃશ્ય પૂરું થયું - ન થયું ત્યાં તો પુનઃ નવેસરથી જ શરૂઆત થતી રહેતી હતી. ઠેઠ ભ્રમણ પૂરું થતાં સુધી આ જ પ્રક્રિયા ચાલતાં સ્વામીશ્રી વારે વારે ખડખડાટ હસીને પ્રતિભાવ આપતા હતા. એક દૃશ્ય ચાલુ હોય ને ચોંટી જાય. એને સરખું કરવાની મથામણ કરી રહેલા શ્રુતિપ્રકાશ સ્વામીને જોતાં જોતાં સ્વામીશ્રી યોગના ઘણા બધા ટાઇટલ આપતા જતા હતા. ક્યારેક વળી 'ગરબડ યોગ', તો ક્યારેક વળી 'ભેળસેળ યોગ', તો ક્યારેક વળી 'શિખાઉ યોગ', તો ક્યારેક વળી 'હાસ્ય યોગ', આ રીતે ટાઇટલ આપતાં આપતાં સ્વામીશ્રી પણ ખડખડાટ હસતા હતા. ક્યારેક વીડિયો કાર્યક્રમ ન જોઈને પણ સ્વામીશ્રી સૌનાં અંતરમાં ઊતરી જતા હોય છે એનો આ પ્રત્યક્ષ યોગ આજે દર્શનાર્થી સૌને સાંપડ્યો. છેલ્લે વીડિયો પૂરી તો ન જ થઈ એટલે છેલ્લે હસતાં હસતાં પલંગ ઉપર જતાં જતાં કહે : 'લ્યો, આ પણ એક યોગ છે.' એમ કહીને સ્વામીશ્રી યોગનિદ્રામાં પધાર્યા.

•

આજે ઈ.ઈ.સી.પી. ટ્રીટમેન્ટ કરવાની હતી. એટલે ૫:૫૫ વાગે યોગીચરણ સ્વામી આવ્યા અને ધર્મચરણ સ્વામીને કહે : 'હવે પાંચ જ મિનિટ છે, પછી ઊભા થવાનું છે.'

સ્વામીશ્રી પત્રલેખન કરી રહ્યા હતા. પાંચ મિનિટ પછી યોગીચરણ સ્વામી આવ્યા છતાં સ્વામીશ્રી પત્ર લખતા રહ્યા. નારાયણચરણ સ્વામી સ્વામીશ્રીને ઊભા

કરવા માટે આવ્યા ને આગળનું રોસ્ટ્રમ લઈ લીધું, છતાં સ્વામીશ્રી કહે : 'હજી કેટલા પત્રો બાકી છે ?'

ધર્મચરણ સ્વામી કહે : 'પાંચેક બાકી છે, પછી સહી કરીશું તો ચાલશે.'

સ્વામીશ્રી કહે : 'લાવો ને !' એમ કહીને સહી કરવાનું ચાલુ રાખ્યું. પાંચેક પત્રો ઉપર સહી કર્યા પછી સ્વામીશ્રી ઊભા થયા.

•

તા. ૮-૪-૨૦૧૦, ગાંધીનગર

સ્ટર્લિંગ હૉસ્પિટલના માલિક ગિરીશભાઈ પટેલ સ્વામીશ્રીના આશીર્વાદ લેવા આવ્યા. તેઓ સ્વામીશ્રીને કહે : 'અહીં અક્ષરધામ તથા લંડનનું મંદિર જોયું અને એ મંદિરના થીમ જોયા પછી મને અંતરમાં પ્રતીતિ થઈ કે આવો સંપ્રદાય સમાજ માટે ખૂબ જરૂરી છે. સમાજને જેટલું જરૂરી છે એ બધું જ અહીં છે. અહીં વિજ્ઞાનની સાથે ધર્મ પણ છે. હું પણ સમજું છું કે વિજ્ઞાન બધું જ નથી. એને પણ ધર્મની જરૂર છે અને ધર્મમાં જે શક્તિ છે એની સાથે વિજ્ઞાનનો સમન્વય કરવામાં આવે તો સમાજનો ઉત્કર્ષ થાય. આ જોયા પછી આપનાં દર્શને આવ્યો છું.'

•

ભોજન પછી સ્વામીશ્રી પત્રવાંચન કરવા વિરાજ્યા. એ દરમ્યાન અમેરિકાથી મધુભાઈનો ફોન આવ્યો. નિર્ભય સ્વામી ફોન લઈને સ્વામીશ્રી પાસે ગયા.

મધુભાઈનો એકનો એક નવયુવાન સુપુત્ર અક્ષર અક્ષરનિવાસી થયો હતો. ૧૯૯૮માં બાયપાસ સર્જરી કરાવીને સ્વામીશ્રી વેસ્ટ ચેસ્ટરમાં ડૉ. મહેન્દ્રભાઈ અને તેઓના ભાઈ મધુભાઈ, અશોકભાઈ, ભરતભાઈના ઘરે નિવાસ કર્યો હતો. સ્વામીશ્રીના કહેવા પ્રમાણે ત્યારથી કુટુંબ જેવી આત્મીય ભાવના થઈ ગઈ હતી. મધુભાઈનો સુપુત્ર અક્ષર ન્યૂયોર્કમાં રહીને કૉલેજમાં ભણી રહ્યો હતો. ન્યૂયોર્કમાં મકાન રાખીને એકલા રહેતા એને પહેલેથી જ હૃદયમાં કાંઈક તકલીફ હતી અને અચાનક હાર્ટફેઈલ થતાં અક્ષરનિવાસી થયો હતો. એકના એક પુત્રના અક્ષરનિવાસના સમાચાર થોડાક દિવસ પહેલાં મધુભાઈ અને મહેન્દ્રભાઈએ સ્વામીશ્રીને આપ્યા ત્યારે સ્વામીશ્રી ૧૦:૩૦ વાગે પલંગ ઉપર પોઢેલા હતા. સમાચાર આપતી વખતે પણ આ સૌના શબ્દોમાં સ્વામીશ્રી પ્રત્યેની નિષ્ઠાનો રણકાર સાંભળી શકાતો હતો. એ વખતે પણ તેઓએ કહ્યું હતું કે 'બાપા ! અક્ષર આપનો હતો અને આપે લઈ લીધો છે, એટલે અમને કોઈ જાતનું દુ:ખ નથી. અમને પ્રતીતિ છે કે એ અક્ષરધામમાં જ બેસી ગયો છે.' સ્વામીશ્રી પણ તેઓની નિષ્ઠા અને સમજણ જોઈને રાજી થયા હતા.

વળી, ત્યાંની કેટલીક અન્ય વ્યવસ્થાઓને કારણે અગ્નિસંસ્કારને વાર હતી. વચગાળાના દિવસોમાં તેઓએ પારાયણ કરાવી હતી. પારાયણમાં પણ રોજ મધુભાઈ પેંડાનો પ્રસાદ રાખતા હતા. મધુભાઈની જેમ જ તેઓનાં પત્નીની અદ્‌ભુત સમજણનો વિશેષ અનુભવ કાર્યકર્તાઓને થતો હતો. તેઓ પણ એટલાં જ સ્વસ્થ હતાં. વળી, આજે અક્ષરનો અગ્નિસંસ્કાર થયો ત્યારે ક્રીમીટોરિયમમાં આ પરિવારે એક વિશેષ સભા રાખી હતી. આ સભામાં સ્થાનિક સત્સંગીઓથી માંડીને તેઓનાં સંબંધીજનો પણ ખૂબ મોટી સંખ્યામાં આવ્યા હતા. અગ્નિસંસ્કાર પૂર્વે સભામાં આ સૌએ પ્રમુખસ્વામી મહારાજ જેવા ગુરુની પ્રાપ્તિના કેફ અને નિષ્ઠાની જ વાતો કરી. એટલું જ નહીં, જ્યારે અગ્નિદાહ માટે વીજળી સંચાલિત ભઠ્ઠીમાં અક્ષરનો દેહ ધકેલાઈ રહ્યો હતો એ વખતે ઊભા થઈને એમનાં મોટાં બહેને અક્ષરને જ સંબોધતાં વાત કરી : 'અક્ષર ! મમ્મીએ કહેવડાવ્યું છે કે તારો કૉલેજમાં અભ્યાસ પૂરો થયા પછી અમારી જવાબદારી તરીકે તને ધામધૂમથી અમે પરણાવવાનાં હતાં, પરંતુ હવે એ વસ્તુ શક્ય નથી, પરંતુ અમારે મન તો એનાથી પણ આજે વિશેષ આનંદ છે કે તું આજે સાક્ષાત્ પરબ્રહ્મ સ્વામિનારાયણ ભગવાનને વરવા માટે જઈ રહ્યો છે. આનાથી મોટો આનંદ અને ઉત્સવ કયો હોઈ શકે ?' એકદમ સ્વસ્થપણે આંખમાં આંસુ વગર અંતરની નિષ્ઠાથી તેઓનાં યુવાન બહેન બોલી રહ્યાં હતાં, ત્યારે ક્રીમીટોરિયમમાં ઉપસ્થિત તમામે તમામની આંખોમાં આંસુ હતાં. સૌને પેંડા વહેંચવામાં આવ્યા હતા, પણ પેંડા ખાવાનો કોઈને હોંશ ન હતો. સ્વસ્થ હતી ફક્ત ત્રણ જ વ્યક્તિઓ : મધુભાઈ, તેઓનાં પત્ની અને તેઓની દીકરી.

હરિભક્તોએ કરેલી આ વાતની જાણ નિર્ભય સ્વામીએ સ્વામીશ્રીને કરી ત્યારે સ્વામીશ્રી પણ

ગળગળા થઈ ગયા. તેઓનું મુખ પણ ભાવાર્દ્ર થઈ ગયું અને આંખના ખૂણા ભરાઈ આવ્યા. સ્વામીશ્રીએ ફોન હાથમાં લીધો, પણ થોડી ક્ષણો સુધી બોલી ન શક્યા.

મધુભાઈ વળી સ્વામીશ્રીને કહે : 'બાપા ! અક્ષર અક્ષરનિવાસી થયો, પણ પાછળ કોઈ જ રડ્યું નથી, કોઈને દુઃખ નથી. અક્ષર અક્ષરધામમાં જ બેસી ગયો છે એ સમજણ રાખી છે અને આજે અક્ષરનો અગ્નિસંસ્કાર સારી રીતે થઈ ગયો. ઉત્સવ સારી રીતે થઈ ગયો.'

સ્વામીશ્રી કહે : 'આપ બધામાં સત્સંગ છે અને પાકી સમજણ છે એટલે શાંતિ છે. અમે પણ કહીએ છીએ કે એ ધામમાં જ બેઠો છે. બધાને જ્ઞાન-સમજણની દૃઢતા છે અને વિશેષ થાય એ આશીર્વાદ છે.'

મધુભાઈ કહે : 'આપનો પ્રેમ છે, અક્ષર રાજીપો લઈને ગયો, એવી રીતે અમે પણ આપનો પ્રેમ અને રાજીપો લઈએ એ આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'તમારે ત્યાં બે મહિના રહ્યા એટલે કુટુંબના જેવી જ ભાવના થઈ ગઈ હતી.'

મધુભાઈ કહે : 'આપની દયાથી અગ્નિસંસ્કાર સારી રીતે થઈ ગયો.'

આ સાંભળી ભાવાર્દ્ર વેણ સાથે સ્વામીશ્રી કહે : 'ભગવાનના ભક્તના કોઈપણ પ્રસંગ એ ઉત્સવ જ હોય.'

•

તા. ૯-૪-૨૦૧૦, ગાંધીનગર

દશમા ધોરણમાં ભણતો એક વિદ્યાર્થી દર્શને આવ્યો. એને મોબાઈલનો દુરુપયોગ કરવાની ખરાબ ટેવ પડી ગઈ હતી. આવી કુટેવને લીધે ધીમે ધીમે એ એકાગ્રતા ગુમાવતો જતો હતો. સ્વામીશ્રીએ એને ટકોર કરતાં કહ્યું : 'જિંદગીમાં નિષ્ફળ નથી જવાનું, સફળ જવાનું છે. અત્યારથી આ બધું કરે છે એ ખોટી ટેવ આખી જિંદગી નડશે. એટલે આ બધું મૂકી દેજે. મા-બાપની આજ્ઞા પાળજે. ખોટે રસ્તે જઈશ તો તારી લાઈફ બગડશે, એટલે અત્યારે અભ્યાસમાં ધ્યાન આપ. અભ્યાસ બરાબર કરજે. પાંચ માળા કરજે અને પ્રાર્થના કરજે, જેથી આ બધી ટેવો છૂટી જાય.'

•

બ્રિજરાજસિંહ નામના એક યુવકને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. તેઓના ગામની નજીક થયેલા એક પહોળા બોરમાં એક નાનો છોકરો પચીસ ફૂટ ઊંડે ઘૂસી ગયો હતો. ફાયરબ્રિગેડવાળા આવ્યા, પણ કોઈ રીતે એ છોકરાને કાઢી શકે એમ હતું નહીં. એટલે ફાયરબ્રિગેડવાળાએ આજુબાજુ આ તમાશો જોવા ઊમટેલી મેદનીને કહ્યું કે આપ બધામાંથી એક જણ અહીં આવો. એના પગે દોરડા બાંધીને ઊંધા માથે પચીસ ફૂટ સુધી અમે નાખીએ, જેથી છોકરાના હાથ પકડીને ઉપર લઈ આવી શકે. મેદનીમાં ઊભેલા કોઈ તૈયાર ન થયા. સત્સંગી યુવક બ્રિજરાજસિંહ ત્યાંથી પસાર થતા હતા. એમણે જોયું કે 'એક જિંદગી બચે છે,' એટલે પોતે તૈયાર થઈ ગયા અને સાવ સાંકડો વ્યાસ ધરાવતાં પચીસ ફૂટ ઊંડા બોરમાં ઊંધા માથે તેઓ ગયા અને છોકરાને બચાવીને બહાર લાવ્યા. કેવળ સ્વામીશ્રીના આધ્યાત્મિક બળથી તેઓએ આ સાહસ કર્યું, જેની નોંધ છાપાંઓએ પણ લીધી. તેઓને સ્વામીશ્રીએ ખૂબ પ્રસન્નતાભર્યા આશીર્વાદ આપ્યા.

•

સાંજે ભૂમિભ્રમણ કર્યા પછી સ્વામીશ્રી વિશ્રામ માટે ખુરશી ઉપર બેઠા હતા. સામે સંતો બેઠા હતા.

ડૉ. કિરણ કહે : 'એટલાન્ટામાં ધોળિયા ડૉક્ટરો આપને મળવા માટે આવ્યા, ત્યારે તેઓને આશ્ચર્ય થયું હતું કે ૯૦ વર્ષે આટલી સારી તબિયત !!'

સ્વામીશ્રી તરત જ કહે : 'કેટલા હરિભક્તો જપ, તપ, વ્રત, પ્રાર્થના કરે છે ! કોઈ ધારણાં-પારણાં કરે છે, તો કોઈ પદયાત્રા કરે છે. આ બધા આશીર્વાદ થઈ જાય એટલે મારા ભઈ ! ચાલે છે.'

નારાયણચરણ સ્વામી કહે : 'આ બધાનાં તપ, વ્રત અને આપના સુસ્વાસ્થ્ય માટેની પ્રાર્થનાઓ આપ સાંભળજો.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન સાંભળે છે. એટલે જ એમની કૃપા અને દયાથી બધું છે અને ચાલે છે.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : '૯૦ વરસે કોઈને બોલવાનાં પણ ઠેકાણાં ન હોય ! જ્યારે આપ જે રીતે કાર્ય કરો છો એ જોઈને ઘણાને આશ્ચર્ય થાય છે. શૉના ઉદ્‌ઘાટનમાં યોગેશભાઈ લાખાણી આવ્યા હતા. તેઓ બહુ મોટા વકીલ છે. તેઓ કહે, 'પ્રમુખસ્વામીએ આ ઉંમરે એકધારા જે આશીર્વાદ આપ્યા અને એમાં પણ જે ક્લેરિટી હતી એ ખૂબ જ અદ્‌ભુત હતી.'

વળી, વૉટર શૉની વાત નીકળતાં બ્રહ્મવિહારી

સ્વામી કહે : 'જેણે જેણે વૉટર શૉ જોયો છે એના ખૂબ અદ્‌ભુત અભિપ્રાય આવે છે. આપે દૈવત મૂક્યું છે અને દિવ્યતા મૂકી છે, એનો જ આ પ્રતાપ છે. કોઈ બીજું આવું કરવા જાય તો કરી જ ન શકે.'

સ્વામીશ્રી મૌન રહીને આ વાત સાંભળતા હતા, એટલે બ્રહ્મવિહારી સ્વામી કહે : 'બરાબર છે ને ? આપ તો કંઈ બોલો.'

સ્વામીશ્રી કહે : 'એમાં બોલવાનું શું ?'

સ્વામીશ્રી કંઈ બોલ્યા નહીં એટલે વળી વાત આગળ ચાલી.

ડૉ. કિરણભાઈ દોશી કહે : '૯૦ વર્ષની ઉંમરે આવું કરવું એય હિંમત કહેવાય.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'વળી પચાસ પ્રશ્નો આવે અને એ પણ આપની છાતી ઉપર જ આવે છે.'

સ્વામીશ્રી કહે : 'બધી ભગવાનની હિંમત છે. આ છાતી ઉપર એ બેઠા છે એટલે કામ થાય છે.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'ગમે એટલા પ્રશ્નો આવે તોય મોઢા ઉપર રેખા પણ બદલાય નહીં. પ્રશ્નો લઈને આવીએ તોય સાંભળ્યા પછી પણ એટલા જ સ્વસ્થ.'

સ્વામીશ્રી કહે : 'આ તો કેવું છે ! સૌ મળીને ગાડું. હરિભક્તો ને સંતો બધા એવા છે. સમર્પણ પણ એવું. શ્રીજીમહારાજ અને શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના વખતમાં પણ એવું જ સમર્પણ હતું. એટલે મારા ભઈ ! કાર્ય થઈ જાય છે.'

તમામ યશથી સ્વામીશ્રી સંપૂર્ણ અલિપ્ત જ રહ્યા.

•

ભૂમિભ્રમણના વચગાળામાં સ્વામીશ્રી કસરત કરતા હોય છે. અત્યારે કસરત ચાલુ થઈ એ દરમ્યાન સામે બેઠેલા સંતોએ કેટલાક બી.એ.પી.એસ. સંસ્થાના ગૌરવપ્રદ પ્રસંગોની વાતો કરી. સ્વામીશ્રી સાંભળી રહ્યા હતા.

કસરત પૂરી થતાં જ સ્વામીશ્રી અંતરના ઊંડાણથી બોલ્યા : 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજે સંસ્થાનાં મૂળ ઊંડાં નાખ્યાં છે. બે વરસનું છોકરું હોય એનેય સમર્પણની ભાવના છે, બાકી એને કોણ સમજાવવા જતું હશે ? નાના-મોટા સૌને અંદરથી ભાવના છે. બધા જ સંસ્થા માટે સમર્પણ કરે છે.'

વચ્ચે યોગીચરણ સ્વામીએ કેટલાક અન્ય લોકોની વાત કરી કે જે લોકો એમ બોલ્યા હોય કે બી.એ.પી.એસ. સંસ્થાએ જે કર્યું છે એવું આપણે કરી જ ન શકીએ.

સ્વામીશ્રી આ સંદર્ભમાં જ કહે : 'અહીં તો નાના-મોટા હોય એ બધાને એક જ વિચાર કે સંસ્થા માટે કંઈક કરી છૂટવું છે. બહાર તો ઑફિસરો હોય એ બધા મળે ને છૂટા પડે, એમાં કામ ક્યાંથી થાય ? આ તો શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના સંકલ્પ છે, એટલે નાના-મોટા બધાને એમ જ છે કે આ કામ સારું જ કરવું છે. બધી જ રીતે સમર્પણ, દેહે કરીને પણ સમર્પણ અને ધને કરીને પણ સમર્પણ. છોકરાઓ પોતાના વાપરવાના પૈસા બચાવીને અહીં આપે, એમ કે આ સંસ્થાનું કામ કરવું જ છે. પેલામાં તો ઑફિસરો હોય એ આવે ને જુએ ને છૂટા પડી જાય. પણ અહીં તો બહુ ઊંડાણ છે. બધાને ભાવ છે, બધાને સમર્પણ છે. નાના-મોટા બધાને જીવમાં છે એટલે કામ થાય છે. ભગવાનની કૃપા છે એટલે દરેકના જીવમાં ભાવના છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજની પણ કૃપા છે, એટલે કામ થાય છે.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'આપનામાં પણ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ છે જ ને ?'

સ્વામીશ્રી કહે : 'એ છે, એટલે જ એમને લઈને બધું થાય છે ને ! દરેકમાં અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન પ્રસરે છે અને કામ થાય છે.'

સ્વામીશ્રી સૌનાં સમર્પણ, ભોગ, ભક્તિ અને નિષ્ઠાના ગુણગાનમાં સરી પડ્યા.

•

તા. ૧૦-૪-૨૦૧૦, ગાંધીનગર

રાજકોટથી હિતેન્દ્રસિંહ જાડેજાનો પત્ર આવ્યો હતો, એ સંદર્ભમાં સ્વામીશ્રીએ તેઓને ફોન જોડાવ્યો. વ્યાવહારિક માર્ગદર્શન આપ્યા પછી સ્વામીશ્રી કહે : 'શંભુસિંહ ક્યાં છે ?'

'આપ અમદાવાદ આવશો ત્યારે આવશે.'

સ્વામીશ્રી કહે : 'અમે ચાર-પાંચ દિવસ અહીં છીએ, પછી અમદાવાદ જઈશું. અનુકૂળ હોય તો અહીં આવી જાય. એમને અહીં વૉટર શૉ જોવાનો છે ને ? સાથે તમે પણ આવશો ને ?'

હિતેન્દ્રસિંહ કહે : 'હું તો ઉદ્‌ઘાટન વખતે હતો,

પણ બાપુજી આવશે.'

આ જ રીતે સ્વામીશ્રીએ નિર્મળસિંહ રાણાને પણ ફોન જોડાવ્યો અને કહ્યું : 'વૉટર શૉ થયો છે, પણ તમે આવી શક્યા ન હતા, એટલે તમે આવો ત્યારે તમને આ શૉ બતાવી દઈશું.'

ગોંડળમાં યોગીજી મહારાજ સાથે વરસો સુધી સેવા કરનાર અ.નિ. દાજીબાપુના પરિવાર સાથે સ્વામીશ્રીને સ્નેહનો નાતો છે. એટલે એમને આ સ્નેહ-વર્ષાનો સહજ લાભ મળી જાય છે.

•

તા. ૧૧-૪-૨૦૧૦, ગાંધીનગર

એક યુવક દર્શને આવ્યો. સ્વામીશ્રી પાસે આશીર્વાદ માગતાં એ કહે : 'મમ્મી-પપ્પા બહુ ઝઘડે છે, તો આશીર્વાદ આપજો, એ બંનેનો સ્વભાવ સુધરે.'

સ્વામીશ્રી એને પ્રશ્ન કરતાં કહે : 'કેમ ? બંનેને ગરાસ વહેંચવાના છે ? મમ્મી ગણો કે પપ્પા બેય એક જ છે ને ! પછી શું કામ ઝઘડતા હશે ?' સ્વામીશ્રીએ પ્રશ્નમાં જ ઘણું બધું કહી દીધું.

•

તા. ૧૨-૪-૨૦૧૦, ગાંધીનગર

એક યુવક દર્શને આવ્યો. એ કહે : 'વ્યસન છૂટતાં નથી.'

સ્વામીશ્રી કહે : 'લંડન કે અમેરિકા જવાનું થાય તો અહીંનું ઘર મૂકી દેવાય છે કે નહીં ?'

'હા.'

'ઘર પોતાનું છે તોય મૂકી દો ?'

'હા.'

સ્વામીશ્રી કહે : 'પોતાનું હોય તોય મૂકીએ છીએ, તો આ તો બહારથી આવેલું છે, એને મૂકતાં શી વાર ? મૂકી દેજે.'

•

કૌશિકભાઈ મોદી નામના યુવક સ્વામીશ્રીને કહે : 'આજ સુધી વ્યસનો જ કર્યાં છે, પરંતુ આપનો યોગ થતાં વ્યસનમાત્ર છૂટી ગયાં. સાથેના મિત્રોને પણ આશ્ચર્ય થાય છે. આમ તો મારે ડ્યૂટી બારમાં છે, એટલે લોકોને દારૂ જ પાવાનો હોય છે, પણ એની વચ્ચે પણ મને આપની કૃપાથી મન થતું નથી. ચાંદખેડા શતાબ્દીનો ઉત્સવ થયો પછી બધું બદલાઈ ગયું. ત્યારપછી ઘણાં પ્રલોભનો આવ્યાં પણ પીધું જ નથી.'

•

આજે રાત્રે સ્વામીશ્રી વૉટર શૉ પર દૃષ્ટિ કરી ઉતારે પાછા પધારી રહ્યા હતા. લગભગ ૮:૪૦ વાગ્યા હતા. અંધારું ઢળી ચૂક્યું હતું. સ્વામીશ્રી વ્હીલચેર દ્વારા ઉતારા તરફ આવી રહ્યા હતા. અક્ષરધામ પરિસરમાં જરૂર હોય ત્યાં જ લાઇટો બળી રહી હતી. અક્ષરધામનાં દ્વાર બિડાઈ ગયાં હોવા છતાં પસાર થતાં સ્વામીશ્રીએ પગે લાગીને દર્શન કર્યાં.

ચાલુ વ્હીલચેરે પાછળ ઝડપથી ચાલી રહેલા સંતો પૈકી ભાદરાથી આવેલા ધર્મકુંવર સ્વામીને સ્વામીશ્રીએ પૂછ્યું : 'પ્રતિષ્ઠાની પૂર્વતૈયારીનું કેમ ચાલે છે ?'

ધર્મકુંવર સ્વામીએ ઉતારાથી માંડીને મંદિરનિર્માણ અને જૂના મંદિરની કાયાપલટની વાતો કરી લીધી. પાંચ મિનિટના સમયમાં સ્વામીશ્રીએ પૂર્વતૈયારીનો આખો ચિતાર મેળવી લીધો.

સ્વામીશ્રીની વ્હીલચેર જઈ રહી હતી, આગળ મોબાઇલ ટ્યૂબલાઇટ અને બેટરીના સેરડાનું અજવાળું પડતું હતું. આવા સમયે પણ સ્વામીશ્રીએ સમયનો ઉપયોગ કરી લીધો.

•

એક પ્રસંગે સંતો સૌ સ્વામીશ્રી સમક્ષ બેઠા હતા અને વાતો ચાલી રહી હતી. વાતચીત દરમ્યાન યજ્ઞેશ સ્વામી કહે : 'આપના સંકલ્પો કયા ?'

સ્વામીશ્રી કહે : 'યોગીજી મહારાજે જેટલા સંકલ્પો કર્યા છે એ પૂરા થઈ શકે એમ નથી, તો આપણે વળી જુદા ક્યાં કરવા ? આપણે તો એમના સંકલ્પ પૂરા કરવાનો પ્રયત્ન કરીએ છીએ.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'બીજા સંકલ્પો ન હોય તો કાંઈ નહીં, પણ ચાલો, એક સંકલ્પ કરો.'

સ્વામીશ્રી કહે : 'છે જ નહીં, યોગીજી મહારાજે સંકલ્પ કર્યા એ પૂરા કર્યા, પછી વળી કેટલા કરીએ ? યોગીજી મહારાજ તો બ્રહ્માંડ રંગવાની વાત કરતા, સત્સંગ વધારવો છે. સાધુ વધે. એમના એ સંકલ્પમાં જ આપણે ચાલીએ છીએ.'

નારાયણચરણ સ્વામી કહે : 'તમારા સંકલ્પ એ યોગીજી મહારાજના જ સંકલ્પ છે ને ! એટલે તમે કરો એમાં યોગીજી મહારાજના જ કહેવાય ને !'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'જુદા તો તમે માનો છો. અમે ક્યાં માનીએ જ છીએ ?'

વિશ્વવિહારી સ્વામી કહે : 'ચાલો, એક સંકલ્પ કરો કે હજી ૧૦૦ વર્ષ સુધી આ પૃથ્વી ઉપર રહીને યોગીજી મહારાજના સંકલ્પો પૂરા કરવા છે.'

ધર્મવત્સલ સ્વામી કહે : 'સો શું કામ ? સવા સો.'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'સવા સો પણ શું કામ ? વધારે કહો ને !'

યજ્ઞેશ સ્વામી કહે : 'વધારે તો કહીએ જ, પણ સંકલ્પ એટલો છે કે આ ને આ જ દેહમાં તમે વિચરો.'

સ્વામીશ્રી કહે : 'એ (દેહ) કોઈનોય રહ્યો છે ? આત્મા છે, એમ જ માનવાનું.'

નારાયણચરણ સ્વામી કહે : 'પણ આપ રાખજો.'

સ્વામીશ્રી કહે : 'એ તો એ (યોગીજી મહારાજ) રાખશે. આપણે તો ભગવાનના આધારે છીએ. એમના થકી કામ થાય છે. આપણાથી કશું થતું નથી. 'હું કરું, હું કરું,' એમ કરે તો મર્યા. અભિમાન આવે કે 'મેં આમ કર્યું, મેં તેમ કર્યું,' તો પત્યું. બાકી આત્મારૂપે વર્તે તો માન થયું, અપમાન થયું કે તિરસ્કાર થયું, કશામાં વાંધો ન આવે.'

•

એક પ્રસંગે ભગતજી મહારાજની વાતો નીકળી.

સ્વામીશ્રી કહે : ''નચિકેતાની જેમ જ ભગતજી મહારાજે પણ ગુણાતીતાનંદ સ્વામી પાસે આત્મજ્ઞાન જ માગ્યું. દુઃખો વેઠીને પણ આત્મજ્ઞાન માગ્યું. ગુણાતીતાનંદ સ્વામીએ જ્યારે ભગતજી મહારાજને કહ્યું કે 'તમે વરદાન માગો' અને પ્રલોભનો પણ આપ્યાં, ત્યારે ભગતજી મહારાજે એટલું જ કહ્યું કે 'રાજી થયા હો તો અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન આપજો.' પેલાનું (નચિકેતાનું) તો ઘણું લાંબું થઈ ગયું. વૈદિક કાળની આ વાત છે, પણ આ તો હજી હમણાં જ થઈ ગયા. શાસ્ત્રીજી મહારાજે પણ ભગતજી મહારાજને સેવ્યા હતા. આપણે તો પ્રગટની જ વાત કરીએ છીએ, પણ *'તરી જાણું ઢબી જાણું, લેકિન ઓસાન ભૂલ જાતા હૈ.''*

આટલું કહીને સ્વામીશ્રી કહે : 'કેમ પંડિત ! બરાબર ને ?'

શ્રુતિપ્રકાશ સ્વામી કહે : 'ભૂલી જઈએ છીએ. સ્વભાવ-દોષને લીધે બધું ભૂલી જઈએ છીએ, એટલે આત્મા-પરમાત્માનો આનંદ ઓછો થઈ જાય છે.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'માન-અપમાન એ બધું ભૂલીને ભગવાનનો આનંદ લેવાનો ચૂકી જવાય છે.'

સ્વામીશ્રી કહે : 'માન-અપમાનની તો વાત જ ક્યાં રહી ? બ્રહ્મરૂપ થયો એને આ બધું ક્યાં આડું આવે ?'

આટલું કહીને સ્વામીશ્રી ગાવા લાગ્યા : *માન-અપમાન મેં એકતા, સુખ-દુઃખ મેં સમભાવ; હાંજી ભલા સાધુ...'* યોગીજી મહારાજ આ કીર્તન ઘણું ગાતા. 'મને આમ થયું ને મને તેમ થયું, મને આ મળ્યું ને પેલું ન મળ્યું,' એ બધું થાય જ નહીં. માન-અપમાનમાં એકતા જ રહે. માન મળે તોય ભગવાનની કૃપા અને અપમાન થાય તોય ભગવાનની ઇચ્છા. દુઃખ આવે કે સુખ આવે, એની ઇચ્છા સિવાય કાંઈ જ થતું નથી. આવો વિચાર હોય તો દુઃખ થાય જ નહીં, અફસોસ થાય જ નહીં.'

•

તા. ૧૩-૪-૨૦૧૦, ગાંધીનગર

એક આધેડ વયના મુમુક્ષુ સ્વામીશ્રીને દીનભાવે કહે : 'બાપા ! પંચવર્તમાનમાં ઢીલાશ છે, અક્ષરધામમાં કઈ રીતે જવાશે ?'

સ્વામીશ્રી કહે : 'આશરો થયો છે તો શ્રીજી-મહારાજનું બળ રાખજો. બધું સારું થશે, પ્રાર્થના કરતા રહેજો. અંતે મહારાજ ચોખ્ખા કરીને લઈ જશે.'

•

એક મુમુક્ષુને વ્યવહારમાં પ્રશ્ન આવ્યો હતો. બિલ્ડિંગ ક્ષેત્રે મોટું નામ ધરાવતા તેઓને તેઓની જ સમકક્ષ બિલ્ડર સાથે બહુ મોટો પ્રશ્ન થયો હતો. ધંધાકીય પ્રશ્નમાં ઘણી હેરાનગતિ થાય એમ હતું અને બેમાંથી કોઈપણ પક્ષને જો નુકસાન થાય તો કાયમ પેઢીઓ સુધી વેર ઘૂસી જાય એવી પરિસ્થિતિ હતી. સ્વામીશ્રીને આ વાતનો ખ્યાલ આવતાં સંતો દ્વારા બંનેને ભેગા કરીને સમાધાન કરવાની વાત કરી.

ગઈકાલે સંતોએ બંને પક્ષને બોલાવી રાખ્યા હતા. સ્વામીશ્રી વૉટર શૉ જોઈને ઉતારા તરફ પાછા વળી રહ્યા હતા ત્યારે વૉટર શૉના પરિસરમાં જ આ બંને પક્ષને ભેગા કરીને કહ્યું હતું કે 'બહુ લાંબું કરવા કરતાં સમાધાન કરી લેજો.' સ્વામીશ્રીનાં આ વચનોને આધાર બનાવીને પછી સંતોએ આખી રાત વાટાઘાટો

કરી. લગભગ સવારે છ વાગ્યા સુધી આ વાટાઘાટો ચાલી અને સવળું પરિણામ લાવ્યા.

અત્યારે સ્વામીશ્રી પાસે બંને પક્ષ આવ્યા હતા. એક પક્ષે કહ્યું : 'બાપા ! આપનો હુકમ અમે માથે ચઢાવીએ છીએ.'

સ્વામીશ્રી કહે : 'સારી વાત છે. તમે ભળ્યા અને સમાધાન કર્યું તો હવે બેય સુખી થાવ અને કાયમ આખા પંથકમાં શાંતિ રહે એ આશીર્વાદ છે. સમાધાન કરીએ એમાં સુખ ને શાંતિ રહેશે અને ધંધો પણ સારો ચાલશે. વેર વાળવામાં પેઢીઓની પેઢીઓ ચાલી જાય અને સુખ પણ ન આવે. માટે બેયને આશીર્વાદ છે. બેય ઉપર ભગવાન રાજી થાય. સમાધાન કર્યું છે તો તમને ધન્યવાદ છે, બાકી આ વસ્તુ એવી છે કે વટ ઉપર વાત ચઢે તો વેર પરંપરા સુધી ચાલે.'

પેલા મુમુક્ષુએ કહ્યું : 'બાપા ! આપે કહ્યું એટલે અમે હવે સમાધાન જ કરીએ છીએ અને હવે પછી કોઈપણ વાત હશે તો એકબીજાને વિશ્વાસમાં લઈને કરીશું.'

સ્વામીશ્રી કહે : 'અત્યારે તો સમાધાન થયું, પણ ત્યાં ગયા પછી લાગતા-વળગતા લોકો બીજી-ત્રીજી વાતો કરશે, ચઢાવશે પણ ખરા કે 'એમ સમાધાન ન કરાય,' પણ બીજા કોઈની વાત હવે સાંભળવી જ નહીં. કહેનારા ઘણું કહેશે, પણ તમે અડગ રહેજો. કોઈ આમ કહે કે તેમ કહે, આપણે માનવું જ નહીં.'

સંતો કહે : 'બંને જણાને સમાધાન થયું, પણ નીચેના માણસોને પણ થાય એવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'એ બંનેમાં એકતા થશે તો બાકીના નીચેનામાં બધાને થઈ જશે.'

એક મુમુક્ષુ કહે : 'આપને બહુ તકલીફ આપી.'

સ્વામીશ્રી કહે : 'તકલીફ કાંઈ જ નથી, બધાએ મનધાર્યું મૂકી દીધું, એમાં અમે રાજી છીએ અને ભગવાન પણ રાજી થયા છે.'


એક મોટા સંભવિત ઝઘડાને સ્વામીશ્રીએ આ દ્વારા નિપટાવીને સમાજમાં શાંતિ સ્થાપી.

•

પરમવિવેક સ્વામી તથા જ્ઞાનવર્ધન સ્વામી સંસ્કૃતનો ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે. આજે પરમવિવેક સ્વામીએ સંસ્કૃતમાં લખેલો પત્ર શ્રુતિપ્રકાશ સ્વામીએ વાંચ્યો. ત્યારપછી તરત જ ફોનમાં તેઓને આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે : 'પત્રમ્ પઠિતમ્। બહુ સારું છે. સારા પંડિત બનો અને શ્રીજીમહારાજની સેવા થશે, જોગીબાપા રાજી થશે. તમે મહેનત કરો છો એટલે આગળ વધશો. સાથેના સંતને પણ જય સ્વામિનારાયણ.' (જ્ઞાનવર્ધન સ્વામી)

ફોનમાં આશીર્વાદ પત્યા પછી ધર્મચરણ સ્વામીએ એ પત્ર સ્વામીશ્રી આગળ મૂક્યો અને કહ્યું : 'પ્રસાદીનો કરી આપો એટલે પાછો મોકલી દઈશ.'

સ્વામીશ્રીએ સંસ્કૃતમાં આવેલા પત્રમાં જ સહી કરવાને બદલે આશીર્વાદ લખી આપ્યા : 'આપે સંસ્કૃત લખેલ છે, તે વાંચીને આનંદ થયો. પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ રાજી થશે અને સાક્ષાત્ સ્થાન મહેળાવ શ્રીજીમહારાજનું પ્રસાદીનું સ્થાન અને શાસ્ત્રીજી મહારાજના જન્મસ્થાનમાં દર્શન-સમાગમનો લાભ થયો છે. સારા વિદ્વાન થશો તે આશીર્વાદ છે.'



•

તા. ૧૫-૪-૨૦૧૦, ગાંધીનગર

ભ્રમણ માટે સ્વામીશ્રી ટ્રેડમીલ તરફ આવતા હતા. સખત ગરમી પડી રહી હતી. એના સંદર્ભમાં બ્રહ્મવિહારી સ્વામી કહે : 'એક મહિનો અહીં (ગાંધીનગરમાં) નક્કી.'

સ્વામીશ્રી કહે : 'કોઈ દસ્તાવેજ કે લખાણ છે ?'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'બધી જગ્યાએ ગરમી બહુ છે. ધ્રાંગધ્રામાં તો ૪૭° (સે.) ગરમી થઈ ગઈ છે,

એટલે વાત કરીએ છીએ.'

યોગીચરણ સ્વામી કહે : 'એવું કરો, મહિનો આબુ પધારો.'

સ્વામીશ્રી તરત જ કહે : 'જ્ઞાનની દૃષ્ટિએ તાપ પણ નથી અને ઠંડી પણ નથી. જ્ઞાનીને કાંઈ અડતું નથી. જ્ઞાનીને હવા ખાવાની જરૂર જ ન હોય ! એને તો બધે સરખું જ દેખાય. ગમે એટલો તાપ હોય તોય ઠંડક.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'પ્રૉ. ફ્રિચ બહુ કહેતા કે આપે વરસે એક મહિનો તો આરામ કરવો જ જોઈએ. કંઈ જ કરવાનું નહીં.'

ભ્રમણ ચાલુ થઈ ચૂક્યું હતું, છતાં સ્વામીશ્રી ઉત્તર આપતાં કહે : 'આપણી પરંપરાનો વિચાર કરો. કોઈએ એવું કર્યું છે ?'

સ્વામીશ્રી બોલતા હતા, પરંતુ વૉકિંગ દરમ્યાન બોલતા હોય ત્યારે અવાજ તૂટતો હોવાથી સંતોએ કહ્યું કે 'આપ બોલશો નહીં,' એટલે 'સ્વામિનારાયણ પ્રકાશ'નું વાંચન ચાલુ થયું. જેમાં સારંગપુરમાં ફૂલદોલ વખતે સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા એ વાત આવી. એમાં પણ સ્વામીશ્રી બોલ્યા હતા કે 'જેને આત્મજ્ઞાન થયું હોય એને તડકો-છાંયો કશું જ નડતું નથી.' બરાબર પ્રસંગે જ આ વાત આવતાં સ્વામીશ્રીએ એક જ શબ્દ કહ્યો : 'સાંભળો.'

સંતો કહે : 'પણ ધ્રાંગધ્રામાં ૪૭° (સે.) ગરમી થઈ ગઈ છે.'

સ્વામીશ્રી કહે : 'એવું વાંચવાનું જ નહીં, બોલવાનું પણ નહીં. જ્ઞાન અને સમજણ હોય તો ક્યાંય વાંધો ન આવે.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'અત્યારે તો એવું લાગે છે કે જ્ઞાન અને સમજણ આપના માટે જ છે.' (આપમાં જ છે).

સ્વામીશ્રી કહે : 'કેમ, તમારે કલ્યાણ નથી જોઈતું ?'

સ્વામીશ્રીના આ પ્રશ્નમાં સૌ નિરુત્તર થઈ ગયા અને 'સ્વામિનારાયણ પ્રકાશ'નું વાંચન આગળ વધ્યું.

•

મહેસાણાથી આવેલા અભયરત્ન સ્વામીએ મહેસાણાના એક યુવકની વાત કરી. આ યુવકનો પરિવાર સત્સંગમાં નવોસવો હતો. સત્સંગમાં આવ્યા પછી યુવકને અમદાવાદ ભણવા જવાનું થયું. કોણ જાણે કેમ પણ ત્યાં કાંઈક એવો વળગાડ પેસી ગયો કે એ યુવક ગાંડા કાઢવા લાગ્યો. પોતાના સગા બાપને જોઈને કહે : 'મારો બાપ દટાઈ ગયો છે, મારે એને કાઢવો છે.' બધા હેરાન-પરેશાન થઈ ગયા. મહેસાણા મંદિરે લઈને આવ્યા. તો કહે : 'મારે પ્રમુખસ્વામીનાં દર્શન કરવા છે. મને લઈ જાવ.' એને હૉસ્પિટલમાં દાખલ કર્યો તો હૉસ્પિટલમાંથી ભાગીને મંદિરમાં આવી ગયો ને કહે : 'મારે અહીં જ સૂવું છે.' વારે વારે એ કહે : 'મને પ્રમુખસ્વામીનાં દર્શન કરાવો.' કુટુંબીઓ હેરાન હેરાન થઈ ગયાં હતાં. કોઈ હિસાબે એને મટતું ન હતું. એના આગ્રહથી સ્વામીશ્રી અહીં હતા અને એક સવારે મુલાકાતમાં એને લઈ આવવામાં આવ્યો. સ્વામીશ્રીએ ફક્ત માથે હાથ મૂક્યો ને ચમત્કાર થઈ ગયો !! સ્વામીશ્રીના આશીર્વાદ મળતાં જ એનામાં ફેરફાર થઈ ગયો. પહેલાંની જેમ જ એ કૉલેજમાં જવા લાગ્યો, જવાબદારી પણ સમજવા લાગ્યો અને શાંતિથી ભણવા લાગ્યો છે.

•

સ્વામીશ્રીના દિવ્ય આભામંડળમાં આવા ચમત્કાર સાહજિક છે. થોડાક દિવસ પહેલાં અક્ષરધામ પરિસરના રસોડામાં સેવા આપતા મૂકેશભાઈ વ્યાસના ઉપરી અધિકારી ડી. સી. પરમાર પણ દર્શને આવ્યા હતા. આ પહેલાં સ્વામીશ્રી અહીં વિરાજમાન હતા ત્યારે પણ તેઓ દર્શને આવ્યા હતા.

આ વખતે પણ ઉમળકાથી બીજી વખત આગ્રહ-પૂર્વક દર્શને આવ્યા. તેઓને જ્યારે પૂછ્યું કે 'કેમ આ રીતે વારે વારે મન થાય છે ?' ત્યારે તેઓ કહે : 'ગયા વખતે પ્રમુખસ્વામી મહારાજ અહીં પધાર્યા ત્યારે જીવનમાં પહેલી જ વખત હું તેઓનાં દર્શન કરતો હતો. તેઓનો સ્પર્શ થયો અને મેં સંકલ્પ પણ કર્યો ન હતો છતાં વરસો જૂનું મારું વ્યસન છૂટી ગયું હતું. એટલે મને થયું કે જો વારે વારે દર્શનનો લાભ લઉં તો મારા અંતરના ખરાબ દોષો પણ નીકળી જાય. અને એટલે જ દૂષણો કાઢવા માટે અહીં આવ્યો છું.'

•

તા. ૧૬-૪-૨૦૧૦, ગાંધીનગર

અશોકભાઈ ભટ્ટ સ્વામીશ્રીને મળ્યા. વિધાનસભાના સ્પીકર શ્રી અશોકભાઈ ભટ્ટ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા

હતા. વૉટર શૉ નિહાળીને તેઓ ખૂબ પ્રભાવિત થયા હતા. વૉટર શૉનો પ્રતિભાવ આપતાં તેઓ કહે : 'આપે વૈદિક કાળના નચિકેતાને ફરીથી જીવંત કરી દીધો. વિજ્ઞાનનો ધર્મ માટેનો ઉપયોગ વેદકાળમાં થયો હતો, ત્યારપછી પહેલી વાર ૨૧મી સદીમાં આપે કર્યો. વચ્ચે વિજ્ઞાન અને ધર્મ એ બંને પાંખ જુદી જુદી થઈ ગઈ હતી. આપે એનો સમન્વય કરી દીધો. બંનેને ભેગા કરીને જીવન જીવવાની કળા શિખાય અને વળી મનોરંજન નહીં, પણ નિજાનંદ મળે એવું આપે સુંદર કાર્ય કર્યું છે. ઉદ્‌ઘાટનના દિવસે હું હતો. આ વૉટર શૉ જોઈને મારી આંખમાં આંસુ આવી ગયાં હતાં.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનની ઇચ્છાથી આ બધા સંતોને ઇચ્છા થઈ.'

અશોકભાઈ કહે : 'સંતોમાં પ્રેરણા કરનાર તો આપ જ છો ને ! વૈજ્ઞાનિકોને બોલાવીને વ્યવસ્થા કરવી એ આપનું કાર્ય છે. આપનું આ કાર્ય જોઈને બાકીના બધા જ ધર્મો-સંપ્રદાયો હવે એમ વિચારે છે કે આપણે અક્ષરધામ જેવું શું કરી શકીએ ? આપે આ રીતે એક સુંદર ક્રાંતિ કરી છે. શ્રીજીમહારાજનો પ્રભાવ હતો એવો આપનામાં દેખાય છે. જેમ શ્રીજીમહારાજે કાઠીઓમાં રહીને કાઠીઓમાં સત્સંગ કરાવ્યો એ અઘરું હતું, એમ આપે દરિયાની પાર હિન્દુ સંસ્કૃતિને જીવતી કરી ને બધાનો સદ્‌ભાવ પેદા કર્યો. બે વચ્ચેની સમાનતા જ છે.'

સ્વામીશ્રી કહે : 'જોગીબાપા(યોગીજી મહારાજ)નો સંકલ્પ, શ્રીજીમહારાજના આશીર્વાદ. જોગીબાપા તો કાયમ ધૂન કરતા કે બ્રહ્માંડમાં સત્સંગ થાય. એટલે એમના સંકલ્પથી પ્રેરણા થાય છે.'

અશોકભાઈ ભટ્ટ તો વળી ગુણગાન ગાવામાં જ નિમગ્ન હતા. તેઓ કહે : 'ટેમ્પલ મૅનેજમેન્ટ નામનો એક નવો વિષય આપે આપ્યો છે. હું તો માનું છું કે આપના ઉપર એક આખો ગ્રંથ બનવો જોઈએ. આપ જ કંઈક સમાજને પ્રેરણા આપો.'

વળી, તેઓ કહે : 'હું અતિશયોક્તિ સાથે કહેતો નથી, પણ શ્રીજીમહારાજના વખતમાં જે કંઈ હતું એ અત્યારે દેખાય છે. ધર્મની સાથે વિજ્ઞાન, ચારિત્ર્ય, આરોગ્ય-સેવા, સમાજ-સેવા, આધ્યાત્મિકતા એ બધું જ અત્યારે દેખાય છે.'

•

તા. ૧૬-૪-૨૦૧૦, અમદાવાદ

સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા વિરાજ્યા. એ દરમ્યાન ઈશ્વરચરણ સ્વામી, વિવેકજીવન સ્વામી, શ્રીહરિ સ્વામી, બ્રહ્મવિહારી સ્વામી વગેરે સંતોએ આજકાલ યુરોપ ખંડના આઈસલેન્ડમાં ફાટેલા જ્વાળામુખીના સમાચાર આપ્યા. ભગવાનની રચના આગળ કોઈ પહોંચી વળતું નથી એ સંદર્ભમાં વિવેકજીવન સ્વામી કહે : 'ભગવાનની રચના અદ્‌ભુત છે. પૃથ્વી ૨૩° ડિગ્રીની ધરીએ ફરે છે એમાં પણ વિશેષ કારણ છે. અત્યારે ચંદ્ર જ્યાં છે એના કરતાં નજીક હોત તો પણ ભરતી અને ઓટમાં આખી દુનિયા ડૂબી જાત અને સૂર્ય જો નજીક હોત તો આખી પૃથ્વી બળીને ખાખ થઈ જાત. એટલે ગઢડા પ્રથમના ૨૭મા વચનામૃત પ્રમાણે જે કંઈ અનંત ઐશ્વર્ય છે એ બધાં આપનાં છે.'

સ્વામીશ્રી એ વખતે ચમચી વડે ખીચડી જમી રહ્યા હતા. એટલે કહે : 'અત્યારે તો ચમચીથી ખવાય છે.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'વચનામૃતમાં લખ્યું છે ને કે પગમાં ચાલનારા ભગવાન છે. શ્રીજીમહારાજના જે શબ્દો લખ્યા છે એ તો સાચા જ હોય ને ?'

સ્વામીશ્રી કહે : 'પણ સમજાવું ને મનાવું જોઈએ ને ? નહીં તો એમ થઈ જાય કે મારે તો આમ થઈ ગયું ને તેમ થઈ ગયું. 'બધું ભગવાનનું છે' એ બોલીએ ખરા, પણ સમય આવે ભૂલી જવાય છે.'

વિવેકજીવન સ્વામી કહે : 'એટલે તો આપ પૃથ્વી ઉપર પધાર્યા છો અને અમારા જેવાને જાણપણું આપો છો.'

સ્વામીશ્રી કહે : 'સર્વકર્તા ભગવાન છે અને એ સૌનું સારું કરે છે, એ જ સમજવાનું છે.'

•

તા. ૧૭-૪-૨૦૧૦, અમદાવાદ

એક હરિભક્તે પત્રમાં પોતાનાં દીકરીને થતી મુસીબતો લખી હતી. ન્યૂરાલજ્યાનો દુખાવો હોવાથી સખત પીડા થાય છે, બોલાતું પણ નથી, આંખમાંથી અને નાકમાંથી પાણી નીકળતું રહે છે અને કરન્ટ લાગતો હોય એવો અનુભવ આખો દિવસ થતો રહે છે. આ દુખાવાની કોઈ દવા નથી. બે વરસ પહેલાં આપને પત્ર લખ્યો ત્યારે સારું થઈ ગયું હતું. હવે ફરીથી ભયંકર

દુખાવો શરૂ થયો છે, ખૂબ પીડાય છે, માટે દયા કરો.

સ્વામીશ્રીએ લખાવ્યું કે 'કોઈ ઉપાય નથી તો હવે ભગવાનને સંભારીને પ્રયત્ન કરજો અમે પ્રાર્થના કરીશું.' આટલું કહીને સ્વામીશ્રીએ બીજો પત્ર વાંચવા લીધો. એ પત્ર અડધો વંચાયા પછી વળી સ્વામીશ્રી કહે : 'કંઈ ઉપાય ન હોય તો ઠાકોરજીની પ્રસાદીનું જળ છે, એ ચમચી ચમચી પિવડાવજો અને જ્યાં પીડા થાય છે ત્યાં ચોપડજો. ભગવાનને સંભારીને કરજો. અમે પ્રાર્થના કરીશું.'

•

તા. ૧૯-૪-૨૦૧૦, અમદાવાદ

સ્વામીશ્રી સભામંડપમાં પૂજામાં પધાર્યા. સંતોએ તથા યુવકોએ આજના દિવસના પ્રાસંગિક કીર્તનો ગાયાં. છેલ્લે કૃષ્ણપ્રિય સ્વામી કીર્તન ગાઈ રહ્યા હતા. *'ભક્તિ તણાં જ્યાં પૂર ઊમટ્યાં'* એ કીર્તન ચડતા તાલે ગવાઈ રહ્યું હતું. એ દરમ્યાન સ્વામીશ્રી ઉપમંચ ઉપરથી ઊતરીને મુખ્યમંચ ઉપર હરિભક્તોની નજીક જઈને સૌને દર્શન દઈ રહ્યા હતા. વાતાવરણમાં ભક્તિનો ઉછાળ હતો અને એ દરમ્યાન તાલ આપી રહેલા સંતોની બાજુમાં જ જયદીપ સ્વાદિયાનો નાનકડો શિશુ દીપ તબલાં ઉપર એ રીતે થાપ આપી રહ્યો હતો કે જાણે એ આ દુનિયામાં જ હોય નહીં ! ડોકું ધુણાવતો ધુણાવતો, બેઠાં બેઠાં નાચતો નાચતો બંને હાથ ઉછાળી ઉછાળીને એ લયબદ્ધ રીતે તબલાં ઉપર પ્રહાર કરી રહ્યો હતો. સ્વામીશ્રી એની તરફ કેટલીય વાર સુધી જોઈ રહ્યા. આમ તો આ રોજનો ક્રમ છે, પણ આજે એ તબલાં ઉપર હતો. મરક મરક હસતાં હસતાં જોઈ રહેલા સ્વામીશ્રીએ અચાનક કૅમેરાવાળા કુણાલ ભાવસારને ઈશારો કરીને કહ્યું : 'આ પણ લે ને !'

સામાન્યતયા સ્વામીશ્રી તરફ જ મંડરાઈ રહેલા આ કૅમેરાને સ્વામીશ્રીએ ધ્યાનભંગ કરાવ્યો અને નાનકડા શિશુ તરફ ફેરવાવ્યો. સ્વામીશ્રી નાના શિશુને પણ મહત્ત્વ મળે એવી વિશાળ સુહૃદયતા દાખવી શકે છે.

•

શહેરના જોઈન્ટ પોલીસ કમિશનર સતીષ શર્મા સાહેબ દર્શને આવ્યા હતા. વૉટર શૉના ઉદ્‌ઘાટન વખતે પણ તેઓ ઉપસ્થિત હતા. સ્વામીશ્રીને કહે : 'આપે અદ્‌ભુત કાર્ય કર્યું છે. વિજ્ઞાન અને ધર્મનું આવું સારું સંકલન આપે કર્યું છે. આપનું પ્રવચન પણ તે દિવસે પહેલી વખત સાંભળ્યું.'

સ્વામીશ્રી કહે : 'બધું ભગવાનની ઇચ્છાથી થાય છે. આપને પણ ભગવાન બહુ યશ અપાવે. બુદ્ધિ-શક્તિ આપી છે એ દ્વારા સમાજનું કામ થાય અને જીવનમાં પણ શાંતિ થાય એ પ્રાર્થના.'

શર્મા સાહેબ કહે : 'આપ જેમ સમાજની સેવા કરો છો, એમ અમારી પણ એ જ ડ્યૂટી છે. આજે સમાજમાં એટલા બધા ઝઘડા વધી ગયા છે. પાડોશી-પાડોશી સાથે ઝઘડે, બાપ-દીકરા સાથે ઝઘડે, પતિ-પત્ની વચ્ચે ઝઘડો, નાની નાની બાબતમાં ઝઘડાઓ વધી ગયા છે.'

સ્વામીશ્રી કહે : 'કુટુંબના ઝઘડા બહુ વધ્યા, એને લીધે સમાજ છિન્નભિન્ન થઈ જાય છે. તમારું કામ શાંતિ સ્થાપવાનું છે, એમ અમારું કામ પણ શાંતિ સ્થાપવાનું જ છે. કથાવાર્તા કરીએ, એને અંગત બોલાવીને વાતો કરીએ એટલે શાંતિ રહે. અમે એ રીતે સમાધાન કરીએ અને સૌને ભેગા રાખીએ. તમે કાયદાથી કામ કરો. લોકોમાં આજે કુટુંબ-ક્લેશ બહુ છે, એટલે યોગીજી મહારાજ ઘરસભાની વાત કરતા. રોજ સાંજે ભેગા મળીને ભગવાનની વાતો થાય, ઘરના પ્રશ્નોની વાતો થાય તો ધીમે ધીમે એનું નિરાકરણ પણ થાય.'

શર્મા સાહેબ કહે : 'બાપાનો આ ગુરુમંત્ર છે. આપ એ દિવસે (શૉના ઉદ્‌ઘાટન વખતે) પ્રવચનમાં પણ આ જ વાત બોલ્યા હતા.'

સ્વામીશ્રી કહે : 'ઘર ઘરની વાત છે. કાંઈક ઊંચા-નીચા થયા હોય, પણ ચોખવટ થઈ જાય તો બે-ત્રણ મહિને ખોટા વિચાર હોય તો ટાઢું પડી જાય.'

•

તા. ૨૦-૪-૨૦૧૦, અમદાવાદ

ઠાકોરજીનાં દર્શન કરીને સ્વામીશ્રી લિફ્‌ટ દ્વારા નીચે પધારી રહ્યા હતા. સામે લીંબડા આગળ પ્રજ્ઞાચક્ષુ પ્રિયકાંતભાઈ ઊભા હતા. વરસોથી તેઓ પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં ફરી ફરીને અગરબત્તી વેચવાનો ધંધો કરે છે અને સ્વામીશ્રી પધાર્યા હોય ત્યારે અચૂક દર્શને આવી જાય છે.

સ્વામીશ્રીની દૃષ્ટિ તેઓ ઉપર પડી. સાવ સામાન્ય

અને ગરીબ આ મુમુક્ષુને જોતાં જ સ્વામીશ્રીએ સામેથી જ હાથ ઊંચો કર્યો. પેલા ભાઈ પ્રજ્ઞાચક્ષુ છે – એમ જાણતા હોવા છતાં સ્વામીશ્રીએ તેઓની નોંધ લીધી અને સંતોને આજ્ઞા કરી કે 'એને દર્શન માટે ઉપર ઉતારામાં લઈ આવજો.'

•

સવારની મુલાકાતો દરમ્યાન આવેલા નેનપુરના દશરથભાઈને જોતાં જ તેઓના પિતાશ્રી નાગરદાસને સ્વામીશ્રીએ યાદ કર્યા અને કહ્યું કે 'કેમ છે ?'

દશરથભાઈ કહે : 'હવે તો પથારીવશ છે, એટલે આપને કહેવડાવ્યું છે કે હવે ધામમાં લઈ જાવ.'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજની બહુ જ સેવા કરી છે, એટલે ધામમાં જ છે.' આટલું કહીને તેઓની સેવાને સંભારતાં સ્વામીશ્રી કહે : 'જે નેનપુર જાય એને પોતાના કૂવે નાહવા લઈ જાય અને પ્રેમથી નવડાવે.'

નાની સેવાને પણ સ્વામીશ્રી વીસરતા નથી.

•

સ્ટાર ન્યૂઝના ગુજરાતના વડા બ્રિજેશકુમારસિંહ દર્શને આવ્યા. તેઓને સ્વામીશ્રી પ્રત્યે ખૂબ આદર છે. વૉટર શૉનું પ્રસારણ પણ તેઓએ ૭૨ દેશોમાં કર્યું હતું. તેઓ સ્વામીશ્રીને કહે : 'આપને કોઈ ચિંતા છે ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન ભજીએ છીએ અને ભજાવીએ છીએ, અને એમ માનીએ છીએ કે જે કાંઈ કરશે એ ભગવાન જ કરશે. ભગવાન બધું કર્યા કરશે. ભગવાન મળ્યા છે એટલે કોઈ ચિંતા નથી.'

તેઓએ પ્રશ્ન કર્યો : 'હજી કંઈ કરવાનું બાકી છે ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન અને સંત મળ્યા, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ જેવા સમર્થ ગુરુ મળ્યા, એમની નિષ્ઠા છે, એટલે કરવાનું કાંઈ બાકી છે જ નહીં.'

વિવેકજીવન સ્વામી કહે : 'એ આપને એટલા માટે પૂછે છે કે તેઓને ટેન્શન બહુ રહે છે.'

સ્વામીશ્રી કહે : 'અહીં આવ્યા છે એટલે ટેન્શન દૂર થશે અને ભગવાન બધા સંકલ્પ પૂરા કરશે.'

•

અમેરિકાથી એક ફેક્સ આવ્યો હતો. એમાં એ મુમુક્ષુએ નિષ્કપટભાવે લખ્યું હતું કે 'મેં એટલાં બધાં પાપ કર્યાં છે કે યાદ પણ નથી, લખવા બેસું તો પાનાનાં પાનાં ભરાઈ જાય. એટલે મને સ્વીકારીને મારી મુમુક્ષુતા ચકાસીને એક એવી આજ્ઞા કરો કે જે હું શિર સાટે પાળીને આપને રાજી કરી શકું.'

ફેક્સ વાંચીને દયાવંત સ્વામીશ્રી થોડી વાર વિચારમાં પડ્યા. પછી બોલ્યા : 'કેટલાં બધાં પાપ કર્યાં છે ?' આટલું કહીને કહે : ''ભગવાનને પ્રાર્થના કરવી કે 'આવાં પાપ થાય નહીં, ભૂલ ન થાય અને જીવન પવિત્ર રાખે.' આવી પ્રાર્થના સાથે રોજ પાંચ જનમંગલના પાઠ કરવા.'

સ્વામીશ્રી એવા વિશાળ હૃદયી ગુણાતીત પુરુષ છે કે અનંત પાપોને પણ માફ કરી શકે છે.

•

ભોજન પછી સ્વામીશ્રી પત્રવાંચન કરતા હતા. એ દરમ્યાન મલાવી(આફ્રિકા)વાળા જશભાઈનો ફોન આવ્યો. તેઓને અમદાવાદમાં ઑપરેશન કરાવવાનું છે.

સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા. છેલ્લે યાદ આવતાં કહે : 'કંઈપણ કામ હોય તો જણાવજો.'

જોકે જશભાઈએ ફોન મૂકી દીધો હતો. એટલે તરત જ સ્વામીશ્રીએ ધર્મચરણ સ્વામીને કહ્યું : 'એમને પૂછી લેજો કે કંઈ જરૂર હોય તો જણાવે. ઑપરેશન થઈ જાય પછી પણ કંઈ જરૂર હોય તો તપાસ કરાવીને વ્યવસ્થા કરાવી દેજો.'

સ્વામીશ્રીને પ્રત્યેક હરિભક્ત પ્રત્યે કેટલી આત્મીયતા અને તેમની વ્યવસ્થાની ચીવટ છે !

•

તા. ૨૧-૪-૨૦૧૦, અમદાવાદ

એક કાર્યકર કહે : 'આખા બ્રહ્માંડમાં સત્સંગ થાય એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'અંદરોઅંદર સંપ હશે તો બધે જ સત્સંગ થશે ને બધું જ સારું થશે. આપણે કોઈનો અભાવ-અવગુણ લેવો જ નહીં. આપણે આપણા જ દોષ ટાળવાના છે. એના માટે જ સત્સંગ કરીએ છીએ. બીજા બધા જ સારા છે – એમ માનીને મહિમા સમજીને કામ કરવું.'

•

તા. ૨૨-૪-૨૦૧૦, અમદાવાદ

'ગુજરાત સમાચાર'ના કટાર લેખક ભવેનભાઈ

કચ્છી દર્શને આવ્યા હતા. તેઓ કહે : 'આપનાં દર્શને જ્યારે જ્યારે આવું છું ત્યારે દરેક વખતે દિવ્ય આંદોલનોનો અનુભવ કરું છું. હું પ્રાર્થના કરું છું અને માનું છું કે જીવનમાં મારી કલમથી જે કંઈ પરિવર્તનો થાય છે એમાં આપના જ આશીર્વાદ છે.'

•

શહેરના પોલીસ કમિશનર અને પાછળથી રાજ્યના 'ડાયરેક્ટર જનરલ ઑફ પોલીસ' થયેલા ખંડવાવાલા સાહેબને મળ્યા. તેઓ દાઉદી વોરા છે. પોતાના ઘરમાં ફક્ત બે જ ફોટા રાખે છે – એક તો કાબાનો ફોટો અને બીજો બાપાનો (સ્વામીશ્રીનો) ફોટો.

વાર્તાલાપ દરમ્યાન સ્વામીશ્રી કહે : 'મોટા હોદ્દા ઉપર હોય એને સરળ થવું જ પડે. જોકે સત્તા હોય એટલે એ કરવું અઘરું પડે, પણ સરળ થવાથી સારું કાર્ય થાય છે.'

ખંડવાવાલા સાહેબ કહે : 'શહેરમાં શાંતિ રહી છે એ આપના આશીર્વાદથી જ છે. બધું ભગવાનની દયા પર જ ચાલે છે.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનમાં શ્રદ્ધા છે એ મોટી વાત છે.'

ખંડવાવાલા સાહેબ કહે : 'સંતો જેમ જેલમાં પ્રવચન કરવા જાય છે, એમ અમારા પોલીસબેડામાં પણ જરૂર છે. ત્યાં વ્યસનોની તકલીફ ખૂબ છે. પોલીસોને કામ કરવાનું દબાણ ખૂબ હોવાથી મેં એક યોજના કરી છે.'

એમ કહીને તેમણે પોલીસદળમાં સુંદર સુધારાનાં આયોજનો વિચાર્યાં હતાં તે સ્વામીશ્રી સમક્ષ પ્રસ્તુત કર્યાં. સ્વામીશ્રી તેમના આ વિચારોથી પ્રસન્ન થયા અને તેઓને આશીર્વાદ આપ્યા.

•

તા. ૨૪-૪-૨૦૧૦, અમદાવાદ

સાંજે પત્રવાંચન પછી 'દિવ્ય ભાસ્કર' વર્તમાનપત્રના માલિક રમેશભાઈ અગ્રવાલને મળ્યા. તેઓ આજે વૉટર શૉ જોવા માટે જ ખાસ આવ્યા હતા. અત્યારે તેઓ રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીને મળીને આવ્યા હતા. સ્વામીશ્રીને કહે : 'आज मैं नरेन्द्रभाई मोदी से मिला था। उनके साथ मेरी चर्चा हुई। वे कहते थे कि बी.ए.पी.एस. का मेनेजमेन्ट सीखना चाहिए। प्रमुख स्वामीजी का मेनेजमेन्ट आदर्श है। तब मैंने कहा, मेनेजमेन्ट तो है ही, लेकिन प्रमुख स्वामीजी के आशीर्वाद मेरे लिए सब से अधिक है।'

નિર્મળસિંહ રાણા કહે : 'રમેશજી અગ્રવાલને આપના આશીર્વાદનો પળે પળે અનુભવ છે. તેઓને આપના વિષે વિશેષ પ્રેમ છે.'

તેઓએ પોતાને લગતાં કેટલાંક સૂચનો સ્વામીશ્રીને લંબાણથી કહ્યાં.

રમેશજી કહે : 'बी.ए.पी.एस. स्वामिनारायण संप्रदाय में सारे हिन्दू समाज और महात्माओं में होनी चाहिए उतनी जो सभ्यता है और समाज के लिए जो दूषणरूप है उससे दूर रहते हैं। वो मुझे आकर्षित करता है और आपके यहाँ सब पढ़े-लिखे लोग हैं। जीवन में निराश होकर साधु बनते हैं उससे क्या होता है? और मैं जानता हूँ कि भगवान के आप जितने करीब हो उतना मैं नहीं हूँ। आप जैसी पवित्र आत्मा मन से भी आशीर्वाद देते हैं तो वो भी फलता है, और शाप भी फलता है।'

ઈશ્વરચરણ સ્વામી કહે : 'ऐसे महापुरुष शाप तो कभी देते ही नहीं है।'

•

રાત્રે સ્વામીશ્રીએ ઠાકોરજી જમાડ્યા, એ દરમ્યાન વિજ્ઞાને સાધેલી પ્રગતિની વાતો જુદા જુદા સંતોએ કરી. આ સંશોધનોને લીધે થતી આડઅસરોની વાત પણ કરી. એટલે સ્વામીશ્રી કહે : 'લોકો કેવા છે ? બુદ્ધિ કેવી વાપરે છે ? વિકાસ થયો એની ભેગો વિનાશ થાય જ.'

આટલું કહીને સામે બેઠેલા સંતોને કહે : 'આપણે માળા ફેરવી લેવી, ભજન કરી લેવું. યોગીજી મહારાજ કહેતા – માળા ફેરવો, સૌનું સારું થાય.'

•

તા. ૨૫-૪-૨૦૧૦, અમદાવાદ

ઇન્ડિયા ટી.વી.ના ગુજરાત ખાતેના મુખ્ય અધિકારી નિર્ણય કપૂરને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. ઇન્ડિયા ટી.વી.ના માલિક રજત શર્માની વાત કરતાં તેઓએ કહ્યું : 'દિલ્હીમાં અક્ષરધામ જોઈને તેઓ એટલા અભિભૂત થઈ ગયા છે ને કહે છે કે આજ સુધી આવી સંસ્થા જોઈ નથી.'

તેઓએ પોતાના અનુભવની વાત કરતાં કહ્યું : 'મેં સંસ્થાનું કાર્ય જોયું છે. પ્રેમ અને પરોપકારની ભાવનાથી જે કાર્ય થાય છે એ અદ્ભુત છે. મારે એક પ્રશ્ન છે કે હું જાણવા માગું છું કે આપને કોઈ ઇચ્છા છે ?'

સ્વામીશ્રી કહે : 'એક જ ઇચ્છા છે કે બધામાં ધર્મભાવના વધે, બધા સુખી થાય, વ્યસન-દૂષણથી પર થાય અને હળીમળીને આખો સમાજ શાંતિથી જીવે.'

•

તા. ૨૬-૪-૨૦૧૦, અમદાવાદ

સ્વામીશ્રી અભિષેક મૂર્તિનાં દર્શન કરીને મંદિરની પ્રદક્ષિણામાં હનુમાનજી-ગણપતિજીનાં દર્શન કરીને સભામંડપ તરફના મંદિરનાં પગથિયાંની પગથારે આવ્યા. એક બાજુ મંદિરમાં કીર્તન ગવાઈ રહ્યું હતું, બીજી બાજુ ચોકમાં એકત્ર થયેલા હરિભક્તો જુદી જુદી તરાહોમાં જયનાદો પોકારી રહ્યા હતા, ત્રીજી બાજુ યોગેશભાઈ રોજની જેમ મોટા અવાજે નિષ્કુળાનંદ સ્વામીની કડી ગાઈ રહ્યા હતા. આ કોલાહલની વચ્ચે મંદિરનાં પગથિયાંની વચ્ચેની પગથારમાં બેઠો બેઠો એક નાનો શિશુ પોતે કરેલો મુખપાઠ બોલી રહ્યો હતો. સ્વામીશ્રી સુધી અવાજ પહોંચે એવી કોઈ જ શક્યતા હતી નહીં, છતાં સ્વામીશ્રી એની તરફ દૃષ્ટિ કરીને હાથ વડે બોલવામાં સંકોચ પામતા એ શિશુને બોલવાનું પ્રોત્સાહન આપતા હતા. બે-ત્રણ વખત હાથ હલાવીને સ્વામીશ્રીએ એ શિશુને પ્રોત્સાહન આપીને આખી સાખી ગવડાવી અને અમીદૃષ્ટિ કરીને રાજીપો વરસાવ્યો. સ્પષ્ટ હતું કે સ્વામીશ્રીએ અવાજ નહીં, પણ ભાવ અંગીકાર કર્યો હતો.

પ્રત્યેક વાલી અને પ્રત્યેક સમાજ ગમે એટલી પ્રવૃત્તિના કોલાહલની વચ્ચે જીવતા હોય, પરંતુ સ્વામીશ્રીની જેમ પોતાની ભાવિ પેઢીને આ જ રીતે પ્રોત્સાહિત કરીને એનો અવાજ સાંભળવાનો પ્રયત્ન કરે તો સમાજની તાસીર બદલાઈ જાય.

•

જામનગરના પ્રમોદભાઈ પૂજારા ખૂબ જ સામાન્ય સ્થિતિના હરિભક્ત છે. તેઓને સ્વામીશ્રીનાં સ્વપ્નમાં દર્શન થયાં અને તેમાં સ્વામીશ્રીએ કહ્યું કે 'કેલ્ક્યુલેટરની જરૂર છે ને મને મોકલી આપજે.'

સ્વામીશ્રીનો આદેશ ઝીલીને પ્રબોધભાઈએ બજારમાંથી કેલ્ક્યુલેટર ખરીદ્યું અને કુરિયરમાં મોકલી આપ્યું.

સ્વામીશ્રી આ વિગત જાણીને કહે : 'કેલ્ક્યુલેટરનું શું કરવું ?'

ધર્મચરણ સ્વામી કહે : 'જાની સાહેબને આપી દઈશું, એમના કામનું છે.'

સ્વામીશ્રીએ કેલ્ક્યુલેટરને હાથ અડાડ્યો ને કહ્યું : 'આપી દેજો.' પછી કહે : 'આ તો સ્વપ્નામાં દર્શનની વાત છે.' એમ કહીને સ્વામીશ્રી હસી પડ્યા.

•

તા. ૨૭-૪-૨૦૧૦, અમદાવાદ

શ્રુતિપ્રકાશ સ્વામીએ યોગના વિવિધ પ્રકારોની વાત કરી. દર્શન માટે બેઠેલા આત્મસંતોષ સ્વામીની સામે જોઈને સ્વામીશ્રી કહે : 'તમારે કયો યોગ ચાલે છે ?'

તેઓ કહે : 'આપનો યોગ છે - મોટામાં મોટો.'

સ્વામીશ્રી માર્મિક અને મંદ મંદ હસતાં હસતાં કહે : 'ટૂંકો ને ટચ.'

•

તા. ૨૮-૪-૨૦૧૦, અમદાવાદ

સ્વામીશ્રી રોજના ક્રમ પ્રમાણે હનુમાનજી-ગણપતિજીનાં દર્શન કરીને સભામંડપ તરફનાં મંદિરનાં પગથિયાંની પગથારે આવ્યા ને સૌને દર્શનદાન આપ્યાં. આ પગથિયાંની નીચેની પગથાર ઉપર ચાંદલોડિયાનો રવિ નામનો એક પ્રજ્ઞાચક્ષુ કિશોર બેઠો હતો. સ્વામીશ્રી જ્યારે ત્યાં પધાર્યા ત્યારે તેઓની દૃષ્ટિ આ પ્રજ્ઞાચક્ષુ કિશોર ઉપર પડી. સ્વામીશ્રીએ ગુલાબનું પુષ્પ હાથમાં લઈને એ રીતે નાખ્યું કે પુષ્પ સીધું જ રવિના ખોળામાં જઈને પડ્યું અને ત્યારે જ રવિનું ધ્યાન ગયું કે સ્વામીશ્રી એના તરફ દૃષ્ટિ કરી રહ્યા છે.

આપણી આંખો બંધ હોય તોય સ્વામીશ્રીની કૃપા તો વરસતી જ રહે છે. સ્વામીશ્રીનું આ દિવ્ય માતૃ-વાત્સલ્ય છે.

•

'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના લેખક હરિતભાઈ મહેતા સ્વામીશ્રીને મળવા આવ્યા. તેઓ કહે : 'આજે હું આપનાં દર્શને આવ્યો. સભાખંડમાં પૂજામાં બેઠો. પૂજા વખતનો અનુભવ અદ્ભુત હતો. આપની જે વ્યવસ્થા

એનો અનુભવ પણ અદ્‌ભુત હતો.'

•

એક મુમુક્ષુ દર્શને આવ્યા. પરંપરાગત રીતે સ્વામિનારાયણીય સત્સંગમાં જ ઊછર્યા હોવા છતાં તેઓ કંઠી પહેરતા ન હતા. સ્વામીશ્રીએ પૂછ્યું : 'કંઠી છે ?'

તેઓ કહે : 'ફાવતી નથી. મારા શરીર ઉપર હું એક પણ અલંકાર પહેરતો નથી.'

સ્વામીશ્રી કહે : 'આ પેન્ટ, આ શર્ટ અને આ શર્ટમાં નાખેલી પેન અને ચશ્માં એ બધું ફાવે છે ?'

'હા.'

સ્વામીશ્રી કહે : 'તો આ તો ભગવાનની કંઠી છે. એ કેમ ન ફાવે ? શ્રદ્ધા રાખજો અને કાઢી ન નાખતા.' એમ કહીને સ્વામીશ્રીએ કંઠી પહેરાવી.

•

સ્વામીશ્રી આરામમાં જવા માટે પલંગ ઉપર વિરાજમાન થયા. રોજના ક્રમ મુજબ સામે કાચની પેલે પાર હૉલમાં બેઠેલા સંતો-હરિભક્તોને બે હાથ જોડતાં જોડતાં 'જય સ્વામિનારાયણ' કહેતાં કહેતાં સ્વામીશ્રી દૃષ્ટિ કરી રહ્યા હતા. એમાં છેક સામેની દીવાલ તરફ દાતણ લઈને અરવિંદભાઈ ઊભા હતા. સ્વામીશ્રી કહે : 'વરસોથી તેઓ આ રીતે ઠાકોરજીનાં દાતણ લાવે છે.' આમ કહેતાં સ્વામીશ્રીએ તેઓને સંભાર્યા અને તેઓની સેવાની કદર દૃષ્ટિ દ્વારા કરી.

•

તા. ૨૯-૪-૨૦૧૦, અમદાવાદ

એક મુમુક્ષુ સ્વામીશ્રી પાસે આવ્યા. કુટુંબમાં ઉપરાછાપરી બે-ચાર મરણ થવાથી તેઓ હતાશ થઈને દારૂના વ્યસન ઉપર ચડી ગયા હતા. સ્વામીશ્રીને જ્યારે આ વાત કરી ત્યારે સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'વ્યસન તો કરશો જ નહીં. દરેકની આવરદા હોય એ પ્રમાણે અહીં રહે છે અને પછી જતા રહે છે. વ્યસન કરવાથી કોઈ પાછું આવતું નથી. એટલે ભગવાનનું બળ રાખો. ભગવાનનો આશરો કરો. શ્રીજીમહારાજ દયા કરશે, માટે વ્યસન મૂકી દેજો.'

વળી, એ મુમુક્ષુએ કહ્યું : 'બાપા ! અંતકાળે તેડવા આવશો ને ?'

સ્વામીશ્રી કહે : 'તમે સેવા કરો છો, ભક્તિ કરો છો, એટલે ભગવાન તેડવા આવશે જ.'

•

સ્વામીશ્રી શયનકક્ષની બહારના મુલાકાતકક્ષમાં રોજ સાંજે ભૂમિભ્રમણ કરે છે. વચ્ચે વિશ્રામ માટે થોડો સમય ખુરશી ઉપર વિરાજીને પુનઃ ભૂમિભ્રમણ કરે છે.

આજે વિશ્રામના સમયે સ્વામીશ્રી ખુરશી ઉપર વિરાજમાન હતા. બાજુમાં જ આવેલા ઠાકોરજીના ઓરડા આગળ ઠાકોરજી સમક્ષ નિર્ભયસ્વરૂપ સ્વામી તથા બાળકો અને યુવકો થાળ ગાઈ રહ્યા હતા. આજે વિશ્રામગાળામાં વચ્ચે થતી કસરતને અટકાવીને સ્વામીશ્રી બોલ્યા : 'રોજ ઠાકોરજીનો થાળ સાંભળવા મળે છે. થાળ બહુ સારો ગાય છે.' સ્વામીશ્રી જ્યારે આ શબ્દ બોલી રહ્યા હતા ત્યારે તેઓના મુખ ઉપર જાણે કંઈ લાધ્યું હોય એવો આનંદ જોઈ શકાતો હતો.

•

તા. ૩૦-૪-૨૦૧૦, અમદાવાદ

હનુમાનજી-ગણપતિજી આગળ સ્વામીશ્રી દર્શન કરી રહ્યા હતા, ત્યારે દૂર નગાસરવાળા ખુશાલભાઈને જોતાં જ સ્વામીશ્રીએ પૂછ્યું : 'ક્યાં હતા ?'

'નગાસર ગયો હતો, ત્યાં મંદિરની સેવા કરું છું.'

દર વરસે સ્વામીશ્રી અમદાવાદ પધારે ત્યારે આ ખુશાલભાઈ હનુમાનજી-ગણપતિજીની સેવામાં હોય છે. આ વખતે પહેલા દિવસથી ન જોતાં સ્વામીશ્રીએ અઠવાડિયા પહેલાં પણ યાદ કર્યા હતા અને આજે પણ તેઓને પૂછ્યું.

પ્રસંગમ્



મે ૨૦૧૦



'ગુણાતીત જ્ઞાનનો વિસ્તાર દેશ-પરદેશની દરેક ભૂમિ ઉપર ખૂબ સારી રીતે થઈ રહ્યો છે. એ ગુણાતીતની ઓળખાણ શ્રીજીમહારાજે સૌને કરાવી હતી : 'મારું ધામ અક્ષર છે, અને તે આ ગુણાતીત સ્વામી છે.'
એ અક્ષરબ્રહ્મનો અવતાર આ ગામમાં થયો છે. એવી એમની આ જન્મભૂમિ દિવ્ય છે.
આ દિવ્ય ભૂમિમાં આપણે જે કાંઈ શુભ સંકલ્પો કરીશું એ સંકલ્પો સિદ્ધ થશે.
યોગીજી મહારાજે આ સ્થાનનો મહિમા બહુ કહ્યો છે કે 'અહીં તો દુનિયા ખેંચાઈને આવશે.'
યોગીજી મહારાજ તો સાક્ષાત્ ગુણાતીત હતા. અક્ષરનો અવતાર. એમને તો એ વાત તાદૃશ દેખાતી હતી.
તમે સારામાં સારું જે કાંઈ ગણતા હો એનાથી વિશેષ ને હજારગણું શ્રેષ્ઠ આ સ્થાન છે.
લંડન, આફ્રિકા, અમેરિકા ફર્યા હો, ત્યાં બધે સારું સારું જોયું હોય, પણ એ સારું તો દુનિયાનું છે, પણ આ તો ભગવાનનું ધામ કહેવાય.
આ મંદિરનો જેટલા જેટલા લાભ લેશે એ બધાનું ભગવાન કલ્યાણ કરશે, એના જીવમાં શાંતિ થશે.
હજારો માણસો અહીં આવીને દર્શન કરીને શાંતિ પામે એવી મહારાજને પ્રાર્થના કરીએ છીએ.
સેવા કરનારને મહારાજ અનંતગણું આપશે ને અંતે બધાને અક્ષરધામની પ્રાપ્તિ થાય એ જ પ્રાર્થના.'

- પ્રમુખસ્વામી મહારાજ

તા. ૨-૫-૨૦૧૦, અમદાવાદ

આજે સ્વામીશ્રી રવિસભામાં પધાર્યા હતા. આજની સભામાં કિશોરમંડળે સુંદર રજૂઆત કરી હતી. સભાના અંતે ધોળકા કિશોર-કિશોરી મંડળે બનાવેલો નિયમની ચિઠ્ઠીવાળો કળશ ઈશ્વરચરણ સ્વામીએ સ્વામીશ્રીને અર્પણ કર્યો. આંતરિક સમૃદ્ધિથી ભરપૂર અને નિયમના માર્ગે ચાલવા માટેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતો આ કળશ સ્વયં સ્વામીશ્રીએ હાથમાં લીધો ને ચારે બાજુ સૌને દર્શાવ્યો અને બોલ્યા : 'આમાં રૂપિયા નથી ભર્યા, નિયમ-ધર્મની ચિઠ્ઠીઓ ભરી છે.' એમ કહીને કળશ જાતે જ ઉઘાડીને અંદર હાથ નાખીને ચિઠ્ઠીઓ કાઢી અને સૌને દેખાડી ને કહ્યું : 'આ રીતે નિયમ-ધર્મ દૃઢ કરીને રાખજો.'

•

તા. ૪-૫-૨૦૧૦, અમદાવાદ

ધોળકાથી એક હરિભક્ત દર્શને આવ્યા હતા. ધોળકાની બાજુના ગામમાં રહેતા આ હરિભક્ત અને એમનાં પત્ની – પોતાનો બે-ત્રણ વર્ષનો દીકરો મોટો થઈ ભણી-ગણીને સાધુ થાય – એના માટે પદયાત્રા કરીને દર મહિનાની પૂનમ ધોળકા મંદિરે ભરે છે. સ્વામીશ્રી એ હરિભક્તની શ્રદ્ધા અને ભક્તિથી પ્રસન્ન થયા.

•

સ્વામીશ્રી સૌને મુલાકાત આપી રહ્યા હોય એ વખતે નાના શિશુઓ દર્શને આવ્યાં હોય તો એમના માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે. એ શિશુઓને ટેબલ ઉપર બેસાડી દેવામાં આવે છે.

આજે બે શિશુઓ સ્વામીશ્રીનાં દર્શન માટે બેઠા હતા. એક શિશુ શાંત હતો અને બીજો ચંચળ અને તોફાની. નિયમ પ્રમાણે સંતોએ પ્રસાદીનું એક બૉક્સ આપ્યું. આ બૉક્સ શાંત શિશુના હાથમાં હતું. એ જોતાં જ ચંચળ શિશુએ ભાખોરિયા ભરી ભરીને એ બૉક્સ પડાવી લેવાનો પ્રયત્ન કર્યો. હજી બોલી પણ ન શકતા આ શિશુની ચેષ્ટાઓ જોઈને સ્વામીશ્રી હસી પડ્યા અને સામે ઊભેલા વ્યવસ્થાપક વિમલપ્રકાશ સ્વામીને મોટેથી કહે : 'અલ્યા એ, આને બીજું પ્રસાદનું બૉક્સ આપો.' બૉક્સ અપાયું ત્યાં સુધી સ્વામીશ્રી ત્યાં ને ત્યાં જ રહ્યા. શિશુને બૉક્સ મળી ગયા પછી સ્વામીશ્રી મુલાકાત માટે આગળ વધ્યા.

•

તા. ૫-૫-૨૦૧૦, અમદાવાદ

સાંજે પત્રવાંચન કરતાં કરતાં અચાનક પત્ર વાંચવાનું બંધ કરીને સ્વામીશ્રીએ કાગળ અને પેન માગ્યા અને રફ મુસદો લખવા લાગ્યા. એક મહાનુભાવનો પત્ર હતો. એનો ઉત્તર આપવા માટે સ્વામીશ્રી જાતે કાચો મુસદો તૈયાર કરવા બેઠા.

કાચો મુસદો કરી લીધા પછી વળી પોતે ફરીથી વાંચવા લાગ્યા, પરંતુ અમુક અક્ષર ન ઊકલતાં ધર્મચરણ સ્વામીને કહે : 'આ જુઓ તો.' વળી પાછું ચેકચાક કરીને સરખું લખી લીધું. વળી પાછા કહે : 'ઈશ્વરચરણ સ્વામીને આ પત્ર વંચાવજો. તેઓ જોઈ લે અને બરાબર લાગે તો પછી આગળ લખાવી લેજો.'

ધર્મચરણ સ્વામી કહે : 'આવા પત્ર તો આપ ઘણી વાર પ્રિયદર્શન સ્વામી પાસે લખાવો છો.'

સ્વામીશ્રી કહે : 'બરાબર છે, એમને આપી દેજો, એ લખી દેશે.'

રાત્રે જમ્યા પછી સ્વામીશ્રીએ ઈશ્વરચરણ સ્વામીને પોતે લખેલો પત્ર વંચાવ્યો. ઈશ્વરચરણ સ્વામી

કહે : 'આપે લખ્યું છે તે બરાબર જ છે.'

એટલે સ્વામીશ્રી કહે : 'સારું. તો એ પ્રમાણે લખાવી દેજો અને હું સહી કરી દઈશ.'

એક પત્ર પાછળ જુદા જુદા તબક્કે સ્વામીશ્રીએ ઓછામાં ઓછો એક કલાકનો સમય આપ્યો.

સ્વામીશ્રીએ જાતે લખેલું લખાણ મને આપવામાં આવ્યું હતું.

બીજે દિવસે સાંજે સ્વામીશ્રી ભૂમિભ્રમણ કરતાં પહેલાં ચાલતાં ચાલતાં રૂમમાંથી બહાર આવતા હતા એ દરમ્યાન મને યાદ કરાવતાં કહ્યું : 'પેલું લખાણ લખાઈ ગયું ?'

સ્વામીશ્રીને નાનામાં નાના વિષયની કેટલી ચીવટ છે !!

•

તા. ૬-૫-૨૦૧૦, અમદાવાદ

મંદિરે દર્શન કરીને સ્વામીશ્રી નીચે પધાર્યા. લિફ્ટમાંથી નીચે ઊતર્યા પછી સૌથી પહેલાં હરિભક્તોની પ્રસાદીની કરાવવા આવેલી વસ્તુઓ ઉપર સ્વામીશ્રીએ પુષ્પો પધરાવતા હોય છે. આજે એક ડફ આવ્યું હતું. સ્ટેન્ડ ઉપર રાખવામાં આવેલા ડફની બાજુમાં જ દાંડી હતી. સ્વામીશ્રીએ દાંડી લઈને થોડી વાર સુધી ડફ વગાડીને સૌને વિશેષ સ્મૃતિ આપી. ત્યારપછી પૂજામાં પધાર્યા.

•

ભોજન દરમ્યાન પુરુષોત્તમચરણ સ્વામીએ ગોંડલની પાણીની તંગી સંબંધી માહિતી સ્વામીશ્રીને આપી કે આખા ગોંડલમાં પાણીની તંગી છે, મંદિરમાં પણ અત્યારે ખૂબ તકલીફ છે. તે અંગે થોડીક વ્યવસ્થા વિચારીએ છીએ. તરત જ સ્વામીશ્રી કહે : 'આપણા એકનું નહીં, સૌનું કરો, તો બરાબર સચવાય.'

સ્વામીશ્રીએ અદ્‌ભુત મર્મસૂત્ર કહી દીધું.

•

બારેજાનો રાહુલ રાણા નામનો એક યુવક રાત્રે બારેજાથી પદયાત્રા કરીને સવારે અહીં અમદાવાદ પહોંચ્યો. સવારે આરામ કર્યો - ન કર્યો અને વારા પ્રમાણે બપોરે બે કલાક 'અભિષેક મંડપમ્'માં પ્રદક્ષિણા કરી. ત્યારપછી વળી બીજે દિવસે રાત રોકાઈને આખી રાત ૧,૮૦૦ જેટલી પ્રદક્ષિણા કરી. સ્વામીશ્રી એની આવી ભક્તિ જોઈને ખૂબ રાજી થયા.

•

તા. ૯-૫-૨૦૧૦, અમદાવાદ

આજની સભામાં બાળકોએ જુદા જુદા કાર્યક્રમો કર્યા હતા. *'સ્વામીના બાગમાં ખીલ્યા રે અમે ફોરમતાં ફૂલ'* એ મધ્યવર્તી વિચાર હતો. સ્વામીશ્રીના સંગે નાના નાના બાળકોમાં પણ કેવી દૃઢતા હોય છે ! એવા કેટલાક પ્રસંગો આજની સભામાં રજૂ કરવામાં આવ્યા હતા.

બાળસભામાં કેવા બાળકો તૈયાર થાય છે, એની વાત ડૉ. જિતેન્દ્રસિંહ પરમારે કરતાં કહ્યું કે 'એક વખત હરિ નામનો એક બાળક એક્સિડન્ટને કારણે મારી હૉસ્પિટલમાં આવ્યો. એ રિક્ષામાં જઈ રહ્યો હતો અને એ રિક્ષા પલટી ખાઈ ગઈ. એને કારણે એની હાલત ગંભીર હતી. રાત્રે ૮:૦૦ વાગે મારી હૉસ્પિટલમાં લાવવામાં આવ્યો, એટલે તાત્કાલિક મેં ટ્રીટમેન્ટ શરૂ કરી દીધી. દસ કલાક પછી હરિ જ્યારે ભાનમાં આવ્યો ત્યારે દવા આપવાની હતી. એથી મેં કહ્યું કે 'દવા લઈ લે.' ત્યારે આવી પરિસ્થિતિમાં પણ એ કહે : 'હું પૂજા કર્યા પછી જ પાણી અને દવા લઈશ.' આ સાંભળીને હું પણ અવાક્ થઈ ગયો. મેં એને સમજાવ્યો છતાં એકનો બે ન થયો.'

આ જ રીતે દીપકભાઈએ પોતાની દીકરી દેવાંશીનો પ્રસંગ કહેતાં કહ્યું : 'મારી દીકરી દેવાંશીને શારીરિક ઘણી તકલીફો છે. એને મુખ્ય રોગ ડાયાબિટીસ છે અને બીજા ઘણા રોગ છે. ડાયાબિટીસ માટે કોઈ કાયમી દવા નથી. એટલે અમે વૈદ્યને બતાવ્યું. વૈદ્યે મારી દીકરીને કહ્યું કે 'દવામાં લસણ આવે તો ચાલશે ?' બાપ તરીકે ક્ષણ માટે હું પણ ડગી ગયો હતો, પણ મારી દીકરીએ તરત જ કહ્યું કે 'લસણ તો બિલકુલ નહીં જ ચાલે. રોગ મટવો હોય તો મટે, પણ ડુંગળી-લસણ બિલકુલ ન ખવાય, મરી જવાય તોય વાંધો નહીં.'

મેહુલભાઈ નામના કાર્યકરે અન્ય પ્રેરક પ્રસંગની વાત કરતાં કહ્યું : 'મણિનગર-ઈસનપુર વિસ્તારમાં એક સિંધી કુટુંબ સત્સંગી છે. એ કુટુંબમાંથી એક બાળકી આપણી બાલિકા સભામાં નિયમિત આવે છે. એક દિવસ સાઈકલ ઉપર ટ્યૂશનથી પરત આવતી હતી ત્યારે ગાયે એને હડફેટે લીધી. આ ચાંદની નામની

બાળકી નીચે પડી ગઈ અને કેટલાય અંતર સુધી ઢસડાઈ. એને તાત્કાલિક દવાખાને લઈ જવી પડી. શરીરમાંથી ખૂબ જ લોહી નીકળતું હતું. ટાંકા લેવા પડે એમ હતા. બાલિકા કાર્યકરો ત્યાં પહોંચ્યાં ત્યારે જોયું કે બેભાન કર્યા વગર જ ટાંકા લેવાતા હતા. છતાં આ બાળકીના મુખ ઉપર દુઃખનો એક પણ ઊંહકાર નીકળતો ન હતો. સતત 'મહારાજ-સ્વામી... મહારાજ-સ્વામી'નું રટણ ચાલતું હતું.'

આ બાળપ્રવૃત્તિથી સદ્‌વાંચન તથા તપ-વ્રતની ભાવનાઓ પણ ખીલે છે. એવા ઘણા પ્રસંગો પણ પ્રસ્તુત થયા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના નાનાં નાનાં બાળકોની આવી નિયમ-ધર્મની દૃઢતા નિહાળી સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન થયા.

•

તા. ૧૦-૫-૨૦૧૦, અમદાવાદ

ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીશ્રી લિફ્ટમાં નીચે પધાર્યા ત્યારે એક યુવકનો ડ્રમસેટ પ્રસાદીનો કરવા માટે રાખ્યો હતો. સ્વામીશ્રીએ એ ડ્રમસેટ ઉપર પુષ્પ પધરાવ્યાં પછી ડ્રમસેટ ઉપર જ પડેલા ડ્રમસ્ટિકને હાથમાં લઈને ચાર-પાંચ જુદા જુદા પ્રકારના ડ્રમસેટ ઉપર શિવમણિની સ્ટાઈલમાં આઘાત આપીને દિવ્ય નાદ પ્રગટાવ્યો. છેલ્લે મોટા ગોંગ ઉપર પણ સ્ટિક મારીને ઝંકાર કર્યો. સૌને સ્મૃતિ આપી.

•

ગઈકાલની રવિવારની સભામાં વીસ હજાર હરિભક્તો ઉપસ્થિત હતા. આ સૌ હરિભક્તોને તાજો કેરીનો રસ જમાડવામાં આવ્યો હતો. એમાં પણ સારામાં સારા પ્રકારની કેરીઓ વાપરવામાં આવી હતી. આ વાત સાંભળીને સ્વામીશ્રી રાજી થયા.

વાત પૂરી થયા પછી સ્વામીશ્રી કહે : 'આ સિદ્ધેશ્વર સ્વામી સુરેન્દ્રનગરથી આવ્યા છે ને પાછા સુરેન્દ્રનગર જવાના છે, તો સુરેન્દ્રનગરના ઠાકોરજી માટે સારામાં સારી કેરીઓ બાંધી આપજો. કેસર, હાફૂસ આ બધું બાંધજો, જેથી ઠાકોરજી જમે અને સંતો પણ જમે.'

•

તા. ૧૧-૫-૨૦૧૦, અમદાવાદ

હિંમતનગર રહેતા અમૃતતનય સ્વામી કહે : 'હિંમતનગરમાં રહીએ છીએ, પણ ઘણી વખત હિંમત ખૂટી જાય છે.'

સ્વામીશ્રી તરત જ કહે : 'હિંમત ખૂટી જાય તો સત્સંગ થાય કઈ રીતે ? બધી વાતમાં હિંમત, હિંમતની તો વાતો કરો છો, તો હિંમત ખૂટતી હશે ? ભગવાન અને સંતનું બળ રાખવું, એટલે મોળા ન પડાય.'

ઘણી વખત આદિવાસી વિસ્તારોમાં વિચરણ કરીને સત્સંગ કરાવવામાં ધીરજ ખૂટી જાય એવું બને, ત્યારે સ્વામીશ્રી બળભર્યા શબ્દો દ્વારા સંતોને પ્રેરણા આપીને પુનઃ ઉત્સાહિત કરી દે છે.

•

તા. ૧૩-૫-૨૦૧૦, અમદાવાદ

સ્વામીશ્રીનું ભૂમિભ્રમણ ચાલતું હોય ત્યારે રોજ બહાર ઠાકોરજીના રૂમમાં થતા થાળ સંભળાય છે. આજે ખીચડીનો થાળ ચાલુ હતો. સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'ઠાકોરજી રોજ ખીચડી જમે છે.'

મેં કહ્યું : 'ઠાકોરજી તો ખીચડીની સાથે સાથે ઘણી વાનગીઓ અંગીકાર કરે છે, પણ ખાલી ખીચડીનો થાળ તો આપ રોજ જમો છો.'

સ્વામીશ્રી આ સાંભળીને હસી પડ્યા.

•

તા. ૧૪-૫-૨૦૧૦, અમદાવાદ

સ્વામીશ્રી ભોજન અંગીકાર કરી રહ્યા હતા. સામે બેઠેલા સંતોએ આજના ભેળસેળિયા જમાનામાં ભોજનથી થતા રોગોની વાતો કરી. રોગમાંથી દવાઓની વાતો નીકળી અને એમાંથી આજે અમર થવા માટે વૈજ્ઞાનિકો કયા કયા નુસખા અજમાવે છે એની વાતો પણ નીકળી.

આ બધી વાતો સાંભળીને છેલ્લે સાર કહેતાં સ્વામીશ્રી કહે : 'જેટલા જીવે છે એ કોઈ મરે જ નહિ, તો તો પૃથ્વી ઉપર પગ મૂકવાનું રહે જ નહિ. એટલે જ ભગવાને આ ગોઠવણ કરી છે. *જન્મ્યા ત્યાંથી જરૂર જાણો...* વહેલું-મોડું મૃત્યુ તો આવે જ છે. એ ભગવાનનો ક્રમ છે.'

•

આજે સાંજે વિદાય લેવાની હતી. વિમાન દ્વારા જામનગર થઈને સ્વામીશ્રી ભાદરા પધારવાના હતા. ૪:૩૦ વાગ્યાનો નીકળવાનો સમય હતો, પરંતુ હરિભક્તોની ભક્તિભાવના એવી કે છેલ્લી ક્ષણોએ

પણ સ્વામીશ્રીનાં સૌથી નજીક દર્શન થાય અને એટલા માટે જ અસહ્ય ગરમીમાં ૩ઃ૦૦ વાગ્યાથી તો મંદિરનું પરિસર ઊભરાવા લાગ્યું હતું. અમદાવાદમાં અત્યારે ૪૪° ડિગ્રી (સે.) ગરમી વરસી રહી હતી. ફરસ ઉપર પાપડ મૂકો તો શેકાઈ જાય એવી ભયંકર ગરમીમાં ૩ઃ૦૦ વાગ્યાથી સ્વામીશ્રીના પસાર થવાનાં દર્શન કરવા માટે ઊમટવું એ અસાધારણ બાબત છે.

સ્વામીશ્રી જ્યારે ૪ઃ૧૫ વાગે દર્શન કરવા માટે બહાર પધાર્યા ત્યારે આકાશમાંથી અંગારા વરસી રહ્યા હતા. સ્વામીશ્રી માટે પણ આ અનુભવ આ અવસ્થામાં નવીન જ કહેવાય, કારણ કે આવા સમયે મોટે ભાગે સ્વામીશ્રીને નીકળવાનું હોતું નથી. વળી, આ ઉંમરે આવી ગરમીમાં નીકળવું એ પણ મોટો ભીડો જ કહેવાય. સૌને દર્શનદાન દેતાં દેતાં સ્વામીશ્રી જ્યારે મંદિરના ચોકમાં પધાર્યા ત્યારે ગરમીમાં ઊભેલા હરિભક્તોને જોઈને સ્વામીશ્રીએ લટકું કર્યું. અગાશીમાં પણ કોઈપણ ઓથ વગર હરિભક્તો દર્શન માટે બેઠા હતા. એ જોઈને પણ સ્વામીશ્રીએ આશ્ચર્યભાવ દેખાડ્યો. ઠાકોરજીનાં દર્શન કરીને સૌ પર કૃપાદૃષ્ટિ કરતાં કરતાં સ્વામીશ્રી ગાડીમાં વિરાજ્યા.

અસહ્ય ગરમીમાં પણ સ્વામીશ્રીના દિવ્ય આકર્ષણનો અને હરિભક્તોના દિવ્ય પ્રેમનો સહિયારો અનુભવ માણવા મળ્યો.

•

તા. ૧૪-૫-૨૦૧૦, ગુણાતીતનગર (ભાદરા)

સ્વામીશ્રી જામનગરથી ગુણાતીતનગર-ભાદરા પધાર્યા. અહીં સ્વામીશ્રીની પ્રેરણા, આજ્ઞા અને તેઓના આશીર્વાદથી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના જન્મ-સ્થાન ઉપર નકશીદાર સુંદર મંદિર બન્યું હતું. આ મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે જ સ્વામીશ્રી અહીં પધાર્યા હતા.

રાત્રે ભોજન અંગીકાર કરતી વખતે ૧૯૬૯માં યોગીજી મહારાજના હસ્તે થયેલા મંદિરની પ્રતિષ્ઠાનાં સંસ્મરણો જૂના સંતો વાગોળી રહ્યા હતા. કોઈકે કહ્યું કે 'પ્રતિષ્ઠાના દિવસે ધજાની સેવા આણંદના રાવજીભાઈ દૂધવાળાએ કરી હતી.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ કોઠારી ધર્મકુંવર સ્વામીને પૂછ્યું : 'શંભુ(આણંદ)એ પણ નવા મંદિરમાં સેવા કરી છે, તો એને બોલાવ્યો છે ને ?'

હકારમાં ઉત્તર સાંભળીને સ્વામીશ્રીને સંતોષ થયો.

•

તા. ૧૫-૫-૨૦૧૦, ગુણાતીતનગર (ભાદરા)

આજે જુદા જુદા સમયે ભગવાન સ્વામિનારાયણ પ્રત્યેની સ્વામીશ્રીની શ્રદ્ધાનાં સૌને દર્શન થયાં, એનું મૂળ કારણ હતું વૈશાખી વાયરા. પ્રતિષ્ઠાના દિવસો જેમ જેમ નજીક આવતા જતા હતા, તેમ તેમ ઉત્સવના વ્યવસ્થાપક સંતોની મૂંઝવણમાં વધારો થતો જતો હતો, કારણ કે વૈશાખના વાયરા કોઈપણ પ્રકારના મંડપને ઉખેડી નાખતા હતા. મંડપના ગાળા ફાટી જતા હતા. લીરેલીરા ઊડી જાય એવો સખત પવન ફૂંકાતો હતો.

સ્વામીશ્રી પાસે જ્યારે જ્યારે આ બાબતની વિનંતી કરવા માટે વ્યવસ્થાપક સંતો આવ્યા ત્યારે સ્વામીશ્રીનો ઉત્તર એક જ હતો : 'મહારાજને પ્રાર્થના કરીશું.' અન્ય એક વખત સ્વામીશ્રીને પ્રાર્થના કરવામાં આવી કે 'પવન એટલો બધો છે કે પ્લાસ્ટિકની જાળીવાળા મંડપ કર્યા અને લોખંડની પાઈપો કરી, તો એ પાઈપોને પણ ઉખાડીને ફેંકી દે છે, માટે કંઈક દયા કરો.' ત્યારે પણ સ્વામીશ્રીએ કહ્યું : 'મહારાજ દયા કરશે, સારું કરશે.' અને આ નિમિત્તને લઈને સ્વામીશ્રીએ કહ્યું : 'એક મંડળને ઠાકોરજી સમક્ષ ધૂન કરવા બેસાડજો. જૂનું મંદિર છે ત્યાં સૌ બેસે એમ કરજો.'

આટલું કહીને મિટિંગમાં વ્યસ્ત સ્વામીશ્રી પોતે પણ કહે : 'અત્યારે પણ ધૂન તો કરો.' એમ કહીને પોતે ધૂન કરવા લાગ્યા અને સંતોને પણ ધૂનમાં જોડ્યા. છેલ્લે 'જય' બોલાવતાં સ્વામીશ્રી કહે : ''સબ સંતનકી જય... યોગીબાપા કહેતા – 'બહુ તાતણ બળિયું.' એમ મહારાજ દયા કરશે.''

•

તા. ૧૬-૫-૨૦૧૦, ગુણાતીતનગર (ભાદરા)

મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીમાં જુદા જુદા વિભાગો કાર્યરત હતા. સ્વામીશ્રી પણ આ વિભાગોના કાર્યની રજેરજની માહિતીથી વાકેફ રહેતા હતા.

આજે ભોજન દરમ્યાન પાણી તથા ઇલેક્ટ્રિક વિભાગના આયોજનની માહિતી સ્વામીશ્રી લઈ રહ્યા હતા. પાણી-વિતરણ વ્યવસ્થાની વાત વર્ણીરાજ સ્વામીએ કરી અને ઇલેક્ટ્રિક વિભાગની વાત યતિરાજ

સ્વામી તથા પરમવત્સલ સ્વામીએ કરી.

છેલ્લે આ સંતો કહે : 'પાણી તથા ઈલેક્ટ્રિક વિભાગ હંમેશાં ભેગા જ કામ કરીએ છીએ, જેથી કોઈ મતભેદ ન થાય.'

સ્વામીશ્રી કહે : 'એ જ સારું છે. અભિપ્રાયો જુદા પડે અને મત જુદો પડે, પણ જે કંઈ થાય એ સમજીને બાંધછોડ કરીને એકમત થઈ જાય.'

•

સાંજે પરવાર્યા પછી સ્વામીશ્રી ધર્મચરણ સ્વામીને કહે : 'રાજકોટ ફોન જોડો, યોગીસ્વરૂપ સ્વામીનું કામ છે.' ધર્મચરણ સ્વામી યોગીસ્વરૂપ સ્વામીને ફોન જોડતા હતા, પણ તેઓ મળ્યા નહીં, એટલે સ્વામીશ્રી કહે : 'ધર્મકુંવર સ્વામીને બોલાવો.' તેઓ આવ્યા એટલે સ્વામીશ્રી કહે : 'રાજકોટના ચુનીભાઈ ચાતુર્વેદી છે, એમની ઉંમર થઈ ગઈ છે. જૂના હરિભક્ત છે, એટલે મારી ઈચ્છા છે કે સમૈયા માટે અહીં બોલાવવા, સમૈયાનો લાભ લે. તમે મોટરની વ્યવસ્થા કરી દેજો અને અહીં મંદિરમાં જ ઉતારાની વ્યવસ્થા કરી દેજો.'

ધર્મકુંવર સ્વામી કહે : 'લેવા માટે ગાડી મોકલી દઉં છું અને ઉતારાની પણ વ્યવસ્થા થઈ જશે.'

સ્વામીશ્રી કહે : 'હમણાં યોગીસ્વરૂપ સ્વામીને ફોન કરીએ છીએ, પછી તમને વાત કરીએ.'

થોડી વારમાં યોગીસ્વરૂપ સ્વામીનો ફોન આવ્યો.

સ્વામીશ્રી કહે : 'તમે ક્યાં સંતાઈ ગયા હતા ?'

'સ્નાન કરવા ગયો હતો.'

હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'તો બરાબર છે. બાથરૂમમાં સંતાયા એટલે ન જ મળે ને !' આટલું કહીને સ્વામીશ્રીએ ચુનીભાઈ ચાતુર્વેદીની વાત કરી. એટલે યોગીસ્વરૂપ સ્વામી કહે : 'હું એમને વાત કરું છું. આપ એમને સંભારો છો, એ સાંભળશે તો રાજી થઈ જશે. ગાડીની વ્યવસ્થા પણ અહીંથી કરી દઈશું.'

થોડી વારમાં યોગીસ્વરૂપ સ્વામીનો ફોન આવ્યો ને વાત કરી કે 'આપે બોલાવ્યા છે, એ સાંભળીને તેઓ રાજીના રેડ થઈ ગયા.'

આ વાતચીત દરમ્યાન નારાયણમુનિ સ્વામી રૂમમાં આવ્યા એટલે સ્વામીશ્રીએ તેઓને પણ ચુનીભાઈની વાત કરી.

નારાયણમુનિ સ્વામી કહે : 'અમે તો એમને કહેવડાવ્યું હતું કે 'તમે સમૈયા પછી આવજો, એટલે ભીડો ન પડે;' પણ આપે બોલાવ્યા છે તો વાંધો નથી.'

સ્વામીશ્રી કહે : 'જૂના માણસ છે, નિષ્ઠાવાળા માણસ છે, તો સમૈયાનો લાભ લે એટલે જ બોલાવ્યા છે. એ આવે તો સેવામાં કોઈ સારો માણસ રાખી દેજો.'

નારાયણમુનિ સ્વામી કહે : 'મુંબઈના જાનીકાકા છે. પહેલાં પણ ચુનીભાઈને એક્સિડન્ટ થયો ત્યારે એમણે સેવા કરી હતી. એમને મૂકી દઈશું.'

સમૈયામાં હજારો હરિભક્તો આવ્યા હતા. સમગ્ર મંદિર-નિર્માણના મુખ્ય યજમાન તરીકે જેમણે ખૂબ આર્થિક સેવા કરી છે એવા ચંદ્રકાંતભાઈ પૂજારા માટે સ્વામીશ્રીએ જેટલી ચિંતા કરી હતી, એટલી જ ચિંતા નિષ્ઠાવાન પણ સામાન્ય હરિભક્ત માટે પણ સ્વામીશ્રીએ કરી. સમૈયાની તૈયારીઓમાં રોજેરોજ અનેક આયોજનોમાં સ્વામીશ્રી વ્યસ્ત હોવા છતાં આ બધાં કાર્યોની વચ્ચે સામાન્ય હરિભક્તને પણ સ્વામીશ્રી ભૂલતા નથી.

•

તા. ૧૭-૫-૨૦૧૦, ગુણાતીતનગર (ભાદરા)

મુલાકાત દરમ્યાન મુંબઈથી ભીમજીભાઈ આવ્યા. મૂળ ભાદરા ગામના ભીમજીભાઈને જોતાં સ્વામીશ્રી કહે : 'આ અને પેલો વાલજી (ધર્મતનય સ્વામી) આ બંને જણા મૂળમાં છે. યોગીજી મહારાજ જ્યારે પ્રતિષ્ઠા કરવા પધાર્યા હતા એ પહેલાં પાઈપલાઈન નાખવાની હતી, ત્યારે આ બંને જણાએ ખૂબ સેવા કરી હતી.'

•

ભોજન પછી સ્વામીશ્રી મિટિંગોમાં વ્યસ્ત રહ્યા. ખાસ કરીને ભાદરા ગુણાતીત-સ્થાનમાં દેશ-વિદેશથી અનેક હરિભક્તો લાભ લેવા આવવાના હતા. પ્રતિષ્ઠામાં મર્યાદિત હરિભક્તોને જ બેસાડી શકાય એવું હતું. એમાં પણ પૂજારા પરિવાર અને ખાસ કરીને દાજીબાપુના પરિવારના સભ્યો તથા ભાદરા ગ્રામ-વાસીઓ વગેરેની વિશેષ ચિંતા સ્વામીશ્રી કરી રહ્યા હતા. પ્રતિષ્ઠાવિધિ દરમ્યાન મંદિરના ઘુમ્મટમાં કોને ક્યાં બેસાડવા એ બધી વ્યવસ્થાની સેવા અંગેની આજ્ઞા સ્વામીશ્રી મને કરે છે. આજે પણ સ્વામીશ્રીએ બોલાવ્યો અને મંદિરના ઘુમ્મટના નકશા સાથે જેને જ્યાં બેસાડવાની વ્યવસ્થા કરી હતી એ વ્યવસ્થા

સ્વામીશ્રીએ વિગતે ઊંડાણપૂર્વક જોઈ. ચંદ્રકાન્તભાઈ પૂજારા, કુમારભાઈ પૂજારા અને તેમનો પરિવાર તથા દાજીબાપુ પરિવારમાંથી નિર્મળસિંહ રાણા અને તેઓના ૨૫ જેટલા પરિવારના સભ્યોની અને અમેરિકા રહેતા ગામના મનસુખભાઈ ભંડેરી તથા ગામના હરિભક્તો તથા આગેવાનોની વ્યવસ્થા સ્વામીશ્રીએ ધ્યાનપૂર્વક જોઈ.

આ વ્યવસ્થાની ચર્ચા પછી સ્વામીશ્રી ધર્મકુંવર સ્વામી, જ્ઞાનપ્રસાદ સ્વામી તથા નારાયણમુનિ સ્વામી સાથે મિટિંગમાં બેઠા. યોગીજી મહારાજના સમયમાં અહીં પ્રથમ વખત એક શિખરના મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા થઈ ત્યારે હૅલિકૉપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટિ થાય એવો સંકલ્પ ઘનશ્યામસિંહ બાપુએ કર્યો હતો. આ વખતે પ્રતિષ્ઠા દરમ્યાન પુષ્પવૃષ્ટિનો સંકલ્પ અમેરિકા રહેતા મૂળ આ ગામના મનસુખ ભંડેરીએ કર્યો હતો. સ્વામીશ્રી રોજ આ બાબતમાં ચર્ચા કરતા હતા. આજે પણ સ્વામીશ્રીએ આ વાત ચર્ચામાં લીધી. મુંબઈથી તીર્થસ્વરૂપ સ્વામી હૅલિકૉપ્ટરની વ્યવસ્થા કરી રહ્યા હતા. પહેલાં તો આ હૅલિકૉપ્ટર ધ્રોળ ઉતારવાની વાત હતી, પરંતુ ધ્રોળને બદલે ભાદરામાં જ હૅલીપેડ બનાવી દેવાની સૂચના સ્વામીશ્રીએ આપી. વળી, હૅલિકૉપ્ટરમાં પુષ્પવૃષ્ટિ દરમ્યાન કોણ બેસશે એ બાબતમાં પણ સ્વામીશ્રીએ ઊંડો રસ લીધો.

સ્વામીશ્રી કહે : 'મનસુખને બેસાડવો.'

એક સંત કહે : 'એની ઇચ્છા નથી.'

સ્વામીશ્રી કહે : 'ના, એને ખાસ બેસાડવો. એના દીકરાને પણ બેસાડવો અને ઘનશ્યામસિંહ બાપુનો સંકલ્પ હતો એટલે એ પરિવારમાંથી શંભુસિંહના દીકરા હિતેન્દ્રસિંહને પણ બેસાડવા. સાથે સાથે વીડિયોવાળો પણ રાખવો.'

વળી, સમૈયા દરમ્યાન ગામના લોકોને જમવાનું આમંત્રણ આપવાની સ્વામીશ્રીએ સૂચના આપી.

સ્વામીશ્રી માનવ-મનના અલૌકિક માલમી છે.

•

તા. ૧૮-૫-૨૦૧૦, ગુણાતીતનગર (ભાદરા)

સ્વામીશ્રીએ ધર્મકુંવર સ્વામી, જ્ઞાનપ્રસાદ સ્વામી અને નારાયણમુનિ સ્વામીને બોલાવ્યા ને હૅલિકૉપ્ટરમાં કોને કોને બેસાડવા છે એ માર્ગદર્શન આપ્યું.

વળી, આજે સાંજે મંદિરના કાર્યમાં સહયોગ આપનાર તમામની સન્માનવિધિ રાખવાની છે, એની પણ ઝીણવટપૂર્વક પૂછપરછ સ્વામીશ્રીએ કરી.

સ્વામીશ્રી કહે : 'કઈ શાલ કોને ઓઢાડવી અને કોણ ઓઢાડશે એ બધું નક્કી કર્યું છે ? લિસ્ટ કર્યું છે ?' જોકે લિસ્ટ કર્યું ન હતું, એટલે સ્વામીશ્રી કહે : 'અક્ષય-મુનિને ને મનીષ અને સંજય વગેરેને મળી લો અને લિસ્ટ તૈયાર કરો ને પાંચ વાગે આવીને મને બતાવી જાવ.'

વળી, ભ્રમણ માટે ઊભા થતાં સ્વામીશ્રી ધર્મચરણ સ્વામીને કહે : 'ચુનીભાઈ ચાતુર્વેદીને યજ્ઞમાં બેસાડ્યા હતા ?'

ધર્મચરણ સ્વામી કહે : 'એમના માટે બધી વ્યવસ્થા થઈ ગઈ છે, પણ બેઠા હતા કે નહીં એ ખબર નથી.'

સ્વામીશ્રી કહે : 'તપાસ કરી લેજો.'

આમ, સમગ્ર ઉત્સવ દરમ્યાન ઝીણામાં ઝીણી બાબતમાંય સ્વામીશ્રીનો ચોકસાઈનો આગ્રહ પ્રત્યેક કાર્ય અને આયોજનને વધુ દીપાવતો રહ્યો.

•

મુંબઈ મંદિરના કોઠારી અભયસ્વરૂપ સ્વામી વાર્તાલાપ દરમ્યાન સ્વામીશ્રીને કહે : 'આપનું નામ પડે એટલે બધું જ કામ થઈ જાય છે.'

સ્વામીશ્રી કહે : 'આપનું નહીં, શ્રીજીમહારાજનું નામ.'

ઇષ્ટદેવ પ્રત્યેની સ્વામીશ્રીની દાસત્વભક્તિ તરવરી ઊઠી.

•

ઇંગ્લૅન્ડમાં ચાલતી યુવક-પ્રવૃત્તિની વાતો કરતાં આનંદપ્રિય સ્વામી કહે : 'આપની પ્રેરણા અનુસાર યુવક મંડળને ગુજરાતી શીખવવાનો કાર્યક્રમ પણ યુ.કે.માં ચાલે છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી કહે : 'વાહ ! ગુજરાતીની પ્રૅક્ટિસ ચાલુ ને ચાલુ જ રહેવી જોઈએ, નહીંતર ભૂલી જાય. કાર્યક્રમ તો રાખ્યો પણ પાછો ભણીને ભૂલી જવાય એમ નહીં. ચાલુ ને ચાલુ રાખીએ તો એમ કરતાં દૃઢતા થઈ જાય. સભામાં થોડું બોલે, પાંચ મિનિટ જેટલું ગુજરાતીમાં બોલે, એવું કરવું.'

દેશ-વિદેશમાં ગુજરાતી ભાષાના પ્રખર પુરસ્કર્તા

સ્વામીશ્રીએ હંમેશાં આવાં આયોજનોને ઉત્સાહથી વધાવ્યાં છે અને બિરદાવ્યાં છે.

•

તા. ૧૯-૫-૨૦૧૦, ભાદરા

ભાદરામાં ત્રિશિખરીય મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠાવિધિને સંપન્ન કરીને સ્વામીશ્રી મંદિરની બહારના પોડિયમમાં પધાર્યા. અક્ષરનિવાસી ઘનશ્યામસિંહ બાપુ અને મનસુખભાઈના સંકલ્પ પ્રમાણે હૅલિકૉપ્ટર દ્વારા પુષ્પ-વૃષ્ટિ થવાની હતી. મુંબઈથી ખાસ હૅલિકૉપ્ટર આવવાનું હતું.

પોડિયમ ઉપર રાહ જોઈને સ્વામીશ્રી બેઠા હતા. જોકે તડકો આકરો હોવાથી મંદિરની પ્રદક્ષિણામાં પાછળના ભાગમાં સ્વામીશ્રીને લઈ જવામાં આવ્યા. થોડી વારમાં સમાચાર આવતાં સ્વામીશ્રી પુનઃ મંદિરના પોડિયમ ઉપર પધાર્યા. થોડી વારમાં જ હૅલિકૉપ્ટર મંદિરના શિખર નજીકથી પસાર થયું. હૅલિકૉપ્ટરની પાંખોને લીધે સર્જાયેલા દબાણને કારણે ધૂળ સખત ઊડતી હતી. એ ધૂળ સ્વામીશ્રીની આંખોમાં ન જાય એ માટે સૌથી પહેલાં તો હાથથી આંખ ઢાંકી દેવામાં આવી, પરંતુ ત્યારપછી તરત જ ચશ્માં પહેરાવી દેવામાં આવ્યાં.

વર્ષો પહેલાં અક્ષરવાસી થયેલા એક સંનિષ્ઠ હરિભક્તનો સંકલ્પ પૂર્ણ થતો જોઈ સ્વામીશ્રીને ખૂબ સંતોષ થયો. એ હરિભક્તની વર્ષો જૂની સેવાઓને સ્વામીશ્રી જાણે આ રીતે બિરદાવતા રહ્યા.

•

પ્રાણપ્રતિષ્ઠાવિધિ સંપન્ન કરીને સ્વામીશ્રી ઉતારે પધાર્યા અને ભોજન અંગીકાર કરવા વિરાજ્યા. એ પહેલાં ડૉ. કિરણભાઈ દોશીએ સ્વામીશ્રીનું બ્લડપ્રેશર માપ્યું. આટલા શ્રમ પછી પણ બ્લડપ્રેશર ૧૦૮ હતું અને પલ્સ ૬૦ હતી. આ જોઈને ડૉક્ટરને આશ્ચર્ય થયું. એટલે સ્વામીશ્રી કહે : 'ગુણાતીત-સ્થાન છે અને ઉત્સવ મોટો થાય એટલે ભગવાન તબિયત સારી જ રાખે ને !'

•

પ્રતિષ્ઠાવિધિ સંપન્ન કર્યા પછી ભોજન અંગીકાર કરીને સ્વામીશ્રી પ્રતિષ્ઠાની સભામાં પધારવાના હતા. ભોજન દરમ્યાન પણ સ્વામીશ્રી હરિભક્તોની ચિંતા જ કરતા રહ્યા. ચાલુ ભોજને ધર્મકુંવર સ્વામીને તથા નારાયણમુનિ સ્વામીને સ્વામીશ્રીએ ખાસ બોલાવ્યા અને પોતાની ઈચ્છા વ્યક્ત કરતાં કહ્યું : 'મંદિરમાં કીમતી શાલ હોય તો પાંચ-દસ લાવી રાખજો. આપણે મંદિરના સૌજન્યદાતા પૂજારા પરિવારના ચંદ્રકાન્તભાઈ, કુમારભાઈ તથા ધ્રુવ તથા દાજીબાપુ - ઘનશ્યામસિંહ બાપુના પરિવારના નિર્મળસિંહ, પ્રવીણસિંહ, રાજેન્દ્ર-સિંહ તથા શંભુસિંહનું સન્માન કરવું છે. સમગ્ર ભોજન દરમ્યાન આ જ વાત અને વિધિ ચાલતાં રહ્યાં. જોકે મંદિરમાં પૂરતી શાલ ઉપલબ્ધ થઈ નહીં, એટલે સ્વામીશ્રી કહે : 'જામનગરથી અથવા રાજકોટથી સભા પૂરી થાય એ દરમ્યાન શાલ આવી શકે ?'

જોકે એ શક્ય નહોતું, એટલે સ્વામીશ્રીએ એ વિધિ આવતીકાલ ઉપર છોડ્યો અને એ દરમ્યાન શાલ મગાવી રાખવાની સૂચના આપી.

•

ભાદરા મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવને સફળતાપૂર્વક સંપન્ન કરવા માટે કુલ ૨૩ વિભાગોમાં ૨,૨૨૫ સ્વયંસેવકો તથા સ્વયંસેવિકાઓ કાર્યરત હતાં, પરંતુ ૧૯૬૯માં યોગીજી મહારાજે જ્યારે અહીં જ મંદિરની પ્રતિષ્ઠા કરી ત્યારે આવું કોઈ સ્વયંસેવકદળ હતું નહીં. દળ ગણો તોય સ્વામીશ્રીની શ્રીજીમહારાજ પ્રત્યેની શ્રદ્ધા અને બળ ગણો તો પણ સ્વામીશ્રીની શ્રીજી-મહારાજ પ્રત્યેની અતૂટ ભક્તિ અને યોગીજી મહારાજ પ્રત્યેની ગુરુભક્તિ હતાં. એ વખતના સ્વામીશ્રીના પરિશ્રમનો અમૂલ્ય દસ્તાવેજ તેઓએ જ લખેલી ડાયરીઓનાં પાને પાને મળતો રહે છે. ઇતિહાસનું આ સુવર્ણ દસ્તાવેજી પૃષ્ઠ છે.


અહીં થોડાંક એ અસલ પાનાંઓ સ્મૃતિ માટે પ્રસ્તુત છે. સ્વામીશ્રીએ સ્વ-હસ્તાક્ષરમાં કરેલી નોંધને યથાવત્ પ્રસ્તુત કરીને તેની નીચે તે જ વિગતો ટાઈપ કરીને પણ મૂકવામાં આવી છે.

પાણીનો વિકટ પ્રશ્ન :

એ વખતે પાણી ક્યાંથી લાવવું એ જ મોટો પ્રશ્ન હતો, પરંતુ યોગીજી મહારાજના આશીર્વાદમાં શ્રદ્ધા રાખીને સ્વામીશ્રી રીતસર ઝઝૂમ્યા. ગામના એકેય પટેલના કૂવામાં મહોત્સવ પૂરો થાય એટલું પાણી ન

હતું. નદીના સામે કિનારે નાથાભાઈ પેઢડિયાનો કૂવો હતો. ત્યાંથી પાણી-વ્યવસ્થાનું નક્કી કરવામાં આવ્યું.


સ્વામીશ્રીએ નોંધ્યું છે :


પાંચમનો ક્ષય   રંગપંચમી   કુંભમાં બુધ

૧૩૮) Satur 8 March 69 તા. ૮-૩-૬૯
ફાગણ વદ ૪ શનિ ભા. તા. ૧૭ ફાલ્ગુન
मा. मिति च. व. ४ शके ९० फा. व. ४ शनि
મેહેર ૧૨ જીલ્હેજ ૧૮ મી જીલ્હેજ ૧૯
ઉ. ૬ ૫૪ ચંદ્ર તુલા અ. ૬-૪૨

તા. ૮-૩-૧૯૬૯, નદીને સામે કિનારે કૂવો કરીને ત્યાંથી પાઇપ લઈને મોટરવર્ક્સ કરવાની વાતચીત થઈ.


તા. ૧૦-૩-૧૯૬૯ના રોજ કૂવો ખોદવાનું શરૂ કર્યાની વિગત સ્વામીશ્રીએ નોંધી છે. સ્વામીશ્રીએ લખ્યું :


વિછુડો   સૂર્ય ૭   અઠ્ઠાઇ શરૂ

૧૪૦) Mon 10 March 69 તા. ૧૦-૩-૬૯
ફાગણ વદ ૭ સોમ ભા. તા. ૧૯ ફાલ્ગુન
मा. मिति च. व. ७ शके ९० फा. व. ७ सोम
મેહેર ૧૪ જીલ્હેજ ૨૦ મી. જીલ્હેજ ૨૧
ઉ. ૬-૫૨ ચંદ્ર વૃશ્ચિક ઘ ૨૫ અ. ૬-૪૪


'આજે નદીના સામે કાંઠે કૂવો ખોદવાનું સવારના નવ પછી ખોદવાનું મુહૂર્ત કર્યું.'

તા. ૧૩-૩-૧૯૬૯ના દિવસે સ્વામીશ્રીએ નોંધ્યું :



Thurs 13 March 69 તા. ૧૩-૩-૬૯(૧૪૩
ફાગણ વદ ૧૦ ગુરૂ ભા. તા ૨૨ ફાલ્ગુન
मा. मिति च व. १० शके ९० फा. व. १० गुरु
મેહેર ૧૭ જીલ્હેજ ૨૩ મી જીલ્હેજ ૨૪
ઉ. ૬-૫૦ ચંદ્ર ધન ઘ. ૨૫ અ. ૬-૪૪

'આજે પાઈપલાઈન નદીથી ધર્મશાળા સુધી ૪,૫૦૦ ફૂટ આશરે ખોદવાનું ઊધડું ખારવાના હરિજનને ફૂટના ૯૫ પૈસાના લેખે આપ્યું. પૂજ્ય ઈશ્વરચરણ સ્વામી તથા દેવચરણ પાઈપ લેવા દાવોલ ગયા.

એ જ રીતે તા. ૧૫-૩-૧૯૬૯ના રોજ સ્વામીશ્રીએ નોંધ્યું છે કે –


પંચક બેસે ઘ. ૩૩   પ્રદોષ

Satur 15 March 69 તા. ૧૫-૩-૬૯ (૧૪૫
ફાગણ વદ ૧૨ શનિ ભા. તા. ૨૪ ફાલ્ગુન
मा. मिति च. व. १२ शके ९० फा. व. १२ शनि
મહેર ૧૯ જીલ્હેજ ૨૫ મી. જીલ્હેજ ૨૬
ઉ. ૬-૪૮ ચંદ્ર મકર ઘ. ૩૩ અ. ૬-૪૫




'આજથી પાઈપલાઈન ખોદાણ શરૂ થયું.'

તા. ૧૭-૩-૧૯૬૯ના દિવસે સ્વામીશ્રીએ પોતાની રોજનીશીમાં નોંધ્યું :

સોમવતી અમાસ **પંચક**

Mon 17 March 69 તા. ૧૭-૩-૬૯ (૧૪૭
ફાગણ વદ ૧૪ સોમ ભા. તા ૨૬ ફાલ્ગુન
मा. मिति च. व. १४ शाके ९० फा. व. १४ सोम
મેહેર ૨૧ જીલ્હેજ ૨૭ મી. જીલ્હેજ ૨૮
ઉ. ૬-૪૬ ચંદ્ર કુંભ ઘડી ૫૭ અ. ૬-૪૬



'શિક્ષાપત્રી પાઠ આરંભ. આજે કૂવાનું ચણતર કામ બપોર પછી ચાલુ કરેલ છે. મજૂર કોઈ ન હતા તે હાથોહાથ ચાલુ કર્યું. પંદર ઘર સાંજે તૈયાર કર્યાં...

સ્વામીશ્રી એકલે હાથે સમગ્ર આયોજન કરતા હતા. વિઘ્ન સિવાય કાંઈ હતું નહીં. પહેલાં તો પાણી શોધવાનું અને ત્યારપછી પાણી લાવવા માટે નદીની રેતીમાં ખોદકામ કરીને પાઇપ નાખવાની. આ બધું કામ કરવા માટે કોઈ મજૂર મળે નહીં, કારણ કે રેતીમાં ખાડો કરે અને રેતી ધસી પડતાં ખાડો પાછો પુરાઈ જાય. એટલે કોઈ મજૂરોની ધીરજ રહેતી ન હતી, પરંતુ એક સ્વામીશ્રી એવા હતા કે જેઓએ ક્યારેય શ્રદ્ધા ગુમાવી ન હતી. આવાં વિઘ્નની વચ્ચે કોઈનીય સહાય વગર કેવળ શ્રીજીમહારાજ અને ગુરુ યોગીજી મહારાજ પ્રત્યેની અટલ શ્રદ્ધાને સાથે રાખીને તેઓએ ગામના યુવકોને શોધ્યા, સૌને તૈયાર કર્યા.

આ ગામના યુવકો પૈકીના આજે હયાત એવા કેટલાક હરિભક્તોના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા. જેમાં માવજીભાઈ નાનજીભાઈ (૭૫ વર્ષ), ભીમજીભાઈ કુરજીભાઈ ભંડેરી (મુંબઈ), દકુભાઈ પ્રેમજીભાઈ (૬૦ વર્ષ), ભીખાભાઈ કડવાભાઈ ભંડેરી (૭૩ વર્ષ), માંડણબાપા (૧૦૦ વર્ષ), ઓધવજીભાઈ કુરજીભાઈ ભંડેરી (૫૨ વર્ષ), પોલાભાઈ હરજીભાઈ (૭૨ વર્ષ), આ ઉપરાંત સ્વામીશ્રીના મુખ્ય સહાયકો પૈકીના વાલજીભાઈ (ધર્મતનય સ્વામી).

આ સૌ હરિભક્તોના ઈન્ટરવ્યૂમાં એક જ સૂર નીકળે છે કે 'એ વખતે ધર્મશાળાની જગ્યામાં એટલા ઊંડા ઊંડા ખાડા હતા કે એ પૂરવામાં પહેલી તો ધીરજ અને વિશ્વાસ જોઈએ, પરંતુ પ્રમુખસ્વામી મહારાજ ક્યારેય થાક્યા નથી. વળી, અમને સૌને એટલા પ્રેમથી રાખે, જમાડે, એવા હેતપૂર્વક નામ દઈને બોલાવે કે ગમે એવો થાક હોય એ પણ ઊતરી જાય અને એમની સેવામાં અમે દોડી દોડીને જતા. પ્રમુખસ્વામીને જોઈને અમને પણ સેવા કરવાની પ્રેરણા મળતી. અડધી રાત્રે અમને ગરમ ગરમ સુખડી અને ગાંઠિયા રોજ પ્રમુખસ્વામી જાતે પીરસવા આવતા. અમારી બધી વ્યવસ્થાઓ તેઓ કરતા પરંતુ પોતાની વ્યવસ્થાની ચિંતા ક્યારેય કરી નથી. અમે પ્રમુખસ્વામીને થાક્યા-પાક્યા આવેલા મોડી રાત્રે રેતીના ઢગલા ઉપર ધર્મશાળામાં સૂતેલા અનેક વખત જોયા છે. દેહની કોઈ પરવા તેઓએ કરી નથી. અમારી ભેગા રેતી ભરેલાં તગારાં

ઉપાડવાની સેવા પણ તેઓ સંકોચ વગર કરતા. ધર્મશાળા વગેરેના નિર્માણ-કાર્યમાં તેઓની આ ભક્તિને પણ અમે જોઈ છે. અમને પ્રમુખસ્વામીને જોઈને જ આનંદ થતો, પ્રેમ થતો અને એમ થતું કે પ્રમુખસ્વામી બોલાવે છે તો આપણે સેવા કરવા જવું જ જોઈએ.'

ભીમજીભાઈ એ સ્મૃતિ વાગોળતાં નોંધે છે કે –

'સ્વામીશ્રી તનતોડ મહેનત કરતા. ધર્મશાળામાં રૂમ તો હતી, પરંતુ લગભગ રૂમની બહાર રેતીના ઢગલા ઉપર જ સ્વામીશ્રી ગાતરિયું પાથરીને સૂઈ જતા. બાજુમાં જ મારી પથારી પણ થતી. સવારે ઊઠીને હરિભક્તો માટેના શૌચાલયમાં સ્વામીશ્રી જતા અને હરિભક્તોની નાહવાની ચોકડીમાં જ સ્વામીશ્રી નહાતા.

ધર્મશાળામાં મોટા મોટા ખાડા હતા. ઉત્સવ નિમિત્તે ત્યાં જ ભોજનશાળા, સભામંડપ, યજ્ઞશાળા કરવાનાં હોવાથી ત્યાં ખાડા પૂરવાના હતા. માટીનાં ટ્રેક્ટર તથા ગાડાં ભરીને માટી લાવીને ખાડા પૂરવામાં આવતા. યોગીજી મહારાજ પણ ત્યાં પધારતા અને ખુરશી નાખીને બેસતા. બધાને બળ આપતા અને સ્વામીશ્રી તો હંમેશાં હાજર જ હોય.

વળી, પાણી મંદિર સુધી લાવવાનું વિકટ કાર્ય સ્વામીશ્રીના કુશળ નેતૃત્વમાં અમે સૌ કરતા. ગામની પશ્ચિમ દિશામાં ઊંડ નદીના સામે કાંઠેથી પાણી લાવવાનું નક્કી થયું હતું. મંદિર સુધી પાઈપ નાખવાની હતી. આ પાઈપ નાખવાનું કામ એક મહિનો ચાલ્યું હતું. દરરોજ સવારે ૮:૦૦ વાગ્યાથી રાતના ૧૨:૦૦ વાગ્યા સુધી કામ ચાલતું અને રાત્રે પાઈપ ફિટિંગનું કામ ચાલતું. પ્રમુખસ્વામી મહારાજ જાતે કામ કરાવવા લાગતા. રાત્રે પોતે જાતે જ નાસ્તો ઉપાડીને લાવતા અને દરેકને પ્રેમથી નાસ્તો પીરસતા. ક્યારેય મુખ ઉપર કંટાળો જોયો નથી કે મોળા શબ્દો સાંભળ્યા નથી. પોતે સેવા કરીને અમને સૌને તેઓ સેવા કરવાનું બળ આપી દેતા.'

સ્વામીશ્રીના અંતેવાસી સેવક દેવચરણ સ્વામી એ વખતની સ્મૃતિ વાગોળતાં કહે છે કે –

'યોગીજી મહારાજ સારંગપુર હતા. પ્રતિષ્ઠાના બે મહિના પહેલાં તેઓને સ્વપ્નું આવ્યું કે 'ભાદરામાં પાણી તો નથી તો શું થશે ?' અને એમણે પ્રમુખસ્વામી મહારાજને આ વાત કરીને પ્રયત્ન કરવા કહ્યું. સાથે સાથે પાઈપલાઈન નાખવા માટેની જરૂરી પાઈપો માટે દાવોલના બેચરભાઈ ડાહ્યાભાઈ પટેલને સારંગપુર બોલાવ્યા. યોગીજી મહારાજે આજ્ઞા કરી કે 'તમે પાઈપની સેવા કરો.' અને એના માટે ઈશ્વરચરણ સ્વામી અને મને પાઈપ લેવા માટે દાવોલ મોકલ્યા. સૌથી પહેલાં પ્રમુખસ્વામી સાથે ઈશ્વરચરણ સ્વામી અને હું ભાદરા અને ત્યારપછી દાવોલ ગયા.'

વળી, તેઓ કહે :

''કૂવો ૪૫ હાથ ઊંડો ગાળવાનો હતો. ૪૫ હાથ ગાળ્યા પછી પોણો ફૂટનું જ પાણી આવ્યું. યોગીજી મહારાજે પધારીને કહ્યું : 'સમૈયો થઈ જશે.' અને એવું જ બન્યું. દેવજી રત્નાએ એ કૂવો ગાળ્યો હતો. તેઓ મૂળ ભાદરાના હતા અને મુંબઈ કન્સ્ટ્રક્શનનું કામ કરતા હતા.

કૂવા અને પાઈપલાઈન માટે ભાદરાના ૪૦ પટેલિયાઓ સેવા માટે આવતા. પ્રમુખસ્વામી મહારાજ રોજ એમના માટે સુખડી અને ગાંઠિયા બનાવડાવે. મારે સુખડી બનાવવાની અને ઘનશ્યામપ્રસાદ સ્વામી ગાંઠિયા બનાવે. સ્વામીશ્રીનો એવો આગ્રહ કે રાત્રે તાજી જ બનાવવાની. એટલે રાતના જ સુખડી બનાવીએ. સેવા કરતા સૌને પ્રેમથી સ્વામીશ્રી પોતે જ જમાડે. ૩:૦૦ વાગ્યા સુધી બધા પટેલિયાઓ સેવા કરે. પ્રમુખસ્વામી મહારાજ પણ સાથે જાગતા હોય અને મોડી રાત્રે ગમે ત્યારે આવીને સૂઈ જાય. ક્યારેક ઘુમ્મટ નીચે સૂતા. તમે બાજુમાં સૂતા હો, તો પણ કોઈને જગાડે નહીં અને ગમે એટલું મોડું થયું હોય તોય સવારે ૬:૦૦ વાગે ઊઠી જ જાય. બપોરે પણ ફક્ત એક કલાક જ સૂવે. મજૂરોની સારસંભાળ અને દેખરેખ જાતે જ રાખે.''

ઘનશ્યામપ્રસાદ સ્વામી ઉમેરે છે કે –

'સવારના મારે રસોઈ કરવાની હોય અને રાત્રે પ્રમુખસ્વામી મહારાજની જોડમાં મારે રહેવાનું હોય. સુખડી, મોતૈયા, ગાંઠિયા વગેરે રોજ હોય. બધાને રાતના નાસ્તો કરાવવાનો. ધર્મશાળામાં નાસ્તો કરાવીએ પછી પાઈપલાઈન માટે જવાનું હોય.'

સ્વામીશ્રીએ આવી અણથક મહેનત કરીને કોઈના પણ બળ વગર કે નિશ્ચિત સ્વયંસેવકદળ વગર પોતાનું કાર્ય જાતે જ કરીને યોગીજી મહારાજનો અપાર રાજીપો મેળવ્યો હતો. એ વખતે એમની પાસે

વ્યવસ્થામાં સરળતા રહે એવા કોઈ ફોન પણ હતા નહિ કે નિશ્ચિત વાહન પણ હતાં નહિ.

ઉતારા વિભાગ :

૧૯૬૯ની સાલમાં અહીં યોગીજી મહારાજના હસ્તે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો એ વખતે ઉતારા માટેની વ્યવસ્થા પણ સ્વામીશ્રીએ એકલે હાથે કરી હતી. સ્વામીશ્રીની સાથે રહેનાર ભીમજીભાઈ સ્મૃતિ વાગોળતાં કહે છે :


'ઉત્સવમાં બધા વિભાગોની જવાબદારી સ્વામીશ્રીના માથે હતી. ઉત્સવોમાં સૌથી અગત્યના કેટલાક વિભાગો પૈકીનો એક વિભાગ છે – ઉતારા વિભાગ. નાના ગામમાં કે જ્યાં વિલાયતી નળિયાં પણ ન હોય, એવા ઓછી સંખ્યાવાળા આ ગામમાં આવનારા હજારો હરિભક્તોને એકલે હાથે ઉતારાની વ્યવસ્થા પૂરી કઈ રીતે પાડી હશે ?'

એની પૂર્વતૈયારી કઈ રીતે કરી હશે ? એ વાત વાગોળતાં તેઓ કહે છે :

''પ્રમુખસ્વામી મહારાજ, પ્રગટ ભગત અને હું ગામમાં પટેલોને ત્યાં ઉતારા માટે રૂબરૂ જતા. પ્રમુખસ્વામી મહારાજ ઘરે ઘરે રૂબરૂ ગયા હતા. ઘરે જઈને પટેલોને પૂછે કે 'તમારી પાસે કેટલી રૂમો છે ?' પટેલો જે કહે એમાંથી સ્વામીશ્રી નક્કી કરે ને કહે : 'સમૈયા દરમ્યાન એક રૂમ જ તમારા માટે રાખો અને બાકીની રૂમ ઉતારા માટે અમને આપો.' પટેલો 'હા' પાડે એટલે મને કહે : 'લિસ્ટ બનાવો.' અને એ જ વખતે રૂમની દીવાલ ઉપર શાહીથી નંબર લખાવી લે અને લિસ્ટમાં પણ એ નંબર લખાવે અને એ જ વખતે નક્કી કરે કે આ હરિભક્તને આ રૂમ આપજે. આવું એક અઠવાડિયા સુધી દરરોજ રાત્રે ઉતારા માટે જવાનું થતું. દરેક પટેલને સ્વામીશ્રી મળ્યા. આમ, કુલ ૨૦૦ જેટલી રૂમો ગામમાં થઈ ગઈ. બાકીના રામજી મંદિરમાં, પંચાયત ઑફિસમાં અને સ્કૂલમાં ઉતારાનું નક્કી કર્યું. આ રીતે દરેક પટેલના ઘરે ખુદ સ્વામીશ્રી બબ્બે વખત ઉતારા માટે ગયા હતા.''

સ્વામીશ્રીએ પણ તેઓની ડાયરીમાં આ સંબંધી કેટલીક નોંધો કરેલી છે.

તા. ૯-૪-૧૯૬૯ના રોજ સ્વામીશ્રીએ લખ્યું છે :


આઠમનો ક્ષય   કાળાષ્ટમી   બુદ્ધાષ્ટમી
Wed 9 April 69 તા. ૯-૪-૬૯ (૧૭૦
ચૈત્ર વદ ૮ બુધ ભા. તા. ૧૯ ચૈત્ર
मा. मिति वै. व. ८ शके ९१ च. ब. ८ बुध
આવાં ૧૪ મહોરમ ૨૧ મી. મહોરમ ૨૨
ઉ. ૬-૨૩ ચંદ્ર ધન ઘ ૪૫ અ. ૬-૫૪

'જોડિયા હંસરાજભાઈ શેઠને ત્યાં બંગલો તેમ જ હુન્નર ઉદ્યોગ તેમજ તાલુકા પ્રાથમિક શાળા, કન્યા-શાળા ઉપરાંત કસ્તૂરચંદભાઈને ત્યાં ગયા અને ઉતારા માટે જોયા.'

એ જ રીતે ઉતારા માટે સ્વામીશ્રી ધ્રોળ ઠાકોર સાહેબને પણ મળ્યા હતા અને તેઓના રેસ્ટ હાઉસમાં હરિભક્તોના ઉતારા માટેની વિનંતી પણ કરી હતી.

પ્રતિષ્ઠા દરમ્યાનની વાત લખતાં તા. ૨૨-૪-૧૯૬૯ના દિવસે સ્વામીશ્રીએ ડાયરીમાં નોંધ્યું હતું કે

'હજારોની સંખ્યામાં માણસો આવેલા. ગોંડલથી તંબુઓ આવેલા તેમાં ઉતારા, ગામમાં ઉતારા, જોડિયામાં ઉતારા, ધ્રોળ ઉતારા હતા.'


સ્વામીશ્રીની વ્યવસ્થાશક્તિને વાગોળતાં ભીમજીભાઈ કહે છે કે –

''ઉત્સવના દિવસો શરૂ થઈ ચૂક્યા હતા. પ્રતિષ્ઠાના આગલા દિવસોમાં યજ્ઞથી માંડીને સભા અને પાણી, ઈલેક્ટ્રિક બધાની જવાબદારી સ્વામીશ્રી પોતે વહન કરી રહ્યા હતા. એ અરસામાં બહારગામથી ધાર્યા

બહાર ઘણા હરિભક્તો આવ્યા હતા. ભાદરા ગામમાં ઉતારા માટે જે રૂમો નક્કી કરી હતી, એમાં બધાનો સમાવેશ થઈ શકે તેમ ન હતો. આ પરિસ્થિતિમાં મોટર દ્વારા જે આવ્યા હોય તેમનો ઉતારો બાજુનાં ગામોમાં, સ્કૂલોમાં અને ધર્મશાળામાં આપવામાં આવ્યો હતો. તેમ છતાં હરિભક્તોનો ધસારો વિશેષ હતો. આવે વખતે અન્ય જવાબદારી વહન કરતાં કરતાં શાંત ચિત્તે સ્વામીશ્રીએ 'હાજર સો હથિયાર'નો ઉપયોગ કર્યો. હરિભક્તોને રાત્રે સભા-મંડપમાં સુવડાવવામાં આવ્યા. પટેલોનાં ફળિયાંમાં અને શેરીઓમાં હરિભક્તોને સુવડાવ્યા. પટેલ લોકોનાં ઘરમાંથી બૂંગણ કઢાવીને શેરીઓમાં અને ફળિયાંમાં પાથરી દેવામાં આવ્યાં. આવી રીતે આખા ગામમાં ફળિયાંઓમાં અને શેરીઓમાં હરિભક્તોએ આરામ કર્યો. સ્વામીશ્રીએ એ રીતે સમૈયો સાચવી લીધો. સૌને રાજી રાખ્યા.''

રસોડા વિભાગ :

ભાદરામાં ૧૯૬૯ના પ્રતિષ્ઠા-મહોત્સવ દરમ્યાન અનાજ ઉઘરાવવાથી માંડીને રસોઈની વ્યવસ્થા કરવાની જવાબદારી પણ સ્વામીશ્રી જાતે નિભાવતા. તા. ૨૬-૩-૧૯૬૯ના દિવસે સ્વામીશ્રીએ નોંધ્યું છે :



'સવારે વાડીમાં ઘઉં જોવા પધાર્યા. પછી મજોઠ ગામે સભા કરી અને ઘઉં-ગોળ-બાજરીનો ખરડો કરીને ડાંગરા થઈને રાજકોટ.'

વળી, ઘનશ્યામપ્રસાદ સ્વામી પોતાનો એક અંગત પ્રસંગ સ્વામીશ્રીની સાધુતા અને માનવીય સંબંધોને જાળવવાની કળાની સ્મૃતિ કરતાં કહે :

'પ્રતિષ્ઠાના દિવસે ૨૦૦ હરિભક્તોની ખીચડી મેં બનાવી હતી. ખીચડી બનાવવામાં તુવેરની દાળ પહેલાં પલાળવી જોઈએ એ મને ખ્યાલ નહીં અને મેં બંને એક સાથે મૂકી દીધાં, એટલે ચોખા પહેલાં ઓગળી ગયા અને દાળ એમ ને એમ રહી. એ અરસામાં પ્રમુખસ્વામી મહારાજ ત્યાંથી પસાર થયા. એમણે આ જોયું પણ કાંઈ જ બોલ્યા નહીં. મને એટલું જ કહ્યું કે બીજી દાળ પલાળી લે. પછી પોતે જાતે ઊભા રહીને ખીચડી કેવી રીતે બનાવવી એ શિખવાડ્યું. પહેલાં તુવેરની દાળ નાખવાની. એ અડધી-પડધી ચડી જાય પછી ચોખા નાખવાના. આ બધું જ ઊભા રહીને શિખવાડ્યું. આટલા હરિભક્તોની ખીચડી બગડી તોય મને ઠપકાનો એક શબ્દ પણ ન કહ્યો અને ધીરજ રાખીને પ્રેમથી મને શીખવ્યું. આ વાત મને ઇદમ્ સાંભરે છે.'

આટલી બધી જવાબદારીઓની વચ્ચે રસોડામાં માણસોની જમાડવાની વ્યવસ્થાથી માંડીને પાણીની વ્યવસ્થાની કાર્યવાહી સ્વામીશ્રીએ જાતે જ કરી હતી.

•

તા. ૨૩-૪-૧૯૬૯ના રોજ યોગીજી મહારાજના હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા થયા પછી સ્વામીશ્રી તરત જ વાઇન્ડ-અપની સેવામાં લાગી ગયા.

તા. ૨૪-૪-૧૯૬૯ની રોજનીશીમાં તેઓ નોંધે છે : 'મંડપ, તંબુ તેમજ વાસણ વગેરે પાછા મોકલવાની વ્યવસ્થા ભઈલુભા બાપુ તથા જામભા તથા બારદાનવાળા શેઠના ટ્રકમાં રવાના.'

ત્યારપછીના દિવસો સ્વામીશ્રી વાઇન્ડ-અપમાં વ્યસ્ત રહ્યા. છેલ્લે તા. ૨૬-૪-૧૯૬૯ની રોજનીશીમાં તેઓ નોંધે છે : 'આજે તમામ વસ્તુ પરત મોકલી દીધી. કોઈપણ વસ્તુ ખૂટી નહીં.'

આટઆટલી વ્યસ્તતાઓ વચ્ચે બહારથી લાવેલાં વાસણો, ગાદલાં, રજાઈથી માંડીને નાની-મોટી વસ્તુઓમાં એક પણ વસ્તુ ખૂટે નહીં, એ જ દર્શાવે છે

કે સ્વામીશ્રીએ કેટલું ઊંડાણપૂર્વક ઝીણવટથી આયોજન કર્યું હશે !! આ સમૈયો સ્વામીશ્રીના કુશળ નેતૃત્વનો પરિચય આપે છે.

તેઓની સાથે સેવામાં સહાયક સ્વયંસેવક તરીકે અખંડ રહેલા ભીમજીભાઈ વાઇન્ડ-અપ અંગે કહે છે કે

''પ્રતિષ્ઠા પૂરી થયા પછી સાંજે યોગીજી મહારાજ ગોંડલ જવા વિદાય થયા ત્યારે પ્રમુખસ્વામી મહારાજ તો ધર્મશાળામાં વાઇન્ડ-અપનું કામ કરાવતા હતા. યોગીજી મહારાજની ગાડી ડિસોટો નીકળી ત્યારે પ્રમુખસ્વામી મને કહે : 'બાપા ગોંડલ જાય છે, તો ચાલ મળી આવીએ.' અમે બાપા પાસે ગયા. બાપાએ ગાડીનો કાચ ઉતારીને આશીર્વાદ આપ્યા અને પ્રમુખસ્વામીને વાઇન્ડ-અપનું કામ કરીને પાંચ દિવસ પછી ગોંડલ આવવાનું કહ્યું. અમે પાંચ દિવસમાં બધું જ વાઇન્ડ-અપનું કામ પૂરું કરીને પ્રમુખસ્વામી સાથે ગોંડલ ગયા.''

•

તા. ૨૦-૫-૨૦૧૦, ગુણાતીતનગર (ભાદરા)

ભોજન પૂરું થયા પછી આ મંદિર-નિર્માણની સેવા કરનાર વિપુલભાઈ સોમપુરાને સ્વામીશ્રીએ ખૂબ આશીર્વાદ આપ્યા.

વિપુલભાઈ કહે : 'પહેલાં તો આપને આ મંદિર કેવું લાગ્યું એ મારે જાણવું છે.'

સ્વામીશ્રી કહે : 'મને એકલાને નહીં, સંતો-હરિભક્તો બધાને ગમ્યું છે.'

•

યજ્ઞેશ્વર સ્વામીનો ફોન આવ્યો. તેઓ કહે : 'આંધ્રમાં દરિયામાંથી વાવાઝોડું આવવાનું છે, તો દરિયામાં જ સમાઈ જાય એવી પ્રાર્થના કરજો.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનને પ્રાર્થના કરીશું કે દરિયામાં ને દરિયામાં જ સમાઈ જાય.'

યજ્ઞેશ્વર સ્વામી કહે : 'આપની તબિયત કેમ છે ? તબિયત સારી રાખજો.'

સ્વામીશ્રી કહે : 'એ તો શ્રીજીમહારાજના હાથમાં છે, બાકી તો નાના-મોટા સૌ વ્રત-ઉપવાસ-પ્રદક્ષિણા કરે છે, એ બધાંને લીધે સારું છે.'

સ્વામીશ્રીએ કરેલી પ્રાર્થના પ્રમાણે જ વાવાઝોડું દરિયામાં સમાઈ ગયું. આંધ્રનાં માધ્યમોએ પણ આ વાતને ચમત્કાર સમી ગણાવી.

•

તા. ૨૨-૫-૨૦૧૦, ગુણાતીતનગર (ભાદરા)

પ્રાતઃ સમયે નિત્યક્રમ મુજબ સ્વામીશ્રી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના જન્મસ્થાનમાં દર્શન કરવા પધાર્યા. અહીં ભાદરાના હરિભક્તોને બેસાડવામાં આવ્યા હતા. સ્વામીશ્રીએ તેઓને કહ્યું : 'આ મોટામાં મોટું જાત્રાસ્થાન થઈ ગયું છે. માટે બધા રોજ દર્શને આવજો. બધાએ તન-મન-ધનથી ખૂબ સેવા કરી છે. ભગવાન તમને સૌને સુખી કરે, સત્સંગ સારામાં સારો થાય. લોકો તો ગંગા-યમુના યાત્રા કરવા જાય પણ તમારે તો ઘરે બેઠાં જાત્રા છે. એટલે તમારે ખાસ રોજ દર્શને આવવું અને ગામમાંથી વ્યસન કાઢવું.'

•

ભાદરા ગામના સેવાભાવી હરિભક્તો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. એ સૌને પણ સ્વામીશ્રીએ ભારપૂર્વક ત્રણ વાત કરી કે 'મંદિર મોટું થયું છે, યાત્રાનું સ્થળ છે, તો રોજ દિવસમાં એક વખતે દર્શને આવી જવું અને આ ગામમાં કોઈ વ્યસન રહેવું જ ન જોઈએ.'

•

સ્વામીશ્રી રૂમમાં પધાર્યા. ઘનશ્યામચરણ સ્વામી રૂમમાં બેઠા હતા. તેઓને જોતાં જ વ્હીલચૅર નજીક લેવડાવીને નીચા નમતા હોય એમ સ્વામીશ્રી કહે : 'તમને પગે લાગું કે માથે ?' આટલું કહેતાં તેઓના માથા ઉપર ત્રણ વખત હાથ મૂકીને પોતાની આંખે અડાડ્યો. સ્વામીશ્રીને સૌનો કેવો મહિમા છે !!!

•

સમય થતાં સ્વામીશ્રી આરામમાં પધાર્યા. પડદા બંધ થયા, લાઇટો બંધ થઈ, પછી સ્વામીશ્રીએ કોઠારી ધર્મકુંવર સ્વામીને બોલાવ્યા અને સામેથી જ વાત કરતાં કહ્યું કે 'ચંદ્રકાન્તભાઈ પૂજારાથી માંડીને જેઓએ મંદિરની સેવા કરી છે એ સૌનો ફોટો મંદિર ઉપર પાડવો છે.' સ્વામીશ્રીએ ઝીણવટથી બધી ચર્ચા કરીને લગભગ વીસેક મિનિટ સુધી હરિભક્તોને યાદ કર્યા અને બોલાવી લેવા સૂચના આપી. એ પ્રમાણે ચંદ્રાકાન્તભાઈ પૂજારા, કુમારભાઈ પૂજારા, ધ્રુવ પૂજારા અને તેઓની સાથે દાજીબાપુ પરિવારમાં ઉપસ્થિત જે કોઈ હોય એ શંભુસિંહ અને હિતેન્દ્રસિંહ તથા

હરીશભાઈ ભૂપતાણી વગેરેને યાદ કરીને બોલાવી લેવા સૂચના આપી ને સાથે સાથે પારાયણ કરાવનાર ગિરધરભાઈ ઘાડિયાને પણ હાજર રાખવા વાત કરી. આ રીતે સૂતાં સૂતાં પણ સ્વામીશ્રીએ સૌની ચિંતા કરી. ફોટો પડાવવાની ક્રિયા નાની છે, પણ સ્વામીશ્રી સૌને યાદ રાખે છે એ વાત કેટલી મોટી છે !!

•

તા. ૨૩-૫-૨૦૧૦, ગુણાતીતનગર (ભાદરા)

રાજ્યના ઊર્જામંત્રી સૌરભભાઈ દલાલનાં માતુશ્રી આજે અક્ષરનિવાસી થયાં હતાં. શાસ્ત્રીજી મહારાજના સંનિષ્ઠ હરિભક્ત નંદુભાઈ મંછારામના પરિવારના સૌરભભાઈ દલાલને આશીર્વાદ આપતાં સ્વામીશ્રી કહે : 'આપનું કુટુંબ તો શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદવાળું હતું. તમારાં માતુશ્રી પોતાનું કાર્ય પૂરું કરીને ધામમાં બેસી ગયાં છે. માટે બળ રાખજો. બધાને આશીર્વાદ છે.'

•

સારંગપુરથી જ્ઞાનેશ્વર સ્વામીનો ફોન આવ્યો. સારંગપુરમાં રહીને વરસોથી જનરેટર ચલાવતા જીવાભાઈ અક્ષરનિવાસી થયા હતા. સ્વામીશ્રીએ ફોનમાં તેઓના એકધારા જીવનની તથા સેવાઓની સ્મૃતિ કરી. શાસ્ત્રીજી મહારાજના સમયમાં જ્યારે સ્વામીશ્રી સારંગપુર મંદિરના કોઠારી હતા ત્યારે જીવાભાઈને અહીં સેવામાં રાખ્યા હતા, ત્યારથી માંડીને આજ સુધી તેઓએ મમત્વપૂર્વક સેવા કરી હતી. આ સેવાની સ્વામીશ્રીએ શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

•

સ્વામીશ્રીએ શંભુભાઈ શાંતિભાઈ પટેલ(આણંદ)ને ફોન જોડ્યો. સ્વામીશ્રી તેઓને કહે : 'તું પ્રતિષ્ઠા માટે અહીં આવ્યો, પણ આપણે મળી શક્યા નહીં. મેં તને જોયો હતો. મનમાં વિચાર રહેતો કે 'મળી લઈશું;' પણ તને એમ થાય કે 'ભીડો પડે,' પણ એવું ન રાખવું, મળી લેવું.'

•

લંડનથી અમૃતનયન સ્વામીનો ફોન આવ્યો. તેઓ કહે : 'તમે લંડનમાં ડંકો માર્યો, દિલ્હીમાં ડંકો માર્યો ને ભાદરામાં પણ માર્યો.'

તેઓ આગળ બોલે એ પહેલાં જ અટકાવીને સ્વામીશ્રી કહે : 'ઊભા રહો, ઊભા રહો, હું કોઈને મારતો નથી.'

અમૃતનયન સ્વામી કહે : 'આ તો ડંકો વગાડવાની વાત છે.'

સ્વામીશ્રી કહે : 'એ તો શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજે ડંકા વગાડ્યા છે, આપણું કામ નહીં.'

અમૃતનયન સ્વામી કહે : 'અમારું પણ આપના નામથી જ ચાલે છે.'

સ્વામીશ્રી કહે : 'કર્તા એક ભગવાન છે. આપણે એ જ નિશ્ચય રાખવાનો છે. સમજણ પાકી રાખવાની છે. આપણા દ્વારા ભગવાન કરાવે છે, પણ આપણે કર્તા નથી.'

•

તા. ૨૪-૫-૨૦૧૦, ગુણાતીતનગર (ભાદરા)

એક જાણીતા હરિભક્ત દર્શને આવ્યા. તેઓ તથા તેઓનાં પત્ની પીએચ.ડી. છે તથા પ્રોફેસર છે. બારમામાં આવેલા તેઓના પુત્રને કઈ લાઇન લેવી એનું માર્ગદર્શન સ્વામીશ્રી પાસે મેળવવા માટે તેઓ આવ્યા હતા. સ્વામીશ્રીને કહે : 'મારી ઇચ્છા છે કે આને ડૉક્ટર બનાવવો છે. ભલે એના માર્ક ઓછા આવે તો ડોનેશનમાં પણ એને હું એડ્‌મિશન અપાવીશ.'

સ્વામીશ્રી કહે : 'એમ નહીં. છોકરાને શું કરવું છે ?' આટલું કહી સ્વામીશ્રીએ એમના દીકરાને પૂછ્યું કે 'તારે શું થવું છે ?'

'મારે તો એન્જિનિયર થવું છે.'

સ્વામીશ્રી કહે : 'તો પછી એને જે રસ અને રુચિ હોય એમાં જવા દો.'

આજના જમાનામાં મા-બાપની અપેક્ષામાં ઊણા ઊતરતા વિદ્યાર્થીઓ જે રીતે અડધેથી અભ્યાસ મૂકી દે છે અથવા કમને અભ્યાસ કરીને જીવતર રોળે છે અને છેવટે આપઘાત પણ કરે છે, એવા કિસ્સા સેંકડોની સંખ્યામાં બને છે. આ પરિસ્થિતિમાં સ્વામીશ્રીનું માર્ગદર્શન વ્યવહારુ અને અત્યંત ઉપયોગી છે.

•

મુંબઈ રહેતા બ્રાહ્મણ હરિભક્ત મનસુખભાઈ જાની દર્શને આવ્યા. ચુનીભાઈ ચાતુર્વેદીની સેવામાં તેઓ રહ્યા હતા. તેઓ પણ વયસ્ક છે, પરંતુ આજે જ્યારે સ્વામીશ્રીનાં દર્શને આવ્યા અને સ્વામીશ્રીને ખબર પડી

કે ચુનીભાઈ ચાતુર્વેદીની સેવામાં તેઓ રહ્યા હતા, એટલે તરત જ સ્વામીશ્રીએ રાજીપાના આશીર્વાદ આપતાં કહ્યું : 'ચુનીભાઈની સેવા કરી છે એ બહુ મોટી વાત છે. ચુનીભાઈએ યોગીજી મહારાજની ખૂબ સેવા કરીને રાજી કર્યા છે. તમને ખૂબ પુણ્ય મળશે.'

આવી વાત કરતાં સ્વામીશ્રીના મુખ ઉપર જે આનંદ દેખાતો હતો એ અવર્ણનીય હતો.

•

એક ધારાસભ્ય તથા તેઓની ટીમના સભ્યો દર્શને આવ્યા હતા. આ સભ્યો પૈકીના એકે સ્વામીશ્રીને કહ્યું : 'ધારાસભ્યને વ્યસન મુકાવો.'

સ્વામીશ્રી તરત જ કહે : 'તમારી સમાજને હજી ખૂબ જરૂર છે, એટલે વ્યસન મૂકો તો વિશેષ સેવા થાય અને આપણે હોદ્દા ઉપર છીએ ત્યારે આપણું સૌથી પહેલું કામ સમાજમાંથી વ્યસન કાઢવાનું છે. સમાજમાંથી વ્યસન જશે તો લોકો સુખી થશે. પણ એ પહેલાં આપણે છોડવું પડે, એટલે તમે પણ મૂકી દો.'

•

ધ્રોળથી આવેલા મહેન્દ્રસિંહ જાડેજાને સ્વામીશ્રી મળ્યા. મહેન્દ્રસિંહનો નાતો બિલાડા સ્ટેટ સાથે છે. દીવાન સાહેબનાં પુત્રી મોહનબાના તેઓ પતિ છે. છેલ્લાં ૪૫ વર્ષથી સંસ્થા સાથે તેઓને ઘરોબો છે. યોગીજી મહારાજ પણ તેઓને ત્યાં ઘણી વાર પધારેલા છે. યોગીજી મહારાજની ખુરશી પણ તેઓએ ઊંચકી છે. વળી, યોગીજી મહારાજે તો એક વખત તેઓને કહ્યું હતું કે 'દાજીબાપુના જમાઈ એટલે અમારા જમાઈ કહેવાય.' આ બધી સ્મૃતિ તેઓએ સ્વામીશ્રી પાસે કરી. જોકે સંજોગોવશાત્ તેઓ સત્સંગમાં આવી શકતા ન હતા, પરંતુ પ્રતિષ્ઠા ઉત્સવે અવારનવાર સ્વામીશ્રીએ તેઓને યાદ કર્યા. યજ્ઞમાં પધારવા માટેનું આમંત્રણ પણ આપ્યું અને એ રીતે હેત કરીને આજે તેઓને બોલાવ્યા. તેઓ આવ્યા. સ્વામીશ્રી તેઓને પ્રેમથી મળ્યા. સામે ખુરશી નખાવીને બેસાડ્યા, હાર પહેરાવ્યો અને તેઓને સ્વામીશ્રી કહે : 'તમે તો હિંદુ સમાજના આગેવાન છો અને ભાદરામાં આ મંદિર થયું છે એ મંદિર પણ હિંદુ ધર્મનું છે. હવે આ મંદિરની રક્ષા કરવાની જવાબદારી તમારી છે.'

સ્વામીશ્રીની આવી આત્મીયતા અને પોતા ઉપર મૂકેલા વિશ્વાસથી તેઓ ગળગળા થઈ ગયા, આંખમાં આંસુ આવી ગયાં. બહાર નીકળ્યા પછી પણ તેઓએ દસ વખત ધર્મકુંવર સ્વામીને આ વાત યાદ કરાવીને કહ્યું કે 'આ મંદિરની જવાબદારી મારી છે.' સ્વામીશ્રીની હેત કરવાની રીત આગવી છે.

સ્વામીશ્રીએ ખાસ તેઓ માટે શાલ મગાવી હતી. તેઓને શાલ ઓઢાડતાં સ્વામીશ્રી કહે : 'યજ્ઞમાં ખાસ યાદ કર્યા હતા, પણ આપ આવી ન શક્યા એટલે આજે ખાસ આપને શાલ ઓઢાડીએ છીએ.'

•

સ્વામીશ્રીએ ફરાળ અંગીકાર કર્યું. ફરાળ પૂરું કર્યા પછી સામે બેઠેલા સંતો પૈકીના અહીં રહીને વરસોથી સેવા કરતા શ્રીજીપ્રિય સ્વામીને સંબોધીને સ્વામીશ્રી કહે : 'ગામમાં દારૂ અને ગુટખા બહુ પેસી ગયા છે. એટલે બધાને નિયમ આપજો અને સમજાવજો કે આ ખોટાં વ્યસન છે. પૈસા વેડફાય છે અને તબિયત બગડે છે. પૈસા હશે તો કામ લાગશે. પૈસા જશે તો શું કરશો ? એટલે ખાસ બધાને વાત કરજો અને મંદિર થયું છે તો દર્શનનો નિયમ આપજો. બધાને બોલાવતા રહેજો અને રોજ ફોલોઅપ કરતા રહેજો.'

•

તા. ૨૬-૫-૨૦૧૦, લીંબડી

ભાદરા મૂર્તિપ્રતિષ્ઠામાં જે પ્રશ્ન હતો એનાથી પણ વધારે મોટો પ્રશ્ન અહીં લીંબડીમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં હતો. વૈશાખનું વાવાઝોડું બધી જ વ્યવસ્થાઓને તહસનહસ કરતું હતું. મંડપના તો લીરેલીરા જ ઊડી જતા હતા. આ બાબત અંગે સ્વામીશ્રીએ ભોજન પછી નારાયણમુનિ સ્વામીને બોલાવ્યા.

સ્વામીશ્રી તેઓને કહે : 'મુનિ ! પવનનું કેમ છે ?'

'હજી એવો ને એવો જ છે.'

સ્વામીશ્રી કહે : 'સ્વામિનારાયણ મહામંત્રની ધૂન ચાલુ કરી દો. સવારે ૭:૦૦ વાગ્યાથી પાંચ-પાંચ વ્યક્તિઓ બેસે અને વારાફરતી સતત બોલવાનું ચાલુ રાખે. વારા પાડી દેજો.'

સ્વામીશ્રીને મન હંમેશાં સફળતાનો આદિ અને અંતિમ ઉપાય ભગવાનને પ્રાર્થના જ છે.

•

તા. ૨૭-૫-૨૦૧૦, લીંબડી

ગઈકાલથી સ્વામીશ્રીએ પવનની સમસ્યા હલ થાય અને સંયમમાં રહે એ માટે અખંડ ધૂનનો પ્રારંભ કરાવ્યો હતો અને એ માટે બે-ત્રણ વખત સૂચનાઓ આપી હતી. આજે પણ નારાયણમુનિ સ્વામી જ્યારે સ્વામીશ્રીને મળવા માટે આવ્યા ત્યારે સ્વામીશ્રીને વાત કરી કે 'ધૂન ચાલુ છે, પરંતુ સાંજે શોભાયાત્રા છે તો શું કરવું ? તે સમયે ધૂન બંધ કરી દઈએ.'

સ્વામીશ્રી કહે : 'ના, પાંચ જણા રોકાય. ધૂન ચાલુ જ રાખજો.'

'સાંજે સંધ્યા આરતી વખતે બંધ કરી દઈએ ?'

'કાલે મંગળા આરતી પછી ચાલુ કરી દેજો અને કાલે પ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાય ત્યાં સુધી ધૂન ચાલુ રખાવજો.'

અને ધૂનયજ્ઞ સતત ચાલુ રહ્યો. પવનની સમસ્યા સમયે આપોઆપ ઉકેલાઈ ગઈ. પ્રતિષ્ઠા ઉત્સવ નિર્વિઘ્ને સર્વોપરિ ઊજવાઈ ગયો. સ્વામીશ્રીની શ્રદ્ધાનો યજ્ઞ હંમેશાં ફળદાયી જ નીવડે છે, એવો સૌને અહેસાસ થયો.

•

તા. ૩૧-૫-૨૦૧૦, લીંબડી

લીંબડીમાં પ્રતિષ્ઠા મહોત્સવ નિર્વિઘ્ને સંપન્ન થઈ ગયો. હજારો હરિભક્તોએ લાભ લીધો. આ મહોત્સવ પછી પણ સ્વામીશ્રી થોડાક દિવસ લીંબડીમાં રોકાયા અને ઝાલાવાડ પંથકના હરિભક્તોને મુલાકાતના સમયે મળ્યા.

આજની મુલાકાત દરમ્યાન પાંદરી ગામના હરિભક્તોને જોઈને સ્વામીશ્રી કહે : 'બીજા બધા ક્યાં છે ? ગામના બધા હરિભક્તોને કાલે લઈ આવો.'

સંતો કહે : 'અહીં તો રોજ હરિભક્તોનો ખૂબ ધસારો અને પડાપડી હોય છે. એટલે બધાને આપની વ્યક્તિગત મુલાકાત કરાવવાનું તો શક્ય ન બને, પણ બે-પાંચ આગેવાનો આવી શકે.'

સ્વામીશ્રી કહે : 'બે-પાંચને તો લઈ આવો. હું બે દહાડાથી યાદ કરું છું કે પાંદરી ગામના હરિભક્તો દેખાતા કેમ નથી ?'

સંતો કહે : 'સમૈયા દરમ્યાન એ બધા સેવામાં હતા. વાઇન્ડ-અપ પૂરું થયું એટલે આજે હવે આવ્યા.'


સ્વામીશ્રી ગામડે ગામડે ઘૂમી વળ્યા છે. એક એક હરિભક્તના હૃદય સાથે એમનો સ્નેહતંતુ આજે પણ એવો જ અડીખમ બંધાયેલો છે.

•

રામજી દાદાનો પરિવાર દર્શને આવ્યો. ત્યારે પણ સ્વામીશ્રી કહે : 'બે-ત્રણ દહાડાથી હું સંભારતો હતો કે આ બધા ક્યાં હશે ? શું કરતા હશે ?'

અતિ વ્યસ્તતા વચ્ચે પણ સ્વામીશ્રીની આ આત્મીયતા સૌને સ્પર્શી જાય છે અને આવી આત્મીયતાના કારણે હરિભક્તોમાં પણ સમર્પણની જ્યોત પ્રગટે છે. હરિભાઈના સુપુત્ર પ્રવીણભાઈની દીકરીનાં પ્રતિષ્ઠાના બીજે જ દિવસે લગ્ન હતાં, છતાં પ્રવીણભાઈ પ્રતિષ્ઠાના દિવસ સુધી મંદિરની સેવામાં જ વ્યસ્ત રહ્યા. રાત્રે ઘરે ગયા પછી વ્યાવહારિક કાર્ય હાથમાં લીધું.

પ્રસંગમ્



જૂન ૨૦૧૦

પ્રસંગમ્

મૂર્તિપ્રતિષ્ઠા

લીંબડી, ૨૮-૫-૨૦૧૦



'આપણી ભારતીય સંસ્કૃતિ આ મંદિરો દ્વારા ટકી છે.
એમાં કોઈ પણ ધર્મનો માણસ દર્શને આવે તો એમાંથી દિવ્યતા મળે, સંસ્કાર મળે છે.
આપણાં શાસ્ત્રો વેદ, ઉપનિષદ, ગીતા, ભાગવત, રામાયણ તેમજ ઋષિ-મહાત્માઓ થયા,
ભગવાનના અવતારો થયા, મહાન આચાર્યો-સંતો થયા, એમના દ્વારા આપણી સંસ્કૃતિ ટકી છે,
હવે એ સંસ્કૃતિને ટકાવવાનું કામ આપણું છે.
ભગવાને મનુષ્યદેહ મોજશોખ કરવા માટે નથી આપ્યો. ગૃહસ્થ છો એટલે સંસાર-વહેવાર કરો,
દેશનું, સમાજનું કાર્ય કરો, પણ એની સાથે મુખ્ય કાર્ય આપણા સંતો-આચાર્યોએ સમજાવ્યું,
એ છે આત્મા ને પરમાત્માનું જ્ઞાન. જ્યાં સુધી આત્મા-પરમાત્માના જ્ઞાનની દૃઢતા ન થાય ત્યાં સુધી મનમાં
અધૂરું લાગે, દુઃખ રહે. આ જ્ઞાન જીવમાં દૃઢ કરવાનું છે. એ જ્ઞાન દૃઢ કરાવવાં આ મંદિરો છે.
ઝાલાવાડમાં આ મંદિર બનાવ્યું છે, તો એનો લાભ લેજો. આ વાત બીજાને કરશો તો બળ મળશે,
સત્સંગ વધશે. નીલકંઠવર્ણીના અભિષેકથી સંકલ્પ પૂર્ણ થશે.'

- પ્રમુખસ્વામી મહારાજ

તા. ૧-૬-૨૦૧૦, લીંબડી

'અભિષેક મંડપમ્'માં આજે અમેરિકામાં આવેલા સેન્ટલૂઈસ શહેરમાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરની મૂર્તિઓ મૂકવામાં આવી હતી. સ્વામીશ્રી આ મૂર્તિઓની પ્રતિષ્ઠા-પૂર્વપૂજન કરવાના હતા. આ નિમિત્તે ડૉ. પ્રણવભાઈ વગેરે હરિભક્તો ખાસ આ પ્રસંગે આવ્યા હતા. વેદોક્તવિધિ કર્યા પછી સ્વામીશ્રીએ વિદાય લીધી, પરંતુ મંદિર ઉપર ચડતાં ચડતાં સંતસ્વરૂપ સ્વામીને સ્વામીશ્રી કહે : 'આ હરિભક્તો આવ્યા છે, તો એ બધાને નાસ્તા-પાણીનું ધ્યાન રાખજો, બપોરે જમવામાં પણ વ્યવસ્થા કરજો અને સૌને રાજી કરજો.'

•

મોજીદડના બટુકસિંહ રાઠોડ નામના એક ગુણભાવી છે. લીંબડી મંદિરની પ્રતિષ્ઠાના સમાચાર સાંભળીને તેઓના મનમાં એમ થયા કરતું હતું કે 'આવી રીતે વિધિ કરવાથી ઓછા કંઈ મૂર્તિમાં ભગવાન બેસી જાય છે ? આ બધા ધતિંગ છે.' આવા નાસ્તિકભાવના વિચારો તેઓના મનમાં ઉદ્ભવતા હતા; પરંતુ કો'ક સાત્ત્વિક ક્ષણે તેઓને વિચાર આવ્યો કે 'ભગવાન નથી જ – એવું કહેવા કરતાં કદાચ હોય તો પરીક્ષા કરીએ.' એમ વિચારીને તેઓએ સંકલ્પ કર્યો કે 'ધંધા માટેનું એક કામ પંદર વર્ષથી અટક્યું છે. જો ખરેખર મૂર્તિમાં ભગવાન બેસતા હોય તો મારું કામ સફળ થાય.' તેઓએ પ્રતિષ્ઠાના દિવસે સવારે આ સંકલ્પ કર્યો અને ચમત્કાર થયો, સાંજે જ તેઓનું કામ પૂરું થઈ ગયું ! પંદર વર્ષથી જે કામ અટક્યું હતું તે કલાકોમાં પૂરું થઈ ગયું. તેઓ પોતે પણ માની શકતા ન હતા. તેઓના મનમાં આશ્ચર્ય હતું, પરંતુ એક વાત તેઓને પાકી થઈ ગઈ કે પ્રમુખસ્વામી જેવા મહાન સંત જ મૂર્તિમાં પ્રાણ પૂરી શકે ને ત્યારે જ મંદિરમાં પ્રભુ અવશ્ય વિરાજે છે. આજે તેઓ ખાસ સ્વામીશ્રીના આશીર્વાદ લેવા આવ્યા હતા.

•

સાંજે સ્વામીશ્રી પત્રવાંચનથી પરવાર્યા કે તરત જ વચનામૃતનું વાંચન કરવા લાગ્યા.

•

તા. ૨-૬-૨૦૧૦, લીંબડી

રોજ સ્વામીશ્રી પાંદરી ગામના હરિભક્તોને સંભારતા હતા. આજે મુલાકાતમાં આ હરિભક્તો દર્શને આવ્યા હતા. ખાસ તો આ ગામના દેવજી ભગતના સુપુત્ર અંબારામભાઈના પુત્રો દર્શને આવ્યા હતા. તેઓને સ્વામીશ્રી પ્રેમથી મળ્યા અને તેઓની સેવાઓને બિરદાવી.

•

તા. ૩-૬-૨૦૧૦, લીંબડી

આજે મુલાકાત દરમ્યાન એક દક્ષિણ ભારતીય મરુગન નામના મુમુક્ષુએ બે હાથ જોડીને સ્વામીશ્રીને કહ્યું : 'ત્રણ ગુણથી મુક્ત થવું છે.'

તેઓની આ વિનંતી સાંભળીને સ્વામીશ્રીના મુખ ઉપર આનંદ વ્યાપી ગયો. સ્વામીશ્રી આ મુમુક્ષુને કહે : 'ગુણાતીત થવાની વાત કરી, બહુ સારું માગ્યું.'

સ્વામીશ્રી આવી આધ્યાત્મિક પિપાસાવાળા મુમુક્ષુ ઉપર રાજી થાય એ સ્વાભાવિક હતું, કારણ કે આ જ તો તેમનું મુખ્ય કાર્ય છે.

•

એક યુવક દર્શને આવ્યો. એણે સ્વામીશ્રીને પત્ર દ્વારા ફરિયાદ કરી હતી કે 'છેલ્લા ઘણા વખતથી હું આપના

વ્યક્તિગત દર્શન માટે ઝંખું છું, પણ તમારે ત્યાં તો મોટા માણસોને કારણ વગર મળવા દેવામાં આવે છે અને અમારા જેવા નાના માણસો રહી જાય છે.'

સ્વામીશ્રીએ એને કહ્યું : 'અમારે એવું કાંઈ છે નહીં. અત્યારે તું બહારથી આવ્યો તો ત્યાં જોઈ આવ કે કેવા કેવા માણસો બેઠા છે ?'

આટલું કહીને સ્વામીશ્રી કાંઈ બોલ્યા નહીં, પરંતુ પાછળથી તે યુવક જ્યારે મને મળ્યો ત્યારે મને કહે : 'મારી બધી ભ્રમણા તૂટી ગઈ. મેં બહાર માર્ક કર્યું તો ગામડાંના અને સાવ સામાન્ય લાગતા હરિભક્તો જ બેઠા હતા.'

•

ભ્રમણ વખતે વચ્ચે જ પુણ્યકીર્તિ સ્વામીનો સારંગપુરથી ફોન આવ્યો. સારંગપુરમાં દશમા ધોરણમાં ભણી રહેલા ૧૬૭ વિદ્યાર્થીઓ પાસ થઈ ગયા છે. ૧૦૦% રિઝલ્ટ આવ્યું છે. એ સમાચાર તેઓએ આપ્યા.

સ્વામીશ્રીએ ફોન હાથમાં લીધો અને તેઓ તથા આજુબાજુમાં બેઠેલા શિક્ષકોને વાત કરતાં કહ્યું : 'શિક્ષકોને ધન્યવાદ છે. તમને પણ ધન્યવાદ છે. સ્કૂલનું સારું પરિણામ છે. આવું ને આવું કાયમ આવે એ આશીર્વાદ છે.....'

સ્વામીશ્રી હજી બોલી રહ્યા હતા, ત્યાં વળી પુણ્યકીર્તિ સ્વામી વચ્ચે કાંઈક બોલવા ગયા, એટલે અટકાવતાં જ સ્વામીશ્રી કહે : 'આ રીતે વચ્ચે નહીં બોલવાનું. તમે જ્યારે બોલતા હતા ત્યારે હું વચ્ચે બોલતો હતો ?' આમ કહીને ખડખડાટ હસી પડ્યા ને વળી આશીર્વાદ આગળ લંબાવતાં કહે : 'સૌની સારી મહેનત છે. શિક્ષકોએ પણ સારી મહેનત કરી છે. શિક્ષકો સારા છે. છોકરાઓએ પણ સારી મહેનત કરી છે અને કરે છે. વળી, સારામાં સારું એ છે કે ટ્યૂશન વગર કામ કરો છો. એટલે તમે બોર્ડમાં પહેલો નંબર જ કહેવાવ. તમને, શિક્ષકોને, વિદ્યાર્થીઓને બધાને બળ મળે એ આશીર્વાદ છે.'

•

તા. ૪-૬-૨૦૧૦, લીંબડી

સ્વામીશ્રી ભ્રમણ કરી રહ્યા હતા. એ દરમ્યાન અમૃતકીર્તન સ્વામીએ હરિકૃષ્ણદાસ કોઠારી રચિત શાસ્ત્રીજી મહારાજની ચેષ્ટાનું ગાન કર્યું. સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની લીલાઓમાં તલ્લીન થઈ ગયા હતા. આ ગાન દરમ્યાન જ ભ્રમણ પૂરું થઈ ગયું હતું. મશીનની સ્વિચ ઑફ થઈ ગઈ હતી. સ્વામીશ્રી થોડાક થોડાક હાંફી રહ્યા હતા અને આ ચેષ્ટાગાન ચાલુ હતું, પરંતુ સેવકોએ કહ્યું કે 'હવે પૂરું કર,' ત્યાં સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'ના, ના, જેટલું બાકી છે એટલું સંભળાવી દે.'

અમૃતકીર્તન સ્વામીએ પદ પૂરું થતાં સુધી આ કીર્તન ગાયું અને પૂરું કર્યું, એટલે સ્વામીશ્રી થોડાક નીચા નમીને એના માથે આખો હાથ મૂકીને કહે : 'વાહ ! શાસ્ત્રીજી મહારાજની લીલા સંભળાવી.'

સ્વામીશ્રી આ વાક્ય બોલી રહ્યા હતા ત્યારે એમના મુખ ઉપર જાણે કે શાસ્ત્રીજી મહારાજને મળ્યા હોય એવો આનંદ જોઈ શકાતો હતો. અવાજ તૂટતો હતો છતાં મશીન ઉપરથી નીચે ઊતરતાં ઊતરતાં સ્વામીશ્રી બોલ્યા : 'વાહ ! હરિકંદા(હરિકૃષ્ણ) ! બધું આવી ગયું.'

•

સાંજે પરવાર્યા પછી પત્રવાંચન કરવા વિરાજ્યા. એક યુવકે ૩૯ પાનાંનો પત્ર મોકલ્યો હતો. સ્વામીશ્રીએ શાંતિથી એ પત્ર વાંચ્યો. એ પત્ર વાંચતાં પોણો કલાક થયો. પત્ર વાંચીને જે તે વિસ્તારમાં ફરતા સંત સાથે ફોનમાં વાત કરી, ત્યારે એમણે કહ્યું : 'બાપા ! આપે આખો કાગળ વાંચ્યો ?'

સ્વામીશ્રી કહે : 'વાંચીએ તો જ ખબર પડે ને !'

સ્વામીશ્રીની આ ધીરજ છે અને સૌ પ્રત્યેનો પ્રેમ છે.

•

વ્યાવહારિક વાતચીતના અંતે એક સંતે સ્વામીશ્રીને કહ્યું : 'આપને કુરાજી કર્યા હોય તો માફ કરજો.'

સ્વામીશ્રી કહે : 'ક્યારે કુરાજી કર્યા ? તારીખ આપો.' આટલું કહીને સ્વામીશ્રી બોલ્યા : 'અમે કુરાજી થયા જ નથી.'

સ્વામીશ્રીની આ ઉદારતા છે.

•

સારંગપુરથી આવેલા પ્રિયવર્ધન સ્વામીએ ગ્રામ્ય વિચરણની વાત કરી. પછી કહે : 'આપે જે દાખડો કર્યો છે એવું તો અમારે કરવાનું થવાનું જ નથી.'

સ્વામીશ્રી કહે : 'આ ડિસ્ટ્રિક્ટમાં દર વરસે ફરવાનું થતું. શાસ્ત્રીજી મહારાજના વખતથી અચારડા નારાયણ ઘરે અમાસનો સમૈયો થતો. સારંગપુરમાં શ્રાદ્ધનો સમૈયો કરીને અહીં આવવાનું અને આ સમૈયો કરીને પછી આગળ વિચરણ કરવાનું.'

•

તા. ૫-૬-૨૦૧૦, લીંબડી

સંસ્થાનાં કાર્યો અંગે એક ટીકાત્મક લેખ વર્તમાન-પત્રમાં આવ્યો હતો. એમાં જે ટીકા કરવામાં આવી હતી, તે તદ્દન વજૂદ વગરની હતી. વર્તમાનપત્રમાં આવેલા આ લેખનું કટિંગ મોકલીને મુંબઈથી રમેશભાઈ દવેએ તેનો વર્તમાનપત્ર માટે ઉત્તર તૈયાર કર્યો હતો, તે પણ સાથે મોકલ્યો હતો. આ ક્લિપિંગને સ્વામીશ્રી સમક્ષ વાંચવામાં આવ્યું અને એ લેખનો રમેશભાઈ દવેએ આપેલો જવાબ પણ સ્વામીશ્રીએ વાંચ્યો, જે હજી વર્તમાનપત્રમાં પ્રગટ થયો ન હતો.

સ્વામીશ્રીએ સહજ રીતે પોતાની રુચિ જણાવતાં કહ્યું કે 'જવાબ એટલો સરસ આપ્યો છે કે સામાવાળાની છાતી બેસી જાય, પણ મને એવું લાગે છે કે આપણે આપણું મંડન કરવાનું હોય તોય કોઈનું ખંડન ન કરવું. લખવું એ બરાબર છે, પણ ખંડન ન કરવું જોઈએ. ખંડન કરવાની જરૂર નથી.'

સ્વામીશ્રીની સાધુતાની આ ફોરમ એ જ એમની આગવી વિશેષતા છે.

•

સવારે સ્વામીશ્રી એક પછી એક મિટિંગોમાં વ્યસ્ત હતા. આમ, મિટિંગોમાં જ ભ્રમણનો સમય થઈ ચૂક્યો હતો. બહાર સુરેન્દ્રનગરથી આવેલા શીલનિધિ સ્વામી બેઠા હતા. તેઓને પણ સ્વામીશ્રીએ મળવા બોલાવ્યા હતા. આ વાતનું ધ્યાન દોરતાં વ્યવસ્થાપક સંતે ધર્મચરણ સ્વામીને કહ્યું : 'બહાર સંતો બેઠા છે, પણ વૉકિંગનો સમય થઈ ગયો છે એટલે હવે ટાઇમ નથી.'

ધર્મચરણ સ્વામી કહે : 'કાલે મળશે.'

આ સાંભળી ગયેલા સ્વામીશ્રી તરત જ કહે : 'કોણ છે ? બોલાવો.'

વ્યવસ્થાપક સંત કહે : 'મોડું થશે.'

સ્વામીશ્રી કહે : 'કાંઈ વાંધો નહીં. બોલાવી લો.'

આમ તો સ્વામીશ્રી વૉકિંગ માટે ઊભા થઈ ગયા હતા. પછી સ્વામીશ્રીએ શીલનિધિ સ્વામીને મળી લીધું. સુરેન્દ્રનગર ગ્રામ્યમાં આવેલા ખોડુની જમીન વેચવા બાબતે તેઓને પૂછવું હતું. સ્વામીશ્રીએ તેઓની વાત સાંભળી લીધી અને એક જ મિનિટમાં નિર્ણય આપી દીધો. તેઓનું કાર્ય પૂરું થયું.

સ્વામીશ્રીનું આ ફક્ત ટાઇમ મૅનેજમેન્ટ નથી, આની સાથે સાથે કેટકેટલી વાત સંકળાયેલી છે ! એક તો બે કલાકથી બહાર બેઠેલા એક સંતની મનોભૂમિકાને સમજીને સ્વામીશ્રીએ તેઓના મનને સાચવી લીધું. સાથે સાથે બીજે દિવસે આવવાનો તેઓને વિશેષ ઉપક્રમ કરવો પડે, એ રીતે ટ્રાન્સપોર્ટેશન અને તેઓના સમયને પણ સ્વામીશ્રીએ બચાવી લીધો. સાથે સાથે જે સંદિગ્ધ વાત હતી એને સ્પષ્ટ કરી આપી. એક જ મિનિટમાં સ્વામીશ્રી કેટકેટલાં સંયોજનો રચી દે છે ! આ તેઓની માનવીય સંબંધની અને નેતૃત્વની વિશેષતા છે.

•

તા. ૭-૬-૨૦૧૦, લીંબડી

આજે લીંબડીના મંદિરના પરિસરને અડીને લેવાયેલી નવી જમીન પર દૃષ્ટિ કરવા નીકળેલા સ્વામીશ્રીની એક નાની એવી શોભાયાત્રા યોજાઈ ગઈ. નગરના રસ્તા ઉપર થઈને સ્વામીશ્રી શોભાયાત્રા રૂપે મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર આગળ પધાર્યા. આજે આવેલા તમામ નાના-મોટા મુમુક્ષુઓને સ્વામીશ્રીનાં આ વિશિષ્ટ દર્શનની સ્મૃતિ મળી. મંદિર-પરિસરમાં પણ નગરયાત્રા રૂપે ઠેઠ ઉતારા સુધી સ્વામીશ્રી પધાર્યા. અહીં તો સ્વામીશ્રીના રથની ચારે બાજુ ભીડ મચી હતી, પરંતુ આ ભીડની વચ્ચે પણ રાજકોટથી આવેલા એક મુમુક્ષુની ભીડ સ્વામીશ્રીએ ભાંગી.

આ મુમુક્ષુનો ચહેરો રડમસ હતો. તેઓના પુત્ર અને પુત્રવધૂએ રાત્રે કાંઈક ઝઘડો થતાં એકે ગળે ફાંસો બાંધ્યો ને બીજાએ ગોળીઓ લઈ લીધી હતી. જોકે તાત્કાલિક ખબર પડી જતાં પિતાશ્રીએ અસરકારક પગલાં લેતાં બંને જણા બચી જવા પામ્યા હતા, પરંતુ આવાં દુઃખને માથે લઈને રાતોરાત મુસાફરી કરીને આ હરિભક્ત અહીં સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

જોગાનુજોગ આજે છેલ્લો દિવસ હતો અને મુલાકાતો રદ હતી, પરંતુ સ્વામીશ્રીએ એવો એક પ્રસંગ ઊભો કર્યો કે આ હરિભક્તની ભીડ ભાંગી ગઈ. ઉતારા

આગળ રથમાં બેઠેલા સ્વામીશ્રીને જ્યારે મેં આ સઘળી હકીકતથી વાકેફ કર્યા ત્યારે સ્વામીશ્રી જાતે તેઓની તરફ બેઠાં બેઠાં જ વાંકા વળ્યા અને પેલા દીકરાને બળ આપતાં કહ્યું કે 'ગમે એવી પરિસ્થિતિ આવે, પરંતુ આવું પગલું લેવું નહીં. મહારાજે રક્ષા કરી છે તો હવે નવું જીવન માનીને જીવનમાં આગળ વધજે અને સમાધાન કરતાં શીખજે.' એમ કહીને સ્વામીશ્રીએ હાથ લંબાવ્યો અને પેલા યુવકે પણ સ્વામીશ્રી સાથે હાથ મેળવ્યો. સ્વામીશ્રીએ જાણે કે જીવન જીવવાની પ્રતિષ્ઠાનો વિધિ કર્યો.

•

ઠાકોરજીનાં દર્શન કર્યા પછી સંતસ્વરૂપ સ્વામીએ હાર પહેરાવીને સ્વામીશ્રીને સન્માન્યા. ઘુમ્મટમાં લીંબડીમાં સ્થાનિક સંતો, સારંગપુરમાં ભણી રહેલા સંતો અને વાઈન્ડ-અપ માટે રોકાયેલા તમામ સંતો એક મોટો હાર લઈને બેઠા હતા. સ્વામીશ્રીએ એ હાર અંગીકાર કર્યો અને રાજીપાના આશીર્વાદ આપતાં કહ્યું : 'આ વખતે બધાએ બહુ સારી સેવા કરી છે. સમૈયામાં ટાઢ-તડકો અને પવન જોયા વગર બધાએ સેવા કરી છે. સૌને ભીડો પડ્યો, પણ સ્મૃતિ સારી મળી. સાધુ થયા એટલે આવા સંજોગો તો આવે, પણ મૂંઝાવું નહીં. મહારાજનું બળ રાખવું એટલે પાર પડી જવાય.'

•

લિફ્ટ દ્વારા સ્વામીશ્રી નીચે ઊતરી રહ્યા હતા. રોજ આ સ્પોટ ઉપર નાના બાળકો સ્વામીની વાતો બોલીને કે અન્ય રજૂઆતો કરીને સ્વામીશ્રીની સ્મૃતિ મેળવતા હતા. આજે કેટલાક બાળકો કહે : 'બાપા ! આપને તો દુનિયામાં ઘણા ભક્તો રાહ જોતા હોય એટલે જવું પડે. આપ પધારો, પણ અમને મનમાં એમ થાય છે કે હવે અમારી કાલીઘેલી ભાષામાં બોલાતી વાતો કોણ સાંભળશે ?'

લિફ્ટ દ્વારા નીચે ઊતરી રહેલા સ્વામીશ્રી આ સાંભળતાં જ કહે : 'ઠાકોરજી બેઠા છે. એમની આગળ રોજ વાતો બોલજો અને મા-બાપ આગળ પણ વાતો બોલજો.'

•

તા. ૯-૬-૨૦૧૦, દિલ્હી

ભોજન પછી પત્રવાંચન દરમ્યાન એક ૮૬ વર્ષના હરિભક્તનો ફોન આવ્યો. કેન્સરને લીધે તેઓ અત્યંત દુઃખી હતા. સ્વામીશ્રીએ તેઓનો ફોન લીધો. સામેના હરિભક્તે પોતાની નોનસ્ટોપ રજૂઆતો કરી. વારંવાર તેઓ કહેતા હતા કે 'મને દુઃખ ન પડે અને હવે ધામમાં લઈ જાવ, મારે બીજું કાંઈ જોઈતું નથી.'

એકધારું આમ ને આમ બોલ બોલ કરતા હતા, સ્વામીશ્રીને બોલવા જ દેતા ન હતા. સ્વામીશ્રી બોલવા જાય અને પેલા બોલ બોલ કરે. એટલે બાજુમાં બેઠેલા ધર્મચરણ સ્વામીએ ફોન હાથમાં લઈને કહ્યું : 'હવે તમે બોલતા નહીં, સ્વામીબાપા તમને આશીર્વાદ આપે છે એ સાંભળો.'

સ્વામીશ્રીએ આશીર્વાદની શરૂઆત તો કરી, પણ ત્યાં પેલા હરિભક્ત ફરીથી બોલ બોલ કરવા લાગ્યા. એટલે સ્વામીશ્રીએ પણ 'આશીર્વાદ છે' એમ કહીને પૂરું કરી દીધું.

•

તા. ૧૦-૬-૨૦૧૦, દિલ્હી

ભારતની ડૉક્ટરોની એથિક્સ કમિટીના ચૅરમૅન અને સરકારે નીમેલી નવી મેડિકલ કાઉન્સિલના સભ્ય ડૉ. રોય ચૌધરી દર્શને આવ્યા. તેઓને સ્વામીશ્રી પ્રત્યે અપાર આદર છે અને સ્વામીશ્રી જ્યારે જ્યારે દિલ્હી પધારે છે ત્યારે તેઓ ખાસ આશીર્વાદ લેવા પધારે છે. આ વખતે પણ તેઓએ ખાસ કહી રાખ્યું હતું કે 'વડાપ્રધાને ભારતની મેડિકલ કૉલેજો અને અન્ય સંસ્થાઓના નિયમન માટેની જે નવી જવાબદારી સોંપી છે, એ સારી રીતે અદા કરી શકું એ માટે સ્વામીશ્રી પધારે ત્યારે મને ખાસ બોલાવજો, મારે આશીર્વાદ લેવા છે.'

સ્વામીશ્રી તેઓના પ્રામાણિક અભિગમથી રાજી થયા અને કહ્યું : 'अब तंत्र अच्छा हो जायेगा। आशीर्वाद हैं कि कइ लोग सुखी होंगे। आपकी तबियत भी अच्छी रहे।'

•

તા. ૧૧-૬-૨૦૧૦, દિલ્હી

વિશ્વભરમાં યોગનો ફેલાવો કરનાર બાબા રામદેવજી મહારાજ આજે સ્વામીશ્રીને મળવા માટે આવ્યા હતા. તેઓને સ્વામીશ્રી પ્રત્યે અત્યંત આદર, માન અને પૂજ્યભાવ છે. એટલે જ જ્યારે જ્યારે તક મળે છે ત્યારે ખાસ તેઓ સ્વામીશ્રીને મળવા પધારે છે.

આજે પણ લગભગ પોણો કલાક સુધી તેઓ સ્વામીશ્રીની સંનિધિમાં બેઠા. વાતચીત દરમ્યાન સ્વામીશ્રી તથા સંસ્થાનાં કાર્ય પ્રત્યેનો અહોભાવ વારે વારે છલકાતો જોઈ શકાતો હતો. અત્યારે પણ એક વાત કરતાં તેઓ કહે : 'આપે સ્થાપેલી મર્યાદા અને આપે જે ચારિત્ર્યનું નિર્માણ કર્યું એનું મને સૌથી ગર્વ છે, કારણ કે આપના આશીર્વાદથી આખો સંતસમુદાય નિષ્કલંક જીવન જીવી શકે છે. દુનિયામાં આ વાતનું એક ગૌરવ છે. આપે એક જબરજસ્ત આદર્શ ઊભો કર્યો છે. જે આઈડિયોલોજી આપે ઊભી કરી છે એને લીધે અમને બધાને ગૌરવ થાય છે, નહીં તો આજે અમારે કોઈને આદર્શ તરીકે બતાવવા હોય તો કોને બતાવીએ ?'

સ્વામીશ્રી તરત જ કહે : 'भगवान स्वामिनारायण ने ये सब आदर्श खड़ा किया है।'

'लेकिन इस मर्यादा को आपने जीवित रखा है वो भी बड़ा काम है न!' રામદેવજી મહારાજે કહ્યું.

છેલ્લે વળી વિદાય લેતાં તેઓ કહે : 'આપના આશીર્વાદનું સુરક્ષાકવચ છે, એટલે મને કોઈ વાંધો નહીં આવે.'

•

ધૂળિયાથી એક વિદ્યાર્થીનો ફેક્સ આવ્યો હતો. એમાં તેણે લખ્યું હતું કે ''ભારતના રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલ ધૂળિયા આવ્યાં હતાં. ધૂળિયામાં અમને તેઓએ મુલાકાત આપી હતી. અમે તેઓને 'દિલ્હી આવેલા સ્વામિનારાયણ અક્ષરધામની સંસ્થાના સેવકો છીએ,' એમ વાત કરીને કહ્યું કે 'અહીં પણ એ જ સંસ્થાનું વિશાળતમ આધુનિક શૈક્ષણિક સંકુલ છે.' જોકે તેઓને સમય હતો નહીં એટલે આવી ન શક્યાં, પરંતુ દિલ્હી અક્ષરધામ અને છાત્રાલયની વાતો સાંભળીને તેઓ ખૂબ રાજી થયાં.'' આ પ્રકારનું લખાણ તેઓએ ફેક્સમાં લખ્યું હતું.

ફેક્સ વાંચીને રાજી થતાં સ્વામીશ્રી કહે : 'અક્ષરધામનું તીર બધે જ ચાલે છે.' આટલું વાક્ય બોલવામાં પણ સ્વામીશ્રીના મુખ ઉપર ખૂબ રાજીપો દેખાતો હતો.

•

તા. ૧૨-૬-૨૦૧૦, દિલ્હી

સ્વામીશ્રી જ્યારે ભ્રમણ માટે ઊભા થઈ રહ્યા હતા ત્યારે રોજની જેમ તેઓનું બી.પી. લેવામાં આવ્યું. આજે બી.પી. ફક્ત ૯૪ આવ્યું. યોગવિવેક સ્વામીએ ડૉક્ટરી ભાષામાં સ્વામીશ્રીને ભ્રમણ દરમ્યાન પૂછ્યું કે 'આટલું બી.પી. ઓછું છે તોય આપ તો ભ્રમણમાં છો ? બહાર તો આટલું ઓછું બી.પી. હોય તો એ દર્દીને પલંગમાંથી ઊભો પણ કરે નહીં, આરામ જ કરાવે, આરામ કરવો જ પડે. એનાથી ઊભું પણ ન થવાય અને વૉકિંગ તો કરાવાય જ નહીં. જ્યારે આપ તો અમારી સાથે વાતો કરતાં કરતાં વૉકિંગ કરો છો.'

આ સંદર્ભમાં જ યોગીચરણ સ્વામી કહે : ''થોડાંક વર્ષો પહેલાં સ્વામીશ્રી નવસારીમાં હતા અને સ્વામીશ્રીએ સુરત હૉસ્પિટલના બાંધકામ સંબંધી મિટિંગ બોલાવી હતી. એ વખતે બી.પી. લેવામાં આવ્યું તો ૫૦-૨૦ હતું. ડૉ. કિરણ પણ સાથે હતા. એમણે બીજી-ત્રીજી વખત માપ્યું અને પરસેવો છૂટી ગયો, કારણ કે કાંઈક થયું તો નવસારીમાં એવી કોઈ મૅડિકલ સગવડ પણ નથી, પરંતુ સ્વામીશ્રી સ્વસ્થ જ હતા. થોડી વારમાં તેઓ કહે : 'સુરત હૉસ્પિટલની મિટિંગવાળા સંતો-હરિભક્તો આવી ગયા હોય તો બોલાવો.' અમે કહ્યું કે 'આ પરિસ્થિતિમાં મિટિંગ તો ક્યાંથી થાય ?' સ્વામીશ્રી કહે : 'બીચારા દૂર દૂરથી બધા આવી ગયા છે ને !' ડૉ. કિરણભાઈ તથા બધાએ વિનંતી કરી કે 'અત્યારે તો આરામ જ કરવો જોઈએ,' પરંતુ સ્વામીશ્રી માન્યા નહીં અને બે કલાક સુધી સતત મિટિંગ કરી. અને ચમત્કાર એ હતો કે એમને કશું જ થતું ન હતું, ન તો પરસેવો વળતો કે ન તો અંધારાં આવતાં, કશું જ નહીં.''

•

તા. ૧૩-૬-૨૦૧૦, દિલ્હી

દિલ્હીની મેટ્રો ટ્રેઈન જગવિખ્યાત છે. આ મેટ્રો પ્રોજેક્ટના સૂત્રધાર સી.ઈ.ઓ. અને સમગ્ર વિશ્વમાં એક આગવું ઉદાહરણ બેસાડનાર શ્રીધરન્ સાહેબ સ્વામીશ્રી પ્રત્યે અત્યંત પ્રેમ-આદર ધરાવે છે. આજે તેઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓને થોડા વખત પહેલા બાયપાસ સર્જરી કરાવવામાં આવી હતી, છતાં તેઓ દંડવત્-પ્રણામ કરીને પગે લાગીને સ્વામીશ્રી સમક્ષ બેઠા.

શ્રીધરન્ સાહેબ કહે : 'બાયપાસ ઑપરેશન પછી

આ રીતે જાહેરમાં પહેલી જ વખત હું બહાર નીકળ્યો છું. દર રવિવારે આમ તો આશ્રમમાં જાઉં છું, પરંતુ એ પણ અત્યાર સુધી બંધ હતું. આજે આપના આશીર્વાદ લીધા પછી હવે બધે જવાનું રાખીશ.'

આત્મસ્વરૂપ સ્વામી કહે : 'મેટ્રોનું કામ ચાલુ હોય અને જે કોઈ નોકરીએ આવે તો સૌથી પહેલાં સાહેબ સૌને ગીતા ભેટ આપે છે અને કર્મચારીઓને નિયમિતરૂપે નૈતિકતાનું પ્રવચન પણ આપે છે.'

સ્વામીશ્રી કહે : 'बहुत अच्छा है। सबको गीता का ज्ञान हो तो सुखी हो जाएँगे और जो कर्मचारी हैं उनमें प्रामाणिकता आयेगी तो काम अच्छी तरह से होगा। शिक्षापत्री और वचनामृत भी महान ग्रंथ हैं। वो भी आप पढ़ना।'

શ્રીધરન્ સાહેબે દિલ્હીની મેટ્રો ટ્રેનના વિવિધ પ્રોજેક્ટના તબક્કાનો ચિતાર સ્વામીશ્રીને આપ્યો અને કહે : 'यहाँ अक्षरधाम स्टेशन पर हररोज १०,००० व्यक्ति उतरते हैं और चढ़ते हैं और रविवार को इससे भी ज्यादा होते हैं।' આટલું કહીને વળી તેઓ કહે : 'पहले तो इस स्टेशन का नाम 'खेलगाँव स्टेशन' रखने का था, लेकिन लोगों की इच्छा थी तो 'अक्षरधाम' नाम रख दिया।'

સ્વામીશ્રી કહે : 'अक्षरधाम का नाम सुनकर भी बुद्धि अच्छी हो जाती है, और यहाँ आने पर तो जीवन भी परिवर्तित होता है।'

શ્રીધરન્ સાહેબે દિલ્હી સિવાય ભારતના અન્ય શહેરોમાં પણ મેટ્રોના પ્રોજેક્ટ થવાના છે એની વાતો કરી. જેમાં અમદાવાદનો પણ ઉલ્લેખ કર્યો. આ સાંભળીને સ્વામીશ્રી કહે : 'अहमदाबाद का जल्दी हो जायेगा ?'

શ્રીધરન્ સાહેબ કહે : 'आपकी इच्छा है तो मैं इनीशियेटीव लूँगा और काम आगे बढ़ाऊँगा।'

અમદાવાદ-ગાંધીનગરનો પ્રોજેક્ટ વહેલો થાય એ માટે તેઓની ઇચ્છાથી સ્વામીશ્રીએ તે જલદી પૂર્ણ થાય તેવા આશીર્વાદ આપ્યા.

•

ભૂમિભ્રમણ કર્યા પછી સ્વામીશ્રી આસન કરવા માટે પલંગ ઉપર સૂતા, ત્યારે ડૉ. નિકુલ કહે : 'આજે હરિયાણાના પી.જી.આઈ.ના ડિરેક્ટર ડૉ. તલવાર દર્શને આવ્યા હતા. તેઓને મેં આપના બી.પી. વિષે વાત કરી કે ઘણી વખત તો આપનું બી.પી. ઝીરો સુધી પણ પહોંચી જાય. તો ઘણી વખત ૨૦ કે ૫૦ કે ૯૦ સુધી જ હોય ! છતાં આપની સ્થિતિમાં કોઈ જ ફરક પડતો નથી. શાંતિથી આપ સૌને હળોમળો છો અને વાતો પણ કરો છો.'

આ સાંભળીને ડૉ. તલવાર કહે : 'जो महापुरुष होते हैं, उनका अपने शरीर पर नियंत्रण होता है। उसका इलाज डॉक्टरों से नहीं होता है, वे स्वयं अपने आप को नियंत्रण में रखते हैं।'

•

અક્ષરધામના નિર્માણમાં ઘણાં વિઘ્નો આવ્યાં હતાં. આ સંદર્ભમાં આનંદપ્રિય સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું : 'વિઘ્ન કેમ આવતાં હશે ?'

સ્વામીશ્રી કહે : 'વિઘ્ન આવે એટલું કામ પાકું થાય અને ફરીથી કોઈ પ્રશ્ન નડે નહીં.'

આટલું કહીને સ્વામીશ્રી થોડી વાર મૌન રહ્યા અને પછી કહે : 'ભગવાન કર્તાહર્તા છે. જ્યારે ત્યારે, જે દી - તે દી, આ વાત સમજે જ છૂટકો છે. જે કામ કરીએ તેમાં વિઘ્ન ન આવે તો પાકું ન થાય. વિઘ્ન આવે તો પાકું થાય. ભગવાનને કર્તા તો માનો છો ને ! બસ, એ જ માનવાનું છે. ન થયું તોય ભગવાનની ઇચ્છા અને થયું તોય ભગવાનની ઇચ્છા. ભગવાનની ઇચ્છા ન હોય તો કરેલું બધું જતું રહે. તે ઘડીએ થાય કે 'ભગવાને આમ કર્યું ને તેમ કર્યું,' પણ ભગવાન એ કરવાના જ ન હોય ! આ વાત દૃઢ રાખવી.'

આનંદપ્રિય સ્વામી કહે : 'ભગવાન અસુર-સંહારક છે, તો આવું વિઘ્ન આવે તો કેમ સાંભળતા નથી ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન બધું જ સાંભળે છે. થવાનું હોય તોય ન થાય અને ન થવાનું હોય તોય થાય. છતાં ભગવાન એક જ કર્તાહર્તા છે એમ માનવું ને એવો વિશ્વાસ રાખવો, એટલે દુઃખ ન થાય અને કકળાટ ન થાય કે મેં મહેનત કરી ને કેમ આમ ન થયું ?'

આનંદપ્રિય સ્વામી કહે : 'આપે તો નક્કી કર્યું જ હશે ને કે અસુરોને મારવા છે.'

સ્વામીશ્રી કહે : 'આપણે તો પ્રાર્થના એ કરવી – પેલા અસુર મરે કે ન મરે, પણ સૌનાં અંતરમાં બેઠા છે એ અસુર નાશ પામે.'

•

તા. ૧૪-૬-૨૦૧૦, દિલ્હી

ભારતની કોકોકોલા કંપનીના સી.ઈ.ઓ. શ્રી કે.કે. દર્શને આવ્યા. ગાંધીનગરમાં સ્વામીશ્રીએ તેઓને માળા આપી હતી. તે માળા તેઓ રોજ ફેરવે છે ને વિશ્વના કોકોકોલા કંપનીના જેટલા હોદ્દેદારો ભારતમાં આવે એ સૌને પહેલાં અક્ષરધામમાં લઈ આવે છે.

આ વાત સાંભળીને સ્વામીશ્રી કહે : 'भगवान के दर्शन करने से बुद्धि अच्छी होती है।'

કે.કે. કહે : 'आपके दर्शन से बहुत बहुत शांति रहती है।'

સ્વામીશ્રી કહે : 'भगवान में श्रद्धा रख के काम करते हो तो भगवान ध्यान रखते हैं और भगवान पे श्रद्धा रखने से अपने पर कोई बोजा नहीं रहता है। मैंने किया, मैंने किया – ऐसा करने से बोजा होता है।'

કે.કે. કહે : 'लेकिन मैं तो आपके पर ही ध्यान रखता हूँ और इससे ही शांति रहती है।' આટલું કહી તેઓએ ઉમેર્યું : 'वैसे तो मुझे सी.ई.ओ. बनने की कोई ख्वाईश नहीं थी। मुझे तो निवृत्ति ले के आपकी संस्था में सेवा में जूटने का इरादा था।'

•

એક યુવકનો પત્ર હતો. અમેરિકાના મંદિરમાં સેવા અર્થે ગયેલા આ યુવકની ૬૩,૦૦૦ રૂપિયા બચત હતી. એની ભાવના હતી કે ન્યૂજર્સી અક્ષરધામ માટે સેવા કરવી. સ્વામીશ્રીએ પત્ર વાંચીને લખાવ્યું કે 'ત્યાં દેહે કરીને સેવા કરી છે એ મોટી સેવા છે, એમાં બધી સેવા આવી જાય છે. તારી ભાવના છે એ મોટી સેવા છે. હાલમાં તું આર્થિક સેવા કરવાનો વિચાર કરતો નહીં.'

•

તા. ૧૫-૬-૨૦૧૦, દિલ્હી

એક મુમુક્ષુ સ્વામીશ્રીને મળવા આવ્યા. તેઓ કહે : 'अब तो मैं निवृत्त हो गया हूँ। अब आगे क्या करने का है ?'

સ્વામીશ્રી કહે : 'भगवान का भजन करना, बन सके इतनी सेवा करना और सत्संग में आते-जाते रहना, तो सुख-शांति रहेगी।'

•

સ્વામીશ્રી ભ્રમણ કરી રહ્યા હતા. એ દરમ્યાન અખંડદર્શન સ્વામીએ 'રઘુવંશ'ના કેટલાક શ્લોકોનો મુખપાઠ રજૂ કર્યો. સંસ્કૃતના સાહિત્ય સંબંધી વાતો નીકળતાં મેં કૌડીન્ય શાસ્ત્રીની ભણાવવાની પદ્ધતિની વાતો કરી. તેઓ એટલું સરસ રીતે ભણાવતા હતા કે સારંગપુરમાં રહેતા એ વખતના બધા જ સંતોને સંસ્કૃત ભણવામાં ખૂબ રસ જાગ્યો હતો. વળી, ભણાવવાની રીત પણ એવી કે ક્લાસમાં જ બધા શ્લોકો યાદ રહી જાય. તેઓ થોડોક જ સમય સારંગપુર રહ્યા હતા.

તેઓની આ વાત નીકળતાં વળી મેં કહ્યું કે 'તેઓના મનમાં એક ઇચ્છા એવી રહેતી કે ગુરુજી ક્લાસમાં પધારે ત્યારે સૌએ દંડવત્ કરવા જોઈએ. વળી, ગુરુની પત્ની મંદિરમાં આવે ત્યારે ગુરુપત્નીનાં દર્શન કરવામાં કોઈ પાપ ન હોય.'

આ વાત સાંભળીને સ્વામીશ્રી તરત જ કહે : 'ગુરુણામ્ ગુરુ(ગુરુઓના પણ ગુરુ) ભગવાન છે અને એ ભગવાને આવું કરવાની ના પાડી છે.'

•

તા. ૧૬-૬-૨૦૧૦, દિલ્હી

આજે ૯૦મો પ્રમુખવરણીદિન હતો. સ્વામીશ્રી મંદિરે દર્શન કરવા માટે પધાર્યા. અહીં શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ સમક્ષ ભાવવિભોર થઈ પ્રાર્થના કરવા લાગ્યા. સંતોએ પૂછ્યું : 'આપે શું પ્રાર્થના કરી ?'

સ્વામીશ્રી કહે : 'બસ, ભણીગણીને સૌ સંતો તૈયાર થાય, સારા સાધુ થાય, સારું ભણે અને અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન આખા વિશ્વમાં ફેલાવે. બધા હરિભક્તોના દેશકાળ સારા થાય અને સૌ વિદ્વાન થાય. દેશમાં શાંતિ થાય, સત્સંગમાં શાંતિ થાય. બધા સંતો ખૂબ તૈયાર થાય.'

આટલું કહીને શાસ્ત્રીજી મહારાજ સમક્ષ નિર્દેશ કરીને સ્વામીશ્રી કહે : 'આપણે તો એ રાજી થાય એ જ કરવાનું છે. એ રાજી થાય એમ કરવાનું છે. એમ એવું જીવન બને એ વિચાર રાખવો. સાધુતા દૃઢ થાય એ વિચાર રાખવો. આપણે કાયમ એમની સામે દૃષ્ટિ રાખવી.'

•

એક ભાવિક મુલાકાતો દરમ્યાન દર્શન કરીને પસાર થઈ રહ્યા હતા. તેઓની સામે જોઈને સ્વામીશ્રીએ તેઓનો હાથ પકડી રાખ્યો અને પૂછ્યું : 'શું નામ છે ?'

'કનુભાઈ.'

'कुछ कहना है ?'

તેઓ કહે : 'हा, मेरा सत्ताबीस साल का बच्चा सी.ए. हुआ था और अचानक चल बसा।' આટલું કહીને તેઓ રડી પડ્યા. સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા અને આશ્વાસન આપ્યું.

મુલાકાત દરમ્યાન જલદી જલદી પસાર થતાં મુલાકાતીઓના મનોભાવોને વાંચીને, એનો હાથ પકડી રાખીને, એને સાંભળવા માટે સમય આપતાં સ્વામીશ્રી સૌને એક આદર્શ વાત્સલ્યપૂર્ણ છત્ર પૂરું પાડે છે.

•

ભોજન પૂરું થયા પછી સ્વામીશ્રીને મળવા માટે ડૉ. શેખાવત સાહેબ પધાર્યા. ભારતના વર્તમાન રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલના તેઓ પતિ છે અને અક્ષરધામમાં બે વખત આવી ગયા છે. સ્વામીશ્રીએ હાર પહેરાવીને તેઓને આશીર્વાદ આપ્યા.

ડૉ. શેખાવત કહે : 'अक्षरधाम तो दिव्य भूमि है। लोग दौडे दौडे यहाँ आते है। भारतीय संस्कृति जैसी संस्कृति कहीं भी नहीं है। मैं तो अनेक देशो में घूमा हूँ, अपने देश में जो सद्भाव है वो कहीं नहीं दिखता है। यहाँ जो भावुकता है और एक अवस्था के बाद जो वैराग्य आता है, वो दूसरे देशों में नहि है।'

સ્વામીશ્રી કહે : 'यहाँ तो भगवान के अवतार हुए है – राम, कृष्ण और भगवान स्वामिनारायण भी यहाँ पधारे। इस देश में उन्होंने संस्कार दिया है, ऋषि-मुनिओं ने संस्कार दिया है। हमारे गुरु योगीजी महाराज थे, वो हरहंमेश बोलते थे कि भगवान सब का भला करो। कोई माने कि न माने, तो भी उसकी बुद्धि अच्छी हो ऐसी प्रार्थना करनी चाहिए। भारत में सबको दया है, किसी को मदद करना वो भावना है, संस्कार है और इस संस्कार से शांति भी है, आनंद भी है। भारतीय संस्कृति में सहनशीलता है, सबका अच्छा हो ऐसी भावना है।'

વળી, જતાં જતાં તેઓ કહે : ''ગઈકાલે મારી દીકરીને ઘણો તાવ હતો. પહેલાં તો આયુર્વેદિક દવા જ કરાવી હતી. એને કારણે તાવ ઊતરતો ન હતો. ગઈકાલે એને લશ્કરી હોસ્પિટલમાં દાખલ કરવાની થઈ ત્યારે મેં એને કહ્યું કે 'આવતીકાલે હું પ્રમુખસ્વામીનાં દર્શને જવાનો છું. હું એમની પાસેથી આશીર્વાદ લઈશ.' અને આટલી વાત થઈ ત્યાં તો હૉસ્પિટલમાં રાત્રે સમાચાર આવ્યા કે તાવ ઊતરવા માંડ્યો છે.''

•

તા. ૧૮-૬-૨૦૧૦, દિલ્હી

એક મુમુક્ષુ કહે : 'साठ साल की नौकरी की, अब कब तक करनी चाहिए ?'

સ્વામીશ્રી કહે : 'आपकी सब जिम्मेदारी पूरी हो गई है ?'

'हा।'

સ્વામીશ્રી કહે : 'तो बस, तो अभी भगवान की भक्ति बढ़ाते जाओ।'

•

વડોદરાથી એક હરિભક્તનો ફેક્સ હતો. તેઓએ લખ્યું હતું કે 'મારા સસરાની ઉંમર ૯૦ વર્ષની છે. તેઓ હમણાં બીમાર પડ્યા. તેઓની ચારેય દીકરીઓ સેવા કરવા તૈયાર છે, પણ કોઈની સેવા લેવા માગતા નથી. તો સસરાને દુઃખ ન પડે એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'મહારાજ એમને સુખિયા કરે એવી પ્રાર્થના કરીએ છીએ. તેઓ કોઈની સેવા લેવા માગતા નથી, પણ આપણે તેમનું ધ્યાન રાખવું.'

•

તા. ૧૯-૬-૨૦૧૦, દિલ્હી

ઝારખંડના નિવૃત્ત ચીફ જસ્ટિસ વિનયગમ્ દર્શને આવ્યા હતા. હવે તેઓ કેન્દ્રની ઇલેક્ટ્રિકલ ટ્રિબ્યુનલના ચૅરપર્સન છે અને યુવાનોને નૈતિકતા દૃઢ કરવા માટે પ્રવચન આપે છે. તેઓ કહે : 'હું ચીફ જસ્ટિસ હતો ત્યારે અહીં અક્ષરધામ જોવા આવ્યો હતો અને ગુજરાત ગયો ત્યારે પણ ત્યાંના અક્ષરધામમાં ગયો હતો. પેલું ૨૩ એકરમાં છે અને આ ૧૦૦ એકરમાં છે. સંસ્થાએ ઘણી પ્રગતિ કરી છે. વળી, અહીં યુવાનોમાં સંસ્કાર અને મૂલ્યોની જાગૃતિ છે. આ અક્ષરધામ યુવાનોમાં સંસ્કૃતિ અને મૂલ્યોની જાગૃતિ લાવવાનું કામ કરે છે. અમેરિકા, રશિયા કે એવા પ્રગતિ પામેલા દેશોમાં પણ આ માટેની જાગૃતિ નથી. ત્યાં બધે ઊંચાં ઊંચાં મકાનો છે, જ્યારે આપણે અહીં વિશાળ હૃદયવાળા છીએ અને એવા યુવાનો તૈયાર થાય એ આપ કરી રહ્યો છો. હકીકતમાં પૂર્વના વિચારો બધામાં પ્રસ્થાપિત થવા જોઈએ.'

સ્વામીશ્રી કહે : 'અમારા ગુરુ યોગીજી મહારાજે

પહેલેથી જ યુવાનોને ધ્યાનમાં રાખીને કેન્દ્રો તૈયાર કર્યાં હતાં. એમના વિચારથી યુવાનો તૈયાર થઈ રહ્યા છે.'

છેલ્લે સ્વામીશ્રી કહે : 'ગુજરાતમાં ઇલેક્ટ્રિસિટી કેવી ચાલે છે ?'

તેઓ કહે : 'ફંક્શનિંગ વેરી વેલ.'

•

ભ્રમણ કરવા માટે સ્વામીશ્રી ટ્રેડમીલ ઉપર આવ્યા. ટ્રેડમીલ મશીનમાં અત્યારે ઝીણો ઝીણો કરન્ટ આવી રહ્યો હતો. જે કરન્ટ સ્વામીશ્રીના હાથમાં પણ અનુભવી શકાતો હતો. એ કરન્ટ ન આવે એના માટે અર્થિંગના વાયરની તજવીજ ચાલી રહી હતી.

એ દરમ્યાન પ્રિયવ્રત સ્વામી અંદર રૂમમાં પ્રવેશ્યા. તેઓને સંબોધીને સ્વામીશ્રી કહે : 'જો, કરન્ટ લાગે છે.'

પ્રિયવ્રત સ્વામી કહે : 'આપના કરંટની તો અમારે જરૂર છે, લગાડો ને !'

હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'લગાડે તો વળી વસમું લાગે.'

•

દિલ્હીના વર્તમાન લેફ્ટનન્ટ ગવર્નર તેજેન્દ્ર ખન્ના સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓ સ્વામીશ્રી પ્રત્યે ખૂબ આદર ધરાવે છે અને ખૂબ સાત્ત્વિક છે, વળી સત્સંગ પ્રત્યે રુચિવાળા છે. એટલે જ આજે પોતાની સાથે કોઈ સેક્રેટરીને લીધા નહોતા. તેઓના સેક્રેટરીને તેઓએ કહ્યું હતું કે 'आज तो मैं सत्संग के लिए जाता हूँ, इसलिए किसी की जरूरत नहीं है।'

તેઓએ પોતાના અનુભવોની વાત કરતાં કહ્યું : 'राष्ट्रपति भवन में एक डिनर के कार्यक्रम में मुरली मनोहर जोषी मिले थे। उन्होंने बताया था कि भारत में २०० आश्रम ऐसे है जिन्होंने सो करोड़ लोगों को एक जूट रखा है। वे लोग सब को सात्त्विकता की तरफ ले जाते हैं। जिन्होंने देश को जोड़ रखा है। बाकी इस देश में कितनी भाषा है, कितने धर्म है, किसम किसम के लोग रहते हैं ? उन सब को जोड़ने वाली ताक़त संत ही है। हमारे प्रमुखस्वामी जैसे संत सब को जोड़ के रखते हैं।'

સ્વામીશ્રી કહે : 'संत का कार्य एक ही है – सब को भगवान की तरफ ले जाना। संतों से देश में और समाज में शांति रहती है।'

આત્મસ્વરૂપ સ્વામી કહે : 'इसलिए ही प्रमुख-स्वामीजी का जीवनमंत्र है कि परस्पर प्रीति प्रसरावे वही धर्म।'

શ્રી ખન્ના કહે : 'मैंने किताब में हिन्दू शब्द का अर्थ पढ़ा था। जो गहरे ध्यान में जा कर अंदर का अनाहत ॐकार नाद सूनता है, वो ही सच्चा हिन्दू है, और जब तक प्रमुखस्वामी जैसे संत के चरणों में वो नहीं आता है, तब तक ये साधना होती नहीं है। दरवाजा बंद ही रहता है। ऐसे संत आशीर्वाद दे के दरवाजा खोलते हैं, तो ऐसा अनहत नाद सुनाई देता है। परम संत के आगे कुछ भी नहीं है।' વળી તેઓ કહે : 'ऐसे स्थान के द्वारा आपकी कृपा सबके उपर बरसती रहती है।'

તેઓએ લગભગ પોણો કલાક સુધી સ્વામીશ્રીનો સત્સંગ માણ્યો.

•

તા. ૨૦-૬-૨૦૧૦, દિલ્હી

અમદાવાદથી આવેલા જયેશભાઈ ધોળકિયાને લઈને નિર્ભયસ્વરૂપ સ્વામી સ્વામીશ્રી આગળ આવ્યા. જયેશભાઈ ધોળકિયા દર રવિવારે સ્વામીશ્રી જ્યાં વિરાજતા હોય ત્યાં અમદાવાદથી ખાસ દર્શને આવે છે, પરંતુ દૂર ઊભાં ઊભાં દર્શન કરીને જ જતા રહે છે. આટલે દૂરથી આવ્યા છતાં સ્વામીશ્રીનાં નજીકથી દર્શન કરવાનો આગ્રહ રાખતા નથી. આજે પરાણે લઈને આવ્યા, એ જોતાં સ્વામીશ્રી પણ કહે : 'સારું થયું આજે પકડી લાવ્યા.'

•

ભોજન દરમ્યાન બાલકૃષ્ણ સ્વામીએ નેપાલમાં જે તોફાની વિદ્યાર્થીઓ હોય એને શિક્ષકો કઈ કઈ રીતે શિક્ષા કરે એનું નિદર્શન કરી બતાવ્યું. તેઓના એક એક નિદર્શન ઉપર સ્વામીશ્રી જમતાં જમતાં ખૂબ હસતા હતા. સ્વામીશ્રી કહે : 'આપણને તો એમ કે ગુજરાતમાં જ આવી શિક્ષા કરતા હશે, પણ પરદેશમાંય આવી શિક્ષા તો કરે જ છે.'

પ્રિયવ્રત સ્વામી કહે : 'આપને તો આવો કોઈ અનુભવ નહીં હોય.'

સ્વામીશ્રી કહે : 'પહેલેથી જ નહીં. મારો કાં

પહેલો કાં બીજો નંબર આવતો.'

•

તા. ૨૨-૬-૨૦૧૦, દિલ્હી

ટેક્સગુરુ તરીકે પ્રખ્યાત લખોટિયા સાહેબ પણ દર્શને આવ્યા. ટી.વી.માં રોજ ટેક્સ સંબંધી માર્ગદર્શન અને પ્રશ્નોના ઉત્તર તેઓ આપે છે. સ્વામીશ્રીને જોતાવેંત કહે : 'आपका शांत मुखडा देख के बहुत शांति होती है।'

•

એક વૃદ્ધ દર્શને આવ્યા. તેઓ કહે : 'मैंने सृष्टि में आ कर कुछ काम नहीं किया है।'

સ્વામીશ્રી કહે : 'ये समझना भी बहुत ज्ञान की बात है। समझने के बाद अब भक्ति करने की है। आते वक्त (जन्म समये) कुछ लाया नहीं है और जाते वक्त कुछ ले जाने का नहीं है। भक्ति करने की।'

•

એક મુમુક્ષુએ આવીને કહ્યું : 'धर्म और संप्रदायों में आडंबर चलता है तो फिर विश्वास नहीं रहता।'

સ્વામીશ્રી કહે : 'अपने आपको अच्छा रखना और अच्छा देखना। जो अच्छी बात है वो देखना, बाकी सब छोड़ देना। भगवान का अच्छा अच्छा कार्य है वो देखेंगे तो भी प्रेरणा मिलेगी, शांति मिलेगी।'

•

તા. ૨૩-૬-૨૦૧૦, દિલ્હી

સમાજસેવક ફકીરચંદ રુસ્તગીએ સ્વામીશ્રીને કહ્યું : 'कुछ आज्ञा.... ?'

સ્વામીશ્રી કહે : 'भगवान के दर्शन करना और स्मृति करना।'

•

ભારત સરકારના રાજ્ય કક્ષાના ઊર્જામંત્રી ભરતસિંહ સોલંકીને સ્વામીશ્રી મળ્યા. સ્વામીશ્રીએ તેઓના પિતાશ્રી માધવસિંહ સોલંકીની સેવાઓને યાદ કરી.

ભરતસિંહ સોલંકી કહે : 'મારી સાથે જે બધા આઈ.એ.એસ. અધિકારીઓ હોય છે એને મેં રસ્તામાં આપના મહિમાની વાત કરી કે આ સંસ્થાનું મૅનેજમેન્ટ કેવું છે અને કઈ ભાવનાથી અહીં કામ થાય છે ? દિલ્હીમાં તો જે આવે એ બધાને એમ જ થઈ ગયું છે કે અક્ષરધામ તો જવું જ જોઈએ. મારે ત્યાં પણ આ નિમિત્તે જ લોકો આવે છે અને રહે છે. અમને ફોન કરીને કહે છે કે 'અમારે અક્ષરધામ જોવું છે. એટલે તમારે ત્યાં રોકાઈશું.' અને હું પણ બધાને વ્યવસ્થા કરી આપું છું.' આટલું કહીને તેઓએ કહ્યું : 'બે વિનંતી છે – એક તો હજી સુધી વરસાદ આવ્યો નથી અને બીજું ગુજરાત નર્મદાની કેનાલનું કામ પૂરું થાય એ માટે પ્રાર્થના કરો. આપના જેવા વગર મોટું કામ કોઈ કરે નહીં.' છેલ્લે વળી તેઓ કહે : 'આપનું મૅનેજમેન્ટ સમજવા અને અમલમાં મૂકવા લાયક છે.'

સ્વામીશ્રી કહે : 'બધું ભગવાન કરે છે.'

•

તા. ૨૪-૬-૨૦૧૦, દિલ્હી

વીડિયોકોન કંપનીના માલિક અને રાજ્યસભાના સભ્ય રાજકુમાર ધૂતને પણ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

તેઓ કહે : 'बहुत दिनों के बाद आपके दर्शन हुए। आपके दर्शन से बहुत अच्छा लगता है।'

તેઓની ભાવનાનો પ્રત્યુત્તર સ્વામીશ્રીએ જુદી રીતે આપતાં કહ્યું : 'भगवान का काम है और भगवान करते हैं।'

રાજકુમાર કહે : 'ये अक्षरधाम तो पूरे वर्ल्ड में फेमस है।'

સ્વામીશ્રી કહે : 'सब भगवान की दया है।'

રાજકુમાર કહે : 'साउथ अफ्रिका के प्रेसिडन्ट जेकब जुआ प्रेसिडन्ट बनने से पहले यहाँ अक्षरधाम में आये थे, और आपने फोन से यहीं अक्षरधाम में आशीर्वाद दिये थे कि आप प्रेसिडन्ट बन जायेंगे और आपके आशीर्वाद से वे प्रेसिडन्ट बन गये। वापस इन्डिया आये तब मुझे फोन किया कि मुझे स्वामीजी के आश्रम में जाना है। आप के आशीर्वाद से ही वे प्रेसिडन्ट बने हैं।'

•

એક મુમુક્ષુએ સ્વામીશ્રીને પૂછ્યું : 'મન એકાગ્ર કઈ રીતે થાય ?'

સ્વામીશ્રી કહે : 'ગળામાં કંઠી રાખજે, પ્રાર્થના કરજે ઔર જરાક વિચાર આ જાય તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરતે રહના. ભગવાન મેં મન લગાયેગા તો સબ મેં લગેગા.'

•

સાંજે ભારતના લશ્કરની ત્રણેય પાંખના વડા

જનરલ વિજય કપૂર દર્શને આવ્યા. તેઓ બે મહિના પહેલાં જ નિવૃત્ત થયા છે. ૪૩ વર્ષ લશ્કરમાં સેવા કરીને સેનામાં અપાતા દરેક એવોર્ડ તેઓ જીત્યા છે.

સ્વામીશ્રીએ હાર પહેરાવીને તેઓને સન્માન્યા. તેઓ સામે ખુરશી ઉપર બેઠા.

શ્રી કપૂર કહે : 'मुझे दुःख ही है कि चार साल से यहाँ होने पर भी हम इस अक्षरधाम में आ न पाये। आप लोगों ने व्यवस्था के लिए जो सिस्टम और तरीके बनाये हैं, वो देखा, देख के बहुत खुशी हुई और लगा कि देश में ऐसी भी संस्था है जो इस तरह अपने संस्था को रन कर सकती है। आप इस संस्था के नेता है। श्रेय आपको जाता है।'

સ્વામીશ્રી કહે : 'सब के नेता भगवान है। वहीं से सब कुछ आता है।'

શ્રી કપૂર કહે : 'अक्षरधाम देखते वक्त मैंने आपके दर्शन की इच्छा प्रकट की थी। आप जैसे महान इन्टेलेक्च्युल के आशीर्वाद लेने हम आये हैं।'

સ્વામીશ્રી કહે : 'आप भी देश की अच्छी सेवा करते हैं तो भगवान प्रसन्न है। देश में एकता बनी रहे वो भावना आपकी है। ऐसी भावना भगवान का गुण है, भगवान दत्त है। आपने भी देश के लिए अच्छा कार्य किया है।'

શ્રી કપૂર કહે : 'आपकी संस्था का डिसिप्लीन मैंने देखा। ऐसा डिसिप्लीन पूरे देश में फैलाया जा सके तो पूरे देश को फायदा होगा। देश में कई इलाके ऐसे हैं जो अभी पीछे हैं। कई नकसलवाद चल रहा है। कईं कुछ ने कुछ गरबड चलती है। जो देश को आगे जाने से रोकती है। पर आपकी जो सिस्टम है, जो मैंने देखी है, और आपने जो ओर्गेनाइझ किया है, वो दूसरों के उपर फैलाया जाय तो बहुत अच्छा होता है।'

સ્વામીશ્રીએ ભગવાન સ્વામિનારાયણનું કાર્ય અને જન્મ વગેરેની લીલા કહ્યા પછી કહ્યું : 'ये सब सिस्टम भगवान स्वामिनारायण ने दी है और उन्होंने कहा है, भगवान की भक्ति करना, आचार-विचार शुद्ध रखना और हमारे गुरु कायम कहा करते थे कि भगवान सब का भला करें, केवल हमारा ही नहीं दूसरों का भी भला करें।'

શ્રી કપૂર કહે : 'इस उमर में भी आप बहार घूमते रहते हैं, वो ताज्जुब की बात है और आपने जो स्थापित किया है वो सब लोगों के लिए बड़ा अच्छा है। जो इन्डिया की विझीट के लिए आते हैं वे सबके लिए अक्षरधाम बड़ा लेन्डमार्क है। भारत का भव्य पूर्वकाल देखने के लिए यह अच्छा स्थान है। यहाँ देख के हमारा सर गर्व से ऊँचा उठ जाता है। बहार के लोग अक्षरधाम देख के ताजमहल से भी अच्छा अभिप्राय व्यक्त करते हैं। उस दिन जब मैं यहाँ आया था तब साथ में ले जानेवाले जो यहाँ के स्वयंसेवक थे और सिक्युरीटी की जो सिस्टम थी और सब सिस्टम जैसे फोलो किया गया, वो देख के बहुत खुशी हुई। फौज के बहार कहीं भी ऐसी व्यवस्था और सिस्टम देखी हो तो यहाँ ही देखी है, इस बात का मुझे भी गर्व है। आप ऐसी सिस्टम चला रहे हैं, बहुत अच्छी बात है।'

સ્વામીશ્રીએ અક્ષરધામની આ સેવામાં જોડાયેલા બ્રિગેડિયર રાજસીતાપતિને યાદ કર્યા.

શ્રીકપૂર કહે : 'बिग्रेडियर सीतापति नंबर १ आफिसर है। उनको आपका आशीर्वाद मिला वो भी बहुत अच्छा है। मुझे भी आपके आशीर्वाद मिले, बहुत अच्छा लगा।' પછી તેઓ કહે : 'आपके आशीर्वाद सारे हिन्दुस्तान पे रहना चाहिए।'

•

તા. ૨૬-૬-૨૦૧૦, દિલ્હી

મંદિરમાં સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શને પધાર્યા. ઘનશ્યામ મહારાજનાં પ્રેમથી દર્શન કર્યાં પછી સ્વામીશ્રી મધ્ય ખંડમાં પધાર્યા. મધ્ય ખંડના ઠાકોરજીના શણગારનાં એકાગ્રતાથી દર્શન કર્યાં પછી થોડાક પાછા હઠીને સુખશય્યાનાં બારણાંમાંથી દેખાતા ઘનશ્યામ મહારાજની મૂર્તિનાં ફરીથી દર્શન કર્યાં અને વાઘામાં કયા કયા ફેરફાર છે એનું સૂક્ષ્મ નિરીક્ષણ કર્યું.

સ્વામીશ્રી કેટલા ભક્તિભાવથી અને એકાગ્રતાથી દર્શન કરે છે ! આ દર્શન કરવાની રીત સ્વામીશ્રી સૌને શીખવી રહ્યા હતા.

•

લિબર્ટી શૂઝના માલિક આદેશ ગુપ્તા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓનાં બહેનને કેન્સર હતું અને એ વખતે તેઓ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેઓને ઠાકોરજીનું પ્રસાદીનું પુષ્પ આપ્યું

હતું. આ પુષ્પ લઈને તેમનાં બહેન વિશેષ સારવાર માટે લંડન ગયાં. ત્યાંના ડૉક્ટરોએ તપાસ્યું તો કેન્સર નીકળ્યું જ નહીં ! આ આશ્ચર્યકારક ઘટના પછી શ્રી ગુપ્તા અને તેમનો પરિવાર ભગવાન સ્વામિનારાયણ અને પ્રમુખસ્વામી મહારાજમાં અનન્ય શ્રદ્ધા રાખે છે.

•

ત્રિપાઠી નામના એક સદ્‌ગૃહસ્થ દર્શને આવ્યા હતા. તેઓ કહે : ''ચંપકલાલ શેઠના દીકરા સૌરિન સાથે મેં યોગીજી મહારાજનો ઘણો લાભ લીધો છે. ખાસ કરીને યોગીજી મહારાજના છેલ્લા દિવસોમાં એમણે ખાસ અમને સેવા માટે બોલાવ્યા હતા. એમનાં ધોતિયાં ધોવાથી માંડીને બધી સેવાનો લાભ અમે લીધો હતો. છેલ્લે યોગીજી મહારાજે મને બોલાવ્યો અને કહ્યું, 'તને કાંઈપણ મૂંઝવણ હોય તો આ પ્રમુખસ્વામીને મળજે, તારી મૂંઝવણ દૂર થશે.'' યોગીજી મહારાજે આવા તો અસંખ્ય મુમુક્ષુઓને સ્વામીશ્રીની ઓળખાણ કરાવી હતી.

•

તા. ૨૭-૬-૨૦૧૦, દિલ્હી

એક રાજકીય પક્ષના યુવા મોરચાના આગેવાન દર્શને આવ્યા હતા. સ્વામીશ્રી તેઓને કહે : 'સંપ અને એકતા રાખજો. સંપ નહીં હૈ, તો કુછ નહીં હૈ. સબ ભૂલ જાના ઔર સંપીને રહેજો.'

•

તા. ૨૮-૬-૨૦૧૦, દિલ્હી

અક્ષરવત્સલ સ્વામી કહે : 'નોબલ પ્રાઈસ એક આપ જ ઝંખતા નથી, બાકી બધાએ એ માટે પ્રયત્નો કર્યા છે.'

સ્વામીશ્રી કહે : 'મળ્યું એનું પણ શું થયું ? ઠીક છે, આ લોકની રીતે માન-સન્માન દેખાય, પણ એનાથી ફાયદો શું ?'

સ્વામીશ્રીની આ સહજ અનાસક્તિ હતી.

•

તા. ૨૯-૬-૨૦૧૦, દિલ્હી

સોનાલિકા ટ્રેક્ટરના માલિક એલ. ડી. મિત્તલ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓ મેસોડેનિયા દેશના અહીં ખાતેના રાજદૂત છે અને તાજેતરમાં 'રાયનો' નામની ગાડી પણ બજારમાં મૂકી છે. તેઓ સ્વામીશ્રીને કહે : 'आप से हम बहुत कुछ सिखे हैं। आशीर्वाद चाहिए कि शांति से उपर जाये।'

તેઓએ શ્રદ્ધા અને સદ્‌ભાવ વ્યક્ત કર્યાં. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા.

•

એક મુમુક્ષુને હિતવચનો કહેતાં સ્વામીશ્રી કહે : ''આપણે સત્સંગ વધારવાનો છે. હરિભક્તોને મનમેળ કરાવવાનો છે. જો આપણામાં મનમેળ ન હોય તો એમનામાં ન થાય. આપણે એવી રીતે વર્તીએ કે હરિભક્તોને પણ ગુણ આવે. શ્રીજીમહારાજે કહ્યું છે કે *દાસના દાસ થઈ જે રહે સત્સંગમાં, ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં...* આપણે હોદ્દા માટે કાંઈ કરવાનું નથી. આજ્ઞા પ્રમાણે કરવાનું છે. બ્રહ્માનંદ સ્વામીએ વરતાલનું મંદિર બાંધ્યું ને ત્યાંથી ઉઠાવ્યા, પણ મનમાં કાંઈ થયું નહીં, એમ સરળ થવાનું છે. સત્પુરુષની અને ગુરુની રુચિ શું છે, એ પ્રમાણે ચાલીએ તો રાજી થાય. બધાએ ભેગા બેસવું, સાથે જમવું. બધા સારા છે. માટે એકબીજાના અભાવની વાતો ન કરવી. 'આપણે જ સમજીએ છીએ અને બીજા સમજતા નથી' એમ ન સમજવું. શાસ્ત્રીજી મહારાજે અને યોગીજી મહારાજે બીજાનું સહન કરીને જ કામ કર્યું છે. એમ આપણે પણ સત્સંગ વધારવો છે, ઘટાડવો નથી. મન-ધાર્યું ન થાય તો પણ રાજી રહેવું.''

તેઓ કહે : 'રાજી રહેજો.'

સ્વામીશ્રી કહે : 'રાજી જ છીએ. સંપીને, સાથે હળીમળીને રહો ને કામ કરો.'

•

તા. ૩૦-૬-૨૦૧૦, દિલ્હી

સી.બી.આઇ.માં ખાસ ફરજ ઉપર રહેલા કેશવકુમાર દર્શને આવ્યા. તાજેતરમાં કોલકાતામાં ટ્રેન ઉપર નકસલવાદીઓએ હુમલો કરીને ટ્રેન ઉથલાવી હતી, એ ગુનાખોરોને તેઓએ તાત્કાલિક પકડી પાડ્યા હતા. સરકાર તરફથી પણ તેઓની સેવાની કદર કરવામાં આવી હતી. આ સંદર્ભમાં કેશવકુમાર કહે : 'મને એક અનુભવ કાયમનો છે. કોઈપણ આવી જટિલ તપાસ હોય ત્યારે તપાસ શરૂ કરતાં પહેલાં હું આપનું સ્મરણ કરું છું. આ વખતે પણ મેં આપનું સ્મરણ કર્યું ને થોડી જ વારમાં મૅસેજ આવ્યો કે માણસો પકડાઈ ગયા છે. ગુજરાતમાં પણ સિંહોનો ગેરકાયદેસર શિકાર

થતો હતો અને એનું પગેરું ભાવનગરના કેટલાક વિસ્તારમાં નીકળતું હતું. આ જ સંદર્ભમાં મારે તપાસ કરવાની હતી. હું આપને મળીને બહાર નીકળ્યો ને તરત જ સમાચાર આવ્યા કે આ શિકારીઓ પકડાઈ ગયા છે.' વળી, તેઓ કહે : 'ગુજરાતથી હું ક્યારેય છેડો ફાડવાનો નથી.'

•

'સદ્‌વિચાર પરિવાર' નામની જાણીતી સામાજિક સંસ્થાના પ્રમુખ હરિભાઈ પંચાલનો ફેક્સ આવ્યો હતો. એમાં તેઓએ વિનંતી કરતાં લખ્યું હતું કે 'ગુજરાતમાં વરસાદ ખેંચાયો છે ને પાક બળે એવી પરિસ્થિતિ થઈ છે, તો આપ તમામ અક્ષરપુરુષોત્તમ મંદિરોમાં પ્રાર્થના ને ધૂન થાય એવું કાંઈક કરો.' અલબત્ત, સ્વામીશ્રી પણ પ્રાતઃપૂજામાં વરસાદ માટે ધૂન કરાવતા જ હતા, પરંતુ આ ફેક્સ વાંચીને સ્વામીશ્રીએ તરત તેનો અમલ કર્યો અને પોતે બધાં મંદિરોમાં સંધ્યા આરતી વખતે ધૂન કરવા આદેશ આપી દીધો. આ રીતે કોઈના પણ સારા સૂચનનો સ્વામીશ્રી તાત્કાલિક અમલ કરીને નિષ્ઠાપૂર્વક તેમાં જોડાઈ જાય છે.

•

સારંગપુર મંદિરમાં થતા અન્નકૂટની વાત નીકળી. ખાસ તો જૂના વખતમાં કેવી કેવી પરિસ્થિતિ હતી એની વાતો ચાલી રહી હતી. સ્વામીશ્રી કહે : 'પહેલાં તો કુંભારને ત્યાંથી જ માટીની તાવડી, કુલડા એ બધું લાવવામાં આવતું અને એમાં જ અન્નકૂટ ધરાવવામાં આવતો.'

અમે લોકોએ કહ્યું : 'ત્યારપછી તો બરવાળાનો એક કંદોઈ આવતો, જે અન્નકૂટ કરી જતો.'

અમે સંતોએ નામ યાદ કરવાની ખૂબ કોશિશ કરી, પરંતુ કોઈને નામ યાદ ન આવ્યું.

સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'ડાહ્યો કંદોઈ.'

•

સ્વામીશ્રી પત્રવાંચન કરી રહ્યા હતા. એ દરમ્યાન જૂનાગઢથી મહેન્દ્રભાઈ જોષીનો ફોન આવ્યો. તેઓનાં ધર્મપત્ની અક્ષરધામમાં ગયાં હતાં. તેઓનાં પત્ની જૂનાગઢ મહિલા સત્સંગ પ્રવૃત્તિનાં નિર્દેશિકા હતાં. તેઓને કેન્સરનો રોગ હતો. આ સંદર્ભમાં બાજુમાં ઊભેલા ધર્મકીર્તિ સ્વામી કહે : 'મહેન્દ્રભાઈએ આવી પરિસ્થિતિમાં પણ ખૂબ બળ રાખ્યું છે. સત્સંગના સેવાકાર્યમાં ક્યારેય પીછેહઠ કરી નથી, ક્યારેય દુઃખ લાગવા દીધું નથી. પત્ની ધામમાં ગયાં તો બધી જ ક્રિયા હસતાં મુખે કરી અને ગુલાલ ઉડાડ્યો. ધૂન-ભજન કરતાં કરતાં એમણે ક્રિયાઓ આટોપી, ખૂબ બળમાં છે.'

સ્વામીશ્રીએ મહેન્દ્રભાઈને ખૂબ આશીર્વાદ આપ્યા અને રાજીપો દર્શાવ્યો.

પ્રસંગમ્



જુલાઈ ૨૦૧૦



'શાસ્ત્રોમાં અક્ષરધામનું વર્ણન આપણે સાંભળીએ છીએ. દિવ્ય, તેજોમય છે, તેજ તેજનો અંબાર છે,
શ્રીજીમહારાજ ત્યાં બેઠા છે. બધા મુક્તો બેઠા છે.
અક્ષરધામનું એ વર્ણન છે એવાં દર્શન આપણે અહીં કરીએ છીએ.
અહીંયાં પણ ચારેય બાજુ બધા મુક્તો બેઠા છે, એટલે એ રીતે અક્ષરધામની સભા આપણને દર્શન આપે છે.
આ જે બન્યું છે એ એવું તેજોમય છે, જે આવે એને શાંતિ થઈ જાય.
જોગી મહારાજે કહ્યું ને અક્ષરધામ અહીં જમનાને કિનારે થશે, તો આવું સરસ કાર્ય બની ગયું.
બહુ મોટાં ભાગ્ય હોય એને આ કાર્ય સમજાય, ને આ કાર્ય માટે સમર્પણ થાય.
હવે આપણે વિચાર નથી કરવાનો કે અક્ષરધામમાં મહારાજ સાક્ષાત્ વિરાજમાન છે એ સ્થાન કેવું હશે ?
એ આ દર્શન થાય છે. અક્ષરધામનું જ આ વર્ણન છે. બધા મુક્તો ચારેય બાજુ બેઠા છે,
એટલે એ દર્શન પણ આજે અહીં થયાં છે, એ આપણાં બહુ મોટાં ભાગ્ય છે.'

- પ્રમુખસ્વામી મહારાજ

તા. ૧-૭-૨૦૧૦, દિલ્હી

સ્વામીશ્રી પ્રતીક્ષાખંડમાં પધાર્યા. અહીં ઇન્ફોસીસ કંપનીના હ્યુમન રિસોર્સ વિભાગના વડા અને બોર્ડ મૅમ્બર મોહનભાઈ દર્શને આવ્યા હતા. તેઓની સાથે IIMના બોર્ડ મૅમ્બર અભય જૈન પણ હતા. અક્ષરધામ જોઈને તેઓ ખૂબ પ્રભાવિત થયા છે. તેઓએ ઇન્ફોસીસની કાર્યવાહીની વાત કરતાં કહ્યું : 'અમે લોકો રોજ બાર લાખ બાળકોને મધ્યાહ્ન ભોજન કરાવીએ છીએ. ૭,૮૦૦ સ્કૂલોમાં અક્ષયપાત્ર નામની યોજના ચલાવીએ છીએ.'

સ્વામીશ્રી કહે : 'भगवान की आपके उपर बहुत कृपा होगी।' વળી કહે : 'जो देता है उसका कभी खूटता नहीं हैं।'

તેઓની ભાવના સાંભળીને સ્વામીશ્રીનું મુખ ભાવાર્દ્ર થઈ ગયું, રાજી થયા અને તેઓનો સંકલ્પ પૂરો થાય એ માટે ખાસ આશીર્વાદ આપ્યા.

•

સ્વામીશ્રી મંદિરે દર્શને પધારે ત્યારે મંદિરના ચોકમાં અહીંના બાળમંડળના સભ્યો જુદી જુદી રજૂઆતો કરતા હતા.

આજે સ્વામીશ્રી દર્શને જવા માટે મંદિરની હાઇડ્રોલિફ્ટમાં વિરાજ્યા ત્યારે બાળકોએ શાસ્ત્રીજી મહારાજના વખતનો બેચર કીસાવાળો પ્રસંગ ભજવ્યો. આ સંવાદમાં એક મીઠી ટકોર આવતી હતી, જેમાં હરિભક્તો દ્વારા શાસ્ત્રીજી મહારાજને સંબોધીને હસતાં હસતાં વાર્તાલાપ કહેવાયો હતો કે 'સ્વામી ! તમે તો જમીન લેતા ધરાતા જ નથી, પાટીદાર ખરા ને !

સ્વામીશ્રી આ સંવાદને ધ્યાનપૂર્વક સાંભળતા હતા. લિફ્ટ ઉપર ચડતી જતી હતી અને પેલું વાક્ય સાંભળતાં જ સ્વામીશ્રી એકદમ હસી પડ્યા અને કહે : 'જમીન લેતાં લેતાં તો ઠેઠ દિલ્હી સુધી આવી ગયા.'

સ્વામીશ્રી આજે શાસ્ત્રીજી મહારાજના ભાવમાં હતા.

•

ચોમાસું બેસી ગયું હોવા છતાં ગુજરાતમાં વરસાદ ખેંચાયો હતો. અહીં બેઠાં બેઠાં સ્વામીશ્રીને ગુજરાતની તથા જ્યાં જ્યાં દુષ્કાળનો ઓછાયો હતો એની ચિંતા સતાવતી હતી. એટલે જ આજે પૂજા શરૂ થતાં પહેલાં સ્વામીશ્રી કહે : 'પેલા એનાઉન્સમેન્ટ કરે છે એ સાધુને બોલાવો.'

મુનિવત્સલ સ્વામી તરત જ ત્યાં આવ્યા. તેઓને સૂચના આપતાં સ્વામીશ્રી કહે : 'પૂજામાં રોજ અડધો કલાક ધૂન બોલાવો. પહેલાં પેલી ધૂન બોલાવજો.'

સ્વામીશ્રીને ઢાળ યાદ ન આવ્યો, એટલે અમે સંતોએ ભીમપલાસ રાગની આપણી સ્ટાન્ડર્ડ ધૂન ગાઈ. એટલે સ્વામીશ્રી કહે : ''હા, એ જ. એ ધૂન અડધો કલાક સુધી બોલાવો અને વચ્ચે વચ્ચે *'મનનો મોરલિયો રટે તારું નામ'* એની બે જ કડી બોલવાનું રાખજો. *'વાદળી ઊતરજે ઘેલાને તીર'* એ પણ રાખજો. ગુજરાતમાં અને દેશમાં વરસાદ નથી અથવા તો ખેંચાયો છે, તો બધી જગ્યાએ વરસાદ થાય એ માટે આજથી રોજ પૂજામાં ધૂન જ બોલાવજો.''

આ રીતે સ્વામીશ્રીએ ધૂનનો ઉપક્રમ શરૂ કર્યો અને ગુજરાતનાં તથા દેશ-વિદેશનાં બધાં જ મંદિરોમાં ધૂન બોલાવવાની આજ્ઞા કરી.

પૂજા પછી સ્વામીશ્રી જ્યારે બહાર પધાર્યા ત્યારે ખરેખર વાદળ ઊમટેલાં હતાં. સંતો કહે : 'વાદળાં બંધાઈ ગયાં.'

સ્વામીશ્રી કહે : 'શ્રદ્ધા રાખજો. પૂરું થઈ ગયું એમ ન માનતા.'

ઉતારાના ચૉકમાં અક્ષરપ્રેમ સ્વામી અને મંડળી પખાવજ લઈને ધૂન મચાવતી હતી. સ્વામીશ્રી પણ અનાયાસે એમાં જોડાઈ ગયા અને કહ્યું : 'આવી ધૂન રોજ કરવાની. ભગવાનમાં શ્રદ્ધા રાખવી. શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્.'

•

ઘણા દિવસ પછી અહીં પણ ચોમાસાનાં વાદળો ગોરંભાયાં હતાં. આ સંદર્ભમાં સંતો કહે : 'આપે ધૂન કરી અને અહીં વાદળ બંધાયાં.'

તરત જ સ્વામીશ્રી કહે : 'અહીં તો પડે જ છે, પણ ત્યાં (ગુજરાતમાં) બીચારાને વાવેલું સુકાઈ જાય છે. ખેડૂતો તો બીચારા એક વરસાદ પડે ને વાવી જ દે અને પછી વરસાદ ખેંચાય એટલે બિયારણ બળી જાય. કેટલાક કહે, 'વહેલા ઊઠે લાભ,' તો કેટલાક કહે, 'મોડા ઊઠે લાભ,' પણ લાભ તો ભગવાનની ઇચ્છાથી મળે છે.'

સ્વામીશ્રીની આવી ચિંતા જોઈને સંતો કહે : 'આપે ધૂન કરી એટલે પડશે જ.'

સ્વામીશ્રી કહે : 'એક દહાડામાં જ ? એ તો ચાલુ જ રાખવી જોઈએ. સારી જમાવટ થાય એ પ્રાર્થના.'

•

આજે સવારે ડૉ. નિકુલે સ્વામીશ્રીનું બ્લડ લીધું હતું. એક વખત સોય ઘુસાડી, પરંતુ તેઓ નિષ્ફળ ગયા હતા. આવું પહેલી જ વખત થયું હતું. બીજી વખત પ્રયત્ન કરીને લીધું. એ અનુસંધાનમાં ડૉ. નિકુલ કહે : 'બાપા ! માફ કરજો. બે વાર આપને તકલીફ આપી.'

સ્વામીશ્રી કાંઈ જ ન બન્યું હોય એવા તદ્દન સહજ ભાવમાં કહે : 'हमको कुछ दुःख नहीं है, हरख-शोक नहीं है, इस शरीर में कितनी सोइ लगाई थी और लगाई है और यहाँ भी चीर डाला है (पेट) और यहाँ भी चीर डाला है (छाती)। मत गभराना।'

સ્વામીશ્રીનાં આવાં બળભર્યાં વાક્યોમાં જ નિકુલને પોતાનો ખેદ વીસરાઈ ગયો. સ્વામીશ્રીની આ જ તો વિશેષતા છે.

મેં કહ્યું : 'નિકુલ એમ કહે છે કે આપે ખાવાનું બહુ ઓછું કરી નાખ્યું, એટલે હવે નાડી પકડાતી નથી. માટે થોડું થોડું વધારે ખાવ.'

સ્વામીશ્રી કહે : 'એ તો ભગવાનના હાથમાં છે.'

સ્વામીશ્રી આત્મારૂપે વર્તે છે, એટલે કોઈપણ સ્થિતિમાં બ્રહ્મપણાનો આનંદ સહેજ પણ ઓછો થતો નથી.

•

કૉંગ્રેસના રાષ્ટ્રીય જનરલ સેક્રેટરી અહમદ પટેલ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓની સાથે તેઓના સુપુત્ર ફૈઝલ તથા 'માઇક્રો ઇન્ક'વાળા વાપીના ફિરોઝ બીલખિયા તથા તેઓના સેક્રેટરી મહાજનજી ને ભરૂચ ખાતેના તેઓના પી.એ. યુનુસભાઈ ને સિકન્દરાબાદવાળા ઘનશ્યામભાઈ પણ હતા.

અહમદભાઈ કહે : 'મને તો એમ કે આપ બે દિવસમાં જતા રહેવાના છો. મને જો ખબર હોત કે દસ-પંદર દિવસ હજી રોકાવાના છો, તો નિરાંતે વધુ સમય લઈને આવત.'

સ્વામીશ્રી આ સાંભળીને કહે : 'અમે તો કદાચ હોઈએ, પણ તમે અચાનક બહાર જતા રહો તો રહી જાય ને ! એટલે ધર્મના કામમાં શીઘ્રમ્ કરવું, જલદી કરવું.'

સ્વામીશ્રીની બૌદ્ધિક ચપળતા અને વિવેક આ ઉંમરે પણ કેટલાં અદ્ભુત છે !

•

સ્વામીશ્રીનાં દર્શને પંજાબ નેશનલ બૅન્કના ચૅરમૅન કામથ સાહેબ આવ્યા હતા. તેઓની સાથે એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મોહન તથા શ્રીનાગેશ, જનરલ મૅનેજર ખન્ના તથા બ્રાન્ચ મૅનેજર સિંગ અને ગુપ્તા દર્શને આવ્યા હતા.

ચૅરમૅનને સ્વામીશ્રી કહે : 'જગત માટે તો ટાઇમ કાઢવો જ પડે છે, વહેવારમાં ટાઇમ કાઢીએ જ છીએ. ભગવાન માટે સમય કાઢવો સારો છે. એનાથી શાંતિ થાય અને સફળતા મળે.'

શ્રી કામથ કહે : 'मैं यहाँ फैमिलि के साथ आया था। चार घंटों तक यहीं रूका था। इतना अच्छा लगा, जो प्रेशर था वो रीलिझ हो गया। तीन-चार घंटों के लिए कोई प्रेशर रहा नहीं। यहाँ आके जगत भूल गया।'

તેઓના એક અન્ય ઑફિસર કહે : ''હું પણ અહીં આવ્યો હતો. મારી દીકરી આ જોઈને મને કહે કે લોકો ભારતમાં બીજાં સ્થાનને 'વન્ડર ઑફ ધ વર્લ્ડ' કેમ કહે

છે ? આ મંદિરને 'વન્ડર ઑફ ધ વર્લ્ડ' કહેવું જોઈએ.''

•

તા. ૨-૭-૨૦૧૦, દિલ્હી

મંદિર ઉપર જ્યારે સ્વામીશ્રી પધાર્યા ત્યારે અમદાવાદના મહેશભાઈ વૈદ્ય પખાવજ સાથે અહીંની ઓચ્છવિયા મંડળીને સાથે રાખીને ઉત્સવ કરી રહ્યા હતા. તેઓ બોલતા હતા : *'દિલ્હીમાં આવતા શોભતા રે, થાય છે બહુ ઉકળાટ રે, કેસરિયા વરસાદ હવે પાડો રે.'* તેઓની આ મર્મ વિનંતી સાંભળીને સ્વામીશ્રીએ પણ દૃષ્ટિ કરીને તેઓને સંમતિ આપી અને ત્યારપછી વરસાદ માટેની ધૂન શરૂ થઈ.

સ્વામીશ્રી દર્શન કરીને ઘુમ્મટમાં પધાર્યા. એ વખતે સૌ 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... વરસાદ પાડો' એ રીતે ધૂન બોલતા હતા. સ્વામીશ્રી સહસા બોલી ઊઠ્યા : 'હવે પડશે.'

સ્વામીશ્રીની આર્ષવાણી સાચી પડી હોય એમ આજે સવારથી જ દક્ષિણ ગુજરાત અને ઠેઠ મધ્ય ગુજરાત - આણંદ સુધી ત્રણ-ચાર કલાક જોરદાર વરસાદ પડ્યો હતો અને સાંજે તો અમદાવાદથી માંડીને ઉત્તર ગુજરાત ને આબુ સુધી અને રાત્રે સૌરાષ્ટ્રમાં પણ વરસાદ પડ્યો હતો.

•

અહીંના ગુજરાતી સમાજના પ્રમુખ દિલીપભાઈ ધોળકિયા તથા કિશોરસિંહ વગેરે હોદ્દેદારો દર્શને આવ્યા હતા. તેઓને સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. તેઓ કહે : 'છેલ્લાં નવ વર્ષથી સમાજમાં ઈલેક્શન જેવું રાખ્યું જ નથી. સિલેક્શનથી જ પ્રમુખ નિમાય છે.'

સ્વામીશ્રી આ સાંભળીને કહે : 'બહુ જ સારામાં સારું. એમાં વિકાસ થશે. બાકી ઈલેક્શનમાં તો સૌ સૌના વિચારો જુદા પડે અને વિરોધ થાય, એટલે સંપ ન રહે અને વિકાસ ન રહે.'

•

તા. ૩-૭-૨૦૧૦, દિલ્હી

'आपकी अदालत' દ્વારા ઇન્ડિયા ટીવીને પ્રસિદ્ધિ અપાવનાર વિખ્યાત ટીવી-ચેનલના સૂત્રધાર રજત શર્મા દર્શને આવ્યા હતા. તેઓ ઇન્ડિયા ટી.વી.ના માલિક છે. અહીં એક વાર અનાયાસે જ અક્ષરધામનાં તેઓ દર્શને આવ્યા પછી ખૂબ જ અભિભૂત થયેલા છે.

સ્વામીશ્રીનાં દર્શન કર્યાં પછી તેઓ કહે : ''बहुत समय से आपको मिलने की इच्छा थी। मैं पहले यहीं अक्षरधाम देखने के लिए आया था। बहुत अच्छा है, विशाल है और एज्युकेटीव है। हर आदमी को यहाँ आना चाहिए। हमारा कल्चर क्या है उनका पता सबको होना चाहिए।

यह मंदिर देख के मेरे बेटे ने मुझे कहा, 'पापा ! मंदिर में इतना खर्च करने के अलावा होस्पिटल और स्कूल बनाई होती तो अच्छा नहीं था ?' तब मैंने कहा, 'अक्षरधाम जैसे मंदिर में आकर दश व्यक्तियों को भी होस्पिटल और स्कूल बनाने की प्रेरणा मिले तो भी इस मंदिर से काम हो गया समज। ऐसी इन्स्टिट्यूट होनी चाहिए जो लोगों को ऐसी प्रेरणा दे।' यहाँ जो सफाई है वो हर जगह हर मंदिर में होनी चाहिए। मेरी यही शिकायत है कि बड़े बड़े कितने मंदिर हमारे देश में हैं, लेकिन स्वच्छता नहीं होती! अक्षरधाम यही जगह है कि यहाँ स्वच्छता होती है। यहाँ आने से वाकई में अंदर से स्पिरिच्युअल भावना निकलती है। आप ऐसा अभियान चलाइये कि देश के सब मंदिर की सफाई हो और देश के सब मंदिर की सफाई काम आप ही संभाल लीजिए।''

સ્વામીશ્રી કહે : 'धार्मिक स्थानों से कुछ अच्छा करने के लिए हमें प्रेरणा मिलती है। मंदिर हो, शास्त्र हो या संत हो, उनसे ऐसी प्रेरणा मिलती है। जिसको प्रेरणा मिलती है वो देश के लिए और समाज के लिए प्रामाणिकता से अच्छा काम करेगा। नीतिनियम और प्रामाणिकता हो तो अच्छा काम होता ही है और नीतिनियम न हो तो लोग दूसरी प्रवृत्ति में लग जाते हैं। इसलिए इन सब की जरूरत है।'

રજત શર્મા કહે : 'बड़ी डिग्री पाकर अपनी केरियर छोड़ के जो लोग यहाँ इस काम में लगे हुए हैं उनको देख के मुझे प्रेरणा मिली है। इन्डिया टीवी के माध्यम से आपका काम आगे बढ़ाने में कुछ भी कर सकूँ तो हमें बतलाइएगा।'

સ્વામીશ્રી તેઓની ભાવનાથી ખૂબ રાજી થયા અને તેઓને આશીર્વાદ આપ્યા.

•

હરિયાણાના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર હુડાને સ્વામીશ્રી

મળ્યા. તેઓ નાનપણમાં ગુજરાતમાં ભણ્યા હતા. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : 'દેશમાં સુખ-શાંતિ થાય, પ્રજા સુખી થાય, વિકાસ સારો થાય અને બધાના વિચાર સારા રહે એ આશીર્વાદ છે.'

ભૂપેન્દ્ર હુડા કહે : 'आपने ये बहुत अच्छा स्थान बनाया है। यहाँ आकर शांति और शुकुन मिलता है।'

•

એક મુમુક્ષુનો ફોન હતો. તેઓને એક દુઃસાધ્ય બીમારીમાંથી હવે સારું થઈ ગયું હતું. તેઓ કહે : ''બીમારી આવી ત્યારે આપે આશીર્વાદ આપ્યા હતા કે 'બેક્ટેરિયા નીકળી જશે ને પાછા આવશે નહીં.' એ વખતે હું હસતો હતો. મને આપનામાં શંકા હતી કે આવું તો કઈ રીતે બને ? પણ એવું જ બન્યું. માટે મને માફ કરજો.''

સ્વામીશ્રી કહે : 'ભગવાને દયા કરી છે. યોગી-બાપાના આશીર્વાદ છે. મનુષ્ય તરીકે શંકા થાય, પણ ભગવાન અને સંતની દયા હોય છે. પોતાના માન્યા છે એટલે ધ્યાન રાખે છે અને રાખશે.'

•

તા. ૪-૭-૨૦૧૦, દિલ્હી

અત્યારે ભોજન દરમ્યાન સ્વામીશ્રી 'સ્વામિનારાયણ પ્રકાશ'નું શ્રવણ કરી રહ્યા હતા. લીંબડીમાં ઊજવાયેલા મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનો અહેવાલ વંચાઈ રહ્યો હતો. મંદિરના વર્ણનમાં એવું આવ્યું કે પૂર્વમુખે મંદિર શોભી રહ્યું છે. આ સાંભળતાં જ વાંચનને અટકાવીને સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'પૂર્વમુખે નથી.' એમ કહીને મને કહે : 'તપાસ કરજો.'

મેં સંતસ્વરૂપ સ્વામીને ફોન કર્યો, એટલે તેઓએ કહ્યું : 'મંદિર ઉત્તરમુખે છે.'

સ્વામીશ્રી કેટલું ઝીણવટથી સાંભળી પણ શકે છે અને નિરીક્ષણ પણ કરી શકે છે !

•

સ્વામીશ્રી પૂજા કરીને 'સર્વસ્વ'માં પધારી રહ્યા હતા. 'સર્વસ્વ'ના ચોકમાં સ્વામીશ્રી પ્રવેશ્યા એટલે અહીં બેઠેલા યુવકોએ એક સાથે સમૂહમાં *'ગુણાતીતોઽક્ષરમ્ બ્રહ્મ....॥'* એ શ્લોકનું ગાન કર્યું.

સ્વામીશ્રી તેઓને કહે : 'ભવબંધન ક્યા હૈ ?'

મુમુક્ષુ અજમેરા કહે : 'પતા નહીં.'

વાત સમજાવતાં સ્વામીશ્રી કહે : 'ये सब संसार जूठा है और दुःखवाला है। वो हमें छोड़ना है। वो कैसे छूटेगा ? भगवान और संत को जानने से।' આટલું કહીને સ્વામીશ્રી રૂમમાં પધાર્યા.

•

તા. ૫-૭-૨૦૧૦, દિલ્હી

'ભારતીય જનતા પાર્ટી'ના રાષ્ટ્રીય પ્રવક્તા અને આજે જ રાજ્યસભાના સભ્ય બનેલા તરુણ વિજયજી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. સ્વામીશ્રીએ હાર પહેરાવીને તેઓને આશીર્વાદ આપ્યા.

તરુણ વિજયજી ગુજરાતી પણ સારું જાણે છે. તેઓ કહે : 'આજે રાજ્યસભાના સદસ્યનો કાર્યભાર શરૂ થાય છે. તમારા આશીર્વાદ, કૃપા અને સ્નેહ છે જ, એટલે આ બન્યું છે. હું ફક્ત બેમાં જ માનું છું – એક, મારી માતામાં અને બીજા, પ્રમુખસ્વામી મહારાજમાં. હું માનું છું કે આ બધું જ ડિવાઈન પ્લાનિંગ છે કે મેં આજથી રાજ્યસભાનું કાર્ય શરૂ કર્યું ને આજે જ આપનાં દર્શન થયાં. ભગવાનની આ યોજના સમજું છું. આપનાં માર્ગદર્શનમાં રાષ્ટ્રની સેવા કરવા માગું છું. ધર્મ અને રાષ્ટ્રની સેવા કરી શકું એવા આશીર્વાદ આપો અને આ ક્ષેત્રમાં મારી બુદ્ધિ ભ્રષ્ટ ન થાય એવી પ્રાર્થના છે.'

સ્વામીશ્રી કહે : 'તમારા ઉપર ભગવાનની કૃપા છે જ.'

ખૂબ ભાવવિભોર થઈ તરુણ વિજયજી કહે : 'આપ એવા આશીર્વાદ આપો કે મને પૈસાની કોઈ લાલચ ન થાય, કેમ કે આ ક્ષેત્ર બહુ ગંદું છે.'

તેઓની આ પ્રાર્થનાથી પ્રસન્ન થતાં સ્વામીશ્રી કહે : 'वो बड़ी बात है। साधु जैसा जीवन है।'

વાતવાતમાં સ્વામીશ્રીએ એક સૂત્ર આપતાં કહ્યું : 'આવેશ અને ક્રોધ કમજોરીની નિશાની છે. એનાથી ક્યારેય સફળતા મળતી નથી.'

છેલ્લે સ્વામીશ્રીએ તેઓને માળા આપી અને રોજ ફેરવવા જણાવ્યું.

•

તા. ૭-૭-૨૦૧૦, દિલ્હી

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી પ્રેમકુમાર ધૂમલ તથા નાયબ મુખ્યમંત્રી કિસનકુમારને સ્વામીશ્રી મળ્યા. કિસનકુમાર સત્સંગી છે. વળી, અહીં નીલકંઠ વર્ણીના

અભિષેકમાં તેઓને ખૂબ શ્રદ્ધા છે.

સ્વામીશ્રીએ બંને મહાનુભાવોનું હાર પહેરાવીને સન્માન કર્યું. હિમાચલ પ્રદેશની કેટલીક વિશેષતાઓની વાત પ્રેમકુમાર ધૂમલે કરી અને પોતાના અનુભવની વાત કરતાં તેઓ કહે : 'सब से पहले गांधीनगर में आपके दर्शन का सुयोग मुझे प्राप्त हुआ था। जब मैं आपके दर्शन के लिए आया तब आपने पूछा कि आपकी समस्या पूरी हो गई ? तब सचमुच हिमाचल प्रदेश में कुछ पोलीटीकल समस्या थी। लेकिन आशीर्वाद ले के बहार आया, तब समाचार आया कि समस्या पूरी हो गई है।'

•

જયપુરથી આવેલા વેદમંગલ સ્વામીએ જયપુરના ભાવિકોની વિશેષતાઓની વાતો કરી. તેઓ કહે : 'ત્યાં બધામાં અંધશ્રદ્ધા બહુ. મંદિરે આવે એટલે તરત જ કહે, 'હાથ જુઓ છો ?'

સ્વામીશ્રી કહે : 'સૌને કહેવું કે તમારે ભગવાનનો યોગ રાખવો, ભગવાનની ભક્તિ કરવી.'

•

તા. ૮-૭-૨૦૧૦, દિલ્હી

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ દર્શને આવ્યા. ૫૨ વર્ષના તેઓ ખૂબ જ મુમુક્ષુ છે. સ્વામીશ્રીએ હાર પહેરાવીને તેઓનું સન્માન કર્યું. પછી તેઓ કહે : 'मेरा सौभाग्य है कि आपके दर्शन हुए।'

સ્વામીશ્રી કહે : 'वैसे तो आप बहुत व्यस्त हैं, लेकिन भगवान के दर्शन के लिए समय निकाला और यहाँ आये वो अच्छी बात है।'

શિવરાજસિંહ કહે : 'मैं सदैव सन्मार्ग पे चलता रहूँ और मेरी बुद्धि भ्रष्ट न हो ऐसा आशीर्वाद भी दीजिए।'

સ્વામીશ્રી કહે : 'भगवान ने बुद्धि दी है, और देश की सेवा ठीक से करते हैं, वह भगवान की कृपा है।'

શિવરાજસિંહ કહે : 'कभी अहंकार पैदा न हो, ऐसा आशीर्वाद दीजिए।'

સ્વામીશ્રી કહે : 'भगवान सर्व कर्ता हैं, ऐसा मानने से अहंकार नहीं आता है। जो कुछ करते हैं वो भगवान करते हैं।'

શિવરાજસિંહ કહે : 'यहाँ आते वक्त मैं सोचता था कि आप जैसे महापुरुष के पास जा रहा हूँ तो कुछ मागना है। मेरी यही विनती है कि हंमेशा सद्‌बुद्धि बनी रहे, हंमेशा सन्मार्ग उपर चलता रहूँ और मेरे प्रदेश का विकास कर सकूँ, लोगों का भला कर सकूँ। क्योंकि आजकल लोकतंत्र में जो बुराइयाँ है, उससे चेतना आवश्यक है। लोग जब आते हैं तब सेवा के लिए आते हैं, लेकिन सेवा की वज़ह सत्ता में ध्यान केन्द्रित हो जाता है और सेवा पर स्वार्थ हावी हो जाता है, फिर घमंड पैदा हो जाता है कि प्रजा है वो मानो खेत की मूली है। जिसके लिए आया था वो काम भूल कर सत्ता के पीछे दौड़ने लगता है। मैं समझता हूँ कि समाज के लोगों का मन ठीक करने का काम आप जैसे महापुरुष ही कर सकते हैं, बाकी वोट की राजनीति में ये सब शक्य नहीं है।'

સ્વામીશ્રી કહે : 'आपके विचार अच्छे हैं और भावना अच्छी है। आपकी इच्छा पूरी होगी। भगवान कर्ताहर्ता हैं, ऐसे मान के देश की सेवा करना। आप के उपर भगवान की कृपा है, तभी अच्छे विचार रहते हैं।'

શિવરાજસિંહ કહે : 'मैं मध्यप्रदेश का कार्यभार संभाल रहा हूँ। आपको इस बारे में कुछ लगता हो तो बताइए, हमको राह दिखाइये।'

સ્વામીશ્રી કહે : 'प्रामाणिकता से देश की सेवा होती रहे, भगवान की कृपा से बुद्धि अच्छी रहे ऐसी प्रार्थना, और संगठन मज़बूत बनाइए।'

શિવરાજસિંહ અત્યંત મુમુક્ષુ છે. તેઓ રોજ ગીતાપાઠ કરે છે. નાનપણથી તેઓનું બેકગ્રાઉન્ડ આધ્યાત્મિક છે. ગીતાનો બારમો અધ્યાય ભક્તિયોગ તેઓને સૌથી વધારે પ્રિય છે. તેઓ ભક્તિયોગના ત્રણ-ચાર શ્લોક પણ મોઢે બોલ્યા. વળી, જિજ્ઞાસાથી કહે : 'अक्षरधाम क्यों कहते हैं ?'

તેઓના આ પ્રશ્ન ઉપર આત્મસ્વરૂપ સ્વામી, વિવેકસાગર સ્વામી વગેરે સંતોએ અક્ષર અને પુરુષોત્તમનો મહિમા બતાવ્યો.

છેલ્લે તેઓ કહે : 'आनंद की बात यह है कि ऐसे पढ़े-लिखे क्वोलिफाइड लोगों ने इस कार्य के लिए अपनी सारी जिंदगी लगाई है।'

સ્વામીશ્રીએ છેલ્લે તેઓને માળા આપી. તેઓની મુમુક્ષુતા નિહાળીને રાજી થયા અને ભગવાન

સ્વામિનારાયણની પરાવાણીનો ગ્રંથ વચનામૃત પણ ભેટમાં આપ્યો.

•

તા. ૯-૭-૨૦૧૦, દિલ્હી

દિલ્હી અક્ષરધામમાં નવા સાજ સજીને તૈયાર થયેલા અલંકૃત ગર્ભગૃહમાં વિરાજમાન મૂર્તિની પુનઃસ્થાપના નિમિત્તે જ સ્વામીશ્રી અહીં પધાર્યા હતા. આ પ્રતિષ્ઠાનો સમય જેમ જેમ નજીક આવતો હતો તેમ તેમ પ્રતિષ્ઠાના આયોજનની ચર્ચાઓમાં સ્વામીશ્રી વધુ ને વધુ વ્યસ્ત થતા જતા હતા. ખાસ કરીને ઘુમ્મટમાં બેસનારા હરિભક્તોની બેઠક-વ્યવસ્થા અને દેશ-વિદેશથી આવતા હરિભક્તોના ઉતારાથી લઈને અનેકવિધ બાબતોની મિટિંગોમાં સ્વામીશ્રી વ્યસ્ત રહેતા. વળી, દિલ્હી રાજધાની હોવાને કારણે અનેક રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય મહાનુભાવો પણ સ્વામીશ્રીનાં દર્શને અને મુલાકાત માટે સતત આવતા રહેતા હતા. આજે જ ઉત્તરાખંડ રાજ્યના મુખ્યમંત્રી શ્રી રમેશજી દર્શને આવ્યા હતા. આવી અતિ વ્યસ્તતા હતી, પરંતુ આ બધાની વચ્ચે પણ દેશ-દેશાવરથી નાના-મોટા હરિભક્તોના પત્રો આવ્યા હોય એને જવાબ આપવાનું સ્વામીશ્રી ચૂકતા નહીં. આજે પણ આદિવાસી ગામ નાનાપોંઢા ગામથી આવેલા શૈલેશભાઈ હળપતિના પત્ર માટે સ્વામીશ્રીએ સમય ફાળવ્યો. ખાસ તો ઘરની આજુબાજુમાં પાણી માટે બોર કરાવવાની ઇચ્છા હતી અને નિશાની કરી આપવા વિનંતી કરી હતી.

સ્વામીશ્રીએ પ્રેમથી એ નકશો જોયો અને બે-ત્રણ મિનિટ પછી કહે : 'ઉત્તર દિશામાં બોર કરે.'

•

ઉત્તરાખંડના મુખ્યમંત્રી રમેશજી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. તેઓ 'નિઃશંક' ઉપનામ સાથે કવિતાઓ પણ રચે છે. તાજેતરમાં કુંભમેળામાં એક જ દિવસમાં ૧,૬૬,૦૦,૦૦૦ મુમુક્ષુઓ સ્નાન કરવા આવ્યા ત્યારે તેઓએ ખૂબ સુંદર વ્યવસ્થા કરી હતી. સ્વામીશ્રીએ તેમની ધર્મભાવનાને બિરદાવી પ્રસન્નતાપૂર્વક આશીર્વાદ આપ્યા.

•

મુંબઈના વયોવૃદ્ધ હરિભક્ત હર્ષદભાઈ બક્ષી ખાટલામાંથી પડી ગયા હતા. સ્વામીશ્રીએ તેઓને ફોન દ્વારા આશીર્વાદ આપ્યા. તેઓ માટે ભલામણ કરતાં સ્વામીશ્રીએ અભયસ્વરૂપ સ્વામીને કહ્યું : 'યોગી-બાપાના વખતના જૂના હરિભક્ત છે, સેવાભાવી છે, સારી સેવા કરી છે. એમનું ધ્યાન રાખજો, એમને અત્યારે કાંઈ જરૂર હોય તો મદદ કરજો.'

•

તા. ૧૦-૭-૨૦૧૦, દિલ્હી

ભારતના પ્રસિદ્ધ ઉદ્યોગપતિ ગંગાપ્રસાદજી બિરલાજીના સુપુત્ર ચંદ્રકાન્તભાઈ બિરલા આજે દર્શને આવ્યા હતા. વરસો સુધી હિન્દુસ્તાન મોટર્સ દ્વારા એમ્બેસેડર ગાડીનું નિર્માણ કરીને ભારતના કાર-ઉદ્યોગમાં એકચક્રી શાસન કરનારા બિરલા ગ્રુપના તેઓ વારસ છે અને અત્યારે પણ હિન્દુસ્તાન મોટર્સ સહિત અનેક ધંધાઓનું સામ્રાજ્ય તેઓનું છે. સામાજિક અને આધ્યાત્મિક સેવા રૂપે હિન્દુ મંદિરોનું નિર્માણ તેઓ કરી રહ્યા છે, અનેક સ્કૂલો પણ કરી રહ્યા છે. તેઓ સ્વામીશ્રીને કહે : 'आपने इस अक्षरधाम का निर्माण करके बहुत बड़ी सेवा की। अक्षरधाम के कारण, आज सब जगह हिन्दू धर्म का जय जयकार हो रहा है। बाकी आजकल लोग धरम के नाम पर डरते हैं और पीछे हो जाते हैं।'

સ્વામીશ્રી કહે : 'भगवान के लिए जो हो सके वो करना चाहिए, और समाज और गरीबों के लिए भी युनिवर्सिटी, होस्पिटल सब बनाना चाहिए।'

તેઓએ પોતાના પરિવાર દ્વારા આવાં સત્કાર્યો થતાં જ રહે તેવા આશીર્વાદ સ્વામીશ્રી પાસે માગ્યા.

•

તા. ૧૧-૭-૨૦૧૦, દિલ્હી

વીનકોન નામની મોબાઇલ કંપનીના માલિક દર્શને આવ્યા હતા. તેઓના બે સુપુત્રો પણ સાથે હતા. નાના શિશુને સ્વામીશ્રીએ પ્રસાદનું બૉક્સ આપ્યું તો નાનાએ તરત જ કહ્યું : 'મોટાભાઈને પહેલાં આપો.'

સ્વામીશ્રી આ ભાવના જોઈને ખૂબ રાજી થયા અને એને કહે : 'તારી ભાવના ખૂબ સારી છે. એટલે ભગવાન તને વધારે આપશે.'

•

મુલાકાતો દરમ્યાન એક હરિભક્તના સુપુત્રોને સ્વામીશ્રી કહે : 'એમના સ્વભાવની તો આપણને ખબર

છે, પણ એ સ્વભાવ સામે જોવાનું નથી. તમે, તમારાં ઘરનાં અને છોકરાઓ – બધાએ બાપુજીની સેવા કરવાની છે અને કાયમ કરજો.'

•

યુ.એસ.એ.થી ડૉ. મહેન્દ્રભાઈ તથા તેઓના બે ભાઈઓ મધુસૂદનભાઈ અને ભરતભાઈ દર્શને આવ્યા હતા. મધુસૂદનભાઈનો એકનો એક સુપુત્ર અક્ષર અકાળે યુવાવસ્થામાં અક્ષરનિવાસી થયો હતો, પરંતુ તેઓ તથા તેઓના પરિવારે જે અનન્ય નિષ્ઠાથી દૃઢતા રાખી હતી એ સત્સંગીઓ અને સૌ માટે પ્રેરણારૂપ હતી. અક્ષરના ધામમાં ગયા પછી મધુસૂદનભાઈ પહેલી જ વખત સ્વામીશ્રીને મળી રહ્યા હતા. સ્વામીશ્રી સમક્ષ આવતાં જ તેઓ બળથી બોલ્યા : 'જેના ગુરુ અક્ષર હોય એ અક્ષરરૂપ કરે અને અક્ષરધામમાં લઈ જાય.'

સ્વામીશ્રી કહે : 'અક્ષર અક્ષરધામમાં બેસી જ ગયો છે.'

•

તા. ૧૨-૭-૨૦૧૦, દિલ્હી

આજે ન્યૂજર્સીના રોબિન્સ વિલમાં બંધાનાર સ્વામિનારાયણ અક્ષરધામ સંકુલમાં બંધાનાર ભવ્ય કલાત્મક શિખરબદ્ધ મંદિર અને આનુષંગિક સભાગૃહ વગેરેના શિલાન્યાસ માટેનો વેદોક્ત શિલાપૂજનવિધિ સ્વામીશ્રીએ કર્યો. ભારતીય સ્થાપત્ય શૈલી પ્રમાણે હિન્દુ મંદિર અને પ્રાર્થના હૉલ માટેનો આ શિલાન્યાસવિધિ સંપન્ન કર્યા પછી સ્વામીશ્રીએ દરેક શિલાનું પૂજન કર્યું. અમેરિકાથી આવેલા હરિભક્તો સામે બેઠા હતા. અન્ય હરિભક્તો વડે પણ હૉલ ભરાયેલો હતો.

સભામંડપમાં જ નીચે હર્ષદભાઈ ચાવડા ઊભા હતા. સ્વામીશ્રીની દૃષ્ટિ તેઓ ઉપર પડી અને તરત જ ઈશ્વરચરણ સ્વામીને બોલાવીને કહ્યું : 'હર્ષદનો પરિચય આપો.'

સ્વામીશ્રીની આજ્ઞાથી પ્રવક્તા અક્ષરવત્સલ સ્વામીએ હર્ષદભાઈ ચાવડાના યોગદાનને વર્ણવ્યું. હર્ષદભાઈ ચાવડાએ દિલ્હીના અક્ષરધામના તમામ પથ્થરોની કોતરણીની જવાબદારી અદા કરી હતી. એ જ રીતે ન્યૂજર્સીના અક્ષરધામ તથા મંદિર માટે પથ્થરોની કોતરણી અને પથ્થરો મોકલવાની જવાબદારી તેઓ સંભાળવાના હતા. સ્વામીશ્રીએ તેમને નજીક બોલાવીને તેમના પર પુષ્પવૃષ્ટિ કરી પ્રસન્નતા દર્શાવી. સ્વામીશ્રી કોઈની સેવાઓને ક્યારેય વીસરતા નથી.

•

જયપુરથી આવેલા વેદમંગલ સ્વામી સ્વામીશ્રીને કહે : 'બાપા ! આપ ગોળી કેમ ખાઓ છો ?'

સ્વામીશ્રી કહે : 'ખાવી તો પડે ને ! શરીરના ભાવ છે.'

તેઓ કહે : 'એક વર્ષ પહેલાં અહીં જ આપે આશીર્વાદ આપ્યા અને મારે ગોળી ખાવાની મટી ગઈ. મારો રોગ પણ મટી ગયો.'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'ક્યારેક તમે બીમાર થાવ ને ગોળીઓ ખાવાનું થાય ત્યારે એ વખતે તમને બધાને બળ રહે કે સ્વામી પણ ગોળી ખાય છે; એટલે ગોળી ખાઈએ છીએ.'

•

તા. ૧૩-૭-૨૦૧૦, દિલ્હી

યુગાન્ડાના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરને ૫૦ વર્ષ પૂરાં થતાં હતાં. આ નિમિત્તે ઊજવાતા 'સુવર્ણ જયંતી મહોત્સવ' પ્રસંગે સ્વામીશ્રીને આફ્રિકા પધારવા માટેનું આમંત્રણ આપવા માટે ઈસ્ટ આફ્રિકા સત્સંગ મંડળના અગ્રણી હરિભક્તો અહીં આવ્યા હતા. તેઓની એક ખાસ મિટિંગ આવતીકાલે સવારે રાખવામાં આવી હતી. આજે સાંજે સ્વામીશ્રી કહે : 'જો કોઈ નીકળવાના ન હો તો મિટિંગ સાંજે રાખીએ, કારણ કે સવારે સમય ઓછો મળે છે.'

સ્વામીશ્રીની સૂચના અનુસાર સૌ સભ્યોને પૂછવામાં આવ્યું, સૌ રાજી થયા.

આ જ સંદર્ભમાં વાત નીકળતાં સ્વામીશ્રી કહે : 'દરેક હરિભક્તના મન સચવાવા જોઈએ. મન સાચવ્યાં છે ત્યારે આટલો સત્સંગ વધ્યો છે, બધાને સાંભળ્યા છે. યોગીજી મહારાજે બધાને કેવા સાચવ્યા છે ! એમ હરિભક્તોને સાચવવા એ મોટી સેવા છે.'

•

અક્ષરધામના નૂતન ગર્ભગૃહમાં તને-મને-ધને સેવા કરનાર હરિભક્તોને બોલાવીને આજે સાંજે સ્વામીશ્રીએ સૌને જાતે શાલ ઓઢાડી હતી. આ હરિભક્તો પૈકી કંપાલાથી આવેલા હરીશભાઈ ભૂપતાણી સ્વામીશ્રી પાસે આવીને કહે : 'ब्रह्मधामदर्शकाय नमः ।'

સ્વામીશ્રી કહે : 'તમારી ભક્તિ એવી છે ને એ ભક્તિ વધતી જાય. મહિમા સહિત ભક્તિ વધતી જાય એ આશીર્વાદ છે.'

હરીશભાઈ કહે : 'અમારા બધા પરિવારને રંગ લાગે એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'ધીરે ધીરે થઈ જશે.'

હરીશભાઈ કહે : 'પણ એટલો ટાઈમ ક્યાં છે ?'

કિશોરભાઈ ભૂપતાણી કહે : 'પ્રયત્નથી કે પ્રારબ્ધથી થાય કે કૃપાથી થાય ?'

સ્વામીશ્રી કહે : 'કૃપા થાય તો જ ભગવાન અને સંત મળે. ભક્તિ કરતાં કરતાં કૃપા પણ થાય. મહારાજ તમારા સૌ ઉપર કૃપા જરૂર કરશે અને બેડો પાર થઈ જશે.'

•

ગઈકાલે નૂતન ગર્ભગૃહના ઉદ્‌ઘાટન પ્રસંગે સંસ્થાના વિદ્વાન સંત ભદ્રેશ સ્વામીએ અજોડ ગર્ભગૃહના વર્ણન સાથે ભગવાન સ્વામિનારાયણને ભાવવંદના કરતા શ્લોકો રચ્યા હતા. આજે ઠાકોરજી જમાડતી વખતે સામે બેઠેલા ભદ્રેશ સ્વામીને જોઈને સ્વામીશ્રીએ કહ્યું : 'શ્લોકો સારા રચ્યા, પણ એમાં યોગીજી મહારાજનું કાંઈ આવ્યું નહીં. એટલે યોગીજી મહારાજના પણ શ્લોક રચો.'

સ્વામીશ્રીની આજ્ઞાથી તેઓએ તરત જ અનુષ્ટુપ છંદમાં શ્લોક રચી દીધા.

अक्षरधामनिर्माणे संकल्पो योगिस्वामिनः।
तं पूरयति भक्त्याऽयं प्रमुखो गुरुवत्सलः॥
प्रमुखगुरवे साक्षाद् भूयो भूयो नमो नमः।
येनेदं रचितं भव्यम् अक्षरं धाम मुक्तिदम्॥

સ્વામીશ્રી રાજી થયા અને થાળમાં મૂકવામાં આવેલા ત્રણ લાડુની પ્રસાદી તેઓને આપી.

•

તા. ૧૫-૭-૨૦૧૦, દિલ્હી

મુલાકાત દરમ્યાન ગોયેલ નામના એક મુમુક્ષુ સ્વામીશ્રીને કહે : 'भक्ति कैसे बढ़े ?'

સ્વામીશ્રી કહે : 'भगवान के नाम में सब कुछ है। हररोज स्वामिनारायण... स्वामिनारायण... करना। पूजापाठ करना और भगवान का आशरा दृढ़ करना तो भक्ति बढ़ेगी।'

•

તા. ૧૬-૭-૨૦૧૦, દિલ્હી

એસ્સાર ગ્રૂપના માલિક રવિ રુઈયાના સસરા અને એલ.એમ.એલ. સ્કૂટર ઉદ્યોગના માલિક બાલકૃષ્ણ શ્રિયા દર્શને આવ્યા હતા. તેઓનાં ધર્મપત્ની અત્યંત બીમાર હતાં ત્યારે સારવાર કરવા માટે તેઓને અમેરિકા લઈ ગયા હતા. એ વખતે આપણા સંનિષ્ઠ યુવક સી. જે. પટેલે સ્વામીશ્રીની આજ્ઞાથી ખૂબ સેવા કરી હતી. સ્વામીશ્રીએ પણ એ વખતે બાલકૃષ્ણભાઈને આશીર્વાદ આપ્યા હતા કે 'આપનાં પત્નીની આવરદા વધી જશે.' ડૉક્ટરોએ ૬ મહિના જ આયુષ્ય કહ્યું હતું, પરંતુ સ્વામીશ્રીના આશીર્વાદથી સાત વર્ષ તેઓ જીવ્યાં.

સ્વામીશ્રીનો આ દિવ્ય અનુગ્રહ તેઓના જીવમાં છે અને એટલે જ સંતો જ્યારે જ્યારે તેઓના શહેરમાં જાય ત્યારે ખાસ બધી જ રીતે તેઓ સહકાર આપતા રહ્યા છે. આજે સ્વામીશ્રીનાં દર્શને આવેલા તેઓએ ભક્તિ વધતી રહે તેવા આશીર્વાદ માગ્યા. સ્વામીશ્રી પ્રસન્ન થયા.

•

લંડનના સંનિષ્ઠ હરિભક્ત ચંદ્રકાન્તભાઈ પૂજારા દર્શને આવ્યા. તેઓ કહે : 'અક્ષરધામમાં જઈને વળી પાછા અહીં આવવું છે, જેથી વધારે ને વધારે સેવા થાય.'

સ્વામીશ્રી કહે : 'મહારાજની આજ્ઞા હોય તો આવજો.'

ચંદ્રકાન્તભાઈ કહે : 'તમે ચિઠ્ઠી કરી દેજો ને !'

સ્વામીશ્રી કહે : 'वो तो हुकम होना चाहिए, ऐसे चिट्ठी नहीं लिखी जाती है।'

તેઓને સ્વામીશ્રીએ નાડાછડી બાંધી. એ જ રીતે તેઓના ભત્રીજા કુમારભાઈને પણ સ્વામીશ્રીએ નાડાછડી બાંધી. નાડાછડી બાંધતાં સ્વામીશ્રી કહે : 'दुनिया का बंधन छूट गया और भगवान के बंधन में आ गया।'

•

તા. ૧૭-૭-૨૦૧૦, દિલ્હી

વડાપ્રધાન મનમોહનસિંહના પ્રિન્સિપલ સેક્રેટરી ટી. કે. નાયર દર્શને આવ્યા હતા. નાયર અક્ષરધામ જોઈને ખૂબ પ્રભાવિત હતા. સ્વામીશ્રીને કહે : 'आपकी संस्था बहुत बढ़िया है। सारे भारतवर्ष के लोग आपकी प्रशंसा ही करते है।'

સ્વામીશ્રી કહે : 'भगवान की कृपा से सब होता है।'

નાયર સાહેબ કહે : 'दिल्ली में वैसे तो रेडफोर्ट, राष्ट्रपति भवन जैसा दिखने लायक है, लेकिन आध्यात्मिक क्षेत्र में कुछ नहीं था। आपने यह उत्तम स्थान बनाया है और बोट-राइड का विचार जिसका हो वो तो बहुत अद्‌भुत है।'

આત્મસ્વરૂપ સ્વામી કહે : 'वो स्वामीजी का ही विचार है।'

સ્વામીશ્રી કહે : 'भगवान का विचार है। वहाँ से प्रेरणा मिलती है। योगीजी महाराज का संकल्प था और संकल्प दृढ़ था कि यमुना के किनारे ही मंदिर करना है। जो हुआ है वो उनकी प्रेरणा से ही हुआ है।'

નાયર સાહેબ કહે : 'भारत के हरेक नागरिक और हरेक बच्चे को ये देखना चाहिए। बच्चों को भारत और भारत की संस्कृति के बारे में जानकारी मिले वो बहुत अच्छा है।' વળી, નાયર સાહેબ કહે : 'आपके जो सेवाधारी सेवक हैं, वे भी बहुत अच्छे हैं। ग्रेट इन्स्टिट्यूशन, वेरी गुड पिपल, बहुत अच्छी संस्था है। आनेवाले दिनों में दिन-प्रतिदिन अक्षरधाम की ख्याति बढ़ती रहेगी। साउथ से भी बहुत लोग आते हैं। मेरे यहाँ आकर यहाँ पहुँच जाते हैं।'

સ્વામીશ્રીએ છેલ્લે નાયર સાહેબને હાથી ભેટ આપ્યો અને વડાપ્રધાન મનમોહનસિંહને આપવા માટે પણ પથ્થરમાંથી કોતરેલો હાથી ભેટ આપ્યો ને પ્રસાદ પણ મોકલાવ્યો.

•

તા. ૧૯-૭-૨૦૧૦, દિલ્હી

અમેરિકન એમ્બેસીના કોન્સલ જનરલ શ્રી જીમ દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીને તેઓ કહે : 'મને અને મારા પરિવારને આજે અક્ષરધામનાં દર્શન થયાં એ બદલ હું આપનો આભાર માનું છું. અક્ષરધામનો જે સંદેશ છે કે પોતે જ નિર્ભય રહીને કઈ રીતે જીવન જીવવું અને મૂલ્યોને જીવનમાં રાખીને કઈ રીતે રહેવું, એ મને બહુ સ્પર્શી ગયો છે. અહીં જે કામ થાય છે એ સમાજના ઉત્કર્ષ માટે ખૂબ જરૂરી છે. આપની જે ભાવના છે એ વૈશ્વિક છે. આપે બધાને સમાવવાનો પ્રયત્ન કર્યો છે. વિશ્વને આપના સંદેશની ખૂબ જરૂર છે. હું તો માનું છું કે બધાએ અહીં આવવું જોઈએ. બીજાની સંભાળ રાખવી, બીજાને પ્રેમ આપવો, એવો આપે સંદેશ આપ્યો છે. આ સંદેશ હું મારી સાથેના માણસો સાથેના વ્યવહારમાં અમલમાં ઉતારીશ.'

સ્વામીશ્રી કહે : 'તમે બધું જોયું છે એનાથી આપને પ્રેરણા મળશે. વળી, ભગવાનનાં દર્શન થયાં છે એટલે વધારે પ્રેરણા મળશે.'

શ્રી જીમ કહે : 'લોકોમાં આનંદ લાવવો એ મને ગમે છે. એટલે આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી તરત જ કહે : 'Blessing you.'

છેલ્લે સ્વામીશ્રીએ તેઓને માળા આપી અને તેઓના કપાળમાં ચાંદલો કરતાં કહે : 'टीका कर दिया, आप स्वामिनारायण हो गये।'

તેઓ વાતવાતમાં ખૂબ ખડખડાટ હસતા હતા. આ જોઈને સ્વામીશ્રીએ તેઓને યોગીજી મહારાજનો ફોટો બતાવીને કહ્યું : 'યોગીજી મહારાજ પણ તમારી જેમ ખૂબ હસતા, અખંડ આનંદમાં રહેતા.'

કોઈની ક્રિયામાં પોતાના ગુરુને જોવા એ પણ પરમ પ્રેમરૂપા ભક્તિ જ છે ને !

•

તા. ૨૦-૭-૨૦૧૦, દિલ્હી - બોચાસણ

સ્વામીશ્રી દિલ્હીથી વિદાય લઈને વડોદરા જઈ રહ્યા હતા. વિમાનમાં કેટલાક હરિભક્તો સાથે હતા. આ હરિભક્તોને સ્વામીશ્રી વારાફરતી મળતા હતા. આ હરિભક્તો પૈકી મળવા આવેલા નીરજ તન્ના સ્વામીશ્રીને કહે : 'જે કંઈ છે એ આપને લીધે છે એમ હું માનું છું. બસ, હવે આપણી પ્રીત ન તૂટે એવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'એ તો તારે જોવાનું છે ને !'

નીરજ તન્ના કહે : 'પણ હાથ તમારે પકડી રાખવાનો છે ને !'

સ્વામીશ્રી કહે : ''ગમે તેમ થાય, આપણા નિયમ-ધર્મ પાકા જ રહેવા જોઈએ. 'ભગવાન બધું જુએ છે' એમ અંતર્યામી માનીને જીવન જીવવું. ખાવા-પીવામાં કે ક્યાંય આઘુંપાછું ન થવું જોઈએ.''

એ જ રીતે હરીશભાઈ ભૂપતાણી દર્શને આવ્યા. તેઓ કહે : 'અમારા ઘરમંદિરમાં અમે રોજ થાળ કરીએ છીએ, તો અત્યારે આપ જેવી રીતે જમો છો એ જ રીતે

અંગીકાર કરો છો ને ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન જમે જ છે. ભલે દેખાય નહીં, પણ જમે જ છે. જો આ વાત ન સમજીએ તો નાસ્તિકભાવ આવી જાય.'

વળી, હિતેશ કોન્ટેક્ટ (વોશિંગ્ટન) દર્શને આવ્યા. હિતેશ કહે : 'અમારો સંકલ્પ તો એ છે કે આપને સોને મઢવા છે.'

સ્વામીશ્રી કહે : 'સાધુને તો શ્રીજીમહારાજે નિષેધ જ કર્યો છે. આપણને સાધુને તો એવું કાંઈ હોય જ નહીં. ભગવાનને મઢીએ એટલી આપણી શોભા.'

હિતેષ કહે : 'ભગતજી મહારાજ કહેતા કે જો મને સોને મઢવો હોય તો દરેક હરિભક્તનો મહિમા સમજો.'

સ્વામીશ્રી કહે : 'બસ, એ બરાબર છે. બધાનો મહિમા સમજીને કામ કરવું. જે બધાનો મહિમા સમજશે એ મારી પાસે આવશે. નાના-મોટા બધાનો મહિમા સમજવો. એ બધું સમજાય તો અહમ્ રહે નહીં.'

હિતેષ કહે : 'મારો તો સંકલ્પ છે કે ચાણસદ આખું ગામ ખરીદી લેવું છે.'

સ્વામીશ્રી કહે : 'એ બધું રહેવા દે. અહીં (અંતરમાં) જેટલો સત્સંગ થાય એટલો દુનિયાને થઈ ગયો. જોડા પહેરી લેવા. એમાં બધું આવી ગયું. એમાં શ્રીજીમહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને બધા મુક્તો આવી ગયા. સંતો-હરિભક્તો બધા એમાં આવી ગયા.'

છેલ્લે ઘનશ્યામ રામપરિયા આવ્યા. સ્વામીશ્રીને કહે : 'આપની દયાથી જ મોટા ધંધા છે. હવે સત્સંગ-પ્રધાન થઈએ એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'બહાર હરીએ-ફરીએ, બહાર ધંધા માટે જવાનું થાય, પણ સત્સંગ હંમેશાં પ્રધાન રાખવો. બુદ્ધિ સારી રહે, નિયમ-ધર્મની દૃઢતા રહે એ આશીર્વાદ છે.'

આ રીતે સાથે આવેલા તમામ હરિભક્તોને સ્વામીશ્રીએ અદ્‌ભુત સ્મૃતિલાભ અને પ્રેરણા આપ્યાં.

સ્વામીશ્રી જમીન ઉપર હોય કે આસમાનમાં, ભગવાનના ગુણ ગાયા વગર રહી શકતા નથી. તેઓની આ પરમ આસક્તિ અને કરુણા છે.

•

આજે વીસમી જુલાઈનો દિવસ હતો. બોચાસણમાં રાત્રે સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા વિરાજ્યા ત્યારે સામે બેઠેલા ભગવત્ચરણ સ્વામીએ યાદ કરાવતાં કહ્યું : 'પચીસ વર્ષ પહેલાં આજે ઠાકોરજીની સુવર્ણતુલા થઈ હતી. સ્વામીશ્રીને શું જમાડીશું ? સોનું જમાડીએ ?'

સ્વામીશ્રી જમતાં જમતાં કહે : 'બે હાથ જોડવા અને એ કહે એમ કરવું.'

સ્વામીશ્રીએ સોનું જમાડવાનો સોના જેવો વિશેષ અર્થ સમજાવી દીધો.

•

તા. ૨૨-૭-૨૦૧૦, બોચાસણ

પ્રાતઃપૂજામાં તિલક-ચાંદલો કર્યા પછી વધારાની લાઇટ બંધ કરવાની સૂચના આપી.

•

તા. ૨૩-૭-૨૦૧૦, બોચાસણ

રાત્રે સ્વામીશ્રી પોઢવા જઈ રહ્યા હતા. એ જ વખતે પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી ડૉ. અબ્દુલ કલામનો ફોન આવ્યો. આજે તેઓ ગાંધીનગર અક્ષરધામમાં વૉટર શૉ જોવા ગયા હતા. વૉટર શૉ સંબંધી પ્રતિભાવ આપતાં સ્વામીશ્રીને તેઓ કહે : 'આ કાર્ય કર્યું તે અત્યંત અદ્‌ભુત છે. મને ખૂબ આનંદ થયો. મારું માનવું છે કે ભારતની તમામ સ્કૂલોના તેરથી ઓગણીશ વર્ષના બધા જ વિદ્યાર્થીઓને આ બતાવવા જેવું છે.'

વળી, સ્વામીશ્રીની સાથે મળીને તેઓ જે પુસ્તક લખવા માગે છે એ પુસ્તકના લેખનની શરૂઆત કરવાનો આ ઉત્તમ દિવસ છે, એમ તેઓએ જણાવ્યું.

સ્વામીશ્રી કહે : 'તમારા કાર્યમાં સફળતા મળે તે આશીર્વાદ છે. આપે દિલ્હીમાં કહ્યું હતું એ મુજબ આપ ગાંધીનગર આવ્યા એથી અમે રાજી છીએ. આપનું આયુષ્ય સારું રહે ને સારાં કાર્યો થાય એ આશીર્વાદ છે.'

અબ્દુલ કલામ કહે : 'મેં અહીં જે એક નચિકેતાને જોયો, એવા હજારો નચિકેતા આપના દ્વારા ભારતમાં તૈયાર થાય એવી મારી ભાવના છે.'

સ્વામીશ્રી કહે : 'આપની ભાવના સારી છે. તે ભગવાન પૂરી કરે તે માટે પ્રાર્થના. આપ અમારા આમંત્રણને સ્વીકારીને અહીં આવ્યા તે બદલ આભાર.'

અબ્દુલ કલામ કહે : 'મારા માટે આજે આખો દિવસ આનંદનો છે.'

•

તા. ૨૪-૭-૨૦૧૦, બોચાસણ

ધર્મવિનય સ્વામીએ હિંમતનગર મંદિર-નિર્માણની પ્રવૃત્તિનો અહેવાલ આપ્યો. તેઓએ અહેવાલ આપવાનો શરૂ કર્યો ત્યાં જ સ્વામીશ્રી કહે : 'વરસાદ કેવો છે ?' વળી, ભુજથી આવેલા યોગીકૃષ્ણ સ્વામી પીરસવા આવ્યા ત્યારે તેઓને પણ પૂછ્યું : 'વરસાદ કેવો છે ?' મુનિદર્શન સ્વામી વાનગી લઈને આવ્યા ત્યારે તેઓને પણ પૂછ્યું : 'ભાદરામાં વરસાદ કેવો છે ?' આ રીતે જમતાં જમતાં પણ સ્વામીશ્રીએ વરસાદ સંબંધી ચિંતા કરી. જોકે સ્વામીની પ્રાર્થનાથી ભગવાને સર્વત્ર લીલાલહેર કરી દીધી હતી. બધે વરસાદના સારા સમાચાર હતા.

•

પરમવિવેક સ્વામી તથા જ્ઞાનવર્ધન સ્વામીએ પોતાના અભ્યાસની વિગતો જણાવી અને છેલ્લે સારંગપુરથી લાવેલો શાસ્ત્રીજી મહારાજના પ્રસાદીના મોગરાનો હાર સ્વામીશ્રીને પહેરાવ્યો.

હાર અંગીકાર કરતાં સ્વામીશ્રી બોલ્યા : 'હારની જેમ કોમળ થાવ, સુગંધીદાર થાવ, નિર્માની થાવ. ગમે એટલું ભણો, પણ દાસ-નિર્માનીપણું રહેવું જોઈએ.'

•

સાંજે સંસ્થાકીય મિટિંગ હતી. સૌથી પહેલાં સ્વામીશ્રી આવીને વિરાજી ગયા. લગભગ સતત સાડા ત્રણ કલાક સુધી સ્વામીશ્રી એકધારું મિટિંગમાં વિરાજ્યા. મિટિંગ પૂરી થયા પછી ટ્રસ્ટીઓને છેલ્લે પ્રસાદ આપ્યા પછી સ્વામીશ્રી રૂમમાં પધાર્યા, ત્યારે સંતોએ વિનંતી કરી કે 'આરામ કરો.'

સ્વામીશ્રી કહે : 'બસ ! સૂઈ જ જવાનું ?'

સાડા ત્રણ કલાકની મિટિંગના અંતે પણ સ્વામીશ્રી તો એવા જ સ્ફૂર્તિમાન હતા.

•

તા. ૨૫-૭-૨૦૧૦, બોચાસણ

સ્વામીશ્રી જ્યારે ભૂમિભ્રમણ કરી રહ્યા હતા એ દરમ્યાન જમણા પગના ઘૂંટણમાં ટચાકો આવી ગયો. ઘૂંટણની ગાદી બે સાંધા વચ્ચે ભરાઈ ગઈ હોવાથી ઘૂંટણની આજુબાજુ સોજો આવી ગયો. સ્વામીશ્રીને આંચકો લાગ્યો હોવાથી સણકો સખત વાગ્યો હતો, એટલે એક ડગલું માંડી શકતા ન હતા. ત્યાં ને ત્યાં જ ઊભા રહી ગયા. ભ્રમણ રદ કરીને સ્વામીશ્રીને પલંગમાં બેસાડવામાં આવ્યા. વૃદ્ધ અવસ્થામાં અવાર-નવાર આવી શારીરિક મર્યાદાઓ નડી જાય છે, છતાં સ્વામીશ્રી વિચરણ કરવામાં થાકતા નથી. સ્વામીશ્રીની આ કરુણા છે.

•

તા. ૨૬-૭-૨૦૧૦, બોચાસણ

શિકાગોથી યશવંતભાઈ અમીનનો ફોન આવ્યો. યશવંતભાઈ ખૂબ ઊંચી પદવી પર હોવાથી સ્વામીશ્રી તેઓને 'સાહેબ, સાહેબ' કરતા હતા. આ સાંભળીને યશવંતભાઈ કહે : 'આપ મને સાહેબ સાહેબ કરીને બોલાવો છો એ સારું નથી લાગતું. હું તો સેવક છું, આપનો દાસ છું.'

સ્વામીશ્રી કહે : 'દાસના દાસ થઈને જ સેવા કરવાની છે. દાસભાવે સેવા થાય એ આશીર્વાદ છે.'

•

અમેરિકાથી કનુભાઈ પટેલ(સી.ઈ.ઓ.)નો ફોન આવ્યો. ગુરુપૂર્ણિમા પછી એમનો ફોન આવ્યો હતો, તેથી તેઓ કહે : 'લેઈટ ગુરુપૂનમના જય સ્વામિનારાયણ.'

સ્વામીશ્રી કહે : 'આપણે ભગવાનનું ભજન કરીએ, સેવા કરીએ, ભક્તિ કરીએ, એટલે લેઈટ ક્યારેય થતા જ નથી.'

•

તા. ૨૭-૭-૨૦૧૦, બોચાસણ

અમેરિકાથી પ્રતીકભાઈનો ફોન હતો. તેઓ 'હરે કૃષ્ણ' સંસ્થાને અનુસરીને ભક્તિ કરે છે, પરંતુ સ્વામીશ્રી પ્રત્યે પૂજ્યભાવ છે. તેઓની ઇચ્છા હતી કે સ્વામીશ્રીના આશીર્વાદ લેવા કે મારા જીવનમાં ભક્તિ વિશેષ દૃઢ થાય. સ્વામીશ્રીએ આશીર્વાદ આપવાની શરૂઆત કરી અને તેઓ ગદ્‌ગદ થઈ ઊઠ્યા, રડવા લાગ્યા. સ્વામીશ્રી જેવા સત્પુરુષના આશીર્વાદ પામીને તેઓનું હૈયું ઊભરાઈ ગયું. સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપતાં કહ્યું : 'તમને ભાવ છે અને ભક્તિ કરો છો અને હજી વિશેષ સારી ભક્તિ કરી શકો તે માટે પ્રાર્થના કરી છે. આશીર્વાદ છે.'

•

તા. ૨૮-૭-૨૦૧૦, બોચાસણ

એક દક્ષિણ ભારતીય મુમુક્ષુ સ્વામીશ્રીને કહે :

'ત્રણેય અવસ્થાથી પર થવાનો રસ્તો શું છે ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનનો દૃઢ આશરો. રોજ ભગવાનની માળા કરજો અને પ્રાર્થના કરજો.'

•

તા. ૨૯-૭-૨૦૧૦, બોચાસણ

એક ભાઈ પોતાના પુત્રને લઈને આવ્યા હતા. આ પુત્ર ટપોરીઓના દીકરાઓના છંદે ચડીને અનેક પ્રકારનાં દૂષણોથી ઘેરાઈ ગયો હતો. બાળપણમાં સંસ્કાર હતા, પરંતુ યુવાનીમાં કુછંદને કારણે રિક્ષાવાળા જેવા સામાન્ય સ્થિતિના લોકો પાસેથી પૈસા પડાવતો થઈ ગયો હતો. આવા લોકો પાસે પૈસા પડાવ્યા પછી જો ફરિયાદ થાય તો પોલીસ અધિકારીનો દીકરો છોડાવી લાવે. આ રીતની આખી ગેંગમાં એ કર્તવ્યભાન ભૂલી ગયો હતો. એના રોજેરોજના આવા બેહૂદા વર્તનને કારણે માતા-પિતા દુઃખી હતાં. વળી, એને કારણે જ એના મોટાભાઈના દસ વર્ષ જૂના લગ્નસંબંધમાં પણ પ્રશ્નાર્થ સર્જાયો હતો. એની એકની એક બહેનનાં લગ્નમાં પણ આનું વર્તન જ આડું આવતું હતું. સામાન્ય આર્થિક પરિસ્થિતિ ધરાવતા આ પરિવારમાં દીકરો જાણે આફત બનીને આવ્યો હોય એમ સમસ્યાઓથી ઘેરાયેલાં માતાએ તાપી સુધી જઈને પડતું મૂકવાની તૈયારીઓ પણ કરી દીધી હતી. જોકે સત્સંગના શબ્દો સાંભળ્યા હતા, તેના કારણે એ પગલું માંડી વાળીને પોતાના દીકરાને સમજાવીને સ્વામીશ્રી પાસે મોકલ્યો હતો.

સ્વામીશ્રીએ આખી કથની સાંભળી અને પ્રેમથી એ છોકરાને સમજાવતાં કહ્યું : 'તું વિચાર કર. તારે લીધે કેટલા લોકો દુઃખી છે !? બધાને તારા માટે દુઃખ છે, માટે તું સુધર. આ બધા દુઃખી થાય છે એના કરતાં તું સુધરી જા અને સુખી થા ને ! આવા બધા કુસંગમાં જીવન બગડે છે એનું ધ્યાન રાખ. નિયમિત પૂજા કરજે અને સાથે સાથે સત્સંગ સભામાં પણ જજે.'

પેલા યુવકે સ્વામીશ્રીના સ્નેહભર્યા થોડાક જ નિઃસ્વાર્થ શબ્દોમાં જીવન-પરિવર્તનનું વચન આપી દીધું. એક પરિવાર બચી ગયો.


•

તા. ૩૦-૭-૨૦૧૦, બોચાસણ

લંડનથી આનંદપ્રિય સ્વામીનો ફોન આવ્યો. તેઓ સ્વામીશ્રીને કહે : 'પચીસ વર્ષ પહેલાં લંડનમાં સુવર્ણ-તુલા થઈ હતી એની સ્મૃતિસભા હતી. આપ લંડન આવ્યા નહીં, સભા સારી થઈ ગઈ.'

સ્વામીશ્રી કહે : 'અમે તો ત્યાં સભામાં આવ્યા હતા. તમારી દૃષ્ટિ બીજે હશે એટલે દેખાયું નહીં.'

પ્રસંગમ્



ઓગસ્ટ ૨૦૧૦

પ્રસંગમ્

રક્ષાબંધન

ભાવનગર, ૨૪-૮-૨૦૧૦



'આજે રક્ષાબંધનનો પવિત્ર દિવસ છે. રક્ષાબંધન એટલે ભગવાનની રક્ષાના બંધનમાં આપણે છીએ
તેની દૃઢતા કરવાની છે. ભક્તિથી ભગવાન બંધનમાં આવે છે.
દાદાખાચરને ભક્તિ હતી તો ધન, ધામ, કુટુંબ, પરિવાર બધું ભગવાનને અર્પણ કરી દીધું.
બલિ રાજાની ભગવાને પરીક્ષા કરી. ભગવાને ત્રણ પગલાંમાં બધું લઈ લીધું, પણ એના બંધનમાં આવી ગયા.
આપણે બલિ રાજા જેવું બધું અર્પણ કરી દેવાનું નથી અને થવાનું પણ નથી,
પણ શ્રીજીમહારાજે આજ્ઞા કરી છે – દશાંશ-વિશાંશ ધર્માદો કરીએ તો એ સર્વસ્વ અપાઈ ગયું.
એ સર્વસ્વ અર્પણ કરીએ છીએ તો સુખી છીએ ને વધુ સુખી થવાના છીએ.
દાદાખાચર, બળી રાજા, અંબરીષની ભક્તિનો વિચાર કરીએ તો એમણે ભગવાનને બંધનમાં લઈ લીધા.
રાખડી બાંધીને બંધનમાં લેવાની વાત નથી, પણ સર્વસ્વ અર્પણ કરીને એમની ભક્તિ કરવાની છે.
આજના રક્ષાબંધનના દિવસે ભગવાનનું બંધન દૃઢ કરીએ.
મહારાજની આજ્ઞા-ઉપાસના, નિયમ-ધર્મનાં બંધન છે એ રાખવાં. ભગવાનની આજ્ઞા પાળીશું એટલું સુખ છે.
નાની આજ્ઞા હોય કે મોટી, પણ એ પાળીશું તો ભગવાન રાજી થશે.'

- પ્રમુખસ્વામી મહારાજ

તા. ૧-૮-૨૦૧૦, બોચાસણ

એક હરિભક્ત ખૂબ મોટા ઉદ્યોગપતિ છે. તેઓ સત્સંગી હોવા છતાં વરસો પહેલાં બધું જ કાર્ય તાંત્રિકને પૂછી પૂછીને કરતા હતા અને એને કારણે તાંત્રિક કરોડોપતિ થઈ ગયો હતો. સ્વામીશ્રીને આ વાતનો ખ્યાલ આવતાં સ્વામીશ્રીએ એક વખત બોલાવીને આશરા અને નિષ્ઠાની તેઓને ખૂબ જ દૃઢતા કરાવી. એને કારણે તેઓએ બધી જ તાંત્રિક વિધિઓ મૂકી દીધી. આજે સ્વામીશ્રીને તેઓ કહે : 'તાંત્રિક વિધિ મૂક્યા પછી ધંધો ડબલ થઈ ગયો.'

સ્વામીશ્રીએ તેઓના ગળામાં હાથ ફેરવતાં કહ્યું : 'આ કંઠી છે એ સોનાનાં... સોનાનાં... સોનાનાં... સોનાનાં... ઘરેણાં કરતાં પણ મોટાંમાં મોટું ઘરેણું છે.'

•

તા. ૨-૮-૨૦૧૦, બોચાસણ

જૂનાગઢ પંથકના મેંદરડા ગામના સરપંચ દિનેશભાઈ દર્શને આવ્યા. સત્સંગમાં આવતાં પહેલાં તેઓ દારૂના અઠંગ વ્યસની અને વેપારી હતા. ટ્રકો ભરીને દારૂ તેઓએ વેચ્યો હતો, પરંતુ સ્વામીશ્રીની પ્રતિભાથી આકર્ષાઈને આ ધંધો મૂકી દેવાના સંકલ્પ સાથે વ્યસન છોડવા તેઓ ઠેઠ બોચાસણ સુધી આવ્યા હતા.

સ્વામીશ્રીને જ્યારે આ વાત કરી ત્યારે સ્વામીશ્રી પણ ઉત્સાહમાં આવીને તેઓને બે વખત ધબ્બા આપતાં કહે : 'બહુ સારો સંકલ્પ છે. ભગવાન તમને ખૂબ સુખી કરશે. એમ જ સમજજો કે ભગવાને તમને ઉગાર્યા છે. હવે ફરીથી આ પાપમાં પડવું નથી કે કોઈને પાડવા નથી. માટે મૂક્યું એટલે મૂક્યું. હવે શિરસાટાની વાત રાખજો.'

આમ, કહીને વર્તમાન ધરાવીને સ્વામીશ્રીએ તેઓને શ્રીજીમહારાજના આશ્રિત કર્યા અને સાથે સાથે સમાજમાં પ્રવર્તી રહેલી બદી ઉપર પ્રેમથી નાકાબંધી લાદી.

•

તા. ૩-૮-૨૦૧૦, બોચાસણ

એક હરિભક્તનો પત્ર હતો. ધંધો ચાલતો ન હતો, એટલે જ્યોતિષને બતાવ્યું હતું. જ્યોતિષે ઘોડાની નાળ આપી હતી. અઠવાડિયું ઘરમાં રાખી, પણ કાંઈ ફેર ન પડ્યો. એટલે આ હરિભક્તને અંતર્દૃષ્ટિ થઈ અને સ્વામીશ્રીને લખ્યું કે 'મારી નિષ્ઠામાં ખામી આવી તો હવે પ્રાયશ્ચિત્ત શું કરવું ?'

સ્વામીશ્રી કહે : 'ફરી વાર આવું ન બને તે જાણપણું રાખવું અને દૃઢતા રાખવી. જે કરે છે એ શ્રીજીમહારાજ કરે છે. શ્રીજીમહારાજ આપણા માટે સારું જ કરતા હશે.'

•

તા. ૪-૮-૨૦૧૦, બોચાસણ

એક યુવકનો પરદેશથી ફોન આવ્યો. સ્વામીશ્રીને વાત કરતાં કહ્યું : 'એક છોકરી સાથે મારે પ્રેમ છે, લગ્ન કરવાં છે, પણ છોકરીનાં માતા-પિતા છોકરીનાં લગ્ન બીજે ગોઠવવા માગે છે.' વળી, જ્ઞાન આપતાં એ કહે : 'પ્રેમલગ્ન કરવાનાં હોય એમાં જ્ઞાતિનું ઓછું જોવાનું હોય ? બરોબર છે ને ? જ્ઞાનની દૃષ્ટિએ જોઈએ તો નાત પણ ક્યાં છે અને જાત પણ ક્યાં છે ?'

આ સાંભળીને સ્વામીશ્રી હસી પડ્યા અને એને કહ્યું : 'તું તો મોટો જ્ઞાની છે.' આટલું કહીને સ્વામીશ્રી એને રમૂજ કરતાં કરતાં કહે : 'તું જ્ઞાની છે તો હું પણ જ્ઞાની છું. તો મારી વાત સાંભળ કે રાજીખુશીથી થતું

હોય તો કરવું. છોકરીની ઇચ્છા હશે તો તારી સાથે કરશે, બાકી માતા-પિતાને રાજી કરીને કરજે.'

એ યુવક કહે : 'તમે એનાં (છોકરીનાં) માતા-પિતાને સમજાવો ને !'

સ્વામીશ્રી કહે : 'જો, અમે તો સાધુ છીએ. અમારે એમને આ રીતે ન સમજાવાય, પણ છોકરી જ એનાં માતા-પિતાને સમજાવે એવું બળ આપ.'

એ યુવક કહે : 'પણ હું એને પ્રેમ કરું છું, તો પછી લગ્ન કરીને એને દુઃખી તો નહીં કરું ને !'

સ્વામીશ્રી કહે : 'તને એની સાથે પ્રેમ છે, એ તું જાણે છે, પણ એનાં મા-બાપને તારી ઉપર પ્રેમ થયો છે ? એ વાત વિચાર. તારે ઉતાવળ શું છે ? જો છોકરીની હૃદયથી ઇચ્છા હશે તો એનાં માતા-પિતાને સમજાવશે.'

•

પત્રવાંચન દરમ્યાન પેપરનું એક ક્લિપિંગ સ્વામીશ્રીએ વાંચ્યું. ચિખલી તાલુકાના શિયાદા ગામના અમેરિકા રહેતા જયંતીભાઈ સત્સંગી કાર્યકર છે. તેઓના પિતાશ્રી મગનભાઈ ૯૨ વર્ષની ઉંમરે ધામમાં ગયા ત્યારે એમની સ્મશાન-યાત્રામાં બૅન્ડવાજાં, ધજા, મશાલ રાખીને આગળ ફટાકડા ફોડતાં ફોડતાં સ્મશાન-યાત્રા કાઢી હતી. મૃત્યુને મહોત્સવમાં ફેરવી દીધું હતું. પેપરોએ આ વાતની નોંધ લીધી હતી. સ્વામીશ્રીએ એ ક્લિપિંગ વાંચ્યાં અને કહે : 'બહુ કહેવાય !'

•

તા. ૫-૮-૨૦૧૦, બોચાસણ

મુલાકાત દરમ્યાન હંમેશાં સમયની ખેંચાખેંચી રહેતી હોય છે, કારણ કે નિશ્ચિત સમયમાં અપાતી મુલાકાતોના પ્રમાણમાં રોજ હરિભક્તોની સંખ્યા વધારે જ હોય છે. આ સંદર્ભમાં જ સ્વામીશ્રી જ્યારે રૂમમાં પધાર્યા ત્યારે હરિવલ્લભ સ્વામી કહે : 'ભગવાન એક અને ભક્તો અનેક, શું કરવું ? કઈ રીતે પહોંચી વળવું ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન એક છે, પણ બધે પહોંચી વળે એમ છે. જળમાં, સ્થળમાં બધે જ છે ને ! જ્ઞાન થાય તો બધે જ દેખાય, નહીં તો ન દેખાય.'

•

ભોજન દરમ્યાન આણંદ મંદિરના સંતોએ દર્શનનો લાભ લીધો. ભોજન પછી જ્યારે સૌ ઊભા થયા અને સ્વામીશ્રીને પગે લાગીને વિદાય થયા એ વખતે પૂર્ણ-સ્વરૂપ સ્વામીને બોલાવીને સંતો કહે : 'આ પૂર્ણસ્વરૂપ સ્વામી જૂના જૂના કુટુંબના હરિભક્તો છે, એ બધાનું ખૂબ ધ્યાન રાખે છે. મંદિરે બોલાવે, આરતીમાં-સભામાં આવે એ માટે ખટકો રાખીને બોલાવે છે. સરભરા સારી કરે છે. સૌને મંદિરે આવતા કરી દીધા છે.'

તેઓના આ અંગથી સ્વામીશ્રી રાજી થયા અને કહે : 'નવા આવે, પણ જૂના જતા રહે છે. એટલે એ બધાને ખાસ બોલાવવા.'

આમ, કહીને આણંદમાં રહેતા શાસ્ત્રીજી મહારાજના સમયના હરિભક્તોનાં કુટુંબોને યાદ કરતા ગયા. લગભગ પંદરથી વીસ મિનિટ સુધી આ સ્મૃતિ સ્વામીશ્રીએ કરી.

•

ભોજન બાદ એક પછી એક ફોન આવતા ગયા. સ્વામીશ્રીને એક મિટિંગ કરવી હતી, પણ એ શક્ય ન બની. મોમ્બાસાથી સંદીપ ધીરનો ફોન આવ્યો. આટઆટલી પ્રવૃત્તિની વચ્ચે પણ સ્વામીશ્રી સંદીપ ધીરને કહે : 'તું તારી ભાષામાં વાત કર.' સંદીપ મૂળ પંજાબી છે, એટલે એણે પંજાબી ભાષામાં સ્વામીશ્રીને વાત કરી. સ્વામીશ્રીએ આ રીતે સ્મૃતિ આપી.

લાખો હરિભક્તોના સંપર્કમાં હોવા છતાં સ્વામીશ્રી કોણ ક્યાં છે અને એની લાક્ષણિકતા શું છે ? એ બધું જ જાણે છે. કોને કઈ રીતે રાજી કરવો, એ પણ સ્વામીશ્રી જાણે છે.

•

તા. ૬-૮-૨૦૧૦, બોચાસણ

વિદ્યાનગર છાત્રાલયમાં રહેતો કુણાલ ધકાણ ઘરેથી આવતાં ગઈકાલે પૂજા ભૂલી ગયો હતો. એટલે આખા દિવસનો ઉપવાસ કર્યો હતો. આજે વળી એકાદશી હતી. એટલે આજે પણ એને નિયમ પ્રમાણે નિર્જળ ઉપવાસ કરવાનો હતો. સ્વામીશ્રીને આ વાતની જાણ થતાં કહ્યું : 'પૂજા આવી ગઈ છે, તો હવે કરી લેજે અને આજે ફરાળ કરી લેજે.'

•

ગોરધનભાઈ (ગુલુ) દર્શને આવ્યા. તેઓના હાથમાં જૂના જમાનાની અંગ્રેજ શૈલીનો ટોપો હતો. તેઓએ એ ટોપો ઉતારીને હાથમાં પકડી રાખ્યો હતો. આ જોતાં સ્વામીશ્રી કહે : 'ટોપો પહેરો.'

વૃદ્ધ ગોરધનકાકાને ટોપો પહેરાવીને સ્વામીશ્રીએ રાજી કરી દીધા. સ્વામીશ્રી સૌની લાક્ષણિકતાને જાણે છે.

•

કલાલીવાળા મહીજીકાકાના સુપુત્રનો ફોન આવ્યો. ધીરેન્દ્રભાઈએ સ્વામીશ્રીને વાત કરતાં કહ્યું : 'મહીજીકાકાને ૧૦૦મું વર્ષ બેઠું છે, પણ છેલ્લા ચાર-પાંચ દિવસથી હૉસ્પિટલમાં કોમામાં છે.'

સ્વામીશ્રી કહે : 'તમે તમારા બાપુજીને જય સ્વામિનારાયણ કહેજો.'

ધીરેન્દ્રભાઈ કહે : 'એ તો કોમામાં છે, કઈ રીતે સાંભળશે ?'

સ્વામીશ્રી કહે : 'કાનમાં સ્વામિનારાયણ મંત્ર બોલજો, સંભળાઈ જશે.'

સત્પુરુષ સભાન કે અભાન કોઈપણ અવસ્થામાં પોતાના આશીર્વાદ પહોંચાડી શકે એવા સમર્થ છે.

•

તા. ૮-૮-૨૦૧૦, બોચાસણ

દર્શન કરીને સ્વામીશ્રી મંદિરના ચોકમાંથી પસાર થઈ રહ્યા હતા. અહીં કેટલાક બાળકો ઊભા હતા. એમાં એક નાનો શિશુ પુષ્પનો ગુચ્છ લઈને સ્વામીશ્રી તરફ આગળ વધ્યો. એક સ્વયંસેવકની નજર પડતાં એ નાના શિશુને પાછો ધકેલવામાં આવ્યો. અબુધ શિશુને શું કરવું એનો કોઈ ખ્યાલ ન હતો. એના હાથમાં પુષ્પનો ગુચ્છ હતો. પરિસ્થિતિ પામી ગયેલા સ્વામીશ્રીએ તરત જ એ શિશુને ખૂબ પ્રેમથી ઈશારો કરીને નજીકમાં જ પધરાવેલી ઠાકોરજીની પંચમૂર્તિ સમક્ષ જઈને આ પુષ્પ-ગુચ્છ મૂકવાનું કહ્યું. બાળક ખુશ થઈ ગયો અને પુષ્પ-ગુચ્છ ઠાકોરજીનાં ચરણોમાં અર્પણ કર્યો.

સ્વામીશ્રી માનસ-મર્મજ્ઞ તો છે જ, પરંતુ સાથે સાથે કોઈપણ ગૂંચમાં કે કોઈપણ પરિસ્થિતિમાં હંમેશાં વિકલ્પ આપતા રહ્યા છે, જેથી ઉપક્રમ કરનાર સૌ કોઈને આશ્વાસન મળી રહે.

•

લંડનથી આનંદપ્રિય સ્વામીનો ફોન આવ્યો. લંડનમાં યુ.કે.નાં જુદાં જુદાં બી.એ.પી.એસ. યુવક મંડળો વચ્ચે ક્રિકેટ રમતોત્સવ રાખવામાં આવ્યો હતો. આ ટુર્નામેન્ટમાં ફાઈનલ ટુર્નામેન્ટના દિવસે જ વરસાદ પડ્યો હતો. એ વાત કરતાં આનંદપ્રિય સ્વામી કહે : 'વરસાદ ન પડે એવી પ્રાર્થના કરી હતી તોય...'

સ્વામીશ્રી કહે : 'ભગવાને સારું કર્યું, ઠંડક કરી આપી. ઉકળાટ હતો એટલે ભગવાન ઠંડક કરે ને ! મહારાજની ઇચ્છા એવી હશે, એટલે એવું થયું !'

આનંદપ્રિય સ્વામી કહે : 'આખું અઠવાડિયું તડકો રાખ્યો ને ફાઈનલમાં જ આવું થયું.'

સ્વામીશ્રી કહે : 'ગમે તે પરિસ્થિતિમાં ભગવાનનો ગુણ જ લેવો. એમણે ઠંડક કરી. ભગવાનના આશરે બેઠા છીએ એટલે એમની ઇચ્છા પ્રમાણે જ થાય છે અને એમની ઇચ્છા પ્રમાણે જ કરવું.'

•

રાત્રે ભોજન પછી સ્વામીશ્રી પત્રોમાં હસ્તાક્ષર કરી રહ્યા હતા. આરામમાં જવાનો સમય થઈ ગયો હતો. સેવક સંતો આવી ગયા હતા. સ્વામીશ્રીની આગળ રાખેલું રોસ્ટ્રમ લઈ લીધું હતું, તો પણ સ્વામીશ્રીનું પત્ર-લેખન ચાલુ જ રહ્યું. પત્રમાં હસ્તાક્ષર કરતાં કરતાં સ્વામીશ્રી કહે : 'હવે બે જ કાગળ છે ને ! કરી લઈએ.'

ધર્મચરણ સ્વામી કહે : 'કાગળ તો ઘણા છે, પણ હવે આરામનો સમય થઈ ગયો છે.'

સ્વામીશ્રી કહે : 'બે જ કાગળ છે ને ! કરી લઈએ.'

ધર્મચરણ સ્વામી કહે : 'બે નથી, સાત-આઠ છે અને બીજા પણ છે.'

જોકે એ કાગળમાં સહી ન થઈ શકી, પરંતુ નિયત સમયની છેલ્લી સેકન્ડ સુધી સ્વામીશ્રી કાર્યરત રહે છે, એનું એક અદ્‌ભુત દર્શન સૌને થયું.

•

ગોંડલ રહેતા હરિભક્ત શ્રીકૃષ્ણ પંડ્યા દર રવિવારે સ્વામીશ્રી જ્યાં હોય ત્યાં દર્શને આવે છે. ગઈકાલે રાતે જ તેઓ એસ.ટી. બસમાં તારાપુર થઈને અહીં આવવા નીકળ્યા. રાતના ૨:૦૦ વાગે તારાપુર ચોકડીએ પહોંચ્યા. ત્યાંથી એમને બોચાસણ આવવાનું હતું, પરંતુ અડધી રાત્રે ખાનગી વાહનો પણ અજાણ્યા મુસાફરને લિફ્ટ ક્યાંથી આપે ? વળી, ત્યાં જે કોઈ એસ. ટી. બસ ઊભી રહેતી એ સૌને તેઓ કહેતા કે 'મારે બોચાસણ ઊતરવું છે અને હું પ્રમુખસ્વામી મહારાજનાં દર્શને આવ્યો છું,' પરંતુ અન્ય રૂટની બસ હોઈ એ દ્વારા બોચાસણ જઈ શકાય તેમ નહોતું.

એમાં વળી એક બસ આવી. તેમણે કંડક્ટરને આ

જ વાત કરી કે 'મારે બોચાસણ ઊતરવું છે અને મારે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરવાં છે.' તેઓના કપાળ ઉપરનો તિલક-ચાંદલો જોઈને કંડક્ટરે તેઓને અંદર લઈ લીધા. આ બસ એક્સપ્રેસ હતી. એટલે આમ તો બોચાસણ ઊભી જ ન રહે, છતાં આ કંડક્ટરે સદ્ભાવથી તેઓને લીધા અને બોચાસણ આવ્યું ત્યારે બસને ઊભી રખાવી.

પંડ્યા સાહેબે તેઓનો આભાર માની પૂછ્યું : 'તમે કયા સદ્ભાવથી મને સહકાર આપ્યો ?'

ત્યારે પેલા કંડક્ટરે કહ્યું કે 'તમે પ્રમુખસ્વામી મહારાજનું નામ દીધું એટલે જ મેં તમને અંદર બસમાં બેસવા દીધા. આમ તો હું મુસલમાન છું. પાવીજેતપુર બાજુનો છું. જ્યારે જ્યારે પ્રમુખસ્વામી મહારાજ પાવી-જેતપુર પધારે ત્યારે અચૂક એમનાં દર્શને જાઉં છું. મને એમના પ્રત્યે અત્યંત આદર છે. વળી, ૧૯૯૫માં મુંબઈમાં અમૃત મહોત્સવ થયો ત્યારે હું વીસ દિવસ સેવા આપવા પણ ગયો હતો. એટલે પ્રમુખસ્વામી મહારાજનાં દર્શને તમે જતા હો ને હું તમને સહકાર ન આપું એ કેમ બને !'

•

તા. ૧૦-૮-૨૦૧૦, બોચાસણ

લંડનથી ઉપેન્દ્ર અને કૃષ્ણમૂર્તિનો ફોન હતો.

ઉપેન્દ્ર કહે : 'લંડનમાં સુવર્ણતુલા ઊજવાઈ એને પચીસ વર્ષ થયાં, એની આજે સ્મૃતિ કરી હતી. છેલ્લે આપે જે હાથનું લટકું કર્યું હતું એ પણ ઇદમ્ યાદ છે.'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'તને યાદ રહી ગયું, તો તારું કામ થઈ ગયું.'

ઉપેન્દ્ર કહે : 'આપ કાયમ એવું કહો છો કે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના સંકલ્પથી બધું થાય છે, તો આજે વળી તમે કહો કે આપનો શું સંકલ્પ છે ?'

સ્વામીશ્રી કહે : 'મોટાપુરુષનો સંકલ્પ એ આપણો સંકલ્પ, આપણે એમની આજ્ઞા પાળવાની ને ભજન કરવાનું.'

•

જૂનાગઢથી કોઠારી ધર્મકીર્તિ સ્વામીનો ફેક્સ આવ્યો હતો. એમાં તેઓએ વિગત લખી હતી કે 'હરિભાઈ મહેતા અહીંના આજીવન સેવક છે. ૧૯૯૩થી તેઓ સેવા આપે છે. પહેલાં હરિમંદિરમાં તેઓ પૂજારી તરીકે હતા. અત્યારે નીલકંઠ વર્ણી અભિષેક મંડપમ્માં સેવા આપે છે. રોજ સવારે ૪ કિલોમીટર ચાલીને ૬:૦૦ વાગ્યા સુધીમાં મંદિરે આવી જાય છે. ૮૫ વર્ષની ઉંમર છે. ઠંડા પાણીથી સ્નાન કરે છે.'

આટલું વાંચ્યા પછી સ્વામીશ્રી કહે : 'એમને કહેવાનું કે હવે ગરમ પાણીએ નહાય.' વળી પાછા કહે : 'ઠંડા પાણીથી વાંધો ન આવતો હોય તો ભલે ઠંડા પાણીએ નહાય.'

આ વાત કરતાં સ્વામીશ્રીની આ ભલામણમાં એક સંનિષ્ઠ હરિભક્ત પ્રત્યેની સંભાળનો જે ભાવ છલકાતો હતો તે ખરેખર દર્શનીય હતો.

•

અમેરિકાથી પ્રાયોરિટી મેઇલ લખેલ એક મોટું કવર આવ્યું હતું. આ કવરમાં ફક્ત બે પાનાંનો છૂટો કાગળ હતો. આ કાગળ જોઈને સ્વામીશ્રી કહે : 'કાગળ તો નાનો છે અને કવર કેટલું મોટું કર્યું છે ?'

ધર્મચરણ સ્વામીએ કવરની ઉપરની પોસ્ટની સ્લિપ બતાવીને કહ્યું : 'આ બે પાનાં મોકલવાનાં લગભગ ૧૪ ડૉલર થયા છે.'

સ્વામીશ્રી કહે : 'આટલા નાના કાગળ માટે આટલો બધો ખર્ચ શું લેવા કરે છે ? શું જરૂર હતી ? બીજી રીતે ન મોકલાય ?'

•

તા. ૧૧-૮-૨૦૧૦, બોચાસણ

એક યુવક દર્શને આવ્યો. એ કહે : 'ચિંતા થયે રાખે છે, એટલે ઊંઘ પણ આવતી નથી.'

સ્વામીશ્રી કહે : 'ચિંતાથી ઉજાગરા થાય જ, કારણ કે મન એવું છે. એટલે ભગવાનને પ્રાર્થના કરવી અને પરિણામની ચિંતા કર્યા વગર ભગવાન ઉપર છોડી દેવું અને ભગવાનને સંભારીને પુરુષાર્થ કરવો.'

•

મુંબઈથી અભયસ્વરૂપ સ્વામીનો ફોન આવ્યો હતો. થોડા દિવસ પહેલાં મેલેરિયાને લીધે તેઓને હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા, એ સમાચાર સ્વામીશ્રીને મળ્યા હતા. જોકે અભયસ્વરૂપ સ્વામીએ અન્ય કાર્ય માટે ફોન કર્યો હતો, પરંતુ સ્વામીશ્રી તરત કહે : 'પહેલાં તમારી વાત કરો. તમારો તાવ ઊતર્યો ?'

અભયસ્વરૂપ સ્વામી કહે : 'રવિવારથી ઊતરી ગયો છે. મંદિરે આવી ગયા છીએ.'

સ્વામીશ્રી કહે : 'સાચવી લેજો. તાવના વાવડ છે, પણ સાચવજો.'

•

લંડનથી જાણીતા યુવા સ્વયંસેવક અકુ પટેલનો ફોન આવ્યો. લંડનના સંતો ભારત સ્વામીશ્રીનાં દર્શને આવ્યા ત્યારે સ્વામીશ્રીએ સહેજે સહેજે જ અકુને યાદ કરીને 'તેઓનાં ધંધાપાણી કેવાં ચાલે છે ?' એ સંબંધી પૂછપરછ કરી હતી. આ વાત અકુને મળતાં કૃતજ્ઞભાવે એણે સામેથી સ્વામીશ્રીને ફોન કરીને કહ્યું : 'આપ અમારી બહુ સંભાળ રાખો છો. સંતો આગળ મને યાદ કર્યો એટલે આ ફોન કર્યો છે. આપની દયાથી ધંધો સારો ચાલે છે. આપે દયા કરીને બધું ગોઠવી દીધું છે. તન, મન, ધનથી સેવામાં જોડાઈ જઈએ એવું કરજો.'

•

તા. ૧૨-૮-૨૦૧૦, બોચાસણ

અમદાવાદથી જ્ઞાનયજ્ઞ સ્વામીનો પત્ર હતો. ડૉક્ટર સ્વામીની આજ્ઞાથી તેઓ દર મહિને મંદિરના સ્ટાફની સંયુક્ત સભા કરે છે અને શ્રાવણ માસમાં પારાયણ કરે છે. અહીં નોકરી કરતા સ્ટાફના સભ્યોને સત્સંગના જ્ઞાનનું ઊંડાણ પ્રાપ્ત થાય અને સત્સંગની દૃઢતા થાય એ હેતુથી તેઓએ દર મહિને મૌખિક કસોટી લઈ શકાય એવું આયોજન કર્યું છે. 'ઘનશ્યામ ચરિત્ર' પુસ્તકમાંથી એક જ વાક્યમાં જવાબ આપી શકાય એવા ૧૦૦ પ્રશ્ન તૈયાર કર્યા છે અને એના જવાબ પણ એમાં છાપેલા છે. આ પુસ્તક તેઓએ મોકલ્યું હતું. સ્વામીશ્રીએ આ પુસ્તક વાંચ્યું.

આ પુસ્તકમાં એક પ્રશ્ન એવો હતો : 'ઘનશ્યામ મિત્રો સાથે સરોવરમાં કઈ રમત રમતા હતા ?'

એના જવાબમાં એવું લખ્યું હતું કે 'સંતાકુકડી.'

આ વાંચતાં સ્વામીશ્રી કહે : 'જ્ઞાનયજ્ઞને આ પૂછી લેજો. સંતાકુકડી સરોવરમાં રમવાની રમત નથી.'

સ્વામીશ્રી કેટલું ધ્યાનપૂર્વક વાંચે છે !

•

અમેરિકાથી જયેન્દ્રભાઈ અરુણભાઈ પટેલનો ફોન હતો. જયેન્દ્રના બે દીકરાઓનાં નામ અખંડ અને દર્શન છે. સ્વામીશ્રીએ અખંડ સાથે વાત કરી. અખંડે સ્વામીશ્રીને ફોનમાં પૂછ્યું : 'તમે ક્યાં છો ?'

સ્વામીશ્રીએ નાના બાળકને જવાબ આપતાં કહ્યું : 'હું બોચાસણમાં છું ને તારી પાસે પણ છું.'

•

તા. ૧૩-૮-૨૦૧૦, બોચાસણ

રોહિતભાઈ ઉપાધ્યાય નામના એક રિક્ષાચાલક અમદાવાદથી ખાસ દર્શને આવ્યા હતા. વરસોથી રિક્ષા ચલાવીને ગુજરાન ચલાવતા તેઓએ અત્યાર સુધીમાં રિક્ષા ચલાવતાં ચલાવતાં અનેકને વ્યસનમુક્તિ કરાવી છે અને તેઓએ સ્વેચ્છાથી ૯૯ વખત રક્તદાન કર્યું છે. ૧૦૦મી વખત રક્તદાન કરતાં પહેલાં ખાસ સ્વામીશ્રીના આશીર્વાદ લેવા માટે તેઓ આવ્યા હતા. તેઓની આવી ધગશ જોઈને સ્વામીશ્રી રાજી થયા. જો એકેએક સત્સંગી આ રીતે મિશન લઈને બેસે તો બી.એ.પી.એસ. સંસ્થા જ નહીં, સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય ક્યાં પહોંચી જાય !

•

સ્વામીશ્રીએ નાનામાં નાની વ્યક્તિની કેવી સંભાળ રાખી છે, એ વાત નીકળતાં અમિતયશ સ્વામી કહે : 'કેશવ ભગતને કાનમાં સંભળાતું ન હતું. એમને બરાબર સંભળાતું થાય તે માટે આપે કેટલો બધો ખર્ચો કર્યો ! એ સાંભળીને હરિભક્તોમાં અને સંતોમાં અહોભાવ જન્મ્યો છે. સ્વામીશ્રી કેટલા દયાળુ છે ! બાકી કોઈ ખર્ચો કરે ખરા ?'

આ વાત સાંભળીને સર્વમંગલ સ્વામી કહે : 'મને પણ કેન્સર થયું ત્યારે બે વર્ષ સુધી રોજનાં કેટલાં મોંઘાં ઇન્જેક્શન આપે લેવડાવ્યાં ! અત્યારે મારે કોઈ દવા ચાલતી નથી. આપનો કેવળ ચમત્કાર છે ! આપ સિવાય બીજું કોઈ આવું કરી શકે નહીં.'

સ્વામીશ્રી ઉકાળો પી રહ્યા હતા, ગોળી ગળી રહ્યા હતા. ગળતાં ગળતાં સહજતાથી સ્વામીશ્રી કહે : 'સંતો ઠાકોરજીના છે અને જે ઠાકોરજીની સેવા કરે એના માટે ખર્ચવા જ જોઈએ ને ! સંતો માટે જેટલું થાય એટલું કરવાનું જ હોય ને !'

અમિતયશ સ્વામી કહે : ''જૂના મંદિરના એક સંત છે, એ પણ કહે છે કે પ્રમુખસ્વામીનું પુસ્તક મેં વાંચ્યું – 'જેના ગુણે રીઝ્યા ગિરધારી.' વાંચ્યા પછી જાણે કે ગંગામાં ડૂબકી મારીને બહાર નીકળતા હોય

એવું અનુભવાય છે.''

•

તા. ૧૪-૮-૨૦૧૦, બોચાસણ

એક મુમુક્ષુ યુવક દર્શને આવ્યો. એ કહે : 'મને સાધુ થવાની તીવ્ર ઇચ્છા છે, પરંતુ આ વાતનો મારાં મમ્મી-પપ્પાને ખ્યાલ આવતાં જ એમણે મારાં લગ્ન કરાવી દીધાં છે. આપ કંઈક અન્યથાકર્તું શક્તિ વાપરો અને હું છોકરીને સમજાવું અને છૂટું કરું, જેથી હું સાધુ થઈ શકું.'

સ્વામીશ્રી કહે : 'એવું કાંઈ કરવાની જરૂર નથી. મા-બાપને રાજી કર. ત્યાં રહીને સત્સંગની સેવા કર.'

•

ભૂમિભ્રમણના અંતે આરામમાં જવા માટે સ્વામીશ્રી પલંગ ઉપર વિરાજ્યા. ત્યારે સામે ઊભેલા ભગવત્ચરણ સ્વામી કહે : 'આપને તો બહુ સુખ !'

સ્વામીશ્રી કેફમાં કહે : 'ભગવાન મળ્યા, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ મળ્યા, એથી વધારે સુખ ક્યાં છે આ દુનિયામાં ? આ મનાય તો માંદા પડીએ, સાજા હોઈએ, કોઈ બોલી જાય, અપમાન કરી જાય કે સન્માન થાય તોય સુખ, સુખ ને સુખ જ રહે.'

•

તા. ૧૫-૮-૨૦૧૦, બોચાસણ

આજના દિવસે વિદ્યાનગરમાં આવેલા બી.એ.પી.એસ. છાત્રાલયમાં રહીને અભ્યાસ કરી રહેલા ૨૫૦થી વધારે વિદ્યાર્થીઓ ખાસ દર્શન કરવા માટે આવ્યા હતા. આ વિદ્યાર્થીઓ પૈકીના ૧૮૫થી વધારે વિદ્યાર્થીઓએ ધારણાં-પારણાં વગેરે વ્રત કર્યાં હતાં. સ્વામીશ્રી પૂજા દરમ્યાન સભામંડપમાં આ સૌ વિદ્યાર્થીઓ બેઠા હતા. સ્વામીશ્રીને આ વાતનો ખ્યાલ આવતાં જ પૂજાના અંત ભાગમાં મને બોલાવીને કહ્યું : 'જે વિદ્યાર્થીઓએ ધારણાં-પારણાં કર્યાં હોય એ સૌ વિદ્યાર્થીઓ ઊભા થાય એવું એનાઉન્સમેન્ટ કરાવો.'

પ્રવક્તાએ જાહેરાત કરી એટલે વ્રતધારી સૌ વિદ્યાર્થીઓ ઊભા થયા. સ્વામીશ્રીએ અમીદૃષ્ટિ કરીને સૌને આશીર્વાદ આપ્યા.

•

તા. ૧૬-૮-૨૦૧૦, બોચાસણ

અમેરિકાથી એક અજાણ્યા યુવકનો ફોન આવ્યો હતો. એ કહે : 'મારાં મમ્મી-પપ્પાના ઝઘડા થયા જ કરે છે. એટલે મારાં મમ્મી અને મારી બહેન મરી જવાની, આપઘાત કરવાની વાત કરે છે.'

સ્વામીશ્રી કહે : 'એમને સમજાવવાનું કે ન ફાવતું હોય અને પ્રશ્ન હોય તો જુદા રહી શકાય. એમ હોય તો જુદા રહે, પણ મરી જવાની વાત તો કરે જ નહીં. એવું કરવાની જરૂર નથી.'

એ યુવક કહે : 'પણ મારી બહેન કહે છે કે મારે મારા પપ્પાની સાથે તો રહેવું જ નથી.'

સ્વામીશ્રી કહે : 'તારી બહેનને ફરી સમજાવજે. એને લગ્ન કરીને બીજે જવાનું છે, તો થોડો ટાઇમ સહન કરીને જુદા રહીને ચલાવી લે. તું ફરી વાત કરીને સમજાવજે.'

•

એક યુવકનો ભુજથી ફોન આવ્યો. એ કહે : 'આપને મળું છું ત્યારે મારે વાત કરવાની રહી જાય છે, ભૂલી જવાય છે. પત્ર લખું છું એમાં પણ એવું થાય છે. એટલે આજે થયું કે ફોનમાં નિષ્કપટ થઈને વાત કરી દઉં. એટલા માટે ફોન કર્યો છે.' આમ કહીને એણે પોતાની વાત કરી. છેલ્લે એ કહે : 'આપની સાથે વાત કરતાં કરતાં આનંદ આનંદ થાય છે. બસ, હું આપને મારી વાત કરું છું, એમાં પણ હળવો થઈ જાઉં છું.'

સ્વામીશ્રી કહે : 'તમે નિષ્કપટ થયા છો તો ભગવાન બળ આપશે ને છૂટી જશે.'

એ યુવક કહે : 'રૂબરૂ આવું ત્યારે આપની પાસે બોલી શકતો નથી, માફ કરજો.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન ને સંત પાસે કહીએ એટલે રસ્તો મળી જાય. સત્સંગનાં પુસ્તકો વાંચતાં રહેવું, સારી પ્રેરણા મળશે.'

આટલું કહીને સ્વામીશ્રી કહે : 'તમે ફોન કર્યો તો સારું થયું, હૃદય હળવું થઈ ગયું. જગત છે એટલે થયા કરે. જ્યારે એવા વિચારો આવે ત્યારે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરવું. બીજા વિચાર કરવા નહીં. બીજા વિચાર કરવાથી વિકૃતિ થઈ જાય. મહારાજ બળ આપશે ને સારું થશે.'

•

તા. ૧૭-૮-૨૦૧૦, બોચાસણ

અમેરિકાથી એક ડૉક્ટરનો ફોન આવ્યો. રેસિડેન્સી

માટે તેઓ છેલ્લાં ઘણાં વરસોથી પરીક્ષા આપે છે, પણ પાસ થતા નથી. આજે પણ તેઓએ આશીર્વાદ માગ્યા, ત્યારે સ્વામીશ્રી કહે : 'અમે પ્રાર્થના તો કરીશું, પણ દુનિયામાં બધા પાસ થાય છે અને તમે કેમ થતા નથી ? એનું કારણ વિચારજો.'

•

ભારતના લોકપ્રસિદ્ધ અભિનેતા અમિતાભ બચ્ચને આજે ગાંધીનગરમાં સ્વામિનારાયણ અક્ષરધામ ખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન કરીને 'સત્ ચિત્ આનંદ' વૉટર શોને મન ભરીને માણ્યો હતો.

સત્ ચિત્ આનંદ વૉટર શોથી પ્રભાવિત થઈને તેઓએ સ્વામીશ્રી સાથે ફોન પર વાત કરતાં કહ્યું કે 'मेरा प्रणाम स्वीकार कीजिएगा। यहाँ का कार्यक्रम मैंने देखा, बड़ी प्रसन्नता हुई। आपका आशीर्वाद चाहता हूँ।' સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા.

અભિપ્રાય પોથીમાં પણ તેમણે પોતાની અનુભૂતિ વર્ણવતાં લખ્યું હતું : 'कई बार अक्षरधाम के दर्शन किए, किंतु आज जो अनुभव किया उससे मन को शांति मिली। आत्मा और परमात्मा का अर्थ सही तौर से समझ में आया। ये मंदिर और इसके जितने स्वामी एवं कार्यकर्ताओं को मैं हृदय से धन्यवाद देता हूँ, और आशा करता हूँ कि, प्रभु की कृपा सदैव आप सभी पर बनी रहे।'

આ જ રાત્રે તેમણે ઈન્ટરનેટમાં પોતાના 'બ્લોગ' પર અક્ષરધામની અનુભૂતિને તેઓએ આ રીતે શબ્દદેહ આપ્યો હતો :

'આજે દિવસ ઢળ્યો, એક અદ્ભુત અને આશ્ચર્યચકિત કરી દેતી એક બીજી અદ્ભુત ક્ષણ સાથે. એ ક્ષણ હતી – અમદાવાદથી ૨૦ મિનિટના અંતરે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં અક્ષરધામ મંદિરની મુલાકાત. દેશના વિભિન્ન ભાગોમાં અક્ષરધામ મંદિરો સ્થાપત્યકળાની આશ્ચર્યકારક સિદ્ધિ સમાન છે, તેમાં ગાંધીનગરનું મંદિર પણ સહેજેય ઊણું ઊતરતું નથી. બાંધકામ અને ડિઝાઈન મૌલિક છે અને લોખંડના ઉપયોગ વગર નિર્માણ કરવામાં આવ્યું છે. અક્ષરધામ મંદિરો એકદમ સ્વચ્છ અને સ્વાભાવિક સુંદરતાને જાળવી રાખે છે. તેના પરિણામે અહીં પવિત્રતાનો અનુભવ થાય છે. ખૂબ સમર્પિત અને નિષ્ઠાવાન તેમજ પુરુષાર્થશીલ સંતો-સ્વયંસેવકોનું વૃંદ અહીં સંચાલિત કરે છે અને અહીંના સિધ્ધાંતો તેમજ માન્યતાઓનો સૌને બોધ આપે છે.

આજે રાત્રે મંદિરને મોડે સુધી મારા માટે મંદિર ખુલ્લું રાખવામાં આવ્યું તેમાં અસીમ કૃપા હતી. મંદિરની દર્શન-મુલાકાત બાદ મંદિરના વિશાળ પરિસરમાં અમે જેના માટે ગયા હતા તે રિસર્ચ અને બોધથી સભર 'લેસર કમ વૉટર-શો' નિહાળવાનું થયું. મારે કહેવું પડશે કે 'આવું અદ્ભુત કામ મેં આ પૂર્વે ક્યાંય અને ક્યારેય જોયું નથી.'

૨,૫૦૦ લોકોની ક્ષમતા ધરાવતા અને મનોરમ્ય ખુલ્લી જગ્યામાં આવેલા એમ્ફી થિયેટરમાં, અમે એક નાટ્યાત્મક અને ચિત્તને પ્રફુલ્લિત કરી દેનારો અદ્ભુત વૉટર શો નિહાળ્યો, જે પ્રતીકાત્મક કથા સ્વરૂપે અક્ષરધામની ફિલોસોફીને પ્રસ્તુત કરે છે. વહેતા ફુવારાઓ ઉપર લેસર કિરણો દ્વારા તાદૃશ્ય થતાં દૃશ્યો સાથે ઋષિપુત્ર નચિકેતા અને મૃત્યુના દેવતા યમરાજની કથા નિહાળવાનો ખરેખર આનંદ આવ્યો. આત્મા અને પરમાત્માનો ગહન મર્મ વિવિધતા સભર વૉટર સ્ક્રીન ઉપર રજૂ થતા પ્રસંગોમાં એટલી સુંદર અને અદ્ભુત રીતે વણી લેવામાં આવ્યો હતો કે ગાઢ મિત્ર જે. જે. ભટ્ટે મને આ અદ્ભુત કાર્યક્રમ નિહાળવાનું નિમંત્રણ આપ્યું તે બદલ હું ગૌરવ અનુભવવા લાગ્યો. કૃતાર્થતાનો આવો અનુભવ અને તે પછી જેમના આશીર્વાદ મેળવવા હું જેમને ઘણી વખત મળ્યો છું એવા પ્રમુખસ્વામીજી સાથે ફોન ઉપર થોડોક વાર્તાલાપ કરી શક્યો, તેમાં આજના ઉપક્રમની આદર્શ અને શ્રેષ્ઠ પૂર્ણાહુતિ હતી, તેને હું કેવી રીતે શબ્દોમાં મૂકી શકું ! એ સમય અલૌકિક હતો !'

•

તા. ૧૯-૮-૨૦૧૦, બોચાસણ

સાબરકાંઠા જિલ્લાના ડી.ડી.ઓ. શ્રી સેવક સાહેબ દર્શને આવ્યા હતા. તેઓ કહે : 'આપની સંસ્થાની સેવાઓ મેં બહુ જ જગ્યાએ જોઈ છે. જ્યાં જ્યાં મારી બદલી થઈ ત્યાં આ સેવાઓ હું જોતો આવ્યો છું. ઉકાઈના છાત્રાલયથી માંડીને બધી જ જગ્યાએ આપની સેવાનાં મેં દર્શન કર્યાં છે.'

તેઓએ સંસ્થાના પ્રભાવની ઘણી વાતો કરી.

સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા.

•

હિંમતનગર મંદિરમાં રહીને કોઠારી તરીકે સેવા કરતા ધર્મવિનય સ્વામી કહે : 'મને અંગ્રેજી પણ આવડતું નથી.'

'ભણેલાનું કાંઈ (વિશેષ મહત્ત્વ) છે ?' સ્વામીશ્રીએ સામે પ્રશ્ન કર્યો અને સાથે સાથે કહ્યું : 'આ તો ભગવાનનું કામ છે. ભગવાન જડ માણસ પાસેથીય કામ લઈ લે અને ચેતન પાસે પણ કામ લે.'

•

જાણીતા એડવોકેટ યતિનભાઈ ઓઝા દર્શને આવ્યા. તેઓ રાજ્યના ખૂબ અગ્રણી વકીલ છે. ગરીબો માટે ખાસ કાર્ય કરે છે અને ન્યાય અપાવે છે. ગુજરાતના અન્ય પ્રસિદ્ધ હાઈકોર્ટ એડવોકેટ અને એજ્યુકેશનિસ્ટ દેવાંગ નાણાવટીએ સ્વામીશ્રીના આશીર્વાદથી માંસાહાર છોડી દીધો છે. તે વિશે વાત કરતાં યતિનભાઈ કહે : 'દેવાંગ મારો મિત્ર છે. એને ૩૬૫ દિવસ માંસાહાર જોઈએ. આજે આપના આશીર્વાદથી માંસાહારને અડતો પણ નથી. એટલે હું પણ માનું છું કે આપના આશીર્વાદમાં ચમત્કાર છે. જે દેવાંગને ઓળખતો હોય એના માટે આ ચમત્કાર જ લાગે.'

•

તા. ૨૧-૮-૨૦૧૦, બોચાસણ

લંડનથી આવેલા તરુણભાઈનો સુપુત્ર મયૂર આજે વિદાય લઈ રહ્યો હતો. સ્વામીશ્રી સાથે ખૂબ પ્રેમથી જોડાયેલા મયૂરે સ્વામીશ્રીને પૂછ્યું : 'ફરી ક્યારે મળશો ?'

સ્વામીશ્રી કહે : 'કાયમ ભેગા જ છીએ. સંભારીએ એટલે ભેગા. ઇન્ટરનેટમાં કેવું તરત દેખાય છે ! એમ આપણે પણ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... કરવું, તો તરત દેખાય.'

•

એક હરિભક્ત ચિઠ્ઠીમાં પ્રશ્ન લખીને આવ્યા હતા. એમણે લખ્યું હતું : 'કોઈ આપને મનથી યાદ કરે તો એનો આપ ઉત્તર આપો છો ?'

સ્વામીશ્રી કહે : 'જે ભગવાનને યાદ કરે એને ઉત્તર આપે જ છે.'

•

તા. ૨૨-૮-૨૦૧૦, બોચાસણ

એક મુમુક્ષુનો ફોન આવ્યો. તેઓ નાના હતા ત્યારે મિત્ર સાથે ટીટોડીનાં બચ્ચાં ઘરે લઈને આવેલા. મૂળ તો બચ્ચાંને રમાડવાનો જ હેતુ હતો, પરંતુ અગાશીમાં લઈ ગયા પછી બચ્ચું પડ્યું ને મરી ગયું. આ વાત મોટા થયા પછી પણ ભુલાતી નથી, દુઃખ લાગ્યા કરે છે અને એના લીધે કોઈ કામમાં સફળતા મળતી નથી એવું લાગે છે.

સ્વામીશ્રીએ તેઓની વાત સાંભળીને આશ્વાસન આપતાં કહ્યું : 'ઇરાદાપૂર્વક તમે આ કંઈ કર્યું નથી અને જે કંઈ થયું છે એનું મનથી તમે પ્રાયશ્ચિત્ત કરી લીધું છે. એટલે હવે તમારાથી બચ્ચું મરી ગયું છે એવું ન માનવું. એની આવરદા એટલી જ હશે ! આવરદા પૂરી થઈ હશે એટલે મરી ગયું હશે ! એટલે 'મારાથી આવું થયું' એવું માનવાની જરૂર નથી. ભગવાને રચના એવી કરી છે, એટલે એ રીતે થયું હશે ! ભગવાનને પ્રાર્થના કરજો, ભજન કરજો, પાંચ માળા ફેરવજો, સુખ-શાંતિ થશે.'

એ મુમુક્ષુ કહે : 'જન્મોજન્મ તમે જ મારા ગુરુ બનજો.'

સ્વામીશ્રી કહે : 'તમારે શ્રદ્ધા છે તો ભગવાનનો આશરો દૃઢ રાખજો.'

એ મુમુક્ષુ કહે : 'કાલસર્પ યોગ છે. ૧૧ લાખ જાપ કરવાનું બ્રાહ્મણ કહે છે.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનનો આશરો છે તો તે દૃઢ રાખીને સ્વામિનારાયણ મહામંત્રની માળા-પૂજા કરજો. પાંચ જનમંગલના પાઠ કરજો, ભગવાન બધું સારું કરશે.'

•

તા. ૨૩-૮-૨૦૧૦, બોચાસણ

આજે સ્વામીશ્રી બોચાસણથી ભાવનગર પધારવાના હતા. સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન કરવા પધાર્યા, ત્યારે સુભાષભાઈ(દારેસલામ)એ સ્વામીશ્રીને કહ્યું : 'માણકી થાકી ગઈ હોય તો રોકાઈ જાવ.'

સ્વામીશ્રી કહે : 'ના, ના, થાક એમ કંઈ લાગે ?'

૯૦ વર્ષની ઉંમરે આ વાક્ય બોલવું પણ કેટલું અઘરું હોય છે !!

•

તા. ૨૪-૮-૨૦૧૦, ભાવનગર

વરસો પહેલાં કુંડળ રહેતા ગરીબ સ્થિતિના કોળી હરિભક્ત ધરમશીભાઈએ નિષ્ઠાપૂર્વક સત્સંગ કર્યો હતો. સ્વામીશ્રીએ પણ તેઓની નિષ્ઠા અને સમજણને ખૂબ વખાણી હતી. તેઓ તાજેતરમાં અક્ષરનિવાસી થયા હતા. એ વાત પ્રયાગપ્રિય સ્વામીએ જણાવી ત્યારે સામાન્ય સ્થિતિના પરંતુ સંનિષ્ઠ હરિભક્તને અંજલિ અર્પણ કરતાં સ્વામીશ્રી કહે : 'એને સત્સંગની પ્રાપ્તિનો કેફ બહુ. પૈસા હોય કે ન હોય, સેવા કરતો જ રહેતો. ખરેખરો ભગત.... નિષ્ઠાવાળો ભગત.... સમજણવાળો ભગત....'

•

તા. ૨૫-૮-૨૦૧૦, ભાવનગર

ભાવનગરથી રમણીકભાઈ ભટ્ટનો પત્ર આવ્યો હતો. સ્વામીશ્રીએ ૨૦ મિનિટ સુધી આ પત્ર વાંચવાનો પ્રયત્ન કર્યો, પરંતુ ગરબડિયા અક્ષરો હોવાને કારણે તેઓ શું કહેવા માગે છે એ ખબર પડી નહીં. છતાં સ્વામીશ્રીએ પ્રયત્ન ચાલુ રાખ્યો. એટલે ધર્મચરણ સ્વામીએ પૂછ્યું : 'શું જવાબ લખવો ?'

સ્વામીશ્રી કહે : 'શું કહેવા માગે છે એ ખબર પડતી નથી, પણ અહીં સોમપ્રકાશ સ્વામીને આપી દેજો. તેઓ રમણીકભાઈને પૂછી લેશે.'

•

સોમપ્રકાશ સ્વામીએ પોતાની સમજણની વાત કરતાં કહ્યું કે 'આપણે તો એવું કે એ (સત્પુરુષ) જે કહે એ કરી નાખવું. કેમ થશે ને શું થશે ને ક્યારે કરશે એ કોઈ ચિંતા જ નથી. જે મળ્યા છે એમાં સો ટકા વિશ્વાસ છે.'

આ સાંભળીને સ્વામીશ્રીએ સામે બેઠેલા એક સંતને પૂછ્યું : 'સમજાયું ? તેં શું નિર્ણય કર્યો ?'

એ સંત કહે : 'બસ, એક જ નિષ્ઠા.'

સ્વામીશ્રી કહે : 'ભગવાન મળ્યા અને સંત મળ્યા છે એટલે મોક્ષ થવાનો જ છે, કલ્યાણ પણ થવાનું જ છે. શરીરની શુશ્રૂષા ન રાખવી.'

•

તા. ૨૬-૮-૨૦૧૦, ભાવનગર

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'આપે જે વિચરણ કર્યું છે એ કોઈના સ્વપ્નમાં પણ કલ્પનામાં ન આવે. આપે જે વિચરણ કર્યું છે એને કારણે બીજા કોઈને આળસ પોષાય જ નહીં. આ સંસ્થામાં બીજા કોઈ આળસથી બેસી જ ન શકે. વળી, એટલું જ નહીં, નાના-મોટા બધાનાં મન રાજી રાખવાં આપે અદ્ભુત પુરુષાર્થ કર્યો છે. એકના એક હરિભક્તને ત્યાં પાંચ-પાંચ વખત પધરામણીઓ કરી છે.'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ તો દસ-દસ વખત ગયા છે. જેટલી વાર કહ્યું એટલી વાર ગયા છે.'

કૃષ્ણવલ્લભ સ્વામી કહે : 'પણ ત્યારે તો હરિભક્તોને ગોતવા પડતા'તા ને !'

સ્વામીશ્રી કહે : 'એમણે પાયો નાખ્યો છે, તો એના ઉપર આ ચણતર કરીએ છીએ, બાકી આપણે ક્યાં કર્યું છે ?'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'પણ દરેકના મન રાજી રાખવા માટે આપે એમના ઘરમાં કોઈ પ્રસંગ પણ ન હોય, છતાં આપ ગયા છો. પ્રસંગ વગર પણ એમનેમ જવાનું ?'

સ્વામીશ્રી કહે : 'એમાં ખોટ શું ?'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'ભીડો તો પડે ને !'

સ્વામીશ્રી કહે : 'ભીડો દેહને પડે છે, આત્માને ક્યાં પડે છે ? દેહનો વિચાર કરીએ તો કાંઈ થાય નહીં, સેવા પણ થાય નહીં. એ તો કરવાનું જ ન હોય ! દેહ સામે જોવું જ નહીં.'

૯૦ વરસે સ્વામીશ્રીના આ ઉદ્ગાર સાંભળ્યા પછી કોને બેસી રહેવાનું મન થાય ?

•

પત્રવાંચન કરીને સ્વામીશ્રી આરામમાં જવા ઊભા થઈ રહ્યા હતા. ડૉ. નિકુલ બી.પી. માપી રહ્યા હતા. તેઓ બોલ્યા : 'leader at 90.'

'એ શું ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'આપ ૯૦ વર્ષની ઉંમરે પણ સંસ્થાનું સંચાલન કઈ રીતે કરી રહ્યા છો ? એ વિષયક પ્રવચન મેં પરદેશમાં કર્યું હતું. એનો ભાવાર્થ એ હતો કે બી.એ.પી.એસ.નું બ્રહ્માંડ અત્યારે એક વ્હીલચૅરમાં સમાઈ ગયું છે અને એ વ્હીલચૅર આજે આખા બ્રહ્માંડમાં છવાઈ ગઈ છે.'

સ્વામીશ્રી કહે : 'એટલે ?'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'વ્હીલચૅરમાં બેઠાં બેઠાં

સમગ્ર વિરાટ સંસ્થાનું આપ સંચાલન કરો છો.'

સ્વામીશ્રી કહે : 'આપણે કાંઈ કરતા નથી, મહારાજ બધું કરે છે.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'જેમ મહારાજ અક્ષરધામમાં બેઠાં બેઠાં બધું કરે છે એમ....'

અધવચ્ચેથી અટકાવતાં સ્વામીશ્રી આંગળી ઉપર તરફ કરીને કહે : 'એ ઉપર બેઠા છે એટલે અહીંયાં બધું થાય છે. શ્રીજીમહારાજની જ શક્તિ કામ કરે છે. એમનો સંકલ્પ અને એમનું કાર્ય છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપાની દયાથી બધું ચાલે છે. આપણાથી કાંઈ ન ચાલે. એમની જ શક્તિ, એમનો જ સંકલ્પ, એમનું કાર્ય છે આ બધું....' આટલું કહીને સ્વામીશ્રી આરામમાં જવા માટે ઊભા થયા.

•

તા. ૨૯-૮-૨૦૧૦, ભાવનગર

કોટિયા ગામના દરબારો મંદિરના પોડિયમ ઉપર દર્શન માટે બેઠા હતા. સ્વામીશ્રીની શુભ ભાવના અને પ્રયત્નોને કારણે કોટિયા ગામમાં સારામાં સારો સંપ થયો હતો. આ દરબારોને જોતાં સ્વામીશ્રી કહે : 'આશીર્વાદ છે. અહીં આવ્યા, ગામમાં પણ મંદિર થયું છે, ભગવાન વિરાજ્યા છે, તો બધા લાભ લેજો. કોટિયા તો ગુણાતીતાનંદ સ્વામીનું પ્રસાદીનું ગામ છે. એ ગામમાં સુખ-શાંતિ થાય, સંપ રહે, એ આશીર્વાદ છે.'

એ વખતે તો સ્વામીશ્રીએ સૌને દૂરથી જ દર્શનદાન આપ્યાં, પરંતુ પૂજા પછી મુલાકાતકક્ષમાં સ્વામીશ્રી પધાર્યા. મુલાકાતો શરૂ થઈ ગયા પછી તેઓએ કોટિયાના દરબારોને યાદ કર્યા. તાત્કાલિક આ દરબારોને ભેગા કરવામાં આવ્યા ને સ્વામીશ્રી સૌને સામેથી મળ્યા. સ્વામીશ્રી સૌને કહે : 'તમે અહીં સુધી આવ્યા તો અમારેય મળવું પડે ને! હવે સત્સંગ બરાબર રાખજો. સંપ બરાબર રાખજો. ગામની પ્રગતિ થશે. વ્યસન-દૂષણ હોય તો એ કાઢજો, એ થાય જ નહીં એની તકેદારી રાખજો.' આ રીતે સામેથી આ સૌ દરબારોને મળ્યા.

•

તા. ૩૦-૮-૨૦૧૦, ભાવનગર

સારંગપુરમાં રહીને 'સંત તાલીમકેન્દ્ર'માં તાલીમ લઈ રહેલા નવા સંતોને શ્રાવણ માસ દરમ્યાન ગામડાંઓમાં કે શહેરોમાં મોકલવામાં આવે છે. કથાવાર્તા અને પધરામણી તથા સત્સંગની પણ તાલીમ તેઓ લે છે અને એ રીતે પોતાના જીવનનું ઘડતર કરે છે. આવા જ એક તાલીમાર્થી સંત હરિપ્રકાશ સ્વામી શ્રાવણ વિચરણ કરીને ભાવનગર આવ્યા હતા. સ્વામીશ્રીના ભોજન દરમ્યાન અહેવાલ આપતાં તેઓએ એક ગામની વાત કરતાં કહ્યું : 'નિર્મળચરણ સ્વામી અને હું પારાયણ કરવા ગયા હતા. પારાયણમાં ફક્ત ૯ વ્યક્તિઓ હતી. એમાં ત્રણ તો અમે સાથે લઈને આવેલા. બાકી જે છ રહ્યા એમાં મોટા ભાગના ઘરડા હતા. છતાં નિર્મળચરણ સ્વામીએ પોણા બે કલાક કથા કરી.'

સ્વામીશ્રી કહે : 'આપણે તો એક હોય તો પણ કરવાની. બધાએ કરી છે, ચાર તો ચાર ! નહીં તો એવું થઈ જાય કે વધારે હોય તો જ કથાની મઝા આવે અને પછી ઓછા હોય તો શોક થાય. આપણે તો એકને પણ ઉત્સાહથી સત્સંગની દૃઢતાની વાતો કરવાની, તો દૃઢતા થશે.'

•

ભ્રમણ દરમ્યાન શ્રીજીચિંતન સ્વામીએ વાત કરતાં કહ્યું : 'ગઈકાલે કોટિયાના દરબારોને યાદ કરીને આપે બોલાવ્યા અને સૌને પ્રેમથી મળ્યા. આપની આ આત્મીયતા અને સંભાળ રાખવાની પ્રેમાળ અને અદ્‌ભુત રીતને કારણે બહાર નીકળીને ઘણા દરબારોની આંખમાં આંસુ હતાં, ઘણા ગળગળા થઈ ગયા હતા અને અહીં આવેલા ૪૧ દરબારોએ વ્યક્તિગત પૂજા કરવાનો નિયમ લીધો છે. આપની એક કૃપાદૃષ્ટિનું આ ફળ છે.'

•

તા. ૩૧-૮-૨૦૧૦, ભાવનગર

સ્વામીશ્રી પરવારીને મોટી પ્રદક્ષિણામાંથી પસાર થઈને મંદિર આગળ પધાર્યા ત્યારે અહીં કેટલાક વૃદ્ધ પાયાના જૂના હરિભક્તો વ્હીલચૅરમાં હરોળબદ્ધ રીતે બેઠા હતા. પ્રત્યેકને સ્વામીશ્રી વારાફરતી મળ્યા. ભડલી પરિવારના વનમાળીભાઈને જોતાં જ સ્વામીશ્રી કહે : 'તમને ક્યારનો સંભારતો હતો.'

વનમાળીભાઈ કહે : 'તમારો અમારા ઉપર કેટલો બધો પ્રેમ છે !'

સ્વામીશ્રી કહે : 'તમારો શાસ્ત્રીજી મહારાજના

વખતથી પ્રેમ ચાલ્યો આવે છે ને !'

સ્વામીશ્રી કોઈપણ કેન્દ્રમાં જૂના હરિભક્તોને ક્યારેય ભૂલતા નથી.


•

સ્વામીશ્રીએ ઠાકોરજી જમાડ્યા. એ દરમ્યાન ખાસ કરીને સારંગપુર-ગઢડામાં પડેલા વરસાદના સમાચાર ભોજન કરતાં કરતાં જ્ઞાનેશ્વર સ્વામી તથા અધ્યાત્મ-સ્વરૂપ સ્વામી પાસે સાંભળ્યા. સારંગપુરમાં ગઈકાલે મન મૂકીને વરસાદ વરસતાં હજી સુધી ખાલી રહેલો ડેમ અડધો ભરાઈ ગયો હતો. જ્ઞાનેશ્વર સ્વામીએ વિનંતી કરી કે 'હજી પાંચેક ઈંચ વરસાદ પડી જાય તો ડેમ આખો છલકાઈ જાય.'


આ બાજુ સુરતમાં વિપરીત સંજોગો હતા. ઉકાઈ ડેમમાં પાણીની આવક વધતાં પાટિયા ખોલી દેવામાં આવ્યા હોવાથી સુરતથી પસાર થતી તાપી નદીમાં પૂરની સંભાવના હતી. એટલે કોઠારી ઉત્તમપ્રકાશ સ્વામીએ સ્વામીશ્રીને વિનંતી કરતાં કહ્યું : 'ઉપરવાસ વરસાદ ન આવે એ પ્રાર્થના.'

આ સાંભળીને સ્વામીશ્રી હસી પડ્યા. સ્વામીશ્રી કહે : 'આમથી (સારંગપુર બાજુ) આમ કરવાનું ને આમથી (સુરત) આમ (વરસાદ બંધ) કરવાનું.' આમ કહીને હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'બધું સાંભળીએ તો ડખળાઈ જાય.'

પ્રસંગમ્



સપ્ટેમ્બર ૨૦૧૦



'સંસાર સુખ-દુ:ખનો દરિયો છે, પણ એમાં મતિ ભમવી ન જોઈએ કે
બહુ ભજન કર્યું, બહુ સેવા કરી, બહુ મંદિરે ગયા, બહુ માળા ફેરવી, પણ આપણું કાંઈ ધોળ્યું નહીં.
શ્રીજીમહારાજ ધોળવા ઓછા આવ્યા છે ?
એ તો અંતરમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મમતા પડ્યાં છે, એને ચૂનો ફેરવીને કાઢી નાખવા આવ્યા છે.
આ વખતે આવો જોગ મળ્યો છે તો હવે 'તા એ તા' કરીને ભજન કરી લેવાનું છે.
જીવમાં સત્સંગ પ્રધાન હોય તો જગતનું કંઈ અડે નહીં, એટલે સુખ-દુ:ખમાં સ્થિર મતિ થાય.
કોઈ મારે, ગાળ દે તો માનવું કે 'મને કાંઈ કર્યું નથી. હું તો આત્મા છું, અક્ષર છું, બ્રહ્મ છું.'
જેની સાથે ભગવાનનું અનુસંધાન થાય એ વસ્તુ પણ સગુણને બદલે નિર્ગુણ બની જાય.
ભગવાનનો સંબંધ થાય એ વસ્તુ નિર્ગુણ બની જાય છે.
તો આપણે ભગવાનના ભક્ત થયા, આપણા જીવમાં ભગવાન અને સંત, અક્ષરપુરુષોત્તમ મહારાજ,
શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ બેસી ગયા. તો આપણે પણ નિર્ગુણ જ છીએ.'

- પ્રમુખસ્વામી મહારાજ

તા. ૧-૯-૨૦૧૦, ભાવનગર

સ્વામીશ્રીના સ્વાસ્થ્યની તકેદારી માટે આજે લોહીનું પરીક્ષણ કરવાનું હતું. સ્વામીશ્રી પૂજા કર્યા પછી મુલાકાતકક્ષમાં પધાર્યા. અહીં સ્વામીશ્રીનું લોહી લેવા માટેની પૂર્વતૈયારી એક ડૉક્ટર કરી રહ્યા હતા. આજુબાજુ ઘણા સંતો ઊભા હતા. એને કારણે ડૉક્ટર થોડાક નર્વસ લાગતા હતા. સ્વામીશ્રી આ સમજી ગયા, એટલે હસતાં હસતાં કહે : *'જે લોહી લેવું હોય તે લેજો રે, રૂડા સ્વામીને ભજતાં.'* આમ, સ્વામીશ્રીએ વાતાવરણ હળવું કરી આપ્યું. એટલે ડૉક્ટરને પણ નિરાંત થઈ.

સ્વામીશ્રી માનસમર્મજ્ઞ છે – એ વાતનો ખ્યાલ છેક રાત્રે પોઢતાં પહેલાં સ્વામીશ્રી ખુરશી ઉપરથી ઊભા થયા ત્યારે આવ્યો. સ્વામીશ્રી એ વખતે સવારના રહસ્યનો ફોડ પાડતાં કહે : 'ડૉક્ટર તૈયારી કરતા હતા. સામે બાપુ હતા અને સંતો હતા. એટલે મેં પેલું ગીત જોડી કાઢ્યું, *'જે લોહી લેવું હોય તે લેજો લે, રૂડા સ્વામીને ભજતાં.'*

•

મુલાકાત દરમ્યાન ચકમપરના બેચરભાઈ આવ્યા. તેઓને જોતાં સ્વામીશ્રી કહે : 'હવે તો તમે બહુ ઘરડા થઈ ગયા.'

૧૯૫૭માં સંત સ્વામીની સાથે સ્વામીશ્રી જ્યારે રોહીશાળામાં હતા ત્યારે આ બેચરભાઈની વિનંતીને માન્ય રાખીને ચાલુ વરસાદમાં ગારો ખૂંદતાં ખૂંદતાં રોહીશાળાથી ચાલતાં ચાલતાં ચકમપર પધરામણીએ ગયા હતા. સ્વામીશ્રીએ ત્યારના પ્રસંગથી તેઓની ઓળખાણ હજી સુધી જાળવી રાખી હતી.

•

સ્વામીશ્રી રાત્રિભોજન અંગીકાર કરી રહ્યા હતા. સામે બેઠેલા સંતો પૈકી અહીંની શહેર સત્સંગ પ્રવૃત્તિ સંભાળી રહેલા ત્યાગરાજ સ્વામીને સ્વામીશ્રી કહે : 'પેલા નાનાભાઈ રોજ આવે છે ?'

નાનાભાઈ એટલે, ભાવનગરના જૂના ખોજા હરિભક્ત. તેઓને સ્વામીશ્રી પ્રત્યે ખૂબ સ્નેહ. શાસ્ત્રીજી મહારાજના સમયથી અહીંના ખોજા પરિવારો સાથે સ્વામીશ્રીનો સ્નેહસંબંધ રહ્યો છે.

વિવેકસાગર સ્વામી કહે : 'રોજ આવે છે. એમણે મને કહેવડાવ્યું પણ હતું કે હું રોજ કથામાં આવું છું એવું સ્વામીબાપાને કહેજો.'

આ સાંભળીને ત્યાગરાજ સ્વામીને સ્વામીશ્રી કહે : 'કાલે નાનાભાઈને લઈ આવજો.' આમ, કહીને મીઠા ઠપકા સાથે કહે : 'તમે તો અહીં જ રહો છો, તમને ખબર ન પડે કે જૂના હરિભક્તોને લાવવા જોઈએ ?!'

ત્યાગરાજ સ્વામી કહે : 'તે દિવસે જૂના હરિભક્તોનું આયોજન કર્યું એમાં રહી ગયા.'

સ્વામીશ્રી કહે : 'શું રહી ગયા ? ખબર પડવી જોઈને, કોઈ રહી જવા ન જોઈએ.'

આમ, સ્વામીશ્રીએ ખટકો રખાવ્યો.

•

તા. ૨-૯-૨૦૧૦, ભાવનગર

આજે મુલાકાતમાં નાનાભાઈ પણ હતા. સ્વામીશ્રી અહીં પધાર્યા ત્યારથી બે-ત્રણ વખત નાનાભાઈને યાદ કર્યા હતા, પરંતુ તેમને બોલાવવાનું રહી જતું હતું. ગઈકાલે સ્વામીશ્રીએ સૂચના આપી કે 'આવતીકાલે લેતા આવજો.'

આ વયોવૃદ્ધ ખોજા હરિભક્તને સ્વામીશ્રી કહે : 'કાલે અને પરમ દિવસે તમને યાદ કર્યા હતા. ભગવાન તબિયત સારી રાખે એ આશીર્વાદ છે. મેં સાંભળ્યું છે કે

રોજ સાંજે કથામાં આવી જાવ છો, બહુ સારી વાત છે. તબિયત તમારી સારી રહે ને ભજન કરતાં કરતાં ભગવાનના ધામમાં પહોંચી જવાય એ આશીર્વાદ છે.'

•

તળાજાવાળા મીનાઝ ભાયાણી નામના ખોજા યુવકનો આજે સ્વામીશ્રી પર ફોન આવ્યો. સ્વામીશ્રી કહે : 'તું કેમ દેખાતો નથી ?'

મીનાઝ કહે : 'હું રોજ આવું છું. આજે મુલાકાતમાં આવવાનું હતું, પણ શરદી થઈ છે એટલે ન આવી શક્યો.'

સ્વામીશ્રી કહે : 'તમે લોકોએ સત્સંગ સાચવ્યો છે એનો મને આનંદ છે. સત્સંગ વધતો રહે તે આશીર્વાદ છે.'

મીનાઝ કહે : 'આપ અમારા પર દૃષ્ટિ રાખજો.'

સ્વામીશ્રી કહે : 'તમારા કુટુંબ ઉપર તો યોગીબાપા અને શાસ્ત્રીજી મહારાજની દૃષ્ટિ છે. તમારી બધાની એવી સેવા છે તે ભુલાય એવું નથી.'

•

તા. ૩-૯-૨૦૧૦, ભાવનગર

સ્વામીશ્રી ક્યાં, કયા રૂપે, કોને સંકલ્પ પૂરા કરીને રાજી કરી દેતા હોય છે એ અવર્ણનીય છે. અહીં આંબાવાડી વિસ્તારમાં રહેતો પાર્થ રાઠોડ નામનો બાળક, એના ઘરમાં પોતે એક જ સત્સંગી છે. તેનાં માતાપિતા ગુણભાવી છે. મધ્યમ વર્ગના આ પરિવારના આ પાર્થને નાનપણથી એવો સંકલ્પ કે 'સ્વામીબાપાને મારે હાર પહેરાવવો છે.' 'બાળપ્રકાશ'માં વળી એણે વાંચ્યું હતું કે 'બાળકોના મનોરથો બાપા પૂરા કરે છે.' આ બધાં વાંચનને લીધે એની આ લાગણી તીવ્ર બનતી જતી હતી. એવામાં સ્વામીશ્રીનું ભાવનગર આવવાનું થયું. પાર્થ આ સમાચાર સાંભળીને ખૂબ રાજી થઈ ગયો. ૨૩મી તારીખે સ્વામીશ્રી પધારવાના છે – એ વિચાર સાથે, બૂટ-ચંપલની દુકાન ધરાવતા એના પિતાશ્રીને પાર્થે કહ્યું કે 'આજે જ્યારે દુકાનેથી ઘરે પાછા આવો ત્યારે મારા માટે પુષ્પહાર લઈ આવજો. મારે સ્વામીબાપાને પહેરાવવો છે.'

એના પિતાશ્રીએ 'હા' તો પાડી, પરંતુ રક્ષાબંધન પર્વના કારણે દુકાનમાં ઘરાકી એટલી બધી હતી કે દુકાન મોડી બંધ કરી અને પુષ્પહાર શોધવા નીકળ્યા, પરંતુ બપોરના બે-ત્રણ વાગી ગયા હોવાથી ક્યાંય પુષ્પહાર મળ્યા નહીં. એટલે ઘરે ખાલી હાથે આવ્યા. પાર્થે પોતાની માતાને કહ્યું : 'હાર ક્યાં છે ?' ત્યારે માતાએ પરિસ્થિતિની જાણ કરી. એટલે પાર્થ કહે : 'તમે મને રૂપિયા આપો. હું ગમે એમ કરીને પુષ્પહાર લઈ આવીશ.'

રાત્રે એને જંપ ન વળ્યો. રોજ કરતાં વહેલાં ઊઠી ગયો. સવારના પહોરમાં ૫:૩૦ વાગે એ તો પુષ્પહાર શોધવા નીકળી ગયો. રોજ ૬:૦૦ વાગે ટ્યૂશન પર જતાં પણ ડરતા પાર્થને આજે કોઈ બીક લાગી નહીં. જ્યાં ફૂલહારની દુકાનો હોય એવા વિસ્તારોમાં સાઇકલ ઉપર એ પહોંચી ગયો. ફૂલહાર માટે પૂછપરછ કરી. સવારના પહોરમાં ફૂલહાર વેચવા તો કોઈ બેસે નહીં, પરંતુ એક માળીના ઘર આગળ જઈને બારણું ખટખટાવ્યું. અંદરથી બારણું ખૂલ્યું ત્યારે આ છોકરાએ કહ્યું : 'મારે પ્રમુખસ્વામીને પહેરાવવા માટે ફૂલહાર જોઈએ છે. તમે મને કરી દ્યો.' પેલા માળીએ પણ ભાવથી પંદર રૂપિયામાં મોટો ફૂલહાર એને આપ્યો.

હાર લઈને એ ઉત્સાહ અને ઉમંગ સાથે અક્ષર-વાડી મંદિરે આવ્યો, ત્યારે હજી તો લગભગ ૭:૦૦ વાગ્યા હશે ! સભામંડપમાં વિવેકસાગર સ્વામીની કથા ચાલુ હતી. ઉમંગમાં ને ઉમંગમાં એ હારની કોથળી લઈને એ તરફ આવ્યો ત્યાં તો એણે જોયું કે સામેથી સ્વામીબાપા લિફ્ટમાંથી નીચે ઊતરી રહ્યા છે. એના ઉત્સાહનો પાર ન રહ્યો. એ સામે દોડ્યો. બાપા આગળ જઈ એણે ફૂલહાર ધર્યો. સ્વામીશ્રીએ એનો હાર અંગીકાર કર્યો અને એને પાછો પ્રસાદીનો આપીને બરાબર ભણવાની આજ્ઞા કરી અને નિયમિત પૂજા કરવાની આજ્ઞા કરી.

એ પ્રસાદીનો ફૂલહાર લઈને, મનોરથ પૂરા થયા છે એવા એક આનંદ સાથે એ તો દોડતો દોડતો જ્યારે પાછો વળ્યો, ત્યારે એને ખબર પડી કે 'હજી તો સ્વામીબાપા રૂમમાં જ છે. હજી તો ફક્ત ૭:૦૦ વાગ્યા છે.' એના આશ્ચર્યનો પાર ન રહ્યો.

એક બાળકની નાનપણની ઇચ્છા પૂરી કરવા માટે સ્વામીશ્રીએ દિવ્ય સ્વરૂપે એનો ભાવ અંગીકાર કર્યો, બાકી કાર્યકરોએ તો એને કહી જ દીધું હતું કે 'સ્વામીબાપા આ રીતે કોઈના હાર લેતા નથી અને

સવાર સિવાય કોઈને મળતા જ નથી.' સ્વામીશ્રીની આ અનોખી રીત છે.

•

એક મુમુક્ષુનો પત્ર હતો. નિષ્કપટભાવે એણે જે જે કંઈ ભૂલો કરી હતી એની વિગતો લખી હતી અને પ્રાયશ્ચિત્ત માગ્યું હતું. પત્ર વાંચીને સ્વામીશ્રી કહે : 'ગમે એટલું કરે પણ પ્રાયશ્ચિત્ત થાય એવું નથી. એટલે એને લખજો કે તમે દૃઢતા રાખીને નિયમ-ધર્મ પાળો તો આગળ સારું થશે.'

•

પુણ્યકીર્તન સ્વામી કહે : 'પ્રવૃત્તિમાં એવું જોવા મળે કે જે સહન કરે એને વધારે ને વધારે સહન કરવાનું થાય. કાર્યકરોમાં પણ જે ઘસાતા હોય એને વધારે સેવા મળે.'

સ્વામીશ્રી કહે : ''ભગવાનને રાજી કરવાનો વિચાર હોય એટલે ઘસારો વધારે પડે તોય વાંધો ન આવે, બાકી પેલાને કહીએ તોય કરે નહીં; કારણ, મનમાં જ ન હોય. 'હોતા હૈ, ચલતા હૈ, ચાલે છે' એમ જ રહે, પણ ભગવાનને રાજી કરવાનું તાન હોય એ બધી રીતે ખટકો રાખે.''

•

તા. ૫-૯-૨૦૧૦, સારંગપુર

રાજુભાઈ નામના એક હરિભક્તે પોતાના જીવનના એક પ્રસંગની વાત કરતાં કહ્યું કે ''મારે જંબુસરમાં કેરીના રસનો મોટો વેપાર છે. 'યોગી રસભંડાર'ના નામે દુકાન છે. સન ૧૯૮૩ સુધી મને સત્સંગ ન હતો, હું માતાજીનો ઉપાસક હતો, પણ માતાજીના મંદિરે ક્યારેય ન જતો. જીવનમાં વ્યસનો અને દૂષણો ચકચૂર હતાં. એ દરમ્યાન એક વાર મારા મિત્રે મને આગ્રહ કર્યો કે 'અમારી સાથે ગુરુપૂર્ણિમાએ બોચાસણ આવો.' મિત્રના આગ્રહને લીધે હું બોચાસણ ગયો. આમ તો મને સ્વામિનારાયણના સાધુઓ પ્રત્યે પહેલેથી દ્વેષ. સ્વામિનારાયણ મંદિરમાં પગ મૂકવા પણ હું તો તૈયાર ન હતો. એટલે સ્પેશિયલ, બસમાં જ હું બેઠો રહ્યો, પરંતુ મિત્રે આગ્રહ કર્યો એટલે પહેલી વખત મંદિરમાં પગ મૂક્યો. ભગવાનનાં દર્શને તો ગયો જ ન હતો. બુકસ્ટોલ આગળ બેસી રહ્યો હતો.

એ દરમ્યાન સ્વામીશ્રી ગુરુપૂર્ણિમાની સભામાં આશીર્વાદ આપી રહ્યા હતા. મારા મિત્રે કહ્યું કે 'પ્રમુખસ્વામી મહારાજને અત્યાર સુધી તેં ફોટામાં જોયા છે ને અહીં સુધી આવ્યો છે તો એક વખત પ્રત્યક્ષ દૂરથી તો જોઈ લે !' મિત્રના આગ્રહથી હું દૂરથી દર્શન કરવા ગયો, એમાં મને કોઈ આદરભાવ ન હતો, પરંતુ સ્વામીશ્રીનાં દર્શન કર્યાં ને ચમત્કાર થયો, મારા વિચારો ફરવા લાગ્યા અને મનમાં એવો સંકલ્પ જાગવા લાગ્યો કે 'આ સંતને નજીકથી જોવા છે, મળવું છે.' એ વખતે તો સમૈયા પછી તરત સ્વામીશ્રી સૌને વ્યક્તિગત ચરણસ્પર્શ અને પૂજનનો લાભ આપતા. એટલે હું આપોઆપ ત્યાં ખેંચાયો. મારા મિત્રે પરિચય કરાવ્યો. સ્વામીશ્રીએ મને એટલું જ કહ્યું : 'વ્યસનો ન રાખતો.' અને કોણ જાણે કેમ મારા સંકલ્પો જ વિરામ પામી ગયા. આજ સુધી વ્યસનનો સંકલ્પ થયો નથી.''

•

શ્રાવણ મહિનાના વિચરણમાં પારાયણ કરવા માટે ગયેલા શ્રીજીકીર્તન સ્વામીએ સ્વામીશ્રીને હરિભક્તોના કેટલાક અનુભવોની વાત કરી. તેઓ કહે :

''અણુમાલા-કાંકરાપાર ગયા હતા. અહીં ભારત સરકારનું એટોમિક પાવર સ્ટેશન છે. એમાં નોકરી કરતા એન્જિનિયરો તથા અન્ય સ્ટાફને રહેવા માટેની મોટી ટાઉનશિપ છે. આ ટાઉનશિપમાં ઘણાં કુટુંબો આપણા સત્સંગી છે. આ વખતે ટાઉનશિપમાં પધરામણી કરતી વખતે દક્ષિણ ભારતીય એન્જિનિયર રમેશકુમાર મળ્યા. છેલ્લાં બાર વર્ષથી તેઓ અહીં રહે છે. સ્વામીશ્રી અને સંસ્થા પ્રત્યે તેઓને અત્યંત સદ્ભાવ છે. તેઓએ સ્વામીશ્રીના મહિમાની વાત કહેતાં કહ્યું કે 'તમારે સંતોએ તો સત્સંગ પ્રચાર માટે કાંઈક ને કાંઈક બોલવું પડે, પરંતુ ગુરુજી (પ્રમુખસ્વામી મહારાજ) તો વર્તનથી ઘણું કહી દે છે. સાંકરીમાં એક વખત હું ગયો હતો. સભામાં દર્શન કર્યાં હતા. એ વખતે ગુરુજી માળા ફેરવતા હતા. તેઓની આ મૂર્તિ મારા અંતરમાં વસી ગઈ ને મને પ્રેરણા મળી ગઈ કે જીવનમાં કરવા જેવું એક ભગવાનનું ભજન જ છે.''

•

તા. ૬-૯-૨૦૧૦, સારંગપુર

શ્રાવણ મહિના દરમ્યાન અક્ષરેશ સ્વામી જુદાં જુદાં કેન્દ્રોમાં કીર્તન આરાધનાઓ કરવા ગયા હતા. આ કીર્તન આરાધનાઓનો અહેવાલ તેઓ સ્વામીશ્રીને

આપતા હતા. તેઓ કહે : 'બારસી(મહારાષ્ટ્ર)માં મંદિર સારું થયું છે.'

સ્વામીશ્રી તરત જ કહે : 'પ્રીતમ સ્વામીનો પ્રતાપ છે.'

વરસો પહેલા પ્રીતમપ્રસાદ સ્વામી અવારનવાર બારસી જતા અને સત્સંગ કરાવતા. ત્યારપછી તો ઘણાં વરસોથી તેઓ ગયા પણ નથી, પરંતુ વરસો પહેલાંની સેવા ને સમર્પણને સ્વામીશ્રીએ અદ્યાપિપર્યંત યાદ રાખ્યું અને સમય આવે એને સંભાર્યું પણ ખરું ! સૌની નાની-મોટી સેવા સ્વામીશ્રી યાદ રાખે છે.

•

એક મુમુક્ષુનો પત્ર હતો. નિષ્કપટભાવે તેઓએ પોતાને નડતા સ્વભાવોની વાત કરતાં લખ્યું હતું કે 'કામવાસના ખૂબ નડે છે. પ્રયત્ન કરું છું, પણ સ્વભાવ જિતાતા નથી.'

સ્વામીશ્રીએ એ હરિભક્તને ફોનમાં આશીર્વાદ આપ્યા અને કહ્યું : 'પ્રયત્ન કરજો. ટાળવું આપણા હાથમાં છે. બહારનું જોવા, વાંચવાનું મૂકી દેજો. ભગવાનને સંભારજો. વિશેષ માળા કરજો.'

એ મુમુક્ષુ કહે : 'સત્સંગ કરીએ તોય આવું થાય છે.'

સ્વામીશ્રી કહે : 'સત્સંગ કરીએ છીએ, પણ બહારનું પણ જોવાઈ જાય છે. એટલે આ વિચારો આવે. નિયમ બરાબર પાળો, ભગવાન સારું કરશે.'

•

રાજકોટથી મુકેશભાઈ વાઢેરનો ફોન હતો. તેઓનો પૌત્ર અકસ્માતમાં અક્ષરનિવાસી થયો હતો. સ્વામીશ્રીએ તેઓને ફોનમાં આશીર્વાદ અને સાંત્વના આપ્યા.

છેલ્લે મુકેશભાઈ કહે : 'બાપા ! એની પાછળ પતાસાં વહેંચવાં કે સાકર ?'

સ્વામીશ્રી તરત જ કહે : 'આપણે તો શોક હોય નહીં, આનંદ છે તો તમને જે ઇચ્છા હોય એ પ્રમાણે કરજો.' આટલું માર્ગદર્શન આપ્યા પછી ફોન પૂરો થયો.

સ્વામીશ્રી કહે : 'આવા બીચારા નિષ્ઠાવાળાને દુઃખ આવે છે, પણ સમજણ કેટલી સારી છે !'

•

ન્યૂજર્સીમાં બંધાનારા અક્ષરધામની મિટિંગો ચાલુ હતી. આ મિટિંગમાં ઉપસ્થિત રહેલા હર્ષદભાઈ ચાવડાએ સ્વામીશ્રીને છેલ્લે વિનંતી કરતાં કહ્યું : 'મારે તો હવે રિટાયર્ડ થવું હતું, પણ આ સેવા આવી ગઈ. બાકી તો રિટાયર્ડ થઈ ગોંડલમાં રહેવું હતું. ત્યાં બે માળનું મકાન પણ બનાવ્યું છે.'

સ્વામીશ્રી તરત જ આશ્ચર્ય સાથે કહે : 'કેમ ?'

હર્ષદભાઈ કહે : 'મનમાં વિચાર એવો હતો કે નિવૃત્તિ પછી ત્યાં રહીશું.'

સ્વામીશ્રી તરત જ તેઓને રોકતાં કહે : 'આપણે તો આ પ્રવૃત્તિ એ જ નિવૃત્તિ છે.'

હર્ષદભાઈ કહે : 'અત્યારે મંદિરમાં ચાવી આપી રાખી છે, મંદિર વાપરે છે.'

સ્વામીશ્રી કહે : 'તારું ઘર તો મંદિરના કામમાં જ આવશે, હરિભક્તો ઊતરશે. મંદિર જ તારું ઘર છે. મંદિર હતું તો શું કામ ઘર બાંધ્યું ? મંદિરમાં ઊતરવાનો તો તારો હક્ક છે.'

સ્વામીશ્રીની કેટલી અદ્‌ભુત આત્મીયતા !!

•

તા. ૯-૯-૨૦૧૦, સારંગપુર

એક મુમુક્ષુના ભાઈને વળગાડ હતો. સ્વામીશ્રીએ એને આશીર્વાદ આપતાં કહ્યું : 'કંઈ છે જ નહીં. બધું મનનું છે. માટે મનમાંથી કાઢી નાખજે અને સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરજે.'

•

એક યુવક દર્શને આવ્યો. હમણાં જ એનાં પત્ની બાળકો સાથે આપઘાત કરીને મરી ગઈ હતી. આ યુવકનો કોઈ વાંક ન હતો – એ એના સસરા સમજતા હતા. એટલે સસરાએ સામે ચાલીને આશ્વાસન આપ્યું અને કહ્યું : 'તમારે કાંઈ ચિંતા કરવાની જરૂર નથી. અમે તમારી સાથે છીએ. તમે બીજાં લગ્ન કરો એમાં પણ અમને વાંધો નથી.'

આટલો સહકાર હોવા છતાં આ ઘટનાની યાદ આવતાં આ યુવકના અંતરમાં અશાંતિ અશાંતિ વર્ત્યા કરે છે. સ્વામીશ્રી સમક્ષ રજૂઆત કરીને એ રડી પડ્યો, ત્યારે સ્વામીશ્રીએ તેઓને આશ્વાસન આપતાં કહ્યું : 'તમારો કોઈ વાંક નથી. એનાં પ્રારબ્ધ એવાં હશે ! એટલે તમારે ચિંતા ન કરવી. એના આત્માને શાંતિ મળે એના માટે પ્રાર્થના કરવી અને ભજન કરવું અને ધંધા-નોકરીમાં લાગી જવું. સત્સંગ બરાબર કરવો.

ચિંતા ન કરશો. શ્રીજીમહારાજને અમે પ્રાર્થના કરીશું.'

•

રાજકોટના નિર્દેશક દશરથસિંહની વાત નીકળી. તાજેતરમાં એક્સિડન્ટ થતાં ચારેક મહિનાથી તેઓ પગના ઘૂંટણની પીડાથી પીડાતા હતા. મુંબઈ જઈને સ્વામીશ્રીની આજ્ઞાથી તેઓએ ઑપરેશન કરાવ્યું હતું. આ સંદર્ભમાં યોગીસ્વરૂપ સ્વામી કહે : 'એમણે તો જય સ્વામિનારાયણ સાથે એવું કહેવડાવ્યું છે કે મારા જીવનો સત્સંગ થાય.'

સ્વામીશ્રી તરત જ કહે : 'દશરથસિંહને તો પાકું જ છે. એની જ્ઞાન, ભક્તિ, સમજણ પાકી છે. એટલે શરીરે કરીને દુઃખી થાય એવો નથી.'

•

સાંજે સ્વામીશ્રીએ હિતેન મહેતા(લંડન)ની સાથે ફોનમાં વાત કરી. પ્રિન્સ ચાર્લ્સના સેવાકીય બાબતોના તેઓ સેક્રેટરી છે અને ચુસ્ત સત્સંગી છે. સ્વામીશ્રી હિતેનને કહે : 'તારે તો પ્રિન્સ ચાર્લ્સનો સંબંધ છે !'

હિતેન કહે : 'ત્યાં તો નોકરી કરું છું, પણ સાચો સંબંધ તો આપની સાથેનો છે.'

સ્વામીશ્રી તરત જ કહે : 'ખરી વાત છે, સાચો સંબંધ તો ભગવાનનો છે. આ તો લૌકિક વાત છે.'

•


તા. ૧૧-૯-૨૦૧૦, સારંગપુર

સ્વામીશ્રી નાના-મોટા તમામ સંતોની બધી જ પ્રકારની ખાસિયતો જાણે છે. આજે ઝાડેશ્વરથી અનિર્દેશ સ્વામી આવ્યા હતા. યોગાનુયોગ આજે લાડુની રસોઈ હતી. લાડુમાં ખસખસ હોય જ, આ વાતથી સ્વામીશ્રી વાકેફ હતા. સાથે સાથે અનિર્દેશ સ્વામીને ખસખસ ભાવતી નથી, એ વાતથી પણ સ્વામીશ્રી અજાણ ન હતા. એટલે જ અનિર્દેશ સ્વામીને જોતાં જ સ્વામીશ્રીએ બ્રહ્મતીર્થ સ્વામીને કહેવડાવ્યું કે થોડાક લાડવા ખસખસ વગરના રાખજો.

દરેક પરિવારમાં અથવા તો સમૂહજીવનમાં આટલી નાની-નાની બાબતમાં જો ધ્યાન રખાય તો પરિવારમાં શાંતિ, આનંદ કે ખુશાલીને શોધવા જવી પડે નહીં.

•

અમદાવાદ શાહીબાગ મંદિરમાં આવતીકાલે બ્રાહ્મણોની ચોરાશીનું આયોજન થયું હતું. શ્રીજી-મહારાજ જે આયોજન કરતા એની સ્મૃતિરૂપે આ આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન માટે સ્વામીશ્રીએ બ્રહ્મતીર્થ સ્વામીને કહીને થોડાક લાડવા તૈયાર કરાવ્યા હતા. સ્વામીશ્રીએ આજે ભૂદેવોના પ્રતિનિધિરૂપે આવેલા અમદાવાદના દિલીપભાઈ ત્રિવેદીને અને આ લાડુની રસોઈ આપનાર શાયોના પરિવારના સુરેશભાઈને લાડુના ટોપલા આપ્યા અને સર્વ ભૂદેવો પ્રતિ એક આશીર્વાદપત્ર પણ લખીને મોકલ્યો.


પ્રગટ બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ
(સ્વામીશ્રી નારાયણસ્વરૂપદાસજી)

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

પ્રતિ,

સમસ્ત અમદાવાદ બી.એ.પી.એસ. ભૂદેવ સમાજ, ૧૨-૯-૧૦
સારંગપુર

આપ સૌ શાહીબાગ મંદિરે પધાર્યા છો એ જાણીને આનંદ થયો. ભગવાન સ્વામિનારાયણ ખૂબ પ્રસન્ન થશે કારણકે શ્રીજીમહારાજે અનેક વખત ચોરાશી કરીને ભૂદેવોને જમાડ્યા છે. ભૂદેવોનું સ્થાન તેઓના હૃદયમાં રહ્યું. વર્ષો પછી આ રીતે આપ સૌને જમાડતા અમને પણ આનંદ થાય છે. આપ સૌ પણ પ્રેમથી પ્રસાદ જમજો. આપ સૌ તને, મને, ધને સુખી બનો એ આશીર્વાદ છે.

આ ચોરાશીના વ્યવસ્થાપક પૂ. સત્સંગીજીવન સ્વામીને તથા શાયોના પરિવાર તથા દિલીપભાઈ ત્રિવેદીને આશીર્વાદ છે

[illegible]

BAPS

બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪. ફોન : ૨૫૬૨ ૫૫૫૫/૫૬
e-mail: info@swaminarayan.org www.swaminarayan.org

•

તા. ૧૩-૯-૨૦૧૦, સારંગપુર

સ્વામીશ્રી દર્શન કરવા માટે શાસ્ત્રીજી મહારાજના ખંડમાં પધાર્યા. આરુણિ ભગત વાક્ય બોલ્યા કે 'શાસ્ત્રીજી મહારાજનો સિદ્ધાંત હતો કે દેહ રહે ત્યાં સુધી પળે પળ ને ક્ષણે ક્ષણ અને આ દેહનો એકે એક

રોમ સત્સંગના અર્થે જ વાપરી લેવો, આપણે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ.' આટલું કહીને દર્શન માટે બેઠેલા સંતો-પાર્ષદો-સાધકોને કહે : 'આપણે બળદિયા થવું છે ને ?'

'હા.' સૌ સંતો સમૂહમાં બોલ્યા.

એટલે સ્વામીશ્રી તરત જ કહે : 'બળદિયા થયા પણ સૌ ગોદા મારશે, ગોદા મારે તોય બળદિયો ક્યારેય ફરિયાદ કરતો નથી, ખેડવા જાય ને જે કહે એ કરે. બળદિયો ક્યારેય ના ન પાડે. એમ આપણેય દૃઢ રાખવું.'

•

આત્મતૃપ્ત સ્વામી શ્રાવણ માસનું વિચરણ કરીને આવ્યા હતા. તેઓએ પણ હરિભક્તને સ્પર્શેલી દિવ્યતાના પ્રસંગની વાત કરતાં સ્વામીશ્રીને કહ્યું :

''સિદ્ધપુરમાં જયકિશનભાઈ ઠક્કર નામના એક ઉત્સાહી કાર્યકર છે. તેઓ વ્યસને પૂરા હતા, પરંતુ સ્વામીશ્રીનાં દર્શને વ્યસન છૂટી ગયાં હતાં. થોડાક સમય પહેલાં સિદ્ધપુરમાં મહંત સ્વામીની પધરામણી હતી અને જયકિશનભાઈના ઘરે ઠાકોરજી જમાડવાના હતા. ઉત્સાહી જયકિશનભાઈના મનમાં એમ થયું કે આવા મોટા પધારે છે અને ખૂબ ગરમી છે તો તેમના માટે એ.સી. નખાવું. તેઓ ભાડે એ.સી. મળે એની શોધમાં હતા, પરંતુ ક્યાંય મળ્યું નહીં. એટલે મનમાં વિચાર કર્યો કે 'નવું ખરીદી લઉં.'

મધ્યમ વર્ગના તેઓ સંતો માટે આવી વ્યવસ્થા ઊભી કરતા હતા. એ દરમ્યાન તેઓના મિત્ર આવ્યા અને પૂછ્યું કે 'શું કરે છે ?'

જયકિશનભાઈએ બધી વાત કરી. એટલે એણે કહ્યું : 'મારો એક મુસલમાન મિત્ર છે, જે એ.સી. રિપૅર કરે છે, એની પાસે જઈએ. એક દિવસ માટે એ તને એ.સી. આપે એ વાત કરીશું.'

બંને મુસલમાન મિત્રને ત્યાં ગયા, બધી વાત કરી અને કહ્યું : 'જે કંઈ ભાડું થાય એ હું આપી દઈશ, પણ તું એ.સી. મારા ઘરે એક દિવસ માટે નાખી આપ.'

પેલા મુસલમાને પૂછ્યું કે 'કોના માટે આ બધું કરો છો ?'

ત્યારે જયકિશનભાઈએ કહ્યું : 'પ્રમુખસ્વામીના સંતો મારે ત્યાં આવવાના છે, એટલે હું આ કરું છું.'

આ સાંભળીને પેલા મુસલમાને કહ્યું : 'જો પ્રમુખસ્વામી માટે હોય તો મારે કોઈ પૈસા લેવા નથી. હું મારા ખર્ચે એ.સી. નાખીને લઈ જઈશ.'

જયકિશનભાઈએ કહ્યું : 'તને આટલો બધો ભાવ કઈ રીતે ?'

પેલા મુસલમાને કહ્યું : 'મને પ્રમુખસ્વામી પ્રત્યે અત્યંત આદર છે. તેઓ પવિત્ર આત્મા છે. અક્ષરધામ ઉપર આતંકવાદી હુમલો થયો ત્યારે એમણે જે રીતે અપીલ કરી એના લીધે ગુજરાતના મુસલમાનો બચી ગયા. મને આ વાત ખૂબ સ્પર્શી ગઈ છે.''

આ સંદર્ભમાં ઘનશ્યામચરણ સ્વામી (ઘનશ્યામબાપા) કહે : 'આપે બધાની નજર ખેંચી લીધી છે. 'બાપા, બાપા' બધા કરે છે. આપે શું કામણ કર્યાં છે ?'

સ્વામીશ્રી કહે : 'બાપા (તમે) ફર ફર કરે છે એટલે કામ થાય છે. સંતો ફરે છે, ગામોગામ ફરે છે, એટલે કામ થાય છે.'

ભદ્રેશ સ્વામી કહે : 'આ તો આપની વાત કરે છે ?'

સ્વામીશ્રી કહે : 'આપણે સંતોની વાત કરીએ. સંતો કાંઈ ઓછાં કામ કરે છે ? ગામડે ગામડે ગારો ખૂંદતાં ખૂંદતાં ગયા.'

નારાયણચરણ સ્વામી કહે : 'આપ પણ બધે એ જ રીતે ફર્યા છો ને !'

સ્વામીશ્રી કહે : 'કાદવમાંય ફર્યા છીએ અને બધે ફર્યા છીએ, પણ અત્યારે સંતો કેટલો દાખડો કરે છે ?'

ભદ્રેશ સ્વામી કહે : 'કાંચીપુરમ્‌ના શંકરાચાર્યને મળવા ગયા હતા ત્યારે એમણે કહ્યું હતું કે હું રોજ પ્રમુખસ્વામીના ફોટાને જોઉં છું. આ ઉંમરે હજી પણ તેઓ વિચરણ કરે છે.'

•

તા. ૧૫-૯-૨૦૧૦, સારંગપુર

ઇન્ડોનેશિયાથી આવેલા પ્રસિદ્ધ સિંધી ઉદ્યોગપતિ હરુભાઈ મહતાણી તેઓના દૌહિત્રને લઈને આવ્યા હતા. તેઓ કહે : 'ગયા વરસે ગુરુપૂનમના દિવસે હું આપનાં દર્શને મારા દૌહિત્રને લઈને આવ્યો હતો, ત્યારે આપે એને કહ્યું હતું કે 'માંસાહાર કરતો નહીં, વેજિટેરિયન રહેજે.' ત્યારથી એક વર્ષ થયું, એ માંસને અડ્યો નથી.'

સ્વામીશ્રી આ સાંભળીને રાજી થયા. સાવ

નવાસવા મુમુક્ષુ બાળક ઉપર પણ સ્વામીશ્રીના શબ્દોનો કેવો પ્રભાવ છે, એનો સૌને અનુભવ થયો.

•

તા. ૨૦-૯-૨૦૧૦, સારંગપુર

એક સંત કથાવાર્તા અંગે પોતાના પ્રિય વિષયની વાત કરતાં કહે : 'મોટે ભાગે શરણાગતિની વાતો કરવામાં મને ઘણો આનંદ આવે છે.' છેલ્લે તેઓ કહે : 'શરણાગતિની વાતો તો હું કરતો, પણ ખરેખર શરણે આવ્યા છીએ તોય બુદ્ધિના તર્કો નડતા રહે છે, નાસ્તિકભાવ કહો તો પણ ચાલે. એટલે જે કંઈ કહીએ છીએ તે જોઈએ એવું થતું નથી, તો એ થઈ શકે એવા આશીર્વાદ આપજો.'

તેઓએ જ્યારે આ પ્રાર્થના કરી ત્યારે સ્વામીશ્રી દૂધ સાથે ગોળી ગળી રહ્યા હતા. મોઢામાં ગોળી હતી અને સ્વામીશ્રીએ બોલવાનું ચાલુ કર્યું.

સ્વામીશ્રી કહે : 'આ માર્ગે ચાલ્યા છીએ. આ અધ્યાત્મનો માર્ગ છે. એમાં કાંટા-કાંકરા આવે પણ ખરા, પણ જો શરણાગતિનો વિચાર દૃઢ રાખ્યો હોય તો વાંધો ન આવે. મનના વિચારો તો એવા જ છે, પણ મહિમાના વિચાર કરીએ તો બીજું મનમાં પેસે નહીં. ભક્તોનેય વિઘ્ન તો આવ્યાં છે, પણ મનમાં અડે નહીં.'

અન્ય એક સંત કહે : 'આપ કહો એ સાચું જ છે એવું મનાય, ભલે ગમે એટલી બુદ્ધિ કે અનુભવ બીજી રીતનું કહેતા હોય તો પણ, એવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'વચનામૃત અને સ્વામીની વાતો એ બંને સર્વ શાસ્ત્રનો સાર છે. એટલે એમનાં વચનો વિચાર્યા કરવાં. એમાં સમાધાન પણ આવી જાય. શ્રીજીમહારાજે તો કહ્યું છે કે ચાર વેદ, ષટશાસ્ત્ર, અઢાર પુરાણ એ સર્વનો સાર આ વચનામૃત છે. અને ભગવાન અને સંત કલ્યાણકારી છે. આ માર્ગ પકડાયો છે તો ભગવાનની દયાથી એ જ આપણને પાર પાડશે. વચનામૃત અને સ્વામીની વાતોમાં બધો સાર આવી જાય છે. કથાવાર્તા કરીએ ત્યારે બીજાં શાસ્ત્રનો આધાર લઈને આપણે વચનામૃતનું જ્ઞાન જ આપીએ છીએ ને ! શ્રીજીમહારાજે પણ બધાં શાસ્ત્રનો અભ્યાસ કર્યો ને પછી વચનામૃત આપ્યું. એટલે એમનાં વચનોમાં જો ખામી દેખાય તો પછી શું થાય ? એમાં તો ખામી છે જ નહીં. શ્રીજીમહારાજે નિચોડ કાઢીને જ આપી દીધું છે, એટલે વિશ્વાસ રાખીને આગળ કાર્ય કરવું.'

સાધનાના માર્ગે ચાલી રહેલા સાધકોને સ્વામીશ્રી આ રીતે વારે વારે સાધનાના માર્ગની દિશા બતાવતા રહે છે.

•

તા. ૨૧-૯-૨૦૧૦, સારંગપુર

એક યુવક કહે : 'મંદિરમાં હોઉં છું ત્યાં સુધી ખૂબ સારા વિચારો આવે છે, પણ જેવો બહાર નીકળ્યો કે બીજા બધા વિચારો વળગી પડે છે. સ્ત્રીઓ સામે નજર થઈ જાય છે. આપ આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'એના માટે પ્રાર્થના કરવી અને એવું કંઈ જે દેખાય ત્યારે આંખ મીંચી જવી અને શ્રીજીમહારાજના મહિમાનો વિચાર કરવો.'

•

સ્વામીશ્રી રોજ સવારે પાણીનું એક પણ ટીપું પીધા વગર રોજ સરેરાશ ૧૫૦થી વધારે હરિભક્તોને મળીને તેઓનાં દુઃખ સાંભળે છે. મોટે ભાગે સમય ઓછો જ પડતો હોય છે. આજની મુલાકાતોમાં આવા પ્રશ્નોવાળા મુલાકાતીઓ વધારે આવ્યા હતા. એક પછી એક હરિભક્તો આવતા જતા હતા. ક્યાંય છેડો આવતો હોય એવું દેખાતું ન હતું. સ્વામીશ્રીને મળ્યા પછી અને આશીર્વાદ લીધા પછી આ હરિભક્તોનાં અંતરમાં જે આનંદ ઉછાળા મારતો હોય છે, એની તો વાત જ નોંખી.

આજની મુલાકાતો પૂરી થઈ. સ્વામીશ્રી રૂમ તરફ જઈ રહ્યા હતા અને બોલ્યા : 'ઇતિ વચનામૃતમ્.' સ્વામીશ્રી જાણે એ જ કહી રહ્યા હતા કે ભગવાન અને સંતના શરણે આવે અને શ્રદ્ધા અને વિશ્વાસ રાખે તો જ પ્રશ્નનો છેડો આવી જાય અને તો જ 'ઇતિ વચનામૃતમ્' શક્ય બને.

•

તા. ૨૨-૯-૨૦૧૦, સારંગપુર

એક યુવક આવ્યો. તેઓ કહે : 'હમણાં મારી પત્ની સાથે મારા છૂટાછેડા થયા છે. મને એ બહુ જ યાદ આવ્યા કરે છે. ક્યાંય ચેન પડતું નથી. આપઘાતના વિચાર આવે છે.'

સ્વામીશ્રી કહે : 'મરવાથી કશું થતું નથી. જીવતા હશો તો બધું સારું થશે. માટે ભગવાનને પ્રાર્થના

કરવી. એ જ્યાં હોય ત્યાં સુખી રહે અને તમારે પણ સુખિયા રહેવું.'

•

તા. ૨૩-૯-૨૦૧૦, સારંગપુર

વડોદરાથી આવેલા જગમાલ પીઠિયાએ અત્યાર સુધી ૧૭૬ બાઈ-ભાઈ હરિભક્તોને સત્સંગ કરાવ્યો હતો. આ સૌનાં નામનું લિસ્ટ લઈને તેઓ આવ્યા હતા. સ્વામીશ્રીને તેઓ કહે : 'આ કાગળ ઉપર હાથ મૂકો, જેથી સૌના જીવમાં સત્સંગ થાય.'

સ્વામીશ્રીએ રાજી થઈ એ લિસ્ટ પર હાથ મૂક્યો અને એ રીતે સૌને આશીર્વાદ આપ્યા.

•

એક પિતા પોતાના પુત્રને લઈને આવ્યા હતા. પૈસેટકે સુખીસંપન્ન એવા આ પિતાએ પુત્ર વિષે ફરિયાદ કરતાં કહ્યું : 'બધી રીતે સુખ છે, પરંતુ આને વારંવાર આપઘાત કરવાના વિચાર આવે છે.'

સ્વામીશ્રીએ પેલા યુવકને સમજાવતાં કહ્યું : 'આપઘાતનો વિચાર મનમાંથી મૂકી દે. ધંધા-પાણી-ખેતી જે કંઈ હોય એ સારી રીતે કરજે. ભગવાનને પ્રાર્થના કરજે. બધું સારું થશે, માટે આપઘાતનો વિચાર કરીશ નહીં.'

•

આજના 'દિવ્ય ભાસ્કર' નામના દૈનિકમાં એક ગુણભાવી મુસ્લિમ પ્રૉફેસર મહેબુબભાઈ દેસાઈએ ભાવનગરમાં થયેલા સ્વામીશ્રીનાં દર્શન પછીની પોતાના અંતરની અનુભૂતિનું સુંદર વર્ણન કર્યું હતું. તેઓ લખે છે કે –

''રમજાન માસનો ૧૯મો રોજો હતો. ફજરની નમાજ પઢી હું કુરાને શરીફનું પઠન કરવા બેઠો. ત્યાં મારી પત્ની સબેરા બોલી ઊઠી : 'આજે સવારે આઠેક વાગ્યે હિતેશભાઈએ અક્ષરધામ આવવા નિમંત્રણ આપેલ છે. આપણે જઈ આવીશું ?'

કુરાને શરીફમાં કહ્યું છે : 'ખુદાએ દરેક કોમ માટે એક માર્ગદર્શક ગ્રંથ અને રાહબર મોકલ્યો છે.' એટલે જ દરેક ધર્મ અને તેના સંતોને સન્માન આપવાનો ચીલો અમારા ઘરમાં વર્ષોથી છે. મેં કહ્યું : 'સારું જઈશું.' ત્યારે ભાવનગર પધારેલા સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રમુખસ્વામીજીનાં ફરી એક વાર દર્શનનો મોહ મારા મનમાં ઊંડે ઊંડે પડ્યો હતો. અમે લગભગ આઠેક વાગ્યે અક્ષરધામ પહોંચ્યાં. મંદિરના પરિસરમાં જ હિતેશભાઈ અમારી રાહ જોઈને ઊભા હતા. તેમણે અમને આવકાર્યા. પછી તે અમને એક મોટા હૉલ તરફ દોરી ગયા. લગભગ પાંચેક હજાર ભક્તોથી હૉલ ભરાયેલો હતો. બહેનોના વિભાગમાં સાબેરાએ સ્થાન લીધું. જ્યારે ભાઈઓના વિભાગમાં હું ને હિતેશભાઈ બેઠા. હૉલનું વાતાવરણ અત્યંત ભક્તિમય હતું. મોટા ભવ્ય સ્ટેજ પર પ્રમુખસ્વામીજી બિરાજમાન હતા. સુંદર ભજનો માઈકમાંથી પ્રસરી વાતાવરણને ભક્તિમય બનાવી રહ્યાં હતાં. થોડી વાર તો હું એ ભક્તિના માહોલમાં ઓગળી ગયો, પણ કમરની તકલીફને કારણે હું ઝાઝું બેસી ન શક્યો. દસેક મિનિટ પછી મેં ધીમેથી હિતેશભાઈને કહ્યું : 'વધારે સમય પલાંઠી વાળી મારાથી બેસાતું નથી. એટલે હું હૉલનાં પગથિયાં પર બેઠો છું.' તેમણે મને સસ્મિત સંમતિ આપી. હું હૉલ બહાર આવ્યો. બહારના મેદાનની સ્વચ્છતા અને શિસ્ત ગજબનાં હતાં. સ્વયંસેવકો ખડેપગે તેની તકેદારી રાખતા હતા. આવી જ સ્વચ્છતા અને શિસ્ત મેં મક્કાના કાબા શરીફ અને મદીનાની મસ્જિદ-એ-નબવીમાં જોયાં હતાં. હૉલનાં પગથિયાં પર બેઠો હતો ને મારી નજર મારા મિત્ર બ્રહ્મભટ્ટ પર પડી. 'જય સ્વામિનારાયણ' સાથે અમે એકબીજાનું અભિવાદન કર્યું.

'મહેબૂબભાઈ ! તમે અહીં ક્યાંથી ?' એવા આશ્ચર્યભાવ સાથે તેઓ મને તાકી રહ્યા. મેં તેમની નવાઈને પામી જતાં કહ્યું : 'રમજાન માસમાં પવિત્ર સ્થાનની મુલાકાત તો લેવી જોઈએ ને !' અને તેમણે સસ્મિત મારા જવાબને વધાવી લીધો. વાતવાતમાં મેં કહ્યું : 'પ્રમુખસ્વામીનાં દર્શનની ઇચ્છા છે.'

તેઓ બોલ્યા : 'સામે પેલા પડદા દેખાય છે ને ! ત્યાં ભજન કાર્યક્રમ પછી આવી જજો.'

ભજન કાર્યક્રમ પૂર્ણ થતાં મેં એ દિશામાં કદમો માંડ્યાં. ત્યાં બ્રહ્મભટ્ટ મારા માટે એક પાસ લઈને ઊભા હતા. મને પાસ આપતાં કહ્યું : 'આ પાસ સ્વામીજીના ખંડમાં જવાનો છે. અંદર સ્વયંસેવકો આપને દોરશે.' અને હું તેમને અહોભાવની નજરે તાકી રહ્યો. ખંડમાં પ્રવેશતાં જ પ્રથમ મારું ચેકિંગ થયું. પછી મને એક ફોર્મ ભરવા કહ્યું. ફોર્મ ભરીને મેં આપ્યું એટલે મારા

હાથને જંતુનાશક પ્રવાહીથી સ્વચ્છ કરવામાં આવ્યા. આટલી તકેદારી પછી ધબકતા હૃદયે મેં ખંડમાં પ્રવેશ કર્યો. ૯૦ વર્ષના પ્રમુખસ્વામીજી સંપૂર્ણ આધુનિક વ્હીલચૅર પર બેઠા હતા. વ્હીલચૅર પર સરકતાં સરકતાં જ સૌને આશીર્વાદ આપતા હતા. મારો વારો આવ્યો એટલે મેં તેમને પ્રણામ કરી કહ્યું : 'મારું નામ પ્રૉફેસર મહેબૂબ દેસાઈ છે. પવિત્ર રમજાન માસમાં મહાન આત્માનાં દર્શન અને આશીર્વાદ માટે આવ્યો છું.'

મારા પરિચયથી પ્રમુખસ્વામીના ચહેરા પર સ્મિત પથરાઈ ગયું. મારા ખભાને સ્પર્શ કરતાં અત્યંત ધીમા સ્વરે તેઓ કંઈક બોલ્યા. તેમના એ શબ્દો મને બરાબર સંભળાયા નહીં. આશીર્વાદની ક્રિયા પૂર્ણ થઈ છે એમ સમજીને હું ચાલવા માંડ્યો. એટલે પ્રમુખસ્વામીએ પોતાનો હાથ ઊંચો કરી મને પાછો બોલાવ્યો અને સંભળાય તેવા સ્વરે બોલ્યા : 'ખૂબ સુખી થાવ. સમૃદ્ધ થાવ અને સમાજ માટે ખૂબ કાર્ય કરો.'

આસપાસના ભક્તો આ આશીર્વાદનો વરસાદ આશ્ચર્યચકિત નજરે જોઈ રહ્યા. આવી ઘટનાથી મોટેભાગે તેઓ ટેવાયા ન હતા, કારણ કે પ્રમુખસ્વામી દર્શનાર્થીને પુનઃ બોલાવીને ક્યારેય કંઈ કહેતા નથી. વળી, અત્યારે તેમની તબિયત પણ નાદુરસ્ત હતી. આમ છતાં એક મુસ્લિમ પર સસ્મિત આશીર્વાદનો વરસાદ વરસાવી પ્રમુખસ્વામીએ એક મહાન આત્માની સરળતાને સાકાર કરી હતી. હું તેમની આ પ્રસાદી સાથે પ્રસન્નચિત્તે બહાર આવ્યો, ત્યારે મારું હૃદય મહાન આત્માના અનાયાસે પ્રાપ્ત થયેલા ભરપૂર આશીર્વાદથી ભારોભાર છલકાઈ ગયું હતું.

•

એક યુવકનો પત્ર હતો : એક છોકરી સાથે એને પ્રેમ હતો, પણ છોકરીએ દગો દીધો અને એને છોડી દીધો હતો. પત્રમાં એણે લખ્યું હતું કે 'મને એ જ છોકરી પાછી મળે એવા આશીર્વાદ આપો. અત્યારે તો વ્યસની થઈ ગયો છું.'

સ્વામીશ્રીએ એ યુવકને ફોન જોડાવ્યો અને સમજાવતાં કહ્યું : 'અત્યારથી જે થયું તે સારું જ થયું. આટલેથી જ પતી ગયું. લગ્ન થયાં પછી જો આ રીતે દગો કર્યો હોત તો મોટી મુશ્કેલી આવત.'

પછી સ્વામીશ્રી કહે : 'પૂજા ને તિલક-ચાંદલો કરજે તો ખોટું કામ કરતાં શરમ આવશે. 'આપણાથી આવું ન થાય' – એવું મનમાં થશે. તિલક-ચાંદલો હશે તો વ્યસન પણ છૂટી જશે.'

યુવક કહે : 'એને હું ભૂલી શકતો નથી.'

સ્વામીશ્રી કહે : 'પ્રાર્થના કરીશું, બધું ભુલાઈ જાય ને શાંતિ મળે.'

•

આજે સ્વામીશ્રીએ સંતોની સભામાં અદ્‌ભુત લાભ આપ્યો હતો. સ્વામીશ્રીના પ્રસંગમાં આવેલા જુદા જુદા સંતોએ સ્વામીશ્રીના ગુણોના જે અનુભવો કર્યા હતા એના નજરે જોયેલા પ્રસંગ વર્ણવ્યા હતા.

ઘનશ્યામચરણ સ્વામીએ એક પ્રસંગ અંગે કહ્યું : 'ભાવનગર નજીક કુંઢડા ગામમાં રાત્રે ૧૨:૩૦ વાગ્યા સુધી સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. આટલું મોડું થયું હોવા છતાં સ્વામીશ્રીની શ્રદ્ધા અડગ હતી.'

આવી ભાવના સતત કઈ રીતે રહે એ વાત જણાવતાં સ્વામીશ્રીએ કહ્યું : 'શ્રીજીમહારાજના વખતથી સંતો ગામડે ફરે કે મંદિરમાં હોય, પણ કથા-વાર્તાનું અંગ હોય છે. ગુણાતીતાનંદ સ્વામીએ પણ કથાવાર્તામાં સોપો પડવા દીધો નથી. ભગતજી મહારાજે પણ વાતો કરી છે. શાસ્ત્રીજી મહારાજને તો કથા-વાર્તામાં સમય ક્યાં જાય છે તે ખબર પડે નહીં, એમ વાતો કરી છે. અને જોગી મહારાજની તો વાત જ ઓર છે; કથાવાર્તા ચાલુ જ હોય, સત્સંગનો અખાડો ચાલુ જ હોય. કુંભારનો અખાડો, લુહારનો અખાડો, સુથારનો ને મલ્લનો અખાડો એ બધા જગતને રાજી કરવા મંડ્યા જ છે, એમ આપણે ભગવાનને રાજી કરવા છે, તો કથા-વાર્તાનો અખાડો ચાલુ રાખવો જોઈએ. અને ખરેખર આપણા ગુણાતીત જ્ઞાનમાં અખાડો ચાલે જ છે. શ્રીજી-મહારાજથી શરૂ થયો છે, તે હંમેશાં ચાલુ જ રહ્યો છે. શાસ્ત્રીજી મહારાજ રાત્રે અગિયાર વાગે નાહીને કથા કરવા બેસે તો બે-ત્રણ વાગી જાય. એમને પણ એટલી બધી ઈચ્છા કે આ જ્ઞાન, વાત બીજાને સમજાવવી; એવો ઈશક. જોગી મહારાજ તો નાના બાળકો હોય, મોટા હોય કે સભા હોય એમની કથાવાર્તા તો ચાલુ જ હોય, રમૂજ-આનંદથી વાતો કરતા. એટલે આપણે પણ કથાવાર્તા, કીર્તન, ભજનમાં આળસ રાખવી નહીં. એમાં આળસ રાખીએ તો પછી આપણામાં ગુણ આવે નહીં,

આપણને બળ મળે પણ નહીં. કથાવાર્તાથી બળ મળે છે ને આપણને શાંતિ ને સુખ મળે છે. એમણે જે રીત શીખવી છે એમાંથી આપણાથી જે કાંઈ થોડું-ઘણું થાય એ કરવું, એ આપણો આશય છે. કથાવાર્તાથી બળ મળે ને સમાસ થાય.

કથાવાર્તા, ભજનમાં આળસ-પ્રમાદ હોવાં જ ન જોઈએ. થોડા સંસ્કાર પડ્યા છે, પણ એમના જેટલું તો થઈ શકતું નથી, પણ જેટલું કાંઈ થાય છે એ ભગવાનને રાજી કરવા માટે ઉપયોગી થાય છે.'

•

ગુજરાતના એક ગામમાં સવારે ભ્રમણ કરવાનું પડતું મૂકીને ગામનાં ૪૦ ઘરમાં સ્વામીશ્રીએ પધરામણી કરી હતી. સ્વામીશ્રીને હાર્ટઍટેક આવ્યાને હજી એક જ વર્ષ થયું હતું, છતાં સ્વામીશ્રીએ આ રીતે સૌને રાજી રાખ્યા હતા. એ જ રીતે સૌરાષ્ટ્રના એક ગામમાં સ્વામીશ્રી એક ઘરે ભ્રમણ કરતા હતા, પરંતુ હરિભક્તને રાજી કરવા માટે અડધું ભ્રમણ મૂકીને એ હરિભક્તે જ્યાં વ્યવસ્થા કરી હતી ત્યાં પહોંચીને સ્વામીશ્રીએ બાકીનું ભ્રમણ પૂરું કર્યું હતું. પૂર્વેના વિચરણના આ પ્રસંગની વાત મેં કરી.

આ પ્રસંગ ઉપરથી આત્મતૃપ્ત સ્વામીએ સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : 'સ્વામીબાપા ! આવા ઘણા બધા પ્રસંગો સાંભળીએ છીએ ત્યારે એટલું અવશ્ય દેખાય છે કે હંમેશાં આપનો એક જ વિચાર રહ્યો છે કે હરિભક્તો કેમ કરી રાજી થાય ? એ માટે આપે ક્યારેય પોતાની અનુકૂળતાનો વિચાર કર્યો નથી. ઘણી વખત હરિભક્તોનો બિનવ્યવહારુ દુરાગ્રહ હોય, છતાં આપે હરિભક્તોને સાચવવાનો જ હંમેશાં પ્રયત્ન કર્યો છે. એમના સ્વભાવ સામે ક્યારેય જોયું નથી, તો આપની આવી ભાવના પાછળ કયું કારણ છે ?'

સ્વામીશ્રીએ કહ્યું : ''આપણો સંપ્રદાય હરિભક્તો ને સંતોથી ઓતપ્રોત છે. હરિભક્તો રાજી હોય તો આપણે બધી રીતે સાનુકૂળ થાય. પછી આપણને થોડું કષ્ટ પડે, મુશ્કેલી પડે, તો પણ રાજી થાય એ માટે પધરામણીનું કાર્ય ચાલે છે. શાસ્ત્રીજી મહારાજ પણ બધે પધરામણી કરતા હતા. તબિયત એવી હોય તો પણ પધરામણી કરતા. હરિભક્ત નારાજ થાય એવું કરતા નહીં. હરિભક્ત રાજી રહે તો પહેલાં તો એને સત્સંગ થાય, એના જીવમાં સમાસ થાય. એટલે પધરામણી કે એવા પ્રસંગો હોય ત્યારે સગવડ-અગવડ ન ગણીને જવું પડે.

માણાવદરમાં શાસ્ત્રીજી મહારાજની તબિયત ઠીક નહીં, છતાં આગ્રહ હોવાથી પધરામણીએ ગયા, ગાડામાં સૂતાં સૂતાં પધરામણીએ ગયા, હરિભક્તો રાજી થયા. હરિભક્તો નારાજ ન થાય, મનદુઃખ ન થાય તો સત્સંગ જીવમાં રહે, ઠાકોરજીની સેવા થાય. આપણને કષ્ટ પડે, પણ શરીર સામે ન જોતાં, સત્સંગ કેમ વધે, આ નિષ્ઠા કેમ થાય – એ ભાવ હતો. જોગી મહારાજની તબિયત નરમ હોય તો પણ પધરામણીએ જતા હતા. કેટલાકને સત્સંગ ન થાય, તો પણ તેને ત્યાં જાય. જઈશું તો એનું મન કોઈક દા'ડો સારું થશે, ગુણ આવશે તો સારું થશે. ભલેને નિષ્ઠા-સમજણ થઈ કે ન થઈ, પણ પધરામણીએ જવું એવો આગ્રહ રહેતો હતો. શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ બધે ગયા છે.

સત્સંગ કેમ વધે ને સત્સંગમાં બધાને અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠા થાય એ શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજના મનમાં બહુ જ હતું. વાતો કરી કરીને લોકોને નિષ્ઠા દૃઢ કરાવી છે. એમનો દાખડો ને દૃઢતા કે આ નિષ્ઠા થશે જ. આપણને થાય કે 'થવાનું હોય તો થાય નહીંતર સૂઈ જાય, માથાકૂટ શું કામ કરવી ?' એમ આપણું મન થઈ જાય. પાછા પાડનારાય મળે. પણ આમણે એ જોયું નથી, શરીરનું સુખ જોયું નથી, પણ કેવળ એક જ વાત કે અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા કેમ થાય ! આ જ્ઞાન કેમ સમજાય ! એટલા માટે હરિભક્તોનાં મન સાચવ્યાં છે, અને હરિભક્તોને એવી નિષ્ઠા થઈ છે ને અત્યારે આ સત્સંગ એમના સંકલ્પથી જ છે. જોગીબાપાના સંકલ્પથી આ બધા સાધુઓ થયા. અત્યારે બધા સંતો ગામડે ફરે છે, બહુ સારું છે.

ગામડે સંતો ફરે છે એના રિપોર્ટ બધા આવે છે. ફરે તે ચરે. સ્વામીએ વિચરણ કર્યું છે તો આજે આટલો આપણો સત્સંગ વધ્યો છે અને આટલી બધી સેવા, આટલાં બધાં મંદિરો, એ કેવી રીતે થયાં ? સંતોના ફરવાથી, સંતોની વાતોથી. એ રીતે એમણે મૂળ ઊંડાં નાખ્યાં છે. એટલે એમણે જે કર્યું છે એનો વિચાર કરી, આપણાથી જેટલું થાય એટલું કરવું. એ કરી ગયા છે એટલું તો આપણાથી થઈ શકવાનું નથી, પણ એમણે

આપેલી આજ્ઞા પ્રમાણે વર્તીશું તો બધું થશે. આપણા આ નિયમ-ધર્મ, આજ્ઞા-ઉપાસના, સદ્ભાવ, પક્ષ – આ સિદ્ધાંતો જીવમાં હોય તો બળ રહે છે. એમના શબ્દો, કથાવાર્તા સાંભળી છે અને એમાંથી આપણને પણ બળ મળ્યું છે. હજી તો જોગી મહારાજને સત્સંગ ઘણો વધારવો છે. બ્રહ્માંડ ભરી દેવાનાં છે. 'મુંબઈ રંગી નાખવું છે, આફ્રિકા રંગી નાખવું છે,' એવી એ વાત કરતા. એ બોલે ત્યારે આપણને વિશ્વાસ જ ન આવે, પણ આજે જોઈએ છીએ કે રંગાઈ ગયું છે. એમના સંકલ્પથી જ પરદેશમાં સત્સંગ આટલો વધી ગયો છે. એમના સંકલ્પમાં જ એટલું બળ હતું. બાળ મંડળ, યુવક મંડળ, કિશોર મંડળ, વડીલ મંડળ, સત્સંગ મંડળ એ પણ એમના સંકલ્પો જ છે, પણ સંકલ્પમાં એટલું બળ છે એ આપણે જોઈએ છીએ. સાધુ થવું એ કોઈને ફાવે ખરું ?

'શીદ ભળીએ સ્વામિનારાયણમાં કે નિત ઊઠીને ના'વું;
ભળીએ નહીં ભફાકીયામાં કે નાહ્યા વિના ખાવું.'

એવા ધર્મોમાં મજા રહે – કાંઈ કરવું નહીં, પણ અહીં ઇન્દ્રિયોનો સંયમ થાય, નિષ્ઠાનું બળ વધે, એ બધી અઘરી વસ્તુ છે. એ સિદ્ધાંતો રાખીને કાર્ય થાય છે ને સંતો ફરે છે તો સમાસ થાય છે ને મંદિરો થાય છે. એમનો સંકલ્પ છે તો મંદિરો થાય છે ને અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન વધે છે. એમના બળે આપણું કાર્ય ચાલે છે. માટે એમણે રસ્તો આપ્યો છે એ રસ્તે કથા-વાર્તા, કીર્તન, ભજન થાય એમ કરવું. સંપ, સુહૃદભાવ, એકતા છે એટલે ઘણું સરસ થાય છે ને થશે.''

•

સ્વામીશ્રી અમેરિકાના સાનહોઝે શહેરમાં હતા. અહીં મુલાકાત દરમ્યાન એક હરિભક્ત નાની બાળકીને તેડીને અજાણતાથી લઈ આવ્યા. જો કે કાર્યકરનું ધ્યાન જતાં જ એ બાળકીને ખસેડી લેવામાં આવી, પરંતુ સ્વામીશ્રીને શંકા ગઈ એટલે ત્યારપછી દવા લેવા માટે પાણી લેવાની પણ ના પાડી. સ્વામીશ્રીની પંચવર્તમાનની દૃઢતાનો આ પ્રસંગ નારાયણચરણ સ્વામીએ કહ્યો.

આત્મતૃપ્ત સ્વામીએ આ પ્રસંગ ઉપરથી પ્રેરણા મેળવવા માટે સ્વામીશ્રીને એક પ્રશ્ન પૂછ્યો : 'બાપા ! આ પ્રસંગમાં આપને તો બાળકી અડી જ ન હતી, છતાં પણ આટલો બધો ખટકો, ફફડાટ આપે રાખ્યો ને છેવટ સુધી ઉપવાસ કરી લેવાનો આગ્રહ રાખ્યો, તો આટલો બધો આગ્રહ રાખવા પાછળ આપનો કયો વિચાર હતો ?'

સ્વામીશ્રીએ કહ્યું : ''પરંપરાથી આ આગ્રહ રહેલો જ છે. ધન-સ્ત્રીનો ત્યાગ એ ત્યાગી માટેની મોટી આજ્ઞા છે, શ્રીજીમહારાજની આજ્ઞા છે. શાસ્ત્રીજી મહારાજને પણ આવા પ્રસંગો ઘણી વખત આવેલા, પણ મચક આપતા ન હતા. જોગી મહારાજનો પણ આગ્રહ. અમથું ફરક્યું હોય તો કહેશે – 'આપણે ઉપવાસ કરી જ નાખો.' સાધુને ધન ને સ્ત્રી આ બે મોટાં વર્તમાન કહેવાય. સાધુ થયા છીએ તો કોઈ દિવસ સ્ત્રીનો પ્રસંગ ન થવો જોઈએ અને ધનનો પ્રસંગ ન થવો જોઈએ. પોતાનું કરીને રાખીએ તો પછી એ બંધન થઈ જાય. સત્સંગમાં દરેકને સગવડો મળે છે, પછી આપણે રાખવાની જરૂર છે નહીં. શ્રીજીમહારાજની મુખ્ય આજ્ઞા છે કે સાધુ થયા તો ધન-સ્ત્રીનો આગ્રહ રાખવો. એ આગ્રહ જોયેલો એટલે આપણને પણ એ આગ્રહ રહે. એમને રાજી કરવા છે ને !

'એની રીતે રીત આપણી રે, બીજી રીતે બાધ.'

મહાન પુરુષ હતા, અનેક જીવનું કલ્યાણ કર્યું છે, એવી શક્તિ હતી, તો પણ શ્રીજીમહારાજની રંચમાત્ર આજ્ઞા ન લોપાય એનો બહુ જ ખ્યાલ રાખતા હતા. અને એ પ્રમાણે એ રહ્યા તો આપણને થોડું બળ મળ્યું છે. સાધુનો પહેલામાં પહેલો ધર્મ છે – ધન-સ્ત્રીનો ત્યાગ.

સત્સંગ વધ્યો એનું કારણ શું ? નિયમ-ધર્મ, આજ્ઞા, ઉપાસના, પક્ષ અને ધન-સ્ત્રીનો ત્યાગ, સંપ, સુહૃદભાવ ને એકતા. આનું બરાબર પાલન કરીએ તો શાંતિ, શાંતિ ને શાંતિ આપણને રહે. આ નિયમો કરી નાખવા ખાતર નથી કર્યા, પણ જીવના કલ્યાણ માટે છે. આપણું કલ્યાણ થાય ને આપણે જેને ઉપદેશ આપીએ છીએ એનું પણ કલ્યાણ થાય, એને દૃઢતા થાય કે સાધુ બહુ સારા છે, શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે વર્તે છે. ગુણ આવે તો સત્સંગ વધે છે. આગ્રહ રાખવાથી સત્સંગની વૃદ્ધિ પણ થાય, જીવમાં શાંતિ રહે, આપણને પણ બળ રહે ને ભગવાન રાજી થાય. મોટાપુરુષ રાજી થાય એટલા માટે આપણે બધું કરવાનું છે. એ કરી ગયા

છે, આપણને બતાવી ગયા છે કે આ થઈ શકે તેમ છે, આ અશક્ય નથી. આપણા વડવાઓએ કર્યું છે. માટે નિયમ-ધર્મની દૃઢતા રાખવી.''

•

સ્વામીશ્રીને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. ત્યારપછી વડોદરામાં આવેલા 'એઈમ્સ ઑક્સિજન'ના માલિક શ્રી અશોકભાઈ પટેલના પરિસરમાં આરામ કરી રહ્યા હતા. આ દિવસો દરમ્યાન ચૈત્ર સુદ નવમીનો ઉપવાસ આવ્યો. સ્વામીશ્રીએ આ દિવસે પણ જળનું ટીપું પણ લીધા વગર આખો દિવસ ઉપવાસ કર્યો. દવા લેવામાં પણ આનાકાની કરી. આ પ્રસંગ નારાયણમુનિ સ્વામીએ કહ્યો. સ્વામીશ્રીની આવી દૃઢતામાંથી પ્રેરણા મેળવવા આત્મતૃપ્ત સ્વામીએ સ્વામીશ્રીને પ્રશ્ન કર્યો.

આત્મતૃપ્ત સ્વામી : 'આપે કંઈ કરવાની જરૂર નથી, છતાં પણ આવી પરિસ્થિતિમાં આવા ઉપવાસનો આગ્રહ રાખ્યો એની પાછળ આપની કઈ ભાવના હતી ?'

સ્વામીશ્રી : ''ભાવના તો એ છે કે આપણે દેહનું જોવાનું નથી, આત્માનું જોવાનું છે, પણ આપણને દેહનો જ વિચાર આવે અને દેહનો વિચાર આવે એટલે મોળા વિચાર થઈ જાય. શ્રીજીમહારાજની આજ્ઞા છે ને એ આજ્ઞા પળે એ તાન હોય તો બધું થાય છે. શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજના પ્રસંગો જોયા છે કે એમણે પણ મંદવાડના પ્રસંગોમાં દેહનું સુખ જોયું નથી. ડૉક્ટરની સલાહ હોય તો પણ ગમે એમ કરીને ઉપવાસ કરી નાખતા હતા. એમનું થોડુંક જ જુએ તો પણ બીજાને પ્રેરણા મળે. મોટાપુરુષો બીજાની પ્રેરણા માટે પણ પોતે વર્તન કરતા હોય છે. એમને તો કોઈ વાંધો આવે નહીં, છતાં બીજાના આચરણમાં ફેર પડે નહીં, એ માટે વર્તે છે. પોતાનું બરોબર હોય તો બીજાને પ્રેરણા મળે. એમણે આગ્રહ રાખ્યો હોય એનું કારણ મોટપ વધે, મહત્તા વધે એવું નથી, પણ શ્રીજી-મહારાજની આજ્ઞા છે ને બીજાને સારી પ્રેરણા મળે. પોતાના સુખને માટે તો કાંઈ છે જ નહીં. એ કર્યું પણ નથી ને કરતા પણ નથી. દેહનો તો અનાદર જ હતો, તો જરાય મોળી વાત કરી નથી ને થવા દીધી નથી. એ કડક રીતે વર્ત્યા એ પણ બીજાના લાભને માટે. બાકી એ તો સુખિયા છે જ. એમને ભગવાનની આજ્ઞા, ઉપાસના, દૃઢતા બધું છે જ, છતાં બીજાના જીવનું રૂડું થાય એ માટે આ વાત છે. તો એમનામાંથી પ્રેરણા મેળવીને એ બધું આપણે કરવું જોઈએ.''

•

સ્વામીશ્રી અમેરિકાના ડેટોનાબીચ નગરમાં હતા. સંતો સાથે બેઠા હતા. ત્યાં એક અગત્યનો ફોન આવ્યો. અગત્યની વાત એકલા કરવાની હોવાથી સ્વામીશ્રી જાતે જ ઊભા થઈને બહાર જતા રહ્યા, પણ સંતોને ઊભા થવાની આજ્ઞા ન કરી. આ પ્રસંગની વાત બ્રહ્મદર્શન સ્વામીએ કરી.

સ્વામીશ્રીને પૂછ્યું : 'અમે સૌ સંતો તો આપના શિષ્ય છીએ અને આપની અનુકૂળતા સાચવવી એ અમારી ફરજ છે, છતાં પણ આપે જાતે ઊભા થઈ બહાર જવાનું પસંદ કર્યું ને સંતોને બહાર ન જવું પડે એવો વિચાર આપે કર્યો, તો સંતોનો આવો મહિમા આપને કઈ રીતે સતત રહે છે ?'

સ્વામીશ્રી : ''આવો પ્રસંગ હોય ત્યારે દસને ઊભા કરવા એના કરતાં આપણે ઊભા થઈ બહાર જઈને વાત કરી લઈએ તો એમાં શું વાંધો છે ? કોઈની એવી વાત હોય તો બીજાને એમ થાય કે આ હરિભક્ત આવો છે ? એટલે એ બધી સત્સંગની રીત છે. શ્રીજી-મહારાજ અને શાસ્ત્રીજી મહારાજ પણ એ રીતે વાત કરતા હતા. આપણે ઊભા થઈને બહાર જઈને વાત કરી લઈએ તો બીજો અસમાસ ન થાય, ખરાબ ન લાગે ને અવગુણ ન આવે. એટલે એ રીતે મોટાપુરુષ બધું કરી ગયા છે. એ જોઈશું એટલું સુખ થશે.''

•

માણાવદરમાં સભામંડપમાં મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવાની છે એની આમંત્રણ પત્રિકા સ્વામીશ્રીને આપવામાં આવી. એમાં લખ્યું હતું : 'માણાવદરની પ્રાસાદિક ભૂમિમાં પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી મંદિરનિર્માણ થઈ રહ્યું છે.'

આ વાંચતાં સ્વામીશ્રી કહે : 'માણાવદરમાં તો શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ કેટલું વિચર્યા છે ! એમનું નામ લખવું જોઈએ ને ! શાસ્ત્રીજી મહારાજની તો તબિયત સારી ન હતી તો પણ ગાડું મગાવીને ગાડામાં સૂતાં સૂતાં હરિભક્તના ઘરે જાતે

પધરામણી કરેલી છે.'

•

તા. ૨૪-૯-૨૦૧૦, સારંગપુર

એક મુમુક્ષુએ કહ્યું : 'સ્વભાવ નડે છે.'

સ્વામીશ્રી કહે : 'કોઈ નડતું હોય એનું આપણને કેટલું દુઃખ થાય છે ? એમ સ્વભાવ નડે ત્યારે દુઃખ કરીએ છીએ ? સ્વભાવને શત્રુ માનીએ તો અંદરથી જશે.'

•

સુરતથી આવેલા કરસનભાઈ કહે : 'ભાદરામાં સૌને વ્યસન મુકાવીએ છીએ, પણ વળી પાછા લોકો વ્યસનના રવાડે ચડી જાય છે.'

સ્વામીશ્રી કહે : 'એ ભલે કરે, આપણે વ્યસન મુકાવવાનો આગ્રહ કરવાનો, સમજાવવું, ધીરજ રાખવી, એમ કરતાં કરતાં છોડશે.'

•

સ્વામીશ્રી ભોજન અંગીકાર કરી રહ્યા હતા. એ દરમ્યાન સંતોએ શ્રાવણ મહિનામાં કરેલા વિચરણની વાતો કરી.

આ અહેવાલ સાંભળીને સ્વામીશ્રી કહે : 'સંતો ખૂબ દાખડો અને મહેનત કરે છે.'

પરમવિવેક સ્વામી કહે : 'આપે જેવી મહેનત કરી છે એવી તો અમારાથી થતી નથી. આપ તો જે કાર્ય હાથમાં લો એ પૂર્ણ જ કરો છો. અમને તો આળસ ચડી જાય છે. આપ તો થાકતા જ નથી.'

જ્ઞાનવિજય સ્વામી કહે : 'રસ વગર કરવું તો ખૂબ અઘરું પડે.'

પરમવિવેક સ્વામી કહે : '૯૦ વર્ષે હજી આપ જરાય થાકતા નથી.'

સ્વામીશ્રી કહે : 'શ્રીજીમહારાજની દયાથી ચાલે છે. શરીર ચાલે ત્યાં સુધી સેવા થાય એટલી કરી લઈએ. આપણે ગાઈએ છીએ ને – *ભક્તિ કરતાં છૂટે મારો પ્રાણ....*' (આ કડી સ્વામીશ્રીએ બે વખત ગાઈ).

વળી, સ્વામીશ્રી કહે : 'આગળ બધાએ (શાસ્ત્રીજી મહારાજે તથા યોગીજી મહારાજે) બહુ જ કર્યું છે. એટલે આપણે પણ એ જ રીતે કરીએ તો ભગવાન રાજી થાય ને ! જેટલું થાય, જેવું થાય, ભગવાનને રાજી કરવા કરવું.'

નારાયણચરણ સ્વામી કહે : 'અમારે તો હવે એક જ ભીડો રહ્યો છે. ભોજન વખતે દેહનો ભીડો ખૂબ પડે છે, બાકી તો ક્યાં હવે ભીડો રહ્યો છે ?'

સ્વામીશ્રી કહે : 'વડવાઓ કમાઈ ગયા. એમણે તપ, ત્યાગ, મહેનત કરી, માગી-ભીખીને રોટલા ખાધા. હવે તો એમનાં પુણ્યે 'ત્યારમ્ ત્યારા' મળે છે. એમનું પુણ્ય છે તો સુખ લઈ લેવું. જે વખતે જેવી સગવડ હોય એમાં રાજી રહેવું. ક્યારેક ન મળે ત્યારે દુઃખ ન થવું જોઈએ કે 'કશું ઠેકાણું છે જ નહીં, ચાલો ઊપડીએ,' એ વિચાર જ ન કરવો.'

વેદાંતપ્રિય સ્વામી કહે : 'આપ જે રીતે ભીડો વેઠીને ગામડે ગયા છો, એ રીતે તો અમારે કોઈ ભીડો છે જ નહીં.'

સ્વામીશ્રી કહે : ''એ ઘડીએ સમય એવા હતા અને અત્યારે સમય એવો છે, પણ મહિમાથી થાય છે એ અગત્યનું છે. ઉત્સાહ અને ઉમંગથી થાય છે એ અગત્યનું છે. હમણાં બધા સંતો ગામડે ગયા એનો રિપોર્ટ આવે છે. સારામાં સારી કથા, પધરામણી થઈ. અગવડ-સગવડ પડી તો પણ બધાએ પધરામણી કરી. મહિમા છે એટલે વાંધો નથી આવતો. આપણા ગુરુઓએ એવું કર્યું છે, એ યાદ કરીએ તો કશો ભીડો પડે નહીં.''

•

તા. ૨૫-૯-૨૦૧૦, સારંગપુર

એક મુમુક્ષુએ સ્વામીશ્રીને પૂછ્યું : 'નેગેટીવ વિચાર ટળે એ માટે શું કરવું ?'

સ્વામીશ્રીએ એક વાક્યમાં ઉત્તર આપતાં કહ્યું : 'ભજન કર.'

•

એક નાનકડો છોકરો મુલાકાત માટે સ્વામીશ્રીના ટેબલ ઉપર બેસી ગયો હતો. સ્વામીશ્રીને જોતાંવેંત મોટા અવાજ સાથે એ બોલ્યો : 'મારું નામ આદર્શ છે.'

એના મોટા અવાજથી સ્વામીશ્રીનું ધ્યાન એના તરફ ખેંચાયું અને એકદમ એની સાથે હાથ મિલાવતા હોય એમ કહે : 'બોલ તો ફરી.'

'આદર્શ,' રૂમ ગજવે એવા સૂર સાથે એ બોલ્યો.

એટલે સ્વામીશ્રી કહે : 'બસ, તો એવો બનજે અને બરાબર ભણીને ભજન કરજે.'

હિંમત અને આત્મવિશ્વાસવાળા સ્વામીશ્રીને ગમે છે.

•

એક બાળક દર્શને આવ્યો. એના શરીરમાં ૫૨૧ જેટલાં ભૂત હતાં. આ વાત એણે કરી. એટલે સ્વામીશ્રી તરત જ એને કહે : 'તને એવું કોણે કહ્યું ?'

એ છોકરો કહે : 'મને કાંઈ ખબર પડતી નથી, પણ ક્યારેક એવું થઈ જાય અને અંદરથી આવું બોલે છે.'

સ્વામીશ્રી કહે : 'એવા વહેમમાં પડતો નહીં. ભગવાનનું ભજન કરજે, રોજ પ્રાર્થના કરજે. આશીર્વાદ છે, બધું સારું થશે.'

•

સ્વામીશ્રી પત્રવાંચન કરી રહ્યા હતા. એ દરમ્યાન લંડનથી એક મુમુક્ષુનો ફોન આવ્યો. તેઓ કહે : 'અહીં લંડન પધારો, ફરો, નહિ તો ત્યાં ને ત્યાં રહેવાની ટેવ પડી જશે.'

સ્વામીશ્રી તરત જ કહે : 'હજી સુધી કોઈ ટેવ પડી નથી, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની દયા છે.'

•

એક મુમુક્ષુનો ફોન આવ્યો. નિખાલસતાથી નિષ્કપટ-ભાવે કહે : 'મારા સ્વભાવ અને દોષ ટળે એવું કરો.'

સ્વામીશ્રી કહે : 'જાણપણું છે તો ભગવાન દયા કરશે.'

•

તા. ૨૬-૯-૨૦૧૦, સારંગપુર

જનમંગલ સ્વામી કહે : 'આ ઉંમરે આપ કેટલી બધી પ્રવૃત્તિ કરો છો ? બહાર તો કેટકેટલું હાલે છે અને આપ રૂમમાં બેઠાં બેઠાં શાંતિથી સંચાલન કરો છો.'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ કરી ગયા છે, એને બરાબર સાચવવું તો પડે ને ! હજી એ જ કામ કરે છે. કરે છે પણ એ અને પ્રવેશ પણ એમનો છે.'

જનમંગલ સ્વામી કહે : 'શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજ તો થોડું કરી ગયા હતા. આપે તો કેટલું બધું વધાર્યું ?'

સ્વામીશ્રી કહે : 'થોડું કરી ગયા – એમ કહેવાય જ નહીં. બધું એમનાથી જ થાય છે, એ જ કરે છે. જિંદગીની જિંદગી જતી રહે તોય આપણાથી એમના જેટલું થાય નહીં, કેટલી મોટી વાત છે ?!'

કૃષ્ણવલ્લભ સ્વામી કહે : 'એ કરી ગયા એ વાત બરાબર, પણ અત્યારે તો તમારામાં રહીને કરે છે ને ?'

જનમંગલ સ્વામી કહે : 'આપના વગર તો કોઈની પિપૂડી વાગે એમ નથી.'

સ્વામીશ્રી કહે : 'બીજા તૈયાર થયા છે અને સારી સેવા કરે છે.'

જનમંગલ સ્વામી કહે : 'ધીરજ તો તમારી. તમારા પેટમાં બધું સમાઈ જાય. બીજાએ અક્ષરધામ બાંધ્યું હોય તો અધ્ધર ને અધ્ધર જ રહે, નીચે ઉતારવો પડે ને આપ તો જેને સોંપ્યું એના પર કેટલો વિશ્વાસ ! કોઈ દહાડો કાંઈ ચિંતા પણ નહીં.'

સ્વામીશ્રી કહે : 'જેના સંકલ્પથી જ થયું છે, જેણે બાંધ્યું છે, એ જ ચિંતા કરે છે ને એ જ સાચવે છે. આપણે શું કરવાની ચિંતા ? એમનો પ્રવેશ થઈ ગયો અને જુઓ ૮૦૦ સંતો થઈ ગયા, ૮૦૦ થતાં વાર પણ ન લાગી.'

''અમે એક બહારની સંસ્થાના મંદિરમાં ગયા હતા. ડૉક્ટર સ્વામીએ એ મંદિરના મહંતને પૂછ્યું : 'સાધુ કેટલા છે ?'

'સાત.'

'તો સાધુ વધારો ને !' એવું જ્યારે ડૉક્ટર સ્વામીએ કહ્યું ત્યારે મહંત કહે : 'સાધુ તો વધારાય જ નહીં. સાધુઓનું યુનિયન થઈ જાય તો ડખા થઈ જાય, વધારે બનાવાય જ નહીં.'

એને આટલામાં ચિંતા અને આપે તો ૮૦૦ કરી નાખ્યા.''


સ્વામીશ્રી કહે : 'યોગીબાપાનો સંકલ્પ છે, એટલે એ બનાવે છે અને એ જ સાચવે છે.'

જનમંગલ સ્વામી કહે : 'એવો ચમત્કાર કરો કે તમે જુવાન થઈ જાવ. સંસ્થા જામી છે ત્યારે તમે જરા યંગ થઈ જાવ તો કેવી મઝા આવે !'

સ્વામીશ્રી સામે બેઠેલા સંતો સમક્ષ નિર્દેશીને કહે : 'બધા જુવાન થઈ ગયા કે નહીં ? ૮૦૦ થઈ ગયા. યોગીજી મહારાજે કરી દીધા અને હવે એ ચલાવે છે.'

•

પ્રસંગમ્



ઓક્ટોબર ૨૦૧૦

પ્રસંગમ્

શરદ પૂર્ણિમા... ગોંડલ, ૨૨-૧૦-૨૦૧૦



'ગોંડલ આવીએ ત્યારે અક્ષરદેરી અને શ્રીજીમહારાજનાં દર્શન થાય છે, ચારેબાજુ દિવ્યતા જોવા મળે છે. ભગવાનને તો દરેકને સુખી કરવા છે, દરેકને આ જ્ઞાન આપવું છે, તે આપણને સહેજે સહેજે ભગવાનની ઇચ્છાથી, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજના પ્રતાપે આવું સાચું, પરાત્પરનું, વેદ-ઉપનિષદનું જ્ઞાન મળ્યું છે. એ વચનમાં વિશ્વાસ હોવો જ જોઈએ કે આ વાત બરાબર છે. વિશ્વાસ ને શ્રદ્ધા બે હોય તો કામ થાય. તો આપણે ખોટે રસ્તે નથી, સાચે રસ્તે છીએ. સાચી વાત આપણને મળી છે, એવા પુરુષ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મળ્યા છે. આપણાં ધન્ય ભાગ્ય છે.'

- પ્રમુખસ્વામી મહારાજ

તા. ૨-૧૦-૨૦૧૦, સારંગપુર

સ્વામીશ્રી યોગીજી મહારાજના ખંડમાં દર્શન કરી રહ્યા હતા. એ દરમ્યાન એક સાધક કહે : ''સ્વામિનારાયણ હરે... યોગીજી મહારાજ કહેતા કે સત્પુરુષનાં વચનમાં દેહને અને મનને જેમ-તેમ, જ્યાં-ત્યાં કચડી નાખવાં. દેહને ભીડો આપવો. શ્રદ્ધાથી મંડી પડવું. શ્રદ્ધાથી વચન પાળવાં. સત્પુરુષ કહે – 'ઊભો થા,' તો ઊભા થવું અને 'બેસ' કહે તો બેસી જવું. એ કહે એમ કરીએ તો સ્થિતિ કરી દે, બ્રહ્મરૂપ કરી મૂકે.'' આટલું કહીને એણે પૂછ્યું : 'બાપા ! બોલો અમે શું કરીએ ?'

સ્વામીશ્રી કહે : 'સૌ સંપીને રહો, મહિમા સમજો, અભાવ-અવગુણ ન લો, તો ભક્તિ થાય.'

•

મુંબઈથી બી.ઝેડ. પટેલનો ફોન હતો. સ્વામીશ્રીને તેઓ કહે : 'આજે મારે ચોર્યાશી વર્ષમાં પ્રવેશ થયો.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનના ભક્તને તો ચોર્યાશી હોય જ નહીં. આપણે તો ચોર્યાશીમાંથી નીકળવાનું છે.' આમ કહીને સ્વામીશ્રી હસી પડ્યા અને ત્યારપછી તેઓને આશીર્વાદ આપ્યા.

•

તા. ૪-૧૦-૨૦૧૦, સારંગપુર

સ્વામીશ્રી ભ્રમણ કરી રહ્યા હતા. સામે બેઠેલા ધર્મસેતુ સ્વામી કહે : ''દુનિયામાં એટલા બધા પ્રશ્નો છે, એમાં પણ કેટલાક પ્રશ્નો સ્વભાવને લીધે હોય છે. આ સત્સંગ તો દિવ્ય અને ચિંતામણિરૂપ છે, પણ એમાં પણ સ્વભાવ અને દોષોને કારણે પ્રશ્નો હોય છે. પણ ગુણાતીતાનંદ સ્વામીએ લખ્યું કે 'ભગવાન અને સંત એક દૃષ્ટિ કરે તો બધું ટળી જાય.' આપ આ લોકમાં સૌને સુખિયા કરવા માટે પધાર્યા છો, તો પછી આપને પણ લાભ થાય અને અમને પણ લાભ થાય એવો એક ઉપાય મેં વિચારી રાખ્યો છે અને એ ઉપાય છે : આપની દૃષ્ટિ. દૃષ્ટિ કરવામાં આપને કોઈ જ દાખડો પડશે નહીં. અત્યારે આપનો આખો દિવસ હરિભક્તોના અને સૌના પ્રશ્નોને ટાળવામાં જ જાય છે. સાચી વાત છે ને ?''

ધર્મસેતુ સ્વામીની વાત સાંભળીને સ્વામીશ્રી મરક મરક હસતા રહ્યા.

એટલે ધર્મસેતુ સ્વામી કહે : 'અત્યારે અહીં જેટલા બેઠા છીએ એ સૌ ઉપર એક પ્રયોગ આપ કરો. હમણાં જ દૃષ્ટિ કરો, જેથી આપને પણ નિરાંત અને અમને પણ નિરાંત.'

સ્વામીશ્રી કહે : 'આ પ્રયોગ કર્યો એટલે તો તમે અહીં આવી ગયા. ત્યાંનું (અમેરિકાનું) સુખ મૂકીને અહીં આવવું એ એમનેમ ઓછું થાય છે ? આ વાત સમજાઈ છે અને મોક્ષનું દ્વાર ભગવાન અને સંત છે એ સમજાયું છે, તો અહીં આવ્યા છો અને એટલું સમજાય તો કામ પણ થઈ જાય. કથાવાર્તા કરતાં કરતાં આ વાત સમજાઈ જશે. બધું સારું સુખ મૂકીને આવ્યા, એના કરતાં પણ અધિક આ સુખ છે એ સમજાયું છે ને !'

ધર્મસેતુ સ્વામી કહે : 'પણ દૃષ્ટિ કરો એમાં બેય બાજુ ફાયદો છે.'

સ્વામીશ્રી કહે : 'દૃષ્ટિ કરી જ છે ને ! એટલે તો આવ્યા ! યોગીજી મહારાજનો સંકલ્પ હતો કે ભણેલા-ગણેલા સાધુ કરવા છે. એટલે તમે બધા ખેંચાયા અને હવે એ જ બ્રહ્મરૂપ કરી નાખશે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ કોણ હતા એ તો સમજ્યા જ છો ને ! આ કૉલેજમાં આવ્યા છો તો હવે ભગવાન

અને સંતની દયાથી બધું થઈ જશે.'

ધર્મસેતુ સ્વામીએ ફેરવી ફેરવીને ઘણી બધી વખત વાત કરી, પરંતુ સ્વામીશ્રીએ એક જ વાત પકડી રાખી કે સાધના તો આપણે જ કરવાની છે.

•

તા. ૭-૧૦-૨૦૧૦, સારંગપુર

રૂપચોકી આગળ સ્વામીશ્રી પધાર્યા ત્યારે સંતો સૌ બોલ્યા : *'પછી બોલિયા શ્યામસુંદર, જાઓ આપ્યો તમને એ વર.'*

નીલકંઠસેવા સ્વામી કહે : 'શું આપશો ?'

વિરાટસ્વરૂપ સ્વામી કહે : 'અક્ષરધામ આપો.'

સ્વામીશ્રી કહે : 'આશીર્વાદ છે. આપણે સાધુ થયા છીએ તો સારામાં સારા સાધુ થાવ. નિયમ-ધર્મ, આજ્ઞા-ઉપાસના દૃઢ થાય. બીજાને પણ છાપ પડે કે સારામાં સારા સાધુ છે, એવું જીવન બનાવવું. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ રાજી થાય એવું જીવન કરવાનું છે. એમને ગમે એવા આપણે થવું છે. એમને જે ન ગમે એનો ત્યાગ કરવો છે. એમની રુચિ પ્રમાણે આપણે કરવાનું છે. કોઈ વઢે, અપમાન કરે તોય વાંધો ન આવે. આપણે વિચાર કરવો કે આપણે સાધુ છીએ. એવી સાધુતા હશે તો છાપ પડશે. આપણી બીજી કોઈ શોભા કામ નથી લાગવાની. શોભ્યું છે એ સાધુતાને લીધે જ છે. માટે એના ઉપર તાન રાખવું. રજોગુણી વૃત્તિ જ નહીં. જોકે એ છે નહીં, પણ એનું ખાસ ધ્યાન રાખવું. એ ન આવી જાય એ ધ્યેય રાખવો. આ બધું દૃઢ રાખીને સંપીને કામ કરવું.'

સ્વામીશ્રીએ અદ્ભુત જીવન-ધ્યેય બતાવી દીધું.

•

સ્વામીશ્રી સ્મૃતિમંદિરે પધાર્યા. અહીં સંતોએ વિશિષ્ટ રજૂઆત કરી. યોગીજી મહારાજની બોધ-કથામાં એક આળસુ માણસની કથા આવે છે, જેમાં એક આળસુ બોરના ઝાડ નીચે સૂતો - ઝાડ ઉપરથી બોર પડ્યું ને એની ડૂંટી ઉપર ગોઠવાઈ ગયું – આળસુને બોર ખાવાનું મન તો થયું, પરંતુ હાથ ડૂંટી સુધી લઈ જઈને પાછો મોઢામાં મૂકવાની આળસ હતી – એટલે રસ્તે જતા એક મુસાફરને વિનંતી કરી કે મને બોર મોઢામાં મૂકી આપો – આળસુ આવા હોય છે.

આ પ્રકારની રજૂઆત અહીં સંતોએ કરી. આળસુ તરીકે અહીં અક્ષરાતીત સ્વામી ખુલ્લા પેટે સૂતા હતા. પેટ ઉપર એક ખજૂર પડ્યું હતું. જે કોઈ રસ્તે ચાલે એને એ ખજૂર મોંમાં મૂકવા કહેતા હતા.

એમ કરતાં કરતાં મુસાફર તરીકે હરિપ્રકાશ સ્વામી આવ્યા અને પૂછ્યું : 'કામ શું છે ?'

તો કહે : 'મારા પેટ ઉપર જે ખજૂર પડ્યું છે એ મારા મોઢામાં નાખને !'

આ સાંભળતાં જ એ મુસાફર અકળાયો અને કહ્યું : 'આળસુના પીર ! એટલું કરતાં તને શું જોર પડે છે ?'

આ સાંભળી રહેલા સ્વામીશ્રી તરત જ હરિપ્રકાશ સ્વામીને સંબોધીને કહે : 'પણ તમને શું જોર પડે છે ?'

સ્વામીશ્રીનો વળાંક અદ્ભુત હતો. જે પ્રત્યેક માણસની પ્રકૃતિ, સ્વભાવ અને મર્યાદાઓ જાણ્યા પછી પણ એને મદદરૂપ થઈ શકે એ જ સાચો સમાજસેવક થઈ શકે. આવી નિઃસ્વાર્થ ભાવના સ્વામીશ્રીના અંતરમાં છે, એટલે સહેજે જ આ વાક્ય સ્વામીશ્રીના મુખમાંથી નીકળી ગયું.

પ્રદક્ષિણા ફરીને ઢાળ ઊતરી રહેલા સ્વામીશ્રીને હરિપ્રકાશ સ્વામી કહે : 'એને ક્યારે સમજાશે ?'

સ્વામીશ્રી કહે : 'પણ તમને તો સમજાયું છે ને ?'

આ વાક્ય પણ અદ્ભુત હતું. સ્વામીશ્રીની કરુણાના મૂળમાં સ્વામીશ્રીની આ ભાવનાઓ જ રહેલી છે. આ જ ભાવના પ્રત્યેકને પ્રેમ આપી શકે અને નિઃસ્વાર્થ પ્રેમ કરી શકે.

•

રાણપુરથી ભૂપતભાઈ અને રાજુભાઈ દર્શને આવ્યા હતા. ભૂપતભાઈના સુપુત્રો પણ સાથે હતા કે જેઓ હવે ફેક્ટરી ચલાવે છે. સ્વામીશ્રીને જ્યારે આ પરિચય આપવામાં આવ્યો ત્યારે માળા કરતા હોય એ રીતે સ્વામિનારાયણ કરતાં કરતાં સ્વામીશ્રી કહે : 'જેમ પેલી ફેક્ટરી ચલાવો છો, એમ આ (ભજનની) ફેક્ટરી પણ ચલાવવી. પેલી ફેક્ટરી પણ સવાઈ ચાલશે.'

•

તા. ૮-૧૦-૨૦૧૦, સારંગપુર

આજે સ્વામીશ્રી અહીંથી જૂનાગઢ પધારવાના હતા. આ સંદર્ભમાં રૂપચોકીમાં બેઠેલા નીલકંઠસેવા સ્વામી કહે : 'અહીંથી જૂનાગઢ પધારો છો, તો ત્યાં ફાવશે ? ત્યાં તો પથ્થરિયું પાણી છે.'

સ્વામીશ્રી કેફમાં કહે : 'અરે ! ગુણાતીતાનંદ સ્વામી રહેલા છે, શ્રીજીમહારાજ પણ પધારેલા છે, શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજની ભૂમિ છે. પથ્થરિયું પાણી એમણે પચાવ્યું તો આપણે ન પચાવી શકીએ ?'

•

સ્વામીશ્રી હનુમાનજી-ગણપતિજીનાં દર્શન કરવા પધાર્યા. અહીં બ્રહ્મસેતુ સ્વામી એક કડી બોલ્યા : '*હું તો લીલાચરિત્ર સંભારું રે....*'

સ્વામીશ્રી કહે : 'બરાબર છે. અંતરમાં આવી જાય ને તો શાંતિ, શાંતિ.'

•

તા. ૧૦-૧૦-૨૦૧૦, જૂનાગઢ

સ્વામીશ્રી મંદિર ઉપર પધારી શકે એ માટે એક હાઈડ્રોલિક લિફ્ટનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વામીશ્રી એ હાઈડ્રોલિક લિફ્ટ દ્વારા જ્યારે મંદિર ઉપર પધારતા હોય ત્યારે નીચે યુવકો જુદા જુદા કાર્યક્રમ કરતા હોય છે.

આજે બાળકોનો વારો હતો. પોરબંદરથી આવેલા બાળકો પૈકીના બે બાળકો ગાંધીજી અને સુદામા બન્યા હતા. આ બંને બાળકો ઉપર સ્વામીશ્રીની દૃષ્ટિ ગઈ. ગાંધીજી બનેલા બાળકને વિનમ્રતાથી સ્વામીશ્રી કહે : 'ગાંધીજી ! જય સ્વામિનારાયણ બોલો.' સ્વામીશ્રી જ્યારે કહી રહ્યા હતા એ જ સમયે હું પણ બોલ્યો : 'ગાંધીજી ! જય સ્વામિનારાયણ બોલ.' એક તરફ સ્વામીશ્રી નાના બાળકને પણ માનવાચક શબ્દથી બોલાવતા હતા, કારણ કે તેઓ એમાં પણ ગાંધીજીને જોતા હતા. જ્યારે મેં બાળકનું સ્થૂળરૂપ જોઈને તુચ્છકારવાચક સંબોધન કર્યું. સ્વામીશ્રી કેટલા વિવેકી છે !!

•

કૃષિ યુનિવર્સિટીના નિવૃત્ત વાઈસ ચાન્સેલર કિકાણી સાહેબ દર્શને આવ્યા હતા. કિકાણી સાહેબના ત્રણ સુપુત્રો પૈકીના એક દીકરાએ સ્વામીશ્રીને કહ્યું : 'મારે એક પ્રશ્ન છે.'

સ્વામીશ્રી કહે : 'પૂછો.'

તેઓ કહે : 'મેં હમણાં 'પ્રસંગમ્' પુસ્તક વાંચ્યું. એમાં એક પ્રસંગમાં આપે એમ કહ્યું કે ટટ્ટુ તો દુબલા હૈ લેકિન અસવાર તાજા હૈ. તો આ બંને વચ્ચેનો ભેદ અમને પણ સમજાય એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી તેઓના આવા મુમુક્ષુભાવના પ્રશ્નથી રાજી થયા અને કહ્યું : 'સંતસમાગમ કરવાથી આ થશે.'

•

સ્વામીશ્રી જ્યારે પૂજા કરી રહ્યા ત્યારે શ્યામ ભરડવા નામના એક પ્રજ્ઞાચક્ષુ બાળકે ખૂબ જોશીલી શૈલીમાં કેફથી 'અંતરની આંખે ઓળખો' એ વિષયક પ્રવચન કર્યું.

આ બાળક મુલાકાત દરમ્યાન સ્વામીશ્રીનાં દર્શને આવ્યો. એને જોતાંવેંત સ્વામીશ્રી કહે : 'સારું થયું, તું આવ્યો. પૂજા વખતે મને ઇચ્છા હતી કે આવે તો સારું.' આટલું કહીને કરુણાભીનાં નેત્રો સાથે કહે : 'તું પ્રવચન કઈ રીતે શીખ્યો ?'

એણે કહ્યું : 'મારા ભાઈ અને મારાં મમ્મીએ શિખવાડ્યું.'

સ્વામીશ્રી રાજી થઈને કહે : 'સારું, સારું. બસ, આ રીતે આગળ વધતો રહેજે.'

•

તા. ૧૨-૧૦-૨૦૧૦, જૂનાગઢ

મંદિરે દર્શન કરવા પધારેલા સ્વામીશ્રી લિફ્ટ દ્વારા ઉપર જઈ રહ્યા હતા. નીચે લોઢવા ગામના ભરાડી ભગત જશા જીવા વાઢેર ઊભા હતા. ગામમાં દારૂના અઠંગ વ્યસની તરીકે તેઓ કુખ્યાત હતા. દારૂનું વ્યસન એ હદે તેઓને પરતંત્ર કરી ગયું હતું કે દારૂ માટે એમણે પોતાના સગા દીકરાને કૂવામાં નાખવા માટે ઊંધો લટકાવ્યો હતો. આ જીદ એ માટે હતી કે એમનાં પત્નીએ દારૂના પૈસા આપવાની ના પાડી હતી. એટલે પત્નીને ઈમોશનલી બ્લેકમેલ કરવા માટે પોતાના સગા દીકરાને કૂવે લટકાવ્યો હતો. રોજ છકડો ફેરવીને જે પૈસા થાય એનો દારૂ ઢીંચીને રસ્તાની વચ્ચે પડ્યા રહેતા અને ક્યારેક તો એવી પરિસ્થિતિ થતી કે ગામ લોકો ટીંગાટોળી કરીને એને ઘરે પહોંચાડતા. એક વખત તો પોતાની જીભ પણ કરડી ખાધી હતી.

આવા અઠંગ વ્યસનીને સ્વામીશ્રીના જાદુનો સ્પર્શ થયો અને આવાં ભયંકર વ્યસન ક્યારે ખરી પડ્યાં એ જ ખબર ન પડી. આજના દિવસે આ આહીર હરિભક્ત એ ગામના બી.એ.પી.એસ. સત્સંગમંડળના

કાર્યકર્તા છે. એના પરિવર્તનને લીધે ગામના અનેક લોકો પણ સત્સંગ તરફ વળ્યા છે. ચમત્કાર તો એ છે કે આ ગામની શાળામાં આજુબાજુનાં ગામોમાંથી ભણાવવા આવતી શિક્ષિકાઓ હવે જશા વાઢેરના છકડા સિવાય કોઈના છકડામાં મુસાફરી કરતા નથી. સ્વામીશ્રીનાં દર્શનનો આ પ્રતાપ છે. સ્વામીશ્રી સમક્ષ અત્યારે પોતાના ભૂતકાળના જીવનનું થોડુંક નિદર્શન કર્યા પછી તેઓએ આશીર્વાદ માગ્યા.

•

તા. ૧૬-૧૦-૨૦૧૦, જૂનાગઢ

સવારે પૂજા પછી સ્વામીશ્રી ઉતારે મુલાકાતકક્ષમાં પધાર્યા. સૌથી પહેલાં 'સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી'ના વાઈસ ચાન્સેલર પંકજભાઈ તથા તેઓની સાથે આવેલા સાત જેટલા હોદ્દેદારોને શાંતિથી મળ્યા. તેઓને મળ્યા પછી સ્વામીશ્રી રૂમમાં જ બેઠેલા ચંદ્રકાન્તભાઈ પૂજારા તથા કુમારભાઈ પૂજારાને પણ મળ્યા. તેઓની વાત સાંભળી અને ત્યારપછી ૩૪૬ હરિભક્તોને સ્વામીશ્રીએ વ્યક્તિગત રીતે મુલાકાત આપી. સૌને શાંતિથી સ્વામીશ્રી મળ્યા અને રૂમ તરફ જઈ રહ્યા હતા ત્યારે સામે બેસીને દર્શન કરી રહેલા ચંદ્રકાન્તભાઈ પૂજારાને જોઈને કહે : 'એમને મળવું છે ?'

સ્વામીશ્રીએ એક પણ ટીપું પાણી પીધા વગર આટલી મુલાકાતો આપ્યા પછી પણ ધીરજ ગુમાવી હતી નહીં. સ્વામીશ્રીની આ કરુણા છે.

•

તા. ૧૭-૧૦-૨૦૧૦, જૂનાગઢ

આજે વિજયા દશમીનો દિવસ હતો. સંતોએ વિશેષ ભક્તિ અદા કરીને મંદિરના ત્રણેય ખંડમાં ઠાકોરજીને અન્નકૂટ ધરાવ્યો હતો. સ્વામીશ્રી વ્હીલચૅરમાં બેઠાં બેઠાં ઘનશ્યામ મહારાજના ખંડમાં થાળ ગાઈને દર્શન કરી રહ્યા હતા. દર્શન કરતાં કરતાં સ્વામીશ્રી કહે : 'આ બધી વાનગીઓમાં દાળભાત કેમ નથી ?'

સંતો કહે : 'અત્યારે ચોખ્ખી વાનગીઓ ધરાવવામાં આવી છે, પછી દાળભાત લાવવામાં આવશે.'

પરાભક્તિમય સ્વામીશ્રીનું આ સૂક્ષ્મ નિરીક્ષણ સૌને અંતર્દૃષ્ટિ કરાવી ગયું.

•

સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બેઠા હતા. સામે બેઠેલા કલ્યાણમૂર્તિ સ્વામી કહે : 'હજી બે દિવસ વધારે રોકાઈ જાવ. જેથી વધારે આરામ થાય.'

સ્વામીશ્રી તરત જ કહે : 'મારે તો આરામ જ છે, જ્યાં જઈએ ત્યાં.'

થોડી વાર મૌન રહ્યા પછી સંતોએ પુનઃ યાદ કરાવતાં કહ્યું કે 'હમણાં આપને વિનંતી કરી એ બાબતમાં આપે કશું વિચાર્યું ?'

હરિનારાયણ સ્વામી કહે : 'રોકાવ તો આરામ મળે.'

સ્વામીશ્રીએ ફરીથી કહ્યું : 'અમારે આરામ જ છે. સવારે ઠાકોરજીનાં દર્શન થાય, પૂજા થાય ને પછી હરિભક્તોને મળાય છે.'

આટલું કહીને પોતાની ભાવના વ્યક્ત કરતાં સ્વામીશ્રી કહે : 'આપણે તો હરિભક્તો રાજી થાય, સંતો રાજી થાય, ઠાકોરજી રાજી થાય, એ જ કરવાનું છે ને !'

•

તા. ૧૯-૧૦-૨૦૧૦, ગોંડલ

સ્વામીશ્રી ગોંડલમાં હોય એટલા દિવસો અચૂક અક્ષર દેરીનાં દર્શને પધારે છે અને એમાં પણ અક્ષર દેરીમાં પધરાવેલાં ચરણારવિંદનો સ્પર્શ ઠેઠ નીચા નમીને કરે છે. એ વખતનું દૃશ્ય અત્યંત ભક્તિ-ભાવનાથી છલકાતું હોય છે. ૯૦ વર્ષની ઉંમરે દેરીની જાળીનો એક થાંભલો પકડીને નીચા નમતાં સ્વામીશ્રીનું આખું શરીર ધ્રૂજતું હોય છે, છતાં અત્યંત ભક્તિભાવના અને શ્રદ્ધાપૂર્વક સ્વામીશ્રી ચરણારવિંદને સ્પર્શ કરીને એ હાથ આંખે અડાડવાનું ચૂકતા નથી. નીચા નમતી વખતની આ ધ્રુજારીમાં સ્વામીશ્રીની સતત ભક્તિમયતા અને દાસત્વનાં દર્શન થતાં રહે છે.

•

તા. ૨૦-૧૦-૨૦૧૦, ગોંડલ

એક હરિભક્ત દર્શને આવ્યા. તેઓને સોનું પહેરવાનો ખૂબ શોખ. જ્યારે જ્યારે ઘરમાંથી બહાર નીકળે ત્યારે ગળામાં, હાથમાં, પોંચામાં ને બધી જગ્યાએ સોનાનાં વજનદાર ઘરેણાં પહેરીને નીકળતા હતા. આ વખતે જ્યારે આવ્યા ત્યારે કહે : 'બધું પહેરવાનું મૂકી દીધું.'

રાજી થતાં સ્વામીશ્રી કહે : 'બરાબર છે. આપણે

લોકોને ક્યાં દેખાડવું છે ? ભગવાનને જે દેખાડવાનું છે એ આપણે કરવું.'

સ્વામીશ્રીએ રજોગુણી વૃત્તિ કરતાં ભજન-ભક્તિ કરીને ભગવાનને રાજી કરવાની સાહજિક વાત કરી દીધી.

•

સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા વિરાજ્યા. ભોજન દરમ્યાન ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ સાહેબને સ્વામીશ્રી પ્રત્યે કેવો ભાવ છે, એ અંગે વાતોચીતો ચાલી.

બ્રહ્મવિહારી સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : ''અબ્દુલ કલામ સાહેબ હમણાં કેનેડા જઈ આવ્યા. આપની સાથે એ બાબતમાં ફોનમાં વાત કરતાં તેઓ કહે : 'હું ટોરોન્ટોના અક્ષરધામમાં જઈ આવ્યો. આપ એક જગ્યાએ હોવા છતાં બધી જગ્યાએ હાજર હો છો, એ વાતની અનુભૂતિ મને થઈ.''

આટલું કહીને બ્રહ્મવિહારી સ્વામી કહે : 'બધાં મંદિરોમાં આપ હાજર તો હો છો જ ને ?'

સ્વામીશ્રી વાતને ટાળી દેતાં કહે : 'કેમ ! પ્રસંગ આવે તો બધે જઈએ જ છીએ ને !'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'આવા પરધર્મી વ્યક્તિ જ્યારે પોતાના અનુભવની વાત કરતા હોય તો એ ખોટું તો ન જ બોલતા હોય ને !''

આ સાંભળતાં સ્વામીશ્રી કહે : 'એ વાત તો સાચી જ છે ને !'

વળી, બ્રહ્મવિહારી સ્વામી કહે : ''અબ્દુલ કલામ સાહેબને આપના ઉપર ફક્ત આદર જ નહીં, ભક્તિભાવ પણ છે. ૨૦૦૪માં ગાંધીનગરમાં ઉજવાયેલા બાળ મહોત્સવ વખતે શ્રી કલામ સાહેબને વિદાય આપવા આપ ઠેઠ ગાડી સુધી મૂકવા આવ્યા એ પ્રસંગ તેઓ દર વખતે યાદ કરાવે છે. તેઓના અંતરમાં આપનું નિર્માનીપણું સ્પર્શી ગયું છે.''

બીજા એક પ્રસંગની વાત કરતાં બ્રહ્મવિહારી સ્વામીએ કહ્યું : ''હાર્વર્ડ યુનિવર્સિટીમાં ભણેલા આનંદ શાહ નામના એક વ્યક્તિએ ઇન્ડિકોર નામની એક સમાજસેવી સંસ્થા સ્થાપી છે. એક દિવસ તેઓ આપને શોધતાં શોધતાં અમદાવાદ મંદિરે આવી પહોંચ્યા હતા. તેઓ કહે : રાષ્ટ્રની સેવા બદલ મને રાષ્ટ્રપતિ તરફથી એવોર્ડ મળ્યો હતો, એ લેવા માટે હું રાષ્ટ્રપતિ કલામ સાહેબ પાસે ગયો. એવોર્ડ આપ્યા બાદ તેઓ મને કહે – 'તમે પછી મને મળજો.' અને બન્યું એવું કે અમદાવાદ એરપોર્ટ ઉપર જ હું તેઓને મળી ગયો. અબ્દુલ કલામ સાહેબ મને કહે – 'તમે રાષ્ટ્ર માટે ઘણું સારું કામ કર્યું છે, પણ હજી વધારે સારું કામ કરવું હોય તો પ્રમુખસ્વામી મહારાજને મળજો.' આ સાંભળ્યા પછી હું પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ લેવા આવ્યો છું.''

સ્વામીશ્રીની સાધુતા, ઇષ્ટદેવ તથા ગુરુહરિ પ્રત્યેના ભક્તિભાવભર્યા જીવનથી નાનામાં નાના માણસથી માંડીને ડો. અબ્દુલ કલામ જેવા મહાનુભાવ વ્યક્તિના અંતરમાં પણ સ્વામીશ્રી વસી ગયા છે, તેવા અનેક પ્રસંગોની આજે સ્મૃતિ થઈ.

•

તા. ૨૨-૧૦-૨૦૧૦, ગોંડલ

આજે શરદ પૂર્ણિમા અર્થાત્ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીનો ૨૨૬મો પ્રાકટ્ય મહોત્સવ હતો. જે નિષ્ઠાવાન છે અને જેણે ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર, શ્રીજીમહારાજ સર્વાવતારી પરબ્રહ્મ પુરુષોત્તમ અને પ્રમુખસ્વામી મહારાજ મોક્ષનું દ્વાર – આ સત્યને જાણ્યું છે એ સદેહે ન રહે તો પણ અમર છે. આ વાતની પ્રતીતિ ગઈકાલે રાત્રે જ સમગ્ર સત્સંગને થઈ.

રાજકોટના નિર્દેશક દશરથસિંહનાં ધર્મપત્ની જ્યોત્સ્નાબાને ઝીણો તાવ આવતો હતો. આગલા દિવસે એમને રાત્રે શ્રીજીમહારાજ અને સ્વામીશ્રીએ દર્શન દઈને કહ્યું કે 'હવે તમારું કાર્ય પૂર્ણ થયું છે અને તમને લેવા આવ્યા છીએ.'

જ્યોત્સ્નાબાએ સવારે આ દિવ્ય દર્શનની વાત પોતાના પતિ દશરથસિંહને કરી, ત્યારે તેઓ કહે : 'તને તાવ છે એટલે આવા વિચારો આવે છે.' વળી, એમનાં દીકરા-દીકરીઓને તથા પડોશમાં રહેતા ધર્મેન્દ્ર અદ્રોજા અને કેટલીક મહિલાઓને પણ આ વાત કરી.

બીજે દિવસે ઝીણો તાવ જ હતો અને તેઓ જાતે જ ચૅકિંગ કરાવવા માટે હૉસ્પિટલમાં ગયાં. સાંજના ૪:૦૦ વાગ્યા સુધી ટ્રીટમેન્ટ ચાલી. ડૉક્ટરોએ 'ઓકે' પણ કહી દીધું. તેઓ ઘરે આવવાની તૈયારીમાં જ હતાં અને અચાનક એવું બન્યું કે તેઓ ઢળી પડ્યાં અને

હૃદય બંધ થઈ ગયું. ડૉક્ટરોએ મરણિયા ઉપાય કર્યા ને હૃદય ચાલુ કર્યું, પરંતુ તેઓ તો બેભાન જ હતાં, એટલે કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ ઉપર મૂકવામાં આવ્યાં. લગભગ અડધો-પોણો કલાકમાં બે-ચાર વખત હૃદય બંધ પડ્યું અને ડૉક્ટરોએ પાછું ચાલુ તો કર્યું, પરંતુ છેવટે શ્રીજીમહારાજે કહ્યું હતું તે પ્રમાણે જ થયું. તેઓ યુવાન ઉંમરે અક્ષરનિવાસી થયાં.

અંતકાળે પણ હામી અને સંગાથી બનીને શ્રીજીમહારાજ અને સ્વામી, તેઓનું જે કોઈ ભજન કરે છે એને તેડવા પધારે છે, એની એક વધુ પ્રતીતિ આજે પણ થઈ.

સત્સંગમાં મહારાજ અખંડ પ્રગટ છે અને મૂળ અક્ષર દ્વારા જ પ્રગટ છે – એ વાતની પ્રતીતિનો આ શરદ પૂર્ણિમાનો દિવસ છે. ભલે, ગુણાતીતાનંદ સ્વામીના પ્રાકટ્યને ૨૨૬ વર્ષ થયાં, પરંતુ આજે પણ એ અખંડ પ્રગટ જ રહે છે.

•

સ્વામીશ્રી પત્રવાંચન કરી રહ્યા હતા. ૫:૨૫ વાગ્યા પછી તો સ્વામીશ્રીનું મન શરદ પૂર્ણિમાની સભામાં જવા માટે પહોંચી ગયું હતું. અનંતચરણ સ્વામીને બોલાવીને કહ્યું : 'કૃષ્ણવલ્લભને કહી દો કે સભામાં જવાનું છે તો વહેલા જમી લઈશું.'

આટલું કહી સભાનો કાર્યક્રમ મંગાવ્યો. સ્વામીશ્રીએ એ કાર્યક્રમ જોયો. અનંતચરણ સ્વામી કહે : 'નારાયણમુનિ સ્વામીએ કહેવડાવ્યું છે કે ૮:૦૦ વાગે સ્વામીશ્રી પધારશે તો ચાલશે.'

આ સાંભળતાં સ્વામીશ્રી કહે : 'એ બધું તું રહેવા દે. ક્યારે પધારવાનું પૂછવા માટે ઓછો મોકલ્યો હતો ? સભા ક્યારે ચાલુ થાય છે એ જ મારે જાણવું છે.'

૬:૪૫ વાગે સભા ચાલુ થતી હતી. સ્વામીશ્રી કહે : 'અત્યારે વૉક લઈ લઈએ ને પછી જમી લઈએ, એટલે ૭:૦૦ વાગે પહોંચી જવાય.'

યોગીચરણ સ્વામી કહે : 'બહુ વહેલું થશે. ૭:૦૦ને બદલે ૭:૧૫ વાગે રાખજો.'

સ્વામીશ્રી કહે : 'વહેલા જઈને બેસીએ તેમાં વાંધો શું છે ?'

એમ કહેતાં સ્વામીશ્રીએ ભોજનની ઉતાવળ કરવાનું કહી દીધું અને ૫:૪૫ વાગે ભૂમિભ્રમણ કરવા માટે ઊભા થઈ ગયા, ૬:૪૫ વાગે ઠાકોરજી જમાડવા વિરાજી ગયા.

પ્રત્યેક સત્સંગ સભા કે કથાના પ્રસંગમાં સમયસર પહોંચવાનો તેઓનો આગ્રહ સૌને માટે ખૂબ પ્રેરણાદાયક છે.

•

તા. ૨૩-૧૦-૨૦૧૦, ગોંડલ

ઑસ્ટ્રિયા દેશના વિયેના પાટનગરમાં રહેતા શ્રી જ્યોર્જ સ્વામીશ્રીને મળ્યા. વરસોથી તેઓ સંનિષ્ઠ સત્સંગી છે. ૧૯૮૮ની સાલમાં સ્વામીશ્રી જ્યારે વિયેના પધાર્યા હતા ત્યારે તેઓએ પણ સ્વામીશ્રીની ગાડી ચલાવી હતી. આજે એ સ્મૃતિ કરતાં તેઓ કહે : 'જ્યારે આપ પધાર્યા એ વખતે આપની સામે બે ગાડીઓ હતી. આપે મને પસંદ કર્યો અને મારી ગાડીમાં વિરાજ્યા. આજે મને ખબર પડે છે કે મારા આત્મામાં પ્રવેશી જવા માટે આપ મારી ગાડીમાં બેઠા હતા.'

•

તા. ૨૪-૧૦-૨૦૧૦, ગોંડલ

સ્વામીશ્રી ભોજન અંગીકાર કરી રહ્યા હતા એ દરમ્યાન સુરતથી આવેલા વાસુદેવ સ્વામીએ સુરતના હીરા ઉદ્યોગની વિશેષતાની વાતો કરી. વાતો પૂરી થયા પછી તેઓ કહે : 'અમને બધાને પણ એક હીરો મળ્યો છે. એ હીરો અમૂલ્ય છે.'

આટલું કહીને તેમણે સ્વામીશ્રીને પૂછ્યું : 'આપને ખબર છે, એ હીરો કોણ છે ?'

સ્વામીશ્રી તરત જ કહે : 'યોગીજી મહારાજ.'

વાસુદેવ સ્વામી કહે : 'અમે તો એમને ક્યાં જોયા છે ?'

સ્વામીશ્રી કહે : 'મૂર્તિમાં રહ્યા જ છે ને ! ને તમારા બધામાં પણ એ જ છે ને ! અંતર્દૃષ્ટિ કરે તો દેખાય, બાકી શ્રીજીમહારાજને તો ક્યાં જોયા છે ? પણ જ્ઞાન થાય તો દેખાય.'

વૈરાગ્યપ્રિય સ્વામી કહે : 'યોગીબાપા કહેતા કે પ્રમુખસ્વામી અમારો કોહિનૂર હીરો છે.'

વાસુદેવ સ્વામી કહે : 'યોગીબાપાએ જે કહ્યું છે એ તો અમારે માનવાનું જ ને !'

સંતોએ જ્યારે યોગીજી મહારાજનો તર્ક રજૂ કર્યો, ત્યારે સ્વામીશ્રી મૌન રહ્યા.

વૈરાગ્યપ્રિય સ્વામી કહે : 'અમને જે હીરો મળ્યો છે, એ હીરાનો વેપાર સારામાં સારો થાય એવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'થાય જ છે ને ! શાસ્ત્રીજી મહારાજનો સંગ ઝાલ્યો છે, તો એ પકડી રાખવો. યોગીબાપાએ દેશ-વિદેશમાં ખૂબ વિકાસ કર્યો છે. એના આધારે આપણે ફરીએ, એટલે બધું ચાલે.'

•

તા. ૨૬-૧૦-૨૦૧૦, ગોંડલ

સાન ફ્રાન્સિસ્કોથી કેતન છીપવાડિયા દર્શને આવ્યા હતા. તેઓ ઇરાકમાં યુદ્ધ માટે ગયા હતા. દોઢેક વર્ષ ત્યાં રહ્યા, પરંતુ સંપૂર્ણ શાકાહારી રહ્યા હતા. અત્યારે નાસામાં નોકરી કરે છે અને સારી એવી પ્રગતિ કરે છે. સ્વામીશ્રીએ તેઓની આવી નિયમ-ધર્મની દૃઢતા જોઈને રાજીપો દર્શાવ્યો.

•

તા. ૨૭-૧૦-૨૦૧૦, ગોંડલ

ભ્રમણ દરમ્યાન કલ્યાણમૂર્તિ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજ જે ચાર પ્રસંગ કહેતા કે જેનાથી અડધા કામ-ક્રોધાદિક બળી જાય – એ ચારેય પ્રસંગો સ્વામીશ્રી સમક્ષ રજૂ કર્યા. સ્વામીશ્રી રાજી થયા.

આ પ્રસંગ પૂરા થયા પછી હરિનારાયણ સ્વામીએ પૂછ્યું : 'શાસ્ત્રીજી મહારાજના ચાર પ્રસંગો અમે સાંભળ્યા. એવા આપના ચાર પ્રસંગો કયા છે કે જે રોજ સંભારીએ તો કામ-ક્રોધાદિક ઓછા થઈ જાય ?'

વિવેકસાગર સ્વામી કહે : 'શાસ્ત્રીજી મહારાજના પ્રસંગોથી અડધા કામ-ક્રોધાદિક ઓછા થઈ જાય, બીજા જે અડધા છે એ આપના પ્રસંગ સંભારવાથી થઈ જાય, એટલે આપ પ્રસંગ કહો.'

સ્વામીશ્રી કહે : 'આ જે કીધા એ જ ને ! ખરેખરા પ્રસંગ એ જ છે. એ સંભારીએ એમાં બધું આવી જાય.'

હરિનારાયણ સ્વામી કહે : 'અત્યારે આખો સત્સંગ-સમાજ આપની સાથે જોડાયેલો છે. આપના પ્રસંગ સાંભળીને બધાને સમાસ થાય છે. એટલે આપનામાં હેત છે. સૌને આપના પ્રસંગની અપેક્ષા રહે છે, એટલે આપ કહો.'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજના પ્રસંગો કહો, એમાં બધું આવી ગયું. નવું કહેવાનું કાંઈ હોતું નથી. નવું-બવું કશું હોય નહીં. પેલા કહે, મારા ચાર ને પેલા કહે, મારા ચાર, એમ નહીં. એકમાં બધું આવી ગયું.'

સ્વામીશ્રી આ રીતે પોતાના પ્રસંગોની વાત ટાળતા હતા.

એ દરમ્યાન વિવેકસાગર સ્વામી કહે : 'બહુ વરસો પહેલાં એક વખત આવી કંઈક વાત થઈ હતી. એ વખતે આપે કંઈક ચાર પ્રસંગ કહ્યા હતા એવું મને થોડુંક થોડુંક યાદ છે. એક તો પેલો શાસ્ત્રીજી મહારાજની દવાવાળો પ્રસંગ.'

વિવેકસાગર સ્વામીએ આ રીતે શરૂઆત કરાવી, એટલે વાત એ તરફ વળી ગઈ. સ્વામીશ્રી પણ એ પ્રસંગ કહેવા માંડ્યા. એટલે સંતો કહે : 'પ્રસંગ તો બધાને ખ્યાલ છે, એટલે એક તો એ પ્રસંગ, પણ બીજો પ્રસંગ કયો ?'

સંતોએ જ 'અમૃત મહોત્સવ ગોંડલમાં ઊજવ્યો અને યોગીજી મહારાજ સ્વામીશ્રીને ભેટ્યા,' એ પ્રસંગની વાત કરી. એટલે સ્વામીશ્રી એ પ્રસંગ પણ કહેવા માંડ્યા.

સંતોએ અધવચ્ચે રોકીને કહ્યું : 'ત્રીજો પ્રસંગ કયો ?'

સ્વામીશ્રી કહે : 'અટલાદરા પેલો ચૂનાનું કહીએ છીએ ને !'

સંતો કહે : 'ચોથો ?'

સ્વામીશ્રી કહે : 'ઘનશ્યામ મહારાજે દર્શન દીધાં એ !'

છેલ્લે વળી વિવેકસાગર સ્વામી કહે : 'શાસ્ત્રીજી મહારાજે માળા આપી અને યોગીજી મહારાજના વચને સંકલ્પ મૂકી દીધો.'

સ્વામીશ્રી એ પ્રસંગ પણ કહેવા લાગ્યા.

એક રીતે જોતાં જે પ્રસંગો હતા એ દરેકમાં સ્વામીશ્રી સૂર પુરાવતા અને કેટલાક પ્રસંગ જાતે પણ યાદ કરાવતા. સંપૂર્ણ નિર્વાસનિક થવાની એક નવી રેસીપી મળી ગઈ.

•

તા. ૨૯-૧૦-૨૦૧૦, ગોંડલ

ઓર્લાન્ડોથી કેશુભાઈ નામના એક હરિભક્તનો ફોન હતો. તેઓને કેન્સર હતું ને છેલ્લી અવસ્થામાં

હતા. એમની હૃદયની એક જ ઇચ્છા હતી કે છેલ્લે છેલ્લે બાપાનો અવાજ સાંભળવો. તેથી તેમણે ફોન દ્વારા સ્વામીશ્રી સાથે વાતચીત કરી.

સ્વામીશ્રી કહે : 'તમે સેવા કરી છે એટલે શ્રીજી-મહારાજ ધામમાં જ લઈ જશે. એટલે દુઃખ ન થાય અને કુટુંબને પણ શાંતિ રહે એની પ્રાર્થના અમે કરીશું. હવે છેલ્લે છેલ્લે ભગવાનના નામનું સ્મરણ-ભજન કરતા રહેજો.'

•

સ્વામીશ્રીએ પહેલાં જે કષ્ટો વેઠીને વિચરણ કર્યું હતું એની વાત નીકળતાં સ્વામીશ્રી બોલ્યા : 'પહેલાં તો વ્યવસ્થાના નામે કાંઈ જ હતું નહીં. પંખા પણ નહીં ને કશુંય નહીં, તોય ચાલતું હતું. બહુ ગરમી થાય તો અગાશીમાં જઈને સૂવાનું. એ વખતે ઊંઘ પણ આવી જતી હતી, વાંધો પણ આવતો ન હતો.'

•

તા. ૩૦-૧૦-૨૦૧૦, ગોંડલ

પૂજા પછી સ્વામીશ્રી ઉતારે પધારી રહ્યા હતા. એ દરમ્યાન ઢાળ ઊતરીને ઠેઠ આંબલી સુધી બાલમુકુંદ સ્વામી સ્વામીશ્રીનાં દર્શને સામા આવ્યા. આમ તો રોજ તેઓ સ્વામીશ્રીનાં એક વખત દર્શન કરી જાય છે. આજે ઠેઠ અહીં સામે આવ્યા. એટલે સ્વામીશ્રી કહે : 'ઠેઠ સુધી આવ્યા ?!'

બાલમુકુંદ સ્વામી કહે : 'આપ જ્યાં આવો ત્યાં અમારે સામે આવવું પડે ને !'

સ્વામીશ્રી કહે : 'યોગીબાપા જ્યાં લઈ જાય ત્યાં આપણે જવાનું.'

•

અમેરિકાથી એક હરિભક્તનો ફોન આવ્યો. સ્વામીશ્રીને તેઓ કહે : 'આપને તકલીફ આપું છું, પણ માફ કરજો, હું ખૂબ મૂંઝાઈ રહ્યો છું.'

સ્વામીશ્રી કહે : 'તમે તકલીફની ચિંતા ન કરો. અમને કોઈ તકલીફ નથી, શાંતિથી વાત કરો.'

•

સ્વામીશ્રી ભ્રમણ કરી રહ્યા હતા. એ દરમ્યાન સંતોએ ગીતાના જુદા જુદા શ્લોકોનું નિરૂપણ કર્યું. ખાસ કરીને ગીતામાં વર્ણવેલા 'અક્ષરબ્રહ્મ યોગ'નું જુદી જુદી રીતે પ્રતિપાદન કર્યું.

છેલ્લે અમૃતસ્વરૂપ સ્વામીએ પૂછ્યું : 'અક્ષરબ્રહ્મની વાત તો બધાએ કરી, પણ બાપા આ અક્ષરબ્રહ્મ કોણ છે ?'

થોડી વારના મૌન પછી સ્વામીશ્રી કહે : 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે.'

અમૃતસ્વરૂપ સ્વામી કહે : 'પણ એ અક્ષરબ્રહ્મ અત્યારે કોણ છે ?'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'બધા એના એ જ છે ને !'

આ વાત થઈ અને ભ્રમણની સમાપ્તિ થઈ. થોડાક હાંફતાં હાંફતાં સ્વામીશ્રી કહે : 'બહુ સારી તૈયારી કરી છે. શાસ્ત્રીજી મહારાજનો સિદ્ધાંત કેટલો સાચો છે એનો ખ્યાલ આવે.'

બ્રહ્મમનન સ્વામી કહે : 'આ સિદ્ધાંત અમારા જીવમાં દૃઢ થાય એવા આશીર્વાદ આપજો.'

સ્વામીશ્રી કહે : 'શ્રદ્ધા અને વિશ્વાસ રાખજો.'

•

ભોજન પછી પત્રવાંચન દરમ્યાન અમેરિકાથી રીચમંડના મહેશભાઈ પટેલનો ફોન આવ્યો.

સ્વામીશ્રી કહે : 'બોલો, મહેશભાઈ !'

મહેશભાઈ કહે : 'બાપા ! તમે મને મહેશભાઈ ન કહો, મહેશ કહો.'

સ્વામીશ્રી કહે : 'ટેવ પડી છે ને ! એટલે મહેશભાઈ કહ્યું.'

સ્વામીશ્રીનો વિવેક સૌને વિશેષ પ્રેરણા આપી ગયો.

•

તા. ૩૧-૧૦-૨૦૧૦, ગોંડલ

સેવાનિષ્ઠ સ્વામીએ ગજેન્દ્રમોક્ષની કથા રજૂ કર્યા પછી સ્વામીશ્રીને કહ્યું : 'જેમ મગર થકી હાથીની રક્ષા કરી, એમ તમારે પણ અમારી રક્ષા કરવાની છે.'

સ્વામીશ્રી કહે : 'આવી ને આવી વાતો કરતા રહેજો, એટલે થશે. વાતમાંથી જ દૃઢતા થાય. આપણે બીજાને વાત કહીએ તો આપણને દૃઢ થાય.'

સેવાનિષ્ઠ સ્વામી કહે : 'તમે વચન આપો છો ને કે રક્ષા કરીશ ?'

સ્વામીશ્રી કહે : 'આપણે તો ભગવાનના થયા એટલે ભગવાન રક્ષા કરશે જ, જોગીબાપા રક્ષા કરશે.

શ્રદ્ધા અને વિશ્વાસ રાખવાં, વહેલું-મોડું થાય પણ એ કરશે.'

એક સંત કહે : 'આપ વચન આપો. અમે શ્રદ્ધા-વિશ્વાસ રાખીશું. આરતી, નિયમ, કથાવાર્તા બધું જ નિયમિત કરીશું.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનને શરણે આવ્યા એટલે ભગવાન રક્ષા કરશે જ.'

સેવાનિષ્ઠ સ્વામી કહે : 'અમે તો આપને શરણે છીએ.'


સ્વામીશ્રી કહે : 'સાચા ભાવથી (સેવા અને શરણું) કરીએ તો થશે જ. કામ થશે જ, એમ શ્રદ્ધા અને વિશ્વાસ રાખવાં. શ્રીજીમહારાજ સર્વોપરિ છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ જેવા ગુરુ મળ્યા છે, એટલે કામ થવાનું જ છે.'

આટલું કહ્યા પછી વળી સ્વામીશ્રી કહે : 'એણે જેમ બીજા બધા આધાર મૂકી દીધા અને એક ભગવાનનો આશરો કર્યો, એમ એક જ આધાર થઈ જાય, બીજા જીવમાંથી નીકળી જાય, '*મોહે તો તુમ એક આધારા...*' એવું થઈ જાય, તો કામ થઈ જાય.'

સેવાનિષ્ઠ સ્વામી કહે : 'અમારે તો આપનો એક જ આધાર છે.'

સ્વામીશ્રી તરત જ કહે : 'આપણે ભગવાનનો આધાર છે. ફલાણો મારું કામ કરી દેશે અને ઢીંકણો મારું કામ કરી દેશે – એ કોઈ નહીં, ભગવાન જ કરવાવાળા છે – એમ દૃઢ થઈ જાય તો વાંધો ન આવે.'

પ્રસંગમ્



નવેમ્બર ૨૦૧૦



'અક્ષરદેરી તો મહાપ્રતાપી છે, બધાના સંકલ્પો પૂરા કરે છે, બધાનાં કાર્યો થાય છે, એવું દિવ્ય ધામ છે.
ગુણાતીતાનંદ સ્વામીનું આ સ્થાન અને એવા ગુણાતીત પુરુષ
શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ પણ અહીં વિરાજ્યા છે.
એ પુરુષોના પ્રતાપે આપણને આનંદ ને સુખ આવે છે, એમની દિવ્યતા છે.
અત્યારે જે કાંઈ કાર્ય થઈ રહ્યું છે, એ એમનો સંકલ્પ છે એટલે ચાલે છે.
જોગી મહારાજ દેરીમાં મહાપૂજામાં ધૂનમાં સંકલ્પો કરતા કે 'સાધુ વધો, સત્સંગ વધો, મંદિરો થાવ.'
આજે એમના સંકલ્પ મુજબ આપણે બધા સેવા કરી રહ્યા છીએ.
દિલ્હીમાં મંદિર કરવાનો પણ એમનો સંકલ્પ હતો. એમના સંકલ્પો પૂરા થાય જ, પણ શ્રદ્ધા ને વિશ્વાસ જોઈએ.
એમના પ્રતાપે આ બધું કાર્ય ચાલે છે. એનાથી આજે આ બધો વિકાસ થયો છે અને હજી થશે જ.
ડગમગ થાય કે 'હશે કે નહીં હોય ? સાચું હશે કે ખોટું હશે ?'
એમ ડગમગ થાય તો આપણામાં આત્માનો પ્રકાશ થાય નહીં.
તો એ સાચી વાત છે એમ શ્રદ્ધા રાખીને આપણાથી થાય એટલી સેવા-ભક્તિ કરવી.'

- પ્રમુખસ્વામી મહારાજ

તા. ૧-૧૧-૨૦૧૦, ગોંડલ

જસદણથી ભૂપતસિંહના સુપુત્ર દુર્ગેશભાઈ આવ્યા હતા. સ્વામીશ્રી કહે : 'ભૂપત આવડો હતો અને હવે તું રિટાયર્ડ થઈ ગયો. અત્યારે શું કરે છે ?'

દુર્ગેશભાઈ કહે : 'બસ, નિવૃત્ત થયો છું.'

સ્વામીશ્રી કહે : 'નિવૃત્ત થયો એનો વાંધો નહીં, પણ ભજન તો થાય છે ને ? આપણે નિવૃત્ત થયા તો હવે બધાને સત્સંગ કરાવવો, ભજન-ભક્તિ કરવાં અને કરાવવાં.'

•

તા. ૩-૧૧-૨૦૧૦, ગોંડલ

ભોજન દરમ્યાન દિવ્યસંકલ્પ સ્વામી, યતિરાજ સ્વામી તથા વિવેકશીલ સ્વામીએ ગીતામાં દર્શાવેલા પ્રત્યક્ષ અક્ષરબ્રહ્મ યોગ સંબંધી પ્રવચનો કર્યાં. છેલ્લે વિવેકશીલ સ્વામી કહે : 'આપના દ્વારા પ્રત્યક્ષ પરમાત્માનો યોગ થયો છે.'

સ્વામીશ્રી કહે : 'યોગીજી મહારાજની આજ્ઞાથી સાધુ થયા છીએ એ યોગ છે. એમની સાથે જેટલો યોગ થાય એટલો પ્રત્યક્ષ યોગ.'

•

તા. ૪-૧૧-૨૦૧૦, ગોંડલ

કોલકાતાના પ્રવીણભાઈ શેઠ દર્શને આવ્યા. તેઓને જોતાં જ સ્વામીશ્રી કહે : 'બે દહાડાથી તમને યાદ કરું છું. ગઈકાલે પણ મેં સંતોને કહ્યું હતું કે બે દિવસથી ચોકમાં દૂરથી જોઉં છું તો બોલાવી લેજો.'

સ્વામીશ્રીની આવી આત્મીયતા જોઈને પ્રવીણભાઈ ગળગળા થઈ ગયા. ગઈકાલે સંતોને સ્વામીશ્રીએ ખાસ કહ્યું હતું કે 'જૂના હોય અને પાયાના હરિભક્ત હોય એને ભૂલવા નહીં, એ સૌને યાદ કરીને બોલાવી લેવા.'

•

તા. ૮-૧૧-૨૦૧૦, ગોંડલ

બાલમુકુંદ સ્વામી કહે : 'તમે બધાનું સહન બહુ કર્યું છે.'

સ્વામીશ્રી કહે : 'એ (શાસ્ત્રીજી મહારાજ તથા યોગીજી મહારાજ) સહન કરી ગયા, એવું આપણાથી થાય એવું નથી.'

સ્વામીશ્રી પળે પળે ગુરુહરિમય રહે છે.

•

તા. ૧૦-૧૧-૨૦૧૦, ગોંડલ

સ્વામીશ્રીએ એક લાંબો પત્ર વાંચ્યો. આ પત્ર વાંચતાં સ્વામીશ્રીને એક કલાક થયો.

•

કંપાલાથી ભીખુભાઈનો ફોન આવ્યો. તેઓ કહે : 'નવા વરસે દેહભાવ ટળે ને સેવા થાય એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'એ તો આપણે કરવાનું જ છે. સત્સંગ, ભક્તિ કાયમ કરવાનાં છે. મહારાજ-સ્વામી રાજી થાય એમ કરવાનું છે. સંપ, સુહૃદભાવ ને એકતા રાખીને સૌ કામ કરજો.'

•

તા. ૧૧-૧૧-૨૦૧૦, રાજકોટ

અમેરિકાથી યજ્ઞવલ્લભ સ્વામીનો ફોન આવ્યો. બે હરિભક્તોને ફોન ઉપર આશીર્વાદ અપાવવાના હતા. તેઓ સ્વામીશ્રીને કહે : 'બાપા ! નવા વરસે આપને તકલીફ આપીએ છીએ.'

સ્વામીશ્રી કહે : 'નવું વરસ છે. કાંઈ તકલીફ નથી. હરિભક્તોને આશીર્વાદ મળે, એની તકલીફ દૂર

થાય તે માટે વાત કરવામાં કોઈ વાંધો નથી, વાત કરો.'

વરસનો પહેલો દિવસ હોય કે છેલ્લા દિવસની રાત્રી હોય, હરિભક્તોનાં દુ:ખ દૂર થાય એ માટે સ્વામીશ્રી હંમેશાં તત્પર રહે છે, એમાં તેઓનો ક્યારેય કંટાળો આવતો નથી.

•

તા. ૧૩-૧૧-૨૦૧૦, રાજકોટ

સ્વામીશ્રી રોજ પૂજામાં પધારે અથવા તો સભામાં પધારે ત્યારે હરિભક્તોની સગવડનો વિચાર પહેલો કરે છે. કોણ ક્યાં બેઠું છે ? એનું નિરીક્ષણ પણ કરી લે છે.

આજે પણ સ્વામીશ્રી પત્ર વાંચતા હતા, એ દરમ્યાન ધર્મચરણ સ્વામીને કહે : 'અહીંના કોઠારી અને પેલા લિફ્ટવાળા સ્વામી (નિર્દોષમૂર્તિ સ્વામી) અને પેલા જાડા જેવા સાધુ છે (અક્ષરકીર્તિ સ્વામી) એ ત્રણેયને બોલાવી લ્યો.'

ત્રણેય સંતો હાજર થયા એટલે સ્વામીશ્રી કહે : 'કોઈને પગે તકલીફ હોય, વિકલાંગ હોય એમને માટે સભામંડપમાં જે લિફ્ટ મારા માટે વપરાય છે, એનો ઉપયોગ કરો છો ને ? આ વાત મારે કરવી હતી.'

સંતો કહે : 'ઘરડા, વૃદ્ધ, પગે તકલીફવાળા માટે લિફ્ટનો ઉપયોગ કરીએ જ છીએ.'

સ્વામીશ્રી કહે : 'બીજી વાત એ કરવાની છે કે ભાનુભાઈ ગઢિયાને યોગીબાપાએ બહુ સાચવ્યા છે, રમાડ્યા છે, જમાડ્યા છે. એમની ઉંમર થઈ છે, એટલે જો ઘરે તકલીફ હોય તો મંદિરે જમવાની વ્યવસ્થા કરી આપવી.'

યોગીસ્વરૂપ સ્વામીએ તેઓ માટે જે કંઈ કરતા હતા એ વાત કરી. એટલે સ્વામીશ્રી રાજી થયા અને કહે : 'તમે તો એમને ઓળખો, પણ આ બધા નવા સંતોને પણ વાત કરવી, જેથી ધ્યાન રાખે.'

વળી, સ્વામીશ્રી કહે : 'નૈરોબીથી હર્ષદભાઈ રાણા આવ્યા છે, તો એ ક્યાં જમે છે ?'

યોગીસ્વરૂપ સ્વામી કહે : 'બાબુભાઈ મહેતાને પૂછ્યું હતું ત્યારે તેઓએ જણાવ્યું હતું કે હર્ષદભાઈ રાણાનું અહીં ઘર ચાલુ છે, એટલે ઘરે જમે છે.'

વળી, યોગીસ્વરૂપ સ્વામી કહે : 'આપે આખી જિંદગી બધાનું બહુ સાચવ્યું છે.'

સ્વામીશ્રી કહે : 'મારા કરતાં તો યોગીબાપાએ જે સાચવ્યું છે એવું કોઈ ન સાચવી શકે. આવા વડીલ હરિભક્તો આવે એમને બોલાવવા, ચલાવવા, જમાડવામાં ધ્યાન રાખવું.'

આ રીતે લગભગ અડધો કલાક સુધી સ્વામીશ્રીએ નવા સંતોને પણ રાખ-રખાવટની વાત કરી. પોતા માટે નિર્માણ કરેલી વસ્તુ પણ હરિભક્તો માટે વપરાય, એવો વિચાર સ્વામીશ્રી સિવાય બીજું કોણ કરી શકે !

•

સ્વામીશ્રીની આજ્ઞાથી અમેરિકામાં ડૉક્ટર સ્વામીના મંડળમાં વિચરણ કરવા માટે ગયેલા અહીંના સંત-નિર્દેશક અપૂર્વમુનિ સ્વામીનો ફોન આવ્યો. સ્વામીશ્રી કહે : 'અપૂર્વ ! રાજકોટની અંદર બેઠા છીએ. તમે સૌએ સત્સંગ વધાર્યો છે, એથી રાજી છીએ.'

અપૂર્વમુનિ સ્વામી કહે : 'સત્સંગ કેવો લાગ્યો ?'

સ્વામીશ્રી કહે : 'સર્વોપરિ છે. સંપ, સુહૃદભાવ ને એકતા દેખાય છે. ડૉક્ટર સ્વામી જે બોલે છે ને – બી.એ.પી.એસ. એક પરિવાર – એ અહીં દેખાય છે. દશરથસિંહ દરબારનાં પત્ની બીમાર થયાં ને હરિભક્તોએ તથા યુવકોએ દશરથસિંહને બહુ મદદ કરી.' એ વાત સ્વામીશ્રીએ વિગતે કરી. ત્યારપછી સ્વામીશ્રી કહે : 'હરિભક્તો-યુવકોએ સારો સાથ આપ્યો – ધર્મેન્દ્ર છે, જીતુ છે તથા આડોશી-પાડોશીઓએ પણ ખૂબ સાથ આપ્યો. આડોશી-પાડોશી મહિલા મંડળે પણ બધાને સાચવી લીધાં. આપણે એક પરિવાર કહીએ છીએ તે જોવા મળે છે.'

•

તા. ૧૬-૧૧-૨૦૧૦, રાજકોટ

લંડનથી એક આધેડ વયના હરિભક્તનો ફોન હતો. મંદિરમાં આર્થિક સેવા મોકલવાની તેઓની ઇચ્છા હતી. તેઓની વાત સાંભળ્યા પછી સ્વામીશ્રીએ પહેલો પ્રશ્ન તેઓની આર્થિક સ્થિતિનો પૂછ્યો ને પછી કહ્યું : 'તમારી સેવા તો છે જ. તમારે ભવિષ્યમાં જરૂર પડે એટલે હમણાં ન કરો તો વાંધો નહીં.'

પેલા આધેડ હરિભક્તે વિગતથી પોતાની વાત સમજાવી, છતાં સ્વામીશ્રીએ કહ્યું : 'વ્યવસ્થા છે એટલે વાંધો નથી, પણ તમારી પાસે હોય તો કોઈની પાસે લાંબો હાથ કરવો ન પડે. એટલે અનુકૂળતા હોય તો

થોડીક સેવા કરજો, જેથી અંતરમાં શાંતિ થાય.'

•

તા. ૧૮-૧૧-૨૦૧૦, બોચાસણ

એક હરિભક્તનો ફોન આવ્યો. તેઓ કહે : 'મારાં બહેન માટે મારા પપ્પા સારું પાત્ર મળે એ પ્રયત્ન કરે છે, પણ મેળ પડતો નથી. પપ્પા સત્સંગી છે ને કાર્યકર છે, પણ હવે વિચારે છે કે જ્યોતિષ પાસે જોવડાવીએ. આપ આજ્ઞા આપો કે પપ્પા એવું ન કરે અને આશીર્વાદ આપો કે બહેનને સારું ઠેકાણું મળી જાય.'

સ્વામીશ્રી કહે : 'બધા ભજન કરજો, માળા કરજો. જોવડાવવાની જરૂર નથી. ભગવાન સર્વકર્તા છે. ભગવાન સારું કરશે.'

•

તા. ૧૯-૧૧-૨૦૧૦, બોચાસણ

કાર્તિકી પૂર્ણિમા તથા ગુરુપૂર્ણિમાનો ઉત્સવ કાયમ શાસ્ત્રીજી મહારાજના સમયથી બોચાસણમાં ઊજવાય છે. સ્વામીશ્રી પણ એ સમૈયો અહીં જ કરે છે. સત્સંગનો વ્યાપ વધતાં આ સમૈયાઓની જગ્યાઓ પણ નાની પડતી જાય છે. એટલે જ આ વખતે વ્યવસ્થા સચવાય એના માટે મંદિર હસ્તકના ભારેલિયા ખેતરમાં સમૈયાની ઉજવણી કરવાનું વિચાર્યું હતું. કોઠારી વેદજ્ઞ સ્વામીએ આ સમૈયાની વ્યવસ્થાની વાત સ્વામીશ્રીને કરી.

છેલ્લે એક સંત કહે : 'યોગીજી મહારાજે તો ધૂન કરી, પણ આપે તો હિંમત કરીને ઘણી જમીનો સંપાદિત કરી લીધી.'

સ્વામીશ્રી કહે : 'બધું એમની ધૂનથી જ ચાલે છે, આપણાથી કશું થતું નથી. મંદિરો વધ્યાં, સત્સંગ વધ્યો, આ બધું જ એમની ધૂનથી જ થાય છે.'

•

લંડનથી અમૃતનયન સ્વામીનો ફોન આવ્યો. તેઓ કહે : 'આપ શું કરતા હતા ?'

સ્વામીશ્રી કહે : 'વાંચન કરીએ છીએ, હરિભક્તોની ટપાલ વાંચીએ છીએ, ભજન-ભક્તિ કરીએ છીએ.'

અમૃતનયન સ્વામી કહે : 'તમને રાત્રે સ્વપ્નામાં પણ પછી હરિભક્તોના પત્રો દેખાય છે ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન દેખાય છે, સંતો-હરિભક્તો દેખાય છે.'

અમૃતનયન સ્વામી કહે : 'અમારે તો એકની એક વાત કરતા હોઈએ તો રાત્રે એ જ દેખાય ને આપને ભગવાન દેખાય છે.'

સ્વામીશ્રી કહે : 'આપણે ભગવાનનું કાર્ય કરીએ છીએ, કાગળ લખો કે ટપાલ વાંચો કે પછી પધરામણી કરો – એ બધું ભગવાનનું જ કામ છે.'

અમૃતનયન સ્વામી કહે : 'અમને પણ ભગવાન દેખાય એવું કરો ને !'

સ્વામીશ્રી કહે : 'દેખાશે. ભગવાન જ કર્તા છે – એમ માનવું. સારું થયું તો પણ ભગવાને કર્યું છે અને દુઃખ આવ્યું તો પણ એમની ઇચ્છા, એ સમજવું.'

અમૃતનયન સ્વામી કહે : 'આપ આ સુખ-દુઃખ બધું પ્રેમથી સ્વીકારી લો છો.'

સ્વામીશ્રી કહે : 'ભગવાનને આશરે આવ્યા છીએ, શાસ્ત્રીજી મહારાજ જેવા ગુરુ મળ્યા છે, એટલે એ સારું જ કરે છે.'

અમૃતનયન સ્વામી કહે : 'તમે તો 'હું કરું છું' એવું સહેજ પણ માનતા નથી.'

સ્વામીશ્રી કહે : '*હું ટળે હરિ ઢૂંકડા,* એ વાત સિદ્ધાંત છે.'

સ્વામીશ્રીએ અદ્‌ભુત પ્રેરણા આપી.

•

૮:૩૦ વાગે સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા વિરાજ્યા. એ દરમ્યાન વલસાડના બે સંતોએ પોતપોતાનો અહેવાલ આપ્યો. વલસાડથી આવેલા અખંડમંગલ સ્વામી કહે : 'લગભગ ૩૦૦ જેટલાં કિશોર-કિશોરીઓ યાત્રા કરીને આજે અહીં આવ્યાં છે. આમ તો અમારે નીકળી જવાનું હતું, પરંતુ આપ અહીં છો એવું કિશોરોએ જાણ્યું એટલે બધાએ આગ્રહ કર્યો કે 'આપણે અહીં રાત રોકાઈને કાલે દર્શન કરીને જ નીકળવું છે.' એટલે આજે બધાને મહેળાવ દર્શને મોકલ્યા છે અને ત્યારપછી રાત્રે આવશે. અહીં ગામમાં આજુબાજુ ઉતારા કરી દીધા છે. અહીં ભંડારી સ્વામીને કામ છે એટલે સૌ સેવામાં જોડાશે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી કહે : 'બે દિવસથી પ્રવાસ કરીને કિશોરો આવ્યા છે એટલે થાક્યા હશે. માટે ભંડારી સ્વામીને કહી દેજો – અત્યારે કિશોરો પાસે કામ કરાવવાની જરૂર નહીં. જેવા આવે એવા

બધાને સૂવડાવી દેજો. કાલે પાછું નીકળવાનું છે.'

તેઓને આ સૂચના આપ્યા પછી, ભોજન પછી સૌ સંતો બહાર નીકળી ગયા ત્યારે પણ સેવક સંતને કહે : 'ભંડારીને કહી આવજો કે આ કિશોર-કિશોરીઓને બીજી સેવામાં ન જોડે. બધા થાક્યા-પાક્યા આવેલા છે એનો વિચાર કરવો જોઈએ અને કાલે વળી વહેલું ઊઠીને નીકળી જવાનું છે.'

યાત્રાળુ કિશોરોને તકલીફ ન પડે તેની સતત ચિંતા સ્વામીશ્રી ૯૦ વર્ષની ઉંમરે પણ કરે છે. આ જ સ્વામીશ્રીના હૃદયની કિશોરો પ્રત્યેની સાચી આત્મીયતા છે.

•

તા. ૨૧-૧૧-૨૦૧૦, બોચાસણ

આજે કાર્તિકી પૂર્ણિમાનો શુભ દિવસ હતો. આજના દિવસે અહીં અન્નકૂટ ગોઠવવામાં આવે છે. સ્વામીશ્રીએ આજે આ અન્નકૂટનાં દર્શન કર્યાં. નૈરોબીના અરવિંદભાઈ સાહેબ તરફથી દર વરસે અહીં આ અન્નકૂટની સેવા પ્રાપ્ત થાય છે.

સ્વામીશ્રીએ ત્રણેય ખંડમાં અન્નકૂટ સહિત ઠાકોરજીની આરતી ઉતારી અને ત્યારપછી પ્રદક્ષિણામાં આવેલા ગુરુપરંપરાના ખંડમાં દર્શન કરવા પધાર્યા. અહીં ગુરુપરંપરાની મૂર્તિઓ સમક્ષ અન્નકૂટનો થાળ જોયો નહીં, એટલે તરત જ સ્વામીશ્રીએ પૂછ્યું : 'અહીં કેમ થાળ નથી થયો ?'

પૂજારી કહે : 'અહીં એક જ થાળ રાખવામાં આવે છે, વારાફરતી ધરાવી દઈએ છીએ.'

સ્વામીશ્રી કહે : 'કાયમ જે હોય એમાં વાંધો નહીં, પરંતુ આજે તો અન્નકૂટ છે, એટલે બધા ખંડમાં ધરાવવો જોઈએ.' આમ કહીને ભંડારીને અન્નકૂટનો થાળ તૈયાર કરવાની સ્વામીશ્રીએ સૂચના મોકલાવી.

•

સ્વામીશ્રીને કાર્તિકી પૂર્ણિમાના સમૈયામાં જવાની ઉતાવળ તો હતી જ, એટલે સમય થતાં સ્વામીશ્રી ઉતાવળ કરવા લાગ્યા. વ્હીલચૅરમાં સ્વામીશ્રી વિરાજમાન હતા. વ્હીલચૅરમાં હોવાથી આમ તો ચંપલની જરૂર ન હતી, પરંતુ નિર્ભયસ્વરૂપ સ્વામી અને બાજુમાં ઊભેલા બ્રહ્મવિહારી સ્વામી કહે : 'ચંપલ પહેરો તો જરાક સારું લાગે. આમ ટીપટોપ રહેવું જોઈએ.'

આ સાંભળતાં જ સ્વામીશ્રી કહે : 'ટીપટાપ કરવા જ નહીં. આપણે તો ભગવાન રાખે એમ જ રહેવું, ભજન કરવું. ટીપટાપમાં તો કેટલાય મરી ગયા.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'મારો કહેવાનો અર્થ વ્યવસ્થિત રહેવું એવો હતો.'

સ્વામીશ્રી કહે : 'ટીપટોપ એટલે ગોટાળો જ થયો એમ સમજો.'

સ્વામીશ્રી હંમેશાં સાદાઈમાં જ માને છે. રજોગુણ તેઓને ગમતો નથી.

•

તા. ૨૨-૧૧-૨૦૧૦, બોચાસણ

ભારત ખાતેના બ્રિટિશ હાઈકમિશનર રિચાર્ડ સ્ટેગ(Richard Stagg)નાં ધર્મપત્ની આરબેલા સ્ટેગ (Arabella Stagg) તથા ડેપ્યુટી હાઈકમિશનર પીટર બકિંગહામ(Peter Beckingham)નાં ધર્મ-પત્ની જીલ બકિંગહામ (Jill Beckingham) આજે બોચાસણ મંદિરે દર્શન કરીને સ્વામીશ્રીનાં દૂરથી દર્શન કરવા માટે આવ્યાં હતાં. ખાસ કરીને ડેપ્યુટી હાઈ-કમિશનરનાં પત્ની ગાંધીજીના દાંડીમાર્ગ ઉપર સત્તર દિવસ સુધી પદયાત્રા કરવાનાં હતાં અને હાઈ-કમિશનરનાં પત્ની ત્રણ દિવસ તેઓને સાથ આપવાનાં હતાં. ખાસ કરીને ગરીબ બાળકોને ભણાવવા માટેનું ફંડ ભેગું થાય એવો શુભ ઇરાદો તેઓનો હતો. તેઓ ડભાણમાં આપણા મંદિરે જ ઊતર્યાં હતાં. ગઈકાલે રાત્રે બોરસદમાં પણ આપણા મંદિરે જ ઊતર્યાં હતાં. પોતાની સાથેની હૉમ કેરેવાનમાં ઊતરતાં તેઓ આપણા મંદિરના પ્રાંગણનો ઉપયોગ કરતાં હતાં. સ્વામીશ્રી બોચાસણમાં વિરાજમાન છે એનો ખ્યાલ આવતાં, ખાસ દર્શનની ઇચ્છા સાથે જ તેઓ વહેલી સવારે અહીં આવી પહોંચ્યા હતાં.

પરવારીને સ્વામીશ્રી બહાર પધાર્યા ત્યારે થાળ-ભેટની ઑફિસ આગળ દૂર બેઠાં બેઠાં તેઓએ સ્વામીશ્રીનાં દર્શનનો લાભ લીધો. સંસ્થા તરફથી તેઓને ઠાકોરજીનો પ્રસાદીનો હાર પહેરાવી તેમનો સત્કાર પણ કરવામાં આવ્યો હતો. સ્વામીશ્રીનાં દૂરથી દર્શન કર્યા પછી તેઓ બોલી ઊઠ્યા કે 'I believe that the God is present in Swamiji.'

સ્વામીશ્રીનાં પ્રથમ દર્શનની આ અનુભૂતિ વ્યક્ત

કરી તેઓએ સાથેના કાર્યકરોને કહ્યું કે 'આ પ્રસાદીનો હાર મને આપ્યો છે એ પણ કાયમ હું સાચવી રાખીશ.'

•

તા. ૨૩-૧૧-૨૦૧૦, બોચાસણ

સ્વામીશ્રી એક મિટિંગમાં વ્યસ્ત હતા. મિટિંગ ભ્રમણના સમય સુધી પૂરી થઈ શકે એમ ન હતી અને છતાં સ્વામીશ્રીની ઇચ્છા એવી હતી કે આજે ભ્રમણ રદ કરીને પણ મિટિંગ પૂરી કરવી, કારણ કે સંલગ્ન સંતોને નીકળવાનું હતું. સ્વામીશ્રી એમની ચિંતા પહેલી કરતા હતા.

સમય થતાં યોગીચરણ સ્વામી અને ડૉ. નિકુલ સ્વામીશ્રી પાસે આવ્યા. સ્વામીશ્રીનું બી.પી. માપ્યું અને નાડી તપાસી તો તેમને યોગ્ય ન લાગ્યું. આ પરિસ્થિતિમાં ભ્રમણ તો શક્ય ન જ હતું, પણ મિટિંગ કરવી પણ શક્ય ન હતી, કારણ કે મિટિંગમાં નિર્ણયો આપવામાં માનસિક કસરત વધારે કરવી પડે. છતાં સ્વામીશ્રી કહે : 'અત્યારે મિટિંગ પતાવી દઈએ.'

યોગીચરણ સ્વામી કહે : 'અત્યારે તો આપને આરામની જરૂર છે.'

સ્વામીશ્રી કહે : 'પણ આ બધાને જવાનું છે એનું શું ? એટલે કામ પતાવી દઈએ.'

યોગીચરણ સ્વામીએ જનારા બધા સંતોને બોલાવ્યા કર્યા અને પૂછ્યું કે 'તમારે અત્યારે જ જવું છે ?'

બધા સંતો કહે : 'ના બાપા ! અમારે કોઈ ઉતાવળ નથી, અમે તો રોકાઈશું.' એટલે સ્વામીશ્રીએ સ્વીકાર્યું.

આવી શારીરિક પરિસ્થિતિમાં પણ સ્વામીશ્રી બીજાનો વિચાર પહેલાં કરે છે.

•

તા. ૨૪-૧૧-૨૦૧૦, બોચાસણ

સાઉથ આફ્રિકાથી એક મહિલા હરિભક્તનો પત્ર હતો. તેઓની બહેનપણીને થોડા વખતથી સ્વપ્ન આવે છે. તેઓ કહ્યા કરે છે કે '૨૩-૧-૨૦૧૫ના રોજ પોતે ધામમાં જવાનાં છે,' એવું સ્વપ્નમાં મહારાજ દર્શન આપીને કહે છે.

સ્વામીશ્રીએ આનો ઉત્તર આપતાં લખાવ્યું : 'ભગવાનના આશરે છીએ તો ભગવાનની ઇચ્છા હશે એમ થશે ! ભગવાનની ઇચ્છા એ આપણું પ્રારબ્ધ છે. તો ભગવાન રાખે ત્યાં સુધી ભજન-ભક્તિ કરતા રહેવું. સમજણ-નિષ્ઠા રાખવી તો ભગવાન ધામમાં લઈ જશે.'

•

તા. ૨૫-૧૧-૨૦૧૦, બોચાસણ

એક નાનો બાળક સ્વામીશ્રીની મુલાકાતમાં કહે : 'ભક્તિથી વિમુખ ન થઈએ એવા આશીર્વાદ આપો.'

ઑસ્ટ્રેલિયા રહેતા આ બાળકની આવી માગણી જોતાં સ્વામીશ્રી પ્રસન્નતાસભર મુખ સાથે હાથના આંગળાને 'સરસ'ની નિશાનીની જેમ ગોઠવીને કહે : 'બહુ જ સારું માગ્યું.'

•

તા. ૨૬-૧૧-૨૦૧૦, બોચાસણ

હૃદયની શસ્ત્રક્રિયામાં ભારતના સુવિખ્યાત ડૉક્ટર ભટ્ટાચાર્યની સુપુત્રીએ અમેરિકામાં એક સત્સંગી ડૉક્ટર સાથે લગ્ન કર્યાં છે. ડૉ. ભટ્ટાચાર્યના વેવાઈ રામભાઈ પંચાસરાનો હમણાં પાંસઠમો જન્મદિવસ આવતો હતો. એ નિમિત્તે યાદગાર સ્મૃતિ આપવાની ડૉ. ભટ્ટાચાર્યને ઇચ્છા હતી. સ્વામીશ્રીના આશીર્વાદપત્ર મળે એવી ઇચ્છા તેઓએ તીર્થસ્વરૂપ સ્વામીને દર્શાવી.

અત્યારે કાગળ લખવામાં આવ્યો. મેં સ્વામીશ્રીને એટલું કહ્યું કે આપના હસ્તાક્ષર 'તને-મને-ધને સુખિયા થાઓ' એટલું જ લખશો તોય વાંધો નથી. આ વાત બે-ત્રણ વખત મેં રિપીટ કરી, પરંતુ સ્વામીશ્રીએ લખ્યું : 'તને મને ધને સુખી થાવ, એવી ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના કરીએ છીએ.'

સ્વામીશ્રી હંમેશાં દાસ જ છે.

•

પત્રવાંચન ચાલુ થયું અને ત્યાં વૉકિંગ માટે ઊભા થવાનો સમય તો થઈ ચૂક્યો હતો, પરંતુ સેવક સંત હજી આવ્યા ન હતા, એટલે સ્વામીશ્રી તરત જ કહે : 'લાવો, બીજા કાગળ નથી ?'

ધર્મચરણ સ્વામી કહે : 'વૉકિંગમાં જવાનો ટાઇમ થઈ ગયો છે.'

સ્વામીશ્રી કહે : 'આવે ત્યાં સુધી એકાદ કાગળ વંચાઈ જશે, લાવો.'

પત્ર હતા છતાં સ્વામીશ્રીને વૉકિંગમાં જવામાં મોડું થાય એટલે તેઓએ 'હવે પત્રો વાંચવાના બાકી નથી' એમ કહ્યું. એટલે અડધી મિનિટ વિચાર કરીને બાજુમાં પડેલું સત્સંગ સામયિક સ્વામીશ્રી વાંચવા

લાગ્યા. થોડી વારમાં તો સેવક સંતો આવી ગયા.

સ્વામીશ્રી નિરંતર કર્મઠ છે.

•

તા. ૨૭-૧૧-૨૦૧૦, બોચાસણ

મુંબઈના સંનિષ્ઠ અને જૂના સત્સંગી દીલિપભાઈ ત્રિવેદી અહીં સ્વામીશ્રીનો લાભ લેવા માટે આવ્યા હતા. ખાસ કરીને તેઓ તરફથી ત્રણ દિવસની પારાયણ ચાલી રહી હતી અને આજે સવારે અચાનક ૫:૪૫ વાગે બરાબર બ્રાહ્મમુહૂર્તમાં મંગળા આરતીની પૂર્વે પ્રભાતિયાં ગવાઈ રહ્યાં હતાં, એ દરમ્યાન જ અક્ષરનિવાસી થયા. થોડી વારમાં જો કે ડૉક્ટર ન આવે ત્યાં સુધી આ નિર્ણય લેવો અશક્ય હતો અને મંગળા આરતી થઈ. એ દરમ્યાન સંતોને ખબર પડતાં યુવકોને મોકલ્યા ને બારણું ખોલ્યું તો તેઓનાં પત્ની મંગળા આરતી કરી રહ્યાં હતાં. સમજણ અને જ્ઞાન સાથેનો સત્સંગ અહીં જોઈ શકાતો હતો. બ્રાહ્મમુહૂર્તમાં સ્વામીશ્રીની પ્રત્યક્ષ સંનિધિમાં મંગળા આરતીના ટાણે અને એમાં પણ જ્યારે પોતાના તરફથી પારાયણ ચાલુ હોય ત્યારે કોઈ પણ પ્રકારની પીડા વગર ધામમાં જવું એ મંગળકારી ઘટના જ કહેવાય ને ! આજે અચાનક એવી એક ઘટના બની ગઈ.

સ્વામીશ્રીને જ્યારે ખબર પડી કે તેઓનાં પત્ની અને દીકરીઓને એવી જ ઇચ્છા છે કે 'અગ્નિસંસ્કાર પણ આ જ તીર્થમાં કરવા છે,' એટલે બધી જ પ્રકારની વ્યવસ્થાઓ કરી દેવાની સૂચના વેદજ્ઞ સ્વામીને આપી. સત્સંગીઓએ જ બધી જવાબદારીઓ ઉપાડી લીધી.

અનન્ય નિષ્ઠા, સુહૃદભાવ અને એક પરિવારનું અનેરું ઉદાહરણ સૌને નીરખવા મળ્યું.

•

તા. ૨૮-૧૧-૨૦૧૦, બોચાસણ

કેનેડાથી એક હરિભક્તનો ફોન હતો. તેઓનાં પત્નીને સ્વપ્નમાં સ્વામીશ્રીનાં દર્શન થયાં હતાં. સ્વામીશ્રીએ સ્વપ્નમાં થેપલાં બનાવવાનું કહ્યું અને સ્વપ્ન તૂટી ગયું, પણ સ્વપ્નની વાત યાદ રહી ગઈ. એટલે મનમાં દુઃખ રહી ગયું કે આજ્ઞા ન પાળી. એટલે પ્રાયશ્ચિત્તરૂપે એક ઉપવાસ પણ કરી લીધો, છતાં સ્વામીશ્રીને પ્રાયશ્ચિત્ત માટે એ હરિભક્તે તેઓના વતી ફોન કર્યો.

વિગત સાંભળીને સ્વામીશ્રી કહે : 'આ તો સ્વપ્નાની વાત છે. તમારામાં સેવા, નિષ્ઠા અને ભક્તિ છે, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ રાજી છે, તો મનમાં કાંઈ રાખવું નહીં. ભગવાન સારું કરશે ને સારું થશે, ચિંતા ન કરવી.'

•

ભોજન પછી અમેરિકાથી એક ફોન આવ્યો. એક મુમુક્ષુને પત્ની સાથે મતભેદ થયો હતો અને પરિણામે એ મુમુક્ષુ કોઈ અમેરિકન ધોળીને પરણવા માગતા હતા ને પત્ની સાથે છૂટાછેડા લેવા માગતા હતા. આ સંદર્ભમાં ત્યાં વિચરણ માટે ગયેલા સંતોએ પણ એ મુમુક્ષુને બોલાવીને બળની વાતો કરીને સમાધાન કર્યું હતું અને તેઓ અમેરિકન મહિલાને છોડી દેવા રાજી થયા હતા. આ સંદર્ભમાં એ મુમુક્ષુ સાથે ફોનમાં વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યું : 'કુટુંબમાં મતભેદ થયેલા છે એ વાત સાચી, પણ હવે સાથે રહીને સંપીને રહેજો. આગળ-પાછળનું ભૂલી જજો. તમારા બંનેનું જીવન સારી રીતે પસાર થાય અને શાંતિ રહે એ આશીર્વાદ છે. સમાધાન થયું છે તે કાયમ રહે એવું બળ રાખજો.'

એ મુમુક્ષુ પ્રાયશ્ચિત્તના ભાવ સાથે કહે : 'રાજી રહેજો.'

સ્વામીશ્રી કહે : 'અમારી આજ્ઞા પાળી છે તો ભગવાન રાજી થશે. મમત્વ મૂકી દીધું છે એ બહુ સારી વાત છે. ભગવાન આગળ મમત્વ મૂકવાનું છે.'

એ મુમુક્ષુ કહે : 'ભૂલચૂક થઈ હોય તો માફ કરજો.'

સ્વામીશ્રી કહે : 'તમે અમારા વચને બધું મૂકી દીધું છે, તો અમે રાજી છીએ.'

•

તા. ૩૦-૧૧-૨૦૧૦, બોચાસણ

આજની સવાર રોજની જેમ જ સામાન્ય હતી. ઠંડી પણ રોજના જેવી હતી. રોજની જેમ જ સ્વામીશ્રી સઘળે દર્શન કરીને સભાગૃહમાં પધાર્યા, પૂજામાં વિરાજ્યા, પરંતુ થોડી વારમાં સ્વામીશ્રીએ નિર્ભય-સ્વરૂપ સ્વામીને ઈશારો કરીને બોલાવ્યા અને કહ્યું : 'ઠંડી લાગે છે.' સ્વામીશ્રીને શાલ ઓઢાડવામાં આવી. જો કે શરીરમાં અંદરથી કસર હતી, એટલે નિર્ભય સ્વામી અને નારાયણચરણ સ્વામીએ ખૂણેખાંચરે ક્યાંયથી હવા ન પેસે એ રીતે શાલ ઓઢાડી. સ્વામીશ્રીને અચાનક ઠંડી ચડી હતી. જોકે પૂજાના

ક્રમમાં અથવા તો સમયમાં કોઈ ફરક પડ્યો નહીં. ફક્ત સંતોએ એટલું નોંધ્યું કે પૂજા દરમ્યાન માળાવાળો હાથ કંઈક ફંગોળાતો લાગતો હતો.

પૂજા પછી સ્વામીશ્રી ઉતારે પધાર્યા. ડૉ. નિકુલે સ્વામીશ્રીની નાડી માપી. નાડી રોજ કરતાં વધારે ગતિમાન હતી. ૧૦૦થી ૧૨૦ના આશરે નાડી ધબકતી હતી અને વળી, અંદરથી અનિયમિત પણ હતી. એને કારણે તાત્કાલિક ઈ.સી.જી. લેવાનો નિર્ણય કર્યો. યોગીચરણ સ્વામીએ ઈ.સી.જી. લેવાની વાત કરી અને તેઓ પૂર્વતૈયારી માટે શયનકક્ષમાં પધાર્યા. સ્વામીશ્રી પણ એ તરફ જઈ રહ્યા હતા, પરંતુ સ્વામીશ્રીએ અચાનક થોડાક મોટા અવાજે કહ્યું : 'યોગી ! થોડા હરિભક્તોને મળી લઈએ, પછી આ બધું કરીએ.'

જોકે આજે તો છેલ્લો દિવસ હતો, આજે આણંદ જવાનું હતું. છેલ્લા દિવસે મુલાકાતો હોતી નથી, છતાં લાઠીની જમીન માટે આવેલા હરિભક્તોને મળવાની સ્વામીશ્રીને ઇચ્છા હતી. એટલે થોડીક મુલાકાત ગોઠવી હતી.

યોગીચરણ સ્વામી કહે : 'પહેલાં ઈ.સી.જી. લઈ લઈએ અને પછી હરિભક્તોને મળીએ તો સારું.'

સ્વામીશ્રી કહે : 'મળતાં પાંચ જ મિનિટ થશે. આપણે પહેલાં મળી લઈએ તો...'

પરંતુ અત્યારની સ્વાસ્થ્યની પરિસ્થિતિમાં તો પહેલાં ઈ.સી.જી. થાય એ જ અગત્યનું હતું.

પોતાની માંદગીની પરવા કર્યા વગર સ્વામીશ્રી સંસ્થાનાં કાર્યો માટે અને હરિભક્તો માટે કેટલા તત્પર હોય છે, એનાં દર્શન આ પરિસ્થિતિમાં પણ થઈ શકતા હતા ! આમ જુઓ તો સ્વાસ્થ્યની સામે અત્યારે કોઈ મુલાકાત એટલી અગત્યની ન હતી, છતાં સ્વામીશ્રીની આ કેવળ કરુણા જ કહી શકાય.

•

સુરતથી આવેલા ડૉ. હર્ષદભાઈ જોષી સ્વામીશ્રીને તપાસવા માટે આવ્યા. સ્વામીશ્રીને છેલ્લા થોડાક દિવસથી ભૂમિભ્રમણ કરતી વખતે એક-બે રાઉન્ડ ભ્રમણ કર્યા પછી સાથળ અને થોડી વાર પછી કેડમાં પણ દુખાવો થતો હતો. એ સંદર્ભમાં તેઓએ સ્વામીશ્રીના પગની વિશેષ તપાસ કરી અને નિદાન કર્યું.

છેલ્લે ડૉક્ટર કહે : 'આવા બધા રોગ અમને ડૉક્ટરોને આપી દેવા. અમે જાતે જ નિદાન કરીને ગોળી લઈ લઈશું.'

સ્વામીશ્રી કહે : 'એવું શું કામ કરવું ?'

ડૉ. હર્ષદભાઈ જોષી કહે : 'આપને ક્યાં ભોગવવાનું છે ? બધું આપના જ હાથમાં છે ને !'

સ્વામીશ્રી કહે : 'આપના હાથમાં છે એટલે જ ભોગવીએ છીએ.'

સ્વામીશ્રી જાણે કહી રહ્યા હતા કે બધું હાથમાં છે એટલે જ બધાનું દુઃખ લઈને અમે ભોગવીએ છીએ. બધાનું દુઃખ અમે લઈ લઈએ છીએ.


•

ભોજન પૂરું થયું એટલે સ્વામીશ્રી કહે : 'લાવો, તમારા કાગળ હોય તો બે-ચાર લખી લઈએ, હજી ટાઈમ છે.'

ધર્મચરણ સ્વામી કહે : 'આજે આરામ કરી લો, તબિયત ઠીક નથી, તો પછી કાલે જોઈશું.'

સ્વામીશ્રી આ ઉંમરે પણ કેટલા નિયમિત અને કર્મઠ છે !! સેવામાં સ્વામીશ્રી સદાય કિશોર છે ! એમનામાં જરાય આળસ નથી. કોઈ પણ બહાના હેઠળ કામ અટકે એ એમને પાલવતું નથી. નાના-મોટા તમામે આ કર્મઠતા શીખવા જેવી છે.

પ્રસંગમ્




ડિસેમ્બર ૨૦૧૦

પ્રસંગમ્

જન્મજયંતી દિન

મુંબઈ, ૧૩-૧૨-૨૦૧૦



'દેશ-સમાજ-કુટુંબ માટે બલિદાન થાય છે, તેમ ભગવાન અને સંત માટે સમર્પણ થઈ જાય તો આત્માનો મોક્ષ થઈ જાય છે. દેહ ને દેહનાં સંબંધીમાં જેવું હેત છે, લાગણી ને મમતા છે, એવું જો ભગવાન-સંતને વિષે થાય તો પછી દેહની પરવા રહે નહીં. ગુણાતીત પુરુષોએ એ બધું કર્યું છે. એમણે આપણને સેવા સોંપી છે – અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન ને ઉપાસનાની પ્રવૃત્તિ થાય અને હજારો માણસો આનું ભજન કરતા થાય. આ એકલાનું કામ નથી. સર્વ મળીને કામ થાય છે. મહારાજ એવું બળ સર્વને આપે એ જ પ્રાર્થના.'

- પ્રમુખસ્વામી મહારાજ

તા. ૧-૧૨-૨૦૧૦, બોચાસણ

થોડા દિવસથી સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય શિથિલ હતું, એટલે પ્રાતઃપૂજા પણ રૂમમાં જ કરતા હતા અને વિશેષ કરીને રૂમમાં રહીને જ પત્રવાંચન વગેરે પ્રવૃત્તિઓ કરતા હતા.

આજે પણ ભોજન દરમ્યાન સ્વામીશ્રી ખીચડી અને દહીં જમ્યા, એ પણ રોજ કરતાં ઓછા પ્રમાણમાં. શરૂઆતમાં સ્વામીશ્રી રૂમમાં એકલા જ હતા. સ્વામીશ્રીએ ઇચ્છા દર્શાવી કે 'કોઈ ગ્રંથનું વાંચન થાય.' એટલે અખંડદર્શન સ્વામીને બોલાવ્યા. તેઓએ 'સ્વામિનારાયણ પ્રકાશ'નું વાંચન કર્યું. સ્વામીશ્રીનું ભોજન તો ઝડપથી પૂરું થઈ ગયું, પરંતુ સ્વામીશ્રીની કથાની ભૂખ તો સંતોષાઈ નહીં એટલે વાંચન ચાલુ રાખવાની આજ્ઞા કરી. લગભગ બે કલાક સુધી સળંગ સ્વામીશ્રીએ આ રીતે 'સ્વામિનારાયણ પ્રકાશ'નું શ્રવણ કર્યું. સ્વામીશ્રીને કથાવાર્તામાં ક્યારેય તૃપ્તિ થઈ નથી.

•

તા. ૨-૧૨-૨૦૧૦, બોચાસણ

થોડા દિવસ પહેલાં સ્વામીશ્રી પૂજામાં હતા. પૂજા દરમ્યાન સ્વામીશ્રીને ઠંડી જેવું લાગતું હતું. ચાલુ પૂજામાં નિર્ભયસ્વરૂપ સ્વામી તથા નારાયણચરણ સ્વામીએ સ્વામીશ્રીને લગભગ એમ કહી શકાય કે ધાબળામાં ઢબોરી દીધા, છતાં ગૌમુખીમાં હાથ રાખીને માળા ફેરવી રહેલા સ્વામીશ્રીના હાથમાંથી માળા વારે વારે છટકી જતી હોય એવું લાગતું હતું. એ વખતે સ્વામીશ્રીએ કોઈ જ ફરિયાદ કરી ન હતી, ફક્ત 'ઠંડી લાગે છે' એટલી જ ફરિયાદ કરી હતી. આ વાતને થોડા દિવસો વીતી ગયા.

ગઈકાલે રાત્રે વધુ પૂછપરછ કરતાં સ્વામીશ્રીએ હકીકતમાં જે હતું એ કહ્યું કે 'એ દિવસે મને છાતીમાં સખત દુખતું હતું.'

'એ દુખાવો કેવો હતો ?' યોગીચરણ સ્વામીએ પૂછ્યું, ત્યારે જ સ્વામીશ્રી બોલ્યા : 'સહન ન થાય એવો.'

આ સાંભળતાં જ યોગીચરણ સ્વામીએ તરત જ કહ્યું કે 'આવું કાંઈ પણ હોય તો પહેલાં તરત કહી દેવું. આ ઉંમરે નાનો-મોટો કોઈ પણ દુખાવો છુપાવવો જોઈએ નહીં.'

સ્વામીશ્રી કહે : 'મને તો એમ કે ઠંડી લાગે છે એટલે એનું કાંઈ હશે !'

જોકે આ દુખાવો તો જુદો તો હતો જ, કારણ કે એ દિવસે સ્વામીશ્રીના સ્વાસ્થ્યનાં જે કોઈ શારીરિક પરીક્ષણો થયાં હતાં એ બધાંનો તાળો મેળવતાં અત્યારે સૌને એમ લાગતું હતું કે આ દુખાવાને સામાન્ય રીતે ન લેવાય. એટલે જ રાત્રે યોગીચરણ સ્વામીએ ડૉ. કિરણભાઈ દોશી સાથે વિમર્શ કરી લીધો. આજે સવારે તેઓ આવી પણ પહોંચ્યા.

•

સ્વામીશ્રીના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને હરિભક્તો સાથેની મુલાકાતો અને જાહેર કાર્યક્રમો બંધ રાખવામાં આવ્યાં હતાં. જોકે ઠાકોરજીનાં દર્શન કરવા જતી વખતે સ્વામીશ્રી દરેક હરિભક્તને દૃષ્ટિથી મળી લેતા હતા. એ દરમ્યાન જ સ્વામીશ્રીએ જોઈ લીધું હશે કે ડલાસથી વિનુભાઈ આવેલા છે. સ્વામીશ્રીના મનમાં તેઓને મળવાની ઇચ્છા ખૂબ હતી. એટલે આજે ભોજન પછી ધર્મચરણ સ્વામીને કહે : 'પેલા ડલાસવાળા અમેરિકાથી આવ્યા છે વિનુભાઈ, એમને મળવાનું રહી જાય છે.'

ધર્મચરણ સ્વામી કહે : 'હજી એ રોકાવાના છે, મુલાકાતો ચાલુ થશે ત્યારે મળી લેવાશે.'

માંદગીની વચ્ચે પણ સ્વામીશ્રીની ક્રિયાશીલતામાં કોઈ જ ફર્ક પડતો નથી.

•

ડૉ. કિરણભાઈ દોશીએ સ્વામીશ્રીને તપાસ્યા. સ્વામીશ્રીએ એ દિવસે કઈ રીતે ઠંડી લાગી અને છાતીમાં ક્યાં દુખાવો થયો એની સવિસ્તર વાત કરી. ડૉ. કિરણભાઈએ ફેરવી ફેરવીને ઘણા પ્રશ્નો પૂછ્યા. ખાસ કરીને, 'છાતીમાં જે દુખાવો હતો એ ટાંકણીની જેમ ભોંકાતો હતો ? કે છાતી ભારે હોય એવું લાગતું હતું ?' એ પૂછ્યું ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'છાતી ભારે લાગતી હતી.'

ડૉ. કિરણભાઈ કહે : 'આવું કંઈ હોય તો આપે તરત જ કહી દેવું.'

સ્વામીશ્રી કહે : 'પણ મને એવો અણસાર જ ન હતો, મને તો એમ કે ઠંડી લાગે છે એને લીધે છાતીમાં દુખે છે.'

યોગીચરણ સ્વામી કહે : 'ઠંડી વખતે આવું ક્યારેય પહેલાં થયું હતું.'

સ્વામીશ્રી કહે : 'ના. આ પહેલી જ વખત થયું.'

આ રીતે સ્વાસ્થ્યનું પરીક્ષણ થયું. સૌને આશંકા એ હતી કે 'આ હૃદયનો અનસ્ટેબલ એન્જાઈના કહી શકાય. એટલે અહીંથી પરીક્ષણ માટે વિશેષ ક્યાંક જવું જોઈએ.'

સાંજે લગભગ ૫:૩૦ વાગે વિખ્યાત કાર્ડિયોલોજિસ્ટ ડૉ. અશ્વિનભાઈ મહેતાનો મુંબઈથી ફોન આવ્યો. તેઓ સ્વામીશ્રીને કહે : 'કિરણભાઈએ મને બધી વાત કરી છે ને બધું વર્ણન કર્યું છે, એ જોતાં એમ લાગે છે કે આપ ચોથી તારીખે મુંબઈ આવી જાવ. સાંજે જ હું આપને તપાસી લઈશ. આમ તો કોઈ ચિંતાનું કારણ લાગતું નથી, પણ બાયપાસ થયા પછી અત્યાર સુધી આવું પેઈન થયું નથી ને હવે થયું છે, તો મારી ખાસ ભલામણ છે કે આવો.'

સ્વામીશ્રી મૌન રહ્યા એટલે તેઓએ રિપીટ કરતાં કહ્યું : 'આવશો ને ? આપણે તો અત્યારે આને જ પ્રાયોરિટી આપવી પડશે.'

સ્વામીશ્રી હળવા અવાજે એટલું બોલ્યા : 'જોઈ લઈએ.'

વળી, ડૉ. કિરણભાઈ દોશી સ્વામીશ્રીને કહે : 'બાર વર્ષમાં આટલું આપને ક્યારેય દુખ્યું નથી, એટલે જ અત્યારે એમ થાય છે કે વિશેષ પરીક્ષણ થઈ જવું જોઈએ. દુખાવો થયો એ ભલે એક વખત થયા પછી હજી હવે ફરીથી થતો નથી, પરંતુ એ એક પ્રકારની ચેતવણી તો કહી શકાય. એટલે જ તપાસ કરવી જોઈએ કે આ શાનાથી થયું છે ને વધારે કંઈ નુકસાન તો થયું નથી ને ? એ જોવું જોઈએ.'

વળી તેઓ કહે : 'વૃદ્ધ ઉંમરે અમારે ત્યાં આ પ્રકારનું કાંઈક થાય, તો અમે એમને સંપૂર્ણ બેડરેસ્ટ કરાવીએ. વળી, આપને એ વખતે વિશેષ કોઈ પ્રવૃત્તિ હતી નહીં. પૂજામાં જ બેઠા હતા, એટલે કે આરામની સ્થિતિમાં આવું કંઈક થયું એટલે વિશેષ તપાસ કરાવી લેવી જોઈએ.'

આટલું કહ્યા પછી સ્વામીશ્રીને મુંબઈ લઈ જવા જોઈએ, એ બાબતમાં થોડીક વાત સ્વામીશ્રીને કરી. જો કે સ્વામીશ્રીએ કોઈ અભિપ્રાય આપ્યો નહીં, કેવળ મૌન રહ્યા.

•

સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય ભલે નાદુરસ્ત હતું, પરંતુ ભાવનાથી તેઓની પ્રવૃત્તિમાં કોઈ ફરક પડ્યો ન હતો. રૂમમાં પણ હરિભક્તોનાં સુખ-દુઃખ સાથે સ્વામીશ્રી હંમેશાં સંકળાયેલા રહેતા. દિવસનો મોટો ભાગ હરિભક્તોના આવેલા પત્રોને વાંચવામાં અને માર્ગદર્શન આપવામાં વીતતો હતો.

આજે પણ પત્રવાંચન દરમ્યાન એક વિદ્યાર્થીનો પત્ર હતો, નિષ્કપટભાવે એણે ભૂલ જણાવી હતી.

સ્વામીશ્રીએ લખાવ્યું : 'ભૂલો થઈ છે તે જાણે છે તો તારે જે અભ્યાસ કરવો છે એમાં ખલેલ ન પહોંચવી જોઈએ. કદી ખોટું કરવું નહીં. પ્રતિજ્ઞા કરજે કે એ કુસંગ છોડવો છે. એ માટે મહારાજને પ્રાર્થના કરજે, બળ મળશે.'

•

પરદેશથી એક યુવકનો ફોન આવ્યો. માયામાં તણાઈ જઈને ખરાબ કામ કર્યાં હતાં એની એના અંતરમાં બળતરા હતી અને પ્રાયશ્ચિત્ત માગ્યું હતું.

સ્વામીશ્રીએ લખાવ્યું : 'ભૂલ સમજાઈ છે, તો ફરી હવે ભૂલ થવી ન જોઈએ એવી દૃઢતા રાખીને સત્સંગના નિયમ પાળજો. પાંચ માળા કરવી ને પાંચ જનમંગલના

પાઠ કરવા.'

•

એક કિશોરનો પત્ર હતો. પેન ખરીદવા માટે ઘરમાંથી ચોરી કરી હતી. ઘડિયાળ ખરીદવા માટે પણ ઘરમાંથી પૈસાની ચોરી કરી. આમ, ચોરીની ટેવ પડી ગઈ, પરંતુ એક વખત ચોરી કરતાં પિતાશ્રીના હાથે પકડાઈ ગયો. આ સંદર્ભમાં પત્રમાં એણે લખ્યું : 'મારા સ્વભાવને કારણે આ ટેવ પડી છે, તો હવે આપની આગળ નિયમ લઉં છું કે ક્યારેય ચોરી નહીં કરું.'

સ્વામીશ્રી કહે : 'ઘરે કે બહાર કોઈ જગ્યાએ ચોરી ન કરવી. એ માટે દૃઢતા રાખજો. ચોરી ન થાય એ જ મોટું પ્રાયશ્ચિત્ત છે.'

•

તા. ૩-૧૨-૨૦૧૦, બોચાસણ

૧૯૮૩માં સ્વામીશ્રીને હૃદયરોગનો હુમલો આવ્યો એ વખતે વડોદરાના વિખ્યાત કાર્ડિયોલોજિસ્ટ ડૉ. બી. આર. પટેલે સ્વામીશ્રીની ટ્રીટમેન્ટ કરી હતી. તેઓને સ્વામીશ્રીના સ્વાસ્થ્યનો ખ્યાલ આવતાં આજે ખાસ વડોદરાથી તબિયતના સમાચાર પૂછવા આવ્યા હતા. તેઓએ સ્વામીશ્રીને સ્વાસ્થ્ય સંબંધી પૂછ્યું. એટલે જે કંઈ ઘટના ઘટી હતી એની વિગતે વાત સ્વામીશ્રીએ કરી. છેલ્લે બધાં લક્ષણોની વાત સાંભળીને ડૉ. બી. આર. પટેલ કહે : 'જ્યારે આવું હોય ત્યારે અમે અમારા દર્દીને બે-ત્રણ અઠવાડિયાં માટે સંપૂર્ણ આરામ કરાવીએ છીએ. વિશેષ કોઈ શારીરિક શ્રમ હતો નહીં કે વિશેષ ઠંડી પણ હતી નહીં, છતાં આ દુખાવો થયો એટલે તપાસ કરી લેવી સારી.' તેઓનો પણ આ મત પડ્યો.

•

સારંગપુરથી આરુણિ ભગતનો ફોન આવ્યો. તેઓ કહે : 'આપની તબિયત સાચવજો.'

સ્વામીશ્રી કહે : 'દુનિયામાં શરીર તો બધાનાં બગડતાં હોય છે. ભગવાન રાખે તેમ રહેવાનું છે. ભજન-ભક્તિ-સેવા થાય છે, એટલું કરવાનું છે.'

આરુણિ ભગત કહે : 'મુંબઈ જાવ છો તો આપનું સ્વાસ્થ્ય સારું રહે, એના માટે અહીં હરિકૃષ્ણ મહારાજને પ્રાર્થના કરીશું.'

સ્વામીશ્રી કહે : 'બધા સંતો-હરિભક્તો દેશ-પરદેશમાં પ્રાર્થના કરે છે એનું જ આ ફળ છે અને શરીર ચાલે છે. બધાં સંતો-હરિભક્તો-યુવકો-મહિલાઓ વ્રત-તપ-માળા કરે છે એને લઈને શરીર સારું રહે છે.'

આરુણિ ભગત આગળ કંઈ બોલ્યા નહીં, એટલે સ્વામીશ્રી કહે : 'જો, આપણે તો જીવમાં ભગવાન અને સંત છે. દુઃખ કરે કાંઈ થતું નથી. મહારાજ પણ માંદા પડેલા. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ બધા માંદા પડેલા. એમની લીલા ચાલતી હોય એ આપણા સુખને માટે છે.'

•

તા. ૪-૧૨-૨૦૧૦, બોચાસણ

સવારે સ્વામીશ્રી ઠાકોરજીનાં દર્શન કરવા માટે પધાર્યા. દર્શન કરીને પ્રદક્ષિણામાં આવેલી ભગતજી મહારાજની દેરીએ પધાર્યા. એ દરમ્યાન આણંદના અરુણભાઈ પટેલના સુપુત્ર જયેન્દ્રભાઈના પુત્ર અખંડને સ્વામીશ્રીએ દૂરથી જોઈ લીધો હતો. અખંડને એક આંખે દેખાતું ન હતું, એ વાત ગઈકાલે રાત્રે સ્વામીશ્રીને કરવામાં આવી હતી. એટલે તરત જ કહે : 'પેલા છોકરાને અહીં લાવો.'

અખંડને સ્વામીશ્રી સમક્ષ લાવવામાં આવ્યો. સ્વામીશ્રીએ એની આંખે હાથ ફેરવીને કહ્યું : 'ડૉક્ટર કહે એ પ્રમાણે કસરત કર્યા કરજે, સારું થઈ જશે અને રોજ માળા કરજે, પ્રાર્થના કરજે.'

સ્વામીશ્રીએ એક નાના બાળકની પણ મુશ્કેલીઓ યાદ રાખીને કેવી ચિંતા કરી !

•

ડૉક્ટરોના અભિપ્રાય પ્રમાણે સ્વાસ્થ્ય પરીક્ષણ માટે જ સ્વામીશ્રી મુંબઈ પધારી રહ્યા હતા. પૂર્વ યોજિત કાર્યક્રમ અનુસાર આમ તો અત્યારે આણંદ મંદિરનો દશાબ્દી મહોત્સવ ચાલી રહ્યો હતો અને એમાં લગભગ ૧૩ દિવસ સુધી સ્વામીશ્રી આણંદમાં રોકાવાના હતા, પરંતુ હવે મુંબઈ જવાનું થતાં આણંદના સંતો અહીં સ્વામીશ્રીનાં દર્શને પધાર્યા હતા.

ભોજન દરમ્યાન સર્વમંગલ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'અહીં મુંડન વખતે આણંદ દશાબ્દી ઉત્સવની જે મેં વાત કરી હતી ત્યારે એ સાંભળીને આપ બોલ્યા હતા કે દશાબ્દી ઉત્સવ ઊજવાઈ ગયો ! એ વખતે ખબર ન હતી કે આપ આર્ષ વાણી બોલી રહ્યા છો.'

•

તા. ૪-૧૨-૨૦૧૦, વડોદરા - મુંબઈ

બોચાસણથી વડોદરા જઈને અહીંથી વિમાન દ્વારા સ્વામીશ્રી મુંબઈ પધારવાના હતા. ૪:૫૦ વાગે વડોદરા હરણી ઍરપોર્ટ આવી ગયું. સમગ્ર વડોદરા સત્સંગ મંડળ સ્વામીશ્રીના પસાર થતાં દર્શન કરવા માટે ઊમટ્યું હતું. સ્વામીશ્રીની ગાડીને પરમિશન આપવામાં આવી હતી. ઍરપોર્ટના ઉચ્ચ અધિકારીઓએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું અને ગાડીને ઠેઠ વિમાન સુધી લઈ જવામાં આવી.

અંદર સઘળી તૈયારીઓ થઈ ગઈ ત્યારપછી સ્વામીશ્રી વિમાનમાં પધાર્યા. સ્વામીશ્રીની સાથે વિવેકસાગર સ્વામી, યોગીચરણ સ્વામી, કૃષ્ણવલ્લભ સ્વામી, નારાયણચરણ સ્વામી, નિર્ભયસ્વરૂપ સ્વામી અને હું હતા અને ડૉ. કિરણભાઈ દોશી પણ સાથે જ હતા. નિયત કરેલા સમય મુજબ જ ૫:૧૦ વાગે વિમાને મુંબઈ તરફ ગતિ સાધી. આમ તો બધું જ સમુસૂતરું ઊતરે તો ૩૪ મિનિટમાં જ મુંબઈ આવી જવાનું હતું. સ્વામીશ્રી સ્વાસ્થ્યના પરીક્ષણ માટે પધારી રહ્યા હતા, પરંતુ એટલા બધા હળવાશભર્યા મૂડમાં હતા અને નાની નાની બાબતોમાં પણ એટલું હસતા કે સાથેના કોઈને પણ સ્વાસ્થ્યની ગંભીરતા રહે નહીં.

થોડી વારમાં ડૉ. કિરણભાઈ દોશીએ સ્વામીશ્રીની નાડી તપાસી. નાડી વ્યવસ્થિત ચાલતી હતી. હળવા મૂડમાં સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'હમણાં નાડી જોઈ. આપણને તો ખબરેય ન પડે. ડૉક્ટર કહે કે આ તો હૃદયનું છે ત્યારે ખબર પડે, બાકી કશું ખબર ન પડે, દુનિયામાં કેટલાય લોકોને હાલ્યું જતું હશે ! ડૉક્ટર ઊંચું-નીચું ઊંચું-નીચું કર્યા કરે.'

આ સાંભળીને સંતો કહે : 'આપ તો સમગ્ર સત્સંગના પ્રાણ છો. એટલે આપને થોડું પણ હોય તો પણ આખા સત્સંગને અસર કરે.'

આ રીતે હળવી વાતો ચાલતી હતી. સૌને મનમાં એમ હતું કે 'હમણાં મુંબઈ આવશે,' પરંતુ મુંબઈની ઍરસ્ટ્રીપ બીઝી હતી. એટલે મુંબઈની આજુબાજુ વિમાનને ચક્કર મારવા પડ્યા. વિમાનના સ્ક્રીન ઉપર કેટલાય વખત સુધી મુંબઈ પહોંચવા માટે ૨૭ મિનિટ લાગશે, એવું ડિસપ્લે થતું હતું. બહુ બહુ તો ૨૩-૨૪ મિનિટ સુધી આવે અને વળી પાછું ૨૭ મિનિટ ઉપર જતું રહે. એટલે જાણે એમ જ લાગે કે હજી વડોદરાથી થોડેક જ દૂર પહોંચ્યા છીએ. ઘટ્ટ વાદળોની ચાદરમાં સરકતા હોઈએ એવું અદ્‌ભુત દૃશ્ય લાગતું હતું. સૂર્ય પણ ઢળવાની તૈયારીમાં હતો અને એને કારણે ક્ષિતિજ ઉપર વાદળોની કિનાર ઉપર સર્જાતી સોનેરી રેખાઓ અત્યંત મનમોહક લાગતી હતી. સ્વામીશ્રીએ પણ આ કિનાર ઉપર દૃષ્ટિ કરી. રૂપેરી કિનારની તો કહેવત છે, પણ આ તો જાણે સોનું વરસતું હોય એવું અદ્‌ભુત દૃશ્ય લાગી રહ્યું હતું !

વિમાને લગભગ અડધો કલાક સુધી તો મુંબઈની આજુબાજુ ચક્કર માર્યા હશે અને એટલે જ વારે વારે સ્વામીશ્રી સ્ક્રીન ઉપર જોતા હતા. લેન્ડિંગ માટેની પરમિશન મળે એનો સ્વામીશ્રીને મન એક જ ઉપાય હતો – ધૂન. અને એટલે જ હરિકૃષ્ણ મહારાજની સામે જોઈને સ્વામીશ્રીએ ધૂન શરૂ કરી અને જાણે ચમત્કાર સર્જાયો હોય એમ વિમાને નીચે ઊતરવાની શરૂઆત કરી. વિમાને ઍરસ્ટ્રીપને સ્પર્શ કર્યો ત્યારે જ સ્વામીશ્રીએ ધૂન પૂરી કરી.

૬:૩૦ વાગ્યા હતા. અંધારું ઢળી ચૂક્યું હતું. વિમાન ઊભું રહ્યું. ફોર્કલિફ્ટ દ્વારા સ્વામીશ્રી નીચે ઊતર્યા અને ગાડીમાં વિરાજ્યા. પછી કોઠારી સ્વામીએ પુષ્પગુચ્છ આપીને સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. ઍરપોર્ટના અધિકારીઓએ પણ સ્વામીશ્રીના આશીર્વાદ મેળવ્યા અને ત્યારપછી ગાડી ઍરપોર્ટમાંથી બહાર નીકળી. અહીં એસ્કોર્ટના યુવકોએ સાંજના ભરચક ટ્રાફિકમાં ખૂબ ઝડપથી સ્વામીશ્રીને દાદર લાવવામાં સુંદર સેવા કરી.

•

તા. ૦૪-૧૨-૨૦૧૦, મુંબઈ

મુંબઈ પધાર્યા પછી સ્વામીશ્રી પહેલી વખત નવા બંધાયેલા ઉતારામાં પધારી રહ્યા હતા. તેરમે માળે સ્વામીશ્રીનો ઉતારો હતો.

રાત્રે ૯:૪૦ વાગે વિખ્યાત કાર્ડિયોલોજિસ્ટ ડૉ. અશ્વિનભાઈ બી. મહેતા સ્વામીશ્રીને તપાસવા માટે આવ્યા. તેઓ કોલકાતા હતા અને સ્વામીશ્રીને તપાસવા માટે જ વહેલી ફ્લાઇટ લઈને આવ્યા હતા. આજે તેઓને ઝાડા જેવું હતું, છતાં ન ગણકારીને ખાસ સ્વામીશ્રી માટે જ તેઓ આવ્યા હતા. સ્વામીશ્રી પાસેથી

આખો ઘટનાક્રમ સાંભળ્યા પછી સ્વામીશ્રીને પલંગ ઉપર સુવડાવવામાં આવ્યા અને સુવડાવીને બધી જ તપાસ કરીને બહાર પધારીને થોડોક વિમર્શ કર્યા પછી પુનઃ તેઓ સ્વામીશ્રી પાસે આવ્યા ને સ્વામીશ્રીને કહે : 'ચિંતાજનક કશું નથી. કાલે થોડાક ટેસ્ટ કરી લઈશું, પછી ખબર પડશે કે આગળ શું કરવું છે. અત્યારે ખાલી એક ગોળી બદલીશું એટલે વાંધો નહીં આવે.'

સ્વામીશ્રી થોડાક આર્દ્રભાવે કહે : 'તમને વારે વારે હેરાન કરીએ છીએ.'

આ સાંભળતાં જ અશ્વિનભાઈ એકદમ ગળગળા થઈ ગયા અને કહે : 'બાપા ! એમાં હેરાન કરવાની વાત જ ક્યાં છે ? આ તો અમારી ફરજ છે. અને અમને આપ સેવા આપો છો.'

તેઓ આગળ કંઈ બોલી ન શક્યા. બહાર નીકળ્યા પછી યોગીચરણ સ્વામીને કહે : 'બાપા બાળક જેવા નિર્દોષ છે.'

•

તા. ૫-૧૨-૨૦૧૦, મુંબઈ

મુંબઈ ખાતેની આ પ્રથમ સવાર છે. આજે વળી રવિવાર છે. તેરમા માળથી બંને બાજુએ દરિયો સ્પષ્ટ દેખાય છે. જો કે વહેલી સવારના ધુમ્મસિયા વાતાવરણનો અવરોધ તો ખરો જ, પરંતુ જેમ જેમ સૂર્ય ચડતો જાય એમ એમ મુંબઈ ઉપરથી ધુમ્મસનો પડદો ઊઠતો જાય છે. અહીં સ્વામીશ્રીના સ્વાસ્થ્ય પરીક્ષણ ન થાય ત્યાં સુધી લગભગ બધા જ કાર્યક્રમ સ્થગિત કરી દેવામાં આવ્યા છે.

સ્વામીશ્રી ૮:૦૦ વાગે પરવાર્યા, રૂમની બહાર પધાર્યા. પૂર્વ દિશામાંથી આવતાં કોમળ કિરણોએ સ્વામીશ્રીના શ્રીઅંગ ઉપર સૌથી પહેલો અભિષેક કર્યો. સ્વામીશ્રી મોટી લિફ્ટ દ્વારા નીચે ગ્રાઉન્ડ ફ્લોર ઉપર મંદિરમાં ઠાકોરજીનાં દર્શન માટે પધાર્યા. સામેના અક્ષર ભુવનમાં સૌથી પહેલાં નીલકંઠ વર્ણીનાં અભિષેક-દર્શને પધાર્યા. અહીં બેઠેલા હરિભક્તો ઉપર દૃષ્ટિ કરીને સ્વામીશ્રી મંદિરના ઘુમ્મટવાળા ભાગ ઉપર પધાર્યા. અહીં પણ બેઠેલા તમામને શાંતિથી સ્વામીશ્રીના દર્શનનો લાભ મળ્યો. હનુમાનજી તથા ગણપતિજીનાં દર્શન કરીને સ્વામીશ્રી વ્હીલચૅરમાંથી ઊભા થયા. ઘનશ્યામ મહારાજનાં દર્શન કરી રહ્યા પછી સ્વામીશ્રીની નજર જમણી બાજુ બેઠેલા હરિભક્તો તરફ ગઈ. સ્વામીશ્રી એ તરફ ચાલવા લાગ્યા એટલે નારાયણચરણ સ્વામી કહે : 'ત્યાં એટલા જ હરિભક્તો બેઠા છે. અહીંથી આપનાં દર્શન થઈ ગયા.'

સ્વામીશ્રી કહે : 'મારે ત્યાં જવું છે.'

હરિભક્તો પ્રત્યે સ્વામીશ્રીનું આ ખેંચાણ એ તેઓની આત્મીયતા હતી, સૌને રાજી કરવાની વૃત્તિ હતી. જોકે સામે છેડે તેઓની અવસ્થા અને સ્વાસ્થ્યની મર્યાદા પણ હતી. એટલે જ છેલ્લે વ્હીલચૅરમાં વિરાજીને પણ સ્વામીશ્રી ત્યાં પધાર્યા અને નવા બુક-સ્ટોલ તરફ તથા પ્રદક્ષિણામાં બેઠેલા હરિભક્તોને દર્શન આપ્યાં ત્યારે જ તેઓને સંતોષ થયો.

સ્વામીશ્રી પ્રત્યેક પળે સૌને રાજી કરવા તત્પર હોય છે, કારણ કે તેઓ ભક્તવત્સલ છે.

•

અત્યારના સ્વામીશ્રીના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને સ્વામીશ્રીને સવારે ૧૦:૦૦ વાગે ઇન્જેક્શન આપવામાં આવે છે. અત્યારે સ્વામીશ્રીને ઇન્જેક્શન આપવા માટે ડૉ. કિરણભાઈ દોશી આવ્યા, ડૉ. નિકુલ પણ સાથે હતા. તેઓએ સ્વામીશ્રીનો હાથ પકડ્યો હતો. ડૉ. નિકુલ કહે : 'બાપા ! આ રીતે હાથ ઠેઠ સુધી પકડી રાખજો.'

સ્વામીશ્રી કહે : 'એ તો તારી શ્રદ્ધા ઉપર છે, મૂળ નિષ્ઠા ક્યારેય ફરવી જોઈએ નહીં.'

વળી, ડૉ. નિકુલ કહે : 'બાપા ! આપના સ્વાસ્થ્યમાં આવું કંઈક થાય ત્યારે કિરણભાઈને બહુ ચિંતા થાય છે.'

સ્વામીશ્રી કહે : 'એમાં ચિંતા શું કરવાની ? કાંઈ ન થાય, એ તો ભગવાનના ધામમાં બેસી જવાય.' સ્વામીશ્રી અત્યંત નિશ્ચિંતતાથી અલમસ્તાઈમાં બોલતા હતા. સ્વામીશ્રીની એ આત્મનિષ્ઠા હતી.

•

૧૧:૩૦ વાગે આરામમાં જવા ઊભા થવાનું હતું. ઘડિયાળ સામે જોયા પછી સ્વામીશ્રી કહે : 'આરામ શું કરવાનો ?' એમ કહીને હસી પડ્યા. સતત સેવામય કર્મઠતા જ સ્વામીશ્રીને મન સાજગી અને આરામ છે.

•

તા. ૬-૧૨-૨૦૧૦, મુંબઈ

૯:૦૦ વાગે સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા વિરાજ્યા.

એ દરમ્યાન સામે બેઠેલા યજ્ઞેશ્વર સ્વામીને કહે : 'કેમ છે ?'

યજ્ઞેશ્વર સ્વામી કહે : 'મારી તબિયત તો સારી છે, પણ આપની તબિયત સારી રાખજો.'

સ્વામીશ્રી તરત જ કહે : 'એ તો બધું ભગવાનના હાથમાં છે.'

યજ્ઞેશ્વર સ્વામી કહે : 'આપ જ સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ છો, બધું આપના જ હાથમાં છે. આપ ધારો એ થઈ શકે છે.'

આટલું કહીને તેઓએ એક પ્રસંગ કહેતાં કહ્યું કે ''આપ જ્યારે ભાદરા વિરાજમાન હતા ત્યારે અમારે ત્યાં સખત વાવાઝોડાની આગાહી હતી. આગલે દિવસે જ એટલો બધો પવન હતો કે તારાજી ખૂબ થાય એમ હતું. એ વખતે મેં આપને ફોન કર્યો, ત્યારે આપે એક જ વાક્ય કહ્યું, 'મહારાજને પ્રાર્થના કરીશું, બધું શમી જશે અને દરિયામાં જશે.' હકીકતે આપના આશીર્વાદ પછી હું બપોર પછી બહાર નજર કરવા ગયો તો એક પાંદડુંય હાલતું ન હતું. બીજે દિવસે પેપરમાં પણ આવ્યું કે miraculously વાવાઝોડું વૃષ્ટિમાં ફેરવાઈ ગયું છે.''

•

તા. ૭-૧૨-૨૦૧૦, મુંબઈ

પૂજા પછી રોજના ક્રમ પ્રમાણે સ્વામીશ્રી સૌને હાથ જોડીને 'જય સ્વામિનારાયણ' કહે છે. સૌથી પહેલાં હાથ જોડવાની પ્રક્રિયા ડાબી તરફથી શરૂ થાય છે. આજે એ તરફ કોઠારી સ્વામી ખુરશી ઉપર બેઠા હતા. જોકે કીર્તન ચાલુ હતું એટલે તેઓની દૃષ્ટિ કીર્તન ગાનાર સંત તરફ હતી. સ્વામીશ્રી હાથ જોડીને 'જય સ્વામિનારાયણ' કહી રહ્યા હતા, પરંતુ તેઓનું ધ્યાન ન હતું, એટલે સ્વામીશ્રીએ પણ એમની નજર ન પડે ત્યાં સુધી હાથ જોડી રાખ્યા. બેઠેલા સંતોએ જ્યારે કોઠારી સ્વામીને આ વાતનો નિર્દેશ કર્યો કે તરત જ તેઓએ સ્વામીશ્રીની સામે જોયું, એટલે સ્વામીશ્રીએ માથું નમાવીને 'જય સ્વામિનારાયણ' કહ્યા ને ત્યારપછી બધી દિશામાં 'જય સ્વામિનારાયણ' કહ્યા. સ્વામીશ્રીને મોટેરો સંતોનો કેટલો મહિમા છે !!!

•

કંપાલા-યુગાન્ડામાં સત્સંગની સુવર્ણ જયંતી મહોત્સવ ચાલી રહ્યો છે. આ નિમિત્તે સંસ્થાના વરિષ્ઠ સંતો ઉપરાંત ૪૦ સંતો અને અનેક હરિભક્તો ત્યાં પધાર્યા છે. આ બાબતની વાત નીકળતાં મેં કહ્યું : 'આજે જ કંપાલાથી હરીશભાઈ ભૂપતાણીનો ફોન હતો ને કહે છે કે ત્યાં ઉત્સવ જેવું વાતાવરણ છે. રોજ હજાર હરિભક્તો જમે છે.'

આ સાંભળીને સ્વામીશ્રી કહે : 'વાહ ! હજાર હરિભક્તો !'

વાતોમાંથી અમેરિકા જતાં ભારતીય યુવાનોની ચર્ચા થઈ એટલે શ્રીહરિ સ્વામી કહે : 'અત્યારે તો અમેરિકા જવા જેવું જ નથી. અમેરિકાની મંદી ખૂબ ભયંકર છે.'

મંદીની આવી વાતો સાંભળતાં વેંત સ્વામીશ્રી બોલ્યા : 'આપણે તો બધાનું સારું થાય એ પ્રાર્થના કરીએ. અમેરિકાનું પણ સારું થાય અને દુનિયાનું પણ સારું થાય.'

•

તા. ૮-૧૨-૨૦૧૦, મુંબઈ

સ્વામીશ્રી ભોજન કરી રહ્યા હતા. એ દરમ્યાન ડૉક્ટર સ્વામી આવ્યા. તેઓને જોતાં જ સ્વામીશ્રી કહે : 'તમે બહુ જ દાખડો કર્યો અને સાથે સાથે સેવાનું કાર્ય પણ બહુ કર્યું. સત્સંગની ખૂબ પુષ્ટિ કરી.'

આટલું કહીને વળી કહે : 'હવે અવસ્થા થઈ છે, એટલે શરીરનું થોડું સાચવવું. જેટલું છે એનું રક્ષણ થાય અને ડૉક્ટરોએ જે કહ્યું છે એ ડૉક્ટરોની આજ્ઞા પણ પાળવી. એક આંખે દેખાતું સાવ ઓછું થઈ ગયું છે તો હવે ધ્યાન રાખવું. સેવકનો હાથ પકડવો. આત્મબળ છે એટલે ઉત્સાહ રહે છે, પણ શરીરનું પણ ધ્યાન રાખવું.'

સેવામાં ગયેલા સેવક યોગવિજય સ્વામી કહે : 'રાત્રે સૂવે છે મોડા ને ઊઠે છે વહેલા. વળી, ઈલેક્ટ્રિસિટી બચે તે માટે બાથરૂમમાં જાય તોય ટોર્ચ લઈને જાય. આપ એમને કહો કે અત્યારે આંખમાં દેખાતું ઓછું થયું છે, તો લાઈટ ચાલુ કરે.'

સ્વામીશ્રી કહે : 'બરાબર છે. લાઈટ ચાલુ કરવી.'

આટલું કહીને નાના સંતો તરફ કહે : 'આપણે પણ આવું શીખવાનું છે. અત્યારે તો જરૂર વગર લોકો લાઈટ ચાલુ કરી દે છે. જરૂર હોય ત્યાં લાઈટ બાળવી બરાબર છે.'

વળી કહે : 'અવયવો શિથિલ થયા છે એટલે એને આધીન થઈને કરવું. હુંય ઘણો ઊંચો-નીચો થઈ જતો, પણ હવે એવી સ્થિતિ આવી છે એટલે આધાર લઈને કરું છું, એમ તમારે પણ કરવું.'

•

અમેરિકાથી પિનાકિનભાઈ પંડ્યાનો ફોન હતો. તેઓ સ્વામીશ્રીના આશીર્વાદ લઈને પછી કહે : 'આપને બહુ તકલીફ આપું છું, માફ કરજો.'

સ્વામીશ્રી કહે : 'તકલીફની વાત નથી. આપણે તો ઘરનો સંબંધ છે, કુટુંબભાવના છે. કાંઈ કામ હોય તો લખવું, પૂછવું. શાસ્ત્રીજી મહારાજ ને યોગીજી મહારાજના આશીર્વાદ આપના પિતાશ્રીને (પ્રભાશંકર પંડ્યાને) બહુ મળ્યા છે. એટલે મનમાં એવું રાખશો નહીં કે તકલીફ આપું છું.'

શાસ્ત્રીજી મહારાજના સંબંધમાં આવેલા પ્રભાશંકરભાઈ પંડ્યાના સુપુત્ર હોવાને નાતે સ્વામીશ્રી તેઓને પણ 'આપ'થી સંબોધન કરી રહ્યા હતા. સ્વામીશ્રીને સંબંધનો મહિમા કેટલો બધો છે !!

•

તા. ૧૧-૧૨-૨૦૧૦, મુંબઈ

લંડનના મુસ્લિમ ગુણભાવી અને ઉદ્યોગપતિ જી. કે. નૂનને પણ ફોન જોડ્યો. તેઓને લૉર્ડની પદવી મળી હતી. એ માટે સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા.

શ્રી નૂન કહે : 'આજે આપના આશીર્વાદ મળ્યા એ જ મારે મન લૉર્ડની પદવી મળી હોય એવું લાગે છે.'

•

તા. ૧૨-૧૨-૨૦૧૦, મુંબઈ

દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર ખન્ના સાહેબનાં ધર્મપત્ની ધામમાં ગયાં હતાં. આ સમાચાર આત્મસ્વરૂપ સ્વામીએ સ્વામીશ્રીને આપ્યા, એટલે સ્વામીશ્રીએ તેઓને ફોન જોડાવ્યો.

સ્વામીશ્રી તેઓને કહે : 'જય સ્વામિનારાયણ. હું પ્રમુખસ્વામી બોલું છું.'

ખન્ના સાહેબ કહે : 'आपके चरणों में नमस्कार।'

સ્વામીશ્રી કહે : 'આત્મસ્વરૂપ સ્વામીનો ફોન હતો. એમણે સમાચાર આપ્યા, આપનાં ધર્મપત્ની ધામમાં ગયાં છે, તો ઉસકી આયુષ્ય પૂરી હો ગઈ હોગી, ઈસલિએ ઐસા હુઆ હૈ. કુટુંબ મેં ઔર આપકો ભી શાંતિ મિલે ઐસા આશીર્વાદ હૈ.'

ખન્ના સાહેબ કહે : 'आपकी कृपा हमारे पर अच्छी है। हम ईश्वर की इच्छा और ईश्वर की खुशी में शिर झुकाते हैं।'

સ્વામીશ્રી કહે : 'ज्ञान है तो बहुत अच्छी बात है।'

ખન્ના સાહેબ કહે : 'मैं बताना चाहता हूँ कि उसके (पत्नी के) चहेरे पर जाते वक्त मैंने प्रकाश देखा। बड़ी कृपा ईश्वर की वो अपने साथ उनको ले गये।'

સ્વામીશ્રી કહે : 'अंतकाले भगवान ने प्रकाश दिखलाया और भगवान धाम में ले गये।'

•

છેલ્લા ચારેક દિવસથી સ્વામીશ્રી એક હરિભક્તના વ્યવહારની ચિંતા કરતા હતા. એક હરિભક્તની દીકરી લંડનમાં ભણી રહી છે. એનાં લગ્ન માટે સત્સંગી યુવક સાથે વાત ચાલતી હતી, પરંતુ વ્યાવહારિક રીતે દીકરી-પક્ષના વડીલોને કેટલીક સ્પષ્ટતા કરવાની જરૂર લાગી હતી. એ બાબતમાં બે દિવસથી તેઓ સ્વામીશ્રીના સંપર્કમાં હતા. આ જ સંદર્ભમાં સ્વામીશ્રીએ લંડન કોઠારી યોગવિવેક સ્વામીને બે-ત્રણ વખત ફોન કર્યા હતા, યુવકની બાબતમાં અભિપ્રાય મેળવ્યા હતા. બે દિવસ પહેલાં એ જ યુવક સ્વામીશ્રીનાં દર્શને અહીં આવ્યો, ત્યારે મેં સ્વામીશ્રીને નિર્દેશ કરીને કહ્યું કે 'પેલા હરિભક્તની દીકરી સાથેની વાત ચાલે છે એ જ આ યુવક છે.' એને જોઈને સ્વામીશ્રી કહે : 'હું ભોજન કરી લઉં પછી ફોનથી મને મળાવજો.' એ રીતે ફોન દ્વારા પણ સ્વામીશ્રીએ આ યુવક સાથે સાતેક મિનિટ સુધી વાત કરી હતી અને સ્વામીશ્રીને સંતોષ થતાં પુનઃ એ હરિભક્ત સાથે વાત કરીને લગ્નમાં આગળ વધવાની સંમતિ તો આપી, પરંતુ સાથે સાથે તેમને અહીં આવી જવા અને આ યુવકને મળવા માટે પણ વાત કરી.

આજે તેઓ પરિવારજનો સાથે અહીં આવ્યા હતા. સ્વામીશ્રીએ આપેલા માર્ગદર્શન મુજબ આ યુવક સાથે તેઓએ બેસી લીધું હતું. હવે સૌ સંમત હતા એટલે સ્વામીશ્રી સાથે વાત કરવા માગતા હતા. જોકે સ્વામીશ્રીના સ્વાસ્થ્યને લક્ષમાં રાખીને છેલ્લા કેટલાક દિવસોથી ડૉક્ટરોએ તેઓને વ્યક્તિગત રીતે મુલાકાતો ન આપવા માટે ખાસ વિનંતી કરી હતી. તે અનુસાર વ્યક્તિગત મુલાકાતો શક્ય ન હતી. સ્વામીશ્રીના

ઉતારાની બહારની અગાશીમાં સૌ બેઠા હતા. ધર્મચરણ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું કે 'દીકરી-પક્ષના સર્વે લોકોએ યુવક સાથે બેસી લીધું છે, હવે બધા બહાર બેઠા છે. આપ ફોનમાં વાત કરીને આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'એ બધાને અહીં બારણે ઊભા રાખજો, વારાફરતી વ્યક્તિગત મળી લે.'

ધર્મચરણ સ્વામી કહે : 'એ માટે મારે પૂછવું પડે. આપ ફોનમાં આશીર્વાદ આપી દ્યો.'

જોકે સ્વામીશ્રીએ આગ્રહ રાખ્યો છતાં, ફોનમાં તેઓને આશીર્વાદ આપ્યા.

થોડી વારમાં નારાયણચરણ સ્વામી આવ્યા. તેઓને પણ સ્વામીશ્રીએ પુનઃ એ જ વાત કરી અને એ હરિભક્તોને મળવા આગ્રહ કર્યો. અલબત્ત, એ શક્ય નહોતું. થોડી વાર પછી સ્વામીશ્રી કહે : 'યોગીચરણ આવ્યા ?' સ્વામીશ્રીના સ્વાસ્થ્યની સંભાળ રાખી રહેલા યોગીચરણ સ્વામીને આવતાં થોડી વાર લાગી. તેઓ આવ્યા ત્યારે સ્વામીશ્રીએ તેઓને પણ વાત કરી કે 'આ બધાનું સમર્પણ અને ભોગ કેવા છે !' સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને યોગીચરણ સ્વામીએ થોડીક વાત કરી, પરંતુ સ્વામીશ્રી થોડા વ્યાકુળ થઈ ગયા, એટલે સ્વામીશ્રીની રુચિ સમજીને સૌ કોઈ સંમત થયા.

બહાર જબરેશ્વર મહારાજને લાવવામાં આવ્યા. આસન ઉપર વિધિ માટેની સામગ્રી અને પ્રસાદ મૂકવામાં આવ્યો. લગભગ ૧૧:૧૫ વાગ્યા હતા. શયનકક્ષનું બારણું ખોલી દેવામાં આવ્યું હતું, સ્વામીશ્રી ત્યાં ઊભા. સ્વામીશ્રી વતી અભયસ્વરૂપ સ્વામીએ પ્રસાદીનું નાળિયેર બંને પક્ષને આપ્યું અને આ રીતે સ્વામીશ્રીએ જાતે વિધિ કરાવ્યો. પછી સ્વામીશ્રી બારણે ઊભાં ઊભાં જ કહે : 'આશીર્વાદ છે. બંનેને ગમ્યું છે અને બંને હવે આગળ વધવા માગો છો તો હવે બીજા કોઈ પ્રશ્ન આવવા જ ન જોઈએ. કાયમ માટેનું આ જોડાણ છે. સુખ-દુઃખ આવે તો પણ સાથે જ રહેવાનું અને મનદુઃખ તો થાય જ નહીં ને કદાચ થાય તો ભગવાનને યાદ કરવા. ભગવાનની દયાથી બાંધછોડ કરી નાખવી, એટલે શાંતિથી રહેવાય.'

સ્વામીશ્રીએ પોતાની ઉપસ્થિતિમાં પોતાના જ ઉમળકાથી આ વિધિ કરાવી અને સંબંધ જોડ્યો. ખાસ તો બારસાખની વચ્ચે ઊભા રહીને સ્વામીશ્રીએ કહ્યું કે પતિ-પત્ની વચ્ચે ક્યારેક મનદુઃખ થાય તો ભગવાનને સંભારવા. આ પરિવાર પર સ્વામીશ્રીની આજે અપાર કરુણા વરસી હતી, એટલે સ્વામીશ્રીના આશીર્વચનનો અર્થ એવો હતો કે આ દિવ્ય કરુણા કરનાર મૂર્તિને સંભારવી.

•

આજે સ્વામીશ્રીનું ભ્રમણ પુનઃ શરૂ થતું હતું. લગભગ ૩૦મી તારીખ પછી સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને ભ્રમણ બંધ કરાવવામાં આવ્યું હતું. આજે ડૉ. અશ્વિનભાઈ મહેતાની નજર હેઠળ આ વૉકિંગ શરૂ કરવાનું હતું, પરંતુ અશ્વિનભાઈનું સ્વાસ્થ્ય થોડુંક સારું ન હોવાથી ઉપસ્થિત રહી ન શક્યા, છતાં આજે સ્વામીશ્રીને ભ્રમણ કરાવવામાં આવ્યું. સૌથી પહેલાં પાંચ મિનિટ અને ત્યારપછી વિશ્રામ પછી સાતેક મિનિટનું ભ્રમણ થયું. પ્રમાણમાં સ્વાસ્થ્યની રીતે સઘળું સંતોષકારક હતું. સૌએ આનંદથી આ પ્રસંગને વધાવ્યો.

આરામમાં જવાનો સમય થયો ત્યારે બ્રહ્મવિહારી સ્વામી કહે : 'કાલે મળીએ.'

સ્વામીશ્રી કહે : 'કેમ કાલે ?'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'કાલે સારો દિવસ છે ને !' (સ્વામીશ્રીના જન્મદિવસના સંદર્ભમાં તેઓએ કહ્યું.)

સ્વામીશ્રી કહે : 'અમારે તો ટ્વેન્ટીફોર અવર સારા જ છે. ભગવાન મળ્યા અને સંત મળ્યા, એમનાં દર્શન થયાં એટલે સારા જ દિવસો છે.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'તો રાજી રહેજો.'

સ્વામીશ્રી કહે : 'રાજીપો આજે જ રાખવાનો ? આવતીકાલે નહીં ? પરમ દિવસે નહીં ? કાયમ નહીં ? રાજીપો તો કાયમનો રાખવાનો, ટ્વેન્ટીફોર અવર.'

સ્વામીશ્રીએ અદ્ભુત વાત કરી દીધી.

•

તા. ૧૩-૧૨-૨૦૧૦, મુંબઈ

અમેરિકાથી કનુભાઈ પટેલ(સી.ઈ.ઓ.)નો ફોન આવ્યો. આજે સ્વામીશ્રીના ૯૦મા જન્મદિવસે આશીર્વાદ માગવાની તેઓની ઇચ્છા હતી.

કનુભાઈ કહે : 'આજે આપનાં દર્શન થયાં (આસ્થા ચેનલ દ્વારા), પણ શરૂઆતમાં અવાજ બરાબર ન હતો, પણ દર્શન થયાં.'

સ્વામીશ્રી કહે : 'એમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ બધું જ આવી ગયું.'

•

આજના સ્વામીશ્રીના જન્મદિવસે સ્વામીશ્રી શું કરતા હતા ? સૌની ભાવના હતી કે આજે તો સ્વામીશ્રીને જે ગમતું હોય એ કરે, પરંતુ સ્વામીશ્રી તો સતત મિટિંગમાં વ્યસ્ત હતા. વળી, આજના જન્મ-દિવસની શુભેચ્છા પાઠવવા અને આશીર્વાદ મેળવવા માટે અનેક હરિભક્તોના દેશ-વિદેશથી ફોન આવતા હતા. ચાલુ મિટિંગે પણ સૌની ભાવનાને સ્વામીશ્રી સ્વીકારતા હતા. વળી, વચ્ચે કોઈક હરિભક્તોના જીવનના પ્રશ્નોમાં પણ ફોન દ્વારા આશીર્વાદ અને માર્ગદર્શન આપતા જતા હતા.

આ સંદર્ભમાં બ્રહ્મવિહારી સ્વામી કહે : 'આપનું તો વિશિષ્ટ વ્યક્તિત્વ છે. મિટિંગ પણ ચાલતી જાય અને વચ્ચે વચ્ચે ફોન પણ આવતા જાય, બધું જાહેર.'

સ્વામીશ્રી હળવાશથી તેઓના ફોનની સામે દૃષ્ટિ કરતાં કહે : 'આમાંથી પણ આવે જ છે ને !'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'કોઈ ઑફિસ નહીં, કબાટ નહીં, થેલો નહીં, 'આ કાગળ મારો છે ને રાખજે' – એવું અંગત કશું જ નહીં.'

સ્વામીશ્રી કહે : 'અમારું તો દેશી તંત્ર, આમ જ હાલવાનું. આમ ને આમ મહારાજની દયાથી આખી સંસ્થા વિકસી ગઈ.'

•

પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામનો જન્મદિવસની શુભેચ્છા માટે ફોન હતો.

કલામ સાહેબ કહે : 'નમસ્કાર ! આજે આપનો જન્મદિન છે, આપ ૯૦ વર્ષના થયા છો, તો હું આપને પ્રાર્થના કરું છું કે પૃથ્વી સૂર્યની ૧૦૦ પરિક્રમા પૂરી કરે ત્યાં સુધી, આપ ૧૦૦ વર્ષની ઉંમર સુધી આ પૃથ્વી પર રહો.'

સ્વામીશ્રી કહે : 'આપની ભાવના પણ સારી છે. આપનાથી કાર્ય સારાં થતાં રહે છે. એ ભગવાનને પ્રાર્થના છે.'

અબ્દુલ કલામ કહે : 'ભગવાન હંમેશાં આપનું સ્વાસ્થ્ય સારું રાખશે કારણ કે આપને કારણે લાખો લોકોનું જીવન સાર્થક બને છે. આપને કારણે અક્ષરધામમાં દરરોજ પ્રવેશતાં હજારો લોકો કેવાં સુખ અને સંતોષ અનુભવે છે !'

સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા. આરામમાં જવા માટે સમય થઈ ચૂક્યો હતો. સંતો આજુબાજુ ઊભા હતા. નારાયણચરણ સ્વામી સ્વામીશ્રીને ઊભા કરી રહ્યા હતા.

એ દરમ્યાન બ્રહ્મવિહારી સ્વામી કહે : 'અબ્દુલ કલામે જેમ વાત કરી કે સૂર્યની પ્રદક્ષિણા પૃથ્વી ફરે છે, એમ આજે અમે આપની પ્રદક્ષિણા ફરીએ.'

આ વાત સાંભળીને યોગીચરણ સ્વામી કહે : 'સ્વામીબાપાની પ્રદક્ષિણા કેવી રીતે થાય ?'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'કેમ ?'

યોગીચરણ સ્વામી કહે : 'એવો કોણ સમર્થ છે કે જે પ્રદક્ષિણા ફરી શકે ? અક્ષરધામ તો અધો-ઊર્ધ્વ પ્રમાણે રહિત છે.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'તોય ફરી લઈએ.'

આ સાંભળીને સ્વામીશ્રીએ યોગીચરણ સ્વામી તરફ નિર્દેશ કરીને કહ્યું : 'આણે કીધું નહીં, અક્ષરબ્રહ્મ પ્રમાણે રહિત છે, ચારે બાજુ છે.' એમ કહીને આંગળી વડે ચારે દિશામાં ફેરવવાની મુદ્રા કરવા લાગ્યા.

એ દરમ્યાન સ્વામીશ્રી ઊભા થઈ ચૂક્યા હતા.

યોગીચરણ સ્વામી કહે : 'ગણપતિએ જેમ શંકર-પાર્વતીની પ્રદક્ષિણા કરી એમ આપણે અહીં જ ફરી લઈએ.'

ઉપસ્થિત હતા એ તમામ સંતો સ્વામીશ્રીની પ્રદક્ષિણા કરવા લાગ્યા. સ્વામીશ્રી આનાકાની કરતા હતા. પ્રદક્ષિણાના વર્તુળમાંથી છટકવાનો પ્રયત્ન કરતા હતા. નારાયણચરણ સ્વામી સ્વામીશ્રીને વચ્ચે લઈ આવવાનો પ્રયત્ન કરતા હતા. પ્રદક્ષિણા શરૂ થઈ. કોઈએ એક તો કોઈએ દોઢ તો કોઈએ બે પ્રદક્ષિણા ફરી. સ્વામીશ્રી જોર કરીને આગળ વધતા રહ્યા. બારણું નજીક આવ્યું ત્યારે તો ધક્કો મારીને નજીક પહોંચવા જતાં એક તરફ નમી ગયા, પરંતુ આજે સૌને અલભ્ય લાભ મળી રહ્યો હતો. આ રીતે સૌએ સ્વામીશ્રીની પ્રદક્ષિણા કરવાનો લાભ લીધો.

•

માનવ અધિકાર પંચના સભ્ય અને પૂર્વ મુખ્ય ન્યાયાધીશ બી. સી. પટેલનો ફોન આવ્યો. બ્રહ્મવિહારી

સ્વામી કહે : 'આપની બીમારીના સમાચાર સાંભળ્યા ત્યારથી રોજ સવાર-સાંજ તેઓ પ્રાર્થના કરે છે.'

સ્વામીશ્રી કહે : 'આપની પ્રાર્થનાથી સારું છે. આપનો ભાવ છે તેથી ભગવાન સાંભળે છે. સત્સંગમાં પણ બાઈ-ભાઈ હરિભક્તો વ્રત, તપ, ઉપવાસ કરે છે.'

બી. સી. પટેલ સાહેબ કહે : 'બાપા ! બીજાનું હોય તો બીજાને ભલામણ કરાય, પણ આપના માટે તો ભગવાનને જ કહેવું પડે ને ! આપથી પર એક ભગવાન જ છે.'

•

અત્યારે કંપાલાથી સુવર્ણ જયંતી મહોત્સવની સભાના ઉપક્રમે ફોન આવ્યો. હરિભક્તોને આશીર્વાદ આપવાના હતા. ત્રણ વખત ફોન લગાડ્યા ને કટ થયા, વચ્ચે વચ્ચે મિટિંગમાં ગૅપ પડતી હતી. ચીવટ સ્વામીશ્રીનો ગુણ છે, એટલે સ્વામીશ્રી જિજ્ઞાસાથી પૂછતા હતા. એટલે બ્રહ્મવિહારી સ્વામી સ્વામીશ્રીને કહે : 'આપ રિલેક્સ રહો, આજે આપની જન્મ જયંતી છે.'

સ્વામીશ્રી કહે : 'આ તો યુરોપિયન ટાઈપની વાત કરે છે. આપણે તો બેઠા ત્યાં ભેગેભેગું પતાવી દઈએ, યુરોપિયન તો બેઠા હોય ને ટાઈમ પૂરો થાય એટલે જતો રહે. આપણે તો ભેગેભેગું પતાવી દઈએ, ભલે ગમે એટલું મોડું થાય. આમ ને આમ અને કામ ને કામ. આપણે તો કામ પતે એ જ રિલેક્સ.'

•

સ્વામીશ્રીના જન્મદિવસના સંદર્ભમાં નારાયણમુનિ સ્વામી કહે : 'આજે આપનો કોઈ સંકલ્પ હોય તો કહો.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'યોગીજી મહારાજે જેમ કહ્યું હતું કે પાંચસો વર્ષમાં આખી પૃથ્વી ઉપર બધા સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ..... ભજશે. દુનિયા સ્વામિનારાયણ થઈ જશે.'

સ્વામીશ્રી કહે : 'યોગીજી મહારાજ બોલી ગયા છે તો બીજાની વાત કરવાની ક્યાં જરૂર છે ?'

જ્ઞાનેશ્વર સ્વામી કહે : 'ગુણાતીતાનંદ સ્વામીએ વાત કરી કે પાંદડે પાંદડે સ્વામિનારાયણનું ભજન થશે.'

બ્રહ્મવિહારી સ્વામી કહે : 'આપ કંઈ નવું કહો.'

સ્વામીશ્રી કહે : 'વિશ્વાસ છે ને ! સ્વામીએ જ પાંદડે પાંદડે વાત કરી દીધી, તો હવે બીજાં પાંદડાં લાવવા ક્યાંથી ? આ તો બીજાં પાંદડાંની વાત કરે છે !'

સ્વામીશ્રીએ એક વાક્યમાં જ અદ્‌ભુત મર્મ કરી દીધો.

•

રાત્રે સ્વામીશ્રીએ ઠાકોરજી જમાડ્યા. ભોજન પછી મેં કિશોરભાઈ ભૂપતાણીએ લખેલો પત્ર વાંચ્યો. તેઓએ લખ્યું હતું : 'ગીતામાં માગશર મહિનાને પ્રભુની વિભૂતિ કહી છે અને ઋષિસંહિતા અનુસાર માગશર મહિનો એ દેવતાઓનો પ્રાતઃકાળ છે. ભગવાને અર્જુનને માગશર મહિનામાં ગીતા સંભળાવી, તેથી આ માસ 'ધનંજય માસ' તરીકે પણ ઓળખાય છે. ભારદ્વાજ-સંહિતામાં બ્રહ્મહંસ સંવાદમાં જણાવ્યા પ્રમાણે બ્રહ્મભોજનનું સવિશેષ મહત્ત્વ છે. માગશર માસમાં આવતી નોમ વૈષ્ણવ સંપ્રદાયમાં 'જલેબી નોમ' તરીકે ઓળખાય છે. ઠાકોરજી આ દિવસે જલેબી જમે છે, તો આપને નમ્ર વિનંતી છે કે નોમના દિને આપ અને સર્વ સાધુ જલેબી જમે અને તેની રસોઈની અમારી સેવા સ્વીકાર કરો અને આ બ્રહ્મભોજનનું પુણ્ય આપનાં ચરણોમાં અર્પીએ છીએ, જેથી આપનું સ્વાસ્થ્ય સદાય ગુલાબી રહે.'

સ્વામીશ્રીને આ વિનંતી કરતો પત્ર આવતીકાલના સંતોના ઉપવાસના સંદર્ભમાં લખવામાં આવ્યો હતો. સ્વામીશ્રીએ વિનંતી સ્વીકારી અને તેઓને ફોન જોડાવીને રાજીપાના આશીર્વાદ આપ્યા.

મેં સાહજિક રીતે કહ્યું કે 'બાપાને વાત કરી છે કે સંતો જમે.'

સ્વામીશ્રીએ તરત જ સુધારતાં કહ્યું : 'ઠાકોરજી જમે એમ કહેવું, સંતો નહીં, ઠાકોરજી જમે છે.'

સ્વામીશ્રી પળેપળ ઠાકોરજીમય છે.

ડૉક્ટર એ. બી. મહેતાનો પણ ફોન હતો. જન્મ-દિનની શુભેચ્છા પાઠવ્યા પછી તેઓ કહે : 'આપના સો વર્ષ થાય ને શતાબ્દી ઊજવાય એવી મારી શુભેચ્છા છે.'

સ્વામીશ્રી કહે : 'સારું. ભગવાન તમારો સંકલ્પ પૂરો કરશે.'

•

તા. ૧૪-૧૨-૨૦૧૦, મુંબઈ

પ્રાતઃપૂજા પછી ભોજન દરમ્યાન અગવડ-સગવડોની વાતો થતી હતી. સ્વામીશ્રીની કૃપાથી સંતોને અત્યારે કેવી સગવડ છે, એ વાતો પણ નીકળી. યજ્ઞેશ્વર સ્વામી આજે મુંબઈ આવ્યા હતા, તેઓને લેવા માટે મંદિરેથી

ગાડી ન આવતાં ટેક્સીમાં આવવાનું થયું હતું.

એ સંદર્ભમાં સ્વામીશ્રી હળવા મૂડમાં તેઓને કહે : 'તમને ખોટું નહોતું લાગ્યું ને ?'

આદર્શજીવન સ્વામી કહે : 'આપ એવી રીતે વર્તી ગયા છો કે કોઈ પણ પ્રસંગમાં કોઈને ખોટું લાગવાનો પ્રશ્ન જ નથી. આપે પણ આવી જ રીતે ગાડાંમાં અને ચાલતાં મુસાફરી કરેલી છે.'

સ્વામીશ્રી કહે : 'આપણે તો ક્યાં, આપણા કરતાં આપણા ગુરુઓએ કેવાં દુઃખો સહન કર્યાં છે ? આપણે તો થોડું અગવડ-સગવડ પડે, પણ એમણે તો અગવડોમાં જ કામ કર્યું છે.'

જ્ઞાનવત્સલ સ્વામી કહે : 'એ વખતના જમાનામાં એમને તો વ્યવસ્થા હતી જ નહીં અને આપને તો વ્યવસ્થા હતી છતાં આપે અગવડો વેઠી સહન કર્યું છે.'

આદર્શજીવન સ્વામી કહે : 'એ વખતે તો વિચરણ પણ મર્યાદિત હતું, પરંતુ આપે અગવડો વેઠીને આખી દુનિયામાં વિચરણ કર્યું છે.'

સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ પણ આખી દુનિયામાં ફર્યા છે, માથે પોટલાં મૂકીને ફર્યા છે.'

આદર્શજીવન સ્વામી કહે : 'કોઈને ખાવામાં પ્રશ્ન થાય તોય આપના જીવનમાંથી સમાધાન મળી રહે, વાહનમાં પણ અગવડ-સગવડોમાં પ્રશ્ન ન રહે. કોઈ પણ પ્રસંગમાં ધોખો લાગવાનું રહે જ નહીં. બધા જ પ્રશ્નોનું સમાધાન આપના જીવનમાંથી જ મળી જાય છે.'

સ્વામીશ્રીએ જાણે એ કશી જ વાત સાંભળી ન હોય તેમ પોતાના ગુરુવર્યોના ગુણગાનમાં જ રત રહ્યા.

અંતે તેઓ કહે : 'શીખવાનું એ જ છે. મોટાપુરુષ કરી ગયા તો એ પ્રમાણે આપણે વર્તવાનું. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના વખતમાં મુશ્કેલીઓ કેટલી બધી હતી ? ગાડામાં ફરવાનું, ચાલતાં જવાનું અને ત્યાં જઈને રસોઈ પણ જાતે જ કરવાની, અને હરિભક્તોની રસોઈ પણ સાથે કરવાની જ હોય, છતાં એમણે સૌને રાજી કર્યા છે, એમ આપણે પણ વર્તવાનું.'

•

ઑસ્ટ્રેલિયા ખંડ અને એશિયા પેસિફિક વિસ્તારમાં વિચરણ કરી રહેલા જ્ઞાનપુરુષ સ્વામી તથા આદર્શમુનિ સ્વામી આજે આવ્યા હતા. સંસ્થાનાં અંગ્રેજી પ્રકાશનો લઈને તેઓ સ્વામીશ્રીની પ્રસાદીનાં કરવા માટે આવ્યા. સ્વામીશ્રીએ એ પુસ્તકનાં બે-ત્રણ પાનાં બે-ત્રણ વખત ફેરવ્યાં, જેમાં આગળના પાના ઉપર મહારાજ-સ્વામી તથા પાછળના પાના ઉપર સ્વામીશ્રીનો ફોટો અને પરિચય હતો. આ સંદર્ભમાં સ્વામીશ્રી કહે : 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનો ફોટો આવવો જોઈએ ને !' આટલું કહીને જાતે જ દેખાડવા લાગ્યા : 'અક્ષરપુરુષોત્તમ મહારાજની બાજુમાં અથવા પાછળ શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ છાપવા જોઈએ, હવે આ બધું નીકળી ગયું. પરદેશના છોકરાઓને શું ખબર પડે કે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ કોણ થઈ ગયા ?'

સ્વામીશ્રીએ ઘણી વખત આ ટકોર કરેલી છે.

વળી, વાત નીકળતાં રૂડા સ્વામી કહે : 'મેં તો મોટામાં મોટી સંપત્તિની ખાણ શોધી રાખી છે, આપ.'

સ્વામીશ્રી તરત જ હસતાં હસતાં કહે : 'આપણે તો ભઈ ! લૂખાસૂખા છીએ.'

આદર્શમુનિ સ્વામી કહે : 'લક્ષ્મી તો સંતની દાસી કહી છે ને !'

સ્વામીશ્રી કહે : 'એ તો મહિમાની વાત છે. આપણે તો કથાવાર્તા, ભજન કરીને સત્સંગ, નિષ્ઠા, હરિભક્તોમાં દૃઢ થાય અને એનાથી સેવા થાય એ કરવાનું છે.'

જ્ઞાનેશ્વર સ્વામી કહે : 'આપ દૃષ્ટિ કરો.'

સ્વામીશ્રી કહે : 'મહેનત કરે તો દૃષ્ટિ થાય.'

•

એક જીવનું પરિવર્તન સમગ્ર સમાજને કેવું ઉપયોગી થાય છે એનું ઉદાહરણ છે – વડોદરાના અરવિંદભાઈ પટેલ. તેઓ સત્સંગના યોગમાં ન હતા ત્યારે તો આખું જીવન વ્યસન અને અનેક પ્રકારની બદીઓમાં વીતતું. પરિણામે સાંજ પડે સરવાળો શૂન્ય થઈને ઊભો રહેતો અને લટકામાં કજિયા-કંકાસ રહેતા એ વાત તો જુદી જ. એ જ અરવિંદભાઈને સત્સંગ થયો અને એવા સંસ્કાર પડ્યા કે ત્યારપછી તો સેંકડો યુવાનોને તેઓએ દારૂની ચુંગાલમાંથી અને વ્યસનની ચુંગાલમાંથી મુક્ત કર્યા. ત્યારપછી તો ધીમે ધીમે રાજકારણમાં પણ પ્રગતિ કરી. વડોદરા શહેરના ડેપ્યુટી મેયરના હોદ્દા ઉપર તેઓની વરણી થઈ. આજે તેઓનો ફોન આવ્યો.

સ્વામીશ્રી તેઓને આશીર્વાદ આપતાં કહે : ‘તમને વડોદરા શહેરની સેવા મળી છે તો તમારા દ્વારા સારી સેવા થાય એ આશીર્વાદ છે. તમને સત્સંગ થયો એના પ્રતાપે આ સારો હોદ્દો આવ્યો છે, તો સારાં કામ કરવાં. શહેરનો વિકાસ થાય અને પ્રજાની સેવા થાય એ આશીર્વાદ છે.’

•

તા. ૧૬-૧૨-૨૦૧૦, મુંબઈ

ધનુર્માસમાં ઠાકોરજી વિદ્યા ભણવા માટે પધારે છે. આ સંદર્ભનો વિશેષ અર્થ એ છે કે ઠાકોરજી સૌને વિદ્યા ભણાવે છે. આજથી સ્વામીશ્રીમાં રહેલા ઠાકોરજીએ ધનુર્માસ નિમિત્તે પાઠ આપવાનું નિરધાર્યું હતું. ધનુર્માસના નિમિત્તે સ્વામીશ્રીએ આજથી અલગ અલગ અધ્યાત્મ-સૂત્રો લખવાનાં શરૂ કર્યાં. આજનો પહેલો પાઠ હતો : ‘ભણવા જેવી તો એક બ્રહ્મવિદ્યા છે, માટે તે વિદ્યા ભણવી.’

ભણવા જેવી તો એક બ્રહ્મવિદ્યા
છે. માટે તે વિદ્યા ભણવી.

•

અમેરિકાથી એક હરિભક્તનો ફોન આવ્યો. સ્વામીશ્રીને કહે : ‘હું ઘણા દિવસથી પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ લેવા ફોન કરું છું.’

સ્વામીશ્રી કહે : ‘હું પ્રમુખસ્વામી જ બોલું છું.’

એ હરિભક્ત કહે : ‘મારા ઉપર રાજી રહેજો.’ એટલું કહીને તેઓએ ફોન મૂકી દીધો.

•

એક યુવાન ભાવિકનો ફોન આવ્યો. તેઓને રાત્રે ઊંઘ આવતી ન હતી અને ગોળી લેવી પડતી હતી. સ્વામીશ્રીને કહે : ‘આખી જિંદગી ગોળી જ ખાવાની ?’

સ્વામીશ્રી કહે : ‘આપણે આવા વિચાર કરવાના જ નથી.’

એ મુમુક્ષુ કહે : ‘અત્યાર સુધી ન કરવાનાં ઘણાં કામ થયાં છે, એનું આ સહન કરવું પડશે એવું લાગે છે.’

સ્વામીશ્રી તરત જ કહે : ‘આ બધું તું દરિયામાં ફેંકી દે.’

‘પૂજામાં પણ આ વિચારો આવે છે.’

સ્વામીશ્રી કહે : ‘એ બધું મૂકીને ભગવાનને સંભાર.’

મુમુક્ષુ કહે : ‘હું વિચારો કાઢવાનો પ્રયત્ન કરું છું, પણ થતું નથી. પહેલેથી માળા કરેલી નહીં, એટલે માળા કરવામાં કંટાળો આવે છે.’

સ્વામીશ્રી કહે : ‘માળા કરતો રહેજે, વાંધો નહીં આવે. ભગવાનને પ્રાર્થના કરીશું. બધું ભૂલી જજે.’

સ્વામીશ્રીએ આવા અનેકના હામી થઈને તેઓના જીવનમાં શાંતિનો શ્વાસ ભરી આપ્યો છે.

•

તા. ૧૭-૧૨-૨૦૧૦, મુંબઈ

આજનો બ્રહ્મવિદ્યાનો પાઠ હતો : ‘રોજ તિલક-ચાંદલા સહિત પૂજા કરવી.’

રોજ તિલક ચાંદલા સહિત પૂજા કરવી

•

ભોજન પછી સ્વામીશ્રીએ બેંગ્લોરના વિદ્યાર્થીઓ સાથે ફોનમાં વાત કરી. આ વિદ્યાર્થીઓએ સ્વામીશ્રીના સ્વાસ્થ્ય માટે વ્રત, તપ, ઉપવાસ કર્યાં હતાં. સ્વામીશ્રીએ તેઓને કહે : ‘બધા અભ્યાસ કરો છો તો સારામાં સારો અભ્યાસ થાય અને સાથે સાથે સત્સંગના સંસ્કાર છે એ વિશેષ દૃઢ થાય. જે ભણ્યા છો એ બહાર જઈને ભૂલી ન જવાય. સત્સંગ, પૂજાપાઠ એ પણ ભૂલી ન જવાય એ આશીર્વાદ છે. વ્યસન-દૂષણ પેસે નહીં એ ખટકો રાખવો. અહીંથી જે સત્સંગ મળ્યો છે એ સત્સંગ બીજાને કરાવવો અને સંસ્કાર બીજાને પણ આપવા એ મોટી સેવા છે. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજને પ્રાર્થના કરીએ છીએ કે જે ડિગ્રી તમને મળી છે એમાં વિશેષ સફળતા મળે ને બીજાને સત્સંગ કરાવી શકો.’

•

બ્રહ્મવિહારી સ્વામી કહે : ‘અત્યારે કોઈને આટલા પત્ર વાંચવાની ધીરજ ન રહે, આપ જ શાંતિથી વાંચો છો. અત્યારના જમાનામાં આવું કોઈ ન કરે. આજની ટપાલ આપે આજે જ બધી પૂરી કરી દીધી.’

સ્વામીશ્રી કહે : ‘આજે પૂરી થઈ, પણ કાલે બીજી આવી જશે ને !’

ધર્મચરણ સ્વામી કહે : ‘ફેક્સ મશીન ચાલુ જ હોય છે, ફેક્સ આવતા જ હોય છે.’

અભયસ્વરૂપ સ્વામી કહે : ‘પરદેશથી સાત-આઠ પાનાંના મોટા મોટા ફેક્સ આવે, સરખા કરતાં થાકી


જઈએ, ધીરજ ન રહે.'

સ્વામીશ્રી કહે : 'ધીરજ ન રહે એવું જ કામ છે.'

•

તા. ૧૮-૧૨-૨૦૧૦, મુંબઈ

આજનો સ્વામીશ્રીનો પાઠ હતો : 'એક વચનામૃત અને પાંચ સ્વામીની વાતો નિત્ય વાંચવા.'



•

સ્વામીશ્રીના સ્વાસ્થ્યની જાણ થતાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી ખાસ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીને મળતાં જ તેઓ કહે : 'આપ આ ઉંમરે પણ શ્રમ બહુ લો છો !'

સ્વામીશ્રી કહે : 'ભગવાન તબિયત સારી રાખે ત્યાં સુધી ભગવાનનું કામ કરવાનું જ છે ને !'

•

આજે ભ્રમણ વખતે વડોદરાની આજુબાજુના પંથકના જૂનાં નામોની વાત નીકળતાં સ્વામીશ્રી કહે : 'વડોદરાથી દક્ષિણમાં હોય એને કાનમ કહેવાય. પશ્ચિમ તરફ વાઘોડિયા, ડભોઈ વગેરે ચોર્યાસી કહેવાય. વડોદરા અને પાદરા તાલુકો વાકળ કહેવાય.'

મેં કહ્યું : 'ચાણસદમાં તો કાનમ અને વાકળ બેયની સીમ પડે છે.'


બ્રહ્મવિહારી સ્વામી કહે : 'તો ચાણસદને શું કહેવાય ?'

સ્વામીશ્રી એકદમ હસતાં હસતાં કહે : 'અધ્ધર તાલ.' સ્વામીશ્રી સહજ નિઃસ્પૃહી છે.

•

તા. ૧૯-૧૨-૨૦૧૦, મુંબઈ

આજનો બ્રહ્મવિદ્યાનો પાઠ હતો : 'અઠવાડિક સભામાં નિયમિત સમયસર જવું.'



•

બેલ્જિયમથી આવેલો એક પત્ર સ્વામીશ્રીએ ગઈકાલે વાંચ્યો હતો. એમાંની એક વિગત પૂછવાની હોવાથી ધર્મચરણ સ્વામીએ સ્વામીશ્રીને વાત કરી, એટલે સ્વામીશ્રીએ આખો પત્ર ફરીથી વાંચ્યો. જવાબ આપે એ પહેલાં એક ફોન આવી જતાં સ્વામીશ્રીએ ફોનમાં વાત કરી લીધી. ત્યાં વળી કાગળની વિગત ભુલાઈ ગઈ એટલે ફરીથી પત્ર વાંચ્યો. વૃદ્ધ અવસ્થામાં સ્વામીશ્રીની પોતાની શારીરિક પરિસ્થિતિ સાનુકૂળ ન હોવા છતાં, સ્વામીશ્રી કંટાળ્યા વગર મહિમાપૂર્વક સતત સેવારત રહીને સૌને સંતોષ આપે છે.

•

ગોંડલના અક્ષરનિવાસી પ્રભુદાસ નંદલાલભાઈ વસાણીના જમાઈ નિમેષભાઈ ઠક્કરનો ફોન હતો. તેઓ સ્વામીશ્રીને કહે : 'મોક્ષ જોઈએ છે, તો શું કરવું ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનનો આશરો રાખવો. ભજન-ભક્તિ કરજો, નિયમ-ધર્મ પાળજો, એટલે મોક્ષ થશે. 'ભગવાને આવું કેમ કર્યું ?' એવું થવું ન જોઈએ.'

નિમેષભાઈ કહે : 'જન્મોજન્મનાં પાપ બળે એવો કોઈ રસ્તો ખરો ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાનનો આશરો છે તો પૂર્વનાં પાપના નિવારણ માટે ભક્તિ કરવાની.'


•

તા. ૨૦-૧૨-૨૦૧૦, મુંબઈ

આજે સવારના મંગળા આરતી પછીના સમયમાં જ સ્વામીશ્રીને સ્નાન કરવા જવાનું થયું. સ્વામીશ્રી રોજ કરતાં ઘણા વહેલા હતા, એટલે સંતોએ વિનંતી કરી કે 'થોડો આરામ કરો, પછી સમય થાય ત્યારે જઈએ.' પરંતુ સ્વામીશ્રીએ તરત જ કહ્યું : 'સૂવા કરતાં ભજન કરીએ.' એમ કહીને સ્વામીશ્રીએ ખુરશી ઉપર બેસીને માળા શરૂ કરી. લગભગ પચીસ મિનિટ સુધી સ્વામીશ્રીએ માળા કરી.

•

બ્રહ્મવિદ્યાનો પાઠ પઢાવતાં આજે સ્વામીશ્રીએ આદેશ આપ્યો : 'નાટક-સિનેમા જોવા નહિ.'



•

તા. ૨૧-૧૨-૨૦૧૦, મુંબઈ

સંપ્રદાયના ઇતિહાસમાં પહેલી જ વખત ભદ્રેશ સ્વામી D.Litt.ની પદવી મેળવી રહ્યા હતા. આ પહેલાં બીજા


કોઈએ આ પદવી મેળવી ન હતી. સ્વામીશ્રીના સંકલ્પ અનુસાર સંસ્કૃતમાં તેઓએ મહાનિબંધ લખ્યો હતો. વળી, પ્રસ્થાનત્રયી ઉપર સ્વામિનારાયણ ભાષ્યની રચના કરી હતી. આ ભાષ્ય ઉપર જ તેઓને આ પદવી મળી હતી. આજે તેઓ અહીં આવ્યા હતા, એટલે તેઓનું હાર પહેરાવીને સન્માન કરવામાં આવ્યું.

તેઓ સ્વામીશ્રીની પાસે આવીને પગે લાગ્યા ત્યારે સ્વામીશ્રી તરત જ બોલ્યા : 'વિદ્વાન હોય એને તો આપણે પગે લાગવું પડે.'

સ્વામીશ્રીની મહિમા-દૃષ્ટિ સૌને સ્પર્શી ગઈ.

•

આજે બ્રહ્મવિદ્યાનો પાઠ શીખવતાં સ્વામીશ્રીએ જણાવ્યું : 'દરેક એકાદશી ખબરદાર થઈને કરવી.'



•

એક સંતનો ફોન આવ્યો. તેઓ કહે : 'આપને અભિનંદન કહેવામાં મોડો પડ્યો છું, પણ અભિનંદન આપવા છે.'

સ્વામીશ્રી સહજ અલમસ્તાઈથી કહે : 'અમે તો અભિનંદનથી પર છીએ. જન્મ નથી ને મરણ નથી, સુખરૂપ છીએ.'

એ સંત કહે : 'આપને એવું નથી, પણ અમારે તો કહેવું પડે ને !'

આ સાંભળીને સ્વામીશ્રી કહે : 'સારું, ચાલો, હવે આ લોકની દૃષ્ટિએ વાત કરો.'

થોડી વાતો પછી મુનિતિલક સ્વામી ફોનમાં આવ્યા અને કહે : 'આપને હેપી બર્થ ડે.'

આ સાંભળીને સ્વામીશ્રી કહે : 'હમણાં જ પેલાને વાત કરી એમ અમે તો આત્મારૂપ છીએ, સુખરૂપ છીએ.'

•

છાત્રાલયમાં ભણતા એક વિદ્યાર્થીએ ચોરી કરી હતી. મિત્રો સાથે ચોરી કરતાં વળી એ પકડાઈ ગયો હોવાથી છાત્રાલયના વ્યવસ્થાપકોએ થોડીક કડક રીતે એની સાથે વાત કરી હતી. આ પ્રસંગ બન્યા પછી તેઓના પિતાશ્રી સંતો પાસે જઈને ન બોલવાના ઘણા શબ્દો બોલી ગયા હતા, પણ પાછળથી તેઓને પસ્તાવો થયો હતો. સ્વામીશ્રીને આ વાતની ખબર પડતાં તેઓને ફોન કરાવ્યો અને તેઓની સાથે વાત કરતાં કહ્યું કે 'તમે વિગત જણાવી છે. આવું થવું ન જોઈએ, પણ દરગુજર કરજો. અમે તમારી માફી માગીએ છીએ.'


પેલા ભાઈ સ્વામીશ્રીની આવી નિર્માનીતા સાંભળીને ગળગળા થઈ ગયા અને કહે : 'બાપા ! તમારે માફી માગવાની ન હોય, હું પાપમાં પડું.'

આટલું કહીને જે પ્રસંગ બન્યો હતો એ વળી વિગતે તેઓ વાત કરવા લાગ્યા, ત્યારે વચ્ચે વચ્ચે સ્વામીશ્રીએ બે-ત્રણ વખત તેઓની માફી માગી. ભૂલ કોઈક કરે અને માફી સ્વામીશ્રી માગે ! સ્વામીશ્રીની કેવી ક્ષમાશીલતા અને નિર્માનિતા !

•

તા. ૨૨-૧૨-૨૦૧૦, મુંબઈ

ધનુર્માસ નિમિત્તે બ્રહ્મવિદ્યાનો પાઠ પઢાવતાં સ્વામીશ્રીએ લખ્યું : 'વ્યસન અને ડુંગળી-લસણનો હંમેશાં ત્યાગ રાખવો.'



•

સ્વામીશ્રી પત્રવાંચન કરી રહ્યા હતા. એ દરમ્યાન અમેરિકાથી એક હરિભક્તનો ફોન આવ્યો. તેઓ કહે : 'મારો દીકરો નાનો હતો ત્યારે પૂજાપાઠ બધું જ કરતો, પણ છેલ્લાં દોઢ વર્ષથી પૂજા મૂકી દીધી છે. એનાં મમ્મીની ઇચ્છા છે કે દીકરો પૂજા કરે. એનાં મમ્મીના સમજાવવાથી હમણાં તો મનમાં ગેડ બેઠી છે. એટલે આજથી પૂજા કરવાનું ચાલુ કર્યું છે.'

સ્વામીશ્રી કહે : 'એને ફોન આપો.'

દીકરા સાથે વાત કરતાં સ્વામીશ્રી કહે : 'નાનપણથી તારા સંસ્કાર હતા. તું પૂજા પણ કરતો. હવે સમજણ આવી છે, તો પ્રામાણિકપણે પૂજા કરજે. જીવન પવિત્ર, શુદ્ધ રાખવું. સારો વિચાર આવ્યો છે એ ભક્તિનું ફળ છે. તને આશીર્વાદ આપીએ છીએ કે તું સાચે માર્ગે ચાલ્યો છે તો બળ મળશે અને શાંતિ રહેશે.'

•

એક યુવકનો ફોન આવ્યો. તેઓના મિત્રને નાગા


બાવા ઉપાડી ગયા હતા, પણ તપાસ કર્યા પછી મળી તો ગયો, પણ ઘરે આવ્યા પછી નગ્ન અવસ્થામાં જ રહે છે, બીડી પીએ છે અને તપ કરતા હોય એવી મુદ્રાઓ કરે રાખે છે.

સ્વામીશ્રીએ એ યુવક સાથે વાત કરતાં કહ્યું : 'તું જમાતને છોડીને આવ્યો છું તો હવે એ બધા વિચારો છોડી દે અને ભગવાનની ભક્તિ કરજે, તેમાં તારું શ્રેય છે. માતા-પિતા રાજી થાય તેમ કરજે અને તે કહે તેમ કરજે.'

•

તા. ૨૩-૧૨-૨૦૧૦, મુંબઈ

આજે ધનુર્માસ નિમિત્તે બ્રહ્મવિદ્યાનો પાઠ સ્વામીશ્રીએ શીખવ્યો : 'અઠવાડિયે ઓછામાં ઓછા બે દિવસ તો ઘરસભા કરવી જ.'



•

સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા વિરાજ્યા. એ દરમ્યાન આદર્શજીવન સ્વામી કહે : 'સંત સ્વામી કહેતા કે શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ કરતાં દશગણું કાર્ય આપે કર્યું છે.'

સ્વામીશ્રી કહે : 'મૂળ તો સંકલ્પ એમના છે. મંદિરો થાય, સત્સંગ વધે એ એમના સંકલ્પો છે, એટલે કાર્ય થાય છે.'

આદર્શજીવન સ્વામી કહે : 'એમણે સંકલ્પ તો કર્યો, પણ સંકલ્પ પકડી રાખીને કામ કરવું એ મહત્તા ઓછી નથી.'

સ્વામીશ્રી કહે : 'એમનો સંકલ્પ હતો એટલે થયું ને ! એમના સંકલ્પમાં બળ છે ને ! એને લીધે ચાલે છે.'

આદર્શજીવન સ્વામી કહે : 'બીજમાં બળ હોય, પણ પાણી નાખનાર, ખાતર-પાણી કરનાર જોઈએ. તો જ વૃક્ષ ઊગે ને !'

સ્વામીશ્રી કહે : 'પણ બીજ સાચું હોય તો જ ખાતર-પાણી ફળે.'

આદર્શજીવન સ્વામી કહે : 'આ બાબતમાં આપ ક્યારેય હાથ મૂકવા નથી દેતા. આપનું નિર્માનીપણું સમજાય એવું નથી.'

આમ કહીને તેઓ કહે : 'આ વરસે એક જ વરસમાં આપે ૧૮ હરિમંદિરોની પ્રતિષ્ઠા કરી. ૯ હરિમંદિરોનાં ખાત કર્યાં. બે શિખરબદ્ધ મંદિરની પ્રતિષ્ઠા કરી અને ૪ શિખરબદ્ધ મંદિરનાં ખાત કર્યાં. દિલ્હીમાં અક્ષરધામમાં નૂતન ગર્ભગૃહ રચ્યું. ગાંધીનગર અક્ષરધામનો 'સચ્ચિદાનંદ વોટર શૉ' સંપન્ન કર્યો. આવા ૪૦ જેટલા પ્રોજેક્ટ એક જ વર્ષમાં આપે સંપન્ન કર્યા. એટલે કે એક મહિનામાં સરેરાશ સાડા ત્રણ પ્રોજેક્ટ પાર પાડ્યા. વળી, ૨૨ મુમુક્ષુઓને દીક્ષા આપી. ૮૯ વર્ષની ઉંમરે આપના દાખડા વગર આ કાર્ય શક્ય જ ન બને.'

સ્વામીશ્રી તરત જ કહે : 'મૂળ આ બધું શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના સંકલ્પનું બળ છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજને સાધુ કરવા હતા અને સંકલ્પ કર્યો હતો કે 'સત્સંગ વધે,' એટલે બધું થાય છે.'

કૃષ્ણવલ્લભ સ્વામી આદર્શજીવન સ્વામીને કહે : 'આમનો જવાબ એક જ આવશે.'

સ્વામીશ્રી કહે : 'છે તો એ જ ને ! યોગીબાપા અક્ષરદેરીમાં પ્રત્યક્ષ રીતે ધૂન કરતા કે 'સત્સંગ વધે, સાધુ વધે,' એટલે થાય છે.'

આદર્શજીવન સ્વામી કહે : 'સંકલ્પ હતો એ હકીકત છે, પણ એ સંકલ્પ સાકાર કરી બતાવવો એ નાની વાત નથી.'

સ્વામીશ્રી કહે : 'બળ તો ભગવાનનું છે જ, પણ એમના સંકલ્પમાં બળ હતું તો થયું.'

કૃષ્ણવલ્લભ સ્વામી કહે : 'આપે વિચરણ ન કર્યું હોત, તો આ બધું ક્યાંથી થાત ?'

સ્વામીશ્રી કહે : 'યોગીજી મહારાજે સંકલ્પ કર્યો હતો કે 'સત્સંગ વધારવો છે,' એ કહ્યું એટલે પછી આપણે વિચરણ કરવું પડે ને !'

આદર્શજીવન સ્વામી કહે : 'આપની નિર્લેપતા અને નિર્માનિતા ઘણી વખત મૂંઝવણ ઊભી કરે છે. આટલા નિર્માની અને આટલા નિર્લેપ કાયમ કઈ રીતે રહી શકાય ? બાકી બીજા તો બહુ કહે તો એક વખત તો બોલી જ જાય કે આ મેં કર્યું છે.'

સ્વામીશ્રી કહે : 'આપણે તો એક જ વાત છે. ગુરુ બોલ્યા છે એ જ થાય છે. એમના સંકલ્પ પ્રમાણે

કામ થયું છે. એ જ આપણો એવોર્ડ.'

સંતોએ ફેરવી ફેરવીને બધી જ રીતે સ્વામીશ્રીના કાર્યની પ્રશંસાની વાતો કરી, પણ સ્વામીશ્રીએ તો દરેક વાતમાં 'ગુરુઓએ કરેલા સંકલ્પને કારણે જ કાર્ય થયું છે,' તે વાત દોહરાવે રાખી ગુરુભક્તિનું આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું.


•

ધૂલિયા છાત્રાલયથી આવેલા સંતોને સ્વામીશ્રી કહે : ''યોગીબાપા કહેતા કે સંપ, સુહૃદભાવ, એકતા રાખવાં. બધાનો એકરાગ અને એકરુચિ રાખવી. કોઈ બોલે તો સહન કરવું. કેટલાકને એવું લાગે કે 'હું ગધેડો છું ?' પણ આપણે તો માણસ છીએ. એવું કોઈ બોલે તો એ બોલનારનું મોં ગંધાશે. આપણા સ્વભાવ-દોષ ટાળવા આપણે આવ્યા છીએ, બીજાનું મહારાજ જોશે. ત્યાં નાનું મંડળ છે, પણ એકરુચિ છે તો કામ થાય છે. આપણે તો બધાનું ભલું કરવું. યોગીબાપા અટલાદરામાં હતા ને એક જણે ચોરી કરી અને તેને પકડીને યોગીબાપા પાસે લઈ ગયા, તો યોગીબાપા કહે : 'આ ક્યાં ચોર છે ? આ તો મુક્ત છે.' યોગીબાપાની દૃષ્ટિ કેવી ! *જ્યાં જુએ ત્યાં રામજી બીજું ન ભાસે રે.* એમ જ્ઞાન, સમજણ રાખીએ તો......''

•

તા. ૨૪-૧૨-૨૦૧૦, મુંબઈ


આજે ધનુર્માસ નિમિત્તે બ્રહ્મવિદ્યાનો પાઠ પઢાવતાં સ્વામીશ્રીએ લખ્યું : 'ઘરમંદિરમાં રોજ થાળ-આરતી કરવા.



•

તા. ૨૫-૧૨-૨૦૧૦, મુંબઈ

આજે વળી, બ્રહ્મવિદ્યાનો પાઠ પઢાવતાં સ્વામીશ્રીએ લખ્યું : વાલી તથા સંતાનોએ એકબીજાને સમજીને વર્તવું.



•

પત્રવાંચન દરમ્યાન એક સંતનો ફોન આવ્યો. તેઓ કહે : 'થોડું ભણેલો છું અને ભણેલાની સભામાં વાત કરવા જવાનું છે.'

સ્વામીશ્રી કહે : 'એમાં કાંઈ વાંધો નહીં, કથાવાર્તા કરવામાં ક્યાં ખોટ જવાની છે ? આપણે તો આત્મારૂપ છીએ. ભગવાનને સંભારીને બોલજો. શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ રાજી થશે.'

•

ભૂમિભ્રમણના વચલા તબક્કામાં સ્વામીશ્રી ખુરશી ઉપર વિરાજમાન હતા. એ દરમ્યાન જયપુરથી આવેલા ફિઝિયોથેરાપિસ્ટ બાલમુકુંદે સ્વામીશ્રીને કહ્યું : 'આપ જ્યારે ચાલો છો ત્યારે છાતી કાઢીને ચાલવું. આમ નીચે જોઈને નહીં.'

સ્વામીશ્રી તરત બેઠાં બેઠાં છાતી કાઢતા હોય એવો અભિનય કરીને જ કહે : 'छाती काढ के चलने में घमंड आ जाता है। इसलिए नीचे देख के चलना ही अच्छा है।'

•

એક મુમુક્ષુએ સ્વામીશ્રીને કહ્યું : ''મારાં પત્ની મને વારંવાર પૂછે છે કે 'તમને અત્યારે આટઆટલા પ્રશ્નો છે છતાં ચિંતા નથી થતી ?' ત્યારે હું એને કહું છું કે 'બાપા બેઠા છે ને !' તો એ કહે : 'તમને તો બધી જ વાતમાં બાપાને આગળ ઢસડવાની ટેવ પડી ગઈ છે.''

આ સાંભળીને હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'ભગવાન ઉપર છોડીએ એટલે ભગવાન બધું કરે.'

•


તા. ૨૬-૧૨-૨૦૧૦, મુંબઈ

સ્વામીશ્રી અભિષેક મંડપમ્‌માં પધાર્યા. અહીં પરિચય કરાવવા યોગ્ય હરિભક્તો તથા બહારગામથી આવેલા હરિભક્તો બેઠા હતા. અભિષેકનાં દર્શન કર્યાં પછી સ્વામીશ્રી આ સૌ હરિભક્તોને મળતાં મળતાં આગળ વધ્યા. ICICI બૅન્કના જોઇન્ટ એમ.ડી. શશિકાન્તભાઈ ભોજાણી આગળ જ બેઠા હતા. તીર્થસ્વરૂપ સ્વામી તેઓનો પરિચય કરાવી રહ્યા હતા, પરંતુ સ્વામીશ્રીનું ધ્યાન સૌથી પાછળ બેઠેલા ગોવિંદભાઈ ફોજદારમાં હતું, એટલે તેઓની સાથે જ ઈશારાથી સ્વામીશ્રી આશીર્વાદ આપીને દૃષ્ટિ કરી રહ્યા હતા. ગોવિંદભાઈને સંતોષ થયા પછી સ્વામીશ્રીએ

શશિકાન્તભાઈ ઉપર દૃષ્ટિ કરી.

•

આજે સંસ્કૃતમાં વાક્ય લખીને સ્વામીશ્રીએ સૌને સુંદર આદેશ આપ્યો : 'भज भगवन्तं च सत्यं प्रियं च हितं वद।'



•

સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય સારું થતું જાય છે. સ્વામીશ્રીએ જ સામેથી રવિસભામાં જવાની ઇચ્છા દર્શાવી હતી, આજે એનો પહેલો દિવસ હતો. આ સંદર્ભમાં ભ્રમણ વખતે ડૉ. કિરણભાઈ દોશી કહે : 'આજે રવિસભામાં પહેલી વખત પધારવાના છો, તો આશીર્વાદ આપો ત્યારે દસ મિનિટથી વધારે ન બોલશો, ઉધરસ ચડશે.'


સ્વામીશ્રી સહજમાં હસતાં હસતાં કહે : 'ઉધરસ ચડે, તો પાણી પીને ફરી વાર ચાલુ કરીશું.'

૯૦ વર્ષની ઉંમરે સ્વામીશ્રીને કેટલી ધગશ છે !!

•

તા. ૨૭-૧૨-૨૦૧૦, મુંબઈ

પૂજાના અંતે ધનુર્માસ નિમિત્તે બ્રહ્મવિદ્યાના પાઠ પઢાવતાં સ્વામીશ્રીએ લખ્યું : 'કથા અને સેવાનું અંગ દૃઢ રાખવું.'



•

આજે વિશેષ આનંદની વાત એ હતી કે સ્વામીશ્રીની હરિભક્તોની સાથેની મુલાકાતો આજથી પુનઃ પૂર્વવત્ શરૂ થઈ રહી હતી. મુલાકાતો પ્રમુખ-સદનના દસમા માળે રાખવામાં આવી હતી. સ્વામીશ્રી લિફ્ટમાં જઈ રહ્યા હતા. સંતોએ વાત કરી કે દસમા માળે મુલાકાત છે.

સ્વામીશ્રી કહે : 'એટલી ઊંચે શું કામ રાખી ?'

સંતો કહે : 'બધી વ્યવસ્થા થઈ ગઈ છે. હરિભક્તો લિફ્ટ દ્વારા આવશે ને લિફ્ટ દ્વારા પાછા નીચે ઊતરશે, કોઈને તકલીફ નહીં પડે.'

સ્વામીશ્રી કહે : 'પણ કેટલો બધો ખર્ચ થાય ? લિફ્ટ વપરાય એટલે વીજળી પણ વપરાય. નીચે ન રખાય ?' સ્વામીશ્રીએ પોતાની રુચિ દર્શાવી.

•

મુલાકાતો દરમ્યાન અતુલભાઈ તથા ભરતભાઈ દાવડા દર્શને આવ્યા. બંને ભાઈઓની સંસ્થાના બાંધકામમાં વિશેષ સેવા રહી છે. ખાસ કરીને કોઈ જૂનું સ્ટ્રક્ચર તોડવું હોય એનાં મશીનો તેઓ રાખે છે.

આ વાત કરતાં અભયસ્વરૂપ સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'સંસ્થામાં કામ લાગે છે. બધે જ તોડફોડ કરે છે.'

સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'તોડફોડ શબ્દ ન બોલવો, રિપેરિંગ બોલવાનું.'

•

મુલાકાત દરમ્યાન એક યુવક દર્શને આવ્યો. માનસિક રીતે થોડાક ધૂની આ યુવકે સ્વામીશ્રી ઉપર એક પત્ર લખ્યો હતો. એ પત્ર સ્વામીશ્રીને આપ્યો અને કહ્યું : 'લાંબું આયુષ્ય કઈ રીતે થાય એના મુદ્દા મેં આ લખ્યા છે, આપ વાંચજો.' સ્વામીશ્રીએ એ પત્ર લેવડાવ્યો અને ભોજન પછી આખો પત્ર પ્રેમથી વાંચ્યો પણ ખરો, એની ભક્તિ સ્વીકારી.

•

સ્વામીશ્રી ભોજન અંગીકાર કરી રહ્યા હતા. એ દરમ્યાન બલરામ ભગતે શ્રીજીમહારાજે હળવદમાં બેસીને ત્રણ મણ સાકર આરોગી એ પ્રસંગની વાત કરીને કહ્યું : 'આપ પણ મહારાજનું સ્વરૂપ છો, તો આપ પણ કંઈક વધારે જમો.'

સ્વામીશ્રી તરત જ કહે : 'એ તો ભગવાન હતા. એટલે થોડામાંથી મોટું કરે અને મોટામાંથી થોડું પણ કરી શકે. એ કરે એ આપણાથી ન થાય.'

કૃષ્ણવલ્લભ સ્વામી કહે : 'બીજું બધું ભલે પડ્યું રહે, પણ જે ખીચડી છે એ તો જમી જાવ.'

બલવીર ભગત કહે : 'મહારાજને આવું કહેવું નહોતું પડતું.'

બલરામ ભગત કહે : 'મહારાજ તો હરિભક્તોના મનોરથ પૂરા કરતા હતા.'

સ્વામીશ્રી કહે : 'એ તો ભગવાન હતા ને ! ભગવાન તો બધું કરી શકે.'

બલરામ ભગત કહે : 'એ જ શ્રીજીમહારાજ

આપમાં વિરાજમાન છે, તો આપ પણ એવું કરો ને !'

સ્વામીશ્રી કહે : 'બધું એમની ઇચ્છા પ્રમાણે થાય છે.'

આટલું કહીને ગોળી ગળતાં ગળતાં સ્વામીશ્રી કહે : 'ખીચડી ક્યાંથી જાય ? આ ગોળીઓ લેવામાં જ પેટ ભરાઈ જાય છે.'

•

રાજેશભાઈ(રાણીપ)નો ફોન હતો. તેઓના સુપુત્ર નીરવને ત્યાં બાળકનો જન્મ થયો હતો. તેઓએ નામ પૂછ્યું. સ્વામીશ્રીએ 'પાર્થ' નામ રાખ્યું, એટલે રાજેશભાઈ કહે : 'શિશુના કાને ફોન મૂકું છું. આપ એને આશીર્વાદ આપો.'

સ્વામીશ્રીએ પ્રેરણા-દીક્ષા આપતાં આ નવજાત શિશુને કહ્યું : 'પાર્થ ! જય સ્વામિનારાયણ. તારું નામ પાર્થ છે, તો તું પાર્થ એટલે અર્જુન જેવો બળવાળો - શક્તિવાળો બનજે. મહારાજ તને બળ આપે અને સુખ-શાંતિ રહે. સારું ભણે ને ભક્તિ થાય અને સુખી થાવ તે આશીર્વાદ છે.'

•

તા. ૨૮-૧૨-૨૦૧૦, મુંબઈ

અંબાલાલભાઈ(બકરીપોળ)નો પૌત્ર જિતેન્દ્ર ન્યૂજર્સીથી આવ્યો હતો. યોગીમંડપમ્‌માં બધા હરિભક્તોની વચ્ચે બેઠો હતો. નાનપણથી તેઓએ સ્વામીશ્રીની પૂજામાં ઘણાં કીર્તનો ગાયાં છે અને સ્વામીશ્રીને પણ જીતુ કીર્તન ગાય છે એ સ્મૃતિ આજે પણ અંકિત છે. વચ્ચે વ્યવસાય વગેરેને કારણે તેઓ સત્સંગમાં નિયમિત આવી શકતા ન હતા, પરંતુ છેલ્લા એક વર્ષથી એ પાછા સક્રિય થયા છે.

દૂર બેઠેલા તેઓને જોતાં જ સ્વામીશ્રી કહે : 'જીતુ ! કેમ છે ? કીર્તન ગાય છે ને ?'

'હા, ગાઉં છું.'


સ્વામીશ્રી કહે : 'તો ઉપર ચાલ, પૂજામાં ગાજે.'

સંતો કહે : 'પણ આજે શિવમણિનો કાર્યક્રમ ગોઠવાઈ ગયો છે.'

સ્વામીશ્રી કહે : 'તો વાંધો નહીં. આશીર્વાદ છે.'

•


આજના ધનુર્માસના પાઠ નિમિત્તે સ્વામીશ્રીએ 'સદાય ગુણગ્રાહક થવું' એ વાક્ય લખી આપ્યું.



•

તા. ૨૯-૧૨-૨૦૧૦, મુંબઈ

સ્વામીશ્રીએ બ્રહ્મવિદ્યાનો પાઠ પઢાવતાં જણાવ્યું કે 'સંપ, સુહૃદભાવ અને એકતા દૃઢ રાખવાં.'



•

તા. ૩૦-૧૨-૨૦૧૦, મુંબઈ

સ્વામીશ્રી પરવારીને બહાર પધાર્યા. લિફ્ટની સામેના કાચ તરફ રામસ્વરૂપ સ્વામીએ સ્વામીશ્રીને દૃષ્ટિ કરાવીને કહ્યું કે 'બરાબર સામે કોહિનૂર (મિલ) દેખાય છે.'

'કોહિનૂર તને મળ્યો ?'


'ના, બાપા !' સાહજિક રીતે રામસ્વરૂપ સ્વામીએ કહ્યું.

એટલે હસતાં હસતાં સ્વામીશ્રી કહે : 'હજી શોધ્યા કરે છે ?'

સ્વામીશ્રીના આ પ્રશ્નમાં જ તેઓને ઉત્તર મળી ગયો. એટલે કહે : 'ના, મળી ગયો.'

•

આજે બ્રહ્મવિદ્યાનો પાઠ પઢાવતાં સ્વામીશ્રીએ લખ્યું : 'મનધાર્યું મૂકી સંત કહે તેમ કરવું.'



•

અમેરિકાથી એક બાળકનો ફોન આવ્યો. એણે વાત કરતાં કહ્યું : 'મારે નિષ્કપટ થવું છે.'

સ્વામીશ્રી કહે : 'વાત કર.'

એ બાળક કહે : 'હું સ્કૂલમાં ભણું છું. ત્યાં મારા મિત્રે મને એવી વાત કરી કે ધર્મ પાળવાથી કોઈ ફાયદો ન થાય. એટલે મેં મારા બચતકુંભમાંથી પૈસા લઈ લીધા અને સ્કૂલમાં એનો નાસ્તો કર્યો, પણ મારી ભૂલ મને સમજાય છે.'


સ્વામીશ્રી કહે : 'ભગવાન ભૂલ માફ કરશે. આપણે ઘરમાંથી કે બહાર ચોરી કરવી જ નહીં. હવે ફરીથી આવું કરતો નહીં. એક ઉપવાસ કરી લેજે અને ફરી આવું ન થાય તે માટે જાણપણું રાખજે.'

•

તા. ૩૧-૧૨-૨૦૧૦, મુંબઈ

આજના બ્રહ્મવિદ્યાના વર્ગનો પાઠ પઢાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું :

'સત્સંગની વાત આપણા યોગમાં આવનારને કરતા રહેવું.'


સત્સંગની વાત આપણા યોગમાં આવનારને કરતા રહેવું.

•

એક વૃદ્ધ આધેડ હરિભક્ત દર્શને આવ્યા. તેઓ કહે : 'એટલાન્ટિક સિટી તરફથી જય સ્વામિનારાયણ.'

સ્વામીશ્રી તરત જ કહે : 'તારું નામ અરવિંદ ને ?'

'હા.'

'તું ભાદરણનો ?'

'હા.'

સ્વામીશ્રી તરત જ કહે : 'ગોરધનભાઈનો ને ?'

આટલું સાંભળતાં જ પેલા હરિભક્તની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.


•

સ્વામીશ્રી હરિભક્તોને મુલાકાત આપી રહ્યા હોય એ દર્શન અત્યંત પ્રેરક અને ભાવસભર હોય છે. પાણીનું એક પણ ટીપું લીધા વગર સ્વામીશ્રી રોજના દોઢસોથી વધારે હરિભક્તોને મળતા હોય છે. એમાં પણ પસાર થતા હરિભક્તોના પ્રશ્નને સાંભળીને, એ પ્રશ્નમાં સંતોષજનક આશીર્વાદ આપવામાં સ્વામીશ્રી ક્યારેય ધીરજ ગુમાવતા નથી. પળે પળે પ્રશ્નોની ભૂમિકાઓ બદલાય છતાં સ્વામીશ્રી આ ઉંમરે પણ એ ભૂમિકા સાથે તાદાત્મ્ય સાધીને તેઓને પ્રેમથી આશીર્વાદ આપે છે.

આજે પણ સૌને મળ્યા પછી સ્વામીશ્રી લિફ્ટ દ્વારા બારમે માળે આવતા હતા. એ દરમ્યાન અમૃતવદન સ્વામી કહે : 'આ ઉંમરે પણ હરિભક્તોને મળવામાં આપની શ્રદ્ધા બહુ છે, થાકતા જ નથી.'

સહજભાવે સ્વામીશ્રી કહે : 'તમે બધા સંતો પણ કરો જ છો ને !' સ્વામીશ્રીએ વાતને સામાન્ય કરી નાખી.

છબિ-પ્રસંગમ્



છબિ-પ્રસંગમ્

'પ્રસંગમ્-૨૦૧૦' પુસ્તકનાં આ છેલ્લાં પૃષ્ઠો,
પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના દૈનિક પ્રસંગો સાથે
તે સમયની ઉપલબ્ધ છબિઓ પણ પ્રસ્તુત કરે છે.
પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ
જ્યાં જ્યાં વિચરે છે, ત્યાં ત્યાં તેમની આજુબાજુમાં
પ્રેરક પ્રસંગોના સ્ફુલિંગો સતત પ્રસરતા રહે છે,
પરંતુ તે પ્રસંગોમાં રમમાણ થઈને માણતા હરિભક્તોમાંથી
કેટલાક સમયસૂચક હરિભક્તો કે છબિકારો
એ અવસરને છબિઓમાં મઢી લે છે.
એવી છબિ-છાયાઓ સાથે તે પ્રસંગ ચિરંતન સ્મરણીય બની રહે છે.
અહીં, એવી કેટલીક ઉપલબ્ધ છબિઓમાંથી
થોડીક છબિઓ અનુરૂપ પ્રસંગો સાથે પ્રસ્તુત છે.
છબિની ગુણવત્તા કરતાં અહીં પ્રસંગનું મહત્ત્વ વિશેષ છે.
આથી, જે તે સમયની છબિ પ્રસંગને પૂરક બનીને
આપણા માનસપટ પર પ્રસંગને વધુ અસરકારક બનાવે છે.
પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના વિચરણ દરમ્યાન
જુદાં જુદાં સ્થળ અને જુદા જુદા સમયે બનેલા એ પ્રસંગોને
'છબિ-પ્રસંગમ્' તરીકે હવે પછીનાં પૃષ્ઠોમાં માણીએ...



તા. ૬-૧-૨૦૧૦, વિદ્યાનગર

છેલ્લા કેટલાક દિવસથી સ્વામીશ્રીનું વિચરણ ખેડા જિલ્લામાં જ હોવાથી, દર સોમવારે સ્વામીશ્રીને અપાતી ઈ.ઈ.સી.પી. ટ્રીટમેન્ટનું મશીન વિદ્યાનગર ખાતે બી.એ.પી.એસ. છાત્રાલયમાં જ રાખવામાં આવ્યું હતું. આથી અવારનવાર અઠવાડિયે - દસ દિવસે એક વખત વિદ્યાનગર પધારવાનું થતું હતું. છાત્રાલયનું સદ્ભાગ્ય જ એવું હતું કે સ્વામીશ્રીએ ટૂંકા ગાળામાં ત્રીજી વખત આ રીતે સૌને દર્શનદાન આપ્યાં હતાં. અહીં રહીને ભણતા વિદ્યાર્થીઓને તેનો અપાર આનંદ હતો. એમાં વળી, આ વર્ષના પ્રારંભમાં જ સ્વામીશ્રીએ પ્રથમ દર્શન આપતાં જ છાત્રોનાં હૈયાં પુલકિત હતાં. સૌ આશ્ચર્યભાવે સ્વામીશ્રીને નિહાળતા હોય એ રીતે આંખ ઉપર હાથની છાજલી કરીને સ્વામીશ્રીને નીરખી રહ્યા હતા. એ જોતાં જ સ્વામીશ્રીએ પોતાની આંખ ઉપર હાથની છાજલી કરીને વિદ્યાર્થીઓની મુદ્રાનું અનુકરણ કરીને સૌને વિશિષ્ટ સ્મૃતિ આપી.

•

તા. ૬-૧-૨૦૧૦, મધુભાન રિસોર્ટ

એલિકોન કંપનીના માલિક પ્રયાસવીનભાઈની વિનંતી સ્વીકારીને આજે સાંજે સ્વામીશ્રી આણંદ-સોજિત્રા રોડ ઉપર આવેલા તેઓના મધુભાન રિસોર્ટમાં પધાર્યા હતા. પ્રયાસવીનભાઈએ ગામની સીમાની બંજર ભૂમિને ચોક્કસ દૃષ્ટિ સાથે વિકસાવીને આ રિસોર્ટ બનાવ્યો હતો. જેમાં ગુજરાતનાં ગામડાંની પરંપરાગત શૈલી અને સંસ્કૃતિની સુગંધની સાથે સાથે આધુનિકતાનો સંસ્પર્શ પણ હતો.

આ રિસોર્ટના પ્રતીક્ષાખંડમાં સ્વામીશ્રી પધાર્યા. પ્રયાસવીનભાઈએ સ્વામીશ્રીનું સ્વાગત કર્યું અને આ રિસોર્ટની વિશેષતા દર્શાવતાં તેઓ કહે : 'અહીં જે કંઈ રચનાઓ કરવામાં આવી છે એ ગુજરાતના જૂનાં ગામડાંઓની શૈલીને અપનાવીને કરવામાં આવી છે. આ રચનાઓની પાછળનો હેતુ એક જ છે કે આવનારી પેઢીઓને ગુજરાતની પ્રાચીન સંસ્કૃતિનો અને ગ્રામ્ય સંસ્કૃતિનો ખ્યાલ આવે અને દેશ-વિદેશથી ધંધા માટે અમારે ત્યાં જે લોકો આવે છે તે લોકોને પણ ગુજરાત પ્રદેશનો પરિચય થાય.'

આટલું કહીને ઉમેરતાં તેઓ કહે : 'આપની બી.એ.પી.એસ. સંસ્થા જે રીતે કાર્ય કરી રહી છે અને આપ જેવું આયોજન કરો છો એ તો એકદમ શ્રેષ્ઠ જ હોય છે. આપના એકેએક કાર્યને હું ઝીણવટથી જોઉં છું. હું જ્યારે આપનાં મંદિરોમાં આવું ત્યારે મંદિર અને પરિસરનું નિરીક્ષણ તો કરું જ છું, પણ સાથે સાથે ત્યાં કઈ વસ્તુઓ વાપરી છે એનું પણ નિરીક્ષણ કરું છું. હું અંતરથી સ્વીકારું છું કે આપના મૅનેજમેન્ટમાંથી અમારે ઘણું શીખવાનું છે. આપ અહીં છો એ દરમ્યાન બી.એ.પી.એસ. સંસ્થાના મૅનેજમેન્ટની એક કોન્ફરન્સ પણ રાખી છે, જેથી અમારા કર્મચારીઓને પણ ખબર પડે કે આપ કઈ રીતે આખી સંસ્થાને મૅનેજ કરો છો.'

મૅનેજમેન્ટનો વિશાળ અનુભવ ધરાવતા એક લબ્ધપ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ તરીકે તેઓને સ્વામીશ્રી અને બી.એ.પી.એસ.ની વિરાટ પ્રવૃત્તિઓ પ્રત્યે અત્યંત આદરભાવ છે, જે તેમના પ્રત્યેક શબ્દમાં પડઘાતો હતો.







તા. ૭-૧-૨૦૧૦, મધુભાન રિસોર્ટ

આજે સવારે સ્વામીશ્રી પરવારીને બહાર પધાર્યા ત્યારે સૂર્યનાં કોમળ કિરણોનો સ્પર્શ સમગ્ર પરિસરમાં છવાઈ ચૂક્યો હતો. ક્યાંક સરોવરમાંથી પ્રતિબિંબિત થતાં કિરણો આંખને આંજી રહ્યાં હતાં, તો આમ્રવૃક્ષો ઉપર ઝિલાઈને ઘટાદાર ડાળીઓમાંથી ચળાઈને આવતો સૂર્ય જમીન ઉપર જાળી રૂપે પ્રતિબિંબિત થઈ રહ્યો હતો. રાતના ઠંડીના સહચારે ખરી પડેલી આમ્ર-મંજરીઓ વડે રસ્તાઓ કુદરતી જાજમનો અનુભવ કરાવી રહ્યા હતા. વૃક્ષ, વનરાજી તથા ઉદ્યાન સમસ્ત ઉપર સૂર્યનાં કોમળ કિરણોનો અભિષેક જાણે કે સ્વામીશ્રીના જ આશીર્વાદ વરસતા હોય એવો હૂંફાળો લાગતો હતો. એક બાજુ ઠંડી પણ એવી જ હતી. વાતાવરણની સંપૂર્ણ અસર વર્તાઈ રહી હતી. સ્વામીશ્રી પણ શાંતિથી પરવારીને સરોવરની પાળે થઈને ઉતારાથી જમણી તરફ આવેલા પ્રયાસવનમાં પધાર્યા. ગલી કોટેજીસની પાછળ આવેલા આ ઉપવનમાં એક માર્કી કરી દેવામાં આવી હતી. સ્વામીશ્રીના મંચને ઢંકાય એટલી માર્કી હતી, બાકી પ્રયાસવીનભાઈનો પરિવાર અને કર્મચારીઓ તથા સંતો માટે લોન ઉપર ખુરશી મૂકી દેવામાં આવી હતી. મંચ ઉપર દાદા-ખાચરના દરબારની પાર્શ્વભૂ રચવામાં આવી હતી અને ઠંડીને ખાળવા માટે ગેસહીટરો મૂકવામાં આવ્યાં હતાં. આ હીટરોએ મંચ ઉપર રૂમ જેવું હૂંફાળું વાતાવરણ રચી દીધું હતું. સ્વામીશ્રી મંચ ઉપર પધારીને પૂજામાં પરોવાયા. સામે ૭૫થી વધારે હરિભક્તો હતા નહીં, કંઈક નવું જ વાતાવરણ લાગી રહ્યું હતું. વર્ષો પછી આટલી નીરવતા, આટલું એકાંત અને છતાં પણ આટલું સહજ સાંનિધ્ય અનુભવાઈ રહ્યું હતું.

•

તા. ૮-૧-૨૦૧૦, મધુભાન રિસોર્ટ

સવારે ૧૧:૦૦ વાગ્યા હતા. રિસોર્ટના પરિસરમાં ઊભેલા સૌ કોઈ પોતપોતાની રીતે સ્વામીશ્રીની સ્મૃતિ મમળાવતા હતા. કોઈ સ્વામીશ્રીના ઉતારાની બહારના ચોકમાં ઊભાં ઊભાં વાતો કરી રહ્યા હતા, તો વળી કો'ક સ્વિમિંગપૂલ ઉપર ગોઠવાયેલી શેટી ઉપર બેસીને શિયાળાની સવારનો તડકો લઈ રહ્યા હતા. કેટલાક પોતપોતાની પ્રવૃત્તિમાં હતા અને ત્યાં જ અચાનક જાણે કે સ્વામીશ્રીનો કૃપાલાભ અનરાધારે વરસતો હોય એવી અનુભૂતિ થઈ. સ્વામીશ્રી સ્વયં બહાર પધાર્યા, ત્યારે





લગભગ ૧૧:૪૫ વાગ્યા હતા. આંખો ન માની શકે એવો આ લાભ હતો. વ્હીલચૅરમાં વિરાજેલા સ્વામીશ્રી સરોવરની પાળની ફરતે ભ્રમણ કરી રહ્યા હતા. શરૂઆતમાં વ્હીલચૅરમાં વિરાજીને સ્વામીશ્રીએ સરોવરની પાળે વિહાર કર્યો અને ત્યારપછી વ્હીલ-ચૅરમાંથી ઊતરીને એકલા ચાલતાં ચાલતાં ભ્રમણ કર્યું. સ્વામીશ્રીનાં દર્શન કરતાં કેટલાયની આંખમાં ઝળઝળિયાં જોઈ શકાતાં હતાં. સ્વામીશ્રીએ પ્રયાસ-વનમાં બંધાયેલા સભામંડપ અને સ્વિમિંપૂલની વચ્ચે આવેલા આમ્રવૃક્ષની નીચે આસન જમાવ્યું. પંદરેક મિનિટ અહીં વિરાજ્યા. સંતો-હરિભક્તો ટોળે વળીને બેસી ગયા. એ દરમ્યાન ડૉક્ટર સ્વામીને વાત કરવાનો નિર્દેશ કર્યો. ડૉક્ટર સ્વામીએ બળ અને પ્રેરણાની ખૂબ વાતો કરી અને ત્યારપછી સ્વામીશ્રી સરોવરના સામા છેડે પધાર્યા. અહીં વ્હીલચૅરમાંથી ઊતરીને સ્વામીશ્રીએ ભ્રમણ કર્યું. સરોવરની પાળ ઉપર ચાલી રહેલા સ્વામીશ્રી પર સૂર્ય અભિષેક કરી રહ્યો હતો. આમ્ર-વૃક્ષોની મંજરીઓનો આનંદ વરસી વરસીને નીચે પથરાઈ રહ્યો હતો. નીચે પવનની લહેરખીથી વેરાયેલી આમ્રમંજરીઓ ઉપર ચરણ પડતા જતા હતા અને પ્રત્યેક આમ્રવૃક્ષ જાણે ધન્યતાનો અનુભવ કરતું જતું હતું. આમ્રવૃક્ષની ઘટામાંથી ચળાઈને આવતો તડકો સ્વામીશ્રી ઉપર પડીને સ્વયં પ્રકાશિત થઈને ધન્યતા અનુભવી રહ્યો હતો અને આમ્રવૃક્ષોમાંથી ગળાઈને આવતી પવનની ઠંડી લહેરખીઓને સ્વામીશ્રીના સ્પર્શનો એવો રોમાંચ હતો કે ગેલમાં આવી જઈને આમ્રવૃક્ષોની પ્રત્યેક ડાળીને હલાવી હલાવીને જાણે કે સ્વામીશ્રીની સંનિધિમાં પ્રત્યેકને નૃત્ય કરાવી રહી હતી. એક અદ્‌ભુત અનુભૂતિ હતી. વરસો પહેલાં જે સામાન્ય અનુભૂતિ હતી એ આજે અસામાન્ય અને અસાધારણ અનુભૂતિ બની રહી હતી.

•

તા. ૧૪-૧-૨૦૧૦, વડોદરા

મકરસંક્રાંતિ(ઉત્તરાયણ)નો દિવસ હંમેશાં અવિસ્મરણીય હોય છે. આ પ્રસંગનો લાભ લેવા દેશ-વિદેશથી હજારો હરિભક્તો ઊમટતા હોય છે, કારણ કે આ એક જ દિવસ એવો હોય છે કે જ્યારે સ્વામીશ્રી સ્વયં ઝોળી ફેલાવે છે અને એમાં પણ સભા પછી સ્વામીશ્રી આસન ઉપરથી ઊભા થઈને બંને ખભે બે ઝોળી લટકાવીને ભિક્ષાની આહ્‌લેક લગાવતા હોય એ વખતનું દૃશ્ય અવિસ્મરણીય બની રહે છે. આજે પણ એ જ દિવસ હતો.



આશીર્વચન દરમ્યાન સ્વામીશ્રીએ પોતાની વાત કરતાં જણાવ્યું : ‘‘હું ભાદરણ અને ખંભાતમાં ભણતો હતો, તે દર રવિવાર ને એકાદશીને દિવસે ઝોળી માગવા જતો હતો. ત્યાં જઈને બોલવાનું શું હતું ?

સ્વામિનારાયણ હરે...! સચ્ચિદાનંદ પ્રભો...!

સંતો ફળિયામાં ઊભા રહે, પણ જઈને ત્યાં આમ બોલવાનું, એટલે સંતો આવ્યા છે એમ ખબર પડે.

પછી અમારી સાથે હોય એણે બોલવાનું. પેલો

સાથેનો બોલે –

સ્વામિનારાયણ હરે....! સચ્ચિદાનંદ પ્રભો....!

આવી રીતે આહ્‌લેક જગાવીએ. એટલે આ પ્રમાણે ઝોળી ઉપર મંદિર થયાં છે. ભિક્ષા માગીને, ઝોળી માગીને જે આવે એમાંથી આ કામ થયું છે. આજે ભગવાનની દયાથી આપ જેવા હરિભક્તો તૈયાર થયા છે તો આજે ઝોળી માગવા ઘરોઘર જવું પડતું નથી, પણ સામેથી જ તમે સેવા કરો છો, માટે ધન્યવાદ છે. ભગવાન તમને અનંત ગણું આપે, તમારામાં સત્સંગ દૃઢ થાય. કુટુંબ-પરિવારમાં સુખિયા થવાય ને સમાજમાં પણ શાંતિ થાય તે આશીર્વાદ છે.''

•

તા. ૧૭-૧-૨૦૧૦, વડોદરા

સ્વામીશ્રી ઉતારે પધાર્યા ત્યારે હરિકૃષ્ણ મહારાજ થાળ જમી રહ્યા હતા. 'આવજો છોગલાધારી' એ થાળ ગવાઈ રહ્યો હતો. સ્વામીશ્રી પણ ત્યાં ઊભા રહીને ભક્તિભાવપૂર્વક દર્શન કરવા લાગ્યા અને હળવી તાળી પાડતાં પાડતાં એ થાળ ગાવા લાગ્યા. સ્વામીશ્રીની આ ભક્તિમય ક્ષણોને કંડારવા માટે વીડિયો પાડી રહેલા યુવકે સ્વામીશ્રી તરફ કૅમેરો ફેરવ્યો કે તરત જ સ્વામીશ્રી કહે : 'આ બાજુ ક્યાં ફેરવે છે ? આમ ફેરવ ને !' એમ કહીને કૅમેરો ઠાકોરજી તરફ કરાવ્યો. થોડી વાર પછી વળી પાછો કૅમેરો સ્વામીશ્રી તરફ ફોકસ થતાં જ સ્વામીશ્રીએ ઠપકાના સૂરમાં કહ્યું : 'જો પાછો, ફરી ક્યાં આમ કર્યું ?' એમ કહીને ફરીથી પણ ભોજન અંગીકાર કરી રહેલા હરિકૃષ્ણ મહારાજની વીડિયો લેવડાવી.

•





તા. ૨૬-૧-૨૦૧૦, વડોદરા

પૂજા કરવા માટે સ્વામીશ્રી મંદિરની સામેના પરિસરમાં જવા માટે ગોલ્ફકાર્ટમાં બિરાજીને નીકળ્યા. માર્ગમાં મંદિરના ટાવરવાળા ચોકમાં દાહોદ, પંચમહાલ વગેરે ક્ષેત્રના આદિવાસીઓ તીરકામઠા સાથે નૃત્ય કરી રહ્યા હતા, તો કેટલાક પિરામિડ પણ કરી રહ્યા હતા. સંપૂર્ણ વાતાવરણ નૃત્યમય હતું. ચારે બાજુ આનંદનો માહોલ છવાયેલો હતો.

ગોલ્ફકાર્ટમાં બેઠાં બેઠાં આ સૌ ઉપર સ્વામીશ્રી દૃષ્ટિ કરી રહ્યા હતા. કેટલાક સંતો ગોલ્ફકાર્ટની આગળ ચાલતા હતા. એ જોતાં સ્વામીશ્રીએ સૌને કહ્યું : 'ગાડીની પાછળ ચાલો.' કારણ કે હરોળબદ્ધ ઊભા રહેલા આદિવાસી હરિભક્તો સ્વામીશ્રીની દૃષ્ટિમાં પોતાની દૃષ્ટિ મેળવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. અને એમનો એ ભાવ દૃષ્ટિ દ્વારા સ્વીકારીને સ્વામીશ્રી વાત્સલ્ય વહાવી રહ્યા હતા. સ્વામીશ્રીના હૃદયમાં સૌનું સ્થાન છે, આદિવાસી હોય કે વિદેશી.

•

તા. ૨૮-૧-૨૦૧૦, વડોદરા

ગોલ્ફકાર્ટ સ્વામીશ્રીને લઈને સભામંડપ તરફ જઈ રહી હતી. મંદિરના ટાવરવાળા દરવાજે જાસપુરના નટુભાઈ નામના વૃદ્ધ હરિભક્ત ખુરશી ઉપર બેઠા હતા. ગાડી આગળ ચાલી રહી હતી, ત્યાં સ્વામીશ્રીની દૃષ્ટિ તેઓ ઉપર પડી. સ્વામીશ્રી બોલવા લાગ્યા : 'ઊભી રાખ, ઊભી રાખ.' જોકે એકેલિકની કૅબિનમાંથી સ્વામીશ્રી બોલી રહ્યા હોવાથી કોઈને એ સંભળાતું ન હતું. એટલે ગાડી આગળ વધતી જતી હતી, પરંતુ સ્વામીશ્રીએ બોલવાનું ચાલુ જ રાખ્યું એટલે સંતોનું





ધ્યાન પડતાં ગાડી અટકાવી. વૃદ્ધ નટુભાઈને નજીક બોલાવવાનો પ્રયત્ન સૌ કરવા લાગ્યા. જોકે સ્વામીશ્રીની પાછળ સંતો અને હરિભક્તોની ભીડ એટલી બધી હતી કે નટુભાઈ આવી શકે એમ હતા નહીં. એટલે સ્વામીશ્રીએ જ ગાડી પાછળ લેવાનો આદેશ આપ્યો.

ગાડી પાછી દરવાજામાં આવી. સ્વામીશ્રી નટુભાઈ આગળ આવ્યા. વચ્ચે એક્રેલિકની કૅબિનનો પડદો હતો. કાયમની જેમ નટુભાઈ કેફથી બોલ્યા : *'સ્વામીશ્રીજી જિનકે હૃદય મેં, સો કછુ કર્મ કરે ન કરે.'*

સ્વામીશ્રી પણ તેઓને પ્રેમથી મળ્યા. નટુભાઈએ એક્રેલિક ઉપર પોતાના બે હાથ રાખ્યા અને સ્વામીશ્રીએ પણ વાંકા વળીને એ બે હાથની બરાબર સામે પોતાના બે હાથ રાખ્યા અને એ રીતે તેઓને વિશિષ્ટ રીતે મળીને પોતાની આત્મીયતા વ્યક્ત કરી, પ્રેમથી તેઓને મળ્યા. નટુભાઈએ ખિસ્સામાંથી ૨૦૦ રૂપિયા કાઢીને હરિભક્તને આપતાં કહ્યું કે 'આની બદામ લઈને પ્રમુખસ્વામીને જમાડજો.' આ રીતે એક આત્મીયતાસભર મુલાકાતનો સૌને વિશિષ્ટ લાભ મળ્યો. નટુભાઈને રાજી કરીને સ્વામીશ્રી આગળ વધ્યા ત્યારે બોલ્યા : 'ગામમાં આ એક જ શૂરવીર હરિભક્ત, વિભીષણની જેમ.'

જૂના હરિભક્તની સેવાની કદર કરીને સ્વામીશ્રી આ રીતે બિરદાવી શકે છે.

•

તા. ૧-૨-૨૦૧૦, વડોદરા

શાસ્ત્રીજી મહારાજના ઓરડાની બહારના સભાખંડમાં BSNLના કર્મચારીઓને લઈને કાર્યકર બિપીનભાઈ બેઠા હતા. ભાગ્યસેતુ સ્વામીએ સૌનો પરિચય આપ્યો, એટલે મુઠ્ઠી વાળીને કાન ઉપર લઈ જઈને જાણે ફોનમાં વાત કરતા હોય તેવો અભિનય કરીને સ્વામીશ્રી કહે : 'એલાવ... એલાવ... જીવનમાં તમને બધાને શાંતિ થાય અને તમે ફોનમાં કામ કરો છો તો ફોનમાં થોડી થોડી વાત ભગવાનની પણ કરજો.'

•

તા. ૧૨-૨-૨૦૧૦, ગાંધીનગર

મુલાકાતના સમય દરમ્યાન આજે માદમ મહમ્મદ નામના એક ૪૫ વર્ષના મુમુક્ષુ દર્શને આવ્યા હતા. તેમના પરિવારજનો પણ સાથે હતા.

અહીં એક ઇતિહાસ રચાયો હતો. આજથી લગભગ ૧૮ વર્ષ પહેલાં ૧૯૯૨ની સાલમાં અક્ષરધામના ઉદ્‌ઘાટન પ્રસંગે 'યોગી શતાબ્દી મહોત્સવ' ચાલી રહ્યો હતો. આ મહોત્સવ દરમ્યાન કેટલાક એવા મિથ્યા સમાચાર છાપાંઓમાં પ્રસારિત થયા હતા કે 'પ્રમુખસ્વામીની તબિયત અત્યંત નાદુરસ્ત છે અને ડૉક્ટરોએ ૧૮ કલાક સુધી તો આરામ કરવાનું જ કહ્યું છે.' આ સમાચારમાં કશું તથ્ય તો હતું નહીં, પરંતુ એને કારણે સમાજમાં કેટલીક ગેરસમજો પ્રવર્તી હતી અને ઘણાનાં મન ઊંચાં રહેતાં હતાં. સ્વામીશ્રીની સાર્વત્રિક લોકપ્રિયતાને કારણે એ વખતે ઘણા ફોન પણ આવતા હતા, પરંતુ એ વખતે માદમ મહમ્મદ નામના આ મુસલમાન યુવાનને પણ હૃદયમાં ફડકો પડ્યો હતો. એમને સત્સંગની કોઈ જ પાર્શ્વભૂમિકા હતી નહીં, પરંતુ પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યેના અનહદ આદરને કારણે એમણે સ્વામીશ્રીને જ પત્ર લખતાં જણાવ્યું હતું કે 'મેં એવું સાંભળ્યું છે કે ૧૮ કલાક આપને આરામ કરવો પડશે. આ સમાચારથી મારા હૃદયને ઘણો



આઘાત લાગ્યો છે. આપના જેવા સંતની અહીં ખૂબ જ જરૂર છે. મારા જેવા એક બિનહિન્દુ(મુસલમાન)ને પણ આપના પ્રત્યે આદર છે અને એટલે જ હું ખુદાને પ્રાર્થના કરું છું કે મારી બધી જ ઉંમર આપને લાગી જાય અને આપનાં દર્શનની મારી ઇચ્છા છે. આ દર્શન માટે હું બે-પાંચ-દસ વર્ષ પણ રાહ જોઈશ. આપના જવાબની પણ હું રાહ જોઈશ.'

સમૈયા દરમ્યાનની વ્યસ્તતાઓને કારણે ધર્મચરણ સ્વામીએ એ પત્ર વાંચીને એના ઉપર નોંધ કરી હતી કે 'નારાયણમુનિ સ્વામીને મળીને આ બાબતમાં વિમર્શ કરીને રૂબરૂ બોલાવવા.' ત્યારપછી રોજ રોજ આવતા હજારો પત્રોના ઢગલાની વચ્ચે આ કાગળ સંતાઈ ગયો અને વાત વિસારે પડી ગઈ, પરંતુ આ મુમુક્ષુની અંતરની આરત હતી. એને કારણે સામાન્યતયા વંચાઈ ગયેલા પત્રોનો નાશ કરી દેવામાં આવતો હોય છે, પરંતુ આ પત્ર એમ ને એમ પડી રહ્યો, અને આ વખતે સ્વામીશ્રી જ્યારે અટલાદરા હતા ત્યારે કબાટ ખોલીને ધર્મચરણ સ્વામી કાંઈક લેવા ગયા ત્યાં આ પત્ર મળી આવ્યો. તેઓએ આ પત્ર બ્રહ્મવિહારી સ્વામીને આપ્યો અને એ પત્ર વાંચીને ગાંધીનગરમાં રહેતા આ યુવાનની તપાસ કરાવવા માટે ગાંધીનગરના કાર્યકરો – નીતિન છનિયારા અને જાગ્રતભાઈને મોકલવામાં આવ્યા. જે એડ્રેસ લખવામાં આવ્યું હતું એ એડ્રેસ ઉપર ૧૮ વર્ષ પછી તો કોઈ મળ્યું નહીં, પરંતુ સરકારી દફતરના આધારે તપાસ કરતાં કરતાં તેઓના પિતાશ્રીની ભાળ મળી અને પિતાશ્રીએ જુદા રહેવા ગયેલા પોતાના પુત્રનું એડ્રેસ આપ્યું.

યુવકો ત્યાં ગયા ત્યારે પહેલાં તો આ માદમ મહમ્મદને નવાઈ લાગી, પરંતુ જ્યારે કહ્યું કે અમે ગાંધીનગર અક્ષરધામથી આવીએ છીએ, ત્યારે તેઓને ઘરમાં બેસાડ્યા. આ બંને યુવકોએ ૧૮ વર્ષ પહેલાં તેઓએ જે પત્ર સ્વામીશ્રી ઉપર લખ્યો હતો એનો ઉલ્લેખ કર્યો, ત્યારે આ મુસલમાન બિરાદરને બધું જ યાદ હતું અને એને પણ ખૂબ જિજ્ઞાસા સાથે રસ પડ્યો. પરિણામે, ઘરમાં અંદર જતાં રહેલાં તેઓનાં બીબી-બચ્ચાં પણ આ સૌને મળવા માટે આવી ગયાં અને સૌની ખૂબ સરભરા કરી. આ બંને યુવકોએ જ્યારે માદમ મહમ્મદને કહ્યું કે 'પ્રમુખસ્વામી મહારાજને આ પત્રની ખબર પડતાં તમને ખાસ દર્શન માટે બોલાવ્યા છે,' ત્યારે આ યુવક ખૂબ જ ગળગળો થઈ ગયો.

બે દિવસ પહેલાં આ સઘળી હકીકત રાત્રીભોજન દરમ્યાન બ્રહ્મવિહારી સ્વામી રજૂ કરી રહ્યા હતા ત્યારે ૧૯૯૨માં આવેલા પત્રના સંદર્ભમાં સ્વામીશ્રી મારી સામે જોઈને કહે : 'આ યુવકને આપણે કાગળનો જવાબ લખ્યો ન હતો ?'

એટલે અમે સમજાવ્યું કે 'એની ઉપર નોંધ તો થયેલી છે, એટલે કાગળ વંચાયો તો હશે જ, પરંતુ રૂબરૂ બોલાવવાનું નક્કી થયું હશે અને રૂબરૂ બોલાવવામાં સંજોગો અનુકૂળ નહીં આવ્યા હોય એટલે મેળ કદાચ નહીં પડ્યો હોય !'

આ સંદર્ભમાં રાત્રે પુનઃ વાતો ચાલી. '૧૮ વર્ષ પહેલાંના એ પત્રનો જવાબ નહોતો અપાયો ?' એ સવાલમાં વ્યક્ત થતી સ્વામીશ્રીની એ ચીવટની વાતો થઈ.

સ્વામીશ્રી કહે : 'જો પેલાની (મુસલમાન યુવાનની) ભક્તિ હતી તો ૧૮ વર્ષે પણ મહારાજે સાંભળી, પણ એને પત્ર લખાયો કે નહીં એ ફરજ બજાવવી એ આપણી ભક્તિ છે. કોઈએ પત્ર લખ્યો હોય એને જવાબ લખવો એ આપણી ફરજ છે.'

અત્યારે આ યુવક સૌની વચ્ચે હરોળમાં ઊભો હતો. સ્વામીશ્રીનાં ૧૮ વર્ષે પણ એને વ્યક્તિગત દર્શન થતાં એ ગળગળો થઈ ગયો હતો. એણે વાત કરી કે 'હું અમદાવાદ શાહીબાગ મંદિરની નજીક જ રહેતો હતો. પહેલા ધોરણમાં ભણતો ત્યારથી મારા પિતાશ્રી મને અમદાવાદની દરગાહમાં લઈ જતા અને ત્યારે શાહીબાગ મંદિરની નજીકથી પસાર થવાનું થતું.

૪૦ વર્ષથી મારા મનમાં એ વખતે સંકલ્પ હતા કે આપના જેવા ઓલિયાનાં દર્શન કરવાં. 'યોગી શતાબ્દી મહોત્સવ'માં પત્ર લખ્યો ત્યારે પણ જવાબની રાહ જોવામાં હું ચાલીસે ચાલીસ દિવસ ઉત્સવમાં પણ આવ્યો હતો અને જ્યારે મેં સાંભળ્યું કે ૧૮ કલાક આપને આરામ જ કરવો પડશે, ત્યારે મારું હૃદય હચમચી ગયું હતું, એટલે કાગળ લખ્યો હતો. આજે મને ખૂબ આનંદ થાય છે કે ભગવાને મારી પ્રાર્થના સાંભળી ને એ ભગવાન પ્રમુખસ્વામી મહારાજમાં પણ હાજર છે.'

સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપતાં કહ્યું : 'તમારું શુદ્ધ હૃદય છે અને ભગવાન દરેકમાં રહીને કામ કરે છે, તો તમને પણ આશીર્વાદ છે. ભગવાન તમને સફળતા અને યશ આપશે.'

તેઓની સાથે આવેલા તેઓના કાકાએ પણ સ્વામીશ્રીને કહ્યું : 'ખુદા તમારા જેવા સંતોને કાયમ આ પૃથ્વી ઉપર રાખે. માનવજાતનું એમાં જ કલ્યાણ છે.'

એક ઐતિહાસિક ઘટના ઘટી ગઈ.

•

તા. ૧૬-૨-૨૦૧૦, ગાંધીનગર

'સત્ ચિત્ આનંદ' વૉટર શૉના દિગ્દર્શક ઈવ પીપા તથા તેઓના સહકર્મચારીઓ આજે ફ્રાન્સ જવા વિદાય લેવાના હતા. એટલે આજે ફરીથી તેઓ સ્વામીશ્રીનાં દર્શન અને આશીર્વાદ લેવા માટે આવ્યા હતા. સ્વામીશ્રીએ હાર પહેરાવીને ઈવ પીપાનું સ્વાગત કરીને આશીર્વાદ આપ્યા. સૌ ખુરશી ઉપર બેઠા.

ગઈકાલે અક્ષરધામમાં વૉટર શૉના વેદોક્ત-પૂજનનો પ્રસંગ ઊજવાઈ ગયો હતો. તેનો નિર્દેશ કરતાં સ્વામીશ્રી કહે : 'કાલે પ્રોગ્રામ સારો થયો. બધા બહુ રાજી થયા. દિલથી કામ કર્યું છે. જે જોશે એને પ્રેરણા પણ મળશે. દરેકે મહેનતપૂર્વક, ખંતથી કામ કર્યું છે, એટલે ભગવાન રાજી થશે. હજારોના આશીર્વાદ પણ સાથે સાથે મળશે. સમય કાઢીને તમે અહીં આવ્યા અને સમય પ્રમાણે કામ પણ કર્યું. એ જ રીતે હવે પછી બીજે પણ પ્રોગ્રામ થાય એમાં પણ ખૂબ સફળતા મળે ને વધારે ને વધારે સારું કાર્ય થાય. તંદુરસ્તી સારી રહે અને કુટુંબમાં પણ શાંતિ રહે એ આશીર્વાદ છે, અને સાથેના સ્ટાફને પણ એ આશીર્વાદ છે.'

ઈશ્વરચરણ સ્વામી કહે : 'ઋષિ જેવા જ લાગે છે.'



સ્વામીશ્રી કહે : 'ઋષિ જ છે ને !' આટલું કહીને પીપા શબ્દની વિશેષ વ્યુત્પત્તિ કરતાં સ્વામીશ્રી કહે : 'અમૃત પી અને પા.' આ સાંભળીને સૌ હસી પડ્યા.

પીપા કહે : 'તમે જે વિશ્લેષણ કર્યું એમાં મારા નામ સાથેની વાત કરું એ મને અજુગતું લાગે છે, પણ હું એટલું કહું કે અહીં જ્યારે કામ કરવા માટે આવ્યા ત્યારે અમે તો અજાણ હતા, પણ તમારા તરફથી જે પ્રેરણા મળી એ અમે પીધી અને એ જ પ્રેરણા બીજાને પણ આપી.'

સ્વામીશ્રી કહે : 'સારામાં સારું આપ્યું. હજારો લોકો જોશે ને પ્રેરણા લઈને જશે એ મોટામાં મોટું કામ થશે. અમૃત તમે પીધું ને હજારો પીશે.'

ઈવ પીપા આવતીકાલે વહેલી સવારે ફ્લાઇટમાં પાછા ફ્રાન્સ જઈ રહ્યા હતા, એ સંદર્ભમાં તેઓ કહે : 'આટલા સમય સુધી સાથે કામ કર્યું, અમને તમારી ખોટ સાલશે.'

સ્વામીશ્રી કહે : 'બરાબર છે. એકબીજા સાથે કામ કર્યું એટલે પ્રેમ વધે ને ! એટલે ખોટ લાગે જ. તમનેય લાગશે અને અમને પણ લાગશે. આવા સારા સ્થાનમાં આધ્યાત્મિક શૉ થયો છે એટલે બધા તમને યાદ કરશે. બધાને ખૂબ સંતોષ થયો છે.'

ઈવ પીપા કહે : 'આપની વાત બરાબર છે. બધાને સંતોષ થયો એટલે મને પણ આનંદ છે. અમારા સ્ટાફને પણ આનંદ છે. પણ હું એમ માનું છું કે આવી સિદ્ધિ પછી પણ અભિમાન ન કરાય ને અભિમાન આવવા દેવાય પણ નહીં. કારણ, અમારું કામ છે – જે વાત લોકોને પહોંચાડવી છે એ લોકો સુધી બરાબર પહોંચે એ; અને એમાં સિદ્ધિ મળે અને શૉ થયા પછી પણ પ્રસિદ્ધિ મળે, પણ માન તો ન જ આવવું જોઈએ.'

સ્વામીશ્રી કહે : 'અમારા આધ્યાત્મિક જ્ઞાનમાં પણ એ જ વસ્તુ આવે છે કે ગમે એટલું કામ કરીએ પણ માન લાવવાનું જ નહીં. જે કંઈ કરીએ છીએ એ ભગવાનને રાજી કરવા માટે કરવાનું છે. કર્તા ભગવાન છે, પ્રેરણા પણ એમની છે, એટલે આપણે માન લેવાનું જ ક્યાં છે ? ભગવાને શક્તિ આપી છે એમ માનીએ એટલે અભિમાન ન આવે અને વિઘ્ન પણ ન આવે.'

આટલું કહીને ઈવ પીપાને કહે : 'તમારી સમજણ બહુ સારી છે. ઘણા એમ કહે કે અમે આમ કર્યું ને અમે તેમ કર્યું, પણ બધું ભગવાન જ કરે છે.'

લગભગ અડધો કલાક સુધી તેઓ તથા તેઓની સાથેના સ્ટાફની સાથે સ્વામીશ્રીએ ખૂબ હળવી પળોમાં પ્રેરણાદાયી વાતો કરી. છેલ્લે સૌને સ્મૃતિભેટ આપી અને આપતી વખતે કહે : 'આ ભગવાનનું કામ છે અને તમે ભગવાનનું કામ કર્યું છે એટલે ભગવાનના આશીર્વાદ છે. તમે મહેનત કરી છે, એટલે અમે બીજું તો નહીં પણ ભગવાન આપીએ છીએ. એટલે સુખ-શાંતિ તમારા જીવનમાં અને પરિવારમાં પણ રહે.'

તેઓની સાથે આવેલા ક્લોડ અને જેમ્સને પણ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. ક્લોડ ડીઝનીનું કામ પડતું મૂકીને અહીં આવ્યા હતા. તેઓ પણ ટૂંક સમયમાં પાછા જઈ રહ્યા હતા. તેઓએ બી.એ.પી.એસ. સંસ્થાના નિષ્ણાતો સાથેની પોતાની અનુભૂતિ વ્યક્ત કરતાં કહ્યું : 'મારી જિંદગીમાં ઘણા શૉ મેં કર્યા છે, પણ આ પહેલો અનુભવ છે કે આટલા સરળ, ઋજુ અને ટેક્નિકલી એક્સપર્ટ માણસોના સમૂહમાં કામ કરવાનું મળ્યું. બધા બહુ પવિત્ર છે.'

ઈવ પીપા સાથેનો આ વાર્તાલાપ આધ્યાત્મિક પ્રેરણારૂપ બની ગયો.

•

તા. ૨૫-૨-૨૦૧૦, ગાંધીનગર

આજે એક આનંદના સમાચાર આવ્યા હતા – ન્યૂજર્સી - રોબિન્સ વિલમાં બંધાનારા અક્ષરધામના બાંધકામ તથા તેની ઊંચાઈ માટેની પરમિશન આજે મળી ગઈ હતી. હમણાં જ એ અંગેનો ફોન આવ્યો હતો. સ્વામીશ્રીના મુખ ઉપર એનો આનંદ વિશેષ હતો. ચાલુ પૂજામાં જ વિવેકસાગર સ્વામી તથા યજ્ઞવલ્લભ સ્વામીને આ વિષે વાત કરવા આજ્ઞા કરી. ત્યારપછી સ્વયંભૂ રીતે જ વિવેકસાગર સ્વામીને બોલાવીને આ જાહેરાત કરવાનું કહ્યું. વિવેકસાગર સ્વામીએ પાંચ મિનિટમાં સુંદર રીતે સ્વામીશ્રીના સંકલ્પ, કૃપા અને ઐશ્વર્યની વાતો કરી. વિવેકસાગર સ્વામીએ અક્ષરધામની ભૂમિ પર બાંધકામની પરમિશન મળ્યાની જાહેરાત કરી ત્યારે સ્વામીશ્રીએ



હર્ષભેર હાથ ઊંચો કરી અક્ષરધામનું નિર્માણ સર્વોપરિ થઈ જાય તેવા આશીર્વાદ આપ્યા. વાતાવરણ ખૂબ દિવ્ય બની ગયું. વિવેકસાગર સ્વામીનું પ્રવચન ચાલુ હતું એ દરમ્યાન સ્વામીશ્રી મને કહે : 'યજ્ઞવલ્લભ સ્વામી અહીં આવ્યા છે અને તેઓ ત્યાં અક્ષરધામની જવાબદારી સંભાળે છે એવી વાત વિવેકસાગર સ્વામી કરે એમ કહી આવો અને છેલ્લે એમને સભામાં ઊભા પણ કરજો.'

છેલ્લે વિવેકસાગર સ્વામીએ યજ્ઞવલ્લભ સ્વામીની જવાબદારીની વાત કરી અને તેઓને ઊભા પણ કર્યા. તેઓએ સ્વામીશ્રીને હાર અર્પણ કર્યો. સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં કહ્યું : 'વહેલાંમાં વહેલું પૂરું થઈ જાય. બધાના દેશકાળ સારા થાય અને નિર્વિઘ્ને પૂરું થઈ જાય એ આશીર્વાદ છે.'

રૂમમાં પધારીને ભોજન લેવા બિરાજ્યા, પરંતુ આજે ભોજનમાં સ્વામીશ્રીને રુચિ જ ન હતી, સ્વામીશ્રીને તો ન્યૂજર્સી અક્ષરધામના બાંધકામની પરમિશન મળી તેની વિશેષ વિગતો જાણવામાં જ રસ હતો, એટલે કનુભાઈ પટેલને ફોન જોડાવ્યો. તેઓ તથા તેઓના સહયોગીઓએ લગભગ પોણો કલાક સુધી વિગતથી પરમિશન સંબંધી વાતો કરી. સ્વામીશ્રી ખૂબ રાજી થયા અને કહે : 'બધાને આશીર્વાદ છે. શ્રીજીમહારાજની દયાથી પાસ થઈ ગયું છે, એટલે બધા રાજી થયા છે. તમારા બધાના પ્રયત્નો સફળ થયા છે. કામ સરસ થઈ જાય, સરળ થઈ જાય, વિઘ્ન ન થાય એ મહારાજને પ્રાર્થના છે.'

કનુભાઈ કહે : 'આપનો જ દિવ્ય પ્રવેશ હતો.'

સ્વામીશ્રી કહે : 'શ્રીજીમહારાજની દયા અને એમનો પ્રવેશ.'

પોણો કલાકનો અહેવાલ સાંભળ્યા પછી સ્વામીશ્રીએ સૌ ઉપર ફોનમાં જ આશીર્વાદ વરસાવતાં કહ્યું : 'કનુભાઈ તથા ભરત તથા ભાવિન (ભાવેશ) તથા બધા કાર્યકર્તાઓ અને હરિભક્તોને જય સ્વામિનારાયણ. વાત જાણીને આનંદ થયો છે. આપ બધાએ મહારાજનો સંકલ્પ અને જોગીબાપાનો સંકલ્પ હતો એટલે સારી રીતે મહેનત કરી છે અને પરમિશન મળી પણ ગઈ છે. બોર્ડમાં નક્કી થયું છે એટલે હવે કોઈ જાતનો વાંધો નહીં આવે. આપણું જ્ઞાન સાચું છે, આપણી વાત સાચી છે, મહેનત પણ સાચી છે અને ભગવાનને રાજી કરવા છે એટલે કોઈ જ વાંધો નહીં આવે. નક્કર કામ છે. ભક્તિ કરવી છે અને લોકો સુખી થાય એ આશય છે, એટલે કોઈ જ વાંધો નહીં આવે. 'સારા કામમાં સો વિઘ્ન' એમ કહ્યું છે, એટલે નાનાં-મોટાં વિઘ્ન આવે તોય વાંધો નહીં આવે. તમે બધા બહુ બળવાળા છો. અહીં પણ બધા સંતો બેઠા છે. (એમ કહીને બેઠેલા ઈશ્વરચરણ સ્વામી તેમજ અક્ષરધામની ટીમના સંતો સહિત તમામ સંતોનાં સ્વામીશ્રીએ નામ લીધાં) મહારાજનો સંકલ્પ છે અને બધાના આશીર્વાદ છે એટલે કામ નિર્વિઘ્ને થાય અને વહેલી તકે ભગવાન બેસી જાય. સૌ સંપીને એકબીજાની રુચિથી કામ કરજો. સંપ, સુહૃદભાવ, એકતા હોય તો કામમાં કોઈ વાંધો નહીં આવે અને જયજયકાર થઈ જશે.'

આટલું કહીને સ્વામીશ્રીએ સભામાં બોલતા હોય એ રીતે 'સહજાનંદ સ્વામી મહારાજની જય, અક્ષર-પુરુષોત્તમ મહારાજની જય, ભગતજી મહારાજની જય, શાસ્ત્રીજી મહારાજની જય, યોગીજી મહારાજની જય' બોલાવી અને છેલ્લે 'અક્ષરધામ મહોત્સવની જય, અક્ષરધામ મહોત્સવની જય, અક્ષરધામ મહોત્સવની જય જય જય...' બોલાવીને સૌને રૂડા આશીર્વાદ આપ્યા.

•

તા. ૧-૩-૨૦૧૦, સારંગપુર

રંગોત્સવનું અદ્‌ભુત પ્રતીક સ્વામીશ્રીના કપાળ ઉપર શોભી રહ્યું હતું. લાલચટાક કંકુના નાના ચાંદલાની આજુબાજુ પીળા રંગના ચંદનના ચાંદલાની કોર શોભી રહી હતી. વિશિષ્ટ દર્શન થઈ રહ્યાં હતાં. આજના





પુષ્પદોલમાં કેવળ ઠાકોરજી જ ઝૂલી રહ્યા હતા એવું ન હતું, સભામાં બેઠેલા તમામ આંદોલિત હતા. સ્વામીશ્રીના રંગે રંગાવા માટે દેશ-વિદેશથી હજારોની સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત હતા. ઉપર સૂર્યનારાયણે પણ પૂર્ણ હાજરી આપી હોવાથી સખત તડકાની વચ્ચે પણ સૌ શ્રદ્ધાપૂર્વક આ ઉત્સવનો લાભ લૂંટી રહ્યા હતા. દૂર દૂરથી દેખાતી માનવીય ભીડ આજના રેકોર્ડબ્રેક સમૈયાનાં એંધાણ અત્યારથી આપી રહી હતી. વિશાળ એલ.ઈ.ડી. સ્ક્રીન આવા ઉગ્ર તાપની વચ્ચે પણ સૌને સ્વામીશ્રીનાં દર્શન પ્રસારિત કરીને શાંતિ અર્પી રહ્યા હતા અને પુષ્પદોલોત્સવને વધારે ને વધારે જીવંત બનાવી રહ્યા હતા.

સ્વામીશ્રી હાઇડ્રોલિફ્ટ દ્વારા મંચ ઉપર પધાર્યા. મંચ ઉપરના પહેલા પગલાથી જ તડકામાં બેઠેલા હરિભક્તોની ચિંતા સ્વામીશ્રી કરતા રહ્યા. મંચ ઉપર ચાલતાં ચાલતાં સ્વામીશ્રી મધ્યમાં પધાર્યા. પાર્શ્વભૂમાં ગિરનારની પ્રતિકૃતિ સમા પહાડો શોભી રહ્યા હતા. આ પહાડોની વચ્ચેથી રંગબેરંગી ધોધ વહી રહ્યા હતા. અક્ષરપુરુષોત્તમ મહારાજનાં ચરણમાંથી વહેતા આ ધોધ ઉપાસનાનાં પ્રતીક હતાં. મંચની વચ્ચે વિરાજેલા સ્વામીશ્રી રૂપે જનસમુદાય સુધી વહેતા હતા. મંચ ઉપર પણ એક નાની લિફ્ટ બનાવવામાં આવી હતી, જેથી સ્વામીશ્રીને પગથિયાં ચડવાં ન પડે. આ ઉપમંચ ઉપર સ્વામીશ્રી પધાર્યા. હજારો મેદનીને દર્શનદાન



આપ્યાં. એક નજરે કોણ ક્યાં બેઠું છે એની પણ નોંધ લેવાઈ ગઈ. આસન ઉપર સ્વામીશ્રી વિરાજ્યા અને તરત જ વ્યવસ્થાપક નારાયણમુનિ સ્વામીને બોલાવ્યા અને પહેલું જ વાક્ય કહેતાં કહ્યું કે 'ભયંકર તડકો છે. આવતી વખતથી એ રીતે અડધામાં આડશ મારવી કે જેથી સૌને તપવું ન પડે.' જમણી બાજુ વડીલ હરિભક્તો બેઠા હતા. તેઓની આંખમાં તો સીધો જ તડકો આવતો હોવાથી ખૂબ તપી રહ્યા હતા. એ બધાને સગવડ પ્રમાણે ક્યાં બેસાડવા એની મથામણ સ્વામીશ્રીએ લગભગ પાંચ-સાત મિનિટ સુધી કરી.

વળી, ખીચડી-વિતરણ અંગે ચિંતા કરી. તમામ હરિભક્તોને ભોજન-પ્રસાદની સુવિધારૂપે આ વખતે ગરમ ગરમ સ્વામિનારાયણ ખીચડી અને છાશ આપવાનું આયોજન હતું. સામે બેઠેલા હજારો માણસો તરફ દૃષ્ટિ કરતાં સ્વામીશ્રી કહે : 'ખીચડીનું શું થશે ?'

નારાયણમુનિ સ્વામી કહે : 'બ્રહ્મતીર્થ સ્વામી અને ઘનશ્યામપ્રસાદ સ્વામીએ પૂરતા પ્રમાણમાં કરી દીધી છે.' આટલું કહીને નારાયણમુનિ સ્વામી કહે : 'આપ દિવ્ય પ્રવેશ કરજો જેથી સમૈયો સારામાં સારો થાય.'

સ્વામીશ્રી કહે : 'ચિંતા થાય તો પ્રવેશ થાય.'

અને ખરેખર, ઉત્સવ સર્વોપરિ ઊજવાયાનો સૌને અનુભવ થયો.

•

તા. ૪-૩-૨૦૧૦, સારંગપુર

શ્રી અબ્દુલ કલામ વગેરે સમર્થ રાષ્ટ્રીય વિજ્ઞાનીઓમાંના એક અને સુપર કૉમ્પ્યુટરના સર્જક વૈજ્ઞાનિક વિજય ભટકર સાહેબ સ્વામીશ્રીની દિવ્યતા, આધ્યાત્મિકતા અને પવિત્રતાથી ખૂબ જ પ્રભાવિત છે. તેઓ સંસ્કૃતિ અને સંસ્કૃતના પણ એટલા જ ચાહક છે અને વિદ્વાન પણ છે. શાસ્ત્રોના ગૂઢાર્થને ઉકેલીને એમાંથી વૈજ્ઞાનિક શોધો કરવાનું અભિયાન પણ તેઓ ચલાવે છે. તેઓને બી.એ.પી.એસ.ના તત્ત્વજ્ઞાન માટે જિજ્ઞાસા છે અને એટલે જ છેલ્લા ત્રણ દિવસથી તેઓ સારંગપુરમાં રોકાયા હતા. સંતોનો સમાગમ કરીને આજે તેઓ વિદાય લઈ રહ્યા હતા. તેઓ જ્ઞાન-વિજ્ઞાનની અનેક રાષ્ટ્રીય સ્તરની ઇન્સ્ટિટ્યૂટના સ્થાપક પણ છે.

છેલ્લે સ્વામીશ્રીને મળવા માટે તેઓ આવ્યા. સ્વામીશ્રીને તેઓ કહે : 'અહીં આવીને દિવ્ય અનુભૂતિ



પ્રાપ્ત થઈ છે. મારા મનમાં જે જ્ઞાનપીઠ સ્થાપવાનું સ્વપ્ન છે એ જ્ઞાનપીઠ તો અહીં જ મેં જોઈ. અહીં ભક્તિ પણ છે, નિષ્કામ કર્મ પણ છે, અને આ બંને માટે વૈરાગ્ય પણ છે અને જ્ઞાન તો મળે જ છે. મારા મનમાં જે નવી શિક્ષણ પદ્ધતિની વાત છે એ આવી હોવી જોઈએ. ઇન્ટિગ્રલ એજ્યુકેશન માટે હું કોઈ સારો શબ્દ શોધી રહ્યો હતો, પણ અહીં આવ્યા પછી મને 'એકાંતિક' શબ્દ મળતાં એનો ભારતીય ભાષામાં અનુવાદ એકાંતિકી શિક્ષણ રાખ્યું છે. મારી દૃષ્ટિએ અહીં મેં જે જોયું એ એક જુદી જ ઊર્જાનો મેં અનુભવ કર્યો.'


સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા અને વિદાય આપી. તેઓએ વળી કહ્યું : 'વિજ્ઞાનની સાથે અધ્યાત્મ અને અધ્યાત્મની સાથે સેવાનું ઘડતર થાય અને આ ત્રણેય કરી શકે એના માટે વૈરાગ્ય જોઈએ તો સંપૂર્ણ શિક્ષણ આવ્યું કહેવાય, એવું મને અહીંયાં લાગે છે.'

સ્વામીશ્રી કહે : 'आशीर्वाद है। आपका कार्य अच्छा है और अच्छा कार्य करते हो। आपका विचार भी अच्छा है और प्रेरणा मिली है, तो आगे अच्छा कार्य होगा।'

ભટકર સાહેબ કહે : 'मुझे लगता है कि यहीं भारत का अच्छा ज्ञानपीठ है।'

સ્વામીશ્રી કહે : 'અહીં આવીને આપે દર્શન કર્યાં, સંતોનો સમાગમ કર્યો અને વિચારો સારા આવ્યા છે તો તમારા સંકલ્પ મૂર્તિમાન બને એના માટે આશીર્વાદ છે.'

સ્વામીશ્રીએ તેઓને વચનામૃત આપતાં કહ્યું : 'भगवान स्वामिनारायण का वचन है और उसमें सब शास्त्र आ जाते हैं।' સ્વામીશ્રીની પ્રેરણાથી આ પ્રખર વિજ્ઞાનીએ નિત્ય વચનામૃત વાંચનનો નિયમ લીધો.





તા. ૨૪-૩-૨૦૧૦, સારંગપુર

આજે હરિજયંતીનો શુભ દિવસ હતો. શ્રીહરિના પ્રાકટ્યના આ શુભ દિને શ્રીહરિ જેમાં સતત પ્રગટ છે એવા સ્વામીશ્રીની આજના દિવસની દિનચર્યા માણીએ.

આજે શ્રીહરિ જયંતી મહોત્સવ હતો. ધર્મભક્તિને દ્વાર પ્રગટેલા સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સ્વામિનારાયણ ભગવાનના અખંડ ધારક સંતવર્ય ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનાં પ્રથમ દર્શને જાણે કે શ્રીજીમહારાજના પ્રાકટ્યના પ્રથમ ક્ષણનાં દર્શન થયાં હોય એવી અનુભૂતિ થઈ રહી હતી. સ્વામીશ્રી પણ પ્રસન્ન મુદ્રામાં હતા. 'સર્વસ્વ'ની ઓસરીમાંથી પસાર થઈ રહેલા સ્વામીશ્રીના હાથ જોડાયેલા હતા, મુખ ઉપર પ્રસન્નતા હતી. સ્વામીશ્રીના જોડાયેલા હાથને કારણે અહીં ઊભેલા તમામના હાથ પણ જોડાયેલા જોઈ શકાતા હતા. સ્વામીશ્રી જે વર્તે એનું સહજ અનુસરણ સૌમાં ઊતરી આવે છે. સ્વામીશ્રીનો આ પ્રથમ સંદેશ હતો કે અહંકારનો ત્યાગ કરીએ તો પ્રસન્નતામાં રહી શકાય છે અને ભગવાન પણ અંતરમાં પ્રગટે છે.



સૌને દર્શનદાન દેતાં દેતાં સભામંડપમાં દર્શન કરીને સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજના ખંડમાં પધાર્યા. સ્વામીશ્રીનો આ રોજનો ક્રમ છે. અહીં શાસ્ત્રીજી મહારાજના ઓરડે દીવાલની ફરતે સંતો-પાર્ષદો કાયમ ગોઠવાઈ જતા હોય છે અને કાંઈક ને કાંઈક વાક્ય બોલીને સ્વામીશ્રીની પ્રેરણા ઝીલવા અથવા તો સ્વામીશ્રીને હસાવીને સ્મૃતિ મેળવવા આ સૌ તત્પર હોય છે. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ – બંને ખંડોમાં આ પરિસ્થિતિ હોય છે. આજે વળી શાસ્ત્રીજી મહારાજના ખંડમાં ઊભેલા ઘનશ્યામચરણ સ્વામીને જોઈને સ્વામીશ્રી વિશેષ પ્રસન્ન થયા. કો'કે વળી કહ્યું : 'રામકૃષ્ણ પરમહંસે વિવેકાનંદને કહ્યું હતું કે તારી સાથે વાત કરું છું એ રીતે હું ભગવાનની સાથે વાત કરું છું.'

આ સાંભળીને ઘનશ્યામચરણ સ્વામી કહે : 'આપણે પણ છાતી ઠોકીને કહેવું કે મને પ્રત્યક્ષ શ્રીજીમહારાજ મળ્યા છે. *મળ્યા હરિ મુખોમુખ...'* આટલું કહી રહ્યા એટલે સૌ સંતોએ *'કોણ જાણે આ કેમ થયું...'* એ કડી ગાઈ.

આ સાંભળતાં પ્રસન્ન મુદ્રા સાથે સ્વામીશ્રી કહે : 'ઢાળો ખરેખરો ઢળી ગયો.' આ રીતે સમર્થન આપીને સૌને શ્રીજીમહારાજમય વૃત્તિ કરાવીને સ્વામીશ્રી યોગીજી મહારાજના ખંડમાં દર્શને પધાર્યા.

આજે તો આનંદ-ઉત્સવનો દિન હતો. ભગવાન સ્વામિનારાયણે કરેલી આ કરુણાને સૌ પોતપોતાની રીતે અભિવ્યક્ત કરી રહ્યા હતા. ઘરડાઓ પણ આજે નૃત્યના ઠમકાર કરી રહ્યા હતા, તો બાળકો તો બાકાત કેમ રહે ? મંદિર આગળની દેરીની લોનમાં આજે



બાળકો પણ *'જય ઘનશ્યામ લાલકી'*ના યશનાદ કરીને નૃત્ય કરી રહ્યા હતા. એ સૌ ઉપર સ્વામીશ્રીએ દૃષ્ટિ કરી અને ત્યારપછી સ્વામીશ્રી લિફ્ટમાં પધાર્યા.

હાથ જોડેલી મુદ્રામાં સ્વામીશ્રી સૌને દર્શનદાન આપી રહ્યા હતા. સામે મંદિરની પ્રદક્ષિણામાં અને કોઠારની ઑફિસની વચ્ચેના પરિસરમાં પણ ઊભાં ઊભાં હરિભક્તો દર્શન કરી રહ્યા હતા, કેટલાક જયનાદ ગજવી રહ્યા હતા. રોજની જેમ સંતોની આગળ બેઠેલા છગનભાઈ કાલાવાલા કરીને સ્વામીશ્રીને રીઝવતા હતા. સ્વામીશ્રી પણ તેઓના કાલાવાલાને યોગ્ય પ્રતિભાવ આપી રહ્યા હતા. ખાસ કરીને મંદિર સુધી પહોંચતા સ્વામીશ્રી અને નીચે દર્શન કરી રહેલા તમામ સંતો, પાર્ષદો, સાધકો કે દર્શનાર્થીઓના મૌન સંવાદની આ ક્ષણો ખૂબ જ દિવ્યતાસભર હોય છે. ગુરુહરિ પ્રત્યેની સૌની ચાતકદૃષ્ટિ અનુભવવા જેવી હોય છે.

મંદિર ઉપર પધારીને રૂપચોકીએ દર્શન કરીને સ્વામીશ્રી મંદિરમાં પધાર્યા. મંદિરમાં આજે શ્રીજી-મહારાજના જન્મદિવસે જન્મદિનના અદ્ભુત શણગારો





ધરાવવામાં આવ્યા હતા. ધર્મકુળ તથા ઘનશ્યામ મહારાજના ખંડમાં થઈને સ્વામીશ્રી મધ્ય ખંડમાં પધાર્યા.

સ્વામીશ્રી આજે પ્રત્યેક ખંડમાં રોજ કરતાં વધારે રોકાઈને દર્શન કરીને સૌની સુખાકારીની પ્રાર્થના કરી રહ્યા હતા.

હરિકૃષ્ણ મહારાજ આજે સોનાના તારના વાઘા ધારણ કરી સૌને દર્શનદાન આપી રહ્યા હતા. અદ્ભુત દર્શન થઈ રહ્યાં હતાં. સ્વામીશ્રીને લાડલી આ મૂર્તિ સમક્ષ સ્વામીશ્રી કાયમ ગદ્ગદભાવે જોઈ શકાય છે. દર્શન કરીને સ્વામીશ્રી બેઠા એટલે તરત જ આરુણિ ભગતે પૂછ્યું : 'આજના દિવસે આપે શું પ્રાર્થના કરી ?'

સ્વામીશ્રી કહે : 'બસ, ભજન-ભક્તિ થાય, ભગવાન બધાને સુખિયા રાખે, દરેકના અંતરમાં ભક્તિ થાય અને સૌના સ્વભાવ ટળે.'

હનુમાનજી-ગણપતિજીનાં દેરાં આગળનો સમગ્ર પૅસેજ હંમેશાં આનંદ-કિલ્લોલથી ગાજતો હોય છે. આટલા પૅસેજમાં આખું વાતાવરણ જીવંત બની જાય છે. એના મૂળમાં છે – સ્વામીશ્રીના પ્રતિભાવો. બોટાદનો સુરેશ કાલાવાલા કરીને રોજ જયનાદો પોકારે અને સ્વામીશ્રી પહેલાં ગણપતિજીના દેરે અને ત્યારપછી હનુમાનજીના દેરે દર્શન કરે, એ ક્ષણોમાં નાના-મોટા સંવાદો બની જતા હોય છે. આજે પણ દર્શન કરી રહેલા સ્વામીશ્રી સમક્ષ એક સંત બીજા સંતને કહે : 'આજે સુદ આઠમ છે કે સુદ નોમ છે ?'

'નોમ છે.'

'તો પછી આ ભગવા વેશમાં મહારાજ કેમ દર્શન આપે છે ?'

બીજા સંત કહે : 'એ તો મહારાજ કહે છે ને કે



જે રૂપમાં લગાવ હોય એ રૂપે હું દર્શન દઉં છું.'

આ સાંભળીને સ્વામીશ્રી હસતાં હસતાં કહે : 'ઐસા હૈ ?' આ પ્રશ્નાર્થમાં જ ઉત્તર આપીને સૌને સ્મૃતિ આપીને સ્વામીશ્રી રંગમંડપમાં પધાર્યા.

રંગમંડપમાં શાસ્ત્રીજી મહારાજના પ્રસાદીના ઓટે ચરણારવિંદને સ્પર્શ કરીને કાયમ શાસ્ત્રીજી મહારાજની મૂર્તિ સમક્ષ પધારીને સ્વામીશ્રી પ્રાર્થના કરતા હોય છે. ત્યારપછી જે પલંગ ઉપર પોઢતાં પોઢતાં શાસ્ત્રીજી મહારાજે ભૌતિક દેહનો ત્યાગ કર્યો હતો એને સ્વામીશ્રી પગે લાગે છે. એ દરમ્યાન સંતો કાલાવાલા કરતા રહે છે. આ સૌ કાલાવાલાને પ્રેમથી સાંભળે પણ છે અને ક્યારેક પ્રતિભાવ આપીને પ્રેરણા પણ આપતા હોય છે.

રંગમંડપના દર્શન કર્યા પછી સ્મૃતિમંદિરે પહોંચતાં સુધીની ક્ષણોની જે જીવંતતા અને ભક્તિમયતા છે એ અદ્‌ભુત અને પ્રેરક હોય છે. આ ટાણું એવું હોય છે કે જ્યારે ભક્તોની ભક્તિની ચરમસીમા જોઈ શકાય છે. વહેલા જાગીને કે એકાદ દિવસ આગળથી પદયાત્રા કરતાં કરતાં દૂર દૂરથી આવેલા ભક્તોને અહીં બેસાડવામાં આવે છે. વ્રત, તપ અને ઉપવાસ કરતાં હોય એવાં શુદ્ધ હૃદયી બાઈ-ભાઈ હરિભક્તો પણ મર્યાદા પ્રમાણે અહીં જ બેઠાં હોય છે. પોતાનું ભાવિ ઘડી રહેલા વિદ્યાર્થી કે બાળકો પણ અહીં જ બેઠા હોય છે. આ સૌની ભક્તિભાવનાનાં સ્પંદનો ઝીલતાં સ્વામીશ્રીનો પણ ઉમંગ આ ક્ષણોમાં વિશેષ જોઈ શકાતો હોય છે. લાગતા-વળગતા સંતો પદયાત્રીઓ વગેરેની ઓળખાણ આપતા હોય છે અને સૌને જાણે કે નજીકથી પ્રત્યક્ષ મળતા હોય એવા ઉમળકા સાથે







પ્રતિસાદ આપતાં આપતાં સ્વામીશ્રી આગળ વધી રહ્યા હોય છે. આ ક્ષણો અદ્‌ભુત હોય છે.

સ્વામીશ્રીનો ગતિરથ સ્મૃતિમંદિરની પ્રદક્ષિણામાં પધારે ને જાણે સૌનાં અંતર નાચવાં લાગે છે. પ્રતીક્ષા કરી રહેલા સંતો-પાર્ષદોનાં હૈયાંને પણ ગતિ સાંપડે છે. જે લોકોને સ્થાન ન મળ્યું હોય એવા સંતો, પાર્ષદો કે સાધકો મંદિરની પ્રદક્ષિણા ઉપર ચઢીને બેઠકની







પાછળથી આ જીવંત ક્ષણો અને દિવ્યતાનાં સ્પંદનોને ઝીલવા આતુર હોય છે. જ્યારે બેઠેલા સંતો 'હવે સ્વામીશ્રી કેવી સ્મૃતિ આપશે ?' એના વિચારોમાં સજ્જ થઈને આતુરતાપૂર્વક ક્ષણોને ઝીલવાની તૈયારી કરી રહ્યા હોય છે. પ્રદક્ષિણામાં પ્રવેશતાં જ હરિપ્રકાશ સ્વામી અને મંડળી દ્વારા કાંઈક ને કાંઈક આનંદ પ્રેરક કાર્યક્રમ થતા હોય છે. છેલ્લા બે-ત્રણ દિવસથી



શ્રીજીમહારાજના અવતરણ સંબંધી કાર્યક્રમો ચાલી રહ્યા હતા. આજે શ્રીહરિના પ્રાકટ્યની ક્ષણ નજીક આવી હતી. એને કારણે દેવો, મુમુક્ષુઓ, મુક્તો, ઋષિમુનિઓ સૌ કોઈ હર્ષોલ્લાસિત હતા. સૌનાં અંતરમાં પ્રાકટ્યના આનંદનાં વધામણાં થઈ રહ્યાં હતાં. આ ક્ષણોને અવતારવાનો અહીં પ્રદક્ષિણામાં પ્રયત્ન થઈ રહ્યો હતો. વિરાટ નારાયણની સ્તુતિ સાર્થક થઈ હોય, સૌ બે હાથ જોડીને પ્રાર્થના કરતા હોય, બ્રાહ્મણો-દેવો-બાળકો સૌ આનંદથી પુલકિત થયા હોય, એવું વાતાવરણ અહીં રચવામાં આવ્યું હતું. આ સૌને પ્રતિભાવ આપતાં આપતાં સ્વામીશ્રી ગર્ભગૃહમાં પધાર્યા.

શ્રીજીમહારાજના અવતરણને આ પૃથ્વી ઉપર પૂર્ણપણે સાર્થક કરનાર શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરીને આભાર માનીને એક પ્રદક્ષિણા કરીને સ્વામીશ્રી નીકળ્યા અને 'યજ્ઞપુરુષ મંડપમ્'માં પધારીને પૂજા કરી.

આજના આ આનંદનાં વધામણાંની ક્ષણોને મહારાજના મહિમાથી કીર્તનિયા સંતોએ મઢી. સ્વામીશ્રીએ પણ હરિકૃષ્ણ મહારાજની પૂજન-અર્ચા કરી અને સૌનાં ક્ષેમની પ્રાર્થના કરી. આજના દિવસે સંતોએ મહારાજની યશગાથા તથા સાધુ પ્રિયદર્શનદાસ રચિત *'આજ ધર્મભક્તિને દ્વાર'* એ કીર્તનનું ગાન કર્યું. આજના દિવસે ઠેર ઠેરથી પદયાત્રીઓ ઊમટ્યા હતા. રાણપુર છાત્રાલયના ૧૧૬ વિદ્યાર્થીઓ ૨૫ કિલોમીટરનું અંતર કાપીને, ધંધૂકાનાં ૨૪ પુરુષો અને ૨૪ મહિલાઓ ૩૫ કિલોમીટરનું અંતર કાપીને, સોઢીથી ૫ પુરુષો અને ૪ મહિલાઓ ૩૨ કિલોમીટરનું અંતર કાપીને, નાની વાવડીથી ૪૪ હરિભક્તો ૧૫ કિલોમીટરનું અંતર કાપીને તથા સાંગાસરથી ૮





મહિલાઓ ૩૨ કિલોમીટરનું અંતર પદયાત્રા દ્વારા કાપીને અહીં આવ્યાં હતાં. એ સૌ ઉપર અંતરના આશીર્વાદ વરસાવીને સ્વામીશ્રી ઉતારે પધાર્યા.

આજે ૧૦૦ જેટલા હરિભક્તોને સ્વામીશ્રીએ મુલાકાતો આપી અને ત્યારપછી સ્વામીશ્રી પત્રલેખન કરવા વિરાજ્યા. એક હરિભક્તનો ફોન આવ્યો. તેઓ કહે : 'આજે મહારાજનો જન્મદિવસ છે. અમારા જીવમાંથી દુર્બળતા દૂર થાય ને શાંતિ થાય એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'દુર્બળતા છે જ નહીં. ભગવાનનો આશરો થયો છે તો ભગવાનને સંભારવા, ભગવાનના ભક્ત છીએ તો ભગવાનનું બળ રાખવું.'

•

૧૧:૩૦ વાગે સ્વામીશ્રીએ ભ્રમણ કર્યું. એ દરમ્યાન ૧૯૮૧ની ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી વખતે દીક્ષા લેનાર સંતો દર્શનાર્થી તરીકે બેઠા હતા. જેમાં યોગમુનિ સ્વામી, આરુણિ ભગત, બ્રહ્મદર્શન સ્વામી, ભક્તિસાગર સ્વામી તથા બ્રહ્મચરણ સ્વામીએ પોતે કઈ રીતે સાધુ થયા એ વૃતાંત વર્ણવ્યું. ભ્રમણ પછી સ્વામીશ્રી આરામમાં પધાર્યા.

સાંજે પત્રવાંચન કર્યું. આજે હરિજયંતીની ઉત્સવ-સભામાં જવાનું હોઈ ૬:૧૫ વાગે સ્વામીશ્રીએ ભૂમિભ્રમણ કર્યું. ત્યારપછી અલ્પ ફરાળ અંગીકાર કરીને તરત જ સભામાં જવા માટે તૈયાર થયા. યોગીચરણ સ્વામીએ આવીને વિનંતી કરી કે 'આપના સ્વાસ્થ્ય મુજબ ખોરાક લીધા પછી આમ તરત જવું સારું નહીં.' એટલે દસેક મિનિટ બેઠા, પણ મન વગરનું બેઠા હોવાથી વિશેષ કાંઈ પ્રવૃત્તિ થઈ નહીં.



શ્રીહરિ પ્રાકટ્યોત્સવ

સમય પ્રમાણે ૭:૩૦ વાગ્યાથી શ્રીહરિ પ્રાકટ્યોત્સવની સભા ચાલુ થઈ ચૂકી હતી. સ્વામીશ્રી ૮:૦૦ વાગ્યા પહેલાં મંદિરે ઠાકોરજીનાં દર્શન માટે પધાર્યા.

આજે ધર્મકુળમાં ઘનશ્યામ મહારાજે બાળ ઘનશ્યામનો પરિવેશ ધારણ કર્યો હતો. બાળવેશે દર્શન દઈ રહેલા ઘનશ્યામ મહારાજ સમક્ષ કેક મૂકવામાં આવી હતી. એના ઉપર રાખેલી મીણબત્તીને પ્રગટાવવામાં આવી. ત્રણેય ખંડમાં આજે અન્નકૂટ પણ ધરાવવામાં આવ્યો હતો. સ્વામીશ્રીએ ત્રણેય ખંડમાં ખૂબ તન્મયતાથી દર્શન કર્યાં. હરિકૃષ્ણ મહારાજના ખંડમાં જગદીશ ભગત તથા નરહરિ ભગતે ગુલાબના ફૂલનું હેલિકોપ્ટર તૈયાર કર્યું હતું અને એના ઉપર ફરતી કેકનાં પાંખિયાં રચવામાં આવ્યાં હતાં. સ્વામીશ્રી જોઈને રાજી થયા. દર્શન કર્યા પછી કેટલાક હરિભક્તોને સ્વામીશ્રી મળ્યા.





સ્વામીશ્રીની આ ખાસિયત છે. સમૈયો હોય કે મોટી વ્યક્તિઓ આવી હોય તો તરત જ તેઓની નાનામાં નાની સરભરા થાય એની સૂચનાઓ લાગતા-વળગતા સંતોને કહેતા હોય છે. અત્યારે પણ બ્રહ્મતીર્થ સ્વામીને બોલાવીને સમૈયાના પંચાજીરી વગેરેના પ્રસાદ અને આવેલા મોટા હરિભક્તો માટેના પ્રસાદના બોક્સ પહોંચાડવાની સૂચના આપી દીધી.

શ્રીહરિ જયંતીની સભા ચાલુ હતી. લિફ્ટમાંથી નીચે ઊતરીને સ્વામીશ્રીની વ્હીલચૅરને ગોલ્ફકાર્ટમાં મૂકવામાં આવી. પ્રકાશથી ઝળાહળા થતી ગોલ્ફકાર્ટમાં વિરાજેલા સ્વામીશ્રીનાં અદ્‌ભુત દર્શન થઈ રહ્યાં હતાં. ગોલ્ફકાર્ટને 'યજ્ઞપુરુષ મંડપમ્' અને મંદિરના વચ્ચેના ચોગાનમાં ભરાયેલી પ્રાકટ્યોત્સવની સભા તરફ દોરી જવામાં આવી. સૌને સ્વામીશ્રીનાં દર્શનનું વિશિષ્ટ સુખ મળી ગયું. સ્વામીશ્રી સૌને દર્શન દેતાં દેતાં મંચ તરફ આગળ વધી રહ્યા હતા, ત્યારે ઘનશ્યામચરણ સ્વામીનું પ્રવચન ચાલુ હતું. બ્રહ્મદર્શન સ્વામીનું પ્રવચન પૂરું થઈ ચૂક્યું હતું. તેઓએ શ્રીજીમહારાજના કાર્યની છણાવટ કરી હતી અને ઘનશ્યામચરણ સ્વામીએ મહારાજે કરેલા ધર્મ-જ્ઞાન-વૈરાગ્યના પ્રવર્તનની વાતો કરી. સભામાં ઉપસ્થિત હજારો હરિભક્તો પૈકી ૧૨૨૩ પુરુષો અને ૧૦૧૯ મહિલાઓએ આજે નિર્જળ ઉપવાસ કર્યો હતો.

સ્વામીશ્રી મંચ ઉપર પધાર્યા. એકાંતિક ધર્મના પ્રવર્તક ભગવાન સ્વામિનારાયણના મધ્યવર્તી વિચારો સાથે સભામાં પ્રવચનો પણ થઈ રહ્યાં હતાં અને શણગાર પણ એ જ રીતે શોભતા હતા. પાર્શ્વભૂમાં કટ-આઉટ અને પેઈન્ટિંગ દ્વારા ૩-ડી દૃશ્યો સર્જીને શ્રીજી-મહારાજનાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના પ્રવર્તનના પ્રસંગો રજૂ કરવામાં આવ્યા હતા. મંચની મધ્યમાં સુંદર કાષ્ઠની કલાકૃતિ સમા મંડપની આગળ સ્વામીશ્રીનું આસન શોભી રહ્યું હતું. એના ઉપર સર્વાવતારી શ્રીહરિ વિરાજમાન હતા. હરિકૃષ્ણ મહારાજ પણ સ્વામીશ્રીની બાજુમાં વિરાજિત હતા. મંદિર અને સ્મૃતિમંદિર લાઈટો વડે ઝળાંહળાં થઈ રહ્યાં હતાં. બે વીડિયો સ્ક્રીનમાં સ્વામીશ્રીનાં અદ્‌ભુત દર્શન થઈ રહ્યાં હતાં.

ઘનશ્યામચરણ સ્વામીના પ્રવચન પછી લોધિકાના અભેસિંગની દૃઢતાનો પ્રસંગ બોટાદના યુવકોએ રજૂ કર્યો.

આ સંવાદ ભજવ્યા પછી સિદ્ધેશ્વર સ્વામીએ 'ભક્તિના પ્રવર્તક' વિષયક પ્રવચન કર્યું.

બોટાદના યુવકોએ ખીમા સુથારની દૃઢતાનો સંવાદ રજૂ કર્યો અને ત્યારપછી કેટલાંક પ્રકાશનોનાં ઉદ્‌ઘાટન થયાં. વિવેકસાગર સ્વામીએ 'શાસ્ત્ર, મંદિર

અને સંત – સંસ્કૃતિ કે આધારસ્તંભ' એ હિન્દી પુસ્તિકાનું ઉદ્‌ઘાટન સ્વામીશ્રી પાસે કરાવ્યું.

ત્યારપછી વિવેકસાગર સ્વામીએ 'એકાંતિક ધર્મના ધારક સત્પુરુષ' વિષયક પ્રવચન કર્યું.

આજના દિવસે સ્વામીશ્રીમાં અખંડ વિરાજમાન અને પ્રગટ પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણને વધાવવા સૌ થનગનતા હતા. ભક્તિભાવપૂર્વક બનાવેલા વિવિધ પ્રકારના હાર ઠેર ઠેરથી આવ્યા હતા. લેસ્ટર મંડળથી આવેલો મમરાનો હાર વિવેકસાગર સ્વામીએ, ચચાણા મંડળે બનાવેલો થર્મોકોલના દાણાનો હાર સિદ્ધેશ્વર સ્વામીએ, પાટણાથી આવેલો માળાનો હાર ઘનશ્યામચરણ સ્વામીએ, જાળિલા મંડળે બનાવેલો કંઠીનો હાર રામચરણ સ્વામીએ, સમઢિયાળા મંડળથી આવેલો માળાનો હાર બ્રહ્મમુનિ સ્વામીએ, યુ.કે.ના યુનિવર્સિટી પરિસરમાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓએ વચનામૃત બિંદુ ટાંકીને બનાવેલો કલાત્મક હાર પરદેશથી ઉપસ્થિત જ્ઞાનપ્રિય સ્વામી, જ્ઞાનપુરુષ સ્વામી, નિત્યવિવેક સ્વામી તથા આદર્શમુનિ સ્વામીએ તથા વિદ્યામંદિરના બાળકોએ બનાવેલો માળાનો હાર જ્ઞાનેશ્વર સ્વામી તથા નારાયણમુનિ સ્વામીએ સ્વામીશ્રીને અર્પણ કર્યો.

ત્યારપછી સાધુ પ્રિયદર્શનદાસ રચિત *'આનંદ ઉત્સવ થાય છે રે ધર્મભક્તિને દ્વાર'* એ કીર્તનનું ગાન અક્ષરેશ સ્વામી તથા સંતોએ કર્યું.

આ કીર્તનની સાથે સાથે સંસ્થાના તાલીમબદ્ધ બાળકોએ સુંદર ભક્તિનૃત્ય રજૂ કર્યું. મુખ્યમંચની બંને બાજુએ નૃત્યના બે મંચ કરવામાં આવ્યા હતા. બંને તરફ આ બાળકો-કિશોરોએ નૃત્ય કર્યાં અને સ્વામીશ્રીને રાજી કર્યા.

ત્યારપછી સ્વામીશ્રીએ આશીર્વાદ આપતાં જણાવ્યું કે ''ભગવાન સ્વામિનારાયણે આ દુનિયામાં પધારીને અલૌકિક કાર્ય કર્યું છે, એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું છે. સંતો પણ નિયમ-ધર્મ, આજ્ઞા-ઉપાસનાવાળા તૈયાર કર્યા. સત્સંગી પણ એવા બળવાળા થયા. શ્રીજીમહારાજના પ્રતાપે, સંતો ને શાસ્ત્રીજી મહારાજના પ્રતાપે આ બધો સત્સંગ થયો છે, વધ્યો છે ને વધ્યે જાય છે, કારણ કે શ્રીજીમહારાજ દિવ્ય સંકલ્પ કરીને આવ્યા છે – અનેક જીવનો ઉદ્ધાર





કરવો છે.

ગીતામાં પણ કહ્યું – *'યદા યદા હિ ધર્મસ્ય...'* જ્યારે અધર્મ ખૂબ જ વૃદ્ધિ પામે છે ત્યારે ધર્મનું સ્થાપન કરવા માટે આ પૃથ્વી પર ભગવાનના અવતાર થાય છે. એ રીતે ભગવાન રામ, ભગવાન કૃષ્ણના અવતારો થયા અને એમણે તે વખતે આસુરી લોકોનો નાશ કર્યો.

અનેક જીવો પર અત્યંત કૃપા કરીને પરબ્રહ્મ શ્રીજીમહારાજ આ લોકમાં પધાર્યા, તેમણે વચનામૃતમાં વાત કરી કે પોતે એકલા નથી આવ્યા પણ પોતાનું ધામ મૂળ અક્ષરબ્રહ્મ જે ગુણાતીતાનંદ સ્વામી તેમને તેમજ પોતાનાં ઐશ્વર્ય, પ્રતાપ અને અનેક મુક્તોને લઈને આવ્યા છે. આ બ્રહ્માંડમાં પધારીને દરેક જીવનું કેમ રૂડું થાય એવું શ્રીજીમહારાજે કાર્ય કર્યું છે. ૪૯ વરસ, બહુ થોડો સમય રહ્યા, એમાં વનવિચરણ કર્યું, વિકટ પરિસ્થિતિમાં જંગલોમાં ફર્યા, યોગીઓને મળ્યા, એમનું કલ્યાણ કર્યું અને ફરતાં ફરતાં લોજમાં આવી





મુક્તાનંદ સ્વામીને મળ્યા. એમનો પ્રભાવ જોઈને મુક્તાનંદ સ્વામી ને સંતો રાજી થયા.

ઘરેથી નીકળ્યા ત્યારથી એમનો ધ્યેય હતો કે એકાંતિક ધર્મ સ્થાપવો. અક્ષરધામમાંથી આ પૃથ્વી પર પધાર્યા ત્યારથી એમનો એ સંકલ્પ હતો. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ એટલે એકાંતિક ધર્મ. રામાનંદ સ્વામીને મળ્યા ને સંપ્રદાય ચલાવ્યો ને એકાંતિક ધર્મનું સ્થાપન કર્યું. હજારો સાધુ થયા, લાખો સત્સંગી થયા. અનેકનાં જીવનમાંથી દારૂ, માંસ, વ્યભિચાર આવાં દૂષણો દૂર કર્યાં.

વચનામૃતમાં સર્વ શાસ્ત્રોનો સાર આપ્યો. ગીતા, રામાયણ, મહાભારત, વેદ, ઉપનિષદ – બધાં શાસ્ત્રોનો સાર વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યો. આપણે બધા ગ્રંથો વાંચવા ક્યાં જઈએ ? જીવના કલ્યાણ માટે શ્રીજીમહારાજે વચનામૃતમાં વાત કરી કે એવા એકાંતિક સંતનો આશરો થાય તો ભગવાનનો મહિમા સમજાય, ધર્મની દૃઢતા થાય ને એકાંતિક ધર્મ સિદ્ધ થાય. શાસ્ત્રોમાં વાતો બધી છે ને આખ્યાનો બધાં સાંભળીએ છીએ, પણ શ્રીજીમહારાજને મુખ્ય વાત કરવી હતી તે એ હતી કે આત્યંતિક કલ્યાણ થાય, ફરી જન્મમરણ થાય જ નહીં, ફરી આ લોકમાં આવવું જ ન પડે, એવા અદ્‌ભુત જ્ઞાનની વાતો વચનામૃતમાં બતાવી છે.

અદ્‌ભુત જ્ઞાન આપ્યું, આજ્ઞા-ઉપાસના પર ખૂબ ભાર મૂક્યો, નિયમ-ધર્મની પણ વાત કરી, જ્યાં સુધી મન ચોખ્ખું ન હોય ત્યાં સુધી આ વાત બેસે નહીં. એટલે મહારાજે એવા નિયમ-ધર્મ આપ્યા, સંતોને પણ ગામડે ગામડે મોકલ્યા ને બધાને નિયમ પાળવાનું સમજાવ્યું.

આપણે બ્રહ્મરૂપ થવું હોય તો આજ્ઞા-ઉપાસના દૃઢ જોઈએ. જેને આજ્ઞા-ઉપાસના દૃઢ છે એવા સત્પુરુષ થકી મોક્ષ થાય છે. એવા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી બહુ સમર્થ સંત હતા. એમણે આજ્ઞા-ઉપાસના દૃઢ કરાવ્યાં. ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજનો જન્મ જ આ ગુણાતીત-જ્ઞાનની પ્રવૃત્તિ માટે થયેલો. અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન બધાને સમજાય એટલા માટે જ એમનો અવતાર હતો. શ્રીજીમહારાજનું જ્ઞાન પ્રવર્તે એ જ ઇચ્છા હતી, એટલે શાસ્ત્રીજી મહારાજ મહંતાઈ, કોઠારી ને બીજી-ત્રીજી વાતમાં ભરમાયા નહીં અને આ જ્ઞાન પ્રવર્તાવ્યું. શાસ્ત્રીજી મહારાજ વડતાલથી નીકળ્યા હતા તે માન, મોટપ, કીર્તિ માટે નહીં, પણ શ્રીજીમહારાજનું જ્ઞાન, અક્ષર-પુરુષોત્તમનું વૈદિક જ્ઞાન પ્રવર્તે એ જ હતું. ત્યારપછી જોગી મહારાજનો સંકલ્પ બળિયો તો બધે પ્રવર્ત્યું. જોગી મહારાજનો સંકલ્પ કેટલો બળિયો તો આજે સાધુ પણ કેટલા થાય છે ! ભણેલા-ગણેલા ને પરદેશથી આવે છે ! કથાવાર્તા, કીર્તન-ભજન કરે છે.

સાધુ થવું બહુ કઠણ છે. આ દુનિયાનો મોહ છે કે પૈસા કમાવવા, સારી ડિગ્રીઓ મેળવવી; પણ એ બધી ડિગ્રીઓ મૂકીને પણ આજે સાધુ થયા. આ જોગી મહારાજનો સંકલ્પ. મંદિરો થાય, સત્સંગ વધે એ પણ એમનો સંકલ્પ. જોગી મહારાજના સંકલ્પે દેશ-પરદેશમાં મંદિરો થયાં ને સત્સંગ પણ એટલો વધી ગયો. જુઓને આ કેટલી મોટી સભા ! આ એમનો સંકલ્પ. સત્સંગ વધે એટલે એનો કોઈ અંત નથી. વધે એટલે વધ્યે જ જાય. એમનો ને શાસ્ત્રીજી મહારાજનો

સંકલ્પ કે દેશ-પરદેશમાં અક્ષરપુરુષોત્તમનું જ્ઞાન થાય. દિલ્હીમાં અક્ષરધામ થાય એના માટે પણ એમણે સંકલ્પ કર્યો. એ વખતે કેટલાકને એમ થાય કે દિલ્હીમાં આપણો સત્સંગ નથી ને મોટા મંદિરની વાત કરે છે, એ ક્યાંથી થાય ? પણ યોગીજી મહારાજ કાગળ લખે જ રાખે : થશે જ, ડંકો વાગશે; અને ખરેખરા ડંકા વાગ્યા. યોગીજી મહારાજના વખતમાં જગ્યા તો મળી નહીં, પણ એમનો સંકલ્પ હતો તો જમુનાના કિનારે જ જગ્યા મળી ને મંદિર થયું.


આવા પુરુષોએ આપણને આ વાત કરી છે, એટલે અક્ષરપુરુષોત્તમનું આ જ્ઞાન સાચું છે. આ વસ્તુ ઉપાર્જન કરેલી નથી, બનાવટી નથી, લોકોને સમજાવી દેવાની વાત નથી, છેતરવાનું નથી. જો એવું હોય તો વૃદ્ધિ થાય નહીં. કેટલાક વંડીનું ખહલું ને તલસરાની તાપણી કહેતા. પણ આ તો તલસરા શું, પાતાળે પાયા થઈ ગયા, શિખરબદ્ધ મંદિરો થઈ ગયાં.

માન, મોટપ, કીર્તિ માટે નહીં, પણ સૌને સાચું જ્ઞાન સમજાય ને તેમના આત્માનું કલ્યાણ થાય એ દૃષ્ટિએ એમનું આ કાર્ય છે. સાચા દેવળે ઘંટ વાગે. શ્રીજીમહારાજે આપેલું અક્ષર-પુરુષોત્તમનું જ્ઞાન સાચું છે, તો લોકોને સાચી વાત સમજાય છે ને જીવમાં ઊતરે છે ને કામ થઈ જાય છે. તો આપણે ભાગ્યશાળી છીએ કે એમનો અવતાર ને આપણો જન્મ થયો તે એમનો સમાગમ થયો. આનંદની વાત એટલી છે કે આપણો આ જન્મ છેલ્લો જન્મ છે. હવે આ જ્ઞાન સમજાયું છે તો બીજાને પણ આ સારી વાત કહીએ.

આજે પ્રાર્થના કરીએ કે આ જ્ઞાન થયું છે એને આ જ્ઞાનની દૃઢતા રહે, એ જ્ઞાનનું પ્રસારણ થાય. આપણને શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ મળ્યા છે તો એમનામાં વિશ્વાસ રાખીને, આપણું આ જ્ઞાન સાચું છે એમ દૃઢ કરીને, એ રસ્તે આપણે ચાલવું છે. નિયમ-ધર્મ, આજ્ઞા-ઉપાસનાની દૃઢતા અને સાધુઓ માટે ધન-સ્ત્રીનો ત્યાગ. હરિભક્તો માટે પણ કોઈ વ્યસન-દૂષણ નહીં, એ પાયાની વસ્તુ છે.

આજ્ઞા-ઉપાસના પ્રમાણે આપણું જીવન ધન્ય બને ને સુખિયા થઈને શ્રીજીમહારાજના ધામમાં બેસીએ ને સર્વનું કલ્યાણ શ્રીજીમહારાજ કરે એ આશીર્વાદ છે.''

સ્વામીશ્રીના આશીર્વચનની સમાપ્તિ થઈ ત્યારે








બરાબર જન્મનો સમય થઈ ચૂક્યો હતો. ૧૦:૧૦ વાગ્યા હતા. સ્વામીશ્રી જે કોતરણીયુક્ત સિંહાસનની આગળ બેઠા હતા એનો પાર્શ્વભૂનો પડદો ઉઘડ્યો અને ચાંદીના પારણામાં વિરાજિત શ્રી હરિકૃષ્ણ મહારાજનાં દર્શન થયાં. સોનાના સિંહાસનમાં સુવર્ણના વાઘા સાથે મુગટ ધારણ કરેલા શ્રી હરિકૃષ્ણ મહારાજ અત્યારે બાળ-સ્વરૂપે દર્શન દઈ રહ્યા હતા. જન્મોત્સવની







આરતી પ્રગટી ચૂકી હતી. સ્વામીશ્રી આસન પર વિરાજીને જ આરતી ઉતારે એવો સૌનો આગ્રહ હતો, પરંતુ સ્વામીશ્રીએ સામેથી જ ઊભા થઈને આરતી કરવાનો આગ્રહ રાખ્યો.

આટલી વૃદ્ધ ઉંમરે પણ ઠાકોરજીની પ્રત્યેક મર્યાદાનું સ્વામીશ્રી પાલન કરે છે. શરીર શિથિલ હોવા છતાં ભક્તિ-પરંપરાના નાનામાં નાના નિયમોમાં તેઓ વિવેક જાળવવાનું ચૂકતા નથી. જન્મોત્સવની આરતી ઉતાર્યા પછી સંતોએ આનંદનાદ ઝિલાવ્યા : *'ધર્મઘેર આનંદ ભયો, જય બોલો ઘનશ્યામ કી...'* એ દરમ્યાન આસન પર વિરાજીને સ્વામીશ્રીએ મહારાજને પારણે ઝુલાવ્યા.

સ્વામીશ્રી પણ આનંદમાં હતા. મહારાજના જન્મના ઉત્સવના નાદ તેઓ પણ ઝિલાવતા હતા. ઠાકોરજીને પારણે ઝુલાવતાં ઝુલાવતાં ક્યારેક ડાબા હાથ વડે પણ સ્વામીશ્રીએ ઠાકોરજીને ઝુલાવ્યા.

આનંદનાદ પછી *'આજ ધર્મભક્તિને દ્વાર... આજ યજ્ઞપુરુષને દ્વાર...'* એ કીર્તનો સંતોએ ગાયાં અને આનંદમાં આવેલા હરિભક્તો અને સંતો પણ નૃત્યમાં જોડાયા. સ્વામીશ્રી પણ તાળી પાડીને આ આનંદમાં સામેલ થઈ રહ્યા હતા. કીર્તનની સમાપ્તિ થઈ.

સૌને હાથ જોડીને સ્વામીશ્રીએ સભામાંથી વિદાય લીધી અને ઉતારે પધાર્યા ત્યારે ૧૦:૪૦ વાગ્યા હતા. આજના 'શ્રીહરિ જયંતી પર્વ'ની આ રીતે અદ્‌ભુત ઉજવણી કરીને સૌને સ્મૃતિદાન આપીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ દૃઢ કરાવીને સ્વામીશ્રી પોઢ્યા ત્યારે ૧૦:૫૦ વાગ્યા હતા.

•

તા. ૨-૪-૨૦૧૦, ગાંધીનગર

આજે સ્વામીશ્રી જગવિખ્યાત આઈ.ટી. કોર્પોરેશન હ્યુલેટ પેકાર્ડ(HP)ના વાઈસ પ્રેસિડેન્ટ વ્યોમેશભાઈ ભટ્ટને મળ્યા. તેઓ બી.એ.પી.એસ.ના સંનિષ્ઠ સત્સંગી-બંધુ પણ છે. ખાસ તો સ્વામીશ્રીના વિશેષ આશીર્વાદ લેવા તેઓ આવ્યા હતા. તેઓને સિંગાપુરની સરકારે 'ફ્રેન્ડ ઑફ સિંગાપુર'નો ઍવોર્ડ એનાયત કર્યો હતો.



વિશ્વની ચાર-પાંચ વ્યક્તિઓને જ અત્યાર સુધીમાં આવો ઍવોર્ડ મળ્યો છે. આ ઍવોર્ડ સ્વીકારીને ખાસ તો સ્વામીશ્રીના હસ્તે આ ઍવોર્ડ પ્રસાદીનો કરાવવા માટે જ તેઓ આવ્યા હતા. મુલાકાત દરમ્યાન વ્યોમેશભાઈએ સ્વામીશ્રીને આ ઍવોર્ડ અર્પણ કર્યો અને સ્વામીશ્રીએ તેઓને મળેલો ઍવોર્ડ તેઓના ગળામાં પહેરાવ્યો.

'આજે મને સાચો ઍવોર્ડ મળ્યો.' એમ વ્યોમેશભાઈએ આનંદ વ્યક્ત કર્યો.

વિશ્વભરમાં ફરવા માટે કંપની તરફથી તેઓને ચાર્ટર્ડ પ્લેન મળે છે. આ પ્લેનના બે અમેરિકન પાઈલટ પણ અત્યારે સાથે હતા. તેઓ પહેલી જ વખત સ્વામીશ્રીનાં દર્શન કરી રહ્યા હતા. આ પાઈલટ પૈકીના એક પાઈલટે સ્વામીશ્રીને પૂછ્યું : 'દુનિયા આતંકવાદથી બચશે કઈ રીતે ?'

સ્વામીશ્રી કહે : 'ભગવાન સૌને બચાવે છે. ભગવાનનો આશરો થાય અને દૃઢ નિષ્ઠા થાય તો બચે. બી.એસ.એફ. ભગવાનને સંભારે તો બચીએ.'

તેઓની સાથે આવેલા કો-પાઈલટને જ્યારે પૂછ્યું કે 'તમારે કંઈ પ્રશ્ન પૂછવો છે ?' ત્યારે તેઓ બોલ્યા : 'હમણાં સ્વામીજીએ જવાબ આપ્યો એમાં જ મને મારો ઉત્તર મળી ગયો છે.'

તા. ૩-૪-૨૦૧૦, ગાંધીનગર

ગાંધીનગરના સેક્ટર-૨૪માં રહેતા સત્સંગીબંધુ અરવિંદભાઈ મિસ્ત્રીનું આજે સન્માન કરવામાં આવ્યું. ગઈકાલે બપોરે ૨:૦૦ વાગે સેક્ટર-૭માં તેઓ જઈ રહ્યા હતા. રસ્તામાં તેઓએ ફાટેલી થેલી પડેલી જોઈ. તેઓએ આ બિનવારસી થેલી હાથમાં લીધી. એમાં જોયું તો ૫૦,૦૦૦ રૂપિયાનો એવો ચૅક હતો કે જે કોઈ પણ વટાવી શકે. બૅન્કમાં જાય તો તરત જ પૈસા મળી જાય. વળી, થેલીમાં બૅન્કની પાસબુક પણ હતી. તેઓએ એ પાસબુકના આધારે માલિકનું નામ અને સરનામું લીધું. એમની સાથે ઊભેલા એક મિત્રે કહ્યું કે 'આ સારામાં સારી તક છે, તું પૈસા લઈ લઈશ તોય કોઈ દાવો નહીં કરી શકે.' પરંતુ તેઓએ વિચાર્યું કે હું તો પ્રમુખસ્વામી મહારાજનો શિષ્ય છું. એટલે પ્રલોભનમાં લોભાયા વગર તેઓ સેક્ટર-૭માં રહેતા થેલીના માલિક એડ્વોકેટ સંદીપભાઈ પટેલને ઘરે જઈને આ થેલી અર્પણ કરી, ત્યારે તેઓ આશ્ચર્યમાં ડૂબી ગયા. તેમને પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે ખૂબ અહોભાવ થયો. એમ કે, આ અરવિંદભાઈ મધ્યમ વર્ગના હોવા છતાં આવા પ્રલોભનોને ઠુકરાવીને તેઓએ આદર્શ ઉદાહરણ પૂરું પાડ્યું છે ! આજની સત્સંગ સભામાં બેઠેલા તેઓને ઊભા કરવામાં આવ્યા. સ્વામીશ્રીએ અમીદૃષ્ટિ કરીને તેઓને આશીર્વાદ આપ્યા.



•

ભારતના પ્રખર અણુવિજ્ઞાની અને ભારતના એટમિક એનર્જી કમિશનના પૂર્વ સૂત્રધાર ડૉ. આર. ચિદમ્બરમ્ સ્વામીશ્રીનાં દર્શને પધાર્યા. ભારત સરકારની વિજ્ઞાન વિષયક સમિતિના તેઓ અધ્યક્ષ છે, વડાપ્રધાનના અંગત વૈજ્ઞાનિક સલાહકાર છે તથા ભારતમાં ગામડાંઓ સુધી વિજ્ઞાનની પ્રગતિનો વ્યાવહારિક અમલ થાય એ માટેની કમિટીના પણ તેઓ સભ્ય છે. ખાસ કરીને વિશ્વભરમાં ભારતની અસ્મિતા જગાવનાર કેટલાક મહાન ભારતીય વૈજ્ઞાનિકો પૈકીના તેઓ એક છે. સ્વામીશ્રીના તેઓ અત્યંત ગુણાનુરાગી છે. લગભગ ૨૦ વર્ષથી સ્વામીશ્રી સાથેનો તેઓનો સંપર્ક રહ્યો છે. અવારનવાર સ્વામીશ્રીનાં દર્શનાર્થે આવીને ધન્યતાનો અનુભવ કરે છે.

પોખરણમાં મહાસત્તાઓની આંખમાં ધૂળ નાખીને પણ અસ્મિતાપૂર્વક અણુબૉમ્બનો પ્રયોગ કરીને સમગ્ર વિશ્વને તેઓએ ચોંકાવી દીધું હતું.

તેઓ ભારતની સમગ્ર વસ્તીમાં વિજ્ઞાનનાં સંશોધનનાં ફળ મળે એ માટે પણ પ્રયત્નશીલ છે. ભારતમાં ઊર્જા અને શિક્ષણ માટે સતત ચિંતનશીલ-પ્રયત્નશીલ એવા આ વિજ્ઞાનીએ ભારતને પ્રથમ હરોળના રાષ્ટ્ર તરીકે પ્રસ્થાપિત કરવા શું શું કરવું





જોઈએ તેની યોજનાઓ સ્વામીશ્રી સમક્ષ પ્રસ્તુત કરી. ત્યારબાદ કહ્યું : 'મારી દૃષ્ટિએ ભારતને ફક્ત વિકસિત થવું હોય તો આર્થિક, વૈજ્ઞાનિક અને લશ્કરી રીતે મજબૂત થવું જોઈએ, પરંતુ જો ભારતને મહાન દેશ બનાવવો હોય તો એટલાથી પૂરતું નથી, એના માટે આપણી પ્રાચીન સંસ્કૃતિ અને અધ્યાત્મને પણ ભૂલવા ન જોઈએ. એ મૂલ્યો પણ વધે એ ખૂબ જ જરૂરી છે.'

સ્વામીશ્રી કહે : 'મૂળ આધાર જ એ છે.'

એ પછી ડૉ. ચિદમ્બરમ્ સાહેબે અણુવિજ્ઞાન દ્વારા વિકાસની તથા તેની પણ સલામતી-સુરક્ષાની ઘણી વાતો કરી. સ્વામીશ્રી તેઓના માનવીય અભિગમથી વિશેષ પ્રભાવિત થયા. સ્વામીશ્રી કહે : 'આપ બહુ ઊંડા ઊતર્યા છો !' પછી સ્વામીશ્રી કહે : 'આધ્યાત્મિકતા અને મૂલ્યો હોય તો જ બધાનો વિકાસ થાય. પ્રેરણા ભગવાનમાંથી જ મળે છે અને એને કારણે જ આવાં સંશોધનોનો સવળો ઉપયોગ થાય છે.'

•

આજે અક્ષરધામમાં 'સત્ ચિદ્ આનંદ' વૉટર શૉનું ભવ્ય ઉદ્‌ઘાટન હતું. આજના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં સૌથી વધુ ચિંતાનો વિષય હતો – પવન. વધુ પડતો પવન વહે તો વૉટર શૉના વિશાળ વૉટર સ્ક્રીનને અનુકૂળ ન આવે. કોણ જાણે કેમ, છેલ્લા બે દિવસથી જ વાયુદેવ વધુ પડતા ગેલમાં હતા. પવનના જોરદાર સુસવાટા સર્વે વ્યવસ્થાપક સંતોની ચિંતામાં વધારો કરતા હતા.

સ્વામીશ્રી સાંજે ૬:૧૫ વાગે તૈયાર થઈને 'સર્વસ્વ'ના પૅસેજમાં પધાર્યા. સંતનિવાસના પ્રતીક્ષાખંડ આગળ અચલમુનિ સ્વામી અને રિજ્ઞેશ સાધક શ્રી હરિકૃષ્ણ મહારાજને લઈને ઊભા હતા. વૉટર શૉમાં દર્શાવેલી પહાડી ભૂમિ જેવી પાર્શ્વભૂ શ્રી હરિકૃષ્ણ મહારાજ માટે પણ કરવામાં આવી હતી. આ બંનેએ આ પાર્શ્વભૂ રચી હતી. પાછળથી ઝરણું પણ વહેતું હતું. સ્વામીશ્રી બે ઘડી ત્યાં થંભ્યા, બે હાથ જોડ્યા અને ત્યારપછી ધૂન કરતાં કરતાં સંકલ્પ કર્યો કે કાર્યક્રમ સારામાં સારો થાય, કોઈ વિઘ્ન ન આવે અને પવન પણ બંધ રહે. સ્વામીશ્રીએ એ પ્રાર્થના કરી હતી, ત્યારબાદ સ્વામીશ્રી વૉટર-શૉના ઉદ્‌ઘાટન સમારોહમાં પધાર્યા. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ, અણુવિજ્ઞાની ડૉ. આર. ચિદંબરમ્, શ્રી ઈવ પીપા અને ગુજરાતના અનેક મંત્રીઓ, પ્રખર ઉદ્યોગપતિઓ, લબ્ધપ્રતિષ્ઠિત વિદ્વાનો, અધિકારીઓ વગેરેથી પેવેલિયન ખીચોખીચ ભરાઈ ગયું હતું. શાનદાર કાર્યક્રમની એક પછી એક ઘટનાઓ સરવા લાગી. સૌ સ્તબ્ધ બનીને કાર્યક્રમને માણી રહ્યા હતા – પરંતુ સૌથી વધુ જેની ચિંતા હતી એ પવન પણ જાણે સ્તબ્ધ બની ગયો હતો.

'સત્ ચિત્ આનંદ' વૉટર શૉનો ઉદ્‌ઘાટન-વિધિ ચાલુ થવાની તૈયારી હતી, ત્યારથી લઈને છેક સુધી આ શૉ સાથે સંકળાયેલા સંતોની નજર આજુબાજુનાં વૃક્ષો ઉપર હતી. એક પણ પાંદડું હાલતું ન હતું.

ખરેખર ! આ એક ચમત્કાર હતો. સૌને બે દિવસ પહેલાં સ્વામીશ્રીએ કહેલાં વચનો યાદ આવ્યાં. છેલ્લા બે-ત્રણ દિવસથી શૉના ટેસ્ટિંગ શૉ ચાલુ હતા એ દરમ્યાન એટલો બધો પવન ફૂંકાતો હતો કે એને કારણે ફુવારાની છાલક બેઠકવ્યવસ્થા ઉપર જ પડતી હોવાથી રીતસર ખાબોચિયાં ભરાઈ જતાં હતાં. સૌને ચિંતા એ હતી કે 'આવા મહેમાનો ઉપસ્થિત હોય અને ત્યારે



જોરથી પવન ફૂંકાતાં સૌનાં કપડાં પલળી જશે તો શું થશે ?' આ ચિંતા બે દિવસ પહેલાં વિશ્વવિહારી સ્વામી, ધર્મવત્સલ સ્વામી, બ્રહ્મવિહારી સ્વામી વગેરે સંતોના મુખ ઉપર સ્પષ્ટપણે જોઈ શકાતી હતી. એને કારણે છેલ્લી ઘડી સુધી બેઠક-વ્યવસ્થા કેવી રાખવી, એનું મનોમંથન ચાલતું હતું, પરંતુ જ્યારે સ્વામીશ્રી સમક્ષ રજૂઆત કરી ત્યારે સ્વામીશ્રીના મુખ ઉપર સહેજ પણ મુખરેખા બદલાયેલી ન હતી. સ્વામીશ્રી એટલું જ બોલ્યા હતા કે 'આપણા દરેક પ્રસંગે શ્રીજીમહારાજે હંમેશાં લાજ રાખી છે, એટલે આ વખતે પણ રાખશે. આ તો કોઈને અહં ન આવી જાય અને આપણે ધરતી ઉપર જ રહીએ એટલે ભગવાન કસોટી કરે છે. શ્રીજી-મહારાજની દયાથી એક પાંદડું હાલશે નહીં.'

અત્યારે આ મૂર્તિમાન ચમત્કાર સૌ જોઈ રહ્યા હતા. સૌ આ ચમત્કાર જોતાં ગદ્‌ગદિત હતા.

•

રાત્રે વૉટર શૉના દિગ્દર્શક શ્રી ઈવ પીપા અને તેઓના બિઝનેસ મૅનેજર શ્રી જુલિયન દર્શને આવ્યા. આવતીકાલે સવારે તેઓ ફ્રાન્સ જવા વિદાય લેવાના હતા. આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ હાર પહેરાવ્યો અને ત્યારપછી તેઓ સામે ખુરશી ઉપર બેઠા. સ્વામીશ્રીએ પહેલું જ વાક્ય કહ્યું : 'Very good – બધા બહુ રાજી થઈ ગયા.'

સાથે આવેલા બિઝનેસ મૅનેજર જુલિયન કહે : 'બીજે બધે તો બિઝનેસની રીતે હું એમની સાથે જતો હોઉં છું, પણ મારે એમના બિઝનેસનું અહીં કોઈ જ કામ નથી. અહીં કેવળ આપના આશીર્વાદ લેવા જ આવ્યો છું.'

સ્વામીશ્રી કહે : 'ये तो भगवान का बिझनेस है। भगवान का दर्शन हुआ है, वो बड़ा बिझनेस है। यहाँ से जाकर दूसरे को बात करेगा तो उसको भी इस बिझनेस का लाभ मिलेगा।'

જુલિયન કહે : 'આપે કહ્યું એ પ્રમાણે હું કરીશ.'

સ્વામીશ્રી કહે : 'દર્શન થયાં અને આ સેવા થઈ એટલે એ બિઝનેસ વધ્યા જ કરશે. એક ભજનમાં કહ્યું છે ને કે *'કર મન ભજન કા વેપાર.'* જેમ માલ લઈને વેચીએ છીએ એમ આ ભક્તિ-ભજન એ મોટો માલ છે, એની પણ બધે વાત કરવી.'


શ્રી ઈવ પીપા કહે : 'અમને આવો (ભજનનો) વેપાર ગમે છે.'

સ્વામીશ્રી કહે : 'અહીં (અંતરમાં) પાકું થઈ ગયું છે એટલે હવે બીજાને પણ વાત થશે. ભાવના સારી છે, જીવન પવિત્ર છે એટલે પ્રેરણા થઈ છે. હૃદય પવિત્ર છે.'



ઈવ પીપા કહે : 'આપે જે સેવા આપી એ બદલ હું ગૌરવ અનુભવું છું. ખાસ તો આપની સંસ્થા સાથે જે કાર્ય કર્યું અને લોકોનો જે પ્રેમ મને મળ્યો એ મને સ્પર્શી ગયો છે. શૉ જોયા પછી બધા મારો આભાર માનતા હતા, પણ હું માનું છું કે હું તો નિમિત્ત હતો. મારા આભાર દ્વારા એ સમગ્ર ટીમનો આભાર માનતા હતા. મારા માટે આ સારામાં સારું વળતર છે.'

સ્વામીશ્રી કહે : 'યોગીજી મહારાજ પણ કહેતા ભગવાન સૌનું ભલું કરો. એમ તમને પણ બીજાનો વિચાર પહેલાં આવે છે. જ્યારે આવું સન્માન મળે ત્યારે કેટલાક લોકો બધું ભૂલી જાય અને બીજાનો વિચાર પણ ન કરે. પોતે જ બધો યશ લેવા પ્રયત્ન કરે



અને કહેવા માંડે કે 'મેં આમ કર્યું, મેં તેમ કર્યું;' પરંતુ તમારી ભાવના સારી છે કે 'બધાએ કર્યું છે.' આ ભાવના ઊંચી છે. આ ભગવાનનો ગુણ છે.'

એટલી વાત કર્યા પછી સ્વામીશ્રી કહે : 'શૉ બહુ સારો થયો છે. એનાથી બધાને પ્રેરણા મળી છે. એનું પુણ્ય તમને મળશે. જે જોશે એ બધાને પ્રેરણા મળશે એટલે એનું પુણ્ય તમને પણ મળે ને !'

ઈવ પીપા કહે : 'મેં મારાથી શ્રેષ્ઠ થાય એ બધું જ કર્યું છે, ખાલી હું તો નિમિત્ત છું.'

સ્વામીશ્રી કહે : 'એવી ભાવના એ પણ ભગવાનનો જ ગુણ છે. આ વૉટર શૉ જે જોશે એ રોજ તમને યાદ કરશે. તમે અને જેણે જેણે કામ કર્યું છે એ બધાને ભગવાન ખૂબ આશીર્વાદ આપશે.'

શ્રી ઈવ પીપા સ્વામીશ્રીના આ નિર્મળ સાધુતા-સભર વ્યક્તિત્વથી ખૂબ પ્રભાવિત થયા.

•

તા. ૯-૪-૨૦૧૦, ગાંધીનગર

એક મૂંગો અને બહેરો યુવક દર્શને આવ્યો. એના સ્નેહીએ વાત કરી કે 'એને વ્યસન છે.' સૌને ઇન્તેજારી હતી કે 'મૂંગા-બહેરાને સ્વામીશ્રી કઈ રીતે વ્યસન છોડાવશે ?' પરંતુ સ્વામીશ્રીએ બે આંગળી વચ્ચે બીડી દબાવી હોય એવો અભિનય કરીને હાથથી આ બધું



મૂકવા માટેની મનાઈ કરતા હોય એમ હાથ હલાવીને કહ્યું કે 'આ બધું ન કરતો.' પેલો મૂંગો-બહેરો પણ આ સમજી ગયો અને એણે નિયમ લીધો.

•

તા. ૧૪-૪-૨૦૧૦, ગાંધીનગર

પ્રવીણસિંહ ધીરુભા ઝાલા સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. ૬૪ વર્ષ પહેલાં તેઓને એક ગંભીર બીમારી આવી ત્યારે તેઓને જોવા માટે શાસ્ત્રીજી મહારાજ પધાર્યા હતા અને શાસ્ત્રીજી મહારાજે પોતાની લાકડી તેઓને આપી હતી. એ લાકડી વર્ષોથી તેઓએ સાચવી રાખી હતી. સ્વામીશ્રીને જ્યારે આ વાત કરી, ત્યારે હાથમાં લાકડી લઈને સ્વામીશ્રીએ આંખે અડાડી અને જાણે કે સાક્ષાત્ શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કરતા હોય એટલી ભાવ-નિમગ્નતા મુખ ઉપર ફરી વળી.

પ્રવીણસિંહ, તેમના બંધુ નિર્મળસિંહ રાણાથી માંડીને દાજીબાપુ પરિવારના સૌને સ્વામીશ્રીએ વૉટર શૉ જોવાનું આમંત્રણ આપ્યું હતું અને ગઈકાલે વિશ્વવિહારી સ્વામીને બધી જ વ્યવસ્થા કરવાનું કહ્યું હતું. વૉટર શૉ જોયા પછી સૌ ભોજન કરે એનું આયોજન પણ સ્વામીશ્રીએ કરી આપ્યું હતું. સૌ વતી નિર્મળસિંહ રાણાએ સ્વામીશ્રીનો આભાર માન્યો. આ સૌ અત્યારે દર્શને આવ્યા એટલે સ્વામીશ્રી કહે : 'દાજીબાપુ સત્સંગ કરીને ગયા અને દીકરા-દીકરીઓમાં પણ બધાને સત્સંગ કરાવ્યો ને પાકો સત્સંગ થયો. બિલાડામાં પણ હરિસિંહને સત્સંગ કરાવ્યો. જ્યાં ગયા ત્યાં સત્સંગ કરાવ્યો. એમણે સેવા પણ એવી કરી છે. દાજીબાપુ સદ્ગુરુ જેવા હતા. સંતો, ઠાકોરજીનો પણ અતિ મહિમા. દાજીબાપુ અને જોગીબાપા મિત્ર જેવા, સખાભાવ, સેવા બહુ કરી.'

નિર્મળસિંહ રાણા કહે : 'એ તો ઠીક છે, પણ સૌથી મોટી વાત તો એ છે કે અમારા આખા પરિવારને આપે સત્સંગમાં નભાવ્યો છે. આપનો આ ઉપકાર અમે ક્યારેય ભૂલી નહીં શકીએ.'

સ્વામીશ્રી કહે : 'બેય બાજુ પાકા સત્સંગી, બધાને સેવા ને નિષ્ઠા એવી, એમ બધાએ સત્સંગ સાચવવો.'

•

તા. ૧૦-૫-૨૦૧૦, અમદાવાદ

આજે એકાદશી હતી. દૂરથી પણ મંદિરના ઘુમ્મટમાંથી આવતા ઓચ્છવિયા મંડળનાં ભજનોના ભાવ-તરંગો કર્ણપટ ઉપર અથડાતા હતા. આવા પવિત્ર માહોલની વચ્ચે સ્વામીશ્રી અભિષેક મૂર્તિનાં દર્શન કરીને મંદિર ઉપર પધાર્યા. મધ્ય ખંડમાં દર્શન કર્યાં પછી ઘુમ્મટ તરફ દૃષ્ટિ કરી અને ઓચ્છવિયા મંડળના તાલે મૂઠીમાં કાંસાંજોડ મોટાં મંજિરાં પકડ્યાં હોય એવી રીતે તાલ દેતાં દેતાં સૌને સુખ અને સ્મૃતિ આપ્યાં.

•







તા. ૧૪-૫-૨૦૧૦, જામનગર

આજે અમદાવાદથી વિમાન દ્વારા સ્વામીશ્રી જામનગર પધાર્યા. અહીં બંધાઈ રહેલા શિખરબદ્ધ બી.એ.પી.એસ. મંદિરના પ્રથમ સ્તંભનું પૂજન સ્વામીશ્રીના હસ્તે રાખવામાં આવ્યું હતું. સ્વામીશ્રી મંદિર પરિસરમાં પધાર્યા ત્યારે મહાપૂજા થઈ ચૂકી હતી અને આ અવસરનો લાભ લેવા માટે હજારો હરિભક્તો ઊમટ્યા હતા. વૈશાખી વાયરાની જોરદાર થપાટોને કારણે મંડપ બંધાઈ શકે એવી પરિસ્થિતિ હતી નહીં. આથી, બેઠેલા હરિભક્તો ધીરજપૂર્વક સ્વામીશ્રીનાં ક્ષણભરનાં દર્શન કરવા માટે તાપમાં ખુલ્લામાં જ બેઠા હતા.

સ્વામીશ્રીએ મંદિરના પરિસરમાં પ્રવેશ કર્યો. સ્વામીશ્રીની ગાડી બંધાઈ રહેલા મંદિર સુધી આવી. મંદિરનું પ્લીન્થનું કાર્ય સંપૂર્ણ થઈ ચૂક્યું હતું, સ્તંભપંક્તિ મૂકવાનો પ્રારંભ થઈ રહ્યો હતો. મંદિરની બાજુમાં સ્તંભ રાખવામાં આવ્યો હતો. સ્વામીશ્રીની ગાડી ત્યાં લેવામાં આવી. ગાડીનો કાચ ઉતાર્યા પછી સ્વામીશ્રીએ સ્તંભનું પૂજન કર્યું. શ્વેતવૈકુંઠ સ્વામીએ સ્તંભ-પૂજનનો વિધિ કરાવ્યો. હરિભક્તોનાં દર્શનમાં કોઈ વસ્તુ આડી ન આવે એની તકેદારી સ્વામીશ્રીએ રખાવી હતી. સ્વામીશ્રીએ સ્તંભનું પૂજન કર્યું અને ત્યારપછી અહીંના મુખ્ય મુખ્ય હરિભક્તોને સ્વામીશ્રીએ દર્શનદાન આપ્યાં. સ્વામીશ્રીએ પૂજન કરી લીધા પછી ક્રેઈન દ્વારા એ સ્તંભને ઊંચકીને મંદિર સુધી લઈ જવામાં આવ્યો. ત્યારબાદ સ્વામીશ્રી અહીંથી ભાદરા પધાર્યા.

•



તા. ૭-૬-૨૦૧૦, લીંબડી

છેલ્લા બે દિવસથી સ્વામીશ્રી એવો આગ્રહ રાખતા હતા કે 'મંદિર-પરિસરની નવી લીધેલી ૮ એકરની જમીનનું નિરીક્ષણ કરવા જવું છે.' જોકે સંજોગોવશાત્ તેઓનું જવાનું ન થયું અને અચાનક આજે રાત્રે ૧:૦૦ વાગ્યાથી વરસાદ ત્રાટક્યો. ઉનાળાની ઋતુમાં આ પ્રથમ વર્ષા-અનુભૂતિ ખૂબ આહ્લાદક હતી. કાળઝાળ ગરમીમાં ઠંડકનું મોજું પ્રસરી રહ્યું હતું. એને કારણે આજની સભા આહ્લાદક અને ભીની ભીની ખુશનુમા હતી. જોકે સ્વામીશ્રીના અંતર્યામીપણાનો અનુભવ સૌએ કર્યો, કારણ કે કોઈને પણ સમજાતું ન હતું કે 'ભરતાપમાં સાંજના સમયે મંદિરની જમીન જોવા માટે જવાનો આગ્રહ શા માટે સ્વામીશ્રી કરતા હતા ?' પરંતુ વરસાદ પડ્યા પછી સૌને આ વાતની પ્રતીતિ થઈ. કેટલાકને એ વાતનો અફસોસ પણ હતો કે 'હવે તો જમીન ભીની થઈ ગઈ હોવાથી સ્વામીશ્રીની ગાડી ખૂંપી જાય, તો હવે જશે કઈ રીતે ?' પરંતુ અચાનક વ્યવસ્થાપકોને પ્રેરણા થઈ અને અકલ્પ્ય આયોજન થઈ ગયું.

આજે સ્વામીશ્રી પૂજા કરી રહ્યા હતા એ દરમ્યાન થોડા દિવસો પૂર્વે જ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે નગરયાત્રા માટે વપરાયેલો એક ફ્લોટ તૈયાર કરી દેવામાં આવ્યો. અક્ષરપુરુષોત્તમ મહારાજની ઉત્સવ-મૂર્તિ એમાં પધરાવી દેવામાં આવી. સ્વામીશ્રી પૂજા પછી સભામંડપની બહાર પધાર્યા અને અહીં લિફ્ટના લેવલે રથને ઊભો રાખી દેવામાં આવ્યો હતો. સ્વામીશ્રીની વ્હીલચૅર સીધી રથમાં લઈ જવામાં આવી. રથ હાથથી ખેંચવાનો હતો. આ દિવ્ય અનુભૂતિનો



લાભ લેવા માટે સંતો તૈયાર જ હતા.

સ્વામીશ્રીની ૯૦ વર્ષની વૃદ્ધ ઉંમરે આ રીતે મંદિર ફરતી રથયાત્રા થાય એ અકલ્પનીય હતું. સૌના મનોરથ પૂરા કરવાની સ્વામીશ્રીની રીત કેવી અલૌકિક છે ! એક તો આહ્‌લાદક વાતાવરણ. ઠંડો પવન વાઈ રહ્યો હતો. હજુ મેઘઘટાઓ આકાશમાં મંડરાતી હતી. પડું પડું થઈ રહેલા વરસાદની અનુભૂતિથી મન પણ ભીનું ભીનું હતું. એમાં જાણે કે સ્વામીશ્રીની આવી અકલ્પનીય રથયાત્રાને કારણે મનમાં આનંદની ભરતી ઊઠી.

કોઈને આવી કલ્પના ન હતી કે આ રીતે સ્વામીશ્રી દર્શન દેશે ! જોકે ઝાલાવાડનાં આજુબાજુનાં જૂનાં ગામોના હરિભક્તો માટે આ દર્શનની અનુભૂતિ જુદી રીતે હતી. વરસો પહેલાં ઉનાળાની ગરમીમાં કે ભાદરવાના સખત તાપમાં ગામોગામ ધૂળ ખાતાં ખાતાં સ્વામીશ્રી ટ્રેક્ટરોમાં કે ગાડાંઓમાં બેસીને ઝાલાવાડી ગામડાંઓમાં સામૈયામાં નીકળ્યા હતા, પરંતુ વરસોના અંતરાલમાં સ્વાસ્થ્યને કારણે આ બાજુનું વિચરણ પણ ઓછું થયું અને આવી નગરયાત્રાઓ પણ માત્ર સ્મૃતિશેષ થઈ. અને એટલે જ વરસો પછી આ રીતે રથમાં બેઠેલા સ્વામીશ્રીને જોઈને આ હરિભક્તોને સ્વામીશ્રીના જૂના વિચરણની યાદ આવી ગઈ.

સંતો ઠાકોરજી સહિત બિરાજમાન સ્વામીશ્રીનો રથ ખેંચી રહ્યા હતા. જેમ જેમ હરિભક્તોને ખબર પડતી ગઈ એમ સૌ ભેગા થતા ગયા. રથને ખેંચવામાં આવ્યો અને નગરયાત્રા ઊપડી. સ્વામીશ્રીએ પણ નિરીક્ષણ કરતાં અચાનક સૌ સંતોને કહે : 'ધૂન બોલતા કેમ નથી ? ધૂન કરો.' અને ધૂનનું સંગીત ઉમેરતાં ખરેખર નગરયાત્રાનો માહોલ ખડો થઈ ગયો. આ નગરયાત્રામાં ધીમે ધીમે પાછળ હરિભક્તો ઉમેરાતા









ગયા અને નગરયાત્રા મંદિરની પાછળના આઠ એકરના ગ્રાઉન્ડમાં આગળ વધી.

મોસમના પહેલા વરસાદને લીધે ભીની થયેલી માટીની સોડમ સ્વામીશ્રીના સ્વાગતમાં તૈયાર જ હતી. ભીની થયેલી માટી ઉપર અંકાતા રથનાં પૈડાંના આંકાઓ પુષ્પ વેરતાં સ્વામીશ્રીની આ વિશિષ્ટ લીલાની સ્મૃતિઓને પાછળ છોડી જતા હતા. સ્વામીશ્રી પણ ખૂબ આનંદમાં અને સંતો પણ આનંદમાં હતા. સંતસ્વરૂપ સ્વામી સ્વામીશ્રીને જમીનની વિગતો આપતા જતા હતા. નવી જમીન ઉપર રથને થોડી વાર થંભાવવામાં આવ્યો. સ્વામીશ્રીએ પ્રેમથી જમીનનું નિરીક્ષણ કર્યું.

જમીન જોઈ લીધા પછી રથને મંદિર પરિસરમાં પાછો વાળવાનો હતો, પરંતુ સ્વામીશ્રીનો ઉમંગ જુદો હતો. સ્વામીશ્રી ડાબી તરફ જતા એપ્રોચ રોડ તરફ હાથ લંબાવીને કહે : 'પેલી બાજુ રોડ ઉપર નગરજાત્રા લઈ લો.'

આ પણ વિશિષ્ટ સ્મૃતિ હતી. હવે તો હરિભક્તોનો સમૂહ પણ વધી ગયો હતો. સૌ *'આજ મારે ઘેર, થાય લીલાલહેર'*ના ગાનની સાથે સાથે નગર-યાત્રા કરતા હોય એ રીતે નૃત્ય કરવા લાગ્યા. માનવ-મહેરામણ વધ્યા પછી શહેરના રસ્તે સવારના પહોરમાં અદ્‌ભુત સ્મૃતિનું વાતાવરણ ખડું થઈ ગયું. સૌને પ્રતિષ્ઠા નિમિત્તેની નગરયાત્રા ભુલાવી દે એવી આ અચાનક મળેલી સ્મૃતિભેટ હતી.

•

તા. ૧૦-૬-૨૦૧૦, દિલ્હી

થાઈલેન્ડના ઍમ્બેસેડર ક્રીટી આજે સ્વામીશ્રી અને અક્ષરધામનાં દર્શને આવ્યા હતા. થાઈલેન્ડમાં ઊગતાં વિવિધ પ્રકારનાં ફળફળાદિ લઈને તેઓ આવ્યા હતા.





સ્વામીશ્રીએ પણ તેઓને હાર પહેરાવીને તેઓના જન્મદિવસે આશીર્વાદ આપ્યા.

તેઓ અંગ્રેજીમાં બોલી રહ્યા હતા. આત્મસ્વરૂપ સ્વામી ભાષાંતર કરી રહ્યા હતા. તેઓ સ્વામીશ્રીને કહે : 'આપનાં દર્શને હું ધન્યતા અનુભવું છું. આપે અહીં જે આધ્યાત્મિક સ્થાન બનાવ્યું છે એ ખૂબ આનંદની વાત છે. થાઈલેન્ડ અને ભારતને તો હજારો વર્ષથી બધી જ રીતે સંબંધો છે. અમારો રાજા ભલે બૌદ્ધ ધર્મી છે, પણ આખું સ્ટેટ હિન્દુ સંસ્કારથી પરિચિત છે. અમે પણ અહીં સરકારને કહીએ છીએ કે અમારો ભારત સાથેનો સ્પેશિયલ સંબંધ છે અને એ અક્ષરધામને લીધે છે. આપણી સંસ્કૃતિ એ બતાવે છે કે આપણે કેટલા નજીક છીએ ! અમારા દેશમાં પણ ગણેશજીની સૌથી મોટામાં મોટી મૂર્તિ છે. વળી, ભગવાન રામ, વિષ્ણુ, હનુમાનજી વગેરેની મૂર્તિઓ પણ અમારે ત્યાં છે. આજના દિવસે મારે આપના આશીર્વાદ લેવા છે. હું બે વિનંતી કરવા માગું છું – એક, મારા દેશમાં શાંતિ રહે. અત્યારે લોકશાહી પ્રક્રિયામાં ત્યાં થોડીક તકલીફ ઊભી થઈ છે, તો એ દૂર થાય અને શાંતિ રહે. બીજું, અક્ષરધામ જેવું આપનું મંદિર અમારા દેશમાં પણ થાય. એ માટે અમે પૂરતો સહકાર આપીશું અને પ્રયત્ન કરીશું. ત્યાંનાં રાજારાણી અહીં આવવાનાં છે. એમને અચૂક અહીં લઈને આવીશું.'

સ્વામીશ્રીએ વર્ષગાંઠ નિમિત્તે તેઓને નાડાછડી બાંધી અને આશીર્વાદ આપતાં કહ્યું : 'भारत और थाईलेन्ड दोनों का संबंध कायम के लिए अच्छा रहे, देश का विकास अच्छा रहे और जो लोग तुफान करते हैं उन सबकी बुद्धि अच्छी रहे, शांति से सब लोग रहे और सुखी रहे।'

•

તા. ૧૯-૬-૨૦૧૦, દિલ્હી

દિલ્હીના પૂર્વ લેફ્ટનન્ટ ગવર્નર વિજય કપૂર સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. અક્ષરધામ નિર્માણ માટેની જમીન સંપાદન થઈ રહી હતી એ વખતે તેઓ લેફ્ટનન્ટ ગવર્નર હતા. ત્યારથી જ તેઓ સ્વામીશ્રીના કાર્યના ખૂબ પ્રશંસક રહ્યા છે. આજે પણ તેઓ કહે : 'बहुत खुशी होती है आपके दर्शन से।'



સ્વામીશ્રીએ પૂછ્યું : 'अब निवृत्ति में क्या करते हो ?'

વિજય કપૂર કહે : 'बस, कन्सल्टींग करता हूँ। वैसे देश की हालत अच्छी नहीं है। पता नहीं क्यूं ? लोगों में लालच क्यूं बढ़ती जाती है ? क्या इसका कुछ इलाज है ? पैसे तो सब के पास खूब है, लेकिन इतनी लालच है कि किसी को संतोष नहीं होता है। अमरीका जैसे देशों में भी ऐसी ही हालत है। लालच को कैसे रोका जाय इसके लिए मैंने कुछ किताबें पढ़ी है, लेकिन समझ में नहीं आता कि क्या करना चाहिए ?'

સ્વામીશ્રી કહે : 'लालच लोभ हराम है... इस तरह के स्वभाव पहले से जीव में चले आते हैं। ममता, लोभ, आसक्ति आदि स्वभावों को छोड़ने में भगवान का आशरा और ज्ञान दृढ़ होना चाहिए। आशरा और ज्ञान दृढ़ हो जाय तो दोष चले जाते हैं। वैसे अपने स्वरूप को आत्मा माने तो आत्मा को नात, जात, परिवार कहाँ है ? आत्मा तो चैतन्य है, तो लोभ की क्या जरूरत है ? अपने को आत्मा मानने की दृढ़ता ऐसे सत्पुरुष के संबंध से होती है।'

તા. ૨૦-૬-૨૦૧૦, દિલ્હી

ભારતની સુપ્રીમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ લાહોટી સાહેબને સ્વામીશ્રી મળ્યા. નિવૃત્ત થયા પછી તેઓ ધાર્મિક વાંચન પણ ખૂબ કરે છે અને સત્સંગ સભાઓમાં પણ અવશ્ય આવે છે. સ્વામીશ્રી કહે : 'न्यायाधीश का संबंध तो भगवान के साथ ही रहता है।'

શ્રી લાહોટી કહે : 'आपने सच बताया। मैं भी जो निर्णय लेता था, वो निर्णय सब से पहले लिखकर



भगवान को सौंप देता था और दूसरे दिन उसकी घोषणा करता था। कोई मुझे बोलते हैं कि आपने बहुत अच्छे फैंसले दिए हैं। तब मैं कहता था कि मैंने नहीं, देनेवाले ने दिये हैं।'

સ્વામીશ્રી કહે : 'जो कुछ करते हैं, भगवान ही करते हैं। भगवान को जो आगे रखते हैं तो उन्हें भगवान अच्छी प्रेरणा भी देते हैं।'

શ્રી લાહોટી કહે : 'भगवान की इतनी कृपा है कि आज प्रमुखस्वामी के दर्शन मुझे हो रहे हैं। बहार लोग तो इतने तलसते हैं, और मैं आज सामने बैठा हूँ।'

સ્વામીશ્રી કહે : 'नीति, नियम, धार्मिकता ये सब भगवान के गुण है। भगवान के आश्रय से ये सब बुद्धियोग मिलता है।'

શ્રી લાહોટી કહે : 'उनकी कृपा के बिना ये नहीं आ पाता।'

સ્વામીશ્રીએ છેલ્લે તેઓને આશીર્વાદ આપ્યા. તેઓ ઊભા થયા એટલે સ્વામીશ્રીએ પોતાના ગળામાં જે માળા ધારણ કરી રાખી હતી તે માળા ગળામાંથી લઈને તેઓને આપી. માળા પહેરતાં પહેરતાં લાહોટી સાહેબ અત્યંત ગળગળા થઈ ગયા. અત્યંત ભાવવશ થતાં તેઓ કહે : 'હજી પાંચ મિનિટ પહેલાં જ મને વિચાર થઈ રહ્યો હતો કે મને માળા આપે તો કેવું ! અને આપે અંતર્યામીપણે માળા આપી.'

સ્વામીશ્રી કહે : 'हररोज स्वामिनारायण का मंत्र–जाप करना।'

લાહોટી સાહેબ કહે : 'बिलकुल, उसके लिए ही चाहिए।'

•



તા. ૨૭-૬-૨૦૧૦, દિલ્હી

એલ. એન્ડ ટી. કંપનીના સી.ઈ.ઓ. શ્રી અનિલ નાયક પોતાના જમાઈ અને વેવાઈને લઈને સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા.

સ્વામીશ્રીની સમક્ષ બેસતાં તેઓએ પોતાના જમાઈને કહ્યું : 'પ્રમુખસ્વામી મહારાજ ૯૦ વર્ષના છે, એવું મનાય છે ? મારાથી પણ પહોંચી ન વળાય એટલું આ ઉંમરે સ્વામીશ્રી પહોંચી વળે છે.'

આટલું કહીને કહે : 'મેં તો મારી ઑફિસમાં જે સૌથી વધારે જવાબદાર હોય એવા ૧૫૦ ઑફિસરોને બોલાવીને ડૉક્ટર સ્વામીનું પ્રવચન ગોઠવ્યું હતું અને આ સંસ્થા કઈ રીતે કામ કરે છે અને એમની પાસે શું શીખવાનું છે ? એ વાત સંભળાવી હતી. તેમણે ખૂબ અદ્‌ભુત વાતો કરી હતી. આપના આશીર્વાદથી આ સંસ્થા અદ્‌ભુત રીતે ચાલે છે. કોઈ પણ ઓર્ગેનાઈઝેશન ચલાવવું સહેલું નથી. હું એલ. એન્ડ ટી. ચલાવું છું, બે લાખ જેટલા કર્મચારીઓ છે. એ કઈ રીતે ચલાવું છું એની મને ખબર પડે છે. આ બધું ચલાવતાં મારી ઉંમરમાં દસ વર્ષ વધી ગયાં હોય એવું લાગે છે અને સ્વામીશ્રીનાં તો જાણે દસ વર્ષ ઘટી ગયાં હોય એવા હળવાફૂલ છે.'

સ્વામીશ્રી કહે : 'તમે જે કામ કરો છો એમાં પણ દેશને ફાયદો છે. આશીર્વાદ છે.'

અનિલભાઈ કહે : 'અમારે તો તમારા આશીર્વાદ એ જ ભગવાનના આશીર્વાદ. બીજે ક્યાં શોધવા જવા ? પૃથ્વી ઉપર ભગવાનનું સ્વરૂપ હોય જ ને ! તમે ભગવાનનું સ્વરૂપ જ છો. મારા ટેબલ ઉપર હું આપની જ મૂર્તિ રાખું છું.'



તા. ૮-૭-૨૦૧૦, દિલ્હી

સ્વામીશ્રી રોજ પૂજામાં ભારતમાં સર્વત્ર વરસાદ થાય તે માટે ધૂન-પ્રાર્થના કરે છે અને કરાવે છે.

આજે પણ પૂજામાં ધૂન ચાલુ હતી. યોગીપ્રેમ સ્વામી ધૂનની રમઝટ બોલાવતા હતા. દરરોજ સ્વામીશ્રીની સૂચના અનુસાર છેલ્લે તેઓ *'મનનો મોરલિયો રટે તારું નામ'* એ ભક્તિગીતની પંક્તિ ઝિલાવે છે. સ્વામીશ્રી પણ એમાં તાળી પાડતાં પાડતાં રોજ સુખ આપે છે. આજે છેલ્લે તેઓએ ઝિલાવ્યું : *'ગુજરાતમાં વરસો તમે મારા ઘનશ્યામ...'*

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ જમણો હાથ ઊંચો કરીને આંગળી ગોળ ગોળ ફેરવતા હોય એ રીતે મુદ્રા કરીને એમ કહ્યું કે 'ખાલી ગુજરાતમાં નહીં, પણ સર્વત્ર વરસે, એમ પ્રાર્થના કરો.' આ રીતે બે વખત સ્વામીશ્રીએ નિર્દેશ કર્યો. તેઓની વિશાળહૃદયી કલ્યાણ-ભાવનાનો પરિચય સૌને થયો.

•

તા. ૧૩-૭-૨૦૧૦, દિલ્હી

રાજધાની દિલ્હીમાં મંદિર કરવાના બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સંકલ્પને, અક્ષરધામના નિર્માણ દ્વારા સાકાર કરનારા સ્વામીશ્રીની અનન્ય ઈષ્ટદેવ-ભક્તિ અને ગુરુભક્તિનું એક વધુ મંગલ દર્શન એટલે આજે અક્ષરધામના હૃદયસમા નૂતન ગર્ભગૃહનું નિર્માણ.

રથયાત્રાનો આજનો દિવસ, સ્વામિનારાયણ અક્ષરધામના ઇતિહાસમાં એક વિશેષ આનંદની હેલી વરસાવતો ઉદિત થયો. આજે અક્ષરધામના નૂતન ગર્ભગૃહનાં દ્વાર વેદોક્તવિધિપૂર્વક ખૂલવાનાં હતાં.

બરાબર ૯-૩૦ વાગે સ્વામીશ્રીનું અક્ષરધામના પોડિયમ પર આગમન થયું ત્યારે જય જયકારથી અક્ષરધામનું પ્રાંગણ ગુંજી ઊઠ્યું. દિલ્હી બાળમંડળના બાળકોએ દેવનૃત્ય કરીને સ્વામીશ્રીને અક્ષરધામના પોડિયમ પર સત્કાર્યા અને કલામંડિત રથ પર બિરાજમાન શ્રીહરિકૃષ્ણ મહારાજનું પૂજન કર્યા બાદ સ્વામીશ્રીનાં કરકમળોમાં કળશ અને શ્રીફળ આપીને ઈશ્વરચરણ સ્વામીએ તેઓને વધાવ્યા. હાથમાં કળશ અને શ્રીફળ લઈને સ્વામીશ્રી અક્ષરધામ મંદિરમાં પ્રવેશ્યા. જય જયકાર કરતા હરિભક્તો વચ્ચે થઈને સ્વામીશ્રી નૂતન ગર્ભગૃહમાં પધાર્યા ત્યારે ગર્ભગૃહની અલૌકિક શોભા જોઈને તેમના મુખ પર અનેરી પ્રસન્નતા છલકાઈ ઊઠી. તેમની સૂક્ષ્મ નજરોએ ક્ષણાર્ધમાં જ ગર્ભગૃહના અલૌકિક અને દિવ્ય કલા-વૈભવનો નિખાર માણી લીધો. ભગવાન સ્વામિનારાયણની ભવ્ય મૂર્તિની સન્મુખ અને ગર્ભગૃહના પ્રવેશદ્વારની બરાબર વચ્ચે બિરાજીને સ્વામીશ્રીએ, વરિષ્ઠ સંતોએ શરૂ કરેલી વેદોક્ત મહાપૂજાવિધિનો દોર આગળ લંબાવ્યો. સતત એક કલાક સુધી ચાલેલી આ મહાપૂજાવિધિ બાદ સ્વામીશ્રી



ભગવાન સ્વામિનારાયણની પીઠિકા ઉપર મૂર્તિની બરાબર સામે બિરાજમાન થયા. સંસ્થાના વિદ્વાન પુરોહિત મૂકેશભાઈ શાસ્ત્રી અને શ્રુતિપ્રકાશ સ્વામીએ સ્વામીશ્રીના હસ્તે મૂર્તિનાં વેદોક્ત પુનઃસ્થાપન અને પૂજનનો વિધિ કરાવ્યો. ત્યારબાદ સ્વામીશ્રીએ ખુરશી પરથી ઊભા થઈને ભગવાન સ્વામિનારાયણનાં ચરણ-કમળનું કેસરયુક્ત ચંદનથી વેદોક્ત પૂજન કર્યું. અપાર આનંદ અને ભક્તિભાવથી છલકાતા સ્વામીશ્રીએ સ્વતઃ ભગવાન સ્વામિનારાયણના અભય હસ્ત અને વામ હસ્તમાં ચંદન વડે સ્વસ્તિક કરીને હસ્તકમળનું પણ પૂજન કર્યું. ત્યારબાદ ગુણાતીતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ વગેરે ગુરુવર્યોનાં સાક્ષાત્ સ્વરૂપોના ભાલમાં ચંદન અને અક્ષત દ્વારા પૂજન કર્યું.

સ્વામીશ્રી એકલા જ થોડીક ક્ષણો ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ સમક્ષ હાથ જોડીને વિનમ્રભાવે ઊભા રહ્યા, સૌને શ્રીહરિ સાથે સ્વામીશ્રીનાં એ અદ્‌ભુત દર્શનનો લહાવો મળ્યો. ત્યારબાદ સ્વામીશ્રીએ સ્વતઃ ચાલતાં ચાલતાં જઈને ભગવાન સ્વામિનારાયણનાં ચરણકમળમાં પોતાનું મસ્તક ઝુકાવીને અનન્ય ભક્તિ-ભાવપૂર્વક નમસ્કારાંજલિ અર્પણ કરી. ભગવાન અને ભગવાનના સાક્ષાત્ ધારક સત્પુરુષનાં આ દિવ્ય દર્શનથી સૌ આનંદવિભોર બની ગયા. સ્વામીશ્રીના મુખકમળ પર છવાયેલો અનન્ય ભક્તિભાવ અને દાસત્વભાવ સૌનાં હૈયાને ઝણઝણાવી ગયો. સૌ માટે આજની આ પળ જાણે જિંદગીભરનું એક અણમોલ અને અવિસ્મરણીય ભાથું બની ગઈ.

ત્યારબાદ સ્વામીશ્રી ભગતજી મહારાજની બાજુમાં નીચેની પીઠિકા પર આસન પર બિરાજ્યા અને ભગવાન સ્વામિનારાયણ સન્મુખ હાથ જોડીને પ્રાર્થનામાં પરોવાયા. અન્નકૂટ-થાળગાન બાદ સ્વામીશ્રીએ શ્રીહરિની આરતી અને મંત્રપુષ્પાંજલિ દ્વારા પુનઃ બિરાજમાન થયેલા ભગવાન સ્વામિનારાયણ અને સર્વે ગુરુવર્યોને વધાવ્યા.

સ્વામીશ્રી એ જ આસન પર ભક્ત-સમુદાયની સન્મુખ થયા. અહીં જાણે અક્ષરધામની દિવ્યસભા યોજાઈ ગઈ. સમસ્ત સત્સંગ સમુદાય વતી અક્ષરધામના સર્જક સ્વામીશ્રીને વિવિધ પુષ્પહારથી





વધાવ્યા. ઈશ્વરચરણ સ્વામીએ સ્વામીશ્રીને અક્ષરધામના તમામ સંતો વતી ગુલાબની પીળી અને લાલ પાંદડીઓમાંથી ગૂંથેલો કલાત્મક હાર સ્વામીશ્રીના કંઠમાં અર્પણ કર્યો. સૌની વિનંતીથી થોડી પળો સ્વામીશ્રીએ એ હાર કંઠમાં ધારણ કરી રાખીને અદ્‌ભુત દર્શન આપ્યાં.

આજના આ માંગલિક અવસરે સંસ્થાના વિદ્વાન સંત ભદ્રેશ સ્વામીએ અજોડ ગર્ભગૃહનાં વર્ણન સાથે ભગવાન સ્વામિનારાયણને ભાવવંદના કરતા શ્લોકો રચ્યા હતા. યોગીચરણ સ્વામીએ તેનું અર્થ સાથે ગાન કર્યું. શ્લોકગાનથી વાતાવરણમાં એક રંગત જામી ગઈ. આજથી ૨૦૦ વર્ષ પહેલાં સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીએ ભગવાન શ્રી સ્વામિનારાયણના સાંનિધ્યમાં ગાયેલું પદ 'દિવ્ય સભાપતિરાય બૈઠે...' યોગીચરણ સ્વામીએ મુક્ત કંઠે બુલંદ અવાજે ગાયું. કીર્તનના શબ્દે શબ્દે સ્વામીશ્રી સહિત સૌ સંતો-હરિભક્તો ડોલી ઊઠ્યા. સાક્ષાત્ ભગવાન સ્વામિનારાયણ જાણે આ કીર્તનથી પ્રસન્ન થઈને સૌ પર અમૃતવર્ષા કરી રહ્યા હોય એવી સૌને અનુભૂતિ થઈ રહી. સૌને લાગ્યું કે જાણે આજના આ અવસર માટે જ આજથી ૨૦૦ વર્ષ પહેલાં પ્રેમાનંદ સ્વામીએ આ કીર્તન રચ્યું ન હોય ! વાતાવરણ દિવ્ય અને અભૂતપૂર્વ માંગલિક બની ગયું.

અંતે આજના અવસરની ચરમ સીમા આવી. ભગવાન સ્વામિનારાયણના જયનાદ સાથે સ્વામીશ્રીએ આશીર્વચન ઉચ્ચારતાં જણાવ્યું : 'શાસ્ત્રોમાં અક્ષરધામનું વર્ણન આપણે સાંભળીએ છીએ. દિવ્ય છે, તેજોમય છે, તેજ તેજનો અંબાર છે, શ્રીજીમહારાજ ત્યાં બેઠા છે, બધા મુક્તો બેઠા છે. અક્ષરધામનું વર્ણન છે એવાં દર્શન આજે કરીએ છીએ. આપણને અત્યારે લાગે કે આટલાંને દર્શન થાય છે, પણ અક્ષરધામમાં મહારાજનાં ચારેય બાજુ દર્શન થાય છે. એટલે અહીં પણ ચારેય બાજુ બધા મુક્તો બેઠા છે, એટલે એ રીતે અક્ષરધામની સભા આપણને દર્શન આપે છે. આ જે બન્યું છે એ તેજોમય છે, હીરા-માણેકથી જડિત છે, ઝગમગાટ છે. જે આવે એને શાંતિ થઈ જાય.


આપણી મહેનતથી, પુરુષાર્થથી, બીજી રીતે આ નથી થયું, પણ ભગવાનની ઇચ્છા, જોગી મહારાજનો સંકલ્પ ! જોગી મહારાજે કહ્યું કે અક્ષરધામ અહીં જમુનાને કિનારે થશે. તો એમનો સંકલ્પ બળિયો ને એમાં સંતો-હરિભક્તોએ યથાશક્તિ સેવા કરી છે, તો એવું સરસ કાર્ય આજે બની ગયું છે કે જોતાંની સાથે જ અંતરમાં ઠંડક થઈ જાય. હવે આપણે વિચાર નથી કરવાનો કે અક્ષરધામમાં મહારાજ સાક્ષાત્ વિરાજમાન છે એ સ્થાન કેવું હશે ? એ આ દર્શન થાય છે. અક્ષરધામનું જે વર્ણન છે, એવાં દર્શન આજે અહીં થયાં છે, એ આપણાં બહુ મોટાં ભાગ્ય છે. બહુ મોટાં ભાગ્ય હોય એને આ કાર્ય સમજાય, આ કાર્ય થાય અને આ કાર્ય માટે સમર્પણ થાય. તો આપ સૌ એવો બધો મહિમા સમજ્યા છો તો આ કાર્ય થયું.


શ્રીજીમહારાજ અક્ષરધામમાંથી અનેક જીવના કલ્યાણ માટે પધાર્યા ને પોતાનું અક્ષરધામ ને મુક્ત સાથે લાવ્યા છે. ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ એવા સમર્થ થયા ને યોગીજી મહારાજના સંકલ્પ તો બહુ મોટા હતા – આખી દુનિયામાં સત્સંગ વધે, મંદિરો થાય. એમના સંકલ્પે આપણે આ ધામ કર્યું છે એમાં દેશ-પરદેશના અત્યાર સુધીમાં બે કરોડ લોકો આવી ગયા. બીજા ધર્મના, આરબના દેશમાંથી, આફ્રિકા દેશમાંથી, અમેરિકા, યુરોપમાંથી આવ્યા છે. આપણને અશક્ય લાગે, પણ ભગવાનના કામમાં કશું અશક્ય નથી, બધું જ શક્ય છે, પણ આપણે મહેનત કરીએ તો કામ થાય.

આજે અક્ષરધામનું દર્શન આપણને અહીંયાં થાય છે અને આપણે સાક્ષાત્ અક્ષરધામમાં જ બેઠા છીએ એવો ભાવ હંમેશને માટે રાખવાનો છે. જે કોઈ દેશના, જે કોઈ નાત-જાતના અહીં આવશે એ બધાને આ અક્ષરધામનાં દર્શન થશે. દેશ-દેશના લોકો અહીં આવીને, જોઈને રાજી થાય છે. પ્રદર્શન ને બોટરાઇડ (સંસ્કૃતિવિહાર પ્રદર્શન) જોઈને રાજી થાય છે.

અત્યારે સ્થૂળ દૃષ્ટિએ આપણને આ લોકનું લાગે, પણ શાસ્ત્રોમાં વર્ણન કરેલું છે એવી જ આ વસ્તુ છે. એ વસ્તુ આપણને મળી છે એ મોટાં ભાગ્ય છે.

ભગવાને મનુષ્યદેહ આપ્યો છે ને મનુષ્યદેહે જે કરવાનું છે એ આપણે કર્યું છે. મનુષ્યદેહે બીજું શું કરવાનું છે ? નોકરી, ધંધા, વ્યવસાય કરીએ છીએ, સંતો કથાવાર્તા કરે છે, પણ મનુષ્યદેહે આપણે આત્મા માનીને, બ્રહ્મરૂપ માનીને ભગવાનની ભક્તિ કરવાની





છે, એમ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે. અક્ષરરૂપ થવા કથાવાર્તા, કીર્તન, ભજન, સેવા બધા કરી રહ્યા છે. આપણે ભગવાનનો સંબંધ છે, ભગવાનની ઉપાસના છે અને શાસ્ત્રીજી મહારાજ, જોગી મહારાજ જેવા પુરુષ મળ્યા છે એટલે આપણા કલ્યાણમાં કંઈ બાકી નથી.

દિલ્હીમાં આ મોટું ધામ થયું, એ પણ જોગીબાપાનો સંકલ્પ, મહારાજની ઇચ્છાથી થયું છે. તો એમાં જે કાંઈ યથાશક્તિ સેવા થઈ છે એ સેવાનું ફળ ભગવાન અનંત ગણું આપણને આપશે, અંતરે શાંતિ થશે. દેહ મૂકીને અક્ષરધામની પ્રાપ્તિ પણ થશે ને બધા સુખિયા થશે. આપણું ધન, ધામ, કુટુંબ, પરિવાર ભગવાન માટે ઉપયોગમાં આવ્યું તો એ બધું સાચું છે. બાકી વહેવાર-સંસાર કરવાનો છે ને સમાજ ને દેશની સેવા કરવાની છે, પણ આમાં આપણું અજ્ઞાન જાય, સ્વભાવ, દોષો, પ્રકૃતિ ટળે અને ભગવાન રાજી થાય એવું આ સર્વોપરિ કાર્ય છે. એમાં બીજું કોઈ બંધન થાય નહીં.

ભગવાન તમને અનંત ગણું સુખ આપે, શાંતિ રહે અને દરેક રીતે જીવમાં સત્સંગ વધે ને બીજાને તમારા થકી સત્સંગનો લાભ થાય એવી શક્તિ મહારાજ સર્વને આપે, એ પ્રાર્થના છે.

અહીં તો ભગવાનનો સંબંધ છે. અક્ષરધામની સભામાં માઈલો માઈલો સુધી ચારેય બાજુ બેઠા હોય, પણ બધાને ભગવાનનાં દર્શન થાય. આમ જાણે નજીક હોય એવાં દર્શન અક્ષરધામનાં છે. આપણે ભગવાનની નજીકમાં છીએ, ભગવાને આપણને પોતાના માન્યા છે કે આ મારા છે, એટલે દર્શન આપે છે, સુખ આપે છે, સંપત્તિ પણ આપે છે.

'અક્ષરધામ' 'અક્ષરધામ'ની વાતો કરીએ છીએ એવી ઝાંખી અહીંયાં થઈ. આવું ઝગમગાટ ને ચારેય બાજુથી દર્શન થાય છે. કેવું અક્ષરધામ હશે એ વાતો સાંભળીએ છીએ, પણ કેવું છે એની આ ઝાંખી થાય છે. તો આમાં જેણે જેણે લાભ લીધો છે એને મહારાજ ખૂબ ખૂબ અનંત ગણું આપે. જે કોઈ અહીં આવશે, દર્શન કરશે એ પુણ્ય આપણને મળતાં રહેશે.

ભગવાન બધાને તને, મને, ધને, શારીરિક, માનસિક, આર્થિક રીતે સુખિયા રાખે. જોગી મહારાજની આજ્ઞા – સંપ, સુહૃદભાવ અને એકતા – એ સૂત્ર રાખવાનું છે. એ ન હોય તો આપણો સત્સંગ વધે નહીં. એકબીજાની સહનશીલતા રાખીને દેશ-પરદેશમાં સૌ કાર્ય કરે છે, તો ભગવાન બધાને ખૂબ સુખિયા કરે ને આવી ને આવી સેવા થતી રહે, લાભ લેતા રહે એ પ્રાર્થના.'

સ્વામીશ્રીએ આજે અદ્ભુત આશીર્વાદ વરસાવ્યા. પુનઃ પુનઃ સ્વામીશ્રીએ અક્ષરધામના નૂતન ગર્ભગૃહની અલૌકિક શોભાને 'અક્ષરધામની ઝાંખી' કહીને સૌને દિવ્યતાની પ્રતીતિ કરાવી હતી. આજનો આ અવસર સૌ કોઈ માટે જીવનની અવિસ્મરણીય સ્મૃતિ સમો બની રહ્યો હતો.

લાભ અને અમૃત વેળાએ સમ્યક્ વિધિ પૂર્ણ કરીને બરાબર ૧૨-૩૦ વાગે જય જયકાર વચ્ચે સ્વામીશ્રી ગોલ્ફ કારમાં બિરાજીને છત્ર સાથે ઉતારે જવા પધારી રહ્યા હતા ત્યારે સૌ કોઈનાં હૈયાં હરખથી પુલકિત થઈને આજના અણમોલ અવસરના સાક્ષી બનવા બદલ એક જ વાત રટી રહ્યા હતા : 'ન ભૂતો, ન ભવિષ્યતિ...'

•

આજે અક્ષરધામમાં ગર્ભગૃહના ઉદ્ઘાટનવિધિ દરમ્યાન સ્વામીશ્રીએ સૌ ઉપર આશીર્વાદ-વર્ષા કરી તેમાં પણ તેઓના દિવ્ય ગુણોનાં દર્શન થતાં હતાં. સ્વામીશ્રીની એ પ્રકૃતિ છે કે કોઈ પણ કાર્ય સંપન્ન થાય ત્યારે એ કાર્ય માટે સમર્પિત થયેલા સંતો-હરિભક્તોને બિરદાવવા. આજે સ્વામીશ્રી આશીર્વચન ઉચ્ચારી રહ્યા હતા ત્યારે ડાબી તરફના ખૂણામાં ખુરશી ઉપર ઘણા હરિભક્તો બેઠા હતા. તેઓની વચ્ચે બેંગકોકના



સુરેન્દ્રભાઈ પણ બેઠા હતા. સ્વામીશ્રીએ એક જ નજરમાં તેઓની નોંધ લઈ લીધી હતી અને એટલે જ તેઓની સેવાને બિરદાવવા માટે ચાલુ પ્રવચનમાં જ સ્વામીશ્રીએ તેઓને સંબોધીને કહ્યું : 'સુરેન્દ્રભાઈ ! કમ હિયર.' આટલું કહીને ડાબા હાથનો ઈશારો કરીને તેઓને સ્વામીશ્રીએ ગર્ભગૃહની પીઠિકા ઉપર બોલાવ્યા. ૫૦૦થી વધારે મહાનુભાવોની વચ્ચે સુરેન્દ્રભાઈ ક્યાં બેઠા છે એની પણ સ્વામીશ્રીએ નોંધ રાખી હતી. આ સુરેન્દ્રભાઈએ બેંગકોકનો તેઓનો ધીકતો ધંધો છોડીને છેલ્લા છ મહિના અગવડ-સગવડ સહીને અહીં સેવા આપી હતી. સ્વામીશ્રીના નેતૃત્વની આ અદ્ભુત લાક્ષણિકતા છે.

•

આવતીકાલે સવારે આફ્રિકા સત્સંગ મંડળની એક મિટિંગ રાખવામાં આવી હતી. આ સંદર્ભમાં આજે સ્વામીશ્રી કહે : 'દરેક હરિભક્તનાં મન સચવાવાં જોઈએ. મન સાચવ્યાં છે ત્યારે આટલો સત્સંગ વધ્યો છે, બધાને સાંભળ્યા છે. યોગીજી મહારાજે બધાને કેવા સાચવ્યા છે ! એમ હરિભક્તોને સાચવવા એ મોટી સેવા છે.'

સ્વામીશ્રીની કાર્યપદ્ધતિનો આ મહત્ત્વનો ભાગ છે અને એટલે જ આજે સાંજે પણ જેણે જેણે અક્ષરધામમાં તથા સંસ્થામાં જે કોઈ સેવા કરતા હોય એ સૌને સ્વામીશ્રીએ યાદ કર્યા હતા. આજે સાંજે સ્વામીશ્રી મુલાકાતકક્ષમાં એ સૌને મળી રહ્યા હતા ત્યારે પી.ડી. પટેલ કહે : 'સમૈયો સારો થઈ ગયો.'

સ્વામીશ્રી કહે, 'શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજના સંકલ્પ છે એટલે જ બધું થાય છે. એમની ઈચ્છા હતી કે જમના કિનારે મંદિર થાય તો એ રીતે જ થયું.'

ચંદ્રકાન્તભાઈ પૂજારા કહે : 'ગર્ભગૃહ ખૂબ સારું થઈ ગયું.'

સ્વામીશ્રી કહે : 'એય ભગવાનની ઈચ્છાથી જ થયું ને ! હજારોને લાભ કરવો હશે એટલે થઈ ગયું. વળી, તમારા જેવા સેવા કરનારા આવી ગયા એટલે થયું.'

ચંદ્રકાન્તભાઈ કહે : 'તમે મોહ છોડાવ્યો તો સેવા થઈ ને !'

સ્વામીશ્રી કહે : 'જરાય નહીં, બધું ભગવાનની ઈચ્છાથી થાય છે.'

હરીશભાઈ ભૂપતાણી કહે : 'અમારા બધા પરિવારને રંગ લાગે એવા આશીર્વાદ આપો.'

સ્વામીશ્રી કહે : 'ધીરે ધીરે થઈ જશે.'

ભૂપતાણી કહે : 'પ્રયત્નથી કે પ્રારબ્ધથી થાય કે કૃપાથી થાય ?'


સ્વામીશ્રી કહે : 'કૃપા થાય તો જ ભગવાન અને સંત મળે. ભક્તિ કરતાં કરતાં કૃપા થાય. તમારા સૌ ઉપર મહારાજ કૃપા જરૂર કરશે ને બેડો પાર થઈ જશે.'

યોગેશભાઈ વઢવાણા અને ત્રણેય ભાઈઓને તેમજ નીતિનભાઈ ગઢિયા તથા ભાઈઓને પણ સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રી કહે : 'આ કુટુંબ પહેલેથી જ તન, મન, ધનથી સેવામાં સમર્પિત. તેઓના પિતાશ્રી કિશોરભાઈને પણ એક જ લગની. એ બધા સંસ્કાર તમારામાં ઊતર્યા. સારામાં સારા સંસ્કાર રાખ્યા અને એ સંસ્કાર આપ સૌએ વધાર્યા છે. અક્ષરધામ થઈ ગયું. તન, મન, ધનથી સેવા કરી. આવી ને આવી ભક્તિ કાયમ રહે. તને, મને, ધને સૌ સુખિયા રહે. જીવમાંથી સત્સંગ છે એટલે સારામાં સારી સેવા થાય છે. મહિલા મંડળની પણ એવી જ સેવા છે. દાદાખાચરે જેમ મહારાજને રાખ્યા હતા એમ પહેલેથી જ તમે સંતોને રાખ્યા છે. ક્યારેય મોળી વાત છે જ નહીં. સેવા કરવામાં કાયમ તૈયાર. અમારે જ રોકવા પડે.'

સ્વામીશ્રીને સૌનો કેવો મહિમા છે તેનું આજે વિરલ દર્શન થયું.

•





તા. ૧૮-૭-૨૦૧૦, દિલ્હી

૯:૦૦ વાગે ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ દર્શને આવવાના હતા, પરંતુ તેઓની ગાડી બગડતાં જ્યારે તેઓ આવ્યા ત્યારે લગભગ ૧૦:૦૦ વાગવા આવ્યા હતા. તેઓ જેવા રૂમમાં પ્રવેશ્યા કે તરત જ સ્વામીશ્રી ઊભા થઈ તેઓને મળ્યા અને હાર પહેરાવીને આશીર્વાદ આપ્યા. તેઓ સામે સોફા ઉપર વિરાજમાન થયા.

અબ્દુલ કલામ કહે : 'आपको कैसा है ?'

સ્વામીશ્રી કહે : 'भगवान की दया से अच्छा चलता है।'

ત્યારપછી વાર્તાલાપ ચાલ્યો. તેમાં શ્રી અબ્દુલ કલામ અંગ્રેજીમાં બોલી રહ્યા હતા, એનું ભાષાંતર આત્મસ્વરૂપ સ્વામી કરી રહ્યા હતા.

અબ્દુલ કલામ કહે : 'પૃથ્વી સૂર્યની પ્રદક્ષિણા કરી રહે ત્યારે ૧ વર્ષ લાગે છે, એમ આપે આવી ૧૨૫ પ્રદક્ષિણા કરવાની છે.'

સ્વામીશ્રી કહે : 'તમારે પણ રહેવું પડશે ને !'

અબ્દુલ કલામ કહે : 'મારા ભાઈ ૯૬ વર્ષના છે.'

તેઓ પોતે લખેલાં બે પુસ્તકો સ્વામીશ્રી માટે લઈને આવ્યા હતા. 'ફૅમિલી એન્ડ નેશન' અને બીજું 'ધ સાયન્ટિફિક ઇન્ડિયન' આ પુસ્તકો પોતાની સહી કરીને તેઓએ સ્વામીશ્રીને સપ્રેમ આપ્યાં અને કહે : 'આપનાં દર્શનથી હું ખૂબ ખુશ છું. હું એક ધ્યેય લઈને નીકળ્યો છું. મારું એક સ્વપ્ન છે કે આપની સાથે રહીને મારે એક પુસ્તક લખવું છે. એનો વિષય છે 'દેશનો આધ્યાત્મિક ઉત્કર્ષ.' આપે કરેલા પ્રવચનમાંથી મુદ્દા લઈને ચર્ચા કર્યા પછી હું એમાંથી પુસ્તક કરીશ. જેમાં બાર પ્રકરણો મારે લખવાં છે એમાં પ્રમુખસ્વામીએ કઈ રીતે અક્ષરધામનું સ્વપ્ન સાકાર કર્યું એની વિગતો લખીશ. બીજા પ્રકરણમાં બી.એ.પી.એસ.ની સ્કૂલો અને એમની કાર્યપદ્ધતિની વાત કરીશ. અક્ષરધામ એક આદર્શ સંસ્થા તરીકે દિલ્હીમાં ખૂબ નામના પામી છે. ઘણાયે આ બાબતમાં મને વાત કરી છે.'

વળી, તેઓ કહે : 'ભારતની પ્રગતિ વધતી તો જાય છે, પણ એટલાથી પૂરતું નથી. આપણે સારા નાગરિકો પણ જોઈશે.'

સ્વામીશ્રી કહે : 'તો જ દેશની સારી પ્રગતિ થશે.'

અબ્દુલ કલામ કહે : 'આ જ પોઇન્ટ માટે મારે આપની સાથે પુસ્તક લખવું છે. દેશના વિકાસ માટે આપે મને જે આધ્યાત્મિકતાની વાત કરી હતી એ મારે પુસ્તકમાં આવરી લેવી છે, કારણ કે આધ્યાત્મિક નાગરિક તૈયાર થાય તો જ પ્રગતિ થાય.'

આટલું કહીને તેઓ સંતોને કહે : 'હું પ્રમુખ-સ્વામીને ઘણી વખત મળ્યો છું અને જ્યારથી મળ્યો છું ત્યારથી એક જ વાતનું પ્રતિપાદન કરું છું કે ધર્મ હૃદયમાં રહેવો જોઈએ. ધર્મ એ ચારિત્ર્યની શોભા છે. ચારિત્ર્ય હશે તો સંવાદિતા ઘરમાં આવશે. ઘરમાં સંવાદિતા હશે તો દેશ વ્યવસ્થિત રહેશે અને દેશ વ્યવસ્થિત રહેશે તો વિશ્વમાં શાંતિ રહેશે.'

તેઓ વારે વારે પુસ્તકની યાદ જ અપાવતા હતા. એટલે વળી પાછા કહે : 'હું પુસ્તક લખું એમાં આપ રાજી છો ને ?'

સ્વામીશ્રી કહે : 'તમે સારું જ લખો છો. આપના આધ્યાત્મિક અને ધાર્મિક રીતે પણ સુંદર વિચારો છે, સારા છે. આપને દૃઢ છે કે ધર્મ દ્વારા પણ ચારિત્ર્ય દૃઢ થાય ને લોકો સુખી થાય એ જરૂરી છે.'

અબ્દુલ કલામ કહે : 'આશીર્વાદ તો મળી ગયા, પણ હવે લખવામાં પ્રમુખસ્વામીએ ભાગ લેવો પડશે, કારણ કે એમણે કર્યું છે ઘણું બધું, બોલ્યા છે પણ બહુ, એનું સંકલન કરીને એમના બે-ત્રણ ઇન્ટરવ્યૂ લઈને હું પુસ્તક કરીશ. વીસ વર્ષથી હું પ્રમુખસ્વામીને જાણું છું. મારે એમનો સારો અભ્યાસ છે. હું સમયે સમયે આવતો રહીશ ને એને પુસ્તકનું સ્વરૂપ આપી દઈશ.'

આત્મસ્વરૂપ સ્વામીએ અક્ષરધામમાં આવતા દર્શનાર્થીઓની વાત કરતાં કહ્યું : 'અત્યાર સુધીમાં બે

કરોડથી પણ વધારે દર્શનાર્થીઓ આવ્યા છે. જેમાં પચાસ દેશોના રાષ્ટ્રપતિ, વડાપ્રધાનથી માંડીને મહાનુભાવો આવેલા છે.'

આ સાંભળતાં જ અબ્દુલ કલામ કહે : 'અહોહો ! આ તો ભગવાન સ્વામિનારાયણને મહાન ભાવાંજલિ કહેવાય.' આટલું કહીને તેઓ કહે : 'નૌકાવિહાર પ્રદર્શનમાં લઈ જાવ એ બધાને પ્રેરણા મળે જ.'

આત્મસ્વરૂપ સ્વામીએ યુનોમાં સ્વામીશ્રીની સંનિધિમાં થયેલી કૉન્ફરન્સની વાત કરી. એટલે તેઓ તરત જ કહે : 'મને પ્રમુખસ્વામીનું પ્રવચન મોકલજો. મારે પુસ્તકમાં એ પણ આવરી લેવું છે.'

પછી અબ્દુલ કલામ સ્વામીશ્રીને કહે : 'આપને કંઈક માર્ગદર્શન આપવું હોય તો !'

સ્વામીશ્રી કહે : 'જે વાત કરવાની છે એ તો આપના જીવમાં જ છે. આપ એ જ વિચારો છો – ભારત આગળ વધે, સમાજ સુધરે, એ બધા આપના આધ્યાત્મિક વિચારો છે. આપને ભગવાન વધારે પ્રેરણા આપે, જેથી દેશનો ઉત્કર્ષ થાય. આપના વિચારો ઉત્કૃષ્ટ છે. હૃદયમાં ભગવાન બેઠા છે એટલે સારા વિચારો આવે છે.'

વળી, અબ્દુલ કલામ સાથે ફોટો પડાવ્યો ત્યારે વળી કહે : 'એક વર્ષ પછી પુસ્તક તૈયાર થઈ ગયું હશે ! તે વખતે પુસ્તકને ને મને આશીર્વાદ આપજો. મારે આપે જે અક્ષરધામ કર્યાં છે, પરદેશમાં પણ જે અક્ષરધામ કર્યાં છે એ કઈ રીતે સાકાર કર્યું એ પણ આમાં લખવું છે.'

સ્વામીશ્રી કહે : 'બધું ભગવાનની કૃપાથી અને ગુરુના આશીર્વાદથી થયું છે. યોગીજી મહારાજનો સંકલ્પ હતો કે જમુના કિનારે મંદિર થવું જોઈએ; એટલે થયું છે. યોગીજી મહારાજ એવા સંત હતા કે જે હંમેશાં આનંદમાં જ રહેતા.'

આટલું કહીને બાજુમાં પડેલા 'બોધકથા' પુસ્તકમાંથી સ્વામીશ્રીએ તેઓને યોગીજી મહારાજનો ફોટો બતાવ્યો. અબ્દુલ કલામ આ ફોટો જોતાં જ બોલી ઊઠ્યા : 'તેઓનું મુખ જોઈને જાણે કે અંદરથી આનંદ ઊભરાતો હોય એવું અનુભવાય છે.'

વળી, અબ્દુલ કલામ કહે : 'યોગીજી મહારાજના સંકલ્પ તો આપે પૂરા કર્યા, પણ આપનો એવો એક કયો સંકલ્પ છે જે હૃદયનો તીવ્ર સંકલ્પ હોય ?'

સ્વામીશ્રી કહે : 'એમનો સંકલ્પ એ જ અમારો સંકલ્પ. એમના સંકલ્પ પૂરા કરી શકીએ એ ઘણું છે.'

આ સાંભળતાં જ અબ્દુલ કલામ બોલી ઊઠ્યા : 'વ્હોટ અ ગ્રેઈટ ગુરુભક્તિ !'

સ્વામીશ્રીએ છેલ્લે તેઓને માળા ભેટમાં આપી, એટલે તેઓ કહે : 'હું આનો ઉપયોગ રોજ કરીશ.'

સ્વામીશ્રી સાથે તેઓ લગભગ ચાલીસેક મિનિટ બેઠા. તેઓએ વિદાય લીધી ત્યારે લગભગ ૧૦:૪૫ વાગ્યા હતા. આજે રોજ કરતાં સ્વામીશ્રી મોડા આરામમાં ગયા. અબ્દુલ કલામ જઈ રહ્યા હતા ત્યારે સ્વામીશ્રીએ યાદ કરાવ્યું કે 'એમના ડ્રાઇવરને પણ પ્રસાદ આપજો.'

•

તા. ૧૯-૭-૨૦૧૦, દિલ્હી

ઉત્તરપ્રદેશના ગવર્નર શ્રી બી. એલ. જોષી સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓ સવારે ચાર્ટર વિમાનમાં આવવાના હતા, પરંતુ વરસાદ નડ્યો એટલે એ રદ કરીને જનરલ ફ્લાઇટમાં પણ અહીં દર્શને ખાસ આવ્યા હતા. સ્વામીશ્રીએ હાર પહેરાવીને તેઓને સન્માન્યા.


શ્રી જોષી કહે : 'आपका स्वास्थ्य अच्छा रहे इस लिए मैं प्रभु से प्रार्थना करता हूँ, क्योंकि लाखों लोगों को आपसे प्रेरणा मिलती है। हमारे भाग्य हैं कि आज आपके दर्शन हुए।'

વળી તેઓ કહે : 'मुझे एक प्रश्न है – हम लोग सांसारिक लोग है, कभी कभी अहंकार हो जाता है। क्या करने से अहंकार कम हो ?'

સ્વામીશ્રી કહે : 'जो काम करते हैं वो भगवान की कृपा से करते हैं, ऐसा मानना चाहिए। मैंने किया ऐसा मानने से अहम् आ जाता है। जो किया वो भगवान की इच्छा से ही होता है। अंदर भगवान की शक्ति है, तब ही कार्य होता है। कृपा के बिना कुछ हो नहीं सकता। ऐसा दृढ़ करने से अहंकार नहीं आता है।'

શ્રી જોષી કહે : 'बुद्धि के स्तर पर आपकी ये बात मानता हूँ, लेकिन मन के अंदर जो सूक्ष्म भाव होते हैं वो भी निकल जाये ऐसे आशीर्वाद दीजिए।'

સ્વામીશ્રી કહે : 'वो भगवान की प्रार्थना करने से निकलता है। मैंने किया, मैंने किया – ऐसा रटण करने





से अहंकार बढ़ जाता है। जो कुछ होता है वो उनकी कृपा से होता है। काम करते हैं वो भी उनकी कृपा से। काम करने में गलती हुई तो भी भगवान की इच्छा मानना, तो दुःख नहीं होगा।'

શ્રી જોષી કહે : 'हमको आपके जैसा भगवान के प्रति समर्पण हो ऐसा आशीर्वाद दीजिए और आशीर्वाद दीजिए कि बुद्धि सद्मार्ग पर चलती रहे।'

વળી, અક્ષરધામમાં ગર્ભગૃહના નવીનીકરણની વાત નીકળતાં અત્યારના સુંદર સિંહાસનના સંદર્ભમાં તેઓ કહે : 'आपके आशीर्वाद से जो कुछ होता है वो एक्सिलन्ट हो जाता है, उससे नीचे होता ही नहीं है। वो आपके आशीर्वाद ही है। देख के ही लगता है कि ये मनुष्य नहीं कर पाता है।'

સ્વામીશ્રી કહે : 'भगवान की कृपा से ही होता है। हम अपनी प्रशंसा हो इसलिए नहीं, लेकिन भगवान प्रसन्न हो इसलिए करते हैं।'

શ્રી જોષી કહે : 'तो फिर आपको अहंकार होगा ही कहाँ !'

•

તા. ૭-૮-૨૦૧૦, બોચાસણ

આજે પ્રિટોરિયા(સાઉથ આફ્રિકા)ના સંનિષ્ઠ હરિભક્ત પ્રીતમભાઈ જોષીના પૌત્ર અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે 'બર્કલેસ બૅન્ક'ના ઇક્વિટી વિભાગના વડા અને સત્સંગી દીક્ષિતભાઈ જોષી દર્શને આવ્યા હતા. નાની ઉંમરમાં પણ તેઓને યુરોપમાં ખૂબ જ જવાબદારીવાળી પોસ્ટ મળી હતી અને તેઓના કાર્યની નોંધ જાહેર માધ્યમોએ પણ લીધી હતી. નાનપણથી સત્સંગના સંસ્કારમાં ઉછરેલા તેઓને ઠાકોરજી આગળ જ બોલાવીને સ્વામીશ્રીએ હાર પહેરાવીને આશીર્વાદ આપ્યા.

દીક્ષિત જોષી મુલાકાત વખતે દર્શને આવ્યા. તેઓ સ્વામીશ્રીને કહે : 'આપની પ્રેરણાથી અને આશીર્વાદથી જ આટલી ઊંચી પોસ્ટ ઉપર હું છું, પરંતુ આપની આજ્ઞા પ્રમાણે ક્યારેય પૂજા ચૂક્યો નથી કે નાનામાં નાના નિયમ-ધર્મ છોડ્યા નથી. એ તો કઈ રીતે છોડાય ?'

તેઓની આવી દૃઢતાની વાત સાંભળીને સ્વામીશ્રીએ અવાજ આવે એવી રીતે જોરથી તાળી પાડી અને રાજીપો દર્શાવ્યો.

•

તા. ૧-૯-૨૦૧૦, ભાવનગર

સાંજે સ્વામીશ્રી ઉતારા તથા સભામંડપની બરાબર પાછળ આવેલી, સંસ્થાએ તાજેતરમાં જ ખરીદેલી વાડીનું નિરીક્ષણ કરવા વિશિષ્ટ રીતે પધાર્યા. સહેજે સહેજે જ સૌને વિશિષ્ટ દર્શનનો સુયોગ સાંપડ્યો.

સ્વામીશ્રી ટ્રેક્ટરની ટ્રોલીમાં વિરાજમાન થયા. ધીમે ધીમે નગરયાત્રારૂપે સ્વામીશ્રી એ વાડીમાં પધાર્યા. વરસાદ પડી ગયો હોવાથી માટી ભીની અને ચીકણી હતી. એટલે આ રીતનું આયોજન કરવામાં આવ્યું હતું, પરંતુ આવાં વિશિષ્ટ દર્શન ઘણાં વરસે થયાં. ૧૯૭૯ની સાલમાં ભાવનગર - લાતીબજાર હરિમંદિરના નવમા પાટોત્સવ નિમિત્તે સ્વામીશ્રી પધાર્યા ત્યારે શહેરની ભાગોળે ગાડી બગડી ને સ્વામીશ્રી રિક્ષામાં મંદિરે પધાર્યા, ત્યારે રિક્ષામાં નગરયાત્રા નીકળી હતી અને આજે એ જ રીતે ટ્રેક્ટરમાં નગરયાત્રા નીકળી હતી.



દસ વીઘાંની જમીન ઉપર અત્યારે ભાવનગરના સેવાશીલ હરિભક્તો દીવાલ ચણતરનું કામ કરી રહ્યા હતા. અનાયાસે અહીં સ્વામીશ્રીનાં દર્શનનો અલભ્ય લાભ મળતાં જ સૌને સહેજે સહેજે જ પોતાની સેવા સાર્થક થતી અનુભવાઈ. હરિભક્તોનો શ્રમયજ્ઞ જોઈને સ્વામીશ્રી પણ રાજી થયા.

ધીમે રહીને બાજુમાં બેઠેલા સોમપ્રકાશ સ્વામીને કહ્યું : 'આ હરિભક્તો શ્રમયજ્ઞમાં આવે છે એ સૌને જમાડો છો ને !'

જમીનનું નિરીક્ષણ કરતાં કરતાં સ્વામીશ્રીના હૈયેથી સૌ હરિભક્તો પ્રત્યેની લાગણીનો પ્રવાહ પણ આત્મીયતાથી વહી રહ્યો હતો.

•

તા. ૮-૧૦-૨૦૧૦, સારંગપુર

આજે સ્વામીશ્રીને વિચરણ કરવા માટે હરિભક્તોએ સેવામાં નવી ગાડી મોકલાવી હતી. શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ ગાડીના બોનેટ ઉપર પધરાવવામાં આવી. સ્વામીશ્રીએ બોનેટ ઉપર ચંદનથી પાંચ ચાંદલા કર્યા. એ જ રીતે ચાલક દેવેન્દ્રએ ગાડીની ચાવી ધરી, એના ઉપર પણ પાંચ ચાંદલા કર્યા. ત્યારપછી શ્રી હરિકૃષ્ણ મહારાજને સીટ ઉપર વિરાજમાન કરવામાં આવ્યા. આ સીટની વિશેષતા એ હતી કે આ સીટ પોતે જ વ્હીલચૅર તરીકે કામ લાગે એવી હતી. યાંત્રિક ગોઠવણ પ્રમાણે આ સીટમાં બેઠાં બેઠાં જ સ્વામીશ્રી નીચે ઊતરે પછી ટ્રોલી સાથે ફીટ કરીને એ જ સીટ વ્હીલચૅર તરીકે ઉપયોગમાં આવે એવી સંરચના કરવામાં આવી હતી. નવી સીટમાં વિરાજમાન શ્રી હરિકૃષ્ણ મહારાજની સાથે વ્હીલચૅરમાં સ્વામીશ્રી પણ થોડું વિહર્યા. બંને ખુરશીઓ એક સાથે ગાડીની આગળ ચાલી રહી હતી. શ્રી હરિકૃષ્ણ મહારાજ અને







સ્વામીશ્રીની વ્હીલચૅરમાં સવારી એ વિશિષ્ટ દર્શન હતાં. જેવી સવારી ચાલુ થઈ કે તરત જ સ્વામીશ્રીએ સ્વામિનારાયણ ધૂનનો પ્રારંભ કરાવ્યો. ભજનનું કેવું અનુસંધાન છે...!

•

તા. ૦૩-૧૧-૨૦૧૦, ગોંડલ


આજે ગોંડલ અક્ષર મંદિરના વિસ્તરણનું ઉદ્‌ઘાટન સ્વામીશ્રીના હસ્તે થયું, સાથે સાથે મંદિરની પાછળના ભાગમાં નવનિર્મિત ગુરુશિખરોમાં ગુરુપરંપરાની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા પણ સ્વામીશ્રીના હસ્તે થઈ. આ પ્રસંગે શાસ્ત્રીજી મહારાજના સમયનું અક્ષર મંદિર અને અત્યારના અક્ષર મંદિરની રચનાની એક ઝલક સ્મૃતિરૂપે માણીએ. સ્વામીશ્રીને પૂછી પૂછીને મેળવેલી માહિતી દ્વારા તૈયાર કરેલા સ્કેચ સામેના પૃષ્ઠ પર દર્શાવ્યા મુજબ છે.

સ્કેચ ૧ અને ૨ કાયાકલ્પ થયા પહેલાંનું મંદિર દર્શાવે છે. કાયાકલ્પ થયા પછીનું મંદિર નીચેના ફોટોગ્રાફમાં જોઈ શકાય છે.

•













તા. ૬-૧૧-૨૦૧૦, ગોંડલ

અહીં ગુરુકુળમાં રહીને અભ્યાસ કરતા બાળકો મધુર કંઠે ભજનો ગાય છે. આ બાળકો રોજ હરિકૃષ્ણ મહારાજના થાળમાં જુદા જુદા રાગ-ઢાળના થાળ ગાઈને હરિકૃષ્ણ મહારાજને રીઝવે છે. એક વખત તો બાળકોના સુમધુર કંઠે ગવાતા થાળનું શ્રવણ કરવા સ્વયં સ્વામીશ્રી પણ હરિકૃષ્ણ મહારાજના ઓરડે પધાર્યા હતા.

આ સૌની આવી ભક્તિમય સુમધુરતાને સાર્થક કરવાનો વિચાર સ્વામીશ્રીને આવ્યો અને અન્નકૂટ ઉત્સવના આગલે દિવસે આજે યોગીરાજ સ્વામીને તથા મને બોલાવીને સ્વામીશ્રી કહે : 'ગુરુકુળના જે જે બાળકો રોજ હરિકૃષ્ણ મહારાજનો થાળ ગાવા માટે આવે છે, એ સૌ બાળકો આવતીકાલે મંદિરમાં થનારા અન્નકૂટમાં થાળ ગાવા માટે ઘુમ્મટમાં આવે, એવી ઇચ્છા છે. સૌની વ્યવસ્થા કરજો, સંતો થાળ નહીં ગાય તો પણ ચાલશે.'

આજે સ્વામીશ્રીની ઇચ્છા અનુસાર ૧૭ બાળકોને મધ્ય ખંડમાં સ્વામીશ્રીનાં ચરણોમાં જ બેસાડવામાં આવ્યા. આ બાળકો સીધા શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિ સમક્ષ દર્શન કરતાં કરતાં થાળ ગાઈ શકે એવી વ્યવસ્થા કરવામાં આવી. સુંદર હલકે આજે આ બાળકોએ થાળ ગાયા અને શ્રીજીમહારાજને તથા સ્વામીશ્રીને રાજી કર્યા.

•

તા. ૧૭-૧૧-૨૦૧૦, રાજકોટ

આજે પ્રબોધિની એકાદશીના પર્વે ઠાકોરજી સમક્ષ જુદાં જુદાં પ્રકારનાં શાકનો કૂટ રચવામાં આવ્યો હતો. આ દિવસે આ રીતે શાકોત્સવ ઊજવવાની સાંપ્રદાયિક પરંપરા છે. સ્વામીશ્રી તે નીરખી ખૂબ રાજી થયા. સ્વામીશ્રીએ શ્રીફળની કાચલી સાથે જોડેલા શેરડીના સાંઠા દ્વારા આરતી ઉતારી. આજના દિવસે સભામંડપમાં પણ ઠાકોરજી સમક્ષ જુદાં જુદાં શાકનાં સુશોભન રચવામાં આવ્યાં હતાં, હાટડીઓ રચવામાં આવી હતી. યુવકોએ પણ પ્રસંગને અનુરૂપ કીર્તનો ગાયાં હતાં.

પૂજાની સમાપ્તિ પછી સ્વામીશ્રી પણ શાકની જુદી જુદી હાટડી તરફ દૃષ્ટિ કરતાં કરતાં છેક ખૂણા સુધી આવ્યા. અહીં સુંદર રીતે ગોઠવાયેલી શાકની લારી મૂકવામાં આવી હતી. સ્વામીશ્રીને ઉમળકો આવ્યો અને એ લારીમાંથી જુદાં જુદાં પ્રકારનાં શાકભાજી લઈને બેઠેલા હરિભક્તો તરફ નિર્દેશ કરવા લાગ્યા. એક પછી એક શાક સ્વામીશ્રી હાથમાં લઈને હરિભક્તોને બતાવતા હતા. સામે બેઠેલા યજ્ઞેશ મકવાણા વગેરે સત્સંગી યુવકો સ્વામીશ્રીની સાથે સાથે જ જે તે પ્રકારના શાકની વિશેષતા વર્ણવતાં ગીતથી અનુસરણ કરતા હતા.

સ્વામીશ્રી હાથમાં જ્યારે દૂધી લે ત્યારે સ્વામીશ્રી ગાયક સામે સૌથી પહેલા નજર કરે અને ગાયક ઉપાડે :

દૂધી હો દૂધી, મારું નામ દૂધી, આપું સૌને બુદ્ધિ;
હલવો કરો કે શાક, તનનો ઉતારું થાક....

સ્વામીશ્રી સૌને આદું બતાવી રહ્યા હતા, ત્યારે ગાયકે ગાયું :

આદું મારું નામ, કફનું ટાળું કામ;
આંઠે અંગે લાગું વાંકું, પણ રસોઈમાં ટેસ્ટી લાગું....

સ્વામીશ્રીએ હાથમાં રીંગણું લીધું અને ગાયકે





ગાયું :

વાડી હો વાડી, બોલો ને દલા તલવાડી;
રીંગણાં લઉં બે-ચાર, અરે ! લો ને દસ-બાર....

સ્વામીશ્રીએ બટાકું હાથમાં લીધું અને ગાયકે ગાયું :

સૌની સાથે હળીમળીને રહું,
ઉપવાસમાં ઉપયોગી થઉં;
ઘરમાં ખાઓ કે બહાર, હું છું સદાબહાર....
બટેટા મારું નામ, ડીસા મારું ગામ....

સ્વામીશ્રીએ હાથમાં ગલકું લીધું અને ગાયકે ગાયું :

ગલકાં હો ગલકાં, કૂણાં કૂણાં ગલકાં;
લોકો ભલે કહે મને બટક્યા,
પણ ભાઈકાકા ખાવા મને અટક્યા;
મારા ભજિયાં બનાવો સરસ;
પછી ભલે ને લાગે તમને તરસ....

સ્વામીશ્રીના હાથમાં લીંબુ હતું અને ગાયકે ગાયું :

લીંબુ હું લીંબુ, પીળું પીળું હું લીંબુ;
અમૃતનું હું સિન્ધુ;
પારણામાં ના કરો વાર ને ખાઓ અમૃતનો ઓડકાર....

આ રીતે સ્વામીશ્રીએ એક પછી એક શાક બતાવીને સૌને વિશેષ સ્મૃતિ આપી અને હરિભક્તોએ આ પ્રસાદી હોંશે હોંશે એ રીતે ખરીદી કે સ્વામીશ્રીના ગયા પછી તરત બધી હાટ ખાલી થઈ ગઈ.

•

તા. ૧૮-૧૧-૨૦૧૦, લીંબડી


રાજકોટથી નીકળીને સ્વામીશ્રી બોચાસણ પધારી રહ્યા હતા.

રસ્તામાં જ લીંબડીનું બી.એ.પી.એસ. મંદિર આવતું હતું. સ્વામીશ્રીની અનુકૂળતા અને વ્યવસ્થા સચવાય એ માટે મંદિરના દરવાજા આગળ જ ગાડીને થોડીક વાળીને ઊભી રાખવામાં આવી, જેથી ગાડીમાં બેઠાં બેઠાં જ સીધાં ઠાકોરજીનાં દર્શન થઈ શકે. સ્વામીશ્રીએ ઝીણી આંખ કરીને ઠાકોરજીનાં દર્શન કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ સામે તડકો આવતો હોવાથી ઠાકોરજીના ગર્ભગૃહમાં બહારથી દર્શન કરવામાં અજવાળું ઓછું પડતું હતું. સંતસ્વરૂપ સ્વામીએ પરિસ્થિતિ પારખીને સ્વામીશ્રીના હાથમાં નાનું દૂરબીન આપ્યું. સ્વામીશ્રીએ દૂરબીન આંખે માંડ્યું ને ઠાકોરજીનાં દર્શન કર્યાં. આ રીતે વિશિષ્ટ રીતે સ્વામીશ્રીએ દર્શન કર્યાં અને આજુબાજુ ઊમટેલા અસંખ્ય ભક્તોએ વિશિષ્ટ રીતે દર્શન કરતા સ્વામીશ્રીનાં વિશિષ્ટ દર્શન કર્યાં.

•

તા. ૮-૧૨-૨૦૧૦, મુંબઈ

નીલકંઠ વર્ણી અભિષેક મંડપમ્‌માં સ્વામીશ્રી પધાર્યા ત્યારે લગભગ આઠેક મહિનાનું સુદીર્ઘ વિદેશ-વિચરણ કરીને ડૉક્ટર સ્વામી આજે અહીં આવી પહોંચ્યા હતા. તેઓ અહીં બેઠા હતા. સ્વામીશ્રીના આશીર્વાદ લેવા તેઓ જેવા નજીક ગયા કે તરત જ સ્વામીશ્રી કહે : 'ઊભા થવું છે.' આગ્રહ કરીને સ્વામીશ્રી વ્હીલચૅરમાંથી ઊભા થઈ ગયા અને પ્રેમથી ડૉક્ટર સ્વામીને ભેટ્યા, મુખ ભાવાર્દ્ર થઈ ગયું, ગળગળા થઈ ગયા અને કહે : 'હાર લાવો.' તેઓને હાર પહેરાવતાં સ્વામીશ્રી કહે : 'આખું અમેરિકા ખેડી નાખ્યું, બહુ સમાસ થયો. સંતો-હરિભક્તોને બહુ રાજી કર્યા.' આટલું કહીને સ્વામીશ્રીએ તેઓને આશીર્વાદ આપ્યા.



વળી, ડૉક્ટર સ્વામીને કહે : 'આજે એક જ દિવસ માટે અહીં આવ્યા છો તો દિવસ દરમ્યાન સારો આરામ કરી લેજો. ભગવાને એવું આપ્યું છે એટલે કથાવાર્તા, કીર્તન, ભજન બધું ચાલ્યા જ કરે છે, આનંદ થયો. તમે અહીં આવ્યા ને મળવાનું થયું.'


•

તા. ૧૩-૧૨-૨૦૧૦, મુંબઈ

આજે માગશર સુદ ૮નો મહાપવિત્ર દિન હતો. સ્વામીશ્રીના શતાબ્દીના પ્રવેશદ્વાર સમો ૯૦મી જન્મજયંતીનો શુભ દિન હતો. સ્વામીશ્રીની રુચિ અનુસાર આ પ્રસંગ ઊજવવાનું કોઈ જ આયોજન કે ધામધૂમ રાખવામાં આવી ન હતી, પરંતુ આજના પ્રભાતે સ્વામીશ્રીનાં દર્શનની દિવ્ય ક્ષણો સમગ્ર બી.એ.પી.એસ. પરિવાર સુધી પહોંચે એ માટે આસ્થા ટી.વી. ચેનલ દ્વારા એનું જીવંત પ્રસારણ કરવામાં આવતું હતું. સ્વામીશ્રી નીચે નીલકંઠવર્ણી અભિષેક મંડપમ્‌માં પધાર્યા. અહીં અગ્રણી હરિભક્તોને બેસાડવામાં આવ્યા હતા. દેશ-પરદેશથી આવેલા અને ખાસ કરીને મુંબઈમાં રહીને વિશેષ સેવાઓ કરનારા આ હરિભક્તો આ ધન્ય ક્ષણોનો લાભ લેવા માટે સવારથી આવી પહોંચ્યા હતા. સ્વામીશ્રી રોજ તો નીલકંઠ વર્ણી અભિષેકનાં દર્શન કરતા હોય છે, પરંતુ આજે સામેથી જ જાતે અભિષેક કરવાની ઇચ્છા દર્શાવી. સંતોએ આ બાબતને ધ્યાનમાં રાખીને સુવર્ણકળશને એક પ્લાસ્ટિકની સ્ટીક વડે બાંધીને બેઠાં બેઠાં અભિષેક થઈ શકે એવું આયોજન કર્યું હતું, પરંતુ સ્વામીશ્રીએ ઊભા થઈને જ અભિષેક કરવાનો આગ્રહ રાખ્યો. સ્વામીશ્રી અભિષેક કરવા ઊભા થયા. હાથમાં સ્ટીક પકડીને સુવર્ણકળશ વડે સ્વામીશ્રી અભિષેક કરી રહ્યા હતા, એ દરમ્યાન યોગીચરણ સ્વામી શાંતિપાઠ ગાઈ રહ્યા હતા. વળી, 'વંદું શ્રીનીલકંઠચરણરજ' એ ગીત પણ તેઓએ ગાયું અને અભિષેક પૂરો થયા પછી સ્વામીશ્રી અહીં બેઠેલા તમામ હરિભક્તોને દૃષ્ટિ દ્વારા મળ્યા. દેશ-વિદેશથી આવેલા આ હરિભક્તોમાં જેને જે કોઈ આશીર્વાદ લેવા હોય એની રજૂઆત સંતો કરી રહ્યા હતા. સ્વામીશ્રી હરિભક્તોને મળી રહ્યા હતા એ દરમ્યાન 'અભિવંદન.... અભિવંદન....' તથા 'ઘણું જીવો હો જીવન આધાર' વગેરે ભક્તિગીતોનું ગાન યોગીચરણ સ્વામી કરી રહ્યા હતા. પ્રેમથી સૌને દર્શન-આશીર્વાદ આપતાં આપતાં સ્વામીશ્રી આગળ વધ્યા. ગુરુપરંપરાની મૂર્તિઓનાં દર્શન કર્યાં અને ત્યારપછી વિશિષ્ટ મહેમાનોને સ્વામીશ્રીએ મુલાકાત આપી.

આજના જન્મજયંતી દિને અત્યંત સાદાઈભર્યા માહોલમાં પણ સ્વામીશ્રીની અપ્રતિમ દિવ્યતા સૌનાં હૃદયમાં ભગવાનના દિવ્ય પ્રગટપણાની પ્રતીતિ કરાવી ગઈ.





‘આવા સંતને જે ઓળખે છે,
તેનું જ કલ્યાણ થાય છે.
સત્પુરુષના જોગ વિના કોટિ કલ્પેય મોક્ષ
થાય નહીં.
ભગવાનના ગુણો આવવાનું દ્વાર અમે
સંતને માનીએ છીએ.
સંતને પૂજવામાં જ અમે
મોટપ માનીએ છીએ.
સંતની સેવા એ જ મોક્ષ છે.’

- ભગવાન શ્રી સ્વામિનારાયણ
(હરિચરિત્રામૃતસાગર)

‘ભગવાનના એકાંતિક સાધુ
તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે.
અને વળી, જીવને મોક્ષનું જે દ્વાર તે પણ
એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે...
જેવો એ જીવને
પોતાના સંબંધીને વિશે દૃઢ પ્રસંગ છે
તેવો ને તેવો જ પ્રસંગ
જો
ભગવાનના એકાંતિક સાધુને વિશે થાય
તો
એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.’

- ભગવાન શ્રી સ્વામિનારાયણ

B G 5 3 9
ISBN: 978-81-7526-510-3